# પરમાત્મ વૈભવ

ભાગ ૨

પરમાત્મપ્રકાશ પ્રવચનો



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પરમાત્મ વૈભવ

(ભાગ–૨)

(શ્રીમદ્ ભગવત્ યોગીન્દુદેવ પ્રણીત શ્રી પરમાત્મપ્રકાશ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

| વિક્રમ સંવત ૨૦૭૯ | વીર સંવત ૨૫૪૯ | ઈ. સન 2023 |
| --- | --- | --- |

**પ્રકાશન**
જેઠ સુદ-૫, તા. ૨૪-૫-૨૦૨૩
શ્રુતપંચમી તથા શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, વિલેપાર્લાનો વાર્ષિક પ્રતિષ્ઠા દિન

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ, ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવ લેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવ દર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦ થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના અંત સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ઓડિયોમાં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન તેમની વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત

જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઇ.સ. ૧૯૭૬-૭૭માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** તથા **vitragvani app** ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




શ્રીમદ્ ભગવત યોગીન્દુદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૨ | ૨૫–૧૦–૧૯૬૫ | ગાથા–૪૯ | ૦૦૧ |
| ૩૩ | ૨૬–૧૦–૧૯૬૫ | ગાથા–૫૦ થી ૫૨ | ૦૧૫ |
| ૩૪ | ૨૭–૧૦–૧૯૬૫ | ગાથા–૫૨–૫૩ | ૦૨૯ |
| ૩૫ | ૨૮–૧૦–૧૯૬૫ | ગાથા–૫૩–૫૪ | ૦૪૩ |
| ૩૬ | ૨૯–૧૦–૧૯૬૫ | ગાથા–૫૫ | ૦૫૭ |
| ૩૭ | ૩૦–૧૦–૧૯૬૫ | ગાથા–૫૬ | ૦૭૦ |
| ૩૮ | ૩૧–૧૦–૧૯૬૫ | ગાથા–૫૬–૫૭ | ૦૮૪ |
| ૩૯ | ૦૨–૧૧–૧૯૬૫ | ગાથા–૫૭ | ૦૯૯ |
| ૪૦ | ૦૩–૧૧–૧૯૬૫ | ગાથા–૫૭–૫૮ | ૧૧૪ |
| ૪૧ | ૦૪–૧૧–૧૯૬૫ | ગાથા–૫૮–૫૯ | ૧૨૯ |
| ૪૨ | ૦૫–૧૧–૧૯૬૫ | ગાથા–૬૦–૬૧ | ૧૪૪ |
| ૪૩ | ૦૬–૧૧–૧૯૬૫ | ગાથા–૬૧–૬૨ | ૧૫૭ |
| ૪૪ | ૦૭–૧૧–૧૯૬૫ | ગાથા–૬૨–૬૩ | ૧૭૪ |
| ૪૫ | ૦૮–૧૧–૧૯૬૫ | ગાથા–૬૩–૬૪ | ૧૮૯ |
| ૪૬ | ૧૦–૧૧–૧૯૬૫ | ગાથા–૬૫–૬૫–૧ | ૨૦૨ |
| ૪૭ | ૧૧–૧૧–૧૯૬૫ | ગાથા–૬૫–૧–૬૬ | ૨૧૬ |
| ૪૮ | ૧૨–૧૧–૧૯૬૫ | ગાથા–૬૭–૬૮ | ૨૩૦ |
| ૪૯ | ૧૩–૧૧–૧૯૬૫ | ગાથા–૬૮ | ૨૪૩ |
| ૫૦ | ૧૪–૧૧–૧૯૬૫ | ગાથા–૬૯–૭૦ | ૨૫૫ |
| ૫૧ | ૧૫–૧૧–૧૯૬૫ | ગાથા–૭૦–૭૧–૭૨ | ૨૬૮ |

| | | | |
|---|---|---|---|
| ૫૨ | ૧૭–૧૧–૧૯૬૫ | ગાથા–૭૨ થી ૭૪ | ૨૮૧ |
| ૫૩ | ૧૮–૧૧–૧૯૬૫ | ગાથા–૭૫ થી ૭૭ | ૨૯૩ |
| ૫૪ | ૧૯–૧૧–૧૯૬૫ | ગાથા–૭૭ | ૩૦૪ |
| ૫૫ | ૨૦–૧૧–૧૯૬૫ | ગાથા–૭૮–૭૯ | ૩૧૮ |
| ૫૬ | ૨૧–૧૧–૧૯૬૫ | ગાથા–૮૦–૮૧ | ૩૩૧ |
| ૫૭ | ૨૨–૧૧–૧૯૬૫ | ગાથા–૮૧ થી ૮૩ | ૩૪૪ |
| ૫૮ | ૨૪–૧૧–૧૯૬૫ | ગાથા–૮૪–૮૫ | ૩૫૮ |
| ૫૯ | ૨૫–૧૧–૧૯૬૫ | ગાથા–૮૬ થી ૮૮ | ૩૭૧ |
| ૬૦ | ૨૬–૧૧–૧૯૬૫ | ગાથા–૮૯ થી ૯૧ | ૩૮૪ |

## શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પરમાત્મ વૈભવ

**(ભાગ-૨)**
**(શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપર**
**અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)**

**કારતક સુદ ૧, સોમવાર, તા. ૨૫-૧૦-૧૯૬૫**
**ગાથા-૪૯, પ્રવચન-૩૨**

'પરમાત્મપ્રકાશ' ૪૯મી ગાથા, ૪૮મી થઈ ગઈ. 'ઈસકે બાદ જો આત્મા કર્મોંસે અનાદિકાલકા બંધા હુઆ હૈ, તો ભી કર્મરૂપ નહીં હોતા, ઔર કર્મ ભી આત્મસ્વરૂપ નહીં હોતે. આત્મા ચૈતન્ય હૈ, કર્મ જડ હૈં, એસા જાનકર ઉસ પરમાત્માકા તૂ ધ્યાન કર, એસા કહતે હૈં -' શું કહે છે? જુઓ! આ તો મંગળિક તરીકે 'પરમાત્મપ્રકાશ' આ ફેરી કુદરતે આવ્યું છે. વાંચતા વાંચતા એ આવ્યું છે, નહિતર તો લેતા નવું કાંઈક.

૪૯) कम्म-णिबद्धु वि होइ णवि जो फुडु कम्मु कया वि।
कम्मु वि जो ण कया वि फुडु सो परमप्पउ भावि।।४९।।

**અન્વયાર્થ :—** 'જો ચિદાનન્દ આત્મા...' ભગવાન આ આત્મા જ્ઞાનાનંદ-રત્ન ચૈતન્યમૂર્તિ એવા એવા અનંત ગુણથી, આનંદના એક એક ગુણનો આનંદ એવા અનંત ગુણનો આનંદ. ભગવાન આત્મામાં એક આનંદ ગુણ (છે). એને જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, ચારિત્રનો આનંદ, વીતરાગપણું એટલે શાંતિ એ ચારિત્ર આનંદ, અસ્તિત્વનો આનંદ, સ્વચ્છતાનો આનંદ એવા અનંત ગુણનો અનંત આનંદમૂર્તિ પરમાત્મા પોતે છે. સમજાણું કાંઈ? એવું આત્મતત્ત્વ છે. 'कर्म निबद्धो' એક જોડે જડ કર્મના રજકણો અજીવ, માટી પડી છે, પણ એ કર્મપણે ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ કોઈ દિ' થયો નથી. શું કહ્યું? સમજાય છે કાંઈ?

જોડે કર્મ જડ છે અને જડકર્મના ફળ તરીકે વિકાર અને અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, વિપરીત સરાગતા આદિ ભાવ છે એ રૂપે આત્મા ચિદાનંદઘન અનંત ગુણરત્નાકર પ્રભુ એ પોતાની વર્તમાન યોગ્યતા અને કર્મ એ રૂપે કોઈ દિ' થયો નથી. સમજાય છે કાંઈ? ચિદાનંદ ભગવાન... એક જ્ઞાનાવરણીય આદિ જડકર્મ વસ્તુ છે, વસ્તુ છે એનો સ્વભાવ છે, શાશ્વત વસ્તુ છે એના ગુણો શાશ્વત છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એમાં એક જીવનશક્તિ એ આનંદદાયક, આનંદ રત્ન સહિત શાશ્વત ગુણનું ધામ, એ ગુણ શાશ્વત છે, એવો આત્મા પણ શાશ્વત અનંત છે. શાશ્વતમાં એનો વર્તમાન, ભૂત, ભવિષ્ય ક્યાંય એનો અંત આવતો નથી.

એવો આ ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ વસ્તુ તરીકે સત્ શાશ્વત એ કદાચિત્ પણ '**કર્મરૂપ નિશ્ચયસે નહીં હોતા,...**' સમજાય છે કાંઈ? એ જડ કર્મ રજકણ જે અજીવ છે એ અજીવ અને અજીવના ફળ તરીકે વિકાર (એ રૂપે થતો નથી). ટીકામાં લેશે, દ્રવ્યકર્મ અને ભાવકર્મ. જડકર્મ અજીવ અને ભાવકર્મ અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, અલ્પવીર્યતા, વિપરીતતા-રાગ-દ્વેષતા એ રૂપે ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકભાવ એ કોઈ દિ' એ રૂપે થયો નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય સત્ત્વ ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંતગુણસંપન્ન સંપદાનું સ્વરૂપ એવો ચિદાનંદ પ્રભુ નિજ-પોતાનું સ્વરૂપ એવું છે. એવું સ્વરૂપ અનાદિથી જાણે કર્મના સંબંધમાં અને કર્મના સંબંધની યોગ્યતારૂપે જાણે દેખાય છે. વસ્તુમાં એ કાંઈ નથી. વસ્તુ કર્મરૂપે થઈ નથી, વસ્તુ કર્મના નિમિત્તમાં અલ્પજ્ઞતા ને વિકારની વિપરીતતારૂપે વસ્તુ થઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદમૂર્તિ આત્મા પોતે છે. શાશ્વત જ્ઞાન, આનંદનો કંદ એ કર્મ નામ જડ જે પ્રારબ્ધ છે એ રૂપે ત્રણકાળમાં કોઈ દિ' થયો, થાય અને થશે નહિ. '**ઔર કર્મ ભી જિસ પરમાત્મરૂપ કભી ભી નિશ્ચયકર નહીં હોતે,...**' એ કર્મ જડ અને અંદર અલ્પજ્ઞ ને વિકાર આદિ ભાવ એ કોઈ દિ' પરમાત્મ દ્રવ્યસ્વરૂપ કોઈ દિ' હોતા નથી, થતાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ, વસ્તુ... કાલ તો કહ્યું હતું ઘણું કે, વસ્તુ જે છે એ તો ઉત્પાદ-વ્યય વિનાની ચીજ છે. કર્મ વિનાની તો છે, પણ વસ્તુ જે છે, વસ્તુ, વસ્તુ સત્ શુદ્ધ વસ્તુ પૂર્ણ એ તો એક સમયનો ઉત્પાદ અને વ્યય એ પણ વ્યવહારમાં જાય છે. એ પર્યાયનો વ્યવહાર દ્રવ્યસ્વભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એટલે અહીંયા કહે છે, ભગવાન આત્મા એ કર્મ અને કર્મના સંબંધે થયેલી દશારૂપે થયો નથી. સમજાણું કાંઈ? આ રીતે ભગવાન વિકાર કે કર્મરૂપે થયો નથી, કર્મ ને વિકાર સ્વરૂપ શુદ્ધ શુદ્ધ નિજ શાશ્વત વસ્તુ એ રૂપે એ કર્મ આદિ થયા નથી. આવો અંતરમાં સ્વભાવ સન્મુખની દૃષ્ટિ... અહીં કહેશે અંતર... બહિરાત્મપણું જે રાગાદિ ભાવ, શરીરાદિ બહિરાત્મપણું એને છોડી, વસ્તુ જે ત્રિકાળ કર્મ ને અલ્પજ્ઞપણે નથી થઈ એવો જે પૂર્ણ સ્વભાવ એને અંતરાત્માપણે

એટલે એની સન્મુખની સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા અંતરંગનો અંતર પર્યાય, અંતરાત્મા દ્વારા બહિરાત્માને છોડી પરમાત્મા પૂર્ણાનંદ એનું આરાધન કરે. આવી વાત છે. સમજાણું કાંઈ?

**'પરમાત્માકો તૂં ચિંતવન કર.'** આવા લક્ષણવાળું, જોયું? **'ઉસ પૂર્વોક્ત લક્ષણોંવાલે...'** એટલે કે આ ભગવાન આત્મા કર્મરૂપે થયો નથી એવું એનું લક્ષણ છે અને કર્મ આત્મદ્રવ્યસ્વભાવ, સ્વભાવરૂપે એ ભાવકર્મ વિકાર અને દ્રવ્યકર્મ જડ એ સ્વભાવ પરમાત્મા નિજસ્વરૂપ સત્ત્વ સત્ સત્ શાશ્વત એવો જે ભગવાન નિજ સ્વભાવ મહિમાવંત પદાર્થ એ રૂપે ભાવકર્મ ને જડ(કર્મ) થયા નથી. એવા જેના લક્ષણ છે—એ વિકાર ને જડપણે ન થવું એવું જેનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

મોટી વાત છે ભાઈ! એ પોતે મહાન મોટો જે વાણીમાં પૂરો ન આવે એવો એ છે, પણ એની એને ખબર નથી, કિંમત નથી કિંમત. આહા..હા..! કિંમત ટાંકતા આવડી નહિ. ભાઈ! તું તો પૂરો ભગવાન છો ને. એ ભગવાન કોઈ દિ' અલ્પપણે, વિકાર, કર્મપણે થયો જ નથી. આહા..! ... છૂટો પડી શકે નહિ. ... છૂટો છે તે છૂટો જ છે ત્રણે કાળ. વિકારના પર્યાયો-દશા અને કર્મ અને ભગવાન આત્મા બે વચ્ચે સંધિ ત્રિકાળ પડી છે. બે વચ્ચે સાંધ છે. એટલે કે દ્રવ્યસ્વરૂપ ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ સત્ ચિદાનંદ આત્મા એ વિકાર અને પરરૂપે થયા નથી, પરરૂપે થયા નથી એટલે પછી તને એનું લક્ષણ તો એમાં એ નથી. એ દ્વારા અંતરમાં જવાય એમ તો એ ચીજ છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન વસ્તુ પોતે વસ્તુ... એ અનંત કાળમાં એવા એ મંગળિકના સુપ્રભાત આવા અનંત કાળમાં એણે કર્યા નથી. ભગવાન આત્મા અહો...! જેનો એક એક ગુણ આનંદના રત્નથી ભરેલું તત્ત્વ શાશ્વત ગુણ છે. અહીં તો દ્રવ્યની વાત ચાલે છે પણ એ દ્રવ્ય, દ્રવ્ય કોઈ વસ્તુ સ્વભાવથી દ્રવ્ય ખાલી હોય? એનો જે સ્વભાવ... જીવતર શક્તિ એક લ્યો પહેલી. ભગવાન 'કુંદકુંદાચાર્યે' જ્યાંથી લીધી છે. જીવનો જીવસ્વભાવ એ શાશ્વત છે અને એ આનંદદાયક છે. એ શાશ્વત આનંદદાયક જીવત્વશક્તિ સ્વભાવ એ અલ્પ જીવનપણે કે કર્મપણે એ વસ્તુ થઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ આબાળ-ગોપાળ આત્માઓ જે શરીરમાં દેખાય (છે), બાળક શરીર હો, વૃદ્ધ હો, સ્ત્રી શરીર હો, ઈ શરીર એ આત્મા નથી. અહીં તો અંદર કર્મના નજીકનો સંબંધ એવો સંબંધ પણ જેને દ્રવ્યસ્વભાવમાં નથી એમ સિદ્ધ કરવું છે અહીં તો. આ તો બધા ક્યાંય રહી ગયા હાડકા-બાડકા. હાડકાના માળા એ તો ક્યાંય બહાર રહી ગયા. આહા..હા..! જેની અધિકાયે પરની મહિમા છૂટી જાય અને જેને પરની અધિકાયે સ્વની મહિમા છૂટી જાય એવું એ તત્ત્વ છે. શું કીધું? જેને રાગ અને કર્મની મહિમા આવે છે એ રૂપે તો એ થયો નથી. છતાં એની

જેને મહિમા છે એને ભગવાન આત્મા... આ દેહમાં રહેલું ચૈતન્યતત્ત્વ જરી મોંઘુ પડે પણ એ મોંઘુ કિંમતે મોંઘુ છે, સમજ્યે મોંઘુ નથી. એ ચીજ (તરફ) એણે કોઈ દિ' અનંત કાળમાં પોતા તરફની નજર કરી નથી અને આ નજર કરવા લાયક છે એમ પણ નક્કી કર્યું નથી.

અંદર સચ્ચિદાનંદ ભગવાન આત્મા સત્ શાશ્વત વસ્તુ છે એ વસ્તુ ચિદાનંદ. જેમાં જ્ઞાન આનંદ, દર્શન આનંદ, શાંતિ આનંદ, ચારિત્ર આનંદ, વીર્ય આનંદ, અસ્તિત્વ એવા અનંત આનંદનું રત્ન, એવા અનંત આનંદનો પોટલો—ગંજ ભગવાન આત્મા છે. એ આત્મા એને કર્મ જોડે દેખાય છે એને ખરેખર એની સાથે સંબંધ જ નથી. અને કર્મના સંબંધમાં પોતાની ભૂલથી પર્યાયમાં—અવસ્થામાં હીણાપણાનું પરિણમન અને વિભાવપણાની પર્યાય દેખાય એ વસ્તુમાં નથી. એ વસ્તુ એ રૂપે થઈ જ નથી. આહ..હા..! ભારે વાત પણ ભાઈ. એને એની મોટપની ખબર ન મળે અને બીજાને મોટપ દે તે સંયોગ છૂટે નહિ અને પરિભ્રમણ એનું મટે નહિ.

ભગવાન આત્મા, કહે છે, જ્ઞાનાનંદ પ્રભુ એક એક ગુણની અનંત બેહદ શક્તિનું સત્ત્વ તે પણ શાશ્વત અનંત. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા જે આકાશ લોકાકાશ, અલોકાકાશ ખાલી ભાગ અનંત... અનંત... અનંત... જેને શાસ્ત્રકારે સર્વ અનંત કહ્યું, ખાલી ચારે બાજુ ક્યાંય અંત નથી, અંત છે ક્યાંય? આમ પછી અંત હોય તો પછી શું? પછી નહિ શું આવે? પછી નહિ શું આવે? ત્યાં છે... છે... છે... એમને એમ ચાલ્યું જશે બધે દશે દિશાઓમાં. એ જાતનું માપ છે. આ જયેષ્ઠ માપ ને મોટું જયેષ્ઠ, જયેષ્ઠ એટલે મોટું. આખો ખાલી ભાગ, આ તો ભરેલો લોક છે પણ ખાલી દસે દિશામાં પાછળ અનંત જોજન, અનંત ક્રોડા ક્રોડ જોજન, અનંત ક્રોડા ક્રોડને અનંત ક્રોડા ક્રોડે ગુણો એટલું હાલ્યા જાવ તોપણ એ ક્યાંય 'નહિ' એમ રહેશે? નહિ ક્યાં રહેશે? નહિ તો પછી શું? એ અમાપ (છે) એને શાસ્ત્રકાર સર્વ આકાશ કહે છે. સર્વ આકાશને સર્વ અનંત કહે છે, સર્વ અનંતને ઘન અનંત કહે છે. એવા ઘન અનંતનો પણ આ ભગવાન જાણનાર એક સમયની પર્યાયમાં છે. એવા અનંતાનંત એ એક સમયની પર્યાય એનો ગુણ જે છે એ જ્ઞાનગુણ સર્વ અનંત જ્ઞાનઘન આખું આત્મા પ્રમાણે વ્યાપેલ છે. એમ દર્શનગુણ આત્મા પ્રમાણે વ્યાપેલ છે, આનંદ વ્યાપેલ છે આત્મા પ્રમાણે. સાકરનો ગાંગડો છે (એમાં) ગળપણ સારા ગાંગડા પ્રમાણે વ્યાપેલ છે, સફેદ આખા ગાંગડા પ્રમાણે પ્રસરેલ છે, સુંવાળપ આખા ગાંગડા પ્રમાણે પ્રસરેલ છે.

એમ ભગવાન આત્મા આ દેહના પરમાણુથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પના રાગથી ભિન્ન, અલ્પજ્ઞની અવસ્થાના એક સમયની પર્યાયદૃષ્ટિથી ભિન્ન છે. એક સમયમાં એ ભગવાન અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિથી વ્યાપેલ શાશ્વત વસ્તુ છે, તો એ ગુણો શાશ્વત અનંત છે અને તેથી તેને સર્વ અનંત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બધાના અનંતનો

પણ અંત લેનારું જે જ્ઞાન. સમજાણું કાંઈ? અનંત એવા આકાશનો પણ અંત નામ જ્ઞાનમાં જાણી જાય છે કે આ શું છે. એનો અંત જાણનાર, અંત એટલે એનું સ્વરૂપ શું છે, એને પ્રમાણમાં પોતાના જ્ઞાનમાં એટલો એનો સ્વભાવ, જ્ઞાનસ્વભાવ એની મર્યાદા શું? જેનું સત્ત્વ અને સત્ત્વનું સ્વરૂપ એને મર્યાદા શું? એવો એક એક ગુણ એવા અનંત ગુણથી શાશ્વત સર્વ અનંતથી ભરેલો ભગવાન પૂર્ણાનંદથી ભરેલો આત્મા છે. આહા..હા..! આવો આત્મા સાંખ્યો જાય નહિ એને. અહીં બીડી વિના ચાલે નહિ, દાળ વિના ચાલે નહિ. એક અપમાન જરીક થાય તો એ આત્મા આવો...? સમજાણું કાંઈ?

કહે છે, એવો ભગવાન આત્મા '**કભી ભી...**' '**कदाचिदपि स्फुटं**' જડરૂપે કોઈ દિ' ત્રણ કાળમાં થયો નથી. આહા..હા..! એણે માન્યું ભલે હોય કે હું રાગરૂપે થઈ ગયો, અલ્પજ્ઞ વિકારપણે થઈ ગયો, અલ્પજ્ઞપણે થયો, કર્મપણે (થઈ ગયો) એ તો માન્યતા છે, થયેલો જ નથી એવો ભાઈ! આહા..! એ.. રતિભાઈ! કેવું હશે આ માસ્તરપણું? પ્રભુ આ બધા આત્મા હોં! આ દેહમાં બિરાજમાનની વાત ચાલે છે આ. એવું એનું સત્ત્વ '**स्फुटं**' છેને? કભી સ્ફુટ નામ ખરેખર વિકાર અને કર્મપણે પ્રભુ થયો જ નથી. એની માન્યતામાં ભ્રમ હતો, આવો હું. એ ભ્રમ ભાંગતા ભગવાન છે તેવો છે. સમજાણું કાંઈ? આહા..! એ વાત એણે અનંત કાળમાં કોઈ દિ' લક્ષમાં લીધી નથી. આવડો હું એને કેમ બેસે? પામર વૃત્તિમાં આવો પ્રભુ હું? સમજાણું કાંઈ?

જરીક જ્યાં પાપના રાગની વાસના થાય ત્યાં, આહા..હા..! મજા છે અમારે. એમાં વળી કાંઈ પુણ્યની લાગણી થાય તો કહે ઓહો..હો..! બાદશાહી છે. હવે એને બાદશાહી લૂંટાય જાય આ (એની ખબર નથી). ત્યાં આ બધી બાદશાહી વિનાની ચીજ છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરમાત્મા નિજ, પરમ એટલે પરમસ્વરૂપ પ્રભુ પોતે. વસ્તુ જે હોય તે અખંડ અકૃત્રિમ અણકરાયેલી શાશ્વત અનંત સ્વરૂપે પોતે છે. એવો ભગવાન વિકાર ને ભાવકર્મ ને જડકર્મપણે થયો નથી અને એ કર્મ ને વિકાર તે પરમાત્મા આત્માપણે થયા નથી. સર્વજ્ઞસ્વભાવી ભગવાન, સર્વદર્શીસ્વભાવ પ્રભુ પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પોતે એ પણે ભાવકર્મ અને કર્મ થયા નથી. કપૂરભાઈ! આ કેવી હશે એની...? એને કોઈ દિ'... પણ જગતની ચીજનું માહાત્મ્ય ટાંકનારો માહાત્મ્ય વિનાનો હોય? જેના ખ્યાલમાં જગતની કિંમત થાય... સમજાણું કાંઈ? કહ્યું નહોતું એક ફેરી? લાલન જોવા ગયા હતાને ત્યાં? કોહીનૂર જોવા ગયા હતા. ઓલો છેને કરોડોનો-ધૂળનો, ત્યાં મોટો પાંચ કરોડનો નથી કહેતા? ...માં જાવા ગયા હતા, લાલને પૂછ્યું. આહા..હા..! પાંચ કરોડનો હીરો કોહીનૂર છેને. એવો પ્રકાશ.. પ્રકાશ પાંચ કરોડનો. આંખ ન હોય તો એની કિંમત કોણ ટાંકે? તો કિંમત ટાંકનારની-આની કિંમત કે એની કિંમત? એક લાલન હતા. માસ્તર!

બહુ વૃદ્ધ, ૯૫ વર્ષની ઉંમર. સોળ વર્ષથી એકલો અભ્યાસ જ કરેલો. ઈ હમણાં ગુજરી ગયા ૨૦૦૯ની સાલમાં. પંડિત લાલન કહેવાતા, જામનગરના. સોળ વર્ષથી પંચાણું વર્ષથી અભ્યાસ એકલો. હજારો શાસ્ત્ર (વાંચેલા). ભણવું, ભણવું એક જ અભ્યાસ. લંડનમાં ગયા હતા તો વીસ-વીસ હજાર માણસ (આવે સાંભળવા). આમ વાતું ગપ્પા બધી. તત્ત્વ નહિ સમજેલા. અહીં અમારી પાસે રહે, બાર-બાર મહિના રહ્યા હતા. તમારી જોડે હતાને? વાત સાચી. રોવે પછી કે, અરે..! મરી ગયા આ તો કાંઈ સમજ્યા નહિ અત્યાર સુધી. ધૂળમાં... એ કહેતા કે એકવાર ન્યાં જોવા ગયા કે હીરાની કિંમત કેટલી? હીરો કેવો? કે, આંખો ન હોય તો હીરો એની કિંમત કોણ ટાંકે? તો આ કિંમતી કે ઈ? આ આંખ હોય પણ ઓલો ચૈતન્ય અંદર ન હોય તો કોણ કિંમત ટાંકે? આંખની કિંમત જાગી કે આત્માની?

આ જડના એક કોડાની કિંમત તું ટાંકવા જા તો ઓલો ચૈતન્ય વિના આને જાણશે કોણ? જેની એક સમયની જ્ઞાનની વર્તમાન દશા જેને આ આંખને જાણે અને આંખ દ્વારા હીરો એની કિંમત કરે, એવો એક સમયની દશા-એની અવસ્થા એની કિંમત કરવી કે આ આંખની, હીરાની કરવી? અને એક સમયની દશા એવી અનંતી દશાનો પિંડ ભગવાન આત્મા છે એની શું કિંમત હોય? એની કિંમત ટાંકતા એની કિંમત દશામાં ટંકાઈ જાય. સમજાય છે કાંઈ? ખબર ન મળે. એક રાંકો થઈને ભિખારી માંગે છે જ્યાં ત્યાં. પરમાત્માને કહે, હે ભગવાન! આપજે. પણ તું છો તારી પાસે, કોઈ આપે એવું નથી. એ પરમાત્મા થયા એ પૂર્ણાનંદની પ્રાપ્તિ પોતામાં હતી એમાં એકાકાર થઈને પ્રાપ્તિ કરી. એમની વાણીમાં આવ્યું બાપુ! તું પણ પરમાત્મા જ છો. મારી નાતની હરોળમાં બેસે એવી તારી જાત છે. મારા ને તારામાં વસ્તુમાં ફેર નથી.

ભગવાન આત્મા એનું ચિંતવન કર. '**ભાવય**' શબ્દ છેને? એમાંથી બધું કાઢશે, અંતરાત્મા ને ઈ. જો આત્મા... આ વર્ષ બેસતાનું મંગળિક ચાલે છે આ. આહા..હા..! મમ્ નામ પાપ અને ગળ નામ ગાળે અથવા મંગ, મંગ નામ પવિત્રતા અને લ નામ લાતિ-પમાડે. મંગલ-મંગ નામ પવિત્રતા, આનંદ, લ નામ લાતિ-પમાડે એવા ભાવને મંગળિક કહીએ. અથવા મમ્ અને ગળ—ત્રણ અક્ષરમાં બે અસ્તિ, નાસ્તિ છે. મંગ અને લ, એક મમ્ ને ગ. મમ્ નામ ભગવાન આત્મા રાગ ને અલ્પજ્ઞ ને પરમાં અહંકાર કરીને જે પડ્યો છે એને આત્માના પૂર્ણાનંદની દૃષ્ટિ કરીને ગાળે એવા ભાવને મંગળિક કહેવામાં આવે છે. કપૂરભાઈ! આ ચત્તારી મંગલં બોલે છેને સવાર-સાંજ. ચત્તારી મંગલ, અરિહંતા મંગલં.

આ ભગવાન આત્મા... '**ભાવાર્થ :— જો આત્મા અપને શુદ્ધાત્મસ્વરૂપકી પ્રાપ્તિકે અભાવસે...**' હવે જરીક કર્મની વ્યાખ્યા કરે છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રભુ બિરાજમાન એની દૃષ્ટિના અભાવે, એના જ્ઞાનના અભાવે, એની પ્રાપ્તિના અભાવે, એની વર્તમાન દશામાં

તેની પ્રાપ્તિના અભાવે જે વિકાર થયા એનાથી ઉત્પન્ન થયા જ્ઞાનાવરણીય કર્મ શુભાશુભ કર્મ. જ્યારે આત્માનો જે સ્વભાવ છે જેવો એવો ન જાણ્યો, એમ ન માન્યો, એમાં એ રીતે સ્થિરતા ન કરી ત્યારે ઊંધી માન્યતા (થઈ) કે, આવડો હું નહિ. હું રાગવાળો, હું અલ્પજ્ઞવાળો, હું શરીરવાળો એવી માન્યતા, એવું ઊંધું જ્ઞાન અને એવી એમાં એકાગ્રતા, એનાથી ઉપાર્જ્યા નવા કર્મો માટી ધૂળ પ્રારબ્ધ, એ પ્રારબ્ધને આઠ કર્મ કહેવામાં આવે છે.

એવા '**જ્ઞાનાવરણાદિ શુભ-અશુભ કર્મોંસે વ્યવહારનયકર બંધા હુઆ હૈ,...**' એટલે કે પર્યાયમાં વસ્તુના ભાન વિના અભાન દ્વારા ઉપાર્જેલા કર્મ એના નિમિત્તના સંબંધમાં જાણે આત્મા છે એમ વ્યવહાર નામ વર્તમાન લક્ષવાળા નયથી એમ કહેવામાં આવે છે. '**તો ભી શુદ્ધનિશ્ચયનયસે...**' ભગવાન આત્મા સત્... સત્... સત્... સત્... સત્... ગુણસ્વરૂપ આખું પૂર્ણ એની દૃષ્ટિથી જોઈએ, એના સત્ સ્વભાવના શાશ્વત, શાશ્વત સ્વભાવનું સત્પણું-હોવાપણું એના જોનાર જ્ઞાન એ જ્ઞાનની દૃષ્ટિએ શાશ્વત ભાવે જોવે, એ દૃષ્ટિથી જોઈએ તો '**કર્મરૂપ નહીં હૈ,...**' ભગવાન આત્મા વિકારરૂપે નથી અને કર્મરૂપે નથી. આ અસ્તિ છે એને નાસ્તિ કરવી, દૃષ્ટિમાં અસ્તિ નથી એને અસ્તિ કરવી. શું કહ્યું?

જે દૃષ્ટિમાં હું અલ્પજ્ઞ છું, અલ્પદર્શી છું, વિકાર પુણ્ય-પાપના વિકલ્પની વાસનાવાળો છું, કર્મ સંબંધવાળો, શરીર સંબંધવાળો (છું) એવી જે દૃષ્ટિ એનું અસ્તિત્વ છે. એનું નાસ્તિત્વ કરવું કે એટલો હું નહિ. હું પૂર્ણાનંદનું સ્વરૂપ છું એવા પૂર્ણ અખંડ આનંદના અસ્તિત્વની દૃષ્ટિ કરવી અને આ તત્ત્વની દૃષ્ટિ છોડવી એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને મંગળિક કહેવામાં આવે છે. કહો, કપુરભાઈ! વાણિયા લખે છેને, લાભ સવાયા નથી લખતા? આ લાભ, લાભ.

સ્વરૂપ ભગવાન મહાન સત્તા ધામ અનંત શાશ્વત સ્વરૂપે ગુણરૂપ ભગવાન એનું હોવાપણું મેં માન્યું નહોતું. મેં રાગ અને પુણ્ય-પાપ ને આ શરીર ને સંબંધ ને એવા અસ્તિત્વવાળો માન્યો હતો એ મિથ્યા માન્યતાનું અસ્તિત્વ છે. ન હોય તો પૂર્ણાનંદનો અનુભવ એને હોવો જોઈએ. એ અસ્તિત્વને નાસ્તિત્વ બનાવી દેવું. એવો એટલો હું નહિ, હું પૂર્ણ અખંડાનંદ પૂર્ણ શાંત રસનો કંદ એકલો અવિકારી સ્વભાવસ્વરૂપ પ્રભુ એને અસ્તિમાં (લેવો), એવા મહાન પદાર્થને અસ્તિમાં લેવો અને આ અસ્તિમાંથી છોડી દેવો એવો નિશ્ચયનયના વિષયવાળો ભગવાન મહા અસ્તિત્વ અંતરના સમ્યગ્જ્ઞાન વડે એના અસ્તિત્વનું ભાન થાય છે. સમજાણું કાંઈ?

'**કર્મરૂપ નહીં હૈ, અર્થાત્ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ અપને સ્વરૂપકો છોડકર...**' દેખો! કેવો છે ભગવાન આત્મા? જેમાં જ્ઞાન અનંત (છે). આહા..હા..! અહીં એક જરીક... આમ લોકો એવું કહે, વરસ બેસતાને દિ' આજે કજીયો કરતા નહિ. બાર મહિના પાછા (કજીયા ચાલશે) એમ વાતું કરે. એમ અહીં કહે છે, આજ (-આજનો દિવસ) કોઈ વિપરીત ભાવે

કાઢીશ નહિ. આવો ભગવાન અવિપરીત ચિદાનંદ ભગવાન તારી પાસે પડ્યો છે એવા મહાન અસ્તિત્વને એકવાર પ્રતીતમાં લે. એ આત્મા કોઈ દિ' કર્મ ને અલ્પજ્ઞપણે થયો નથી. આહા..હા..! એ પ્રમાણે લે તો એવુંને એવું તારું રહ્યા કરશે એમને એમ. સમજાણું કાંઈ? આહા..હા..!

એની મોટપની એને ખબર ન મળે. મોટપ એને સંભળાવે તોય અંદર બેસે નહિ. આ શું પણ કહે છે આ? બાઘા. શું કહે? બાઘા. બાઘામંડળ. શું કહે છે? એઈ..! કોની વાત છે આ? આ ક્યાં હશે આવો? પણ તેં કે દિ' નજર કરી છે એ કોણ છે ઈ? અને બાઘામંડળ જ લાગે. એ અમારી ગુજરાતી ભાષા છે. તમારે હશે. ... હોય તો ખરી, તમને ખબર ન હોય. બાઘામંડળનો અર્થ બફમ જેવું થઈ જાય આમ. આમ ચકરડું લાગે આમ, આમ ચકરડું લાગે. આ શું કહે છે આ? એલા! પણ હું આવડો આત્મા? પણ અહીં એક દાળ વિના ચાલે નહિ, રોટલી વિના (ચાલે નહિ). વિકલ્પ ઉઠે કે... એક જરી અંગ જ્યાં પ્રતિકૂળ પડે ત્યાં હાય હાય! અગવડતા જરીક હોય તો હાય... એમાં વર્ષ બેસતાને દિ' હોય ને એમાં કો'ક બસ્સો રૂપિયાનો દાગીનો છોકરાને પહેરાવ્યો હોય ને બહાર નીકળે ને બસ્સોનો (કોઈ) લઈ જાય. લાપસી રાંધી હોય તો જરી ઓલી થઈ જાય કડવી. ... બધા કહે બિચારા. અરર..! કોણે પહેરાવી આને? પહેરાવી અને બહાર નીકળ્યો તો કોઈ લઈ ગયું, ઉપાડી ગયું. શી ખબર? તોય એમ કહે હોં! કે પણ આજે કજીયો કરશો નહિ, હોં! આવું જાય તો આજ કજીયો કરશો નહિ.

(અહીં) કહે છે, આવો ભગવાન આત્મા પૂર્ણાનંદની પ્રતીતિમાં બધું જાય તારામાં નથી તો કજીયો કરીશ નહિ હવે. સમજાણું કાંઈ? એ ભગવાનમાં કાંઈ બીજું રાગ, દ્વેષ, પુણ્ય, શરીર છે નહિ. જવા દે ત્યાં જાય ત્યાં, તારામાં એ નથી. એવી અંતરમાં સ્વરૂપના અનુભવમાં નિર્વિકલ્પ સ્થિત છે એને નિર્વિકલ્પ... કહેશે અહીં, અંતરાત્મા દ્વારા કહેશે. '**भावय**' શબ્દ છેને. એટલે નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા એટલે અંતરાત્માની પર્યાય દ્વારા પરમાત્માના સ્વરૂપને અનુભવમાં લઈ બહિરાત્માની વૃત્તિને છોડી... બહિરાત્મા રાગાદિ હું કર્મ આદિ છું એ દૃષ્ટિ છૂટી ત્યારે પૂર્ણાનંદ પરમાત્મા છું એમ દૃષ્ટિ થાય, એ દૃષ્ટિની સ્થિરતા એ અંતરાત્મા દશા થઈ. બહિરાત્મ વિકલ્પને માન્યો છે મિથ્યાત્વભાવ ગયો બહિરાત્મા. જે એનામાં નથી અલ્પજ્ઞ ને રાગાદિ એવી બુદ્ધિ હતી એ ગઈ. સર્વજ્ઞસ્વભાવી પૂર્ણાનંદ છું એવી જે દૃષ્ટિ અને જ્ઞાને કબુલ્યું એ દૃષ્ટિ ને જ્ઞાન સ્થિરતા એ અંતરાત્મા દૃષ્ટિ થઈ. પરમાત્માની પ્રતીતમાં અંતરાત્મ દશા થઈ, બહિરાત્મદશા ગઈ. એ બહિરાત્મ દશાના અભાવમાં સ્વભાવ તરફની પરમ અંતરાત્મ દશા એને ઢૂંઢતા પોતે વ્યક્તરૂપે પર્યાયમાં પરમાત્મા થઈ જાય છે.

'**કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ અપને સ્વરૂપકો છોડકર...**' ભગવાને પોતાના નિજ ગુણ

કોઈ દિ' છોડ્યા નથી. એ તો આવે છેને? કળશમાં નથી (આવતું)? પરને ગ્રહ્યું નથી અને નિજને કોઈ દિ' છોડ્યું નથી. ઈ શૈલીએ વાત અહીં બીજી રીતે કરે છે. આહા..હા..! પ્રભુ! એ સત્ છેને સત્? શાશ્વત વસ્તુ છે, એ વસ્તુ છે તો એના અનંત ગુણો છે, શક્તિઓ–સત્ત્વ–સ્વભાવ એ શી રીતે છૂટે? શી રીતે છૂટે? એનો અભાવ થાય? વસ્તુનો અભાવ થાય? તો વસ્તુ ને વસ્તુના ગુણો કોઈ દિ' છોડ્યા નથી એણે અને રાગ-દ્વેષને ખરેખર નિશ્ચયથી કોઈ દિ' એણે ગ્રહ્યા નથી. સમજાણું કાંઈ?

આમ સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરની દિવ્યધ્વનિમાં—વાણીમાં જ્યારે વાણી આવી ત્યારે આમ આવ્યું છે. સમજાણું કાંઈ? ભઈ! અમારે તો આ પૈસા જોઈએ, આ વર્ષ બેસતાને દિ' સારું વર્ષ થાય, લ્યો. ધૂળમાં શું છે પૈસામાં પણ? પૈસાના ઢગલા હોય અને અહીં ઈયળ પડે (ત્યારે) પોકાર કરજે પૈસા પાસે કે એલા મને દે. ડૉક્ટર-બોકટર હાલ નાખે એવું નથી કાંઈ. નાખે કે નહિ? ઈંજેક્શન નાખેને? ધૂળેય કરી શકે નહિ. હાય..હાય..! અરે..રે..! આટલે છતે પૈસે મારા રોગ કોઈ ટાળે નહિ, એમ રાડું પાડે. આટલા કરોડો રૂપિયા પણ હું દુઃખી થઈ રહ્યો (છું), મને દુઃખથી કોઈ (મૂકાવતું નથી). કોણ મૂકાવે? ધૂળ. દુઃખની વ્યાખ્યા તને ખબર નથી. ભગવાન આનંદમૂર્તિ પૂર્ણાનંદનો નાથ એની શ્રદ્ધા છોડી અને આ રાગવાળો ને આ વાળો માન્યતા કરવી, માન્યતા તે દુઃખ છે, એ દુઃખને તું ટાળી શક, બીજો કોઈ ટાળી શકે નહિ. આટલા આટલા પૈસા છતાં,... એક જણો કહેતો હતો, છતે પૈસે મારે દુઃખ, છતે દીકરે દીકરા વિનાનો, છતે પૈસે પૈસા વિનાનો. આ શું..? કે દિ' છતો (હતો)? છતો તો એનામાં હતો એ. છતે આનંદે આનંદ વિનાનો એમ કહેને. કહો, રતિભાઈ! છતે દીકરે દીકરાનો લાભ નથી એમ કહે. સમજ્યાને? દીકરા ન હોય એને તો કાંઈ નહિ, ઈ તો સંગ્રહીને બેસે. ઓલા દીકરા હોય એને આમ જરી,... દીકરા હોયને એને કહે, અરે..! મારે દીકરા ન મળે બાપા! કાંઈ ન મળે.

બાપા! પરમાત્માનો પિંડ પોતે પરમ આત્મ એટલે પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ વસ્તુ... વસ્તુ... વસ્તુ... છે, છે શાશ્વત છે અને શાશ્વતની શક્તિઓનું સત્ત્વ છે એ શાશ્વત છે એમાં તને આનંદ જ ભર્યો છે. એવા આનંદ વિના તેં ચલવ્યું છે એટલે અનાદર કર્યો છે અને પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર વિના ચાલે નહિ (એમ) એનો તેં આદર કર્યો છે. એ જ મહા અમંગળિક અને મિથ્યાત્વ ભાવ છે. ભગવાન આત્મા અનંત ગુણરૂપ કેવળજ્ઞાન આદિ... કેવળ એટલે શક્તિરૂપ હોં! ત્રિકાળ.

'**અપને સ્વરૂપકો છોડકર કર્મરૂપ નહીં પરિણમતા,...**' ભગવાન કોઈ દિ' આત્મા જડરૂપે થયો નથી. સમજાણું કાંઈ? માને એ માન્યતા તો ગમે એ માને, એક માને કે, ઢાંકણીમાં

મને મોઢું દેખાય છે. કોણ ના પાડે? બીજા ના પાડે? કાળી મશમાં દેખાતા હશે મોઢા? લોકો નથી કહેતા કાંઈ શું? ધણીને સૂઝે ઈ ઢાંકણીમાં. ધૂળમાં ઢાંકણીમાં સૂઝે નહિ. એ પાણી હોય તો ન્યાં જરીક ... સૂકાઈ જાય ફટ દઈને. જ્યાં આમ જોવે સરખું ત્યાં તો સૂકાય જાય અંદર. કાળામાં શું દેખાય? ... આમ નજર કરે તો દેખાય. ભગવાન ચૈતન્ય-અરીસો, ચૈતન્ય-અરીસો, જ્ઞાનમૂર્તિ ભગવાન જ્ઞાનનો પિંડ રસકંદ શુદ્ધ એમાં જોવે તો આ જ્ઞાનરસ શું છે એની નજર એને પડે.

કહે છે, એવો ભગવાન પોતાના સ્વરૂપને છોડીને કર્મરૂપ નથી પરિણમતો. આહા..હા..! અરે..! એ વિશ્વાસની દૃષ્ટિ એને ક્યાં બેસે છે? અરે..! હું આવો થઈ ગયો. પણ નથી થયો એમ કહે છે અહીં. એ.. ભીખાભાઈ! સમજાણું? **'ઔર જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-ભાવરૂપ કર્મ...'** જોયું! બેય લીધું. પાઠમાં બેય છે હોં! પાઠમાં છે. **'ज्ञानावरणादिद्रव्यभावरूपं कर्मापि'** કહે છે, એ આઠ કર્મ એક બીજી ચીજ છે જોડે એ જડકર્મ અને એના ફળમાં શક્તિરૂપ ભાવકર્મ, એના ફળમાં આવતું વિકારી આદિ વિકાર આદિ અલ્પજ્ઞતા આદિ, એવા દ્રવ્ય અને ભાવ કર્મરૂપે... દ્રવ્યકર્મનું કાર્ય અને ભાવકર્મરૂપી કાર્ય. એ રૂપે **'આત્મસ્વરૂપ નહીં પરિણમતે,...'** એ દ્રવ્ય ને ભાવકર્મ ભગવાન આત્માના સ્વરૂપે થયા નથી. કીધુંને, પહેલું કીધું એ પોતાનું કે અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપને છોડીને પોતે કર્મરૂપ, જડરૂપ થતો નથી અને ભાવકર્મ વિકલ્પો અને કર્મ એ પોતે ચૈતન્ય દ્રવ્યરૂપ થયા નથી. સમજાણું કાંઈ? એ ભ્રાન્તિએ ભવ કર્યા છે એણે. ભગવાન આત્મામાં ભવ અને ભ્રાન્તિ છે નહિ. એવો એ આત્મા, એ ભાવકર્મ છે એ આત્મારૂપે થયો નથી. ભ્રાન્તિ આદિ દ્રવ્યરૂપે થયા જ નથી એમ કહે છે અહીં. આહા..હા..! આત્મ વસ્તુ જે છે એ ભ્રાન્તિરૂપે થઈ નથી અને ભ્રાન્તિ તે આત્મ દ્રવ્યરૂપે થઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એની રીતની ખબરું ન મળે, સાંભળવા મળે નહિ, સમજવામાં દરકાર કરે નહિ. ધર્મને બહાને થોથા બહારના આ કર્યા ને આ મૂક્યા ને લઈ લઈને હાલીને હેરાન થઈ જાય છે. સમજાણું કાંઈ?

કહે છે, **'જ્ઞાનાવરણીય આદિ,...'** જુઓ! જ્ઞાનાવરણીય એટલે જ્ઞાનાવરણ કર્મ અને એનો ભાવકર્મ અલ્પજ્ઞ આદિ ભાવ. એ ભાવ અલ્પજ્ઞ આદિ ભાવ અને જડ જ્ઞાનાવરણીય કર્મ એ આત્માના દ્રવ્યસ્વભાવરૂપે થયા નથી. સમજાણું કાંઈ? એમ દર્શનાવરણીય એક જડકર્મ છે અને આત્મામાં હીણપ દશા એવું એનું ભાવકર્મ (છે). એ ભાવકર્મ એટલે તારી હીણપ દશા એ આત્માના દ્રવ્યરૂપે થયા નથી. ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ ચિદ્ ધાતુ, ચિદ્ ધાતુ, આનંદ ધાતુ જેણે આનંદ અને જ્ઞાન ધારી રાખ્યા છે એવી શાશ્વત વસ્તુરૂપે એ વિકાર આદિ ભાવ થતો નથી અને વિકાર તે આ રૂપે થતા નથી. હવે અહીં તો ફક્ત વિશ્વાસ અને

દૃષ્ટિને પલટવાની વાત છે. આહા..હા..! એ વિશ્વાસ પલટ્યા વિના એના વિશ્વાસના વહાણ સ્થિરતાના ચાલે નહિ. સમજાણું કાંઈ? એ ચારિત્ર પછી કહેવાય. પહેલો આ આત્મા એ એક એક કર્મના જડરૂપે ને તેના સંબંધમાં અલ્પજ્ઞ અવસ્થા આદિ રૂપે એ વસ્તુ થઈ નથી અને એ આ વસ્તુપણે થઈ નથી. એમ બે વસ્તુ ભિન્ન ભિન્ન અનાદિથી વર્તે છે. વર્તે તો એમ જ છે. ચંદુભાઈ! એની મહિમા આવ્યા વિના વર્તે છે એમ એને વર્તન—આમ વર્તે છે એમ એની મહિમા, દૃષ્ટિ આવ્યા વિના વર્તે છે. એમ બેસતું નથી.

'**આત્મસ્વરૂપ નહીં પરિણમતે,...**' ભગવાન આત્મા વસ્તુ ધ્રુવ સચ્ચિદાનંદ ધ્રુવ એ અલ્પજ્ઞ આદિ પણે અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય—મિથ્યાત્વ, રાગ-દ્વેષ, આયુષ્ય, અલ્પ સ્થિતિ, આયુષ્ય કર્મ અને અલ્પ સ્થિતિ એ રૂપે દ્રવ્યસ્વભાવ થયો નથી અને એ અલ્પ સ્થિતિને આયુષ્યપણે આત્મા થયો નથી. નામ કર્મ અને એના સંબંધે અટકવાની યોગ્યતાએ પણ એ આત્મા થયો નથી અને એ અલ્પજ્ઞ યોગ્યતા આદિ પણ દ્રવ્યપણે થયા નથી. ગોત્રકર્મ ને એની ઊંચ-નીચની યોગ્યતાની પર્યાયપણે આત્મા થયો નથી અને આત્મા એની ઊંચ-નીચની યોગ્યતાપણે પણ થયો નથી અને ઊંચ-નીચની યોગ્યતા આત્મારૂપે થઈ નથી. અંતરાયકર્મ ને વીર્ય આદિ જે જ્ઞાનાદિની જે અલ્પતા એ પણે આત્મા થયો નથી અને એ અલ્પતા આદિ જે કર્મ આદિ આત્મારૂપે થયા નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— છે જ નહિ, તોડે શું? છે જ નહિ એમ કહે છે અહીં તો. નથી એને મારું કરીને માનવું છે. નથી એને માનવું છે, છે એને છોડી દેવું છે. સમજાણું કાંઈ? સત્ ચિદ્ જ્ઞાનાનંદ, સત્ શાશ્વત, ધ્રુવ શાશ્વત છે તેને છોડવું છે, નથી તેને મારું માનવું છે, આ જ મોટી ભ્રમણા છે. કહો, સમજાણું આમાં?

'**અર્થાત્ અપને જડરૂપ પુદ્ગલપનેકો છોડકર ચૈતન્યરૂપ નહીં હોતે,...**' દેખો! એ બધું જડ છે, અજીવ છે. આહા..હા..! અલ્પજ્ઞ અવસ્થા, રાગ-દ્વેષ અવસ્થા બધા જડ છે, એ ચૈતન્ય નહિ. સમજાણું? ઉઘાડનો એક અંશ પણ વ્યવહાર આત્મા એ ખરેખર નિશ્ચય આત્મા નહિ, એ જડ છે. આહા..હા..! ભગવાન ચિદ્ઘન દ્રવ્યસ્વભાવ એ અલ્પજ્ઞપણે થયો નહિ ને અલ્પજ્ઞ દશા દ્રવ્યરૂપે થઈ નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યયનો પર્યાય જેટલો એના ગુણનો છે અંશવાળો એ રૂપે દ્રવ્ય થયું નથી. આહા..! દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળ ધ્રુવ નિત્ય એ આટલાપણે પણ થયો નથી. બસ! એની માન્યતામાં ફેર છે.

પૂર્ણાનંદના નાથને સ્વીકાર ન કરતા અલ્પજ્ઞ રાગાદિ અને આ મારા સ્વીકાર, બસ! એ જ મિથ્યાભ્રમ એ સંસાર છે. .... દુઃખરૂપ છે. સ્વભાવમાંથી સંસર્યો અને ખસી ગયો છે.

ભગવાન આત્મા... આવી વાત પણ (સાંભળવા મળે નહિ). ધર્મની વાતું આવી હશે? ઓલું તો આમ કરો, આમ કરો, પૂજા કરો, ભક્તિ કરો. આ સાચી ભક્તિ ને સાચું પૂજ્યપણું કોનું છે? પૂજ્યપણું કોનું? એ ભગવાન મહાન આત્મા પોતે તેનું પૂજ્યપણું છે. સમજાણું કાંઈ? એની પૂજા કર્યા વિના બધી પૂજા બધા થોથા. સમજાણું કાંઈ? આવી જેને પૂજ્યતા ચૈતન્ય મહાન પદાર્થની અંતરમાં પ્રગટી, બધી પૂજા કરી એણે. સમજાણું કાંઈ?

કહે છે, '**અપને જડરૂપ પુદ્‌ગલપનેકો છોડકર ચૈતન્યરૂપ નહીં હોતે, યહ નિશ્ચય હૈ, કિ જીવ તો અજીવ નહીં હોતા, ઔર અજીવ હૈ, વહ જીવ નહીં હોતા.**' એમ બે ભાગલા પાડ્યા. '**એસી અનાદિકાલકી મર્યાદા હૈ.**' અનાદિકાળની ઉસકી મર્યાદા નામ એની સ્થિતિ જ એવી છે. સમજાણું કાંઈ? '**ઈસલિયે કર્મોંસે ભિન્ન જ્ઞાન-દર્શનમયી સબ તરહ ઉપાદેયરૂપ (આરાધને યોગ્ય) પરમાત્માકો...**' હવે સરવાળો કરે છે. માટે હે ભાઈ! હે પ્રભુ! તારી પ્રભુતાને સંભાળવા માટે એ કર્મ જડ ને એનાથી ભિન્ન જ્ઞાન દર્શનમય સર્વ પ્રકારે ઉપાદેય. એકલો જ્ઞાન દર્શન શુદ્ધ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ એ મય આત્મા, પૂર્ણ સ્વભાવ એ મય આત્મા. એટલે એ તો સ્વભાવ ને સ્વભાવવાન અભેદ. એવો જે અંતર અનંત જ્ઞાન દર્શન સ્વભાવવાળો આત્મા એને એના ઉપાદેયરૂપ સર્વ તરફથી ઉપાદેય. એટલે? ચારે બાજુથી તેના બહારથી ખસી અને પૂર્ણાનંદનો નાથ ભગવાન દ્રવ્યસ્વભાવ એને તું અંતરમાં દૃષ્ટિ દે. બસ! એ જ આદરણીય છે, બીજું આદરણીય નથી. બહુ મોટી વાત છે ભાઈ! કાંઈક એના રસ્તા બીજા હશે કે નહિ પહેલા? પહેલા પણ આ અને છેલ્લા પણ આ. (બાકી) બધી વાતું છે. સમજાણું કાંઈ?

અબજોપતિ હોય એને લાખપતિ કહે તો એને ગાળ છે. છે કે નહિ? છે? આ મને ઓળખતો નથી લાગતો. મારી પાસે અબજો છે, ઓળખતો નથી. ... કોઈકે બહાર લખ્યું હશે કે, મોહનલાલે દિવાળું કાઢ્યું. ઓલા કહેવા આવ્યા અંદર કે, આ તમારી ભીંતે લખી ગયા છે. ન્યાં શું કરવા લખ્યું? અહીં લખે નહિ? મને ખબર નથી મારી પાસે શું છે ઈ? રોકડા સાંઈઠ લાખ. ચાલીસ વર્ષ પહેલાની વાત છે. સાંઈઠ લાખ નગદ પડ્યા છે. મારી પાસે ખબર નથી? લખેને અહીં, મારે દાદરે લખી જાયને કે, મોહનલાલે દિવાળું કાઢ્યું. મને કંઈ શંકા પડે એવું નથી. આ શેઠિયા નહોતા આવ્યા ભાઈ! કપુરભાઈ! એના મામા. સાંઈઠ લાખ રૂપિયા હતાને એની પાસે તે દિ'. ચાલીસ વર્ષ પહેલા. ઈર્ષાળુ તો ઘણી જાતના નીકળેને. દીકરો નહોતો, એક જ દીકરી બાર વર્ષની નાની ઉંમરની છોડી. ઓલા શેઠિયાને દેવા માગતા હતા એના ભાણેજને. ન લીધા, મારે શું કરવા છે આટલાને, ધૂળને? મારે જાવું ક્યાંક અને આ લઈને ક્યાં (જાવું)? દિવાળું કાઢ્યું. હાલ ને મારી પાસે લખને, શરીર ઉપર લખ, લે. એને દાદરા ઉપર જ કીધું હતું.

મને ખબર નથી?

એમ આત્મા અનંત લક્ષ્મીનો ધણી પૂર્ણાનંદ છે એને તું બીજી કિંમતે કહે, તેં એ દિવાળું કાઢ્યું, એમાં કાંઈ નથી. લખને, એ તો જે છે ઈ છે, બીજું નહિ થાય. માન્યતાએ ઘર ઘાલ્યા ઊંધા. ભગવાન આત્મા, આહા..હા..! જેના પૂર્ણ સ્વભાવ... અરૂપી છે એટલે એ કાંઈ ઇન્દ્રિયગ્રાહ્ય છે નહિ. એ તો અરૂપી છે. પણ અરૂપી પણ પદાર્થ છે કે નહિ? વસ્તુ છે કે નહિ? જેમ આ વસ્તુ છે ધૂળ માટી, આ વસ્તુ છે એનું દળ આમ દેખાય છે આ. પણ એ ચૈતન્ય પણ અરૂપી છે કે નહિ? અરૂપી પણ વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો એના સ્વભાવ છે કે નહિ? એ સ્વભાવનું અરૂપી દળ ચૈતન્ય છે. આહા..હા..! કહો, ભીખાભાઈ!

કહે છે કે, એક વાર તું આવો ભગવાન આત્મા એને આરાધવા યોગ્ય જાણ. એ જ મારે દૃષ્ટિ કરીને સેવવા લાયક છે, બાકી બધું છોડવા લાયક છે. આવું નક્કી, નિશ્ચય, અનુભવ કર્યા વિના એ આત્માની પરમાત્મ શક્તિની વ્યક્તતા પ્રગટ થવાનો ઉપાય બીજો છે જ નહિ, આ જ એક ઉપાય છે. એ શક્તિએ પરમાત્મા છે, એ વ્યક્ત નામ પ્રગટ દશાએ પરમાત્મા થાય ત્યારે એવા પૂર્ણ શક્તિવંતને અંતરમાં આરાધન—સેવન કરતાં શક્તિની વ્યક્તતા પૂર્ણ થઈ જાય એ પ્રગટ પરમાત્મા સિદ્ધ ભગવાન કહેવામાં આવે છે. એનું નામ મોક્ષ. મોક્ષ કોઈ બીજી દશા નથી. જે સત્ત્વરૂપ શક્તિ પડી છે એને પ્રગટરૂપે અંદરમાં એકાગ્ર થઈને કરવી એ તુરંત પ્રગટ થઈ જાય પરમાત્મા એને પછી અવતાર હોય નહિ, સંસાર હોય નહિ, બંધન હોય નહિ, દુઃખ હોય નહિ. અતીન્દ્રિય આનંદની પર્યાય પણ શી રીતે પ્રગટ કરવી એમ કહે છે જુઓ!

'**(આરાધને યોગ્ય) પરમાત્માકો તુમ દેહ રાગાદિ પરિણતિરૂપ બહિરાત્મપનેકો છોડકર...**' જુઓ! શરીર, કર્મ, રાગ આદિ પર્યાય જે છે અવસ્થામાં, એવું જે બહિરાત્મપણું બહિર જેના અંતર સ્વભાવમાં નથી, અંતર સ્વભાવમાં આવું અલ્પજ્ઞપણું, રાગપણું, સંયોગપણું નથી એવા એને માનવાની પરિણતિરૂપ છોડીને. શુદ્ધાત્મ પરિણતિ—ભગવાન જ્ઞાનાનંદનો નાથ એની શ્રદ્ધા, જ્ઞાન, એનો વિશ્વાસ, એનું જ્ઞાન, એની લીનતા—ઠરવું એવી શુદ્ધાત્મ ભાવના એવી જે પરિણતિ એટલે પર્યાય, એ અંતરાત્મા એવો અંતર આત્માની દશામાં ઠરી ચિંતવન કરો. એવા ભગવાનનું અંદર ધ્યાન કરો. આહા..હા..!

... પૂર્ણાનંદના નાથને જ્ઞાનમાં આલંબન લે. બીજું આલંબન લેવા જેવું નથી. આહા..હા..! ચંદુભાઈ! આલંબન આપે છે. દોરડું હોય તો ચડેને? આધાર હોય તો. આ આધાર છેને અંદર. એના સન્મુખની દૃષ્ટિ, એના સન્મુખનું જ્ઞાન ને એના સન્મુખમાં સ્થિરતા. પરસન્મુખની શ્રદ્ધા, પરસન્મુખનું જ્ઞાન અને પરસન્મુખનો રાગ એની રુચિ છોડી આવો જ્ઞાયક ભગવાન આત્મા છે એનું આરાધન કરતાં સ્વરૂપની અંતર દશા પ્રગટે એ અંતર આત્મા વડે બહિરાત્માને વ્યય

કરી, અંતરાત્માને ઉત્પન્ન કરી, પરમાત્માનું ધ્યાન કરી વ્યક્તરૂપ પરમાત્મા પૂર્ણ થા, એનું ફળ સિદ્ધપદ છે. સમજાણું કાંઈ? આ વચ્ચે વિકલ્પ ને દયા, દાનની વાતું ન કરી અંદર.

'**શુદ્ધાત્મપરિણતિકી ભાવનારૂપ અન્તરાત્મામેં સ્થિર હોકર ચિન્તવન કરો,...**' એ આ ભગવાનનું ધ્યાન કરો, ધ્યાન કરો. શ્રીમદ્દે એક ફેરી કહ્યું હતું. સર્વજ્ઞપદનું ધ્યાન કરો, ધ્યાન કરો એમ કહ્યું. પોકાર. જુઓ! ગૃહસ્થાશ્રમમાં હતા, લાખોના વેપાર (હતા). છતાં અમારામાં એ નથી કાંઈ. અમે જ્યાં છીએ ત્યાં રાગ અને વેપાર નથી, વેપાર અને રાગ છે ત્યાં અમે નથી. સર્વજ્ઞપદનું ધ્યાન કરો, ધ્યાન કરો એમ પોકારે છે. સર્વજ્ઞપદ જ એક ... સ્વરૂપ છે. કહો, ચંદુભાઈ! એના ઘરનું સહેલું જ છે ઈ. સહજ, સત્ સહજ છે, સરળ છે, બધે ઠેકાણે પ્રાપ્ત થાય એવી એની તાકાત છે.

'**અન્તરાત્મામેં સ્થિર હોકર ચિન્તવન કરો, ઉસીકા અનુભવ કરો,...**' આહા..હા..! એ વસ્તુસ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એને અનુસરીને અંતર દશાનું થવું. પરના લક્ષે અનુસરીને વિકલ્પ આદિનું થવું એને છોડ દૃષ્ટિમાંથી આ સ્વભાવ તરફનો અનુભવ કર એનાથી તને શાંતિ મળશે, આનંદ મળશે અને આનંદની પૂર્ણતા પણ એ આનંદના સાધન દ્વારા થશે, બીજા કોઈ સાધન દ્વારા પૂર્ણ આનંદની પ્રાપ્તિ પણ થશે નહિ. એમ ૪૯ ગાથામાં (કહ્યું). કારણ કે, તું પરરૂપે થયો નથી એટલે પછી તને એ ચિંતા શી? અને પર તારા રૂપે થયા નથી એટલે એને છોડવું ક્યાં રહ્યું? એમ કહે છે. સમજાણું કાંઈ? શ્રીમદ્‌ના પત્રમાં આવ્યું છે કે દિગંબર આચાર્યોએ માન્યું છે કે, જીવનો મોક્ષ થતો નથી. ભાઈ! એક કાગળ છે... મોક્ષ સમજાય છે. એક પત્ર છે. વાંચ્યો છે એ પત્ર, તમને ખબર નહિ હોય. એક પત્રમાં છે. સમજાણું? તે ઓલામાં છે. હેં?

મુમુક્ષુ :— ...મોક્ષ ... બેમાં ફેર શું સમજો છો?

ઉત્તર :— પત્ર લખ્યો છે. એક પત્ર છે. ..મોક્ષ એટલે છૂટું તત્ત્વ છે એમ જ્ઞાનમાં આવે છે કે મોક્ષ દ્રવ્યમાં છે. શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે એ પણે થયો નથી. એવો જે આત્મસ્વભાવ એનું અંતરમાં ધ્યાન કરીને એનું આરાધન કરવું એનું નામ મંગળિક ને મોક્ષનો માર્ગ છે. પૂરું થઈ ગયું બરાબર...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૨, મંગળવાર, તા. ૨૬-૧૦-૧૯૬૫**
**ગાથા-૫૦ થી ૫૨, પ્રવચન-૩૩**

'ઈસસે આગે છહ દોહા-સૂત્રોંમેં આત્મા વ્યવહારનયકર અપની દેહકે પ્રમાણ હૈ, યહ કહતે હૈં :' એ બતાવે છે અધિકાર ગયો ૪૯. હવે ૫૦.

૫૦) कि वि भणंति जिउ सव्वगउ जिउ जडु के वि भणंति।
कि वि भणंति जिउ देह-समु सुण्णु वि के वि भणंति।।५०।।

શું કહે છે? આ આત્મા છે આત્મા, એને કોઈ વેદાંતી આદિ એમ કહે છે કે, સર્વવ્યાપક છે. આ સિદ્ધ શું કરવા માગે છે? કે, આ દેહમાં જ આત્મા છે, તારો માલ જ અહીંયા આનંદકંદ સ્વરૂપ છે. આત્મા અહીંયા સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ આનંદ એનું વ્યાપવાપણું શરીર પ્રમાણે જ છે. અહીં કેટલાક કહેતા હોય એનો નિષેધ કરીને વાસ્તવિક તત્ત્વ એ મોટો આત્મા એમ કે મહાન આનંદ અને જ્ઞાન આવો, માટે બધો વ્યાપક હોય સર્વમાં એને મહાન કહેવાય, એમ છે નહિ. એ આત્મા દેહ પ્રમાણે જ છે, શરીર પ્રમાણે. કેટલાક કહે છે કે, સર્વવ્યાપક છે. એ જૂઠું ઠરાવવા વાત કરે છે. કેટલાક કહે છે કે, એ જીવ જડ છે. ઈન્દ્રિયનું જ્ઞાન નથીને ઈન્દ્રિયજ્ઞાન એ અપેક્ષાએ એને કોઈ (જડ કહે છે). કોઈ કહે છે કે, એ શૂન્ય છે, આત્મા શૂન્ય છે, મીંડુ છે કાંઈ માલ નથી એમાં. સમજાણું કાંઈ? અને જૈનધર્મી કહે છે કે, જીવ વ્યવહારયનયે દેહપ્રમાણ છે. લ્યો! એ ચાર પ્રશ્ન થયા.

'**ઔર નિશ્ચયનયકર લોકપ્રમાણ કહતે હૈં.**' જૈનધર્મની અપેક્ષાએ વીતરાગ ભગવાને જોયેલો વ્યવહાર નામ અહીંયા દેહના સંબંધમાં રહેલો એટલો દેહ પ્રમાણે વ્યવહારે છે અને નિશ્ચયથી લોકપ્રમાણ એના પ્રદેશો છે. પહોળા હોં! પહોળો થાતો નથી. પણ અસંખ્ય પ્રદેશ લોક પ્રમાણે થાય એટલે એની તાકાત છે. '**વહ આત્મા કૈસા હૈ? ઔર કૈસા નહીં હૈ?**' ઈ કેવો છે અને કેવો નથી એના ચાર પ્રશ્નો શિષ્યે પૂછ્યા. લ્યો! આ ચાર પ્રશ્ન જે ઉઠાવ્યા છે ૫૦ ગાથામાં. મહારાજ! આ દુનિયા કંઈક કહે છે આત્માને, તમે શું કહો છો? અને તમારા જ્ઞાનમાં શું આવ્યું? સમજાણું કાંઈ? જુઓ! આત્માની શું ચીજ છે એમ પૂછવા માગે છે આત્મા. બીજું મારે કાંઈ કામ નથી. આત્મા શું છે? ક્યાં રહે છે? કેટલો છે? કેમ છે? જડ છે? શૂન્ય છે? વ્યાપક છે? દેહ પ્રમાણે છે? એ મારો આત્મા શું છે? એમ શિષ્ય ચાર પ્રશ્ન પૂછે છે એનો ઉત્તર.

'**આગે નય-વિભાગકર...**' નય એટલે જ્ઞાનની વહેંચણીના પ્રકાર દ્વારા, '**આત્મા સબ**

રૂપ હૈ,...' જે ચાર કીધું એ રૂપે અપેક્ષાએ છે. '**એકાન્તવાદકર અન્યવાદી માનતે હૈં,...**' એક જ પક્ષે માનતે હૈ (કિ) સર્વ વ્યાપક-આખા લોક પ્રમાણે, દેહ પ્રમાણે, એ પરથી શૂન્ય જ છે એટલે પોતાથી પણ શૂન્ય છે, ઈન્દ્રિયનું જ્ઞાન નથી માટે જડ કહ્યો, પણ પોતાનું જ્ઞાન-વિજ્ઞાન નથી એમ નથી. '**એકાંતવાદી માનતે હૈં, સો ઠીક નહીં હૈ, ઈસ પ્રકાર ચારોં પ્રશ્નોંકો સ્વીકાર કરકે સમાધાન કરતે હૈં–**'

> ५१) अप्पा जोइय सव्व-गउ अप्पा जडु वि वियाणि।
> अप्पा देह-पमाणु मुणि अप्पा सुण्णु वियाणि।।५१।।

જુઓ! આમાં કેટલાક કાઢે એની તો વાત કરી. જુઓ! આમાં અનેકાંત છે ભાઈ! આત્મા સુખરૂપે હોય, દુઃખરૂપે હોય, નિયત પણ હોય, અનિયત પણ હોય. પર્યાય આવે છે કે નહિ? જુઓને, અહીં બધું કહેશે.

**અન્વયાર્થ :–** '**હે પ્રભાકરભટ્ટ,...**' ગુરુ શિષ્યને કહેશે. '**આગે કહે જાનેવાલે નયકે...**' જ્ઞાનની અપેક્ષાથી '**ભેદસે આત્મા સર્વગત ભી હૈ,...**' આગળ કહેશે. જ્ઞાન બધાને જાણે છે એ અપેક્ષાએ આત્મા સર્વગત કહેવામાં આવશે. પણ આત્મા અહીંથી ખસીને લોકમાં વ્યાપી જાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? '**આત્મા જડ ભી હૈ...**' એ ખુલાસો કરશે. એને ઈન્દ્રિયનું જ્ઞાન નથી, અતીન્દ્રિય જ્ઞાનમય ભગવાન આત્મા એ અપેક્ષાએ તેને ઈન્દ્રિયજ્ઞાનના અભાવની અપેક્ષાએ (જડ કહ્યો). વિજ્ઞાનના અભાવની અપેક્ષાએ જડ નથી. સમજાણું કાંઈ?

'**જડ ભી હૈ એસા જાનો, આત્માકો દેહકે બરાબર ભી માનો,...**' દેહ પ્રમાણે પણ છે, શરીર પ્રમાણે જ છે આત્મા, એટલામાં જ છે ભિન્ન અરૂપી. અને '**આત્માકો શૂન્ય ભી જાનો.**' પર વસ્તુથી શૂન્ય છે, પર વસ્તુ એમાં નથી. પોતાના જ્ઞાન આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. અનંત અનંત ગુણથી ભરેલો પદાર્થ છે આત્મા, વસ્તુ છેને. પરપદાર્થની શક્તિ આદિથી શૂન્ય છે, પરપદાર્થ તેમાં નથી. '**નય-વિભાગસે માનનેમેં કોઈ દોષ નહીં હૈ,...**' આ રીતે અપેક્ષિત જ્ઞાનથી જાણે તો એમાં દોષ નથી એવું તાત્પર્ય કહે છે. હવે એક બોલનો વિસ્તાર કરે છે.

'**આગે કર્મરહિત આત્મા કેવલજ્ઞાનસે લોક ઔર અલોક દોનોંકો જાનતા હૈ, ઈસલિયે સર્વ વ્યાપક ભી હો સકતા હૈ, એસા કહતે હૈં –**' આ અપેક્ષાએ હોં!

> ५२) अप्पा कम्म-विवज्जियउ केवल-णाणेँ जेण।
> लोयालोउ वि मुणइ जिय सव्वगु वुच्चइ तेण।।५२।।

'**અન્વયાર્થ :– આ આત્મા,...**' જુઓ! આ આત્માની સ્થિતિ. શ્રીમદ્ એક પત્રમાં લખે છે એક વાર, કે અરે..! આ આત્મા, આવો મનુષ્ય દેહ મળ્યો એના અલ્પકાળમાં આત્મા

આવો છે મહાન હયાતીવાળો અખંડાનંદ પ્રભુ એના હયાતીની લક્ષ ને દૃષ્ટિ વિનાનો જો કાળ જાય તો એવા કાળને માટે આત્માને ધિક્કાર છે. શું કીધું? સમજાણું? આ મનુષ્યદેહ મળ્યો, થોડો વખત છે. માંડ ક્યાંકથી ક્યાંય આવીને (જાણે) સ્વપ્ન આવ્યા છે. એની અંદરમાં આ આત્મા એક સમયમાં કેટલા ક્ષેત્રમાં, કેટલા ભાવે એ જેટલી શક્તિવાળું તત્ત્વ (છે) એવું એની પ્રતીતિમાં, શ્રદ્ધામાં, એની હયાતીમાં, હયાતીની દૃષ્ટિ ન રહે, પરની હયાતી એમાં નથી એવી દૃષ્ટિ વિનાનો કાળ જાય એ બધો કાળ એને માટે તિરસ્કાર અને ધિક્કાર માટે જાય છે. શું કીધું? સમજાણું આમાં?

આ શિષ્યના પ્રશ્ન ઉઠ્યાને. શિષ્યને આમ ધગશ (છે). કેટલામાં ક્યાં હું, કોણ છું? કઈ રીતે ભગવાન પરમાત્માએ જોયું છે? અને એ રીતે હું કેમ છું? એમ શિષ્યની પોતાની જિજ્ઞાસા આ આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા એનો જ્ઞાનસ્વભાવ બધાને જાણવાના સ્વભાવવાળો આત્મા છે. કોઈમાં રાગાદિ કે પરમાં એ નથી, પણ બધાને જાણવાવાળો આત્મા છે. એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે, '**કર્મરહિત આત્મા કેવળજ્ઞાનસે લોક...**' અહીં તો પર્યાયની પ્રગટતા વર્ણવી છે, ભાઈ! પણ પુણ્ય-પાપમાં લીધુંને, આ આત્મા સર્વ જ્ઞાન-દર્શી સ્વભાવે હોવા છતાં પોતાની પર્યાયમાં પરના અસ્તિત્વનો સ્વીકાર કરી, પૂર્ણાનંદનો નિષેધ કરી અને વર્તમાનમાં બધાને જાણવું-દેખવું કરતો નથી. 'સવ્વ ણાણ સવ્વ દર્શિ.' આહા..હા..! આ આત્મા અંતર એનો સ્વભાવ સર્વને જાણવું, દેખવું જ છે. કોઈ બીજી ચીજ મારામાં છે એમ માનવાનો એનો સ્વભાવ નથી અને હું કંઈ પણ પરને ન જાણું, ન જાણવાનું રહે એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આત્મા... સ્વને અને બધાને એકસાથે જાણવાના સ્વભાવવાળો આત્મા છે. કોઈને-પર છે એને મારા માનવાવાળો નહિ, પણ પર છે અને સ્વ છે એને જાણવાવાળા સ્વભાવવાળો આત્મા છે. કહો, ...ભાઈ! કેટલું આ બહાર પર મારા એના માટે કરવામાં રોકાવું એ કેવી વાત હશે એને માટે? ચંદુભાઈ!

શ્રોતા :— ભવ હારી જવાનો.

ઉત્તર :— હારી જવાનો?

ભગવાન આત્મા... અહીંયા તો હજી સ્વભાવની વાત મેં કરી, પણ અહીં ચાલે છે પર્યાયમાં. કારણ કે વ્યાપક એ તે શક્તિમાં જ એવો છે. વસ્તુ જ એવી (છે). વસ્તુ જે આત્મા છે એ 'જ્ઞ' અને દર્શનસ્વભાવ. તો જાણવું અને દેખવું જેનો સ્વ... સ્વ... સ્વ... સ્વ... સ્વભાવ, સ્વ સ્વરૂપ સ્વભાવ એવો આત્મા જાણવું, દેખવું એવી હયાતીવાળો પદાર્થ એ બધાને જાણવું, દેખવું જ એનું કાર્ય છે. છતાં એવી હયાતીવાળો આવો આત્મા સર્વને જાણવા-દેખવાવાળો

છે એવી હયાતીનો સ્વીકાર નહિ કરીને રાગાદિ અને પર આદિના કાર્યમાં હું અથવા પરના અસ્તિત્વમાં હું એવું માનીને પોતાની અલ્પજ્ઞ જ્ઞાનદશામાં સર્વને જાણવું, સર્વ દેખવું એ ભૂલી ગયો પર્યાયમાં (એટલે) એ અવરાઈ ગયું. સમજાણું કાંઈ આમાં? આહા..હા..!

ભગવાન આ આત્મા, એક એક આત્મા એનું હોવાપણું એમાં સ્વભાવનું હોવાપણું. વસ્તુનું હોવાપણું આત્મા એનું સ્વભાવનું હોવાપણું એટલે કે જ્ઞાન ને દર્શન, એટલે કે એ બધાને જાણવા, દેખવાના સ્વભાવનું અસ્તિત્વ એવો આત્મા. આવો આત્મા દૃષ્ટિમાં લીધા વિના એણે આત્મા માન્યો છે એમ કહેવાય નહિ. સમજાણું કાંઈ? એવો માન્યા વિના આ દેહનું અસ્તિત્વ એ મારું અસ્તિત્વ, એના હોવાને લઈને હું, રાગ-દ્વેષના હોવાને લઈને હું, પરની અનુકૂળતાને લઈને હું, પરની પ્રતિકૂળતામાં ખેદાઈ જાઉં એવો હું એવી જે માન્યતા છે એમાં સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવ તે હીણો, સંકોચ પડી ગયો છે. સમજાણું કાંઈ?

એ સંકોચમાં પૂર્ણાનંદ અને પૂર્ણ દર્શન જ્ઞાનસ્વભાવ છું એમ અંતર દૃષ્ટિમાં એકાગ્ર થઈને જ્યાં વ્યક્તપણે સર્વજ્ઞ, સર્વદર્શી થયો પર્યાયમાં... સમજાણું કાંઈ? પહેલી પ્રતીતમાં થયો કે, હું સર્વજ્ઞ—કેવળજ્ઞાન અને કેવળદર્શન જ મારું સ્વરૂપ છે. પ્રતીતમાં કેવળજ્ઞાન આવ્યું. આવે છેને ભાઈ! શ્રીમદ્‌માં? શ્રદ્ધાએ, શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું છે એમ આવે છે. શ્રદ્ધાએ પહેલું કેવળજ્ઞાન થાય એટલે કે હું તો એકલો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એમ એને સમ્યક્‌શ્રદ્ધામાં કેવળજ્ઞાનની પ્રતીતિ (એટલે) શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું. શ્રદ્ધામાં કેવળજ્ઞાનમય છું એમ નહોતું માન્યું, શ્રદ્ધામાં અલ્પ જ્ઞાન અને રાગવાળો એમ માન્યું હતું. એ સમ્યગ્દર્શનની શ્રદ્ધા દ્વારા હું કેવળજ્ઞાનમય છું, એકલી કેવળજ્ઞાન શક્તિ સંપન્ન છું. એટલે શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું છે. સમજાણું કાંઈ?

નિશ્ચયનયના જ્ઞાન દ્વારા કેવળજ્ઞાન વર્તે છે કે જ્ઞાનસ્વરૂપ જ છું. ઈચ્છાએ કેવળજ્ઞાન વર્તે છે. કારણ કે, ઈચ્છા પૂર્ણ કેવળજ્ઞાનની જ કરવાની છે. કેવળજ્ઞાન છે અને એને કરવાની છે. શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા ત્રણે બોલ લઈ લીધા. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર—ત્રણ દ્વારા કેવળજ્ઞાનમય જ છું. સમજાણું કાંઈ? એવો આત્મા એને પ્રતીતમાં-શ્રદ્ધામાં આવે ત્યારે એણે આત્મા માન્યો, જાણ્યો. એની વિદ્યમાનતાની હયાતી હર પળે આ રીતે વર્ત્યા કરે એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ આમાં?

આત્મા સર્વજ્ઞપદ અને સર્વદર્શીસ્વરૂપ જ છું. મારામાં રાગ-દ્વેષ તો નથી, શરીર તો નથી પણ મારું સ્વરૂપ અલ્પજ્ઞ અને અલ્પદર્શી પણ નથી. હું તો એકલો કેવળજ્ઞાન, કેવળદર્શનનો પિંડ એટલે એની સાથે અનંત આનંદમય છું. એવી જે અંતર્મુખ થઈને બહિર્મુખના અલ્પજ્ઞ, રાગાદિના અસ્તિત્વમાં જે કલ્પ્યો હતો, એ પૂર્ણ કેવળજ્ઞાન, કેવળ દર્શનમય જ્યાં પ્રતીત થઈ

ત્યારે શ્રદ્ધાએ તો કેવળજ્ઞાન થઈ ગયું. એટલે કે જાણનાર દેખનાર જ છું, હવે બીજો કોઈ છું નહિ. રાગાદિ થાય તેનો જાણનાર, શરીરની ક્રિયા થાય તેનો જાણનાર, વ્યવહારથી હોં! તન્મય વ્યાપક (થયા) વિના. અને જ્યાં એ પૂર્ણાનંદ ને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ ત્યારે કહે છે...

'**કેવલજ્ઞાનસે જિસ કારણ લોક ઔર અલોકકો જાનતા હૈ ઈસીલિયે હે જીવ, સર્વગત કહા જાતા હૈ.**' એટલે શું? જ્યાં આત્માનું સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણાનું ભાન થઈને સર્વજ્ઞાન ને સર્વદર્શીપણું વર્તમાન દશામાં આવ્યું ત્યારે લોકાલોકને જાણે છે એ અપેક્ષાએ લોકાલોકમાં વ્યાપ્યો છે એમ કહેવામાં આવે છે. એટલે ઓલા સર્વગત કીધું એને પણ એક ન્યાયે આટલો ઠરાવ્યો. એક ન્યાયે. ઈ કહે છે એ ન્યાયે નહિ. ઈ કહેશે, હજી ખુલાસો કરશે. સમજાણું કાંઈ? મકાનનું વેચાણ આપે છે ત્યારે લખે છે કે નહિ? ભાઈ! આટલામાં મારું મકાન છે, પૂર્વમાં ફલાણાનું-ઉગમણામાં ફલાણાનું, ફલાણાનું ઉત્તરમાં, દક્ષિણમાં અને લિખિતંગ હું ફલાણો. લિખિતંગ મફતલાલ અધ્ધરની સહી એમ નથી. એમ આત્મા કેવડો કેટલામાં કેવડો ભાવવાળો છે? કેટલા ક્ષેત્રમાં છે? એની દશા શું છે? એનું ફળ અહીંયા વર્ણવે છે, એનું પ્રમાણ વર્ણવે છે.

જ્યારે આ આત્મા પોતાના પૂર્ણાનંદ જ્ઞાનમય દર્શનમયીની જ્યારે શ્રદ્ધા કરી, ત્યારે એને ક્રમે ક્રમે સ્વરૂપમાં એકાગ્ર થતાં જે શક્તિરૂપે પૂર્ણ કેવળ અને દર્શન છે એની વર્તમાન હાલત-દશામાં-પર્યાયમાં કેવળ અને કેવળદર્શન પ્રગટ થઈ ગયું. એ અપેક્ષાએ '**યહ આત્મા કર્મરહિત હુઆ કેવલજ્ઞાનસે જિસ કારણ લોક ઔર અલોકકો જાનતા હૈ ઈસીલિયે હે જીવ, સર્વગત કહા જાતા હૈ.**' એ જીવને બધા જગતના, જ્ઞાનમાં એ ચીજ આવી ગઈ જાણવાના સામર્થ્યમાં એ અપેક્ષાએ જાણે જ્ઞાન ત્યાં ગયું એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. એનો ખુલાસો કરશે હોં! આગળ.

ભાવાર્થ :- '**યહ આત્મા વ્યવહારનયસે કેવલજ્ઞાનકર...**' વ્યવહાર એટલે? લોક અને અલોકને જાણતા છતાં તેમાં કેવળજ્ઞાનની પર્યાય તેમાં એકમેક થતી નથી. એકમેક થતી નથી અને એને જાણવું કહેવું એ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અત્યારે શરીરને જાણતું જ્ઞાન શરીર સાથે તન્મય થઈને જાણતું નથી. રાગને જાણતું જ્ઞાન રાગમાં એક થઈને જાણતું નથી. સમજાણું કાંઈ? એ માને ભલે, પણ એમ નથી એનો સ્વભાવ. વસ્તુ સ્વરૂપ ચૈતન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપક જે જ્ઞાન છે એ રાગમાં તન્મય થઈને જાણે છે એમ નથી. રાગને ભિન્ન રહીને હું જ્ઞાન છું એમ જાણે છે, પણ રાગને જાણે છે એ રાગને જાણવું કહેવું વ્યવહાર (છે) કેમકે તન્મય થઈને જાણતો નથી, રાગને એકમેક થઈને જાણતો નથી માટે વ્યવહાર. એમ

કેવળજ્ઞાન એક સમયમાં પૂર્ણ દશા પ્રગટ થઈ લોકાલોકને જાણે એ વ્યવહાર. કેમકે તેમાં તન્મય થતો નથી. એકમેક થાય તો લોકાલોકના સુખદુઃખ પણ જ્ઞાનમાં વેદવામાં આવવા જોઈએ. તો એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**કેવલજ્ઞાનકર લોક-અલોકકો જાનતા હૈ, ઔર શરીરમેં રહનેપર ભી...**' શરીરમાં રહેવા (છતાં). અહીં છે એટલામાં. '**નિશ્ચયનયસે અપને સ્વરૂપકો જાનતા હૈ,...**' શું કહે છે? વ્યવહારથી પરને જાણે એનો અર્થ કે, પરમાં તન્મય થતો નથી પણ જાણવું નથી એમ નહિ. કેવલજ્ઞાનમાં લોકાલોકનું જાણવું નથી એમ નહિ, પણ લોકાલોકમાં તન્મય એક થઈને (જાણતો નથી). કારણ કે એક થવાનો એનો સ્વભાવ નથી. પણ સ્વ-પરપ્રકાશક પૂર્ણ થવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયનયસે અપને સ્વરૂપકો જાનતા હૈ,...**' જ્ઞાન જ્ઞાનને જાણે છે. એ કેવળજ્ઞાનનો પર્યાય જ્ઞાનને જાણે છે. એ પર્યાય લોકાલોકને જાણે એમ કહેવું વ્યવહાર. (કારણ કે) તન્મય નથી, પણ જાણવું છે એટલી અપેક્ષા છે. નિશ્ચયથી તો પોતે પોતાને જાણે છે. સમજાણું કાંઈ આમાં?

અત્યારે પણ વસ્તુનો સ્વભાવ રાગને, શરીર ને જાણતું જ્ઞાન પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પણ પરનું જાણવું જે પોતામાં છે એને જાણવું એનું નામ નિશ્ચય છે. સમજાણું કાંઈ? શું આ કહે છે આ વાત? ચૈતન્યપ્રભુ આમ જ્ઞાનનો સૂર્ય છે. એ જ્ઞાનસૂર્ય પ્રકાશે છે. એ પ્રકાશની પર્યાયમાં પ્રગટતા એવી પર્યાય પ્રગટ જેટલી છે એમાં-એ દ્વારા રાગને, શરીરને જાણે એ જ્ઞાન એમ કહેવું એ ઉપચાર વ્યવહાર છે. પણ એ જ્ઞાન જ્ઞાનને જાણે. કારણ કે, સ્વમાં સ્વમાં તન્મય થઈને જ્ઞાન જ્ઞાનને જાણે એનું નામ નિશ્ચય છે. સ્વાશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર. ભારે વાત ભાઈ! દાખલો આપશે હોં!

'**ઈસ કારણ જ્ઞાનકી અપેક્ષા તો વ્યવહારનયસે સર્વગત હૈ,...**' ક્યા કારણે? એ જાણવાના સ્વભાવની અપેક્ષાએ... વ્યવહારનયથી બધાને જાણે એવો વર્તમાન સ્વભાવ ત્રિકાળ છે પણ પ્રગટ થયો ત્યારે તો વર્તમાન પૂર્ણ જાણે છે આમ, એ અપેક્ષાએ તેને સર્વગત કહેવામાં આવે છે. '**પ્રદેશોંકી અપેક્ષા નહીં હૈ.**' જો આ વાત આવી. પણ પોતાના જે પ્રદેશ અહીં છે જ્ઞાન... દાખલો આપશે હોં! આંખનો, અહીં વસ્તુ તો અહીં છે આત્મા પોતામાં, એ પોતામાં જે જ્ઞાન ખીલ્યું એ જ્ઞાન ખીલેલું લોકાલોકને જાણે કહેવું એ વ્યવહાર છે. એ અપેક્ષાએ જ્ઞાન જાણે પરમાં ગયું, વ્યાપ્યું, વ્યાપ્યું એમ કહેવાય છે, પણ પોતાના પ્રદેશ છોડીને જ્ઞાન પરમાં ગયું નથી.

અહીં પણ જ્ઞાન વર્તમાન જે અસ્તિપણે છે એ જ્ઞાનનું અસ્તિત્વ જે પોતાની મર્યાદામાં સત્તા છે એ છોડીને રાગને અડતું નથી, શરીરને અડતું નથી એ જ્ઞાન. જ્ઞાનનો જે પ્રગટ પર્યાય

છે એ રાગ—વિકલ્પને અડે એટલે એક થાય તો જાણવું અને જડ અચેતન, બે એક થઈ જાય, રાગ તો અચેતન છે. સમજાણું કાંઈ? જ્ઞાન ચૈતન્યની અસ્તિ-એનું હોવાપણું એમાં એ જ્ઞાન પ્રકાશતું જ્ઞાન રાગને, શરીરને જાણે કે આ છે, પણ એ જાણે પોતાના જ્ઞાનના ક્ષેત્રમાં અથવા પોતાના ભાવમાં રહીને એને જાણે, એના ભાવરૂપ થઈને જાણે છે એમ છે નહિ. છતાં તેના ભાવનું જ્ઞાન નથી એમ નહિ. છતાં તે પોતે પોતાને જ્ઞાન જાણે એનું નામ નિશ્ચય કહેવાય છે. આહા..હા..!

મુમુક્ષુ :— અડતું નથી.

ઉત્તર :— અડતું નથી, મફતનો ઉંહકારા કરે છે. રાગ છે એ વિકાર છે, વિકાર છે એ નિશ્ચયથી અચેતન છે. ચેતન્યપ્રકાશનો અંશ એ અચેતન અને ચેતન બે એક થઈ જાય તો અડે કહેવાય. આહા..હા..! સમજાણું?

એમ આ શરીરનો ટાંગો નથી ચાલતો એ જડનો. ઈ જ્ઞાન જાણે કે આમ આમ થાય, પણ એ થાય છે એને જાણવા છતાં જ્ઞાન એ શરીરની ક્રિયાને અડતું નથી. અડે ક્યાંથી, પોતાના સ્વનું ક્ષેત્ર છોડીને પર ક્ષેત્રમાં ક્યાંથી જાય? સમજાણું કાંઈ? સાકરનો ગાંગડો છે સાકરનો, જુઓ દાખલો. હવે એ સાકર ઓગળવા માંડી અને અહીં ખ્યાલમાં-જ્ઞાનમાં જણાણી. એ સાકરની અવસ્થા ઓગળી એ આ જ્ઞાનમાં આવી છે? એ સાકરનું ગળપણ જે એનું અસ્તિત્વ તો સાકરના ક્ષેત્રમાં, સાકરના ભાવમાં છે. હવે આ આત્માનો જ્ઞાનભાવ એમાં એ સાકરનું જ્ઞાન આવ્યું, એ સાકરનું જ્ઞાન આવ્યું એટલે? એ સાકર અડીને આવ્યું છે? સાકરના ક્ષેત્રનું ગળપણનું ક્ષેત્ર અહીં આવી ગયું છે? ગળપણની ભાવદશા જ્ઞાનની દશામાં આવી છે? ગળપણની ભાવદશા જ્ઞાનમાં આવે તો જડ થઈ જાય જ્ઞાન, સાકર તો જડ છે. સમજાણું કાંઈ? એ ચૈતન્ય સાકરને જાણે છે કે, આ ગળ્યું છે. એ ગળ્યા એ સંબંધનું જ્ઞાન પોતામાં થાય. એથી સાકરમાં જ્ઞાન વ્યાપ્યું છે એમ વ્યવહારે કહેવાય, પણ પોતાના પ્રદેશ અને પોતાનું જ્ઞાનનું હોવાપણું-અસ્તિ છે એ છોડીને સાકરની કોઈ પર્યાયમાં જ્ઞાન ગયું નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? ...ભાઈ! આ ઝીણી વાતું છે આ. ભારે વાત ભાઈ!

અહીં તો કહે છે કે, તારી હયાતી, તું તને ક્યાં છો તેટલો તું તને માને છો? કે, જ્યાં તું જેટલો છો એથી વધારે માને છો? જે તારામાં નથી તેને તું માને છો? અને તારામાં જે છે તેને તેટલું માને છો કે નહિ? જગતમાં પણ કોઈ પરની વસ્તુને જાણે તેથી કાંઈ એમ માને કે એ પર મારી છે? ઝવેરાત દેખાણી આ બધી માણેકચોકમાં, લ્યો! એ જાણવામાં આવી એટલે આ મારી છે એમ માને છે? એનું ક્ષેત્ર અહીં આવી ગયું છે? અને અહીં જાણવાની પર્યાયનું ક્ષેત્ર ત્યાં ગયું છે? સમજાણું કાંઈ?

ચૈતન્યનો અહીંયા સ્વભાવ—પોતાનો સ્વભાવ જાણવું, દેખવું એવી એની અસ્તિ—મોજૂદગી, એ મોજૂદગીમાં પોતાના ક્ષેત્રમાં, પોતાના ભાવના સામર્થ્યમાં રહીને શરીર, કર્મ આદિ જાણે, રાગને જાણે, પણ છતાં રાગ અને શરીરમય થયું નથી. એમ ભગવાનનું કેવળજ્ઞાન લોકાલોકને જાણે, પણ એના જ્ઞાનનું જે ક્ષેત્ર પોતાનું છે એ ક્ષેત્ર છોડીને લોકાલોકમાં વયુ જાય જ્ઞાન એમ છે નહિ. આહા..હા..! અહીં તો કેટલા ક્ષેત્રનું સિદ્ધ કરે છેને ભાઈ! અહીં તો દેહ ક્ષેત્રમાં આત્મા છે એમ સિદ્ધ કરે છે. દેહના ક્ષેત્ર પ્રમાણે તારું ક્ષેત્ર છે, એ તારું દેહને કારણે નહિ. એટલે દેહ પ્રમાણે આ ભગવાન આત્મા એના અનંત ગુણો, તે પોતાના દેહ પ્રમાણના ક્ષેત્રમાં અનંત ગુણો ને એની પર્યાયનું ક્ષેત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા આત્માની પૂર્ણ કેવલ્ય દશા જ્યાં થઈ એ લોકને જાણે, લોક-અલોકને જાણે. અંત નહિ એને જાણે, એને જાણવાની અપેક્ષાએ પરને સર્વગત કહેવામાં આવે છે. પણ પ્રદેશોની અપેક્ષાએ નહિ. જુઓ, શું કીધું ઈ? પણ પોતાનો અહીં આત્મા અત્યારે છે જુઓ! પોતે આત્મા છે એ અસંખ્ય પ્રદેશ પહોળું આ ક્ષેત્ર છે શરીર પ્રમાણે. એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણોનો ભંડાર આત્મા છે. તો એ પોતે અસંખ્ય પ્રદેશમાં જ એનું જ્ઞાન દ્રવ્ય, જ્ઞાન ગુણ અને જ્ઞાનની પર્યાય એટલામાં રહેલી છે. છતાં એ જ્ઞાનની વર્તમાન દશાના અસ્તિત્વમાં રાગનું, શરીરનું, જ્ઞાનનું હોવાપણું અહીં થાય, એ સંબંધીનું એને કારણે નહિ. આ સંબંધીનો આનો સ્વભાવ સ્વ-પર જાણવાનો છે એથી પોતાના ક્ષેત્રમાં, પોતાના કાળે, પોતાના ભાવમાં જાણવાનું થાય, પણ આને જાણે છે એમ કહેવું (વ્યવહાર છે). એ સંબંધીનું જ્ઞાન છે એટલે વ્યવહારે કીધું. છતાં પોતાનું જ્ઞાન ક્ષેત્ર, પોતાની જ્ઞાન સ્વકાળ દશા, પોતાના ભાવનું સામર્થ્ય છોડીને તે લોકાલોકને જાણવા જ્ઞાન અંદરમાં પેસતું નથી, પોતાના પ્રદેશમાં રહે છે. સમજાણું કે નહિ?

કહે છે કે, લોકાલોકને કેવળજ્ઞાની જાણે. જાણે બધાને, છતાં તેનું જ્ઞાન પોતાના અસંખ્ય પ્રદેશમાં રહીને, પોતાના હયાતીના ક્ષેત્રમાં રહીને, પોતાનું જે ક્ષેત્ર છે તેમાં રહીને એને જાણે છે. તેથી પરને જાણે એમ કહેવું વ્યવહારે વ્યાપક છે ઈ, નિશ્ચયથી પોતાના પ્રદેશ છોડીને ત્યાં જાય છે એમ છે નહિ. એ દાખલો આપ્યોને અહીંયા કે, આ સાકર છે, ગળી લાગી, એ ગળી તો જડ અવસ્થા છે. જડની અવસ્થા સંબંધીનું આ જ્ઞાન પોતામાં રહીને જ્ઞાન કરે, પણ આ જ્ઞાન જડની અવસ્થાને અડીને કરે એમ નહિ, (એમાં) ગરીને નહિ. એમ જડની અવસ્થા અહીં ગળ્યુંનું જ્ઞાન આવ્યું એટલે એ જ્ઞાનમાં ગળી અવસ્થા આવી ગઈ છે (એમ નથી). એ ગળી અવસ્થા સંબંધી પોતાનું જ્ઞાન પોતાના ક્ષેત્રમાં રહીને આ જ્ઞાન અને આ ગળ્યું એમ પોતાના ક્ષેત્રમાં રહીને આત્મા જાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આવું ... કેમ થાતું હશે?

ઉત્તર :— આ સદાય થાય છે એમ, માને છે ઊંધું એમ કહે છે અહીં તો. ભાન નહિ. એની સ્વસન્મુખની સ્થિતિ આવી છે, પરસન્મુખનું જ્ઞાન કરવા છતાં-પરનું જ્ઞાન કરવા છતાં પરવસ્તુ અહીં આવતી નથી અને આ જ્ઞાન પરનું જ્ઞાન કરવા છતાં પરને અડતું નથી. આહા..હા..! આ રીતે વસ્તુનું સત્‌નું સત્‌પણું આવું છે. તે રીતે જ્યાં સુધી એને ન બેસે ત્યાં સુધી એની ભ્રાન્તિ ટળે નહિ કોઈ રીતે. સમજાણું કાંઈ? ભ્રમણામાં વયો જાય એમને એમ કાળ. દાખલો આપે છે જુઓ.

**'જૈસે રૂપવાલે પદાર્થોંકો નેત્ર દેખતે હૈં,...'** આ આંખ છેને? આમ અગ્નિ છે અગ્નિ ઝળહળ, ઝળહળ બળે છે આમ. આંખ દેખે છે. **'પરંતુ ઉન પદાર્થોંસે તન્મય નહીં હોતે,...'** એ આંખ અગ્નિને દેખવા છતાં આંખ અગ્નિરૂપે થતી નથી. થાય છે? આ હોળી સળગતી હોયને મોટી, જોવા નથી જાતા ત્યાં? આમ ભડકા મોટા, નાળિયેર નાખે ને આ નાખે ને હારડા નાખે ને. આ આંખ એને જાણવા છતાં આંખ એને અગ્નિને અડી છે? અગ્નિને અડે તો બળી જાય. સમજાણું કાંઈ? આ આંખ આમ અગ્નિને જાણે, જાણવા છતાં અગ્નિ સંબંધીનું જ્ઞાન ભલે અહીં થાય, પણ આ આંખ અગ્નિને અડે છે? અડે તો બળી જાય ત્યાં. અડે શી રીતે? અરે..! આ કોઈ દિ' વિચાર જ કર્યા નથી, કહે છે. એમને એમ આંધળે આંધળું ચાલ્યો જાય છે તણાઈને ચોર્યાશીમાં. ભીખાભાઈ!

**'ઉસરૂપ નહીં હોતે હૈં.'** આંખ પરને જાણવા છતાં આંખ પરરૂપ થતી નથી. બરફને જાણતા આંખ ઠંડી થઈ જાય છે? તેમ આંખ બરફને નથી જાણતી એમ છે (નહિ) અને જાણવા છતાં ઠંડારૂપમાં ગરી ગઈ એમ છે (નહિ.) એમ ઉષ્ણને, અગ્નિને જાણતા આ આંખ અગ્નિરૂપ થઈ ગઈ છે? ન થઈ છતાં અગ્નિનું જ્ઞાન આંખ કરે છે એમ નથી? એમ ચૈતન્યની આંખ અંદર ભગવાન ચૈતન્યસૂર્ય જ્ઞાનની મૂર્તિ આત્મા, એના પ્રકાશનું કિરણ પૂર્ણ પ્રગટ્યું કેવળજ્ઞાન. પ્રકાશનું કિરણ પૂર્ણ પ્રગટ્યું એ લોકાલોકને જાણે છે પણ લોકાલોકને અડતું નથી. આહા..હા..!

એમ અહીં પણ એમ છે. ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ જાણનાર, દેખનાર સ્વભાવવાળું તત્ત્વ મારા ક્ષેત્રમાં રહીને, મારા ભાવના સામર્થ્ય દ્વારા, રાગ, પુણ્ય, શરીરાદિની ક્રિયાઓ જે થઈ રહી પર અસ્તિત્વ તરીકે-પર હયાતી તરીકે, એ પર હયાતીનું મારી હયાતીમાં જ્ઞાન થાય, પણ મારી હયાતી એને અડીને એકમેક થઈને જ્ઞાન થાય એમ કોઈ દિ' બને નહિ. સમજાણું કે નહિ? આ તો સાદી ભાષાથી તો આવે છે વાત. આમાં કાંઈ ફલાણું મોટા કોઈ ઘડીયા ભણવાના નથી. પણ કોઈ દિ' (દરકાર જ કરી નથી). આહા..હા..! સમજાણું?

સત્‌ની જેટલી ક્ષેત્રની મર્યાદા, એના કાળની મર્યાદા, એની ભાવની મર્યાદા જે રીતે છે

તેમ પ્રતીત કરે તો સાચી પ્રતીત કહેવાય કે નહિ? અને સત્‌ની મર્યાદા જેટલી છે એનાથી આગળ વધીને કહે એટલે અસત્ થઈ ગયું, એની શ્રદ્ધા ખોટી થઈ ગઈ એની. સમજાણું કાંઈ? એમ કેવળજ્ઞાન ભગવાનનું, અરિહંત પરમાત્માનું કેવળજ્ઞાન અંદર શક્તિરૂપે હતું પ્રગટ થયું પર્યાયમાં–અવસ્થામાં, એ આંખ થઈ પ્રગટ. લોકાલોકને જાણે ત્રણ કાળ, ત્રણ લોક ક્ષેત્ર આદિને. જાણતા છતાં તે રૂપ થઈને જાણે છે? તેમ તે સંબંધીનું જ્ઞાન પોતાના સ્વભાવ સામર્થ્યમાં નથી આવ્યું એમ છે? આવ્યું છતાં ત્યાં ગયું છે? એ અહીં આવી ગયું છે? નહિ. નવરા ક્યાં, પણ નવરો ક્યાં છે આ દુનિયાની ભાંજગડ છોડીને પોતાની કરવા નવરાશ. આ ધંધા ને પાણી ને હા ને હો... જે કાંઈ એની પાસે નથી. એ કોઈ ચીજ રહેવાની પણ નથી. શરીર, બાયડી, છોકરા, કુટુંબ, ધૂળ, ધાણી પર પદાર્થ એના હાટુ મથ્યો, આમ કરું ને આ કરું ને આ કરું. છતાં એ કરે વિકલ્પ, પરને અડે નહિ ને પરમાં કાંઈ કરી શકે નહિ. ગાંઠ ધોવે છે. આહા..હા..!

કહે છે કે, ભાઈ! તારું હોવાપણું કેટલા ક્ષેત્રમાં ને કેવા સામર્થ્યવાળા ભાવવાળું? ભાવ એટલે સ્વભાવના સામર્થ્યવાળુ કેટલું? ભાઈ! તારું ક્ષેત્ર તો આ અસંખ્ય પ્રદેશ શરીર પ્રમાણે છે. અને તેને શરીરને, વાણીને, આ જગતના કામ કુટુંબના આદિ થતાં હોય ત્યાં એને જ્ઞાન જાણે ખરું. જાણવાની અપેક્ષાએ કહેવાય કે, જાણે ત્યાં ગયું. પણ એ અહીં આવતું નથી અને જ્ઞાનના જાણવાનો પર્યાય ત્યાં જતો નથી. આવી રીતે સત્‌ની હદ અને મર્યાદા છે. કહો, ભગવાનભાઈ! પણ એ વાત તો ક્યાંય ચાલતી નથી. આજ ભગવાનભાઈ જરીક...

'**પરંતુ ઉન પદાર્થોંસે તન્મય નહીં હોતે, ઉસરૂપ નહીં હોતે હૈં. યહાં કોઈ પ્રશ્ન કરતા હૈ,...**' હવે આવે છે જુઓ '**કિ જો વ્યવહારનયસે લોકાલોકકો જાનતા હૈ,...**' વ્યવહારથી જગતને જાણે ભગવાનનું જ્ઞાન. '**ઔર નિશ્ચયનયસે નહીં,...**' સાચી દૃષ્ટિથી નહિ. ઉપચારથી, આરોપથી, ઉપચારથી, અયથાર્થનયથી 'જાણે' એમ તમે કહ્યું. '**તો વ્યવહારસે સર્વજ્ઞપના હુઆ,...**' આહા..હા..! એ સમયસારમાં આવે છેને? ૪૬૬ પાને. સમયસારમાં આવે છે. આ જ પ્રશ્ન છે. જયસેનાચાર્યની ટીકા. લખ્યું છે આમાં તે દિ'નું. સમયસાર પાનું-૪૬૬. સમજાણું કાંઈ? આ ધર્મકથા ચાલે છે. શું ચાલે છે? વળી આ કહે કે શું માંડી આ? ધર્મ નામ તારો આત્મસ્વભાવ. એ સ્વભાવનું અંતર સામર્થ્ય કેટલું? અને પ્રગટ થાય પૂર્ણ ત્યારે કઈ રીતે સામર્થ્ય પ્રગટ્યું? અને કઈ રીતે પરને જાણે? અને પરને જાણવા છતાં તેમાં વ્યવહારથી જાણે અને પોતાને જાણે તે નિશ્ચય કેમ છે, એની હયાતીનું (સ્વરૂપ) આ સ્પષ્ટ થાય છે.

'**તો વ્યવહારસે સર્વજ્ઞપના હુઆ, નિશ્ચયનયકર ન હુઆ?**' શિષ્યનો પ્રશ્ન છે. લોકાલોકને જાણે એ તો વ્યવહાર થયો અને વ્યવહાર તો આ બધા અત્યારે આ બોલો છે પ્રશ્ન પૂછે

... લ્યો! આ લોકો 'સોનગઢ' કહે છે કે, વ્યવહાર. સોનગઢને નામે પડ્યું છે. વ્યવહાર ખોટો તો ભગવાન પણ લોકાલોકને જાણે એ ખોટું. સમજાણું? સાંભળને ભાઈ! તને ધર્મની ખબરું વિના વાતું કર. કહે છે, વ્યવહારથી લોકાલોકને જાણે ત્યારે નિશ્ચયથી તો સર્વજ્ઞ થયા નહિ.

'**ઉસકા સમાધાન કરતે હૈં – જૈસે અપની આત્માકો તન્મયી હોકર જાનતા હૈ,...**' દેખો! ભગવાન આત્મા પોતાનું જ્ઞાન–લોકાલોકનું ને પોતાનું, એ જ્ઞાનની દશામાં એક પ્રદેશે પોતાના અસંખ્ય પ્રદેશમાં એકરૂપે રહીને જાણે છે. '**ઉસ તરહ પરદ્રવ્યકો તન્મયીપનેસે નહીં જાનતા,...**' એ રીતે ભગવાનનું જ્ઞાન લોકાલોકને એકમેક થઈને જાણતું નથી. અહીંનો દાખલો આપ્યોને આ સાકરનો આમ. મરચું તીખું આમ મોઢામાં (નાખ્યું), મોઢું તીખું થઈ ગયું નથી કહેતા? મોઢું તીખું થયું નથી, તીખું થયું એની પર્યાય કીધી. જડ. .. એમ નથી કહેતા? એ તો જ્ઞાનની વર્તમાન દશાએ આ ખાટું છે, એના અસ્તિત્વમાં છે, મારા અસ્તિત્વમાં નથી. એમ ખાટાનું જ્ઞાન કર્યું છે, પણ એ જ્ઞાન ખાટાની–જડની અવસ્થાને અડે તો જડ થઈ જાય. ખાટી તો જડ અવસ્થા છે અને આ જ્ઞાનની અવસ્થા તો ચૈતન્ય અવસ્થા છે. ચંદુભાઈ! પકડાય છે કે નહિ? કહે છે. આ ખાટું લાગ્યું ખાટું, લીંબુ. એ લીંબુનું ખાટાપણું લીંબુના ક્ષેત્રમાં, એના ભાવમાં વર્તવ્યું છે કે આ જ્ઞાનના ભાવની જ્ઞાનની પર્યાયમાં આવી ગયું ખાટાપણું? ખાટાનું જ્ઞાન થયું અહીં જ્ઞાન, એ તો જ્ઞાનનો સ્વભાવ છે. સ્વને જાણે અને આ શું છે એવું જાણે પોતામાં રહીને. પણ જ્ઞાને ખાટું જાણ્યું તે જ્ઞાન ખાટાને અડ્યું છે? તો જડ અને ચેતન એક થઈ જાય. આહા..હા..! કહો, સમજાણું આમાં?

'**ભિન્નસ્વરૂપ જાનતા હૈ,...**' દેખો! ભગવાન આત્મા કેવળજ્ઞાન પૂર્ણ પામ્યા તો પરને જાણે તેમાં એકરૂપ થઈને નથી જાણતા, પણ આ છે એમ ભિન્નરૂપ થઈને પોતાના અસ્તિત્વમાં જાણે છે. એમ અહીં ખાટાપણે થઈને ખાટાનું જ્ઞાન આત્મા નથી કરતો. જ્ઞાન ખાટાપણાને ભિન્ન રાખીને જ્ઞાન એનું કરે છે. સમજાણું કાંઈ? આંખનો દાખલો ન આપ્યો પહેલો? બરફના આમ ઢગલા પડતા હોય. આ ઓળા પડતા હોયને, ઓળા પડે. લ્યો આંખ દેખે. આ કરા નહોતા પડ્યા હમણા કરા? મોટા ઢગલા. આંખ ઠંડી થઈ જતી હશે? તેમ તેનું જ્ઞાન 'આ ઠંડા છે' એમ નથી જ્ઞાન કરતું? તો જ્ઞાનના અસ્તિત્વમાં રહીને, જ્ઞાન પોતાના ક્ષેત્રમાં પોતાના ભાવમાં રહીને એનું જ્ઞાન છે કે એના ક્ષેત્રમાં અને એના ભાવમાં જઈને એનું જ્ઞાન કરે છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ બધા તકરાર કરે છે. એ કેવળજ્ઞાનને તમે વ્યવહાર કહો છો. પણ સાંભળ તો ખરો. એ તો પર છે એમ જાણે એ વ્યવહાર. પણ તન્મય થતો નથી માટે તેને વ્યવહાર કહ્યો છે. પણ પરનું જાણવું, જેવું પોતાને જાણે છે એવું જ પરનું જાણવું સમાન છે, જાણવામાં કાંઈ ફેર નથી. આહા..હા..! એનું સમાધાન કરે છે, જુઓ!

**'જૈસે અપની આત્માકો તન્મયી હોકર જાનતા હૈ, ઉસ તરહ પરદ્રવ્યકો તન્મયીપનેસે નહીં જાનતા, ભિન્નસ્વરૂપ જાનતા હૈ, ઈસ કારણ વ્યવહારનયસે કહા, કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** શું કીધું? ભગવાને લોકાલોકને વ્યવહારે જાણ્યું એમ કહ્યું એ પરમાં એકમેક થઈને નથી જાણતા માટે. પણ એનો એ સંબંધીના જ્ઞાનનો અહીં અભાવ છે એમ નથી. કહો, બરાબર છે કે નહિ આમાં? બાબુભાઈ! કહો, સમજાય છે કે નહિ? વેપારીને ન સમજાય એવું હોય?

ભગવાન આત્મા, અરે..! ચૈતન્યસૂર્ય, ચૈતન્યસ્વામી એ સહજાત્મસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ છે. એવો ભગવાન આત્મા ભિન્ન પદાર્થોને જાણવાનું કામ કરે છતાં એને ભિન્ન રાખીને જાણે છે. ભિન્ન રાખીને ન જાણે તો પરથી એક થઈ જાય તો જડ થઈ જાય અને ભિન્ન રાખીને ન જાણે તો પોતાનો સ્વ-પરનો (જાણવાનો) સ્વભાવ સામર્થ્ય છે, સ્વને ને પરને જાણવું એવું પોતાનું સ્વરૂપ છે, સ્વપરને જાણવું એ પોતાનું સ્વરૂપ છે. પોતાના સ્વરૂપને જાણવું તે નિશ્ચય કહેવાય છે. પરને જાણવું તન્મય થતું નથી માટે વ્યવહાર છે. પણ પર અને સ્વ સંબંધીનું જ્ઞાન, જેવું સ્વ સંબંધીનું જ્ઞાન છે એવું પર સંબંધીનું જ્ઞાન તો સમાન છે. આહા..! સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વસ્તુનું સ્વરૂપ જ પણ છેને. એમાં દેખાય છે કે નહિ? પ્રત્યક્ષ એને જોવે. પણ કોઈ દિ' વિચાર કરવા નથી. એમને એમ મૂઢ લોકના ને ધૂળના જેમાં નિરર્થકપણું છે- કાંઈ માલ ન મળે. સમૂળગું અટવાઈ જાય અજ્ઞાનમાં એવા વિચારોમાં મંથનમાં પડ્યો. ઊંડા ઊંડા વિચાર કરે. શેના પણ? આ શું છે આ ચીજ?

કહે છે, ભાઈ! વર્તમાનમાં જ્ઞાન એ ખાટું, ગળ્યુંને જાણવું તેમાં એકમેક થઈને જાણતું નથી. તેમ જાણ્યા વિના રહેતું નથી, તેમ ખાટા-ગળ્યાના જ્ઞાનનો અહીં અભાવ છે એમ નથી. તેમ અભાવ નથી અને એનું જાણે છે. એને જાણે એમ કહેવું તન્મય નથી માટે વ્યવહાર. એ સંબંધીનું પોતાનું જ્ઞાન છે એમ જાણવું એનું નામ નિશ્ચય. નિશ્ચય એટલે સાચું, પેલો ઉપચાર. સમજાણું કાંઈ?

કહે છે, **'કુછ જ્ઞાનકે અભાવસે નહીં કહા.'** જુઓને, સ્પષ્ટ કેટલું કર્યું છે! ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના નૂરની હયાતીવાળુ અસંખ્યપ્રદેશી તત્ત્વ, એ પોતામાં રહીને પરને જાણવાનું કામ કરે એ પરને એક થઈને નહિ. પરને એક થઈને હોય તો ભિન્ન અને આ બે એક થઈ જાય. તો જડનું જ્ઞાન કરતા જડ થઈ જાય, ખાટાનું જ્ઞાન કરતા ખાટું થઈ જાય. જ્ઞાન ખાટું થઈ જાય તો, જ્ઞાન ખાટું થાય તો જ્ઞાન તો અરૂપી છે, ખાટું તો જડ છે. જ્ઞાન

જડ થઈ જાય એમ બને નહિ. આહા..હા..! અને તે ચીજનું જ્ઞાન અને આ ચીજનું જ્ઞાન, એ બેનું જ્ઞાન કરવું એ તો સમાન છે. પરનું જાણવું એ તન્મય થઈને નહિ, પણ તેનું જ્ઞાન તો અહીં બરાબર છે. જેમ આત્મા હું છું એમ જ્ઞાન છે, એમ આ છે એનું જ્ઞાન પણ બરાબર અહીં છે. પરનું જ્ઞાન અભાવરૂપ છે, ઉપચાર છે એમ નથી. આહા..હા..! અરે..! પંડિતોમાં મોટી તકરારો છે.

'**व्यवहारनयसे कहा, कुछ ज्ञानके अभावसे नहीं कहा.**' સમજાય છે? '**न च परिज्ञानाभावात्**' ટીકામાં છે, ભાઈ! '**न च परिज्ञानाभावात्**'. અહીં તો જ્ઞાન કહ્યું, પણ ન્યાં તો પરિજ્ઞાન લીધું છે. પરિજ્ઞાનનો અભાવ. પરિ એટલે સમસ્ત પ્રકારનું જે જ્ઞાન અહીં છે એ સમસ્ત સ્વ પરનું જ્ઞાન એ જ્ઞાનનો અભાવ આમાં નથી. સમજાણું કાંઈ? વાંધા કેવળજ્ઞાનમાં એટલે આ ક્રમબદ્ધના બધા વાંધા ઉઠ્યા, એને લઈને આ નિશ્ચય-વ્યવહારના ને ઉપાદાન-નિમિત્તના (વાંધા). બધા એને લઈને. આહા..હા..!

મુમુક્ષુ :— કેવળજ્ઞાનમાં ભૂલે એટલે...

ઉત્તર :— બધે ભૂલ્યો. આખા તત્ત્વને ભૂલ્યોને. મોક્ષતત્ત્વ પર્યાય છે કેવળી એને ભૂલ્યો એટલે પોતાનું સામર્થ્ય કેવડું છે એને ભૂલ્યો. દ્રવ્યને ભૂલ્યો, ગુણને ભૂલ્યો, પર્યાયને ભૂલ્યો, પરને ભૂલ્યો, બધું ભૂલ્યો. આહા..હા..!

અરે..! સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતનું જ્ઞાન કોને કહેવું? સમજાણું? અહીં તો હજી અરિહંતના જ્ઞાનની ઓળખાણ આપે છે. એ અરિહંત પરમેશ્વર જેના જ્ઞાનના કિરણો પૂર્ણ પ્રગટ થઈ ગયા. પ્રતિબદ્ધ અટક્યો, રાગમાં અટકવું હતું ઈ પૂરું થઈ ગયું. જેમ કળી સંકોચમાં હતી ખીલી ગઈ. લાખ પાંખડીની, હજાર પાંખડીની કળી હોય ઈ ખીલી ગઈ આમ. એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે સર્વજ્ઞ સર્વદર્શી હતો શક્તિ-સત્ત્વ, સ્વભાવ, એ એકાકાર થઈને પર્યાયમાં ખીલી ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! આજે સવારમાં ઓલો કપાસ ખીલ્યાનું નહોતું કહ્યું? અહીં કપાસ મોટો વાવ્યો છેને, ખીલી ગયો છે. કપાસ કાળે ખીલે. આણે વાવ્યો છેને. ખીલી ગયા છે, ફાટ્યા છે. એલા કાળે કપાસ ફાટે અને કાળે આત્મા કેવળજ્ઞાને ન ફાટે એમ તે હોય? બધા ધોળા થઈ ગયા છે. ... મોટો કપાસ. ક્યાં ગયા માણેકચંદભાઈ? ઓલો નહિ કપાસ? ફાટ્યા. કીધું, એ શક્તિ અંદર હતી તે ખીલી ગઈ.

એમ ભગવાન આત્મા જ્ઞાન, દર્શનનો પિંડ આત્મા એનું જે સમ્યગ્દર્શન બીજ રોપ્યું, એ બીજ રોપ્યું. એમાં સ્થિરતા કરતા કેવળજ્ઞાન એના ફળ પાકે છે એ. ફાલીને ફાલ પાકે છે કેવળજ્ઞાનનો. એવા કેવળજ્ઞાનમાં લોકાલોકને આત્મા જાણે છતાં તેને વ્યવહારથી જાણે એમ કેમ કહ્યું? કે, તે મય થઈને જાણતો નથી માટે કહ્યું. પણ તે સંબંધીનું જ્ઞાન જેવું પોતાના જ્ઞાનની સમાનતા

સદશતા યથાર્થતા છે એવું જ પર સંબંધીના જ્ઞાનમાં સમાનતા છે, એમાં જરીએ ફેર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આ મોક્ષતત્ત્વની પર્યાય કેવડી? જીવદ્રવ્યના ગુણ તત્ત્વની શક્તિ કેવડી? સમજાણું કાંઈ? અને એવી દ્રવ્ય શક્તિનો જે જ્ઞાન દર્શનનો સ્વભાવ લોકાલોકને જાણવાનો ગુણ એની જે અંદર પ્રતીતિ થવી એ પ્રતીતિએ કેટલાને ઝીલ્યું અને કબુલ કર્યું છે!

હું એક સર્વજ્ઞ સર્વદર્શી આત્મા (છું) એવી જ્યાં પ્રતીતિ (થાય એ) વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થયા વિના પ્રતીત થાય નહિ. કારણ કે મહા ભગવાન જ્ઞાનની મૂર્તિ પૂર્ણાનંદ શક્તિનું સત્ત્વ એનું નિર્વિકલ્પ તત્ત્વ એ રાગ વિનાની પર્યાય થયા વિના તે આ ચીજ છે એમ જણાવામાં આવે નહિ. એ બીજ રોપાણા, એણે હવે કેવળજ્ઞાનને ફાલ કરવાના. સમજાણું કાંઈ? એ ઓલા તકરાર કરે, કેવળજ્ઞાનીએ શું જાણ્યું? નિયત, અનિયત બેય જાણ્યું. નિયત, અનિયત એટલે શું? ભગવાનના જ્ઞાનમાં આ પર્યાય આ કાળે ત્યાં થવાની હતી એવું જ્ઞાન નહોતું? અરે..! ભગવાનના જ્ઞાનમાં તો બાપુ! તને ખબર નહિ, એ દ્રવ્યમાં જે પર્યાય થવાની અહીં શક્તિરૂપે છે આ જ અંશ અહીં આવશે એમ એના જ્ઞાનમાં આવી ગયું છે. આ અંશ ભૂતનો હતો અહીં ગયો છે, એ અંશના અંશના કટકા કરી કરી-પરિચ્છિન કરીને જ્ઞાન જાણે છે. આહા..હા..!

એવો તારો જ્ઞાન ગુણનો સ્વભાવ છે અહીં તો કહે છે. એમાંથી પર્યાય ખીલે એવો એનો સ્વભાવ છે. રાગ ફાટે નહિ, અલ્પજ્ઞતા રહે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એવું તારું સ્વરૂપ ભગવાન તું પરિપૂર્ણ પ્રભુ જ્ઞાન દર્શનથી ભરેલો (છો). એકરૂપ અખંડ વસ્તુ સ્વભાવ છે કે નહિ? સંપૂર્ણ જાણનાર, સંપૂર્ણ દેખનાર સ્વભાવવાળું તત્ત્વ છે. એ રાગરૂપે રહે અને અલ્પજ્ઞરૂપ એવો એનો સ્વભાવ નથી. આહા..! સમજાણું? અને પરને ન જાણે એવો સ્વભાવ નથી અને પરને જાણતા છતાં તન્મય થાય પરમાં એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! આ ભેદજ્ઞાન કરાવે છે. ભેદ વસ્તુ જ આ રીતે છે. સમજાણું?

'**જ્ઞાનકર જાનના તો નિજ ઔર પરકા સમાન હૈ.**' દેખો! એ જ્ઞાન કરી જાણવું જે છે એ જાણવું જ્ઞાન વડે પોતાનું અને પરનું તો બધું બરાબર છે, એમાં કાંઈ ફેર નથી. '**જૈસે અપનેકો સન્દેહ રહિત જાનતા હૈ,...**' દેખો! '**વૈસા હી પરકો ભી જાનતા હૈ, ઈસમેં સન્દેહ નહીં સમજના,...**' લ્યો! આટલું તો સ્પષ્ટ કરે છે. આહા..હા..! પરના દ્રવ્ય, ગુણો અને પર્યાયો જે સમયે, જ્યાં થશે, જે અંશે થશે, બધું ભગવાનના જ્ઞાનમાં (જણાઈ ગયું છે). કેવળજ્ઞાન એક સમયનું પૂર્ણ અને સામે પણ નિમિત્ત થવાની તાકાત પૂર્ણ. એવી જો તાકાત નિમિત્તની વર્તમાને-વર્તમાનમાં પૂર્ણ ન હોય તો નિમિત્ત પૂરું થતું નથી. સમજાણું કાંઈ? જ્ઞાનનો એક સમયનો પર્યાય જેમ પૂર્ણ છે એક સમયમાં, (એમ) લોકાલોકમાં વર્તમાન એક સમયમાં નિમિત્ત થવાની તાકાત પૂર્ણ છે. ભવિષ્ય-ભૂતની વાત નહિ. એવા નિમિત્તને

જાણતા છતાં નિમિત્તને જ્ઞાન અડતું નથી, નિમિત્તમાં વ્યાપતું નથી, નિમિત્ત અહીં આવતું નથી. આહા..હા..! પરનું હોવાપણું સ્વના હોવાપણામાં આવે? અને સ્વનું હોવાપણું પરના હોવાપણામાં જાય?

મુમુક્ષુ :— સ્વ પર રહેતું નથી.

ઉત્તર :— અનેક વસ્તુ રહેતી નથી. અનેક તે અનેકપણે રહીને આત્મા અનેકને જાણતો અનેકરૂપે થતો નથી. પર રૂપે થાતો નથી, પોતામાં રહીને જાણે છે. સમજાણું કાંઈ? ...

'**ઈસમેં સન્દેહ નહીં સમજના, લેકિન નિજ સ્વરૂપસે તો તન્મયી હૈ,...**' પરથી તન્મય નથી, લ્યો. પોતાને જાણતા, પોતાને જાણતા તન્મય છે, પરને જાણતા પોતાના જ્ઞાનથી તન્મય છે, પરથી તન્મય નહિ. પણ પર સંબંધીનું જ્ઞાન તો બધું જેવું સ્વને છે એવું જ એનું સમાન છે. પરિજ્ઞાનનો અભાવ... પરને વ્યવહારે જાણે એમ કહેવું અને તન્મય નથી થયો માટે પરના જ્ઞાનનો અહીંયા અભાવ છે એમ નથી. એવો સ્વ-પરપ્રકાશક ભગવાનનો સ્વભાવ છે એમ બરાબર જાણવું, નક્કી કરવું તો આત્માને એને સન્મુખ થઈને સમ્યગ્દર્શનની પ્રતીત થાય.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૩, બુધવાર, તા. ૨૭-૧૦-૧૯૬૫**
**ગાથા-૫૨, ૫૩, પ્રવચન-૩૪**

'પરમાત્મપ્રકાશ' ૫૨ ગાથા ચાલે છે, ૫૨. શું કહે છે? આ આત્મા સ્વને, પરને જાણવાના સ્વભાવવાળું આ તત્ત્વ છે. 'પરમાત્મપ્રકાશ' છેને. આ આત્મા સ્વ અને પરને જાણવાવાળું તત્ત્વ છે. પરને પોતાનું માને એવો એનામાં સ્વભાવ નથી, પણ પરને જાણવું એવો પોતામાં સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આ આત્મા જ્ઞાનમૂર્તિ આત્મા એમાં ખરેખર તો પુણ્ય-પાપના વિકાર કે શરીર, કર્મ એને જાણવાનો સ્વભાવ ખરો, પણ જાણવાના સ્વભાવ ઉપરાંત એ પુણ્ય-પાપના ભાવ અને શરીર મારા એવું માનવાનો સ્વભાવ એનામાં નથી. સમજાણું કાંઈ?

એની વર્તમાન દશામાં, સ્વભાવ ચિદાનંદમૂર્તિ સ્વ-પર જાણવાના સ્વભાવની મૂર્તિ આત્મા (છે) એવા અભાન દ્વારા વર્તમાન દશામાં રાગ, પુણ્ય, વિકલ્પ, પરમાં સુખ, શરીર, વાણી, મન મારા એવી એણે માન્યતા વર્તમાન દશામાં ભ્રમથી ઉત્પન્ન કરેલી છે. સમજાણું કાંઈ?

જાણવાના સ્વભાવના સામર્થ્ય તત્ત્વનું સત્ત્વ એ આત્મા છે. એવા આત્માને એમ માનવો કે, આ પરવસ્તુ મને જણાય છે માટે પરવસ્તુ પણ મારી... સમજાય છે કાંઈ? એ વર્તમાન દશામાં... એના દ્રવ્ય-ગુણમાં એવો સ્વભાવ ન હોવા છતાં એની અવસ્થામાં મિથ્યા ભ્રમ ઊભો કર્યો છે એણે. તેથી અહીંયા લોકાલોકની વાત જાણનાર કેવળજ્ઞાનનો દાખલો આપ્યો છે.

આત્મા પોતાનું જેવું સ્વરૂપ સ્વ-પરને જાણવાનું સામર્થ્ય છે એવું જેને વર્તમાનમાં પ્રગટ થયું છે, વર્તમાનમાં પ્રગટ થયું પ્રત્યક્ષ પૂર્ણ, એ કેવળજ્ઞાની પરમાત્મા પરવસ્તુને જાણે ખરા, પણ પરવસ્તુને જાણતા પરમાં એક ન થાય. અને પરનું જાણવું કહેવું એ વ્યવહાર છે. કેમકે પરની સાથે એક થતાં નથી. પોતાને જેમ જાણે છે આત્મા જ્ઞાનાનંદમૂર્તિ એમ બીજાને પણ જાણવાનો સ્વભાવમાં તો બરાબર છે. જેવું પોતાને જાણે એવું જ પરને જાણે. એ જાણવાની સમાનતામાં કાંઈ ફેર નથી. ફક્ત પરને જાણવામાં તન્મય થતો નથી એથી તેને વ્યવહારે જાણે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! અહીં સુધી આવ્યું છે.

**'લેકિન નિજ સ્વરૂપસે તો તન્મય હૈ, ઔર પરસે તન્મય નહીં.'** છે? જુઓ, આ આત્મા વર્તમાનમાં પણ એમ જ છે હોં! વર્તમાનમાં પણ આત્મા જ્ઞાનના પ્રકાશની મૂર્તિ, આનંદનું રૂપ છે આત્મા. એ જ્ઞાનમાં રાગ વિકલ્પ પર વસ્તુ જણાય ખરી. એ તો પરને અને સ્વને જાણવાના સ્વભાવની શક્તિવાળું તત્ત્વ છે. જણાય તો ખરું, પણ એ પુણ્ય-પાપ ને દયા, દાન કે પરમાં સુખ એવી જે કલ્પના, એમાં મજા એવી માન્યતા એ મિથ્યા ભ્રમ છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય વસ્તુ વર્તમાનમાં જ સ્વ-પરના જાણવાના સામર્થ્યવાળુ તત્ત્વ, સત્ત્વ છે આત્મા. જાણે ભલે રાગ, વિકલ્પ, દયા, દાન આદિ ભાવ આવ્યા એ ટાણે તેને જાણવાના સ્વભાવવાળો પણ ભાવ છે. ઝીણી વાત છે જરી.

આત્મા રાગથી પર અને પરમાં સુખ છે એવી માન્યતાથી પણ પર છે. મારામાં આનંદ છે, મારામાં મને શાંતિ છે, મારામાં મારું પર અને સ્વનું જ્ઞાન છે. મારામાં મારું સ્વ અને પરનું જ્ઞાન છે અને મારો આનંદ, મારો આનંદ મારામાં છે. એવી માન્યતા અનંત કાળમાં એણે કોઈ દિ' કરી નથી. એથી એણે આત્મા જેવો છે તેવો એણે માન્યો નથી. આત્મા છે એવો કે એના અંતર સ્વરૂપમાં તો આનંદ જ છે. વસ્તુ છે (એ) અતીન્દ્રિય આનંદમય છે. અતીન્દ્રિય આનંદ અને એકલો અતીન્દ્રિય જ્ઞાનનો પ્રકાશ પિંડ પ્રભુ છે. એને એ પ્રમાણે માને તો તો ત્યાં આગળ પરમાં સુખ છે કે પરના લક્ષે વિકલ્પ ઉઠે છે એ મારામાં છે એ બુદ્ધિ એને રહે નહિ. મારામાં તો એનું જ્ઞાન છે. મારામાં એ સંબંધીનું જ્ઞાન મારું જ્ઞાન, મારું જ્ઞાન, એ જ્ઞાનમાં મારો આનંદ એ મારામાં છે. સમજાણું કાંઈ?

એટલે એ આત્મા આવો, એવો, આવો છે. એવો એણે અનંત કાળમાં એક સેકન્ડ પણ

માન્યો નથી. એણે માન્યો છે (કે) આમ પર જાણવામાં આવે તે મારા છે અને પર જાણવામાં આવે ત્યાં એની વૃત્તિ જાય છે એટલે મને આમાં ઠીક પડે છે. આ શરીરને જાણતું જ્ઞાન શરીરમાં ઠીક પડે છે, સ્ત્રીને જાણતું જ્ઞાન સ્ત્રીમાં ઠીક પડે છે, લાડવાને જાણતું જ્ઞાન લાડવામાં ઠીક પડે છે. મોસંબીને જાણતું જ્ઞાન મોસંબીમાં ઠીક પડે છે—એવી જે કલ્પના ઊભી કરે છે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? કહો, જમુભાઈ! એ પરને જાણે છે, પણ પરને તન્મય થઈને નથી જાણતો. સમજાય છે?

‘**જિસ તરહ નિજકો તન્મય હોકર નિશ્ચયસે જાનતા હૈ,...**’ ભગવાન આત્મા કેવળજ્ઞાનીનો આત્મા એ પણ તેના જ્ઞાનમાં પોતાના પ્રકાશના સ્વભાવના સામર્થ્યને કારણે જેવું પોતામાં તન્મય એક થઈને જાણે એવું પરમાં તન્મય થઈને ન જાણે, પણ પર સંબંધીનું જ્ઞાન પોતામાં થાય તેને તન્મય થઈને જાણે. શું કીધું? ‘**નિજકો તન્મય હોકર નિશ્ચયસે જાનતા હૈ,...**’ એટલે? કેવળજ્ઞાની આત્મા પોતાના જ્ઞાનને તન્મય થઈને જાણે, એ પર સંબંધીનું જ્ઞાન એમાં તન્મય થઈને જાણે. પરમાં તન્મય નથી. શું કીધું સમજાણું આમાં? ભગવાન આત્મા એની કેવલ્ય દશા કેવળજ્ઞાની અરિહંત પરમાત્મા સર્વજ્ઞદેવ, એ સર્વજ્ઞદેવ વર્તમાનની દશામાં જેવું પોતાનું જ્ઞાન છે એવું પરનું જ્ઞાન—એ બેની જ્ઞાનની પર્યાય તન્મય થઈને એને જાણે. પણ એ તો પોતાનું છે. પણ પરને જાણતા પરમાં તન્મય થાય છે એમ નથી. માટે પરને જાણવું એમ કહેવું વ્યવહાર આ અપેક્ષાએ કહ્યું છે. પર સંબંધીનું જાણપણું પોતામાં નથી એમ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ!

‘**ઉસી તરહ યદિ પરકો ભી તન્મય હોકર જાને, તો પરકે સુખ, દુઃખ, રાગ, દ્વેષકે જ્ઞાન હોને પર...**’ અહીં ‘જ્ઞાન હોને પર’ વજન છે જરી. પરના નારકીના દુઃખો, સ્વર્ગના સુખો કલ્પનાના એ બધું કેવળજ્ઞાનના જ્ઞાનમાં જણાય છે. એ ‘**સુખ-દુઃખ, રાગ, દ્વેષકે જ્ઞાન હોને પર,...**’ જ્ઞાન હોને પર. પરનું જ્ઞાન હોવાથી પરમાં તન્મય થઈને જાણે તો જ્ઞાન હોવાથી એ કેવળી ‘**સુખી, દુઃખી, રાગી, દ્વેષી હો, યહ બડા દૂષણ હૈ.**’ સમજાય છે કાંઈ? આહા..! અહીં તો કેવળજ્ઞાનીનો દૃષ્ટાંત આપીને આત્માને કહેશે હોં! પછી અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનને સ્વભાવ તે આદરણીય છે એમ કહેશે.

આ ભગવાન આત્મા વસ્તુ તરીકે પૂર્ણ જ્ઞાનઘન (છે). એની વર્તમાન દશામાં વર્તમાન અલ્પજ્ઞતા છે. એ સર્વજ્ઞ ત્રિકાળી સ્વ-પરપ્રકાશક સ્વભાવનું તત્ત્વ છું એમ અંતરમાં અનુભવ કરવાથી એની વર્તમાન દશામાં સ્વ-પરનું જ્ઞાન પૂર્ણ પ્રગટ થઈ જાય, એને કેવળજ્ઞાન અને એને અરિહંતને પરમાત્મા કહેવાય છે. એ જ્ઞાનમાં નારકી, સ્વર્ગ (આદિ બધું જણાય છે). એક માણસ પીડાય છે કે નહિ? એ સંબંધીનું જ્ઞાન છે અહીંયા કેવળજ્ઞાનીના જ્ઞાનમાં, પણ એ જ્ઞાન જો ત્યાં

તન્મય થઈને જાણે તો ત્યાં જે દુઃખ છે એ અહીં જ્ઞાનમાં દુઃખ આવવું જોઈએ. સમજાણું કાંઈ? આ નરકના નારકી રવરવ નરકમાં પડ્યા દુઃખી છે બહુ, એ દુઃખી સંયોગથી નથી. એનો સ્વભાવ જે આનંદકંદ છે તેને ભૂલી અને સંયોગની અંદર પ્રતિકૂળતા કલ્પી અને દ્વેષ ઊભો કરે છે, એ દ્વેષનું તેને દુઃખ નારકીને છે. માન્યું છેને, આ મને છે, આ મને છે. એવું દુઃખ છે એની દશામાં. એ દુઃખનું જ્ઞાન કેવળજ્ઞાનીને છે, પણ એના જ્ઞાનમાં, એનું જ્ઞાન હોવાથી એમાં જઈને જો જ્ઞાન કરે તો એના દુઃખને અહીં વેદાઈ જાય. મનુભાઈ! ન્યાય સમજાય છે કે નહિ આમાં? સમજાય છે હોં! ખજૂર-બજૂરનું સમજાય છે કે આ સમજાય છે? અરે..! ભગવાન! એવી બધી કલ્પનાઓ બાપા! તારા ઘરના સામર્થ્ય કેટલા તેં કોઈ દિ' પ્રતીતમાં લીધી નથી. આહા..હા..! જ્યાં હોય ત્યાં...

મુમુક્ષુ :— કલ્પના ....

ઉત્તર :— કલ્પનામાં તથ્ય છે જૂઠાપણાની. જૂઠાપણું એ સાચું છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે... શું કહેવા માગે છે? કહેવા માગે છે કે, ભગવાન આત્માનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ ચૈતન્યનો છે. સ્વ-પર જાણવાનો સ્વભાવ છે એવો ખીલી ગયો પ્રગટ, પણ પરને જાણતા, પરનું જ્ઞાન આવ્યું એમાં પરમાં તન્મય થઈને જાણે તો... પર સંબંધીનું સ્વ-પરપ્રકાશક સામર્થ્યમાં અહીં જ્ઞાન થયું. એમાં તન્મય (થઈને) જાણે તો એના દુઃખનું આ જ્ઞાનમાં વેદન આવવું જોઈએ. સમજાણું કાંઈ?

'**પરકે સુખ, દુઃખ, રાગ, દ્વેષકે જ્ઞાન હોને પર...**' જુઓ! ખુબી શું છે? બીજા પ્રાણી રાગ-દ્વેષ કરે છે એનું જ્ઞાન કેવળજ્ઞાનમાં છે. કેવળજ્ઞાન પૂર્ણ... પછી આપણે આત્મા અહીં નીચે ઉતારશું હોં! આ પહેલો અત્યારે કેવળજ્ઞાનનો દાખલો છેને. કેવળજ્ઞાન આત્મા જ્ઞાનપ્રકાશ મૂર્તિ પ્રભુ જ્યાં પૂર્ણ પ્રકાશે અંતર સ્વરૂપના આશ્રયે ખીલ્યો (તો) એના જ્ઞાનમાં આ રાગી ને દ્વેષી એ સંબંધીનું અહીં જ્ઞાન છે. એ જ્ઞાન પોતાનું છે. કેમકે સ્વ-પર સામર્થ્યને લઈને. પણ એ જ્ઞાન રાગને લઈને નહિ, એ રાગી છે ને પર છે એને લઈને અહીં જ્ઞાન નથી.

એથી કહ્યું, '**પરકે સુખ, દુઃખ, રાગ, દ્વેષકે જ્ઞાન હોને પર...**' પરના રાગ-દ્વેષ અને દુઃખ ને ઈન્દ્રોની કલ્પનાના સુખ કે આ ભોગીના ભોગમાં કલ્પનાના સુખ. માને છેને? આ પાંચ-પચ્ચીસ (લાખ રૂપિયા), આ સ્ત્રી, કુટુંબ,.. એવી એની કલ્પનામાં અમે સુખી છીએ એ માને છે. એ છે તો દુઃખ, પણ એ માને છે કે અમે સુખ છીએ. એવી કલ્પનાને જ્ઞાની જાણે છે. પણ જાણતા કલ્પના સંબંધીનું પોતાના સામર્થ્યનું જ્ઞાન પોતામાં આવ્યું. એ જ્ઞાન હોવામાં એનું જે સુખ કલ્પનાનું છે એ સુખ અહીં આવતું નથી. કલ્પનાનું દુઃખ છે અહીં આવતું નથી. ત્યાં રાગ છે એ અહીં આવતો નથી, દ્વેષ અહીં આવતો નથી. ત્યાં સુખ-દુઃખ અને રાગ-

દ્વેષની દશા એ સંબંધીનું પોતાનું જે સ્વ-પર સામર્થ્યનું જ્ઞાન એ જ્ઞાન એમાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'**યહ બડા દૂષણ હૈ. સો ઈસ પ્રકાર કભી નહીં હો સકતા.**' ત્રણ કાળમાં બને નહિ. ભગવાન આત્માનું જ્ઞાન, એ જ્ઞાનમાં પોતે આ આત્મા છે એમ જાણે. પોતાની હયાતીની હાજરી વિના, પોતાની હયાતીની હાજરી વિના, જ્ઞાનની હયાતીની હાજરી વિના 'આ છે' એમ કોણે જાણ્યું? એ જ્ઞાનની પોતાની હાજરીમાં આ છે એમ જાણ્યું અને પોતાની હાજરી પણ આ છે એમ જાણ્યું. એ જાણવાના સ્વભાવનું સામર્થ્ય પોતાના આત્માનું છે. પરને લઈને નહિ, પરનું નહિ અને પરને જાણતા પરનું એકમેક થઈને જાણ્યું છે એમ નથી. પોતામાં એક થઈને પરસંબંધીનું જ્ઞાન તન્મય થયા વિના બેને ભિન્ન રાખીને બે એક થયા વિના જાણ્યું છે. કહો, ન્યાલભાઈ! શું હશે આ બધું આ વેપાર-બેપાર ને બધા? આહા..હા..!

ભાઈ! તારી સીમ.. સીમ, તારા ગુણની સીમ નામ મર્યાદા અને પરપદાર્થની એની દશા, એના ગુણ અને દ્રવ્ય એની મર્યાદા, એ દ્રવ્ય પરદ્રવ્યની મર્યાદા પરમાં છે, તારી મર્યાદા તારામાં છે. બે કોઈ દિ' એક ત્રણકાળમાં થતાં નથી. ભગવાનનું જ્ઞાન જ્યારે આવડું મોટું થયું એમ કહે છે અહીં તો. ત્રણકાળ, ત્રણલોકને જાણ્યું તો કાંઈક લોકાલોકના સંબંધીનું જ્ઞાન આવ્યું, જ્ઞાન આવ્યું તો એ ચીજ આમાં આવે કે નહિ? એમ કહે છે મૂળ તો. ના, એ પૃથક રહીને, એ પૃથક રહીને કેવળજ્ઞાનીનું જ્ઞાન સ્વને, પરને પોતામાં જાણે છે.

'**સો ઈસ પ્રકાર કભી નહીં હો સકતા.**' એકમેક કદી કોઈ દિ' થતું નથી. '**યહાં જિસ જ્ઞાનસે સર્વવ્યાપક કહા, વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ, સુખરૂપ હૈ, જ્ઞાન ઔર આનન્દમેં ભેદ નહીં હૈ,...**' જુઓ, શું કહે છે? એવું જે આ જ્ઞાન એને ભગવાનના જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ છે. પૂર્ણ જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ છે એ જ્ઞાન અને આનંદમાં એકતા છે. જેમ પરને જાણવામાં એકતા નથી એમ પોતાને જાણવામાં અને આનંદને જાણવામાં એ આનંદથી ભિન્નતા નથી. શું કીધું? આત્મા જ્ઞાનથી પોતાના દ્રવ્ય, ગુણને જાણે, પરને જાણે, એ જાણવાની સાથે તન્મય છે, પરની સાથે નહિ. એમ આત્માનું જ્ઞાન, આનંદને જાણે છતાં આનંદનું આનંદની સાથે તન્મય જ્ઞાન છે. તન્મય સમજાણું? તત્-મય—તે રૂપે. એ જ્ઞાન જે પ્રગટ્યું ભગવાનને તે આનંદમય છે, આનંદમય છે, સમય એક છે છતાં જ્ઞાન આ આનંદનું અને આ જ્ઞાન પૂરું છતાં એ આનંદ અને જ્ઞાનનો એક સમય તન્મય છે. જ્ઞાન ને આનંદ ભિન્ન હોઈ શકે નહિ.

મુમુક્ષુ :— ત્રણ લોકના સુખ...

ઉત્તર :— ત્રણ લોકના સુખ કે દિ' હતા? કીધુંને. દુઃખ કે દિ' હતા? અહીં તો એનું

જ્ઞાન અહીંના જ્ઞાનની તાકાત દુઃખને પૃથક રાખીને એ સંબંધી તેમાં તે મય થયા વિના પોતામાં થઈને જાણે એવો એનો સ્વભાવ છે. પરને જાણવું કહેવું એ ઉપચાર કેમ? એ વાત અહીં સિદ્ધ કરી છે. આહા..હા..! ભારે મોટા વાંધા ઉઠ્યા. સમજાણું કાંઈ?

**'વહી જ્ઞાન ઉપાદેય હૈ, યહ અભિપ્રાય જાનના. ઈસ દોહામેં જીવકો જ્ઞાનકી અપેક્ષા સર્વગત કહા હૈ.'** અહીંયા જ્ઞાનની અપેક્ષાએ, બધાને જાણે છે એ અપેક્ષાએ સર્વગત (કહ્યું છે). બોલ હતાને ચાર? એમાં એક બોલ સિદ્ધ કર્યો. એને જડ કહે છે, શરીર પ્રમાણે કહે છે, શૂન્ય કહે છે, અને આ સર્વગત. ચાર બોલ છે. ચાર બોલ હતા ને ૫૦માં. સમજાણું? આહા..! એ ૫૦માં ચાર બોલ હતા જુઓ! પહેલો બોલ હતો જીવને સર્વવ્યાપક, બીજો હતો જડ, ત્રીજો હતો શૂન્ય, ચોથો હતો દેહપ્રમાણ. અરે..! એને બરાબર...

હવે અહીંયા આત્મામાં પણ લઈએ તો આ આત્મા જ્ઞાનસ્વરૂપ, એ જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનસ્વરૂપ પોતામાં તન્મય થઈને, એકમેક થઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે. એ જ્ઞાન વર્તમાનમાં રાગ, દયા, દાન, વિકલ્પ, શરીર, વાણી, મન જે કાંઈ નજીકમાં પ્રવૃત્તિ હો તે સંબંધીનું જ્ઞાન, ઓલાને પૂરું જ્ઞાન છે ભગવાનને, અહીંયા નજીકમાં જે રાગાદિ ઉત્પન્ન થાય કે શરીરાદિની ક્રિયા થાય એને આ જ્ઞાન રાગ અને શરીરમાં, રાગ આસ્રવતત્ત્વ છે, શરીર અજીવતત્ત્વ છે, એને અજીવને આસ્રવને ભિન્ન રાખીને જ્ઞાન જ્ઞાનમાં રહીને જ્ઞાન તેને જાણે તેવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનનો સ્વભાવ રાગ અને શરીરમાં તન્મય થાય એવો એનો સ્વભાવ નથી પણ મિથ્યા ભ્રમથી અજ્ઞાનીએ, આ રાગ મારો ને જ્ઞાન અને બે એક, શરીર મારું અને ક્રિયા એ થાય એવું અહીં જ્ઞાન થાય, રાગ થાય એવું અહીં જ્ઞાન થાય, જ્ઞાનમાં એવું અહીં થાય એટલે આ થાય એટલે આ રાગ મારો, આનું થાય એટલે આ શરીર મારું એમ એણે ભ્રમણાથી માન્યું છે, એમ વસ્તુમાં છે નહિ. ભારે વાત ભાઈ!

આત્માને માન્યો કેમ કહેવાય? અમે આત્મા છીએ. એ આત્માનું અસ્તિત્વ, મોજૂદગી, હયાતી માની ક્યારે કહેવાય? કે આત્મા જ્ઞાનસ્વરૂપની મોજૂદ ચીજ છે ચૈતન્યમૂર્તિ પ્રકાશ. એને માન્યો ત્યારે કહેવાય કે, એ આત્મા સ્વ અને પરને જાણવાના સામર્થ્યની શક્તિવાળું તત્ત્વ વર્તમાન દશામાં પણ સ્વને, પરને જાણવાવાળી દશાવાળો પર્યાય, પર્યાય એટલે અવસ્થા, તે કાળે જે પ્રકારના રાગ-દ્વેષના ભાવ હોય તે જ પ્રકારને જ્ઞાન જાણે છતાં તે જ્ઞાનકાળમાં જાણતા રાગ સાથે તન્મય થઈ જાય તો જ્ઞાન અને રાગ એક થઈ જાય. એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આસ્રવ અને જીવ એક થઈ જાય એમ કહે છે. રતિભાઈ! અજીવ ને આસ્રવ ને જીવ ત્રણ તત્ત્વ છે ભિન્ન. પછી સંવર, નિર્જરા, મોક્ષ ને પુણ્ય-પાપ એમાં સમાઈ જાય. ભગવાન આત્મા ચૈતન્યવિલાસી ભગવાન આ આત્મા જાણનાર, દેખનાર પ્રભુ. એ જાણનાર, દેખનારનું

સ્વ-પરનું સામર્થ્ય પોતાથી રાખતું એ તત્ત્વ છે, એવા તત્ત્વને તે કાળે જે પ્રકારનો ભાવ, રાગ, દયા, દાન, વિકલ્પ ઉઠ્યો એ જ સંબંધીનું પોતાનું જ્ઞાન, એ જ્ઞાન રાગની સાથે તન્મય થઈને જાણે તો રાગ અને જ્ઞાન, આત્મા અને આસ્રવતત્ત્વ એક થઈ જાય. સમજાણું કાંઈ? કેમ છે આ ઝીણું પડ્યું કાંઈ? એ... જમુભાઈ! જમુભાઈને પૂછવું આપણે.

ભગવાન! તું ઝીણો એવડો છે પણ તેં કોઈ દિ' એનો વિચાર કર્યો નથી. ચૈતન્ય સ્વભાવની મૂર્તિ એક વસ્તુ છેને. કાલે પૂછતા હતા ભાઈ! છોકરો એક કે, આ આત્મા શું વસ્તુ હશે? આત્મા આ જાણે છે એ વસ્તુ છે, કીધું. બીજું એને શું કહે? જાણે છે એ વસ્તુ છે કે નહિ? એ જાણવું કેટલા ક્ષેત્રમાં છે, કેટલા કાળથી છે એ તારે નક્કી કરવું જોઈએ. જાણનાર જાણવાવાળો ભાવ છે કે નહિ? જાણવાવાળો એક ભાવ છે કે નહિ? ભાવ છે તે અસ્તિ છે કે નહિ? અસ્તિ છે તે કેટલા ક્ષેત્રમાં પણ એને નક્કી કરવું પડશે કે નહિ? કે, આ શરીર પ્રમાણે આત્મા અસંખ્ય પ્રદેશ એ પ્રમાણે જ્ઞાન છે અને કેટલા કાળનું છે? કેટલા કાળનું શું? અનાદિનું (છે).

એ ભગવાન આત્મા જ્ઞાનભાવરૂપ તત્ત્વ અનાદિનો અસંખ્યપ્રદેશી વ્યાપક, અનાદિનો અને એ ભાવનું સામર્થ્ય કેટલું? કાળ અનાદિનો, ક્ષેત્ર અસંખ્યપ્રદેશ, સામર્થ્ય કેટલું? કે, સામર્થ્ય એનું એટલું છે કે, સ્વ-પરને જાણવું એવું દ્રવ્યમાં સામર્થ્ય, ગુણમાં સામર્થ્ય અને પર્યાયમાં સામર્થ્ય છે. સમજાણું કાંઈ? એ જાણવું એવું એનું સામર્થ્ય થાય અને એમ એને માને ત્યારે રાગ ને દ્વેષ ને વિકલ્પ ને શરીરાદિની ક્રિયા એને જાણવા સંબંધીનું જ્ઞાન હોય અહીંયા, એ તો જ્ઞાન પોતાનું છે માટે જ્ઞાન હોય, પણ એ સંબંધીના જ્ઞાનમાં રાગ ને આસ્રવ ને અજીવ અહીં આવી જાય તો જ્ઞાનતત્ત્વ ભિન્ન રહેતું નથી. આસ્રવ ને અજીવ બે એક થઈ જાય છે. સમજાણું કે નહિ આમાં? આવી વાત તે કેવી આ? દયા પાળવાની વાત હોય, ભક્તિ વ્રત કરવા, કરો આ. આહા..હા..!

મુમુક્ષુ :— પોતાની દયા છે?

ઉત્તર :— આ એની દયા છે બાપા! તને ખબર નથી ભાઈ! આહા..! એણે પોતાની દયા કોઈ દિ' કરી નથી. સમજાય છે? એણે પોતાની દયા ખાધી નથી કોઈ દિ'.

ભગવાન આત્મા વર્તમાનમાં... ભાષા ખુબી કેવી કરી છે એમણે? સમજાણું? '**परकीयसुखदुःखरागद्वेषपरिज्ञातो सुखी दुःखी रागी द्वेषी**' એમ છેને ભાષા? છેને શબ્દ? '**रागद्वेषपरिज्ञातो सुखी दुःखी रागी द्वेषी च स्यात्**'. એમ શબ્દ છે. તેથી કહ્યું છેને એમાં? જ્ઞાનનો અર્થ '**परिज्ञातो**' કર્યો. સમસ્ત પ્રકાર છેને એટલે. બહુ ટૂંકા કળશ છે. આમાં પુનરુક્તિ લાગે નહિ હોં! દૃઢતા થાય વધારે. ભગવાન આત્મા એ ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ, એ ચૈતન્યમાં લોકાલોક અને પોતે જાણવાનું પોતાનું સ્વતઃ સ્વને લઈને સામર્થ્ય (છે) એવું જ્યાં

જાણ્યું, પરમાં તન્મય નથી થતો, પરને ભિન્ન રાખીને જાણે છે. પરનું જાણવું અને સ્વનું જાણવું અભિન્ન રહે છે. પરનું જાણવું અને સ્વનું જાણવું અભિન્ન રહે છે, પણ પર વસ્તુને અભિન્ન કરે છે એમ છે નહિ, એને ભિન્ન રાખે છે, કેમકે ભિન્ન છે.

એમ ભગવાન આત્મા વર્તમાનમાં એ જ્ઞાનસ્વરૂપે પ્રભુ સ્વ-પરપ્રકાશક સામર્થ્યવાળું તત્ત્વ આ આત્મા, આ આત્મા એમ જ્યાં બેઠો આત્મા દૃષ્ટિમાં બેઠો તો તેનું જ્ઞાન સ્વ-પરપ્રકાશક સામર્થ્ય રાખતું પુણ્ય-પાપના ભાવ થાય, શરીરાદિની ક્રિયા થાય એ સંબંધીનું જ્ઞાન, પણ તે સંબંધીનું જ્ઞાન એ પોતાનું, તે સંબંધીનું જ્ઞાન એ પોતાનું, જેમ પોતાનું જ્ઞાન પોતાનું (તેમ) એ સંબંધીનું જ્ઞાન પોતાનું. એ જ્ઞાન રાગ અને પરમાં તન્મય થઈને જાણે તો જ્ઞાન સ્વ તત્ત્વ છે તે આસ્રવ ને અજીવતત્ત્વ થઈ જાય એ મોટું દૂષણ લાગે. સમજાણું કાંઈ? કહો, આમાં સમજાય છે કે નહિ? મણીભાઈ!

ભાઈ! આ 'પરમાત્મપ્રકાશ' ચાલે છે. પરમાત્મા, દ્રવ્યે તો તું પરમાત્મા જ છો, પરમ સ્વરૂપે જ છો. પરમ સ્વરૂપ સ્વ-પરપ્રકાશક સ્વરૂપ જ તારું, સર્વજ્ઞ-સર્વદર્શી સ્વરૂપ જ તારું છે. એવા સ્વરૂપને પ્રતીતમાં-શ્રદ્ધામાં લે ત્યારે તે આત્માનું જ્ઞાન જ્ઞાન થયું અને રાગાદિ અને પુણ્યાદિ જે વર્તે સામે એ સંબંધીનું જ્ઞાન અહીં થાય. જ્ઞાન થતાં રાગ ને શરીર એક થઈ જતા નથી. ભિન્ન રાખીને ભિન્નનું જ્ઞાન પોતાના જ્ઞાનમાં તન્મય એનું નામ સ્વ-પર સામર્થ્યની આત્માની પ્રતીત થઈ કહેવામાં આવે છે. આહા..હા..! બાબુભાઈ! અરે..! એના ઘરની વાતું એની કેમ છે એ એને સાંભળવા મળે નહિ. એ કે દિ' વિચારે અને કે દિ' બેસે? એમને એમ આંધળી દોડે એ આત્માની હિંસા કરીને હાલ્યો જાય છે. જેવો છે એવો ન માનવો, એનાથી ઊંધો માનવો એનું નામ આત્માની હિંસા છે. રતિભાઈ! સમજાણું કાંઈ? આમાં કોઈ પલાખા બહુ શીખવા પડે એવા નથી.

અહીં કહે છે, '**વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ,...**' આહા..હા..! ભગવાનનું જ્ઞાન પૂર્ણ થયું એ અતીન્દ્રિય આનંદ સાથે એક છે. પરનું જ્ઞાન થયું પણ પરથી એક નથી. એમ અહીં ભગવાન જ્ઞાન પોતાના જ્ઞાન આત્માની પ્રતીતનું ભાન થતાં તે કાળે અતીન્દ્રિય આનંદની સાથે જ્ઞાન તન્મય છે. સ્વ-પરના પ્રકાશ જ્ઞાનના કાળમાં અતીન્દ્રિય આનંદથી આત્માનો પર્યાય તે વખતે તન્મય છે અને દુઃખની કલ્પના રાગ અને પર એ સંબંધીનું જ્ઞાન છે, પણ તે રાગ ને શરીરથી એ જ્ઞાન વર્તમાનમાં તન્મય નથી છતાં તન્મય માનવું એ ભ્રમણા અને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, સમજાય કે છે નહિ આમાં? ધ્યાન તો બહુ રાખે છે આમ બરાબર. પણ આ તો ઉથલ-પાથલની વાતું છે આ. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નથી એ કહે છે. ઈ માને ભ્રમણા મૂર્ખ થઈને એમ કહે છે. દાખલો ન આપ્યો આંખનો? કે, આંખમાં આમ અગ્નિ દેખાય તે તન્મય છે? દેખાય છે તન્મય? માને છે મફતનો. તન્મય હોય તો આંખ ઊની થઈ જાય. એમ જ્ઞાન શરીરને જાણતા શરીર સાથે તન્મય થઈ જાય તો શરીર જડ છે (તો) જ્ઞાન જડ થઈ જાય. ચૈતન્ય છે એ જડ ન થાય, જડ છે તે ચૈતન્ય થાય નહિ. એમ જ્ઞાન, એમાં રાગ ને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે વૃત્તિઓ એને જાણે જ્ઞાન, પણ તેમાં તન્મય થઈ જાય તો રાગ તે દુષિત અચેતન સંકલ્પ અને જડ છે, ચૈતન્યના પ્રકાશના તેજના નૂર વિનાનો રાગ છે એટલે રાગનું જ્ઞાન થતાં રાગમાં તન્મય થઈ જાય તો રાગ અચેતન એવું જ્ઞાન પણ અચેતન થઈ જાય. આહા..હા..! ન્યાલભાઈ! ન્યાલ થવાની આ વાત છે. આહા..હા..!

કહે છે અરે..! ભગવાન! આમાં કોઈ પંડિતાઈની જરૂર નથી. સમજાય છે? આ તો વસ્તુ વસ્તુ છે કે નહિ? અને છે તો તેનો સ્વભાવ (છે કે નહિ)? વસ્તુ હોય એનો કોઈ સ્વભાવ હોય કે નહિ? કોઈ શક્તિ હોય કે નહિ? શક્તિવાન કહેવું અને શક્તિ ન હોય એમ હોય? તો આત્મા એક વસ્તુ છે એ તો સ્વભાવવાન થઈ, તો એનો સ્વભાવ શું? કે જાણવું, દેખવું એનો મુખ્ય સ્વભાવ સ્વ-પરપ્રકાશક. એની સાથે આનંદ આદિ પછી ભેદ બધા ... એવો જાણવા-દેખવાનો ભગવાન આત્માનો સ્વભાવ એ જાણવા-દેખવાના કાર્ય ઉપરાંત બીજું શું કરે? એ જાણવા-દેખવાના કાર્ય ઉપરાંત રાગનું કાર્ય કરે, પરનું કાર્ય કરે એ માન્યતા ભ્રમની એણે ઉત્પન્ન કરી છે. સમજાણું કાંઈ?

અથવા કાર્ય ન લ્યો તો અસ્તિત્વ (લ્યો). આત્મા જાણવા-દેખવાના સ્વભાવની મોજૂદગીવાળું તત્ત્વ એને રાગના અસ્તિત્વવાળુ માનવું, ઓલું વળી કર્તા-કર્મમાં ગયું, અહીંયા તો અસ્તિત્વને સિદ્ધ કરે છેને. લોકાલોકનું અસ્તિત્વ છે, અહીંયા તે અસ્તિત્વ સંબંધીના જ્ઞાનનું સ્વપર (પ્રકાશક) અસ્તિત્વ અહીં છે. કેવળજ્ઞાનમાં સ્વ-પરના પ્રકાશની મોજૂદગી અહીં છે. લોકાલોકનું અસ્તિત્વ અહીંથી ભિન્ન છે. બે અસ્તિત્વ છે. હવે બીજા અસ્તિત્વનું હોવાપણાનું જ્ઞાન પોતા સંબંધીનું જ્ઞાન થયું એમાં પોતે તન્મય છે અને બીજાના હોવાપણામાં આ જ્ઞાન તન્મય થઈ જાય તો લોકાલોક સાથે જડ ને રાગ ને દ્વેષ ને સુખ-દુઃખરૂપ થઈ જાય. એમ કોઈ દિ' બને નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**જ્ઞાન ઔર આનન્દમેં ભેદ નહીં હૈ, વહી જ્ઞાન ઉપાદેય હૈ, યહ અભિપ્રાય જાનના.**' એટલે? કે પૂર્ણ કેવળજ્ઞાન ને પૂર્ણ આનંદ એ જ્યારે ઉપાદેય છે એમ કહ્યું ત્યારે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ આવા છે કે, પરને તન્મય થયા વિના પોતાના જ્ઞાનની પૂર્ણતાને પોતાને તન્મય થઈને જાણે. એવા જ્ઞાનનો નિર્ણય કરે આ આત્મા (કે) એ જ્ઞાન

પૂર્ણ થવાની તાકાતવાળુ મારું તત્ત્વ છે એનું તત્ત્વ પૂર્ણ પ્રગટ થયું. મારું તત્ત્વ (એવું જ છે). કેમકે એ આત્મા અને આ આત્માની જાતની શક્તિમાં ફેર નથી. તો જેને પૂર્ણ જ્ઞાન ને આનંદ જ્યાં તન્મયથી પ્રગટ્યા પોતામાં, એવાનો નિશ્ચય (થાય કે) આવી સત્તા જગતમાં છે, આવી સત્તા હોવાવાળા પદાર્થો ભગવાન પરમાત્મા જગતમાં છે એમ જ્યાં એ નિર્ણય કરવા જાય તો એવા હોવાપણાની સત્તાવાળો હું પણ એવા પૂર્ણ સત્તાના સ્વભાવવાળો છું. એવા પોતાના દ્રવ્યના સ્વ-પરપ્રકાશક સામર્થ્ય અને એની સાથે અતીન્દ્રિય આનંદ એની અંદર પ્રતીત થતાં એની વર્તમાન દશામાં સ્વ-પર જાણવાનું જ્ઞાન પ્રગટ થાય અને અતીન્દ્રિય આનંદનો તન્મય થઈને આનંદનો અનુભવ ભેગો આવે. એને આત્મા માન્યો ને જાણ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

**'વહી જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખસે અભિન્ન હૈ...'** કેવળીને **'સુખરૂપ હૈ, જ્ઞાન ઔર આનંદમેં ભેદ નહીં હૈ, વહી જ્ઞાન ઉપાદેય હૈ,...'** લ્યો. એવું કેવળજ્ઞાન અને પૂર્ણાનંદ ભગવાનનું જ્ઞાન ને આનંદ આત્માને આદરણીય છે. એનો અર્થ, એવા જ્ઞાન અને પૂર્ણ આનંદની પ્રગટ દશા જેમાંથી પ્રગટે એવો આત્મા એ મારો (છે). હું પૂર્ણ જ્ઞાન ને આનંદથી ભરેલો સ્વ-પરપ્રકાશ સામર્થ્ય ને આનંદ (સ્વરૂપ છું). એવા અંતર દૃષ્ટિ આત્માની પ્રતીત થતાં તેના જ્ઞાનમાં રાગાદિ પરનું જાણવું હો, પરમય ન હો, પરનું જાણવું હો અને પરનું જાણવું ને સ્વના જાણવાના સામર્થ્ય સાથે આનંદનો પર્યાય તન્મય અને અભેદ છે. જેમ પરવસ્તુ ભેદ છે એમ જાણવાની સાથે પોતાનો આનંદ ભેદ છે એમ નથી. ભલે શક્તિનું સત્ત્વ તરીકે ભિન્ન છે. અભિન્ન આનંદ ને જ્ઞાનની સાથે અભિન્ન એક સમયમાં છે. લ્યો! એ ૫૨ ગાથા કીધી. સમજાણું કાંઈ?

**'આગે આત્મ-જ્ઞાનકો પાકર...'** એ.. દેવાનુપ્રિયા! શું સાંભળ્યું? આ શેની વાત કરી? દુઃખના વિકલ્પ સાથે જ્ઞાન જો તન્મય હોય તો જ્ઞાન ચૈતન્યસ્વરૂપ તે અચેતન દુઃખ નામ રાગ એની સાથે એક થતાં મહા દૂષણ આવે. આહા..હા..! મનુભાઈ! આહા..હા..! આ પર છે તેને પર રાખી અને પર સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં રાખી અને પોતાની હયાતીનો આવો સ્વીકાર (થતાં) તેમાં જ અતીન્દ્રિય આનંદનું વ્યક્તપણું પ્રગટ થાય, એ જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ તન્મય છે. પણ તે વખતનો વિકલ્પ ઉઠે દુઃખનો, દ્વેષનો એની સાથે જ્ઞાન અને આનંદ એક થયા નથી, એક છે નહિ. (એક) માને એ એની ભ્રમણા છે એમ કહેશે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? આ મોહનભાઈને સાંભળવા કેટલા વખતથી જુઓ અંતરાય છે. લ્યો. તમારે તો સાંભળવાનું મળે છે આટલું બધું. ભલે શરીર આવું પડ્યું છે પણ આવો મળ્યો તો (ખરો) વખત અને ઓલા સલવાણા છે ચાર મહિનાથી લ્યો. કહો,

સમજાણું આમાં? બહારમાં ધૂળમાં પણ નથી હવે. આ પાંચ લાખ ને દશ લાખ જ્ઞાનમાં આવ્યા. તે શું આવ્યું એમાં? એ સંબંધીનું જ્ઞાન પોતાનું જ્ઞાન પોતામાં આવ્યું છે. એને ઠેકાણે એ માને કે, મને પૈસા આવ્યા એટલે પૈસા ને જ્ઞાનને એક માન્યું. મૂઢ છે. મનુભાઈ! મનુભાઈને હમણા બહુ પેદાશ છે ત્યાં. ઘણા ઢગલા રૂપિયા લાખો આવે બાર મહિને કેટલા પાંચ-પાંચ લાખ. કોના ઘરે? રૂપિયા અને આત્મા એક હશે? એ... ફાવાભાઈ! શું હશે આ? આ બધું શું આવે છે આ? ગાંડપણું તે ભારે, ગાંડપણાના કાંઈ ગામ જુદા હોય છે? આહા..હા..!

ભગવાન! જે સંયોગોમાં પુદ્ગલો આદિ દેખાય એ સંયોગોનું જ્ઞાન કરવું સંયોગને અડ્યા વિના, તે તારો સ્વ-પરપ્રકાશ સ્વભાવ તારો તારામાં છે. એ સિવાય એમ માનવું કે, આ સંયોગી મારી ચીજ, મારો લાવ્યો, મારી હયાતીમાં એ એમ એની હયાતીને લઈને હું, એ ભ્રમણાનું મોટું મિથ્યાત્વનું મહાપાપ વ્હોરે છે. આરે.. ભારે વાત! કરે ઈ ટાળે. કહો, જોડે ઈ તોડે. જોડી છે કોણે? એણે. તોડે ઈ. આહા..હા..!

**'આગે આત્મ-જ્ઞાનકો પાકર ઈન્દ્રિય-જ્ઞાન નાશકો પ્રાપ્ત હોતા હૈ, પરમસમાધિમેં આત્મસ્વરૂપમેં લીન હૈ, પરવસ્તુકી ગમ્ય નહીં હૈ, ઈસલિયે નયપ્રમાણકર જડ ભી હૈ,...'** એ જ્ઞાન જડ કહેશે, હોં! કેવળજ્ઞાનીનું પણ જડ કહેશે અહીં. **'પરન્તુ જ્ઞાનાભાવરૂપ જડ નહીં હૈ,...'** હોં! એમ. **'ચૈતન્યરૂપ હી હૈ,...'** ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા અને અહીંયા. શું કહે છે? જુઓ!

૫૩) जे णिय-बोह-परिट्ठियहँ जीवहँ तुट्टइ णाणु।
इंदिय-जणियउ जोइया तिं जिउ जडु वि वियाणु।।५३।।

**અન્વયાર્થ :— 'જિસ અપેક્ષા આત્મ-જ્ઞાનમેં ઠહરે હુએ જીવોંકે...'** ભગવાન આત્મા પોતાનું જ્ઞાન સ્વરૂપ તેમાં જ્ઞાન ઠરે. એ જ્ઞાન જે પરના સન્મુખમાં વિકાર ને સંયોગના લક્ષવાળું જ્ઞાન હતું એ પરપ્રકાશક એકાંત મિથ્યાજ્ઞાન હતું. એ ઈન્દ્રિયો અને રાગ ને પરથી ખસી જ્ઞાન, જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમાં ઠરે. એવા **'જીવોંકે ઈન્દ્રિયોંસે ઉત્પન્ન હુઆ જ્ઞાન નાશકો પ્રાપ્ત હોતા હૈ,...'** જે જ્ઞાન વર્તમાન જ્ઞાન, જાણવાની અવસ્થાવાળું અસ્તિત્વ જ્ઞાન, હોવાવાળું જ્ઞાન એ આ ઈન્દ્રિય, મન ને રાગ તરફનું જાણતું હતું એ જાણવાનું પરપ્રકાશક જ્ઞાન એકલું એકાંત જ્ઞાન મિથ્યાજ્ઞાન હતું. કારણ કે એમાં પોતે જેનું જ્ઞાન એ આવ્યો નહોતો. આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એની વર્તમાન જ્ઞાનદશા, વર્તમાન જ્ઞાનદશા દશાવાનમાં ઠરતા-જ્ઞાનવાનમાં ઠરતા એ વખતે ઈન્દ્રિયજ્ઞાન રહેતું નથી. સમજાણું કાંઈ? એ વખતે ઈન્દ્રિયના જ્ઞાનથી આંધળો થઈ જાય છે.

આમ ભગવાન આત્મા ચૈતન્યના સૂર્યનું તેજ પ્રભુ એ પોતાની વર્તમાન દશા જે હાલત એને અંતરમાં વાળતા, ઠરતા જે જ્ઞાન ઈન્દ્રિય, રાગ તરફ કામ કરતું એ જ્ઞાનની વર્તમાન દશાને

અંતરમાં સ્વમાં વાળતા અંદરમાં ઠર્યું (તો) ઈન્દ્રિયજ્ઞાન રહ્યું નહિ. એ અપેક્ષાએ નિર્વિકલ્પ દૃષ્ટિની શાંતિના કાળમાં જ્ઞાની પણ એ અપેક્ષાએ ઈન્દ્રિયજ્ઞાન વિનાના જડ થઈ ગયા કહેવામાં આવે છે. આ અપેક્ષાએ હોં! જ્ઞાનના અભાવની અપેક્ષાએ નહિ. આહા..હા..!

બીજી રીતે કહીએ, ભગવાન આત્મા આમ પરને જાણવા સાવધાની રાખે છે. વસ્તુ તો પોતે છે એની વર્તમાન અવસ્થામાં પરને જાણવાની સાવધાની રાખે છે એ બધું ઈન્દ્રિય, રાગ ને પરનું જ્ઞાન એ સંબંધીનું જ્ઞાન. એ જ્ઞાન સ્વને જાણવાની સાવધાનીમાં ગયું. સમજાણું? એ ટાણે નગારા વાગતા હોય તોપણ એને ખબર ન હોય લ્યો! ભાઈ! માટે ઈન્દ્રિયના જ્ઞાનથી જડ થઈ ગયો એ અપેક્ષાએ. પણ એલા અહીં નગારા વાગતા હતાને? કોને ખબર છે નગારાની? ચંદુભાઈ! આહા..હા..!

કેવળીને તો સ્વ-પર પૂરું જાગતું થઈ ગયું આખું, પણ અહીં તો પૂરું નથી અને એક તરફ જ્યાં જ્ઞાન પોતાના, પોતાના તરફ વળ્યું, જાણનારું તો જ્ઞાન જ છે આત્માનું જાણવું એ જાણનાર, જાણનાર આમ આમ આમ જાણતું (કે) આ ઈન્દ્રિયો ને આ શરીર ને આ ખાધા ને પીધા, ક્રિયા થાય એને જાણી... જાણી.. જાણી.. એ જ્ઞાન જે જાણનારું આમ વળ્યું હતું એ જાણનારું જાણનાર તરફ વળ્યું. અંતરમાં જ્ઞાન વળતા એને જ્ઞાનના એકાકારમાં નગારા વાગે એની ખબર ન મળે, પાણી કોઈ છાંટે શરીર ઉપર એની ખબર ન મળે. સમજાણું કાંઈ? ચારે કોર ધૂપ લગાડતા હોય આમ એની એને ખબર ન મળે. અને એવો ધ્યાનનો કાળ હોય એવી સ્થિતિમાં પણ પાણીનો એકદમ પ્રવાહ આવ્યો ને શરીર તણાણું એની ખબર ન હોય એને.

મુમુક્ષુ :— આત્મામાં તલ્લીન થઈ જાય છે એ વખતે?

ઉત્તર :— આ શેની વાત ચાલે છે આ? આ પરમાં તલ્લીન થયો છે તો સ્વની ખબર નથી, એમ કહે છે. સ્વના તલ્લીનમાં પરની ખબર રહેતી નથી, એમ કહે છે.

**'निजबोधप्रतिष्ठितानां'** નિજ નામ પોતાના જ્ઞાનનું જ્ઞાન કરવા જતાં **'प्रतिष्ठितानां'** ઠરતાં **'જીવોંકે ઈન્દ્રિયોંસે ઉત્પન્ન હુઆ જ્ઞાન નાશકો પ્રાપ્ત હોતા હૈ,...'** એને પરનું જ્ઞાન નથી. **'હે યોગી, ઉસી કારણસે જીવકો જડ ભી જાનો.'** એ કારણે... ભાન નથી, અહીં આટલું થયું તો ખબર નથી? લોકો નથી કહેતા? કે, ક્યાં સુતો હતો તું આ? અહીં મોટા બંબા આવ્યા હતા ને રાડું પડી ને આ ઘર સળગ્યું. કોણ જાણે મને ખબર નથી. ઊંઘમાં થાય છે કે નહિ? અમારે એક હતો. નહિ ઓલો છોટાલાલ? કાને બહેરો નહોતો ઓલો સાધુ? તપસીનો. વીંછિયામાં હતા ત્યારે ઘર સળગ્યું હતું સામું એક. કોકનું ઘર હતું સામું એક. ધનજીભાઈની ઓલી કોર નહિ? ધનજીભાઈ! ઓલી કોર ઘર હતું ઈ સળગ્યું હતું તે દિ'. આ તો ઘણા

વર્ષની વાત, એને યાદ પણ ન રહે. ઘર સળગ્યું હતું ને લાકડા કાઢ્યા મોટા બળ્યા બહાર. ઓલો સૂતો ઉઠ્યો ત્યારે ખબર પડી. કહે આ શું થયું? પણ ક્યાં તું સૂતો હતો? અપાસરામાં સૂતો હતો મોઢા આગળ. અમે તો બધા જાગ્યા પણ માણસો આવ્યા હતા ને તમારી ઓલી કોર ઘર સળગ્યું છે. કેટલા વર્ષની વાત હશે, ૪૫ વર્ષની. આ ઊંડા ખાચામાં જયંતીભાઈની પાછળ સળગ્યું હતું. એનેય ખબર ન હોય. એ મોટા લાકડા સળગ્યા હતા માથેના મોભ બહાર કાઢ્યા હતા પછી ન્યાંથી કાઢી કાઢીને. કોકનું સળગતું હતું, ખબર નહિ, ઘણા વર્ષ થઈ ગયા પણ હોં! ઈ હતો સાથે. ૭૮-૭૯માં સાથે હતો, લ્યો. ૭૮માં. કેટલા વર્ષ થયા? ૪૨-૪૩ વર્ષ થઈ ગયા. ઈ ત્યાં સળગતું હતું. ઓલો કહે, મને કાંઈ ખબર નથી. આ પોલીસો આટલા આવ્યા હતા, લાકડા બાળીને બહાર કાઢ્યા ફળિયામાં, હોકારો (થઈ ગયો). મને કાંઈ ખબર નથી. એ પણ ખબર નથી એમ થયુંને બહારનું. ઊંઘમાં. છેને અપાસરાની .. ન્યાં એની પાટ હતી. આની કોરની શેરીની પાછળ. બહેરો હતો બહુ. એમ આ બહેરો થઈ જાય છે આત્મા એ વખતે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાન ભગવાન, ભગવાન સ્વભાવ ચૈતન્યનો એ વર્તમાન જ્ઞાન અંતરમાં ઢળતાં, એ જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થતાં બહારની એને ગમ રહેતી નથી. પાંચ ઇન્દ્રિયના વિષયની એને ગમ રહેતી નથી. એ અપેક્ષાએ એને—જ્ઞાનને આ અપેક્ષાએ જડ કહેવામાં આવે. પણ પોતાના સ્વભાવના જ્ઞાનનો એમાં અભાવ છે એમ છે નહિ. ઓહો..હો..!

ભાવાર્થ :- '**મહામુનિયોંકે વીતરાગનિર્વિકલ્પ-સમાધિકે સમયમેં...**' છદ્મસ્થનો દાખલો લીધો હોં! પછી લગાડશે કેવળીને. મહા સંતો મુનિઓ મહા ચારિત્રવંત ધ્યાનમાં પડ્યા હોય. આહા..હા..! આમ વાઘ કરડતા હોય તો ધ્યાનમાં, સમાધિમાં હોય તો એને ખબર ન હોય લ્યો! ખ્યાલમાં આવે ત્યારે આવી જાય વિકલ્પ. અંદરમાં પડ્યા હોય, મહામુનિઓને વીતરાગ-રાગ રહિત નિર્વિકલ્પ અભેદ શાંતિના સમયમાં અંતરની એકાગ્રતામાં જામી ગયા છે, ઢીમ થઈ ગયા છે. શીતળ... શીતળ આનંદમૂર્તિ પ્રભુ એમાં વર્તમાન જામી ગયા છે ઠરીને.

એને '**સ્વસંવેદનજ્ઞાન હોનેપર...**' એને પોતાનું પ્રત્યક્ષ જ્ઞાનના વેદન કાળમાં, '**ઇન્દ્રિયજનિત જ્ઞાન નહીં હૈ,...**' એ કાળે પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન હોતું નથી. આ પાંચ ઇન્દ્રિયના જ્ઞાનવાળાને અતીન્દ્રિય આત્મા કેવો છે એને ભાન નથી લ્યો! આ શબ્દ ને આ રૂપ ને આ રસ ને આ ગંધ ને સ્પર્શ ને રાગ ને દ્વેષ ને મન ને આ ને આ ને આ. એ તરફના જ્ઞાનવાળાને આત્માની ગમ નથી. અને આત્માના ગમમાં પડ્યા એને અહીં ઇન્દ્રિયના જ્ઞાનની ગમ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાછું 'ટોડરમલે' લીધું છે કે પરિષહ વખતે જ્ઞાન જાણે નહિ એમ નથી. એ તો વિકલ્પ આવ્યો છે અને ન જાણે એમ. ... અહીં તો સમાધિકાળની

વાત (છે), જ્યારે સ્થિરતા નિર્વિકલ્પમાં પડ્યો છે ત્યારની વાત છે. અમથો આમાં (વિકલ્પમાં) આવે, આ કંઈ થાય છે એમ જાણે, એ જાણવામાં વાંધો નથી. પણ અહીં તો જ્યારે ઠરે છે એ વખતની વાત લેવી છે.

**'ઇન્દ્રિયજનિત જ્ઞાન નહીં હૈ, ઔર કેવલજ્ઞાનિયોંકે તો કિસી સમય ભી ઇન્દ્રિયજ્ઞાન નહીં હૈ,...'** કેવળીને તો કોઈ દિ' ઇન્દ્રિયજ્ઞાન છે જ નહિ. **'કેવલ અતીન્દ્રિય જ્ઞાન હી હૈ, ઇસલિયે ઇન્દ્રિય-જ્ઞાનકે અભાવકી અપેક્ષા આત્મા જડ...'** એ કેવળીને પણ આ અપેક્ષાએ જડ કહેવામાં આવે છે. મહામુનિઓ આદિ ધર્મધ્યાનમાં આનંદમાં પડ્યા હોય ત્યારે ઇન્દ્રિયગમ્ય નથી માટે એને પણ જડ કહેવામાં આવે છે. ન્યાં જાગતા પૂરા તો આની કોરના જડ. સમજાણું કાંઈ?

**'યહાંપર બાહ્ય ઇન્દ્રિયજ્ઞાન સબ તરહ હેય હૈ...'** દેખો હવે. આ ઇન્દ્રિયો અને મન તરફનું જે વર્તે જ્ઞાન એ હેય છે, આદરણીય નથી. આહા..હા..! એ રાગ તો હેય, ભાઈ! નિમિત્ત તો હેય, અહીંયા ઇન્દ્રિયજ્ઞાન સબ તરફ હેય. જુઓ તો! આહા..હા...! એને પણ ત્યાં કોઈ દિ' આ શું ચીજ છે ને ચીજના સામર્થ્યનું સત્ત્વ કેટલું છે, કોઈ દિ' ભરોસો લીધું નહિ, પ્રતીતમાં લીધું નહિ. વાતું બધી ધર્મની (કરી). શાસ્ત્રમાં આમ (કહ્યું છે). હવે બધું કહ્યું છે શાસ્ત્રમાં, સાંભળને. શાસ્ત્ર તે સત્ય વાત કરતા હશે કે શાસ્ત્ર તે અસત્ય (કહેતા હશે)? અસત્યનું જ્ઞાન કરાવે, પણ અસત્ય સાચું છે એમ સ્થાપતા હશે? સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા એનું જ્ઞાન જે જ્ઞાન, એનું જ્ઞાન. આહા..હા..! એ જ્ઞાનનું જ્ઞાન, અતીન્દ્રિયનું જ્ઞાન, વસ્તુનું જ્ઞાન એ ઉપાદેય છે. પાંચ ઇન્દ્રિય અને મનનું આ જ્ઞાન હેય છે, છોડવા યોગ્ય છે, તો રાગ તો ક્યાંય છોડવા (યોગ્ય) ને બાહ્ય પદાર્થ તો ક્યાંય રહી ગયા. આહા..હા..! એ અજીવ આદિ બીજા જીવો તો આત્માને આદરણીય નથી, છોડવા લાયક (છે), આ રાગાદિના વિકલ્પ શુભાશુભ છોડવા લાયક, પણ એ સંબંધીનું ઇન્દ્રિયજ્ઞાન પણ છોડવા લાયક છે. આહા..હા..! એવો અતીન્દ્રિય જ્ઞાન ભગવાન આત્મા એ ઉપાદેય નામ દૃષ્ટિમાં લેવા લાયક છે. એ જ શાંતિનું કારણ (છે), બીજું કોઈ કારણ નથી.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૪, ગુરુવાર, તા. ૨૮-૧૦-૧૯૬૫**
**ગાથા-૫૩, ૫૪, પ્રવચન-૩૫**

૫૩ ગાથા થઈ, ૫૪. ચાર પ્રશ્ન હતા એના બે પ્રશ્નના ઉત્તર થયા. પહેલો પ્રશ્ન એ હતો કે, આત્મા સર્વવ્યાપક છે. આ આત્મા છેને વસ્તુ છે એ દેહથી ભિન્ન, એ આમ સર્વવ્યાપક કોઈ અપેક્ષાએ છે કે નહિ? ઈ છે. કઈ અપેક્ષાએ? આ આત્મા પોતાની હયાતીમાં—પોતાની સત્તામાં લોકાલોક જાણે છે, એ જ્ઞાન જાણે લોકાલોકને જાણતું પરમાં વ્યાપ્યું હોય એમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર પોતાના પ્રદેશો એટલે અંશોમાં જે જ્ઞાન વર્તે છે એ જ્ઞાન પોતાનું સ્થાન છોડીને બીજા સ્થાનમાં જતું નથી. કહો, સમજાણું કાંઈ? દેહ પ્રમાણે આત્મા પોતાનું સ્થાન છે એમાં એ લોકાલોક બધું જગતનું જ્ઞાન-જગત સંબંધીનું સ્વભાવ જ્ઞાન (અને) પોતાનું પોતામાં જણાય. એથી કાંઈ પરમાં જાય છે એમ છે નહિ એક વાત.

બીજી વાત. આત્માને જડ કહ્યો, જડ. ઈ કઈ અપેક્ષાએ? ભગવાન આત્મા અંતર જ્ઞાનનો સમુદ્ર સ્વભાવ એ પોતે પોતાના અંદર નિર્વિકલ્પ ધ્યાનમાં, સમાધિમાં, શાંતિમાં હોય ત્યારે એના ઈન્દ્રિયનું જ્ઞાન હોતું નથી. એ અપેક્ષાએ ઈન્દ્રિયના જ્ઞાનને અભાવે એને જડ કહેવાય. પોતાના સ્વભાવના જ્ઞાનનો અભાવ છે માટે જડ છે એમ નથી. સમજાણું કાંઈ? હવે ત્રીજો બોલ. પૂછ્યું હતું કે, આત્મા શરીર પ્રમાણે છે કે કેમ? એ ત્રીજા બોલની વ્યાખ્યા ચાલે છે.

'**આગે શરીરનામા નામકર્મરૂપ કારણસે રહિત યહ જીવ ન ઘટતા હૈ, ઔર ન બઢતા હૈ, ઈસ કારણ મુક્ત-અવસ્થામેં ચરમ-શરીરસે કુછ કમ પુરુષાકાર રહતા હૈ,...**' શરીર વિનાની પૂર્ણ પરમાત્મદશા આત્માને થાય ત્યારે છેલ્લા શરીર પ્રમાણે પોતાની અવગાહના નામ આત્માનો આકાર એ પ્રમાણે ત્યાં સિદ્ધ પરમાત્મદશામાં રહે છે. અહીં શરીર અહીં સંસારમાં વધતું-ઘટતું દેખાય છે. એ નામકર્મ એક છે એનું નિમિત્ત (અને) યોગ્યતા પોતાની છે. યોગ્યતા ત્રિકાળી એનું એ જાતનું રહેવું એવો સ્વભાવ નથી. એથી નામકર્મના નિમિત્તથી શરીર પ્રમાણેમાં સંકોચ-વિકાસ થાય છે. ઈ કહે છે હોં! જુઓ!

૫૪) **कारण-विरहिउ सुद्ध-जिउ वड्ढइ खिरइ ण जेण।**
**चरम-सरीर-पमाणु जिउ जिणवर बोल्लहिँ तेण।।५४।।**

જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા જે જ્ઞાનસ્વભાવે છે એ જ્ઞાન પોતાની વર્તમાન દશામાં પૂર્ણ થઈ ગયું. એવા સર્વજ્ઞ જિનવરદેવે એમ '**बोल्लहिँ**'-એમ કહે છે કે, શું?

**અન્વયાર્થ :—** 'જિસ હેતુ...' શબ્દાર્થ, '**હાનિ-વૃદ્ધિકા કારણ શરીર નામકર્મસે રહિત**

**હુઆ...**' એ ભગવાન આત્મા જ્યારે પરમાત્મા થાય ત્યારે એનો આત્માનો આમ સંકોચ-વિકાસ થતો નથી. અત્યારે તો મોટા શરીર પ્રમાણમાં હોય તો એવો આકાર હોય, નાના શરીરમાં હોય તો એવો આકાર આત્માનો પોતાનો (હોય). સમજાણું કાંઈ? જેમ પાણી મોટા હાંડામાં હોય તો એનો એવો આકાર પાણીનો થાય અને કળશામાં હોય તો કળશા પ્રમાણે આકાર થાય. એકલું પાણી હોય છૂટું એનો આકાર તો જેવો હોય એવો રહે, એમને એમ જેમ ભરેલો સાધારણ હોય એમ.

એમ આત્મા શરીર નામકર્મના સંયોગનો અભાવ થવાથી શુદ્ધ જીવ નામ પરમાત્મા, '**ન તો બઢતા હૈ, ઔર ન ઘટતા હૈ,...**' અસંખ્યપ્રદેશી આત્મઘન જે વસ્તુ છે આત્મા અરૂપી છતાં પદાર્થ છેને અને એ પદાર્થની હયાતીમાં આ દેખાય છે બધું. સમજાણું કાંઈ? જેની સત્તામાં-જેના હોવાપણામાં આ છે એમ દેખાય છે. એના હોવાપણામાં આ છે એમ નથી. શું કીધું? જ્ઞાનની સત્તા-હોવાપણું સ્વભાવ આત્માનો એમાં આ આ છે એમ દેખાય છે. એ પોતે જ્ઞાન સત્તામાં રહેલો પોતાની પ્રસિદ્ધિ કરે છે. એવો આત્મા એકલો શરીર વિનાની એકલી પ્રસિદ્ધિ પૂર્ણ થઈ ગઈ એને પરમાત્મા કહે છે. એને શરીર નામકર્મનો સંબંધ નથી, એથી એનો જે આત્માનો આકાર છેલ્લા શરીર પ્રમાણે રહ્યો એ પ્રમાણે અનંત કાળ રહે છે.

'**તેથી શુદ્ધજીવ ન તો બઢતા હૈ, ઔર ન ઘટતા હૈ, ઈસી કારણ જિનેન્દ્રદેવ જીવકો ચરમશરીરપ્રમાણ કહતે હૈં.**' છેલ્લું શરીર હોય એ શરીર છૂટી ગયું એ પ્રમાણે સિદ્ધ ભગવાનમાં આકાર આત્માનો રહેશે. સમજાય છે કાંઈ? આ વસ્તુનો સ્વભાવ સર્વજ્ઞે જોયો એનાથી કેટલાક અન્યમતિ બીજી રીતે કહે છે એથી આ વસ્તુને આ રીતે છે એમ અહીં સિદ્ધ કરે છે.

**ભાવાર્થ :–** '**યદ્યપિ...**' જો કે સંસારદશામાં હાનિવૃદ્ધિનું કારણ, સંકોચ-વિકાસનું કારણ '**શરીરનામા નામકર્મ હૈ,...**' અહીં કર્મને પ્રધાનપણે કેમ કહ્યું? છે તો હાનિ વૃદ્ધિ પોતાની સમયની યોગ્યતાથી, પણ એ સમય સમયની યોગ્યતાનો ખ્યાલ ન જગતને આવે (તેથી) એ યોગ્યતા કર્મને લઈને સંકોચ-વિકાસ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**મહામચ્છકા શરીર પાતા હૈ,...**' હજાર જોજનનું માછલું થાય, હજાર જોજનનું. એક જોજન બે હજાર ગાઉનું. સમજાણું કાંઈ? એ શાશ્વત. આ સાધારણ ચાર ગાઉનું એક યોજન. એવો એક હજાર જોજનનો માછલું થાય મચ્છ. એ છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. આ જમ્બૂ દ્વીપ છે, પછી લવણ દરિયો છે, પછી ધાતકી છે પછી.. સમજાય છે? કાલોદધિ સમુદ્ર વગેરે સમુદ્રો અને દ્વીપ અસંખ્ય છે આમ. ચારે બાજુના વિસ્તારમાં અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર વિસ્તારમાં છે. એમાં છેલ્લો એક સમુદ્ર છે સ્વયંભૂરમણ, જે અસંખ્ય જોજનમાં પહોળો છે. એમાં હજાર

હજાર જોજનના માછલા વસે છે. એના દેહનું માપ હજાર જોજનનું છે. ચાર હજાર ગાઉનું. સમજાણું કાંઈ? લોકો નથી કહેતા પાણી જેવા મચ્છ? જળ એવા મચ્છ એમ કહે છે કે નહિ? અહીં નાના મચ્છ થાય, અહીં પાણી ચાલે એમાં, ઓલામાં મોટા મોટા મચ્છ (થાય). ત્યારે આત્મા હજાર જોજનમાં હોય ત્યારે એના શરીર પ્રમાણે હોય છે. સમજાય છે? '**તબ તો શરીરકી વૃદ્ધિ હોતી હૈ, ઔર જબ નિગોદિયા શરીર ધારતા હૈ,...**' નિગોદ. ઝીણી વાત છે. આ લીલ-ફૂગ, બટાટા, શકરકંદમાં જીવ હોય છે ત્યારે એનું શરીર તો અંગુલના અસંખ્યમા ભાગ હોય છે. આ તસુ છેને, એના અસંખ્યમા ભાગમાં શરીર હોં! એના પ્રમાણમાં આત્મા એટલો વ્યાપક છે. આત્મા તો જે છે ઈ છે, પણ આ નાનું શરીર હોય તો નાના પ્રમાણે વ્યાપક, મોટું હોય તો મોટા પ્રમાણે વ્યાપક. સમજાણું કાંઈ? અહીં અસંખ્ય પ્રદેશ અને એનો આકાર સિદ્ધ કરે છે.

'**તબ ઘટ જાતા હૈ...**' એ હજાર જોજનનો મચ્છ... અહીં પણ દેખોને, શરીર એવું લઠ્ઠ જેવું હોય ત્યાં સુધી આત્માના પ્રદેશ એટલા પહોળા એ પ્રમાણે વ્યાપ્યા હોય અને આમ ક્ષય થઈ જાય (ત્યારે) ટેંટા જેવું આમ શરીર (થઈ જાય). એ આત્માના પ્રદેશ પણ એ પ્રમાણે સંકોચાઈ જાય છે.

મુમુક્ષુ :— એમ કેમ થાતું હશે?

ઉત્તર :— પોતાની યોગ્યતા છે. કેમ થાતું હશે શું? એ પોતાનો એ જાતના સંકોચ-વિકાસની ક્રિયાનું કાર્ય દ્રવ્યથી થાય છે. એ તો કાલ આવી ગયું નહિ? એ કાર્ય પરિણામીથી થાય છે, દ્રવ્યથી થાય છે પણ અહીં શરીર નામકર્મને પ્રધાનપણે કહી અને એવો કાયમનો સ્વભાવ એ પ્રમાણે નથી. કાયમનો સિદ્ધમાં શરીર પ્રમાણે સ્વભાવ રહ્યો, પણ ત્રિકાળી એવો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

જુઓને, શરીર આમ એવું લઠ્ઠ જેવું હોય અને આમ સૂકાઈ જાય જ્યારે, વર્ષ, દોઢ વર્ષ ને બે વર્ષ જ્યારે ક્ષય ચાલે ક્ષય (ત્યારે) આમ... આમ ખાટલામાં પડ્યો હોય તો આમ ટેંટા ચકલા જેવું દેખાય નાનું. વઢવાણમાં નહોતું? વઢવાણમાં. કેવા એ? દાદભાવાળા, શું નામ? હરજીવનનો દીકરો. એ વઢવાણના ખરાને, એને ખબર હોય. હરજીવનભાઈનો દીકરો, ઓલા લાલચંદની ધર્મશાળામાં. લાલચંદની ધર્મશાળા. બહાર મેડી ઉપર હતા. ખબર છે? ૯૦ની સાલ દોઢ વર્ષનું પરણેતર, તરત જ તે ક્ષય લાગુ પડી ગયો. એવું શરીર થઈ ગયેલું. રૂપાળું હતું, મોટું શરીર હતું પણ એ દોઢ વર્ષમાં એવું જીર્ણ થઈ ગયું કે, આમ પથારીમાં દેખાય નહિ. આમ ટેંટા જેવું. અમે ગયા હતા સાંજે છેલ્લે દિવસે, નારણભાઈ હતા ત્યાં. એને દર્શન દેવા. દીક્ષા પણ નારણભાઈની ત્યાં હતીને. વ્યાખ્યાન પણ ઘણી વાર લાલચંદની ધર્મશાળામાં આપ્યા

હતા, ૨૦૦૬ની સાલમાં. ... ઉતર્યા હતા તે દિ. એ પછી રાત્રે... જીર્ણ ટેંટા જેવું. સાધ્ય બધી. સાધ્ય સાધ્ય. આ હાડકા બધા આમ સંકોચાઈ ગયા હતા. એ પ્રમાણે આત્માના પ્રદેશ સંકોચાય અને સ્થૂળ હોય તો વિકાસ પામે છે, આમ પહોળા થાય છે. જેમ સોનાની સાંકળી હોય હજાર મકોડાની, નાના છોકરાના ગળામાં નાખે તો ઝાઝા સરા થાય અને એ સાંકળી મોટાના નાખે તો થોડા સરા (થાય). એ મકોડા તો છે એટલા છે. સમજાણું કાંઈ? નાનાના ડોકમાં નાખી હોય તો સાત-આઠ સરા નાખે ત્યારે માંડ આટલા અહીં રહેને, મોટામાં નાખે તો અહીં સુધી ત્રણ સરા કે ચાર સરા આમ રહી જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સંકોચ-વિકાસ .. આવે તો વાસ્તવિક સ્થિતિ શું છે?

ઉત્તર :— વાસ્તવિક સ્થિતિ સંકોચ-વિકાસની યોગ્યતા એનામાં પર્યાયમાં છે, પણ વાસ્તવિક અસંખ્ય પ્રદેશપણું એનું સ્વરૂપ છે. લોક પ્રમાણે પ્રસરે એવો ... સાંભળો તો ખરા! આવે છે. પ્રસરવાનો સ્વભાવ નથી, પહેલેથી સ્વભાવ નથી. લોક પ્રમાણે પ્રદેશની સંખ્યા એટલી છે. પ્રસરવાનો સ્વભાવ પહેલેથી એવો નથી. એટલે દીવાની સાથે મેળ નહિ ખાય એમ દાખલો આપશે. સમજાય છે કાંઈ?

તે દિ' જોયું હતું અમે. આહા..હા..! દોઢ વર્ષનું (પરણેતર). એમાં તો દશ મહિને પછી તો તરત લાગુ પડી ગયો ક્ષય અને એકદમ... શિવા ગોપાલની ... દીકરી હતી. ... ઓહો..હો..! ભાઈ! એણે વિચાર કર્યો નથી કે, આ આત્મા કેટલા ક્ષેત્રમાં પહોળો છે. અહીં શરીર જેટલું છે એટલા પ્રમાણે પહોળો છે. અહીં પણ બાળક પ્રમાણે એટલો પહોળો લાગેને, પછી મોટો થયો તો આમ એ પ્રદેશ પણ પહોળા થાય. સમજાય છે? એ સંકોચ-વિકાસની એની એક સમયની પર્યાયમાં એની લાયકાત છે. પર્યાયમાં હોં! એથી નામકર્મનું નિમિત્ત છે એને લઈને સંકોચ-વિકાસ થાય છે એમ અહીંયા કહેવામાં આવ્યું છે. આહા..હા..!

**'મુક્ત અવસ્થામેં હાનિ-વૃદ્ધિકા કારણ જો નામકર્મ ઉસકા અભાવ હોનેસે...'** આત્માની શુદ્ધ દશા, જેવો એનો સ્વભાવ પરમાનંદ અને શુદ્ધ છે એવી દશાને પ્રાપ્ત થયો, શક્તિમાં શુદ્ધતા અને આનંદ હતો એ અંતર અનુભવ અને એકાગ્ર દ્વારા વર્તમાન દશામાં પૂર્ણ આનંદ ને શાંતિ ને પૂર્ણ જ્ઞાન પ્રગટ્યું એનું નામ મુક્તિ. એ મુક્ત દશામાં એનો આકાર, **'નામકર્મ ઉસકા અભાવ હોનેસે જીવકે પ્રદેશ ન તો સિકુડતે હૈ, ન ફૈલતે હૈં,...'** ત્યાં એ પ્રદેશ જેટલા અસંખ્ય પ્રદેશ આમને આમ છે એમ ને એમ રહે છે. છેલ્લા શરીરને પ્રમાણે. **'કિન્તુ ચરમશરીરસે કુછ કમ પુરુષાકાર હી રહતે હૈં,...'** છેલ્લું શરીર હોય એનાથી જરીક ભાગ આ માથાનો ભાગ છેને આ, એટલો ઓછો થઈ જાય. હેઠે પગના ભાગમાં ચામડીનો ભાગ અમુક હોય અને ઉપર એટલો ઓછો થઈ જાય. એ પ્રમાણે શરીર દેહ છૂટી ગયો તો ...

સમજાણું? સાકરની પૂતળી હોય સાકરની પૂતળી, એના બીબા હોયને લાકડાના આમ બીબા નાખ્યા હોય અને પછી જામી ગઈ પૂતળી, લાકડા કાઢી નાખે એ પ્રમાણે પૂતળી રહી જાય. એમ આ સાકર-આનંદની પૂતળી આત્મા છે. એ સાકર નામ મીઠાશ ને ધોળા નામ સફેદ. એમ આત્મા ધોળો નામ શુદ્ધ અને આનંદ નામ અતીન્દ્રિય સુખની મૂર્તિ આત્મા છે કાતળી. દેહ પ્રમાણે મૂર્તિ છે. આ શરીર આ બીબા છે માથે, હાડકાના બીબા. સમજાય છે? એ બીબા જેમ નીકળી જાય ઓલામાંથી (તો) મૂર્તિ આમ રહે ધોળી મીઠી. એ પછી સંકોચ-વિકાસ ન થાય એનો. સમજાણું કાંઈ? લાકડાના બીબામાં સાકર નાખે તો પહેલું જરીક આમ ભીનું હોય ભીનું ત્યાં સુધી પહોળું હોય, પછી સુકું થાય તો સંકોચ થઈ જાય એટલું જરીક. બસ, એમને એમ રહે. સમજાણું કાંઈ?

એમ આ આત્મા આનંદકંદ જ્ઞાનનો ઘન પરમાત્મા પોતે. એ દેહ રહિત જ્યારે થયો ત્યારે ઘન જેવું એનું અરૂપી ઘન જે આકૃતિ શરીર પ્રમાણે હતી એનાથી કાંઈક ઓછું એવો આમને આમ રહી જાય. એ અનંત કાળ એમ રહે સિદ્ધમાં. સમજાણું કાંઈ? દાગીનાના આકાર, શરીરના આકાર, મકાનના આકારની બધી ખબર એને લ્યો. કઈ આકારે બારી કરી છે ને કઈ આકારે લૂગડાં સીવ્યા છે ને કઈ આકારે આ શું? લટકતા તોરણ, બધી એને ખબર (હોય). અહીંયા આ થયું, નાળિયેરમાં આ આકાર. એલા તારો આકાર કેવડો છે એ તને ખબર છે? એ વિચાર જ નથી કોઈ દિ' કર્યો એણે. આ હું તે કોણ છું? ક્યાં છું? કેવડો છું? અને કેવા આકારે છું? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદની આત્માને પ્રાપ્તિ પોતાને થઈ, શુદ્ધતા પૂર્ણ પ્રગટી. છેલ્લા શરીર પ્રમાણે દેહ છૂટી ગયો. પૂતળી રહી ગઈ એમને એમ આત્મા આનંદમૂર્તિ એવીને એવી. બસ, એવા જ આકારે અનંત કાળ રહે. સિદ્ધમાં એવા આકારે અનંત કાળ રહે. સમજાય છે?

'**ઈસલિયે શરીરપ્રમાણ હૈં, યહ નિશ્ચય હુઆ.**' એ ખરેખર વાત કહેવામાં આવી. '**યહાં કોઈ પ્રશ્ન કરે,...**' પ્રશ્ન થયો દેખો! '**કિ જબ તક દીપકકે આવરણ હૈ,...**' આ દીવો છેને દીવો? માથે વાસણ ઢાંક્યું હોય, દીવાને વાસણ ઢાંક્યું હોય. '**તબ તક તો પ્રકાશ નહીં હો સકતા,...**' ત્યાં સુધી તો પ્રકાશ બહાર ન આવે આમ ઢાંકેલો હોય તો. '**ઔર જબ ઉસકે રોકનેવાલેકા અભાવ હુઆ,...**' માથેથી લઈ લીધું, તપેલી ઢાંકી હોય અને તપેલું આમ લઈ લીધું. '**તબ પ્રકાશ વિસ્તૃત હોકર ફૈલ જાતા હૈ,...**' દીવાનો પ્રકાશ આમ ફેલાય છે આખા ઓરડામાં, બધામાં ફેલાઈ જાય છે. સમજાણું કાંઈ? '**ઉસી પ્રકાર મુક્ત અવસ્થામેં આવરણકા અભાવ હોનેસે...**' આત્માની મુક્ત દશા થઈ ગઈ, ઓલાને જેમ આવરણ ગયું. દીવાના ઉપરનું વાસણ ગયું એટલે પ્રકાશ આમ ફેલાણો. એમ મુક્ત અવસ્થામાં આવરણના

અભાવથી **'આત્માકે પ્રદેશ લોક-પ્રમાણ ફૈલને ચાહિયે,...'** જમુભાઈ! આત્મા અસંખ્ય પ્રદેશનો ઘન, જ્યારે આવરણ ગયું, દીવાને આવરણ હોય એટલે માથે ઢાંકણ હોય તો તો પ્રકાશ બહાર ન દેખાય. પણ ઢાંકણું લે તો પ્રકાશ ફેલાય કે નહિ આખા મકાન પ્રમાણે? એમ આત્મા અહીંયા આવરણ હોય તો તો એટલામાં ભલે રહે પણ આવરણ ગયું તો અસંખ્ય પ્રદેશ આમ લોક પ્રમાણે ફેલાવા જોઈએ ને. આખા લોક પ્રમાણે વિસ્તાર પામવા જોઈએ કે નહિ? એમ શિષ્યનો પ્રશ્ન છે. **'શરીર-પ્રમાણ હી ક્યોં રહ ગયે?'**

**'ઉસકા સમાધાન યહ હૈ,...'** જ્યાં મુક્ત દશા પરમાત્મા આત્માની થઈ ત્યારે શરીર પ્રમાણે કેમ રહ્યા? બહાર વિસ્તાર પામવા હતાને. દીવાને આવરણ ન હોય અને દીવો વિસ્તાર પામે છે પ્રકાશ. આનો પ્રકાશ લોક પ્રમાણે કેમ ન થઈ ગયો? વાત સમજાય છે કાંઈ? જુઓ, આ સર્વજ્ઞ સિવાય આ આત્મા (કોઈએ જોયો નથી). અને અહીં દેખાય છેને. એ આત્મામાં આમ એકાગ્રતા કરે ત્યારે એને કાંઈ દેખાય કે આ અહીં એકાગ્રતા કરે? આમ એકાગ્રતા કરે. કારણ કે, જેટલા ક્ષેત્રમાં છે એટલા ક્ષેત્રમાં તે એકાગ્રતા કરે તો ત્યાં એનું લક્ષ આત્મા ઉપર જાય. શરીર પ્રમાણે આત્મા છે. જ્ઞાન, દર્શન આદિ પ્રગટ કરવામાં અંતર એકાગ્ર થાય છેને આમ? કે, આમ બહારમાં આમ લક્ષ કરે તો જ્ઞાન પ્રગટ થાય છે?

મુમુક્ષુ :— બહારમાં...

ઉત્તર :— બહારમાં ક્યાં છે? પોતે એટલામાં જ છે અહીં. શરીર પ્રમાણે, શરીરથી જુદો ચિદ્‌ઘન, જ્ઞાનઘન આત્મા આટલા પ્રમાણે છે. આકારે એટલા પ્રમાણે અને આખા ગુણો પણ એટલા પ્રમાણે. આકારમાં ફેરફાર થાય. ગુણોમાં-પર્યાયમાં હીનાધિક થાય એ અત્યારે વાત નહિ. અહીંયા આકારમાં ફેરફાર થાય તો કર્મના નિમિત્તથી હતું એમ કહે. યોગ્યતા એની. આવરણ ગયું તો પછી શું કરવા એ અસંખ્ય પ્રદેશ આમ ફેલાવા ન જોઈએ લોક પ્રમાણે? દીવાની માફક. સમજાણું કાંઈ?

**'ઉસકા સમાધાન યહ હૈ, કિ દીપકકે પ્રકાશકા જો વિસ્તાર હૈ, વહ સ્વભાવસે હોતા હૈ, પરસે નહીં ઉત્પન્ન હુઆ,...'** દીવો તો પાતાના સ્વભાવથી પ્રકાશમય છે પહેલેથી. એ કાંઈ પરથી પ્રકાશ ફેલ્યો નથી, પોતાનો સ્વભાવ જ છે. **'પીછે ભાજન આદિસે અથવા દૂસરે આવરણસે આચ્છાદન કિયા ગયા,...'** વાસણ ઢાંક્યું કે મકાનની ભીંતો આડી આવી ગઈ, દીવો હોય અને ભીંત (આડી આવી) તો બહાર વિસ્તરે નહિ. **'તબ યહ પ્રકાશ સંકોચકો પ્રાપ્ત હો જાતા હૈ,...'** ત્યારે દીવાનો પ્રકાશ બહાર જતો નથી. આ બહાર ભીંત આડી આવી કે વાસણ આવ્યું. સમજાણું?

**'જબ આવરણકા અભાવ હોતા હૈ, તબ પ્રકાશ વિસ્તારરૂપ હો જાતા હૈ,...'**

બારણા ખોલી નાખ્યા કે ઉપર ઢાંકણું ખોલી નાખ્યું (તો) પ્રકાશ ફેલાઈ જાય. એ તો પહેલેથી એનો પ્રકાશ સ્વભાવ હતો. એનો સ્વભાવ સંકોચરૂપ પહેલેથી હતો એમ નહિ. ફેલાયેલો જ હતો સ્વભાવ. સમજાણું? **'ઇસમેં સંદેહ નહીં ઔર જીવકા પ્રકાશ અનાદિકાલસે કર્મોંસે ઢકા હુઆ હૈ,...'** કોઈ દિ' અનાદિ કાળથી એના અસંખ્ય પ્રદેશ લોક પ્રમાણે ફેલ્યા હતા એમ કોઈ દિ' હતું નહિ. લોક પ્રમાણે છે એના પ્રદેશની સંખ્યા. પણ આ આખા લોક પ્રમાણે પહેલેથી વિસ્તાર હતો અને પછી ઢંકાણા છે એમ નથી. દીવાની જેમ નથી, દીવાનો પ્રકાશ તો આમ વિસ્તાર છે, પછી ઢાંક્યું ત્યારે ઓછામાં થયો, સંકોચ થયો અને ઉઘાડ્યું ત્યારે વિસ્તાર પામ્યો. એમ આત્માના અસંખ્ય પ્રદેશ પહેલેથી લોક પ્રમાણે હતો અને પછી સંકોચાણું છે એમ નથી. ન્યાય સમજાય છે આમાં?

મુમુક્ષુ :— સંકોચ-વિકાસ કહેવામાત્ર છે.

ઉત્તર :— સંકોચ-વિકાસ છે અહીં, કહેવામાત્ર હોય? અહીં પર્યાયમાં, પર્યાય એટલે અવસ્થામાં સંકોચ વિકાસ છે, પણ અસંખ્ય પ્રદેશનો આમ લોક પ્રમાણે વિસ્તાર હતો અને આ સંકોચ થયો છે એમ નથી, એમ કહે છે અહીં. વિસ્તારનો અર્થ, અહીં આખા લોક પ્રમાણે (થાય છે) એમ નહિ. નિગોદના શરીર પ્રમાણે સંકોચ ને હજાર જોજનના મચ્છ પ્રમાણે વિસ્તાર એટલો સંકોચ-વિસ્તાર એમ અહીં કહેવું છે. શું કીધું? સંકોચ એટલે નિગોદના શરીર પ્રમાણે જીવ રહ્યો અને વિસ્તાર એટલે લોક પ્રમાણે એમ નથી. સંકોચ-વિસ્તાર એનો પર્યાયમાં આકૃતિમાં એટલો છે અનાદિનો કે, નિગોદના શરીરમાં જાય તો એટલામાં વ્યાપે, મહામચ્છમાં જાય તો એટલો વ્યાપે. પણ એ અસંખ્ય પ્રદેશ આમ વિસ્તાર લોક પ્રમાણે હતા એવો એનો સ્વભાવ કોઈ દિ' પ્રગટેલો છે જ નહિ.

**'જીવકા પ્રકાશ અનાદિકાલસે કર્મોંસે ઢકા હુઆ હૈ,...'** કર્મ નામ નિમિત્તથી વાત છે હોં! એના પ્રદેશનું લોક પ્રમાણે વ્યાપવું અનાદિથી નથી. **'પહલે કભી વિસ્તારરૂપ નહીં હુઆ.'** પહેલા અસંખ્ય પ્રદેશે લોક પ્રમાણે હતા અને પછી નિગોદના શરીર પ્રમાણે થયા એમ નથી. સંસારમાં સંકોચ-વિસ્તાર તો શરીર પ્રમાણે હતો, નાનું શરીર તો નાનો સંકોચ, મોટું શરીર તો મોટો (વિકાસ). જુઓ! હાથ હોય છેને કેટલાકના કેવા પાતળા આ છોકરાઓ નાના જુઓ, થઈ જાય છેને એને બાળ લકવા, પગનો બાળ લકવા નથી થાતો? પહેલા બેય પગ સરખા પગ હોય, પણ એમાં એક પગ એવો થઈ જાય. પાતળું પાતળું બધું (લાગે). આત્માના પ્રદેશ એટલા પ્રમાણે જ પહોળા છે ત્યાં, આ બાજુ એટલા જાડા પગમાં જાડા પ્રમાણે અને પાતળા પગમાં પાતળા પ્રમાણે. સમજાણું કાંઈ? આ નથી બાળકને લકવા થાય છે? થાય છેને. એમ આ ક્ષય બીજું શું. ક્ષયનો દાખલો આપ્યોને. એવી આમ આંગળી હોય મોટી.

બધે પ્રદેશ છે આત્માના. જુઓ! અહીં બધે છે કે નહિ? પણ આમ સંકોચ પામીને આમ પાતળી થઈ જાય તો એ પ્રદેશ પણ એના સંકોચાઈ જાય છે અંદર. સમજાણું કાંઈ?

આરે..! આ ભારે વળી. ખેતરની વાતું કરે, મકાનની વાતું કરે, તો આ આત્માની વાતું. જુઓ! આ મલૂકચંદભાઈ લ્યો. મોટું શરીર છે કે નહિ? એના પ્રમાણમાં આત્માના પ્રદેશ પહોળા છે કે નહિ? અને એકકોર આ લ્યો! લ્યો ઠીક. એનું શરીર જુઓ તો આટલું પાંસળી જેવું. એમાં એના પ્રમાણે પ્રદેશ વ્યાપેલા છે. આ જુઓ તો એનાથી ડબલ, કેટલા ગણુ જાડું હશે.

મુમુક્ષુ :— એનામાં પ્રદેશ ઝાઝા અને આનામાં પ્રદેશ ઓછા.

ઉત્તર :— પ્રદેશ સરખા. સમજાણું? જાજમ હોય જાજમ આખા ઓલા પ્રમાણે, એ જાજમને પહોળી કરે તો આખા ઓલા પ્રમાણે માય અને આમ ભેગી કરે તો એટલામાં રહે, પણ કાંઈ એ જાજમ વધી જતી નથી. એના પ્રદેશો આમ આવી ગયા છે, ઓલાના આમ થઈ ગયા છે. કહો, બરાબર છે કે નહિ?

આ તમારે ને બેને લ્યો! ડબલ હશે. કેટલું હશે? ૮૫ હશે? કેટલું છે? ૮૧. એટલુંય નહિ, કહો. આને કેટલા ગુણા હશે? બસ્સો? પાંચ મણ. અહીં ૮૧. બે મણ. આ બે મણ, અહીં પાંચ મણ, અઢી ગુણુ છે. ઈ શરીરનો અઢી ગુણુ છે, પણ એના આત્માના પ્રદેશ તો એ જ પ્રમાણે આમ વ્યાપેલા આટલા શરીરમાં... એના પ્રમાણમાં વ્યાપેલા છે. પ્રદેશ તો એ પ્રમાણે સંકોચ ને વિકાસ થયેલા છે. છૂટી ગયું, મુક્ત દશા થાય ત્યારે છેલ્લા શરીર પ્રમાણે એમને એમ રહે છે. એ અસંખ્ય પ્રદેશ કોઈ દિ' વિસ્તાર પામેલા હતા પહેલા અને પછી સંકોચ પામ્યા અને આવરણ ગયા પછી વિસ્તાર પામે એવું છે નહિ. સમજાણું કાંઈ?

**'શરીર-પ્રમાણ હી સંકોચરૂપ ઔર વિસ્તારરૂપ હુઆ,...'** દેખો! ઓહો..હો..! એક અંગુલનો અસંખ્યમો ભાગ એમાં અસંખ્ય તો નિગોદના શરીર છે. આ લીલ-ફૂગ, બટાટા, શકરકંદ એક આટલામાં એક શરીરમાં અનંતા જીવ છે. એક એક જીવ અંગુલના અસંખ્યમા ભાગમાં વ્યાપેલો છે, છે પ્રદેશ બધાના સરખા. બધા જીવના પ્રદેશ સરખા, પણ ઓલો સંકોચમાં એટલામાં આવી ગયો. બહાર નીકળે જ્યાં માછલું થાય મરીને, ન્યાંના પરિણામમાં મચ્છ થાય તો હજાર જોજનમાં પ્રદેશ વ્યાપે. પ્રદેશ વધ્યા-ઘટ્યા નથી, એના આમ પહોળાશ ને સંકોચમાં ફેરફાર થયો છે. સાંકળની મકોડી કીધીને? ઓલા સાંકળીના મકોડા સોનાના. હજાર મકોડાની હોય. એ નાની-મોટી નથી. એ તો નાનામાં નાખે તો ઝાઝા સરા ને મોટામાં નાખે તો થોડા સરા. મોટા શરીરમાં તો પહોળા પ્રદેશ થયા છે, નાના શરીરમાં સંકોચ (થયા છે). એવું જ એનું અનાદિ અસંખ્યપ્રદેશી સ્વરૂપ છે. આહા..હા..!

**'ઈસલિયે જીવકે પ્રદેશોંકા પ્રકાશ સંકોચ વિસ્તારરૂપ શરીરનામકર્મસે ઉત્પન્ન હુઆ**

હૈ,...' એ કાંઈ પહેલો વિસ્તાર હતો અને પછી સંકોચ થયો એવું નથી. એ નામકર્મનું નિમિત્ત ને સંકોચની પર્યાય અનાદિથી એવી છે. અને વિસ્તાર થાય તો એ ન્યાં એની પોતાની યોગ્યતાથી ત્યાં થાય. વિસ્તાર આખા લોક પ્રમાણેની વાત નહિ, હજાર જોજનના પ્રમાણની. અને લોક પ્રમાણે સમુદ્‌ઘાત થાય છે કેવળજ્ઞાની, એ પણ અસંખ્ય પ્રદેશ લોક પ્રમાણે થાય છે, પણ હજી કર્મ સહિત છે. સમજાણું? એ પાછા પોતાના પ્રદેશ સંકોચાઈને અહીંયા રહે શરીર પ્રમાણે, પૂર્ણ દશા થઈ ગઈ ... એ શરીર પ્રમાણે આત્મા ત્યાં મુક્તદશામાં ઊર્ધ્વલોકમાં રહે છે. દાખલો આપે છે.

**'ઈસ કારણ સૂખી મિટ્ટીકે બર્તનકી તરહ...'** એ માટીનું વાસણ હોયને લીલુ નવું બનાવેલું કુંભારનું, માટીના પિંડનું વાસણ. પણ જ્યાં સુધી એમાં ભીનાશ છે ભીનાશ, ત્યાં સુધી ભીનાશ છે તો પહેલું આમ દળ ફીક્કું હોય પછી સુકાય, સુકાતું જાય એ. સમજાણું? આ તાવડી છે, આ .. આ બધા માટીના કરે છે કે નહિ? જ્યાં સુધી એમાં ભીનાશ હોય પાણીની ત્યાં સુધી એનો આમ જરીક જાડું દેખાય. ઈ પાણી સૂકાઈ જાય એટલે સંકોચ દેખાય. ઈ સૂકી મિટ્ટીકે બર્તનમેં સૂકુ થયું પાણી વિનાનું પછી એને સંકોચ-વિકાસ ન હોય. એ તો પછી એટલુંને એટલું વાસણ રહે. સમજાણું કાંઈ?

**'કારણકે અભાવસે...'** કારણ કોણ? ઓલું લીલપ, લીલું, લીલાશ. માટીમાં લીલપની ભીનાશનો અભાવ. **'સંકોચ-વિસ્તારરૂપ નહીં હોતા, શરીરપ્રમાણ હી રહતા હૈ,...'** એમ આત્મા કર્મના નિમિત્ત છે ત્યાં સુધી સંકોચ-વિસ્તારની પર્યાયની યોગ્યતાથી થાય. કર્મ ખસી ગયું, માટીમાંથી જેમ ભીનાશ ગઈ તો એવું ને એવું વાસણ રહે. એમ કર્મનું નિમિત્ત ગયું તો એવો ને એવો આત્મા અસંખ્ય પ્રદેશી રહે છે. **'અર્થાત્ જબતક મિટ્ટીકા બર્તન જલસે ગીલા રહતા હૈ,...'** ગીલા-ભીનું. **'તબતક જલકે સમ્બન્ધસે વહ ઘટ બઢ જાતા હૈ,...'** લ્યો! સમજાણું?

**'ઔર જબ જલકા અભાવ હુઆ, તબ બર્તન સૂખ જાનેસે ઘટતા બઢતા નહીં હૈ...'** પાણી નીકળી ગયું એટલે પછી વાસણ એવું જ રહે છે, ઘટતું વધતું નથી. **'ઉસી તરહ ઈસ જીવકે જબતક નામકર્મકા સંબંધ હૈ, તબતક સંસાર-અવસ્થામેં શરીરકી હાનિ-વૃદ્ધિ હોતી હૈ,...'** જુઓ, આ પાછા કોઈ એમ કહે, જુઓ આ કર્મને લઈને થયું, જુઓ કર્મને લઈને થયું. એમ સિદ્ધ નથી કરવું, એની પર્યાય જ્યાં સુધી કર્મના નિમિત્તમાં છે ત્યારે એને સંકોચ વિકાસ થવાનો પોતાનો પર્યાયનો ધર્મ છે. દ્રવ્યસ્વભાવ ધર્મ નથી એટલે ન્યાં કર્મને લઈને કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? કોઈ પરદ્રવ્યને લઈને પરદ્રવ્યમાં કાંઈ થાય એ વાત ત્રણે કાળમાં છે નહિ. ઓહો..હો..!

**'સંસાર-અવસ્થામેં શરીરકી હાનિ-વૃદ્ધિ હોતી હૈ, ઉસકી હાનિ-વૃદ્ધિસે પ્રદેશ સિકુડતે હૈં ઔર ફૈલતે હૈં.'** સંકોચાય-ફેલાય. 'પ્રદેશ સંકોચ'નો અર્થ જરી ઝીણો છે, હોં! પ્રદેશ પોતે એક છે એ સંકોચ-વિકાસ નથી થતો. ઝાઝા પ્રદેશે આમ આવી જાય છે અને આમ ફેલાય છે. સમજાણું કાંઈ?

**'ઈસ કારણ શરીરકે ન હોનેસે પ્રદેશોંકા સંકોચ વિસ્તાર નહીં હોતા, સદા એકસે હી રહતે હૈં. જિસ શરીરસે મુક્ત હુઆ, ઉસી પ્રમાણ કુછ કમ રહતા હૈ. દીપકકા પ્રકાશ તો સ્વભાવસે ઉત્પન્ન હૈ,...'** સ્વભાવથી દીવાનો પ્રકાશ પહેલેથી જ છે. **'ઈસસે આવરણસે આચ્છાદિત હો જાતા હૈ.'** આવરણ આવ્યું, ઢાંકણ. **'જબ આવરણ દૂર હો જાતા હૈ, આચ્છાદિત હો જાતા હૈ. જબ આવરણ દૂર હો જાતા હૈ, તબ પ્રકાશ સહજ હી વિસ્તરતા હૈ. યહા તાત્પર્ય હૈ, કિ જો શુદ્ધ બુદ્ધ (જ્ઞાન) સ્વભાવ પરમાત્મા...'** ઓહો..! શુદ્ધ સ્વરૂપ, બુદ્ધ—જ્ઞાનનો પિંડ પ્રભુ. જે પરમાત્મા **'મુક્તિમેં તિષ્ઠ રહા હૈ, વૈસા હી શરીરમેં ભી વિરાજ રહા હૈ.'** આત્મા જેમ મુક્તિમાં બિરાજે છે પરમાત્મા એવો જ આત્મા શરીરમાં બિરાજે છે. સમજાણું કાંઈ? પરમ આનંદ અને પરમ જ્ઞાનની મૂર્તિ શરીરના આકૃતિ પ્રમાણે ભલે પર્યાય હો, પણ સ્વભાવ એનો શુદ્ધ અને પરમાનંદ અહીંયા બિરાજમાન છે, એવો જ છે આત્મા. એવા સ્વભાવનું ભાન કરીને એના તરફનું ધ્યાન કરવું એ આત્માને શાંતિ અને મુક્તિનો ઉપાય છે.

આત્માની વાત બહુ ઘટી ગઈ ઘટી. બહારની થોથાની વાત રહી ગઈ. ધર્મને નામે પણ ક્રિયા ને આ ને આ. પણ કોણ છે ઈ, શું છે ઈ, કેમ પ્રાપ્ત થાય ને કેમ એ સંકોચ અને હીણી દશાને પામ્યો છે અથવા સંકોચપણાને પામ્યો છે આકારમાં, શું છે આ? આ એની આ ખબર કરાવે છે. સમજાણું? ભગવાન શુદ્ધ છે અને બુદ્ધ છે. આત્મા પવિત્ર છે અને પવિત્ર છે પણ છે શું પવિત્ર? કે જ્ઞાનનો પ્રભુ પિંડ પુંજ છે. શરીર પ્રમાણે જ્ઞાનનો મોટો સૂર્ય છે. એવો શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા અંતર્મુખ દૃષ્ટિ કરીને એ આદરવા લાયક છે. સમજાણું કાંઈ?

જેવા શુદ્ધ-બુદ્ધ ભગવાન સિદ્ધપદમાં બિરાજે છે સિદ્ધો-સિદ્ધ ભગવાન, એવો શરીરમાં બિરાજે છે. એની પર્યાયમાં જરી મલિનતા છે એ ન દેખો તો વસ્તુસ્વરૂપ તો શુદ્ધ બુદ્ધ જ્ઞાનઘન છે. એકલું જ્ઞાન અને આનંદનું દળ છે. દળ, દળ. આ દળના લાડવા નથી થતાં? એવા જ્ઞાન ને આનંદનું દળ છે. પણ અરૂપી? અરૂપી પણ વસ્તુ છે કે નહિ? સમજાણું કાંઈ? એને રૂપ, આ રંગ, ગંધ, રસ, સ્પર્શ આ નથી એમાં, પણ એનામાં અનંત ગુણો શાંતિ, દર્શન, આનંદ આદિ એવી અનંત શક્તિઓનો સંગ્રહ પિંડ એ ભગવાન આત્મા પોતાનો છે. આહા..હા..!

સમજાણું કાંઈ? એ આ શરીરમાં એવો જ બિરાજી રહ્યો છે, ફેરફાર નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ કીધુંને, બે વાર શું કહ્યું? બુદ્ધ એટલે જ્ઞાન કહ્યું હતું અંદર. ધ્યાન રાખો તો બધા અર્થ અંદર સાથે આવી જાય છે. જેચંદભાઈ! એટલું ધ્યાનનું બેખબરું થઈ ગયું. શુદ્ધ એટલે પવિત્ર અને બુદ્ધ એટલે જ્ઞાન એમ કહ્યું હતું. જુઓ! એમાં પણ અર્થ છે જુઓ! બુદ્ધ એટલે જ્ઞાન. એમાં અર્થ છે. જ્ઞાન જાણવું... જાણવું... જાણવું... જાણવું... તે પવિત્ર સ્વરૂપ તે આત્મા છે. જેની સત્તામાં... કહો, જમુભાઈ! કહેતા હતા કે, આ દેખાતો નથી. દેખાતો નથી શું? જેની સત્તામાં આ દેખાય છે તે સત્તા દેખાય છે આ જ્ઞાનમાં. અરે..! શું કીધું? જેની પ્રથમ હયાતી જ્યાં જ્ઞાનની ન હોય તો 'આ છે' એમ કોણે જાણ્યું? કોની સત્તામાં જાણ્યું? આ જડની સત્તામાં જાણ્યું? જડ સત્તા વડે જાણ્યું? જ્ઞાનની સત્તામાં જાણ્યું, જ્ઞાન સત્તા વડે જાણ્યું. કોઈ દિ' નવરો થયો નથીને પણ ઈ. પોતાની પિછાણ, ઓળખાણ કરવા નવરાશ ન મળે. બહારની આડે નવરો થાય ત્યારેને. મરી ગયો એમને એમ અનંત કાળથી. સમજાણું કાંઈ?

દેખાય છે એટલે? આંખથી ક્યાં દેખવું છે? આંખ તો આ જડ છે. આંખને જાણનાર કોણ છે? આ આંખ છે એમ નક્કી કોણે કર્યું? જ્ઞાને કે આંખે? આ તો માટી કોડો જડ છે, ધૂળ કાળા અને ધોળા. જ્ઞાનની સત્તામાં-હોવાપણામાં આંખ છે એમ જણાય છે. જેનામાં આંખ નથી પણ જેનામાં આંખ સંબંધીનું, પોતા સંબંધીનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? બ્રહ્મવિદ્યા, આત્મવિદ્યા છે આ. આ તો બહુ સાધારણ વાત છે. અત્યારે આ કાંઈ બહુ એવી નથી. કાલ જરી ઝીણી હતી અને રાતની વળી બહુ ઝીણી હતી. કહો, સમજાણું? આહા..!

**'કિ જો શુદ્ધ બુદ્ધ (જ્ઞાન) સ્વભાવ પરમાત્મા મુક્તિમેં તિષ્ઠ રહા હૈ, વૈસા હી શરીરમેં ભી વિરાજ રહા હૈ.'** એવો જ ભગવાન આત્મા છેને, અસ્તિ છેને, વસ્તુ છેને, હયાતીવાળુ સત્ છેને. એ સત્ ભગવાન અનંત અનંત બેહદ જ્ઞાન આનંદ ... આ પરને જાણતા પોતે પ્રસિદ્ધ થાય છે.

મુમુક્ષુ :— પોતે પ્રસિદ્ધ થાય છે, પર નહિ?

ઉત્તર :— પર નહિ. સમજાણું કાંઈ? આ શરીર છે એમ જે જાણ્યું, એ જાણનાર પ્રસિદ્ધ થાય છે કે શરીર પ્રસિદ્ધ થાય છે? અરે..! ભગવાન કોઈ દિ' પણ માંડી જ નથીને પોતાની, એમને એમ કડાકુટારા કરી કરીને ઘાંચીના બળદની જેમ રાગ-દ્વેષ, પર આ કર્યું, ને મરી ગયો હેરાન થઈ થઈને. આ શરીર છે એમાં પ્રસિદ્ધિ કોની થઈ? જ્ઞાનની પ્રસિદ્ધિ થઈ. જ્ઞાને જાણ્યું કે, આ શરીર. પ્રસિદ્ધ જ્ઞાન કરે છે. એ જ્ઞાન પ્રસિદ્ધિમાં બે પ્રકારની પ્રસિદ્ધિ આવે છે. એ

જ્ઞાન છું એ પ્રસિદ્ધિ થઈ અને જ્ઞાને આ શરીર જાણ્યું, આ શરીર, (તો) શરીરની પ્રસિદ્ધિ-દેહ સંબંધીનું જ્ઞાન અહીં પ્રસિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આ.

જુઓ! આ નવ વાગે છે. એમ જ્ઞાને જાણ્યું છે કે નહિ? તો જ્ઞાનની હયાતીની પ્રસિદ્ધિ થઈને કે જેમાં આ જણાણું. ઈ જણાણું નથી, જણાણું છે જ્ઞાન. જ્ઞાન જાણે છે એમાં પ્રસિદ્ધિ બે પ્રકારની થઈ. જ્ઞાનવાળું તત્ત્વ છું એમ પ્રસિદ્ધિ થઈ અને આ એક છે ચીજ અહીં જણાય છે તો આ એક ચીજ છે એની પણ પ્રસિદ્ધિ પરમાં થઈ. સ્વ અને પરની પ્રસિદ્ધિ કરનારું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આ તો સાધારણ વાત છે, આમાં કાંઈ મોટા પલાખા શીખવા પડે એવા નથી. એણે પણ કોઈ દિ' (દરકાર જ કરી નથી).

મુમુક્ષુ :— પલાખા તો તરત યાદ રહે.

ઉત્તર :— શેના પલાખા? સંસારનાને? ગુણીના ને ફલાણાના, ચોખાના, દાળના ને ઢીંકણાના. મહાસુખ ન્યાં રહે છે અને ત્રંબક અહીંયા રહે છે, ઓલો ન્યાં રહે છે. ત્રણની કેટલી પેદાશ કરે છે ઈ બધું યાદ રહે છે. પણ આ શું કરે છે પેદાશમાં? કાંઈ પેદાશ જાય છે? કે ખોટ ખાતે જાય છે આત્માનો ધંધો? આહા..હા..!

ભગવાન શરીરમાં બિરાજમાન છે. જુઓ! એ સિદ્ધ ભગવાન છે એવું જાણ્યું કોણે અહીંયા? એ જ્ઞાનની પ્રસિદ્ધિ છે. જ્ઞાન એવું એક છે આત્માનું એ આત્મા, તે 'હું છું' સિદ્ધનો જાણનાર એવી મારી સત્તાની પ્રસિદ્ધિ (થાય છે) અને એક સિદ્ધ બીજા છે એવી સત્તાની પ્રસિદ્ધિ જ્ઞાન પોતાના સ્વ-પરપ્રકાશથી પ્રસિદ્ધિ કરે છે. સમજાણું કાંઈ? મોક્ષમાં આવે છે, નહિ? બંધ અધિકારમાં, નહિ? આ રાગ છે એ જ્ઞાન પ્રસિદ્ધિ પામે છે, રાગનું નહિ. જ્ઞાન જ્ઞાનપણાની પ્રસિદ્ધિ (કરે છે કે) હું જ્ઞાન છું એમ પ્રસિદ્ધ થાય છે. એ જ્યારે રાગ થયો એ રાગ પ્રસિદ્ધ પામતો નથી, રાગનું જ્ઞાન અહીં થયું એ જ્ઞાનનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એમ જ્ઞાન પ્રસિદ્ધપણે પામે છે. અજ્ઞાનીને એમ ભાસ થાય છે કે, રાગ પ્રસિદ્ધપણે પામે છે. ત્યારે અહીંયા જ્ઞાન અને રાગનું જ્ઞાન એમ પ્રસિદ્ધપણે પામે છે. ભારે ભાઈ!

**'વૈસા હી શરીરમેં ભી વિરાજ રહા હૈ.'** લો. જેવા ભગવાન મુક્તમાં 'ણમો સિદ્ધાણં' એ ભગવાન બિરાજે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આ વસ્તુ પોતે આ દેહ હાડકાને તો જાણે છે, જાણનારો દેહ હાડકા રૂપે થયો નથી. સમજાણું કાંઈ? પણ તેનું દ્વિરૂપ પ્રસિદ્ધ કરે છે આત્મા. હું છું, આ છે-એનું જ્ઞાન ડબલ જ્ઞાન પ્રસિદ્ધ કરે છે આત્મા. ભારે ઝીણું ભાઈ! **'જબ રાગકા અભાવ હોતા હૈ,...'** જુઓ! હવે શું કહે છે? છે તો અહીં એ, પણ નજરમાં ક્યારે આવે? એમ કહે છે. પુણ્ય-પાપના રાગ (એમાં) અટકેલું જ્ઞાન એ રાગને ભાળે છે, પણ હું કોણ છું અને એનો જાણનાર કોણ—એ ભાળતો નથી. જ્યારે એ આત્મા

રાગનો અભાવ, એટલે વિકલ્પ જે પુણ્ય-પાપના છે કે જે જ્ઞાન એને જાણે છે એ રાગથી પૃથક થઈને આ આત્મા જ્ઞાનમૂર્તિ છે એમ જાણે ત્યારે એ આત્મા રાગરહિત પર્યાય કાળે એ આત્મા ઉપાદેય ગણવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ?

**'જબ રાગકા અભાવ હોતા હૈ, ઉસ કાલમેં...'** દેખો! છેને? ઉસ સમય છેને. સમજાણું? **'रागादि रहित काले'** એમ છે જુઓ! શું કહે છે? છે તો એવો સિદ્ધ જેવો. શરીર પ્રમાણ, શરીરથી ભિન્ન, આકાર શરીર પ્રમાણે, ભાવ શરીરથી ભિન્ન, સામર્થ્ય ભિન્ન. એ ક્યારે ભાવભાસન થાય આ વસ્તુનું? એ પુણ્ય-પાપના રાગમાં એકત્વ જે છે એના વિકલ્પમાંથી ખસીને એટલે વર્તમાન રાગની વૃત્તિ ઉઠે છે એમાંથી ખસીને આ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ છું એમ અંતરમાં રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાનની પર્યાયથી એ આત્મા દેખાય છે, આત્મા ઉપાદેય જણાય છે. આહા..હા..!

ઉપાદેય સમજાણું? આદરણીય. આમ અનાદિથી પુણ્યના પાપના ભાવ આદરણીય માન્યા છે અને આ બહારનું માન્યું છે, એ કાંઈ આદરણીય થઈ જતું નથી. આ શરીર, બાયડી, છોકરા, આ આ આ મારે આદરવા લાયક છે. આદરવા લાયક છતાં એના થયા નથી. આ રાગ-દ્વેષ આદરવા લાયક એ એના પર્યાયમાં એકાકાર થયા છે, વસ્તુમાં થયા નથી. શું કહ્યું સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય ભગવાન આત્મા જાણનાર, આંખો જેની જાણવું તે સ્વરૂપ પરમાત્મા પોતે. આ શરીર બાયડી, છોકરા, કુટુંબ, મકાન, પૈસા એ મારા એવું એણે માન્યું ભલે હો, પણ એ એની પાસે આવ્યા નથી અને એના થતાં નથી. એક સમય પણ એના થયા નથી. હવે એના થયા છે શું? પર્યાયમાં રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, વિકાર તે ક્ષણિક વિકાર વિનાની ચીજ છે એવી દૃષ્ટિ નથી તેથી એક સમયની દશામાં 'આ વિકાર મારા' એવી એક સમયની વિકારની એકતાબુદ્ધિ એનામાં થઈ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— વિકારની એકતાબુદ્ધિ ....

ઉત્તર :— કીધું, શું કીધું આ? શરીર-બરીર થયું નથી, રાડ્યું પડે તોપણ. આ શરીર પ્રત્યેનો દ્વેષ કરીને દ્વેષમાં એકત્વ થયું છે જ્ઞાન, એક સમય પૂરતું. વસ્તુ નહિ. આ શરીર તો એક સમય પણ એની સાથે એક થયું નથી. શું કીધું? આ તો માટી જડ છે, ઓલો તો અરૂપી ભગવાન રૂપ વિનાની ચીજ છે. આ શરીર, બાયડી, છોકરા, કુટુંબ, મકાન, પૈસો, હજીરા આ બધા બહાર... મકાન એટલે હજીરા. સમજાણું? એ બધા પર છે. એ તો એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્મા સાથે એક થયા જ નથી. એ મૂઢ પણ... એ માટે (કહે) છે. સમજાણું? પણ રાગ અને દ્વેષ એ મારા એવો મિથ્યા ભાવ અને અનુકૂળનો રાગ અને પ્રતિકૂળનો દ્વેષ એ વિકારી વૃત્તિઓ જે થાય છે ક્ષણિક એને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સાથે તો સંબંધ નથી. પણ એક સમયની દશામાં એકપણે માન્યું છે એ માન્યતાથી એકત્વ થયો છે. આહા..હા..!

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...ગોઠે છે.

ઉત્તર :— ગોઠે છે એને, ગોઠ્યું છેને અનાદિનું. ઉઠવું ન હોયને તો જાગતો હોય તોય, હોંકારો ન દે. એમ હશે કે નહિ? એઈ..! ઉઠવું ન હોયને ઊંઘમાંથી, આંખ તો ભલે ઊંચી ન કરે પણ સાંભળે એલા ઉઠ. સાંભળે છે ખરો, ઉઠવું નથી એને, ખાટલામાંથી ઉઠવું નથી. સમજાણું કાંઈ? હોય છેને કેટલાક આળસુ છોકરા સાત, આઠ વાગ્યા સુધી સુવે, આઠ વાગ્યા સુધી લ્યો! નિરાંતે પડ્યા રહે. અવાજ આવે કાને, પણ જવાબ શું કરવા આપે? જવાબ આપે તો ઉઠ ઝટ, એમ કહે. એમ આ ઉઠતો જ નથી એને અવાજ મારે તો પણ ઊંઘે છે. આહા..હા..!

અરે..! જાગ રે જાગ તું ચૈતન્યસૂર્ય પ્રભુ છો ભાઈ! આ પુણ્ય-પાપના રાગમાં એકત્વ કર્યું એ તારા સ્વભાવમાં એકત્વ કોઈ દિ' થયું નથી. એક સમય, એક સમય-એક સેકન્ડનો અસંખ્યમો ભાગ. એમાં તેં માન્યું છે, માન્યતા વડે ઊભી કરી ઉઠાવગીરે. આહા..! એ રાગની એકત્વબુદ્ધિને ક્ષણભર એના તરફથી ખસીને, આ ચૈતન્ય અંદરમાં રાગરહિત દૃષ્ટિના કાળે એ આત્મા ઉપાદેય છે. સમજાણું કાંઈ? આ આત્મા એ રાગ (રૂપ થઈ નથી). કારણ કે વસ્તુ વીતરાગસ્વરૂપ છે આત્મા, સ્વભાવ એનો. એ રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન કરે તે કાળે તેને આ આત્મા એકાકાર એમાં થયો માટે એ અપેક્ષાએ તે ઉપાદેય અને અંગીકાર કરવા લાયક થયો. સમજાણું કાંઈ?

'**ઉસ કાલમેં યહ આત્મા પરમાત્માકે સમાન હૈ, વહી ઉપાદેય હૈ.**' દેખો! એ વખતે પરમાત્મા સમાન. પણ રાગની રુચિ છોડી અને આ સ્વભાવ સન્મુખનો કાળ કરે ત્યારે તે આત્મા પરમાત્મા સમાન આદરણીય થયો એટલે એમાં એકાકાર થયો. એ વિના આદરણીય એને (થતો નથી). લક્ષમાં તો, આ ચીજ શું છે એ ચીજની તો દૃષ્ટિ થઈ નથી, દૃષ્ટિ વિના એ ચીજ શું એને તો આદરણીય માની નથી. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષની લાગણી વૃત્તિ ઉઠે છે એવા વિકારના ભાવથી ચૈતન્ય ઉપાદેય છે એમ ન થઈ શકે. કારણ કે રાગ તે એના સ્વરૂપમાં નથી. એ પરમાત્મસ્વરૂપ છે આત્મા. તો આત્મા પરમાત્મસ્વરૂપ એ રાગ અને પુણ્યના વિકલ્પોનો પ્રેમ છોડી આ રાગરહિત દૃષ્ટિ કરે, રાગરહિત જ્ઞાન કરે તે કાળે આત્મા પરમાત્મ સમાન અંગીકાર કરવા યોગ્ય થાય. સમજાણું કાંઈ? આ સાર પાછો લીધો એનો.

મુમુક્ષુ :— કોઈ રીતે બેસતું નથી.

ઉત્તર :— એને બેસાડવું જોશે કે કોઈ બેસાડી દે એવું છે? એણે ઊંધાઈ કરી છે, એ ઊંધાઈ એને છોડવાની છે. જેણે ઊંધાઈ કરી એ છોડે, બીજો કોણ છોડે? બીજાએ એની કરી તે ઈ છોડે, એણે એની કરી તો ઈ છોડે. આહા..હા.! અરે..!

છેલ્લે એ આવ્યું હો! **'शुद्धबुद्धस्वभावः परमात्मा तिष्ठति'** સમજાણું? **'तत्सद्दशो रागादिरहितकाले'**. સ્વ-શુદ્ધાત્મા ભગવાન આત્મા જે શરીર અને વાણીથી એક તો કોઈ દિ' નથી થયો. પણ શુભ-અશુભ વિકલ્પની કૃત્રિમતા વિકાર, એને આ સ્વભાવ તરફનો આદર નહોતો એટલે તેની સાથે એકતા થયેલી. ક્યાંક તો એનું હોવાપણું એણે સ્વીકારવું જોઈએ. એટલે આ ચૈતન્યપ્રકાશ રાગરહિત જે દૃષ્ટિથી જોવો જોઈએ તે રીતે નહિ તો પછી એનાથી વિરુદ્ધ જે પુણ્ય-પાપના ભાવ એનામાં એકાકાર થઈ એ જ આત્મા છે એમ એણે માન્યું.

એ આત્મા એને ઉપાદેય ક્યારે થાય? એ પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે છે એનાથી ખસી-પડખું ફેરવી સ્વસન્મુખ પડખે જાય એ પડખાને રાગરહિત દૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ રાગરહિત,.. સમજાણું? કાળમાં-તે કાળે કારણ કે આ આમ જ્યારે દૃષ્ટિ ગઈ ત્યારે તે કાળે આ આત્મા આદરણીય થયો. **'વહી ઉપાદેય હૈ.'** એ આત્માને એ જ આદરણીય છે. બાકી રાગ, દ્વેષ, વિકલ્પ આદિ આદરવા લાયક નથી. આ વસ્તુ આદરવા લાયક (છે). એવું જે તાત્પર્ય કાઢવું એનું નામ મોક્ષનો માર્ગ કહેવાય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૫, શુક્રવાર, તા. ૨૯-૧૦-૧૯૬૫
## ગાથા-૫૫, પ્રવચન-૩૬

૫૫મી ગાથા, 'પરમાત્મપ્રકાશ' પહેલો ભાગ. **'આગે આઠ કર્મ ઔર અઠારહ દોષોંસે રહિત હુઆ વિભાવ-ભાવોંકર રહિત હોનેસે શૂન્ય કહા જાતા હૈ,...'** આ ચોથો બોલ. ચાર બોલ છેને? ક્યા ચાર બોલ? ધર્મચંદભાઈ! ક્યા યાદ રહે ચાર બોલ? બપોરના ચાર જુદા અને આ ચાર જુદા હોં! એક તો એ કહ્યું કે, જીવ સર્વગત છે. આ આત્માનો સ્વભાવ જ્ઞાન છે એ જાણવું, બધા જગત-લોકાલોકને જાણવાનો સ્વભાવ છે. એ અપેક્ષાએ વ્યવહારથી સર્વગત છે એમ કહેવામાં આવે છે. બાકી તો છે પોતાના અસંખ્ય પ્રદેશમાં રહેલો, એ કાંઈ બીજા લોકાલોકમાં પ્રસરતો અને ફેલાતો નથી. એક વાત સર્વગતની લીધી હતી. બીજી વાત. બીજી કઈ કીધી? જડ કીધી, જડ. જીવને જડ કહ્યો. કઈ રીતે? કે આત્મા પોતાના આનંદ

સ્વરૂપ, આ ઇન્દ્રિયજ્ઞાનનું જે લક્ષ છે એ છોડી દઈને પોતાના આત્મામાં અતીન્દ્રિય જ્ઞાનાનંદ સ્વરૂપ એની શાંતિના અંતર વેદન કાળમાં એને ઇન્દ્રિયજ્ઞાન હોતું નથી. તેથી ઇન્દ્રિયજ્ઞાન વિનાનો એને જડ કહેવામાં આવે છે. પણ એના ચૈતન્યના સ્વભાવનો જ્ઞાનનો અભાવ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ધરમચંદભાઈને એમ થઈ જાય કે, આ શું ... એમ થઈ જાય. તમારો બચાવ કરે છે હોં. કહો, સમજાણું આમાં? ચાર બોલ આ. ઓલા બપોરે ચાર બોલ તો કાલ પૂરા થઈ ગયા છે. આ ચાર બોલ બીજા છે કે, ભાઈ! આ આત્મા છે વસ્તુ મહા ચિદાનંદસ્વરૂપ અનાદિ-અનંત વસ્તુ પદાર્થ છે. એને પરમાં વ્યાપ્યા વિના પરનું જાણવું છે એથી એને વ્યવહારે સર્વગત કહેવામાં આવે. અને એને જડ પણ કહેવામાં આવે. કેમ કે પોતાના જ્ઞાનના અંતર આનંદમાં જ્યારે પડ્યો હોય ત્યારે આ ઇન્દ્રિયજ્ઞાનની એને ખબર નથી. એ અપેક્ષાએ એને જડ પણ કહેવાય છે અને કેવળજ્ઞાનીને પણ એ અપેક્ષાએ જડ કહેવામાં આવે છે. બે બોલ (થયા).

ત્રીજો, આ શરીરના આકાર પ્રમાણે એમ કહ્યું. શરીર પ્રમાણે આ આત્મા છે. એમ કહ્યું ને ત્રીજું. શરીર પ્રમાણે આત્મા છે. એનો આત્માના આકારનો સંકોચ-વિકાસ થાય છે એમાં નામકર્મના સંબંધે અહીંયા નિગોદના શરીરમાં જાય ત્યારે આત્મા સંકોચાઈ જાય છે. હજાર જોજનના માછલામાં જાય ત્યારે વિસ્તાર પામે છે. પ્રદેશ તો અસંખ્ય છે તે છે, પણ આમ સંકોચ ને વિકાસ એના પ્રદેશોનો થાય છે. અને સિદ્ધમાં એનો પછી સંકોચ છે નહિ. દેહ છેલ્લો છૂટી ગયો એ પ્રમાણે અસંખ્ય પ્રદેશનો ઘન એવો આકાર રહે છે. એવું એનું સ્વરૂપ છે એમ બતાવ્યું.

હવે આ શૂન્ય કહ્યો છે એને. એ પણ કહે છે શૂન્ય કહ્યો છે ને? કે, હા. કઈ અપેક્ષાએ? ભગવાન આત્મા અત્યારે કે સિદ્ધમાં આઠ કર્મ, વિકારી ભાવથી શૂન્ય છે સિદ્ધ ભગવાન. આ આત્માનો અંતર સ્વભાવ પણ, આઠ કર્મ જડ માટી અને ભાવકર્મ પુણ્ય-પાપના ભાવ એનાથી આત્માનો સ્વભાવ પર-વિકારથી ખાલી છે. પણ પોતાના અનંત જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવથી તે ભરેલો છે. સમજાણું કાંઈ? એ કહેશે.

**૫૫) अट्ठ वि कम्मइँ बहुविहइँ णवणव दोस वि जेण।**
**सुद्धहँ एक्कु वि अत्थि णवि सुण्णु वि वुच्चइ तेण।।५५।।**

આ ભગવાન આત્મા અંદર વસ્તુ છે, પદાર્થ છે, ચૈતન્ય આનંદઘન શરીર પ્રમાણે આત્માનો આકાર અને અંદર સ્વભાવનું દળ ચૈતન્ય અનંત ગુણનો પિંડ આત્મા છે. એ અને આ સિદ્ધ ભગવાન બે.

**અન્વયાર્થ :-** 'જિસ કારણ આઠોં હી અનેક ભેદોંવાલે કર્મ...' છેને **'बहुविधानि'** અને **'नवनव दोषा'** નવ નવ એટલે અઢાર. એ દોષ છે ક્ષુધા, તૃષા આદિ છે કે નહિ?

અઢાર દોષ છેને? ભગવાનને કેવળીને નથી. '**અઠારહ હી દોષ ઈનમેંસે એક ભી શુદ્ધાત્માઓંકે નહીં હૈ,...**' એ દોષ સિદ્ધ ભગવાનને એક પણ છે નહિ. ક્ષુધા નથી, તૃષા નથી, રોગ નથી, શરીર નથી, જરા નથી, ઘડપણ નથી, આઠ કર્મ નથી.

એમ આત્મા પણ આ શુદ્ધ સ્વરૂપ એનું છે શક્તિનું સત્ત્વરૂપ, તેમાં ક્ષુધા તૃષા આદિનો દોષ એના મૂળ સ્વરૂપમાં નથી. આઠ કર્મ પણ એના મૂળ સ્વરૂપમાં નથી. કહો, સમજાણું કાંઈ? '**અઠારહ હી દોષ ઈનમેંસે એક ભી શુદ્ધાત્માઓંકે નહીં હૈ, ઈસલિયે શૂન્ય ભી કહા જાતા હૈ.**' એ માટે આત્માને શૂન્ય પણ કહેવાય. પરના અભાવની અપેક્ષાએ એને પરપણું એમાં નથી માટે શૂન્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! જેમ આ આંગળી છે, આ આંગળીમાં આ આંગળીનું શૂન્યપણું છે. આ આંગળીમાં આ આંગળી છે? આ આંગળીમાં આ આંગળી છે? નહિતર બે શી રીતે રહેશે? આનું આમાં શૂન્યપણું છે અને આનું આમાં ભરેલું અશૂન્ય છે. આનું આમાં હોવાપણે છે અને આમાં આનું શૂન્યપણું છે. સમજાણું? બરાબર છે કે નહિ? આ આંગળી છેને એમાં આ આંગળીનું શૂન્યપણું છે કે આ આંગળીનું બેપણું આમાં આવી ગયું છે? આ આંગળી આંગળીપણે છે ભરેલી. જુઓને, આ લોહી ને રજકણના પિંડનું તત્ત્વ આખું એ રૂપે ભરેલું છે, પણ આ આંગળીથી એ ખાલી છે. એમ આત્મા વસ્તુ સ્વરૂપ અંદર અનંત જ્ઞાન, દર્શન, આનંદ એવો એનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવ શુદ્ધ એનાથી તો એ ભરેલો છે, પણ આઠ જડ કર્મ અને પુણ્ય-પાપના વિકારી ભાવ એનાથી શૂન્ય છે. એનાથી ખાલી છે, એનાથી ખાલી ન હોય તો ખાલી થઈ શકે નહિ. શેનો?

મુમુક્ષુ :— શૂન્યનો.

ઉત્તર :— પણ શૂન્યનો અર્થ જ ઈ છે. દરેક દ્રવ્ય પોતાથી અશૂન્ય છે, પરથી શૂન્ય છે. એવો પાઠ છે 'પ્રવચનસાર'માં. શું? દરેક પદાર્થ (કે) આત્મા છે એ પોતાથી અશૂન્ય છે, અશૂન્ય એટલે કે એમાં શૂન્યપણું નથી, સ્વભાવ છે. જ્ઞાન, દર્શન, આ સત્તા ચૈતન્ય જ્ઞાન આનંદ જેનામાં-જેના હોવાપણામાં જાણવું-દેખવું આનંદ અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છતા વગેરે એનાથી તે અશૂન્ય છે એટલે કે ભરેલો છે અને પરદ્રવ્યથી તે શૂન્ય છે. જો પરદ્રવ્ય એમાં આવી જાય તો બે દ્રવ્ય એક થઈ જાય. એની સપ્તભંગી છે. સમજાણું કાંઈ? ક્રમસર કે દિ' અભ્યાસ ક્યાં કર્યો છે તમે? કહો, સમજાણું કાંઈ?

આ દાખલો ન આપ્યો આ? આ લાકડી લ્યો લાકડી. આ છે કે નહિ? વસ્તુ છે કે નહિ? એમાં સુગંધ (છે). આ છે સુખડની, તો સુખડની સુગંધ છે, સુંવાળપ છે, આ આકાર છે, આ પણે તે અસ્તિ છે, આ પણે તે છે, છે એટલે એના ભાવપણે, એના શક્તિપણે, એની દશાપણે છે. આ આંગળીપણે નથી, આંગળીપણે શૂન્ય છે, આંગળીપણું એમાં અભાવ છે.

અભાવ એટલે એમાં શૂન્ય છે. પરથી શૂન્ય અને સ્વભાવથી ભરેલો. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :— ક્યારે?

ઉત્તર :— અત્યારે. ક્યારે શું? ત્રણે કાળે.

અહીંયા તો સિદ્ધ અને આત્મા બેની વાત કરે છે. સિદ્ધ ભગવાન જે અશરીરી પરમાત્મા થઈ ગયા, જે સ્વરૂપ હતું અંદર જ્ઞાન, દર્શન, આનંદ એના અંતરમાં પ્રવેશ કરી, એકાકાર થઈ અને શક્તિ હતી એ વર્તમાન દશામાં પ્રગટતા પરમાત્મા થયા. એ સિદ્ધને આઠ કર્મેય નથી અને પુણ્ય-પાપનો વિકાર પણ નથી. તેથી સિદ્ધ શૂન્ય છે. એવી રીતે આ આત્મા પણ અત્યારે, અત્યારે ... સમજાય છે? **'શુદ્ધાત્માઓંકે નહીં હૈ, ઈસલિયે શૂન્ય હૈ.'** શુદ્ધાત્મા આ એક શુદ્ધાત્મા છે. આહા..હા..! એણે કોઈ દિ'... કો'કના ઘર ભર્યા હોય તેથી આનું ઘર ખાલી, એનાથી તો ખાલી છે. એના ઘરમાં ભરેલું હોય એનાથી ભરેલું છે. કે બીજાના ઘરથી ભરેલું એ છે? બે ભાઈઓ હોય ને બે ઓરડા હોય ...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હવે એના દીકરાના રૂપિયાથી એનું નથી એને. પણ એનો દીકરાનો આત્માય પૈસાથી શૂન્ય છે.

આત્મા વસ્તુ છે કે નહિ? આ દેહના રજકણથી (ભિન્ન) વસ્તુ જાણવાના ભાવવાળું, હોવાવાળું તત્ત્વ જાણે છે... જાણે છે... જાણે છે..., છે જાણે છે, છે એવું જાણે એવો હોવાવાળો પદાર્થ (છે). તો એ જાણે છે એટલું નથી. જાણે છે તો જાણવું થયું. આ છે એવું અસ્તિત્વ થયું, શ્રદ્ધે છે એમ શ્રદ્ધા થઈ, એમાં ટકે છે આ જાણવું એમાં ટકવું એ ચારિત્ર થયું. જાણવું એને ટકાવી રાખવું એ વીર્ય થયું. એવા એવા, આત્મા હોવાવાળા આત્મામાં અનંત ગુણો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવાથી તે અશૂન્ય છે, ભરેલો ભગવાન છે, એ ભરેલો ભગવાન છે. પોતાના શક્તિના-સ્વભાવના ગુણથી ભરેલો ભગવાન છે અને કર્મ ને શરીર ને વિકાર ને વિભાવથી શૂન્ય છે. આહા..હા..! અરે..! કહો, મોહનભાઈ! એ દુઃખની દશાથી ખાલી આત્મા છે એમ કહે છે. એ જેચંદભાઈ! શરીરનો રોગ, શરીર, આઠ કર્મ, પુણ્ય-પાપના ભાવ અને મને દુઃખદાયક છે એવો જે વિકલ્પ તેનાથી, ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ વિકારના ભાવથી રહિત છે, શૂન્ય છે. આહા..હા..! ક્યારે?

મુમુક્ષુ :— દુઃખ મટે ત્યારે.

ઉત્તર :— અત્યારે. દુઃખ મટે ત્યારે શું? આહા..હા..! અરે..! એનું હોવાપણું કેવડું છે? કેટલું છે? શી રીતે છે? એની એને ખબર ન મળે અને દુનિયાની પડ માંડી મોટી. દુનિયાના ડાહ્યા સંસારમાં રખડનારા. મોહનભાઈ! ... તમે ડાહ્યા કહેવાતાને. દુનિયાના બધા હોશિયાર

માણસ કહેવાઓ. આહા..હા..!

કહે છે, પ્રભુ! આ આત્મા જે ભૂમિકામાં, જેની હયાતીમાં આ છે એમ જણાય છે તે છે કે નહિ? તે છે એમાં જ્ઞાન આનંદ આદિ ભરેલું છે, પણ જે ચીજ જણાય એ ચીજ એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ! આ તો હજી એકડો એને શીખવો પડે.

**ભાવાર્થ :— 'ઈસ આત્માકે શુદ્ધનિશ્ચયનયકર...'** શુદ્ધનિશ્ચયનયકર એટલે ભગવાન આત્મા આમ ચિદ્‌ઘન જ્ઞાનસ્વરૂપ જે પૂર્ણ શુદ્ધ, જેની એક સમયની અવસ્થા-હાલત એમાં પુણ્ય-પાપના ભાવ, દુઃખ-સુખની કલ્પના અને આઠ કર્મનો સંબંધ (દેખાય છે) એ બધું સ્વરૂપમાં નથી. અંતરમાં જો હોય તો નીકળીને પરમાત્મા થઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ વાંધા પાછા. વ્યવહાર છે કે નહિ? પણ વ્યવહારે છે એટલે? વ્યવહાર છે. રાગ-દ્વેષ દુઃખની કલ્પના, કર્મનો સંબંધ એ વ્યવહાર એટલે વર્તમાન છે. હવે છે એ ત્રિકાળ વસ્તુમાં નથી. પ્રયોજન સિદ્ધ કરવું છે, આત્માની શાંતિ પ્રગટ કરવી છે. ત્યારે ક્યારે શાંતિ પ્રગટ થાય? કે, જે અશાંતિના વિકલ્પો, કર્મનો સંબંધ... જે વસ્તુ ભગવાન ચિદાનંદ ચિદ્ સત્તા—જ્ઞાન સત્તા, આનંદ સત્તા, સત્તા એટલે હોવાવાળો એવો સ્વભાવ ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ એમાં એ રાગ ને કર્મ ને વિભાવ નથી.

એવા આત્મા તરફ દૃષ્ટિ કર્યા વિના એને શાંતિ થાય એવું નથી. આ રાગવાળો છું ને દુઃખી છું ને કર્મવાળો એ તો બધું દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? હવે એને કાંઈક સ્વતંત્ર સુખી થવું છે કે નહિ? એને સ્વતંત્ર શાંતિ જોવે છે કે નહિ? એટલે કે એને ધર્મ જોવે છે કે નહિ? તો ધર્મી એવો ભગવાન આત્મા અનંત અનંત બેહદ સત્તા હોવાવાળો શાંતિ આદિ ગુણથી ભરેલો છે અને આ પુણ્ય-પાપ ને વિકાર ને આ દુઃખની વિકલ્પો એનાથી શૂન્ય છે. એવા પરથી શૂન્ય ને પોતાથી ભરેલું એના ઉપર દૃષ્ટિ આપવાથી આત્માને મોક્ષના માર્ગની શરૂઆત છૂટવાની ત્યાંથી થાય છે. આહા..! સમજાણું કાંઈ? આહા..! વ્યવહાર ને નિશ્ચયના ઝઘડા ઊભા કરે છે. અહીં આ તો વ્યવહાર અને નિશ્ચય બે છે. હવે છે પણ શું કરવું છે તારે હવે? રાગ ને પુણ્ય ને ભાવ ને કર્મ ને ઈ છે. કહો, હવે છે પછી કરવું છે શું તારે? આ પણ છે અને આ પણ છે, હવે શું કરવું છે તારે? કહે. મહાન ચિદાનંદ સત્તા એના સામું તારે જોવું છે કે વિકાર ને કર્મનો વર્તમાન સંબંધ એની સામું તારે જોવું છે? ઈ તો તેં જોયું છે અનાદિથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? હું રાગવાળો છું, પુણ્યવાળો છું, કર્મવાળો છું, શરીરવાળો છું. એ તો છે, છેને વ્યવહારે છે. વ્યવહાર એટલે એક સમયની અવસ્થામાં એટલો અસ્તિત્વનો સંબંધ છે. હવે છે એને શું કરવું તારે? કહે. તારે શાંતિ જોવે છે? આખો મહાન છે એવો પદાર્થ દૃષ્ટિમાં લેવો છે કે આ કૃત્રિમ વિકાર ને શરીરનો સંબંધ એટલો તારે દૃષ્ટિમાં રાખવો છે? આહા..હા..! સમજાણું કાંઈ?

આ તમે તો બહુ ડાહ્યા કહેવાઓ ન્યાં ગામડામાં. એને બધા કુટુંબમાં પણ એમ કહે કે, ભાઈ! વીર્યવાળો માણસ, રાખો મોઢા આગળ બેસાડો. કોને કહેવું વીર્ય? 'ઘટ પટ આદિ જાણ તું, જેથી તેને માન' આવે છેને? 'જાણનારને માન નહિ, કેવું તારું જ્ઞાન?' આવે છે? આ શરીર છે, આ છે... આ છે... આ છે. ઠીક હવે પછી શું કરવું છે તારે? મારામાં રાગ છે, એ પુણ્ય છે, આ પાપભાવ છે, એનાથી કર્મ બંધાણું લાગે છે. પણ છે હવે પણ તારે કરવું છે શું કહે? એટલા છે એમાં તારે રહેવું છે? એ તો રહ્યો છે અનાદિ કાળથી દુઃખી થઈને. રતિભાઈ! આહા..હા..! તારા દુઃખના દહાડા ટાળવા છે અને કાંઈક સુખી થવું છે કે નહિ? મરી ગયો હેરાન કરીને નિગોદમાંથી થઈને મોટા હેરાન હેરાન. શું મોહનભાઈ! હમણાં મૂક્યું નહોતું એણે એના બનેવીનું? બધું કેટલો દુઃખી થઈ ગયો, કોઈ મારા જેવો દુઃખી નથી લ્યો! ઠીક. આ એનો ભાઈ કહે, મહારાજ! મને દુઃખ બહુ છે, ન્યાં એનો બનેવી કહે કે દુઃખી છે. એઈ..!

મુમુક્ષુ :— તો સુખી કોણ?

ઉત્તર :— સુખી આ છોકરા-બોકરા સારા ને પૈસા-બૈસા સરખાવાળા એ સુખી, એમ હશે? ધૂળમાં પણ સુખો નથી, સાંભળને! છોકરા ને બાયડી ને પૈસા એ તો જડ, પરવસ્તુ છે. પરવાળો માનવો એ તો મહા મિથ્યાત્વનું દુઃખ છે. મિથ્યા-અસત્ય માન્યતા અસત્ય. જેવું સત્ય છે એવું ન માનવું એનું નામ અસત્ય અને અસત્ય તો દુઃખરૂપ જ હોય. અસત્ય સુખરૂપ હોય? જૂઠું સુખરૂપ હોય? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં... '**ઈસ આત્માકે શુદ્ધનિશ્ચયનયકર જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મ નહીં હૈ, ક્ષુધાદિ દોષોંકે કારણભૂત કર્મોંકે નાશ હો જાનેસે ક્ષુધા-તૃષાદિ અઠારહ દોષ કાર્યરૂપ નહીં હૈં,...**' સિદ્ધને (નથી) એમ અહીં પણ નથી. કહેશે હમણાં. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાનને આઠ કર્મ નથી. પરમાત્મા અશરીરી 'ણમો સિદ્ધાણં' એને વિભાવ નથી, ક્ષુધા, તૃષાના દોષ નથી. એમ આ ભગવાન આત્મા શુદ્ધ સત્તા વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... તેના હોવાપણામાં ભરેલો ભંડાર જ્ઞાન ને આનંદ ને શાંતિ ને શુદ્ધતા એવો પદાર્થ એની અંતર દૃષ્ટિ, એને જોવાના જ્ઞાનથી જોઈએ તો તે પોતાના સ્વભાવથી ભરેલો પદાર્થ છે અને પુણ્ય-પાપના વિકાર, દુઃખની દશા, આ શરીર ને રોગ એનો એનામાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઔર અપિ શબ્દસે સત્તા ચૈતન્ય જ્ઞાન આનંદાદિ શુદ્ધ પ્રાણ હોનેપર ભી...**' સિદ્ધને સત્તા છે, સિદ્ધને હોવાપણું છે. એ ચૈતન્ય ગુણ સત્તા છે પ્રાણ, જ્ઞાન પ્રાણ છે ચૈતન્યમાં દર્શન જ્ઞાન આવ્યા, જ્ઞાનને જુદું પાડ્યું, આનંદ આદિ શુદ્ધ પ્રાણ, સિદ્ધ ભગવાનને

શુદ્ધ પ્રાણ છે. '**હોનેપર ભી ઈન્દ્રિયાદિ દશ અશુદ્ધરૂપ પ્રાણ નહીં હૈં,...**' અશુદ્ધ પ્રાણ નથી સિદ્ધને, એમ ભગવાન આત્માને અહીંયા સત્તા હોવાવાળું અસ્તિત્વ છે. સત્, સત્ એટલે છે, છે એટલે આદિ-અંત વિનાનું તત્ત્વ છે. એવાને શુદ્ધ સત્તા છે એમાં આનંદ છે, ચૈતન્ય છે દર્શન જ્ઞાન અને જ્ઞાનની પ્રધાનતાએ ભિન્ન પાડીને જ્ઞાન છે. એવા આનંદ આદિ સ્વભાવથી ભરેલો ભગવાન વર્તમાનમાં, વર્તમાનમાં રાગની વર્તમાન અવસ્થાની એક અવસ્થાની ધાર એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? '**ઈસલિયે સંસારી-જીવોંકે ભી શુદ્ધનિશ્ચયનયસે શક્તિરૂપસે શુદ્ધપના હૈ,...**' લ્યો! એ આ સંસારી બધા આત્માઓ ભગવાન. આહા..હા..!

મુમુક્ષુ :— લાભ પાંચમ છે આજ.

ઉત્તર :— લાભ પાંચમ વેપારની કે આત્માની? આનો ધંધો શરૂ કરે છે એથી લાભ પાંચમ કહેવાય છે. સોભાગ પાંચમ કહેવાય છે. શ્વેતાંબરમાં જ્ઞાન પાંચમ કહે છે. પુસ્તકો કાઢીને પૂજે, બાર મહિના પડ્યા હોયને. કેમ બાબુભાઈ! ખરી વાત છેને? પુસ્તકોને દીવા-બીવા, ધૂપ દે ને... આ વેપાર આ છે. બહાર ઓલા ચોપડા પૂજે પછી વેપાર આજથી શરૂ કરે. આ ભગવાન આત્મા, આહા..હા..!

બે હોવાપણાના ભાગલા. શું? બે હોવાપણાના ભાગલા. એટલે? એક બાજુ આ પુણ્ય-પાપના ભાવ વર્તમાન, વર્તમાન આ કર્મનો સંબંધ એ વર્તમાન આ એક ભાગ અને એક ભાગ આખો અખંડાનંદ પૂર્ણ શુદ્ધ એક ભાગ કે, જેમાં એ પુણ્ય-પાપ ને શરીર નથી. હવે આ ભાગ લેવો છે કે આ ભાગ લેવો છે? એમ કહે છે. એઈ..! સંસારમાં તો સારો ભાગ ઉપાડે. સારો ભાગ હોય એ મારો. સારો ભાગ ઈ તારો લે આ. સારો તારો એ તારો. શરીર તો બહાર જડ છે, એનો સંબંધ વર્તમાન એક સમયનો આમ સંબંધ કહેવાય. સંબંધ છતાં એમાં નથી, સંબંધ છતાં એમાં નથી. હવે પુણ્ય-પાપના વિકારનો સંબંધ એક સમયનો છે. શુદ્ધ સ્વરૂપમાં એનો નથી. હવે આ ભાગનો તો સ્વીકાર કર્યો છે અનાદિથી, હવે કરવું છે શું તારે? કહે. સમજાણું કાંઈ? એ આનંદનો લસલસતો આત્મા ભગવાન અંદર રહી જાય છે મોટો, એ ભાગને તેં કોઈ દિ' આદર્યો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ.

કહે છે, સર્વ સંસારી જીવોને પણ શુદ્ધનિશ્ચયનયથી એટલે સાચા સત્‌ની નિશ્ચય દૃષ્ટિ લઈએ તો, નિશ્ચય એટલે સાચી દૃષ્ટિ, આખો ભગવાન પૂર્ણ સ્વરૂપ વસ્તુ છે તેના સ્વભાવથી ભરેલો-ભરિત અવસ્થા એટલે આમ દરિયો ભર્યો છે એમાં. ચૈતન્ય રત્નાકર અનંત ગુણની ખાણ પ્રભુ છે, એમાં એટલી ખાણ છે કે, એકાગ્ર થઈને કાઢ તો કેવળજ્ઞાન ને કેવળદર્શન નીકળે એટલી ખાણ છે. એલા એવી ખાણને તારે સ્વીકારવી છે કે આ પુણ્ય-પાપ ને શરીરને એને તારે સ્વીકાર કરવો છે? શું કરવું છે તારે? એ તો સ્વીકાર કર્યો છે અનાદિથી હવે. ચંદુભાઈ!

આહા..હા..!

મુમુક્ષુ :— રોકડું ... છે.

ઉત્તર :— ત્યાં રોકડું આ પુણ્ય-પાપ અને શરીર મારા, એમાં રોકડું દુ:ખ છે. તરત પ્રત્યક્ષ દુ:ખ છે. આની અંદરમાં એકાકાર થાય તો એને પણ ત્યાં પ્રત્યક્ષ આનંદ છે. આહા..હા..! રોકડો આનંદ-સુખ છે. અરે..! એક ભાગ કાઢી નાખ દૃષ્ટિમાંથી. રાગ, પુણ્ય-પાપ, કર્મ, શરીર એક ભાગ-એક સમય પૂરતો ભાગ. ભગવાન આમ ચિદાનંદ સત્તા અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યસત્તા એમાં દૃષ્ટિ દે, પ્રત્યક્ષ આનંદ. આ દીધેલો ભાગ રહેલો એમાં એકાકાર થાય પ્રત્યક્ષ દુ:ખ. હવે જે ભાગ તને પસંદ પડે એ લે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અરે..! પણ કજીયાળા છોકરા હોય તો પાછા ન માને. ભાગ લઈ, ખાઈ જાય ને પછી કહે કે, ના, ના, બાપા! એ ... નાનો આવ્યો હતો. ઓલા તરબૂચના ભાગ પાડે ને દશ, છોકરા સાત-આઠ હોય તો. પછી હેઠે જરી જાડું હોય અને ઉપર થોડું હોય ને કો'કનું હેઠે પાતળું હોય તો સહેજ લાંબી હોય. એની હોયને તરબુચની લાલ, શું કહેવાય એનો? માવો-ગર્ભ આમ ઊંચો હોય ક્યાંક વધારે, ... અહીં નાનું હોય અને ઓલાને મોટું આવડું હોય, ત્યાં .. હોય બધા સરખા. પછી ઓલાને કજિયાળાને કહે, પહેલું લઈ લે લેવું હોય તો, પછી તોફાન નહિ કર. પછી ખાઈને કહે, આનો તો મોટો આ છે, વેંત સુધી લાંબો. પણ તારે આટલું હતો એનું બધું સરખું થાય છે, તને ખબર નથી. આ ચીર પાડને ચીર મોટું તરબૂચ અધ મણ.. ઈ ભાગ કોને લેવો? કે, સરખા ભાગ પડશે. તને આપશું નહિ એકલાને. ઈ ભાગમાં ભાગમાં મીઠાશ છે લાલપની બધાને સરખી રહે, કોઈને પહોળું હોય તો થોડું હોય આમ, આમ દળમાં થોડું અને ઓલાને લાંબુ હોય પણ દળ ઝાઝુ ન હોય, હોય સરખું. ઓલો હોશિયાર હોય તો પાડ્યું હોય. પણ ઓલો કજિયાળો ખાઈને પછી કહે, નહિ, મારે નાનું છે. હવે નહિ ચાલે, મૂકી દે તોફાન તારા.

અહીં કહે છે કે, એકવાર કજિયો તું છોડી દે અને આ પુણ્ય ને પાપ તારા ને શરીર મારું એવો કજિયો ઊભો કર્યો છે છોડી દે, એ ચીજ તારી નથી. તારામાં ટકે એવી નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ અને સાચું. જે વસ્તુ શુદ્ધ વસ્તુ છે અને તે સાચી સત્ય ત્રિકાળી છે. એને નિશ્ચય દૃષ્ટિથી જોઈએ તો ભગવાન શુદ્ધપણે છે. એવું શુદ્ધપણું હોવા છતાં '**લેકિન રાગાદિ વિભાવ-ભાવોંકી શૂન્યતા હી હૈ.**' એવા ભગવાન આત્મામાં શુદ્ધ, શુદ્ધ સત્, શુદ્ધ સત્, સત્ નિશ્ચય ત્રિકાળ એવા સ્વભાવને જોઈએ તો એ શુદ્ધ જ છે અને એ પુણ્ય-પાપના વિકલ્પો કૃત્રિમ જે ઉઠે છે વિભાવ એનાથી શૂન્ય છે, એનાથી

ખાલી છે. સમજાણું કાંઈ? આનાથી ભરેલો છતાં આનાથી ખાલી છે. અસ્તિ-નાસ્તિ કરી. આહા..હા..!

આમ મહાન વસ્તુ જ્ઞાન, આનંદ આદિ સ્વભાવથી ભરેલી મહાન સત્તા એથી એ વસ્તુ છે. છે એમ દૃષ્ટિમાં લેવાથી આ છે એમ પ્રતીત થશે. અને એમાં પુણ્ય-પાપના ભાવ કૃત્રિમ ઉઠે છે એ એનામાં નથી. એમાં નથી એથી આવા સ્વભાવની શ્રદ્ધા કરતા શુદ્ધપણાની પર્યાયનું પ્રગટપણું, આનંદનું શાંતિનું થશે. એ તારા આત્માની પ્રસિદ્ધિ છે. રાગ-દ્વેષ ને પુણ્યપણાથી તું પ્રસિદ્ધિ માને છો એ તારી પ્રસિદ્ધિ હેરાન (થવાની) ગતિ છે. પુણ્ય મારા ઘણા, પૈસા મારે ઘણા, છોકરા અમારે ઘણા, પુણ્યભાવ અમારા, ભાવ કરેને પુણ્ય શુભ એ અમારે ઘણા. એનાથી પ્રશંસા લેવા જા છો એ તારી નિંદા થાય છે એમાં. કહો, મોહનભાઈ! ભારે વાત ભાઈ! એમાં તારી નિંદા થાય છે. આ ચિદાનંદ પરિપૂર્ણ છું એમ નહિ. એની પ્રશંસા નહિ, આ રાગવાળો, પુણ્યવાળો, એના ફળવાળો. ભગવાન પૂર્ણાનંદની નિંદા થાય છે. એ પ્રશંસાએ ખુશી થા છો, એ ગુમડા નીકળ્યા અને ખુશી થાય છે. આરે..! ભારે વાત ભાઈ! અમે પૈસાવાળા, અમે છોકરાવાળા, કેટલા વાળા તારે વળગ્યા છે? અમે પુણ્યભાવવાળા, પાપભાવવાળા, અમારા માન જગતમાં મોટા, તમારું એવું માન છે નહિ, ગણે કોણ? અમારું ચલણ છે કુટુંબમાં, નાતમાં, દેશમાં, વેપારમાં અમારું ચલણ, તમારું નહિ. બહુ સારી વાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ બધા વાળા વળગ્યા છે તને. આ પાણી પીવે છેને, નહિ? વાળા આવે છેને? આ પગમાં નથી નીકળતા? દોરી જેવા. પગ થઈ જાય ઓલા. ભાઈ! આ વાળો એ મૂઢતા છે, એ તારું કાયમનું સ્વરૂપ નથી. આહા..હા.!

તારું કાયમનું સ્વરૂપ શુદ્ધસ્વરૂપ પરમાનંદ અનાકુળ સત્ત્વ સત્તારૂપ સ્વભાવ એને દેખીએ તો એ ભરેલું તત્ત્વ છે. એને દેખતા અહીં વિકારથી તે શૂન્ય છે, સર્વથા શૂન્ય છે એમ નથી. વિકારથી શૂન્ય છે પણ પોતાના સ્વભાવથી પણ શૂન્ય છે એમ નથી. આહા..હા..! ઈશ્વર તો આવો દેખાય છે, એવી ઈશ્વરતા મારામાં, એવી ઈશ્વરતા મારામાં, હું ઈશ્વર? પામરતા એને ગોઠે છે. પામરતાની પ્રસન્નતા છે, પ્રભુતાની પ્રસન્નતા થતી નથી એને.

'**તથા સિદ્ધ જીવોંકે તો સબ તરહસે પ્રગટરૂપ રાગાદિસે રહિતપના હૈ,...**' અહીંયા સ્વભાવ એનો કાયમી શુદ્ધ સ્વભાવથી જોઈએ તો તે રાગથી શૂન્ય છે, પણ પર્યાયમાં જરી રાગ છે. ભગવાનને તો એ પણ નથી, સિદ્ધને. અહીં જેવો હતો એવું ભાન થઈને અને નહોતો એમ નક્કી કર્યું હતું અને નહોતો એમાં ઠર્યા હતા, એ નહોતો જેમાં એમાં ઠર્યા હતા, નહોતાથી રહિત થઈ ગયા. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાનને તો વર્તમાનમાં પણ ઈચ્છા, દ્વેષ,

શરીર કાંઈ છે જ નહિ. ઓહો..! પરમાત્માની વ્યાખ્યા ચાલે છે આ. આહા..હા..! એક જરીક માનમાં વેચાઈ જાય. આહા..હા..! અરે..! પણ ક્યાં ગયો પણ તું? એક સારો કહેને પૈસાવાળો કહે, છોકરાવાળો... અત્યારે બધું હામ, દામ ને ઠામ છે. હામ-હિંમત છે, દામ-પૈસા છે, ઠેકાણા મકાનો ગામમાં છે. હવે એને શું ખામી રહી? ખામી રહી એક સુખની, ભર્યો રહ્યો એ દુઃખમાં. એવા જ હતા હોં! અમારે જીવાભાઈ હતાને, જીવા વકીલ હતા ઉમરાળામાં જીવા વકીલ. ઓહો..! ભાઈ! હામ, દામ ને ઠામ છે. પણ એ બધું છોડીને બેઠા છે. જીવો વકીલ હતા, બ્રાહ્મણ ... દેરાસરની આની કોર મકાન છે. હામ, દામ, ઠામ કહેવા કોને?

ભગવાન આત્મા આહા..હા..! જેમાં અનંતુ બળ (-હામ), અસંખ્ય પ્રદેશી જેમાં અનંત ગુણ રહે એવું સ્થાન અને દામ અનંતી લક્ષ્મી પોતાની. એ તો પોતે હામ, દામ, ઠામવાળું સ્વરૂપ છે. આ એને પુણ્યવાળો ને પાપવાળો ને પુણ્ય-પાપના ભાવવાળો એ વિકારવાળો માનવો એ મહા ભ્રાન્તિનો ભ્રમ અસત્ય છે. આહા..હા..! બીજાના પણ કાંઈક પૈસા ને પૈસા ને છોકરા સરખા હોયને ત્યાં આને બળતરા થાય કે એને સરખું. પણ એ સરખા માને છો એ જ મૂઢ છે. એની મૂઢતાની તું પ્રશંસા કરે છો. છોટાભાઈ! આહા..હા..! એને સરખાઈ (છે), હોં! છોકરા પણ બધા પહોંચી વળ્યા નાની ઉંમરમાં. વીસ વર્ષથી છોકરો થયો એને, અત્યારે તો ચાલીશ વર્ષ થયા તો પહોંચી વળ્યો. કોઈ બીજો પહોંચી વળ્યો. એના આ પાંચ, પાંચ છોકરા પહોંચી વળ્યા અને મારે તો હવે પચાસ વર્ષે (-ઉંમરે) છોકરો સોળ વર્ષનો છે. હોળી સળગાવે છે પણ કેવી. એ છોટાભાઈ! તમારે તો ક્યાં છે કાંઈ? છોકરા કાંઈ નથી હોં! કાંઈ નથી એમ નથી કીધું. અમારા મકાન, અમારી ઊપજ, અમારા ભાડા, અમારું આ, અમારું આ. અમે પહેલા રળ્યા હતા તો હવે નિરાંતે ખાઈએ છીએ. પહેલા રળ્યા તો અત્યારે (ખાઈએ છીએ). શું છે પણ આ તને? આવું પર વસ્તુથી પોતાની અધિકાઈ અને પ્રશંસા સ્વીકારવી અને પરની એવા બહારના અધિકારથી એને પણ અધિક સ્વીકારવો એ મોટું પોતાની દૃષ્ટિમાં ચૈતન્યનું ખુન કરે છે. આહા..હા..! કહો, રતિભાઈ!

**'ઈસી અપેક્ષાસે આત્માકો શૂન્ય ભી કહતે હૈં. જ્ઞાનાદિક શુદ્ધ ભાવકી અપેક્ષા સદા પૂર્ણ હી હૈ,...'** ભગવાન સિદ્ધ ભગવાન પણ જ્ઞાનાનંદથી શક્તિએ અને પર્યાયે પૂર્ણ છે અને આ આત્મા એની શક્તિએ પૂર્ણ છે, પર્યાયે ભલે પૂર્ણ ન હોય, પણ વસ્તુએ તો **'જ્ઞાનાદિક શુદ્ધ ભાવકી અપેક્ષા સદા પૂર્ણ હી હૈ, ઔર જિસ તરહ બૌદ્ધમતી સર્વથા શૂન્ય માનતે હૈં, વૈસા અનંતજ્ઞાનાદિ ગુણોંસે કભી નહીં હો સકતા.'** બૌદ્ધ કહે છે શૂન્ય થઈ જાઓ શૂન્ય. પછી વળી શું રહી જાય વસ્તુ? શૂન્ય થઈ ગયું એનું નામ મોક્ષ. અહીં કહે છે કે, વિકારથી શૂન્ય થવું એનું નામ મોક્ષ, પોતાથી શૂન્ય થવું એનું નામ મોક્ષ

એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાંભળે તો શું કરે? એના આત્મામાં જે બેઠું હોય શલ્ય બેઠું હોય એ કોણ... એને અંદર બેસી ગયું હોય. આંખમાં જ્યાં કમળો હોય એને પીળું ભાસે, એને કહે એલા! ધોળું છે. હાલ હાલ. કહો, બીજા ધોળા દેખનારા કહે, પણ ધોળી છે આ ચીજ. ના, ના. પણ તમે તો પહેલી નહોતી ધોળી જોઈ. હવે પીળી ક્યાંથી થઈ? ના ના, એ ધોળી જોઈ હતી ભૂલી ગયો પાછો. પીળું... પીળું કમળો હોય છેને. આંખ પણ પીળી એને બધું પીળું લાગે. એમ વસ્તુના ભાન વિનાને એ બીજી ચીજ જ ઊંધી લાગે. બાપુ! આહા..હા..! મોટા ભણ્યા-ગણ્યા હોય તોપણ ઈ ક્યાં ભણતર કામ આવે એવું છે અહીં? એ તો અહીં હવે સીધી અને સાદી લાગે છે તમને. આહા..હા..!

**'અનંતજ્ઞાનાદિ ગુણોંસે કભી નહીં હો સકતા શૂન્ય...'** એમ કહે છે. ભગવાન સિદ્ધ હો કે સંસારી હો, એનો ભરેલો સ્વભાવ, સ્વભાવ આહા..હા..! અરે..! એના ભાવની અનંતતાનું શું કહેવું! એવા એક ચૈતન્યપ્રભુ જેમાં અનંતા અનંતા ગુણો સંખ્યાએ, સામર્થ્યએ અનંત અનંત એવો ભગવાન તે અશૂન્ય નામ સ્વભાવથી ભરેલો છે. તે વિકારથી શૂન્ય છે માટે સર્વથા શૂન્ય છે એમ નહિ. સમજાણું કાંઈ? **'એસા કથન શ્રીપંચાસ્તિકાયમેં ભી કિયા હૈ - 'જેસિં જીવસહાવો'** ઈત્યાદિ. **ઈસકા અભિપ્રાય યહ હૈ, કિ જિન સિદ્ધોંકે જીવકા સ્વભાવ નિશ્ચલ હૈ,...'** સિદ્ધ ભગવાનનો સ્વભાવ તદ્દન જેવો શુદ્ધ હતો એવી પર્યાયમાં શુદ્ધ થઈ ગયો, શુદ્ધ થઈ ગયો. સોળ વલું સોનું ચોખ્ખું એમ સિદ્ધની પર્યાય-અવસ્થા શુદ્ધ થઈ ગઈ. સમજાણું?

**'કિ જિન સિદ્ધોંકે જીવકા સ્વભાવ નિશ્ચલ હૈ, જિસ સ્વભાવકા સર્વથા અભાવ નહીં હૈ,...'** સ્વભાવકા સર્વથા અભાવ નહીં હૈ. બીજાનો અભાવ છે વિકારનો, વિભાવનો એનો, પણ આનો સર્વથા અભાવ નથી. ઈ સર્વથા શબ્દ વાપર્યો છે એમાં. ઓલામાં, ટીકામાં, એમ કે જીવનો સ્વભાવ મુખ્યપણે વિકાર નથી, મુખ્યપણે જે કહ્યું હતું એવું નથી એ તો સર્વથા નથી એ ભાવ? કે, ના સ્વભાવ છે. **'વે સિદ્ધભગવાન દેહસે રહિત હૈં,...'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ દેહથી રહિત એકલો ચૈતન્ય હીરલો, પૂર્ણાનંદનો કંદ પ્રભુ રાગ ને શરીરથી ભિન્ન પડેલો અને સ્વભાવથી અભિન્નદશામાં રમતો પરમાત્મા ભિન્ન છે દેહથી. સમજાણું કાંઈ? **'ઔર વચનકે વિષયસે રહિત હૈં,...'** વચનગમ્ય શું સિદ્ધને શું કહેવું? ઓહો..! ઘીના સ્વાદને પણ વાણી દ્વારા કહી શકે નહિ. આ ભગવાન આત્મા વચનથી અગમ્ય છે. ઘીનો સ્વાદ ખાધો હોયને ઘીનો સ્વાદ, મીઠો ઘીનો સ્વાદ એને ક્યા પદાર્થની સાથે મેળવીને કહેશે? કેવો ઘીનો

સ્વાદ? ગોળ જેવો? સાકર જેવો? કેળા જેવો? ઘી-કેળા જેવો? ઘી-કેળા થાય છેને આ તળાવમાં. એ ઘીનો સ્વાદ કેવો? આવડે છે? કોની સાથે (મેળવે)? ... ઘીનો સ્વાદ કોની સાથે કહેવો? જાણે ખરો પણ કોઈની સાથે મેળવાય નહિ. મીઠો બહુ. મીઠો કેવો? સાકર જેવો? સાકર જેવો નહિ. કેળા જેવો? કેળા જેવો નહિ. કોના જેવો હશે? રાજેન્દ્ર! ઘીનો સ્વાદ કોના જેવો? બસ, જણાય ખરો જ્ઞાનમાં, પણ કોઈ સાથે મેળવી શકાય નહિ. ઘીનો સ્વાદ ખ્યાલમાં આવે છે કે આવો મીઠો, ક્યા પદાર્થ સાથે કહીને મેં મારી મીઠાશને પૂરી કહી શક્યો છું એવો કોઈ પદાર્થ અને વાણી છે નહિ. આહા..હા..! હેં?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— એ ધડાકો બોલાવે એવો છે ઈ. સમજાણું કાંઈ? આહા..! કહે છે, એ સ્વભાવનું વચનથી ગમ્ય નથી, સમજાણું? 'વચનોંસે નહીં કહ સકતે.' શું કહે? શ્રીમદ્દે ન કહ્યું...?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ. ૨૦

એ તો જ્ઞાનમાં જણાય. એ ઘીનો સ્વાદ જ્ઞાનમાં જણાય. છતાં ઘી તો જડ અને જડનું જ્ઞાન એ નહિ, પણ પોતાના જ્ઞાનમાં જે આવ્યું. એ જ્ઞાનમાં ખ્યાલ આવ્યો છતાં એને કોઈ વાણી દ્વારા, વાણીના વાહન દ્વારા બીજાને સંતોષ થાય એવું મેળવીને કહી શકાય એવી વાણીમાં તાકાત નથી. તો આ ભગવાન એનો જાણનાર આહા..! એ પુણ્ય ને પાપના વિકલ્પથી ભગવાન રહિત છે, એવા સિદ્ધ સર્વથા રહિત છે. એના સ્વરૂપને વાણીથી શી રીતે કહેવું? સમજાણું કાંઈ? એ વાણીથી કહેવામાં આવ્યું છે એ બધું સ્થૂળ, સ્થૂળ રીતે કીધું છે. આહા..હા..!

... આમ જરી અને જે અંદર દેખાય ને કાળા, ધોળા ને પીળાપણું નથી આમ .. ઈ થોડી વાત કર જરી, કહે, શું દેખાણું અંદર? ઓલું અંધારું દેખાય એ શું દેખાણું? કહે. તો એના જાણનારની શું વાત? સમજાણું કાંઈ? અંદર કરકાબરુ આમ દેખાય છે. આમ જોવે છેને આમ. ચીતર, ચીતર. આ કરકાબરુ દેખાય એ આત્મા નહિ એક કોર. એનું શી રીતે ચિતરામણ કરવું? કહો. આંખ મીંચીને જ્યાં થાયને, ભીંસ દઈને આમ થાય. ... આહા..હા..! ભાઈ! એ ભગવાનની એ ચૈતન્યની શક્તિ છે અને એના સ્વભાવને વાણીથી શું કહે? આહા..હા..! એના દેખવાના એક ક્ષણમાં આમ અંધારા કર્યા ને આમ ચિત્રપટ આમ દેખાયને બધું આમ, એને પણ ચિતરવાની જેને ખ્યાલમાં હોય કે આમ છે, છતાં આમ ... એનો ચિતાર શી રીતે દેવો? એવો ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગ ને શરીર રહિતની અંતર શક્તિનું તત્ત્વ ભાનમાં

આવવા છતાં એનું ચિતરામણ શી રીતે કરવું? સમજાણું? એ વાણીથી અગોચર છે. આહા..હા..!

**'જિનકા સ્વભાવ વચનોંસે નહીં કહ સકતે.'** હવે વચન માટી, જડ, ધૂળ એને ગમ્ય નહિ કે આ કોણ છે. શું? આ વાણી જડ, માટી એને ગમ્ય નહિ કે, આત્મા અંદર કોણ છે. આત્માને ગમ્ય છે કે, આ જડ છે. જડના રજકણો ઉઠે એને ગમ્ય નથી કે આ કોણ છે અંદર. સમજાણું કાંઈ? એવા,

મુમુક્ષુ :— ....

ઉત્તર :— આ લચકો મુકે એવું છે આ. કહે છે કે, તું જ્ઞાનગમ્ય છો, બાકી બધી વાતું છે. સિદ્ધ પણ જ્ઞાનગમ્ય છે અને સિદ્ધ કેવા છે એમ જાણવું હોય તો તું તારા સ્વસંવેદન જ્ઞાનથી તને જો (તો) સિદ્ધ કેવા છે તને જણાઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

લોગસ્સમાં આવે છેને? સિદ્ધાસિદ્ધિ મમ દિસંત્તુ. હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ દેખાડો. કાંઈ માંગ્યું? બીજો કહે, હે ભગવાન! મારે કાંઈ જોતું નથી, ફક્ત હું મારા, આપના સ્વરૂપને પ્રત્યક્ષ જ્ઞાનમાં જોઉં એટલું મારે જોઈએ છે. ઈ આવે છે હોં! સ્તુતિમાં. બીજું કાંઈ ન માગું સ્વામી, એક આપના, આપના કેવળજ્ઞાનને પ્રત્યક્ષ હું અંદર જોઉં એટલું માગું બસ. એવી સ્તુતિ આવે છે હોં! આપણને કાંઈ બધું યાદ રહે છે? શું આવે છે? 'બીજું કાંઈ ન માગું સ્વામી એક પ્રત્યક્ષ ચૈતન્ય...' આપનો કેવળજ્ઞાનમયી આત્મા છેને પ્રભુ! એ મને પ્રત્યક્ષ થાઓ! એટલું બસ પ્રત્યક્ષ જણાવ, એટલી જ મારી માગણી છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનગમ્ય વસ્તુ છે બસ. કેટલાક ઈશારાથી પ્રકાશ બતાવાય, વચનથી ગમ્ય નથી.

**'યહાં મિથ્યાત્વ રાગાદિભાવકર શૂન્ય...'** દેખો! ભ્રાન્તિથી ભગવાન શૂન્ય છે. હું આવો હઈશ, હું આવો હઈશ, હું રાગવાળો હઈશ, ફલાણો—એવી બધી ભ્રાન્તિથી ભગવાન ચિદાનંદ પ્રભુ શૂન્ય છે. **'એક ચિદાનંદસ્વભાવસે પૂર્ણ...'** પરમાત્મપ્રકાશે પણ વર્ણન કર્યું છેને! ગાથા દીઠ થોડી વાત ... હોં! એક ચિદાનંદ સ્વભાવ, એક ચિદાનંદ સ્વભાવ પાછો એમ. એ જ્ઞાન આનંદ સ્વભાવ, એકરૂપ જ્ઞાન આનંદ સ્વભાવ. એક.. એક.. એક એટલે અખંડ, એકરૂપ જ્ઞાન આનંદ સ્વભાવ પૂર્ણ **'જો પરમાત્મા કહા ગયા હૈ, અર્થાત્ વિભાવસે શૂન્ય ઔર સ્વભાવસે પૂર્ણ કહા ગયા હૈ,...'** લ્યો! એક બે શબ્દ મૂકી દીધા. એ ભગવાન આત્મા વિભાવથી શૂન્ય ને સ્વભાવથી પૂર્ણ. સમજાણું?

અરે..! એક એક શબ્દોમાં ઘણું ભરેલું છે, એનો ભાવ સમજે તો. આહા..! વાણીનું ગમ્ય નથી પછી. આહા..હા..! ..છે, અલિંગગ્રહણમાં છે. ... એ બધી બધી વાત હોય, એ નિમિત્તમાત્ર છે અલિંગગ્રહણના પાંચ-છ અર્થ કર્યા છેને? પરમાત્મપ્રકાશમાં. સમજાણું? એક વાર તારા વિશ્વાસમાં તો લે. વિશ્વાસે કામ લીધા છે રાગના, પુણ્યના ને શરીરના આ વિશ્વાસે. જે ક્ષણિક વિકાર

છે, સંયોગી ચીજ છે એનો વિશ્વાસ કર્યો છે. જે ત્રિકાળી આનંદકંદ છે અને પોતાનું સ્વરૂપ જ એવું છે, એનો એણે અનંત કાળમાં એક સમય પણ વાસ્તવિક-યથાર્થ વિશ્વાસ કર્યો નથી. સમજાણું કાંઈ? એ પરમાત્મા શૂન્ય નથી. પરથી શૂન્ય છે, સ્વભાવે શૂન્ય નથી. વસ્તુ એમાં, વસ્તુમાં શું કહેવું? સમજાણું?

'**વહી ઉપાદેય હૈ,...**' એ આત્મા અંતર દૃષ્ટિમાં લેવા લાયક છે, એનું નામ ઉપાદેય છે. સમજાણું? '**ઐસા તાત્પર્ય હુઆ.**' લ્યો! એ આ ગાથાનું તાત્પર્ય થયું. શબ્દાર્થ કહ્યો, નયાર્થ કહ્યો, પછી ... આ એનું તાત્પર્ય. એ ત્રણ પ્રકારના આત્માના કથન એમાં પહેલા અધિકારમાં બધી ઘણી વાત થઈ ગઈ લ્યો! હવે, '**આગે દ્રવ્ય, ગુણ, પર્યાયકે કથનકી મુખ્યતાસે તીન દોહે કહતે હૈં -**' હવે દ્રવ્ય, ગુણ ને પર્યાય. જુઓ! આ વસ્તુ આવી. વસ્તુ જે છે એ દ્રવ્ય છે, એની શક્તિઓ ગુણ છે ને એની અવસ્થા શું છે એનું કથન કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૬, શનિવાર, તા. ૩૦-૧૦-૧૯૬૫**
**ગાથા-૫૬, પ્રવચન-૩૭**

૫૬ ગાથા 'પરમાત્મપ્રકાશ' પહેલા ભાગની છે. હવે દ્રવ્ય, ગુણ, પર્યાયના કથનની મુખ્યતાથી ત્રણ દોહા કહેવામાં આવે છે. જુઓ! આ 'પરમાત્મપ્રકાશ'માં આત્મા આદિ, જડ આદિ શું વસ્તુ છે એનું આ કથન દ્રવ્ય, ગુણ અને પર્યાયનું છે.

५६) अप्पा जणियउ केण ण वि अप्पेँ जणिउ ण कोइ।
दव्व-सहावेँ णिच्चु मुणि पज्जउ विणसइ होइ।।५६।।

**અન્વયાર્થ :-** આ આત્મા... જે આત્મા છેને આત્મા અંદર આત્મા એ '**કિસીસે ભી ઉત્પન્ન નહીં હુઆ,...**' કોઈથી ઉત્પન્ન થયો નથી. સમજાણું? છે એ કોનાથી ઉત્પન્ન થાય? આ દરેક દેહમાં આત્મા ભિન્ન-ભિન્ન ચીજ છે. સત્ સત્ છે, છે એનું ન હોવાપણું કે દિ' હોય? સહજ છે એનું ન હોવાપણું ભૂતકાળમાં ન હોય? છે ઈ નહોતો? અને છે ઈ ભવિષ્યમાં ન હોય એમ હોય? છે એ કોઈથી ઉત્પન્ન થયો નથી. કહો, સમજાણું આમાં? આત્મા કોઈથી ઉત્પન્ન થયો નથી અને આત્માથી કોઈ બીજો પદાર્થ ઉત્પન્ન થયો નથી. કહો, બરાબર છે?

આત્મા સચ્ચિદાનંદ સત્ સ્વરૂપ સત્, સત્. પ્રત્યેકનો ભિન્ન ભિન્નની વાત છે હોં! સત્ છે, છે એ કોઈથી ઉત્પન્ન ન થાય અને છે એ કોઈને ઉત્પન્ન કરે નહિ. કહો, સમજાણું કાંઈ? '**દ્રવ્યસ્વભાવકર નિત્ય જાનો,...**' એ વસ્તુ તરીકે તો નિત્ય છે, નિત્ય પદાર્થ શાશ્વત્ શાશ્વત્-નિત્ય છે. '**पर्यायः विनश्यति भवति**' '**પર્યાયભાવસે વિનાશીક હૈ.**' એની અવસ્થા છે ને અવસ્થા—હાલત, દશા એ વિનાશીક છે, બદલે છે, ઊપજે છે, બદલે છે. વસ્તુ તરીકે તો ધ્રુવ ચિદાનંદ છે. પર્યાયમાં, હાલતમાં બદલો અને ઊપજવું થાય છે.

**ભાવાર્થ :—** જરી લાંબી વાત છે આ ગાથામાં બધી. '**યહ સંસારી-જીવ...**' આ સંસારી આત્મા '**યદ્યપિ વ્યવહારનયકર શુદ્ધાત્મજ્ઞાનકે અભાવસે...**' આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે એના જ્ઞાનના અભાવને કારણે. વસ્તુ શુદ્ધ ચિદાનંદમૂર્તિ આનંદકંદ, જ્ઞાનનો કંદ પ્રભુ આત્મા છે એવા વસ્તુના સ્વભાવના જ્ઞાનના અભાવે, '**ઉપાર્જન કિયે...**' જુઓ આ કહ્યું. એ જ્ઞાનનો અભાવ (છે) માટે ઉપાર્જન કર્યા કર્મ. સમજાણું કાંઈ? '**ઉપાર્જન કિયે જ્ઞાનાવરણાદિ શુભાશુભ કર્મોંકે...**' જ્ઞાનાવરણ, દર્શનાવરણ આદિ આઠ કર્મ એમાં શુભ-અશુભ કર્મ (ઘાતિ)-અઘાતિ કર્મ છે એમાં શુભ-અશુભના ભેદ પડે છે.

એના '**નિમિત્તસે નર-નારકાદિ પર્યાયોંસે ઉત્પન્ન હોતા હૈ,...**' એ કર્મના નિમિત્તે... પોતાનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, ભવના ભાવ અને ભવના કાર્ય જે કર્મ, ભવનું કારણ વિકાર અને એનું કાર્ય એનાથી રહિત આત્મા છે. એવી શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ અનાદિઅનંત એના અંતરજ્ઞાનના અભાવે ઉપાર્જન કરેલા, બાંધેલા, થયેલા આઠ કર્મ શુભાશુભ એનાથી આત્મા મનુષ્ય થાય છે, નારકી થાય છે, દેવ થાય છે, પશુ થાય છે. પર્યાયમાં પશુ આદિ થાય છે. સમજાણું કાંઈ? '**ઔર વિનસતા હૈ,...**' એક ભવમાં ઊપજે, એનો નાશ થઈને બીજા ભવમાં જાય. એમ અનાદિથી, ભગવાન આત્મા અનાકુળ આનંદનો કંદ છે, જ્ઞાનની જ એ તો મૂર્તિ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ (છે) એના ભાન વિના બાંધેલા કર્મથી ઊપજે ભવ અને એ ભવનો નાશ થાય એમ અનાદિથી થયા કરે છે. કહો, સમજાણું આમાં?

'**ઔર આપ ભી શુદ્ધાત્મજ્ઞાનસે રહિત હુઆ...**' પોતે પણ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાના ભાન વિનાનો થયો. '**કર્મોંકો ઉપજાતા (બાંધતા) હૈ,...**' એમ. કર્મને ઊપજાવે છે. સમજાણું? '(**બાંધતા) હૈ, તો ભી શુદ્ધનિશ્ચયનયકર શક્તિરૂપ શુદ્ધ હી હૈ,...**' વસ્તુ જ્ઞાયકભાવ જુઓ તો તે શુદ્ધ ચિદાનંદ એકરૂપ છે. પર્યાયમાં એના ભાન વિના એણે કર્મ બાંધ્યા ને ઉપજે, વિણસે સમજાય છે? અને કર્મ બાંધે, પણ શુદ્ધ વસ્તુ... વસ્તુ... વસ્તુ... જ્ઞાનઘન ચિદ્સ્વરૂપ 'ચિદ્રૂપો અહં' એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા એ શક્તિથી જોઈએ (તો) શુદ્ધ છે. '**કર્મોંસે ઉત્પન્ન હુઈ નર-નારકાદિ પર્યાયરૂપ નહીં હોતા,...**' એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ

નારકીપણે, મનુષ્યપણે, દેવપણે, પશુપણે થતો નથી, પર્યાય થાય છે. સમજાય છે કાંઈ? '**કર્મોંસે ઉત્પન્ન હુઈ નર-નારકાદિ પર્યાયરૂપ નહીં હોતા,...**' ભગવાન અંદર શુદ્ધ વસ્તુ પોતે છે ધ્રુવ નિત્ય, એ કાંઈ આ મનુષ્યપણે, દેવપણે ઊપજે? એના અજ્ઞાનથી બાંધેલા કર્મને કારણે નારકી-મનુષ્ય આદિ થાય, પણ વસ્તુ જે છે એ તો નિત્ય શુદ્ધ ધ્રુવ અનાદિ-અનંત છે. એવો શુદ્ધ સ્વભાવ એ નારકીપણે થતો નથી, મનુષ્યપણે થતો નથી, દેવપણે થયો નથી, પશુપણે થાતો નથી. આહા..! સમજાણું કાંઈ?

'**ઔર આપ ભી કર્મ-નોકર્માદિકકો નહીં ઉપજાતા...**' વસ્તુસ્વરૂપ છે એ કર્મને ક્યાં ઉપાર્જે છે? એ તો એનો અજ્ઞાનભાવ કર્મને ઉપાર્જે છે. વસ્તુસ્વરૂપ જે છે એ કર્મને ઉપાર્જન કરતું નથી. સમજાણું કાંઈ? કર્મ એટલે આઠ અને નોકર્મ એટલે આ શરીર, એને ઊપજાવતો નથી. '**વ્યવહારસે ભી ન જન્મતા હૈ,...**' શું કહે છે? વસ્તુ વસ્તુ જે ચિદાનંદ ઘન ધ્રુવ તત્ત્વ છે એ ક્યાં વ્યવહારથી જન્મે છે? એ તો શરીર અને રાગાદિ પર્યાયમાં જે જન્મ્યો એ તો વ્યવહારનયે પર્યાયનયનું ઊપજવું થયું, વસ્તુ વ્યવહારથી પણ ઉપજતી નથી. શું કહ્યું વળી? શાશ્વત્ જ્ઞાયકભાવ એ પોતે કાંઈ પોતાના ભાવને છોડી ધ્રુવને (છોડી) કર્મપણે, શરીરપણે, નારકીપણે થાય છે? એના સ્વભાવનું અભાન એનાથી બાંધેલા એ પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં મનુષ્ય અને દેવ (પણે ઊપજે છે). એ પોતે ધ્રુવ છે એ કાંઈ મનુષ્ય અને દેવપણે થતો નથી. આ વ્યવહારે જે થાતો હોય એ ધ્રુવ થાતો નથી એમ કહે છે, ભારે વાત. કહો, સાંભળ્યું કે નહિ? એઈ સિદ્ધાર્થ! સિદ્ધાર્થ કહે, આત્મા આવ્યો ક્યાંથી? પૂછતો હતો ઈ. આવ્યો આવ્યો ક્યાં? છે. આવે અહીં ઓલા ભવમાંથી આવ્યો, પણ વસ્તુ તો અનાદિની છે. છે એ ક્યાં જાય? આ કહેતો હતો અનાદિની ... એ તો કહે અનાદિનો છે. સમજાણું કાંઈ?

ભગવાન વસ્તુ છે. છે એનું કરેલું કે દિ' હોય? છે એ તો છે જ. આદિ નહિ, અંત નહિ, એ વસ્તુ અંદર સત્... સત્... સત્... સત્... શાશ્વત્ ધ્રુવ (છે). એના ભાન વિના એની દશામાં વિકાર કરીને કર્મ ઉપાર્જે અને એને લઈને ભવ થાય પર્યાયમાં. પર્યાયમાં ભવ થાય, પર્યાયમાં કર્મ ઉપાર્જે, પર્યાયમાં જન્મ થાય, પર્યાયે મરણ થાય. વસ્તુને જન્મ-મરણ ક્યાં છે? સમજાણું કાંઈ? '**વ્યવહારસે ભી ન જન્મતા હૈ,...**' એ શું કહ્યું? વ્યવહારથી પણ જે રાગપણે, કર્મપણે જે થયો એ ધ્રુવ, ધ્રુવ વસ્તુ નથી થઈ. પર્યાયમાં એની અવસ્થામાં એ બધું થયું છે. સમજાણું કાંઈ આમાં?

'**ન કિસીસે વિનાશકો પ્રાપ્ત હોતા હૈ,...**' વસ્તુ જે છે ધ્રુવપણું શાશ્વત કંદ દળ ચૈતન્ય ધ્રુવ નિત્ય એ કોઈથી કોઈમાં વ્યવહારે ઊપજતો પણ નથી અને કોઈથી વ્યવહારે નાશ પણ થતો નથી. '**ન કિસીસે વિનાશકો પ્રાપ્ત હોતા હૈ, ન કિસીકો ઉપજાતા હૈ,...**' એ

કોઈ રાગને ને કર્મને કાંઈ ધ્રુવ ઉપાર્જતું નથી. 'કારણકાર્યસે રહિત હૈ...' આહા..હા..! એ તો એક સમયની અવસ્થા—હાલત એમાં બધી ગડબડ છે. સમજાણું કાંઈ? વસ્તુ તરીકે નિત્ય, નિત્ય ધ્રુવ.. ધ્રુવ કંદ, ધ્રુવ સત્ત્વ આખું જે છે એ તો નથી વ્યવહારે કર્મમાં ભવમાં આવતું એ વ્યવહારે એનો નાશ પણ એમાં થતો નથી. સમજાણું કાંઈ?

અરે..! એને નિત્ય વસ્તુની દૃષ્ટિની ખબર નથી. હું ત્રિકાળ અનાદિ-અનંત શાશ્વત વસ્તુ (છું). આ સુખ-દુઃખની કલ્પનાઓ પણ વસ્તુમાં ક્યાં છે. શરીરનો સંયોગ તો પર્યાયમાં પણ નથી. એની પર્યાયમાં પણ શરીર, કર્મનો, જડનો અંતરમાં સંયોગ નથી, નિમિત્તરૂપે ભલે સંબંધ હો. પર્યાયમાં પ્રવેશ નથી એનો. પણ પર્યાયમાં, અવસ્થામાં જે રાગ-દ્વેષ, અજ્ઞાન, પુણ્ય-પાપ એ વર્તમાન એની દશામાં, એક સમયની દશામાં છે. એ દશા બીજે સમયે ભલે હોય, ત્રીજે સમયે હોય. પણ વસ્તુ જે ધ્રુવ છે એમાં એક સમયની વિકારી અવસ્થા પ્રવેશ કરતી નથી.

મુમુક્ષુ :— ગડબડ...

ઉત્તર :— ગડબડ કોને કહેવું? ગડબડ મચાવી એટલે કે એ આંધળો થઈને રાગ-દ્વેષ કર્યા એ ગડબડ. ઈ કહે છે, શબ્દનો અર્થ... કહો, સમજાણું આમાં? અખંડનાથ ધ્રુવ ચૈતન્ય નિત્યાનંદ નિત્ય પ્રભુ એમાં ગડબડ એટલે વિકાર કેવો? એમ. વિકાર તો એની વર્તમાન દશામાં, હાલતમાં, હાલતમાં વિકાર ને હાલતમાં વિકારનો અભાવ, હાલતમાં ભવ ને હાલતમાં એક ભવનો અભાવ, બીજા ભવનો (ઉત્પાદ). વસ્તુ ધ્રુવ તરીકે છે એમાં ભવનું ઉપજવું પણ નથી અને ભવનો અભાવ એ વસ્તુમાં, ધ્રુવમાં નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ થાય એ પર્યાયમાં થાય છે, એની અવસ્થામાં થાય છે. સમજાણું કાંઈ? અહીં તો એક સમયની અવસ્થામાં ઉત્પાદ-વ્યય છે એ બતાવવું છે અને ધ્રુવ તો એવુંને એવું છે એમ બતાવવું છે. એની એને પણ કોઈ દિ'... એને સમજતા કઠણ પડે છે કે, હું કેવો છું ઈ. દુનિયાના સમજણમાં જુઓ તો ડાહ્યાનો દીકરો થઈ જાય.

વસ્તુ છે સત્... સત્... સત્. સત્... છે ધ્રુવ એની અવસ્થા બદલે છે, પર્યાય બદલે છે. એમાં સંસારની ઉત્પત્તિ, ભવની ઉત્પત્તિ, બીજા ભવ કાળે એ ભવનો નાશ એમ સમય સમયની અવસ્થામાં થાઓ. ધ્રુવ છે એમાં જન્મવું શું, મરવું શું, ઉપજવું શું ને ટળવું શું? સમજાણું કાંઈ? આહા..હા..! **'ન કિસીકો ઉપજાતા હૈ, કારણકાર્યસે રહિત હૈ...'** કોણ? વસ્તુ ધ્રુવ નિત્ય દ્રવ્યસ્વભાવ, દ્રવ્યસ્વભાવ. પર્યાય એની છે પર્યાય, પણ એક સમયની અવસ્થામાં એ બધું છે એમ અહીં સિદ્ધ કરવું છે. એક સમયની અવસ્થામાં સંસાર, રાગ-દ્વેષ, રાગ-દ્વેષનો અભાવ, સિદ્ધની ઉત્પત્તિ એ બધું પર્યાયની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? પર્યાય એટલે હાલત

એની અપેક્ષાએ સંસાર એટલે સંસરણ. શુદ્ધ ચૈતન્યમૂર્તિમાંથી ખસી અને હું રાગ છું, પુણ્ય છું, શરીર છું એવી માન્યતા અને રાગ-દ્વેષ એની દશામાં છે. એમાં એ પર્યાય ઊપજે અને એ પર્યાયનો નાશ થાય. ધ્રુવ પોતે નિત્ય વસ્તુ છે એ પર્યાય-એક ક્ષણમાં ક્યાં આવી જાય છે? અને એક ક્ષણમાં ક્યાં ઉપજે છે? અને એક ક્ષણમાં ક્યાં નાશ પામે છે? સમજાણું કાંઈ આમાં? આરે..! આહા..હા..!

અહીં 'પરમાત્મપ્રકાશ' દ્રવ્ય-પરમાત્મા અત્યારે લેવો છે. વસ્તુ તરીકે અનાદિ-અનંત સત્, સત્ કંદ, સત્ના ચૈતન્ય આનંદનો ઘન, પિંડ વસ્તુ છે ધ્રુવ. એ ધ્રુવ ઉપર પર્યાય જે ક્ષણે ક્ષણે થાય એ પર્યાયમાં, અવસ્થામાં જન્મ-મરણ, જન્મવું, મરવું, ભવનું ઉપજવું, ભવનો અભાવ, કર્મનું ઉપજવું, કર્મથી ઉપજવું, કર્મને ઉપાર્જવું એ બધું પર્યાય-અવસ્થામાં છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન '**કારણકાર્યસે રહિત હૈ અર્થાત્ કારણ ઉપજાનેવાલેકો કહતે હૈં.**' કારણ ઉપજાવવાવાળાને કહે છે. તો ભગવાન ધ્રુવ વસ્તુ, નિત્ય વસ્તુ, એ વિકારને ઉપજાવવાવાળું નિત્ય વસ્તુ નથી. સમજાય છે કાંઈ? '**કારણ ઉપજાનેવાલેકો કહતે હૈં. કાર્ય ઉપજનેવાલેકો કહતે હૈં.**' ઉપજનેવાલા. ઉપજે તે કાર્ય, ઉપજાવે તે કારણ. ઉપજાવે તે કારણ, ઉપજે તે કાર્ય. આત્મા ધ્રુવ સંસારના વિકારપણે ઉપજે કે વિકારને ઉપજાવે એવા કારણકાર્ય રહિત ધ્રુવ નિત્ય છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના ના. એ દ્રવ્ય વસ્તુ. ગુણની શક્તિ ત્રિકાળી દ્રવ્યમાં આવી ગઈ. એ દ્રવ્ય જ એકરૂપ. અનંત ગુણ એમાં આવી જાય એકરૂપ. દ્રવ્ય એને કહીએ કે, અનંત ગુણનું એકરૂપ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આશરો લે એમાં શું, આશરો તો પર્યાય લે છે. વસ્તુ તો ધ્રુવ છે, નિત્ય છે. પર્યાય આશ્રય લે (તો) નિર્મળતા થાય. પર્યાય પરનો આશ્રય લે તો વિકાર થાય, બસ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એના નિધાન કેવા છે કેવા એની ખબર ન મળે. ધૂળના... બાર મહિને બધી તપાસ કરે પૈસા કેટલા થયા. ધનતેરસની પૂજા ધનની, ધૂળની.

મુમુક્ષુ :— એ ભૂલ્યો છે.

ઉત્તર :— ભૂલ્યો તે ક્યાં ભૂલ્યો પણ કેટલો? અરે..! ભગવાન! આમ નિત્ય છે. જોનારી દૃષ્ટિ છે તે પર્યાય છે, પર્યાય અવસ્થા, પણ જે જોવું વસ્તુ છે એ તો નિત્ય ધ્રુવ છે. અહીં પર્યાય અને ધ્રુવ બે ભિન્ન છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..!

વસ્તુ જે છે સદૃશ શક્તિનું સત્ત્વ જ્ઞાન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ અનંત ગુણનું

એકરૂપ વસ્તુ એ તો ધ્રુવ, પોતે ધ્રુવ એ ભવના ઉત્પન્નનું કારણ નથી અને ભવપણે ઊપજે એવું તે કાર્ય નથી. ઊપજાવવાવાળું કારણ નથી અને ઊપજવાવાળુ કાર્ય નથી. ઊપજે છે એ વિકાર અને વિકારપણાને કારણે કર્મ બાંધે ભલે, એ ઊપજે કર્મપણે, વિકારપણે અને વિકારના કાર્યપણે પાછો નાશ થાય. પણ વસ્તુ તરીકે છે એ કારણકાર્ય રહિત છે. એ વિકારને ઉપજાવે આત્મા એવું કારણ નથી અને વિકારનો નાશ કરે એવું એ કાર્ય નથી. ભવનો અભાવ કરે એનું આ કારણ નથી અને ભવનો નાશ કરે એવું એ કાર્ય પણ નથી. આહા..! ભારે. સમજાણું કાંઈ?

'**કારણ ઉપજાનેવાલેકો કહતે હૈં.**' ઉપજાનેવાલે(કો) કારણ (કહતે હૈં). ભગવાન ધ્રુવસ્વભાવ ભવને ઉપજાવે? ધ્રુવસ્વભાવ ભવને ઉપજાવે? અને કાર્ય ઉપજનેવાલેકો કહતે હૈ. ધ્રુવસ્વભાવ ભવપણે ઊપજે? ધ્રુવસ્વભાવ ભવપણે ઊપજે? ધ્રુવસ્વભાવ સંસારની પર્યાયપણે ઊપજે? કહો, સમજાય છે કે નહિ? આવું કેવું? આવી વ્યાખ્યા? ભાઈ! એક રાજા ને રાણી ને આન-ફાન હોય તો એમાંથી સમજાય. ઈ જ કહે છે કે રાજા તું ચૈતન્ય રાજા છો. આહા..હા..! આ તારી વર્તમાન અવસ્થામાં બધા ભવનું ઊપજવું, ભવનો નાશ થવો એ અવસ્થામાં છે. આ સંસારનું ઊપજવું ને સંસારનો નાશ થવો એ અવસ્થામાં છે. પર્યાય છે ખરી, પણ પર્યાય તે ધ્રુવમાં નથી, ધ્રુવ તે સંસારનું કારણ નથી અને સંસારનું કાર્ય પોતે ઉપજાવે એ પોતે છે નહિ. સંસારના કાર્યપણે ઊપજે એ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'નિરખે ધ્રુવની તારી.' એ ધ્રુવ ધ્રુવ તારો છે. આ ધ્રુવ તારો નથી આવતો? એ આનંદઘનજી કહે છે એને. ધ્રુવ વસ્તુ ધ્રુવ નિત્ય, અચળ નિત્ય વસ્તુ છે. જે પર્યાય દેખે છે એ પર્યાય વર્તમાન અવસ્થા છે, પણ જે અંદર દેખે છે એ ધ્રુવ વસ્તુ છે. ધ્રુવ વસ્તુપણે ધ્રુવ દેખતી નથી અને ધ્રુવ ઉપજતી નથી ને ધ્રુવ વિણસતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સોનું સોનાપણું કાયમ રાખી અને એની અવસ્થામાં કુંડળપણે ઊપજે, કડાપણે નાશ થાય. કડાનો વ્યય, કુંડળનું ઉપજવું એ અવસ્થામાં છે. સોનાપણું જે ધ્રુવ છે એ કડાની પર્યાયપણે ધ્રુવ થયું નથી. કુંડળની પર્યાયપણાનો નાશ (થયો પણ) ધ્રુવનો (નાશ) થયો નથી. અવસ્થાનું ઉપજવું ને અવસ્થાનું વિણસવું છે. સોનાપણું, પીળાશપણું, ચીકાશપણું જે ધ્રુવ છે એ ધ્રુવ કુંડળપણે ઉપજતું નથી, કડાપણે નાશ થતું નથી. એટલે ઉપજવાના કારણરૂપ ધ્રુવ નથી અને કાર્યરૂપ પણ ધ્રુવ નથી. ભારે વાત ભાઈ!

પોતે કોઈ વસ્તુ છે કે નહિ? અવસ્થા છે ભલે. હવે અહીં પરની વાત અત્યારે નથી. એનામાં અવસ્થા હો. ભવ, ભવનો અભાવ, વિકાર, વિકારનો અભાવ, વિકારનું ઉપજવું, વિકારનો નાશ થવો એ એની દશામાં, હાલતમાં, પર્યાયમાં છે પણ વસ્તુ જે ધ્રુવ તરીકે છે એ ધ્રુવ

પોતે ઊપજે છે રાગમાં? ધ્રુવ પોતે રાગને નાશ કરે છે? અથવા ધ્રુવ પોતે રાગનો નાશ થતાં પોતે નાશ થઈ જાય છે? એ તો ધ્રુવ તો છે એ છે. સમજાણું કાંઈ?

'**સો યે દોનોં ભાવ વસ્તુમેં નહીં હૈં,...**' દેખો! ધ્રુવ નિત્ય... નિત્ય... નિત્ય... સત્ પ્રભુ એમાં ભવનું ઉપજવું, ભવનું વિણસવું ધ્રુવમાં નથી. કેવી શૈલી ઊભી કરી છે આ! સમજાણું કાંઈ? '**ઈસસે દ્રવ્યાર્થિકનયકર જીવ નિત્ય હૈ,...**' વસ્તુ દ્રવ્ય એટલે વસ્તુ એની દૃષ્ટિએ જોઈએ તો એ નિત્ય જ છે. એમાં ભવ અને ભવનો અભાવ ને ભવને ઉપજાવે ને ભવને વિણસે એ વસ્તુમાં અંદર છે નહિ. દ્રવ્ય તરીકે વસ્તુ હોં! પર્યાય તરીકેનો પ્રશ્ન અત્યારે નથી. સમજાણું કાંઈ?

'**ઔર પર્યાયાર્થિકનયકર...**' કેટલા આ તો ગાથામાં કેટલા નવા શબ્દો આવશે ઘણા. વસ્તુ જે આમ આત્મા નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... એ નિત્ય વસ્તુ છે એ એની અવસ્થા જે અનિત્ય છે ક્ષણિક દશા એમાં એ આવતો નથી અને એ અવસ્થાનો નાશ થતાં એનો નાશ થતો નથી. સમજાણું કાંઈ? એ વસ્તુ તરીકે ધ્રુવ (રહે છે). દ્રવ્ય એટલે આ દ્રવ્ય એટલે પર્યાય ને દ્રવ્ય બે એમ નહિ. દ્રવ્ય એટલે એનો ત્રિકાળી ધ્રુવ અંશ, ત્રિકાળી ધ્રુવ અંશ એ દ્રવ્યાર્થિકનય. દ્રવ્ય એટલે સામાન્ય અંશને લક્ષમાં લેવાવાળા જ્ઞાનથી જોઈએ તો તે વસ્તુ નિત્ય એમને એમ છે. સમજાણું કાંઈ?

'**પર્યાયાર્થિકનયકર ઉત્પન્ન હોતા હૈ,...**' લ્યો! પર્યાયની અપેક્ષાએ રાગપણે, ભવપણે, મુક્ત અવસ્થાપણે વગેરે વગેરે, એનો ખુલાસો આવશે આગળ, ઉપજે છે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! આહા..હા..! પર્યાયાર્થિકનયકર અવસ્થાની દૃષ્ટિએ, અવસ્થાથી, હાલતથી, પર્યાયથી, દશાથી એ નરપણે, મનુષ્યપણે, આ દેહની વાત નથી અંદર ગતિની યોગ્યતા, એ પણે, મનુષ્યપણે, ભવની અવસ્થાપણે, અવસ્થાદૃષ્ટિએ ઉપજે છે અને અવસ્થાદૃષ્ટિએ નાશ થાય છે. વસ્તુદૃષ્ટિએ ઉત્પન્ન ને નાશ છે નહિ. આહા..હા..! સમજાણું કે નહિ? હવે આને કેટલું સોંઘુ કરીને મૂકવું? આ બાઈઓને સમજાય એવું કેમ કરવું આમાં? બાઈઓ છે જ નહિ, અહીં તો આત્મા છે બધા. બાઈઓ કોને કહેવી અને પુરુષ કોને કહેવો? સમજાણું કાંઈ? આ શરીરના આકાર એની વાત પણ અહીં નથી અત્યારે તો. એના આત્મામાં જે ધ્રુવપણું ત્રિકાળ અને એની અવસ્થામાં ભવનું ઉપજવું અને વિણસવું એ બધું અવસ્થાની હાલતમાં છે. ધ્રુવપણામાં તો એવુંને એવું છે. આહા..!

'**યહાં પર શિષ્ય પ્રશ્ન કરતા હૈ,...**' આ બધું આવ્યું ખરુંને. પર્યાયથી વસ્તુ જે છે ધ્રુવ એ ધ્રુવ પોતે પર્યાયમાં, ભવમાં આવતી નથી એટલે ઉપજવામાં આવતી નથી અને વસ્તુ પોતે છે તે વિણસવામાં આવતી નથી. ઉપજતી નથી ને વિણસતી નથી તે ધ્રુવ. ઉપજે ને

વિણસે તે તો પર્યાય થાય છે અવસ્થા. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો. '**કિ સંસારી જીવોંકે તો નર-નારકી આદિ પર્યાયોંકી અપેક્ષા ઉત્પત્તિ ઔર મરણ પ્રત્યક્ષ દિખતા હૈ,...**' સંસારી જીવ છે એને તો આ ભવનો ભાવ અને એ ભવનો અભાવ એવું તો દેખાય છે. હવે અહીં ઉત્પાદ-વ્યય, શિષ્યને પ્રશ્ન સિદ્ધનો ઉત્પન્ન થાય છે. આ સિદ્ધને શું સમજવું? તમે તો નિત્ય ઠરાવ્યું એમાં કાંઈ ઉપજવું, વિણસવું કાંઈ છે જ નહિ. તમે તો ત્રણે કાળના દ્રવ્યમાં, ધ્રુવમાં કાંઈ ઉપજવું, વિણસવું છે નહિ એમ સિદ્ધ કર્યું. સમજાણું?

'**સંસારી જીવોંકે તો નર-નારકી...**' આ નર-નારકીનો જગતમાં (નામ આવતાં) એનો ખ્યાલ જાય છે આ જડ ઉપર. આ નર-નારકી આ નથી દેહ, એ તો જડ છે આ તો. એમાં એની મનુષ્યપણાની લાયકાતથી ઉદયભાવ છેને અંદર ગતિ એને મનુષ્યપણું કહેવું. આ તો માટી છે, આને મનુષ્ય ભવ ક્યાં? (કહે છે). મનુષ્યભવ તો જીવનો ઉદયભાવ છે. એટલે આ નથી, આ તો માટી, જડ છે આને કે દિ' મનુષ્યપણું હોય. એની નજર પણ જાય મનુષ્યપણું (એટલે) શરીર. શરીરના રજકણો અવસ્થા મનુષ્યપણે થયા છે? આને મનુષ્ય કહેવાય? આ તો જડ છે, માટી છે આ તો. આત્મા વસ્તુ જે ધ્રુવ છે એની વર્તમાન અવસ્થામાં મનુષ્યની યોગ્યતા પ્રમાણે જે ભાવ છે એને મનુષ્ય કહેવામાં આવે છે. એમ દેવમાં પણ દેવની યોગ્યતા પ્રમાણે એને થાયને કે, હું દેવ છું, આ ઈન્દ્રાણી છે, ફલાણું, ઢીકણું. અહીં મનુષ્યપણે મનુષ્ય ઓલો જે અંદર ભાવ, પર્યાયમાં ભાવ (થાય) તે મનુષ્ય ભવ અને મનુષ્ય ભવના અભાવની વાત ચાલે છે, આ દેહની વાત નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ અંદરમાં ઉદયભાવ છે એમાં એકતાબુદ્ધિથી (થાય છે). એ જ કહે છેને, વસ્તુને ભૂલ્યો છે તો એકતાબુદ્ધિ કરે છે એમાં. અજ્ઞાનભાવે. કીધુંને, શુદ્ધ ચિદાનંદને ભૂલી પર્યાયમાં વિકારને ઉપાર્જ્યા, એનાથી થઈ ભવની યોગ્યતા, એ ભવ હું એમ માનીને ઉપજે ને વિણસે છે પર્યાયમાં, ધ્રુવમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? તમારા ભાઈને પૂછીએ છીએ. કહે છે...

મુમુક્ષુ :— ...મનુષ્યપણું મળ્યું...

ઉત્તર :— એ મનુષ્યપણું મળ્યું એટલે? એ તો પછી નિમિત્તની વાત છે, પણ અંદર પર્યાયની યોગ્યતા મનુષ્યપણાની. જીવ તો એ છે, આ મનુષ્યપણું છે? આ તો જડ છે, માટી છે. એમાં નિમિત્તપણે આ શરીર છે. એમાં કરવા જેવું, મનુષ્યપણું મળ્યું એમાં કરવા જેવું આત્માનું હિત આ પર્યાયમાં આ ભવમાં છે એમ કહેવા માગે છે. કાંઈ જડથી થાતું હશે? સમજાણું કાંઈ? પણ વાત ઈ છેને, એની પર્યાય પણ દેહથી ભિન્ન છે એ એને ભાસતું

નથી. દ્રવ્ય તો પર્યાયથી ભિન્ન. સમજાણું કાંઈ? એના ભવની અવસ્થા અને ભવનો અવસ્થાનો ભાવ એ એની પર્યાયમાં છે, આને લઈને નહિ. સમજાણું કાંઈ? એ વસ્તુ જે છે ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ શુદ્ધ, એને ભૂલીને એની દશામાં ભવ ને ભવનો અભાવ ને આ ભવનો અભાવ ને બીજા ભવનો ભાવ (છે). એ તો અહીં સિદ્ધમાં પણ લઈ લેશે હવે. આ દેહ તો માટી જડ છે. એને મનુષ્યનો ઉદય છે મનુષ્યગતિનો? આને મનુષ્યગતિનો ઉદય છે? મનુષ્યગતિનું કર્મ બંધાયેલું એ ભલે જડ, હવે એના ઉદયનું ફળ એ આને છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માણસનું માથું શું કોને, એ તો વાતું નિમિત્તની છે. માણસના માથા કેવા ને હાથ કેવા? એ તો જડના માથા છે. અહીં તો એની પર્યાયમાં પણ આનું ભિન્નપણું એ પર્યાયમાં કેમ થાય છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિત્ય ધ્રુવ હોવા છતાં, શુદ્ધ ચિદાનંદ આનંદની મૂર્તિ હોવા છતાં, તેને ભૂલીને એની દશામાં આ બધા ભવનો ભાવ ને ભવનો અભાવ ને બધું થયા કરે છે. આને ભવ છે? દેહને ભવ છે? જડને ભવ, પુદ્ગલને ભવ છે? પુદ્ગલને ભવનો અભાવ છે? સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :— મનુષ્ય થઈને પ્રસિદ્ધિ તો કરે છે.

ઉત્તર :— કોણ કરશે? એ તો જડ છે એમ પ્રસિદ્ધ કરે છે. જીવ મનુષ્ય જે છે એમ આ જડ પ્રસિદ્ધ કરે છે? પણ આ નિમિત્ત પ્રસિદ્ધ એમ કરે કે, એ મનુષ્યના ભવવાળો એટલું. પણ એથી આ મનુષ્યભવ થઈ ગયો? આ ભવ થઈ ગયો? મનુષ્યભવ જીવને હોય કે મનુષ્યભવ દેહ જડને હોય? મનુષ્યભવ જીવની પર્યાય-અવસ્થામાં હોય. આમાં તો ન હોય અને ધ્રુવમાં ન હોય. શું કીધું? ભારે વાત ભાઈ!

મનુષ્યભવ જે કહેવાય એ આત્માની પર્યાયમાં, મનુષ્યભવ એટલે એની યોગ્યતાવાળો એને પર્યાયમાં મનુષ્યભવ કહેવાય. શરીરને મનુષ્યભવ કહેવાય? ધ્રુવમાં મનુષ્યભવ છે? એની પર્યાય અવસ્થામાં આ મનુષ્યની યોગ્યતાવાળું છે કે હું મનુષ્ય છું એવું છેને? એવી યોગ્યતા એની પર્યાયમાં છે. એ પર્યાયની યોગ્યતાનો નાશ થઈને દેવની પર્યાયપણે (ઊપજે). દેવના આત્માની પર્યાયપણાની વાત છે હોં! દેવનું શરીર જુદું. અરે.. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ પર્યાય માને નહિ, ઈ છેને એને એ વખતે કે હું મનુષ્ય જ છું, દેવપણે (હોય તો) દેવ છું, પશુપણે પશુ (છું). ભવ ભવ હોં! એનો ભવ. ગતિનો ઉદયભાવ, ગતિનો ઉદયભાવ એ જીવમાં-પર્યાયમાં હોય, ગતિનો ઉદયભાવ જડને આને હોય? સમજાણું કાંઈ?

અહીં તો આ દેહની વાત જ નથી. દેહ તો પુદ્ગલ નિમિત્તપણે આવે ને જાય એની

પર્યાયથી ઉપજે. એના પરમાણુ જે છે એ ધ્રુવ રહીને આ મનુષ્યની આ પર્યાયપણે આમ દેખાય આ પર્યાયપણે, વ્યય થઈને દેવની પર્યાય(પણે દેખાય) એ પરમાણુઓ, એ તો પરમાણુની પર્યાયની વાત છે. આત્માની પર્યાયની એમાં વાત નથી. અહીં આત્માની પર્યાયની વાત છે. મલૂકચંદભાઈ! જ્યાં હોય ત્યાં એવો ચોંટ્યોને. બસ! આ મનુષ્યદેહમાં હું ઉપજ્યો, દેહ દેહપણે ઉપજ્યો, દેહપણે ઉપજ્યો. દેહપણે ઉપજતો હશે આત્મા? દેહ તો પરમાણુનો પિંડ છે, આ પરમાણુ માટી એનો પર્યાય છે, પર્યાય. એમાં તો પરમાણુ ઉપજ્યા એ પણે. આત્મા એમાં ઉપજ્યો છે? સમજાણું કાંઈ? અહીં તો હજી પર્યાય જે થાય છે એ ધ્રુવમાં નથી (એમ) સિદ્ધ કરવું છે. અને એ પર્યાય, જડમાં આ પર્યાય નથી ને જડને લઈને નથી અહીં તો. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :— જડની શક્તિ જડમાં છે.

ઉત્તર :— જડની શક્તિ જડમાં, અહીં ક્યાં આવી ગઈ. આ દેહપણે ઉપજ્યા છે પરમાણુ. આત્મા ઉપજ્યો છે આ દેહપણાની પર્યાયપણે? પૂર્વ ભવનો મનુષ્યદેહ હતો એ છૂટીને આ પર્યાય થઈ આની, એ આ પર્યાયપણે આ દેહ ને આ પરમાણુ ઉપજ્યા છે કે આત્મા આ પણે ઉપજ્યો છે? એ તો પરમાણુ ઉપજ્યા છે. પરમાણુ રજકણ જે છે પોઈન્ટ એ ઘણા ભેગા થયા એ રજકણો શાશ્વત્ ધ્રુવ, પણ આ અવસ્થાનું બદલવું એ તો એ પરમાણુમાં અવસ્થાનું ઉપજવું (થયું), ધ્રુવપણે પરમાણુ (રહ્યો) અને અવસ્થાપણે ઉપજવું ને વિણસવું એ તો પરમાણુમાં થયા, આત્મામાં ક્યાં આવ્યા એમાં? સમજાણું કાંઈ?

અહીં તો આત્માની વાત ચાલે છે. આત્મા જે છે એના બે ભાગ—એક ધ્રુવ ભાગ, નિત્ય ભાગ. એ નિત્યપણું તેની પર્યાયમાં આવતું નથી, એ નિત્યપણું નાશ થતું નથી. નિત્યપણું જે છે તે ઉપજતું નથી પર્યાયમાં અને તે નિત્યપણું પર્યાયનું ગયું એટલે એમાં એ નાશ થતું નથી. એ તો ઉત્પાદ-વ્યયના કારણ વિનાનું અને એના કાર્યવાળું (અર્થાત્) આ ઉત્પાદનું કાર્ય અહીં થાય અને એનું કારણ થાય એવો એ આત્મા નથી. ઓહો..હો..! સમજાણું આમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શેના ધૂળના? એ તો એનો પર્યાય થયો, એમાં તું ક્યાં આવ્યો? એમ કહે છે. વજ્રવૃષભનારાચ આ પર્યાય થઈ હાડકાની મજબુત અંદર એ પણે તો પરમાણુ એ પણે પર્યાય ઉપજ્યા છે. પરમાણુ ધ્રુવ રહીને પર્યાયપણે ઉપજે છે લ્યો ઈ. પાછો ધ્રુવપણે પર્યાય પણ આવ્યો નથી. પરમાણુનું જે સત્ત્વ જે ધ્રુવ છે એ કાંઈ આ પર્યાયપણે આવે છે? એ તો પર્યાયપણે ઉપજે ને પર્યાયપણે વિણસે છે એ પણ ધ્રુવ પરમાણુની. આત્માપણે ઉપજે અને આત્માની અવસ્થા એ પર્યાયપણે પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! એના તત્ત્વના બે ભાગ એ પરથી ભિન્ન. દ્રવ્ય અને પર્યાય પરથી ભિન્ન, શરીરાદિથી ભિન્ન. આ તો માટી છે, પર છે. પર્યાયપણે ઉપજ્યો એટલે શરીરપણે ઉપજ્યો આત્મા? ભવનો અભાવ કર્યો એટલે આ શરીરનો અભાવ કર્યો? અભાવ છે જ. આત્માની પર્યાયમાં તો શરીરનો અભાવ જ છે અને શરીરનો ભાવ એનામાં છે જ નહિ, પર્યાય એનામાં છે જ નહિ એટલે એ પણે ઉપજવું અને એના પણે અભાવ થવું એ પર્યાયમાં પણ છે નહિ, પર્યાયમાંય નથી. સમજાણું કાંઈ? ભારે વાત લાંબી થઈ પણ.

સંસારનો ભવ અને સંસારનો અભાવ એવો સિદ્ધભાવ, એ આત્માના ધ્રુવમાં નથી એમ સિદ્ધ કરવું છે. એ કાંઈ જડમાં નથી એમ છે. જડમાં તો છે નહિ એની વાત. એની પર્યાયમાં આ છે એ સિદ્ધ કરવું છે. એ સિદ્ધ ઉત્પાદ-વ્યય પર્યાયમાં (છે), ધ્રુવમાં નથી. ધ્રુવ એમાં આવતું નથી, ધ્રુવ એને પામતું નથી. તેમ એ ઉપજે, વિણસે પર્યાય એ શરીરને જડને લઈને ઉપજે, વિણસે એમ છે જ નહિ. એ પર્યાયનયના વિષયથી પોતે જ ઉપજે ને વિણસે છે.

પરપણે પણ એ રજકણોમાં નવી નવી અવસ્થા થવી એમાં નથી થતું? આ પહેલી આ પરમાણુની અવસ્થા લોટપણે હતી. આ લોટ અહીં આવ્યો કે નહિ? દાળ, ભાત ખડકાણા અહીં. નાનું શરીર હતું, પછી આ દાળ, ભાત ને જે કાંઈ આવ્યું એ આ પર્યાયપણે થયું જુઓ. રજકણો તો એ છે. રજકણની ધ્રુવતા તો નિત્ય રહી પણ એની અવસ્થાની આ લોહીપણે અવસ્થા થઈ. એ લોહીપણે અવસ્થા એ રજકણ ધ્રુવ પોતે નથી આવ્યા, પણ પર્યાય એમાં ઊપજી છે. આહા..હા..! લે, આ તો ક્યાં પાછું ગયું પરમાણુમાં. પરમાણુનું ધ્રુવપણું એ પર્યાયપણે ઉપજ્યું છે? પરમાણુનું ધ્રુવપણું, એ પર્યાયનો વ્યય થતાં એનો ધ્રુવનો નાશ થયો છે? સમજાણું કાંઈ? આમને આમ મજૂરી કરીને વખત ગાળ્યા એણે. મોહનભાઈ! આહા..હા..! અરે..! એકવાર સમજે તો એ ન્યાલ થઈ ગયો. ન્યાલભાઈ! ન્યાલના રસ્તા આ છે. આહા..!

અહીં તો કહે છે કે, એની નજરું ક્યાં નખાવે છે? આ આત્મા છે એ નિત્ય વસ્તુ છે ધ્રુવ. એ પોતે ધ્રુવ છે એ પર્યાયપણે ઉપજવું અને પર્યાયપણે વિણસવું એ ધ્રુવ નહિ. આહા..હા..! સમજાણું? એ પર્યાય કોની? જડની નહિ. જીવના અસ્તિત્વમાં, ભવના ભાવવાળું ઉપજવું અને ભવના ભાવનું અભાવ થઈને દેવપણે ઉપજવું, દેવના ભાવવાળી અવસ્થા—એ બધી અવસ્થામાં થાય છે. એ અવસ્થાનું ખરેખર કારણ દ્રવ્ય ધ્રુવ નથી તેમ એ એનું કાર્ય નથી અને આનું એ કારણ નથી. આ અવસ્થાનું એ દ્રવ્ય કારણ નથી, તેમ તે કાર્ય પણ નથી કે આ થયું એનું એ કાર્ય છે. કોઈનું કાર્ય નથી. એ તો વસ્તુ એમને એમ છે. પર્યાય સ્વતંત્ર, ધ્રુવ પણ સ્વતંત્ર અને પર તો સ્વતંત્ર ક્યાંય રહી ગયા. સમજાણું કાંઈ?

કહે છે, શિષ્યનો પ્રશ્ન થયો સિદ્ધનો. એટલું તો સમજ્યો શિષ્ય કે, આ કાંઈ ... આ

આત્માને ઉત્પાદ-વ્યય બતાવે છે. ધ્રુવપણું નહિ અને એકલો ઉત્પાદ-વ્યય બતાવે છે. ઉપજે ને વિણસે તો આ સિદ્ધને શું સમજવું? **'કિ સંસારી જીવોંકે તો નર-નારકી આદિ પર્યાયોંકી અપેક્ષા ઉત્પત્તિ ઔર મરણ પ્રત્યક્ષ દિખતા હૈ, પરન્તુ સિદ્ધોંકે ઉત્પાદ, વ્યય કિસ તરહ હો સકતા હૈ?'** તમે તો કીધું કે, ઉત્પાદ-વ્યયમાં ધ્રુવ આવતો જ નથી તો સિદ્ધને શું છે આ? સમજાય છે? **'ક્યોંકિ ઉનકે વિભાવ-પર્યાય નહીં હૈ,...'** એને વિકાર તો છે નહિ. અહીં તો વિકાર દશામાં છે તો એ વિકારનો અભાવ થઈ, બીજા વિકારમાં ઊપજે. એને તો વિકાર નથી તો એને ઉપજવું, વિણસવું પર્યાયમાં કેમ લાગુ પડે છે? પર્યાયમાં કેમ લાગુ પડે છે? એમ પૂછે છે. પર્યાયાર્થિકનયથી આવીને વાત એમાંથી આવ્યો પ્રશ્ન. સમજાણું આમાં?

અરે..! સર્વજ્ઞના ઘરમાં જિન પરમેશ્વરે શું કહ્યું (ખબર ન મળે). અમે જૈન છીએ. માથા ફોડો. જૈન શું કહેવાય ને એનું તત્ત્વ શું એ ખબર નથી. અમે જૈન છીએ. અરે..! બાપા! જૈન એટલે સર્વજ્ઞ ત્રિલોકનાથ અરિહંત તીર્થંકરે કહેલા તત્ત્વો કેવા? ધ્રુવ શું? પર્યાયમાં શું છે? પરના પર્યાય સાથે તો સંબંધની વાતેય નથી અહીંયા. આ પર્યાય પરને ઉપજાવે કે એ પર્યાય પરમાં ઉપજે એમ તો નથી, પણ ધ્રુવપણું પર્યાયને ઉપજાવે-વિણસાવે એમ નથી. સમજાણું કાંઈ?

તો ભગવાન! શિષ્યને પ્રશ્ન થયો પ્રભુ! અહીં તો ઠીક. કારણ કે, વિકાર છે અવસ્થામાં. પર્યાયથી, પર્યાયથી ઉપજવું, વિણસવાની વ્યાખ્યા છેને અત્યારે તો. ધ્રુવ તો એમાં આવતું નથી. ધ્રુવ ધ્રુવ સદશ ત્રિકાળ (રહે છે). હવે પર્યાયપણે અહીં ભવનો વિભાવ ઉપજ્યો, એનો અભાવ થયો. એ તો ઠીક વિભાવ. પણ જ્યાં સ્વભાવ છે ત્યાં વળી આ ઉત્પાદ-વ્યય શા? ત્યાં તો કાંઈ વિભાવ પણ નથી, વિકાર પણ નથી, સદોષતા નથી. સમજાય છે? કર્મ-ફર્મને એક કોર રાખો. આ વિભાવ નથી એમ કીધુંને? જુઓને! વિભાવપર્યાય નહિ હૈ, એમ પૂછ્યું. શિષ્યનો પ્રશ્ન છે અહીં આવો. સિદ્ધમાં વિકારી અવસ્થા નથી, સ્વભાવપર્યાય જ છે. ત્યાં તો એકલો સ્વભાવદશા છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એવી પર્યાય છે સિદ્ધ ભગવાનને.

**'ઔર વે સદા અખંડ અવિનશ્વર હી હૈં.'** એ પર્યાય તો એમને એમ રહે છે. સ્વભાવપર્યાય કાંઈ નાશ થાતી નથી. વિભાવનું તો આમ નાશ થવું થાય, ખ્યાલમાં આવે છે આ. ઓલું તો એકરૂપ અખંડ કેવળજ્ઞાન, કેવળદર્શન આમ આમ અખંડ, અખંડ, અખંડ (રહે છે). પ્રશ્ન એણે શું કર્યો છે? આ પર્યાયની વાત કરે છે હોં! સદા અખંડ અવિનશ્વરી પર્યાયની વાત કરે છે. શું કીધું? ભગવાન આપે તો એમ કહ્યું કે, જે ધ્રુવ વસ્તુ છે પોતે એની અવસ્થામાં આવે નહિ એટલે અવસ્થાપણે ઉપજે-વિણસે નહિ. તો અમે કહીએ છીએ કે, એ તો વિભાવમાં તો લાગુ પડે. સંસારમાં વિભાવ અવસ્થા થઈ અને વિભાવ જાય. ભવ થયો ને ભવનો અભાવ

થાય. ભવ એટલે ઓલી યોગ્યતા હોં! ભવની. પણ આ સિદ્ધને શું સમજવું? તમે તો આખો એક સિદ્ધાંત લીધો હતો કે, ધ્રુવ તે પર્યાયપણે આવે નહિ અને પર્યાય ઉપજે ને વિણસે. તો સિદ્ધમાં ઉપજે-વિણસે એ તો સ્વભાવ અખંડ થઈ ગયો નિર્મળ. સિદ્ધ ભગવાન જે આત્મા થયો પોતાના સ્વરૂપનું ભાન કરીને, ઠરીને પરમાત્મા થયો, એ સિદ્ધ ભગવાનને તો જે દશા પ્રગટ થઈ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એ તો અખંડ એમને એમ રહે છે. ન્યાં ખંડ ઓછું-વત્તુ થાય છે? ઓછું-વત્તુ થાય તો તો ઉપજવું-વિણસવું લાગે. સમજાણું કાંઈ? શું પ્રશ્ન કર્યો એ સમજાય છે આમાં? અમને તો એવું સમજાય કે, વિભાવપણે ઓછું-વત્તુ થાય તો તો એ ઉપજે-વિણસે. હવે ન્યાં એકરૂપ ધારા રહે ત્યાં ઉપજે-વિણસે શું હશે? એ.. રતિભાઈ! આ શિષ્યને પકડવાનો પ્રશ્ન ઉઠ્યો અહીંથી ઉઠ્યો છે.

'**સ્વભાવ-પર્યાય હી હૈ, ઔર વે સદા અખંડ અવિનશ્વર હી હૈં.**' કોણ? સ્વભાવપર્યાય. શું? એ સિદ્ધ ભગવાન થયા, ધ્રુવ તો એવુંને એવું અખંડ, પર્યાયમાં ભવનો અભાવ થઈ અને સિદ્ધની પર્યાય પ્રગટ થઈ. સિદ્ધ એ પર્યાય છે, કોઈ દ્રવ્ય-ગુણ નથી. પરમાત્મદશા છે, દશા છે, હાલત છે, હાલત જે ઉત્પન્ન થઈ એ તો સ્વભાવિક છે અને તે અખંડ છે, એકરૂપ અખંડ છે એમાં વળી ખંડ ઉપજવું-વિણસવું ખંડની પેઠે ન્યાં ક્યાં આવ્યું?

'**ઈસકા સમાધાન યહ હૈ...**' કહેલા પ્રશ્નનો ઉત્તર આ છે કે, '**જૈસા ઉત્પન્ન હોના, મરના, ચારોં ગતિયોંમેં સંસારી જીવોંકે હૈ, વૈસા તો ઉન સિદ્ધોંકે નહીં હૈ,...**' જુઓ! જેવું સંસારી જીવમાં એક મનુષ્યભવ છૂટી જાય, દેવભવ થાય, દેવભવ છૂટી જાય અને એકેન્દ્રિય જીવ થાય. દેવ મરીને એકેન્દ્રિય થાય. આહા..હા..! નાટક તે શું નાટક! મોટો દેવ હોય બીજા દેવલોકનો હોં! દેવ બે સાગરની સ્થિતિ-આયુષ્ય. એક સાગરોપમમાં દશ ક્રોડા ક્રોડી પલ્યોપમ (જાય). એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ (જાય). એવું જેને અમર લોક કહી દે. એવો દેવ પુણ્યને કારણે થયો, પણ ભાન આત્માનું નહિ. શુદ્ધ ચિદાનંદમૂર્તિ સમ્યક્ ભાન વિના પુણ્ય બાંધીને ત્યાં ગયો, એ ન્યાં મૂર્છાથી પાછો એકેન્દ્રિયમાં ફૂલમાં અવતરે. ફૂલ આ દેખાય ઈ જડ નહિ, .. વાત નથી હોં! એકેન્દ્રિયની પર્યાયપણે ત્યાં ઉપજે. હીરામાં ઉપજે, કોઈ પાણીમાં જીવ (થાય). પાણીના જીવ છે હોં! એકેન્દ્રિય, ત્યાં દેવ મરીને જાય. મહારાજ! ત્યાં તો વિભાવમાં તો એમ ઉપજવું-વિણસવું ભાસે, ભાસે ત્યાં, પણ જ્યાં એક ધારારૂપે સિદ્ધ ભગવાન તો પૂર્ણાનંદની દશા કેવળજ્ઞાન પૂર્ણ થઈ ગઈ. એમાં ઉપજવું-વિણસવું શી રીતે? ભાઈ! જેવું સંસારમાં મરવું અને ગતિઓનું છે, '**વૈસા તો ઉન સિદ્ધોંકે નહીં હૈ, વે અવિનાશી હૈં,...**' શું? એ પર્યાય હોં! પર્યાય એ અપેક્ષાએ-વિભાવની અપેક્ષાએ છે નહિ. '**પરન્તુ શાસ્ત્રોંમેં પ્રસિદ્ધ અગુરુલઘુ ગુણકી પરિણતિરૂપ અર્થપર્યાય હૈં,...**'

એ ઝીણી વાત છે જરી. '**વહ સમય-સમયમેં આવિર્ભાવતિરોભાવરૂપ હોતી હૈ.**' એક અગુરુલઘુગુણની પર્યાય ભગવાન સર્વજ્ઞે કીધી છે, જાણે (છે). સૂક્ષ્મ વાત છે. શ્રુતજ્ઞાનમાં બધું આવી જાય તો કેવળજ્ઞાનમાં શું બાકી રહે? એવો એક ભાવ એક સમય સમયમાં બધા સંસારી જીવોને, પુદ્ગલોને અને સિદ્ધોને સમય સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિનો એક સ્વભાવિક અર્થપર્યાય સદાય થયા કરે છે કે જે જ્ઞાનમાં-છદ્મસ્થના ખ્યાલમાં એ આવી શકે નહિ. સમજાણું કાંઈ?

આવિર્ભાવ—એ એક સમય એટલે સેકન્ડના અસંખ્ય ભાગમાં એ સિદ્ધને અગુરુલઘુ ગુણનો પર્યાય, પરિણતિ લીધી છેને પર્યાય, એ સમય, સમયમાં આવિર્ભાવ પ્રગટ થાય અને ઢંકાઈ જાય, પ્રગટ થાય અને ઢંકાઈ જાય. પણ એ એક સમયમાં જ બધું થાય હોં! ષટ્ગુણહાનિવૃદ્ધિ. ઝીણી વાત છે ઈ. ઈ કહેશે કેવળીગમ્ય છે ઈ. '**સમય સમયમેં પૂર્વપરિણતિકા વ્યય હોતા હૈ ઔર આગેકી પર્યાયકા આવિર્ભાવ (ઉત્પાદ) હોતા હૈ.**' અહીં તો પાછા એક સમયની અગુરુલઘુ પરિણતિમાં પૂર્વ પર્યાયનો વ્યય ને ઉત્તર પર્યાયનો ઉત્પાદ (થાય છે), એ અપેક્ષાએ સિદ્ધમાં પણ થાય છે. '**ઈસ અર્થપર્યાયકી અપેક્ષા ઉત્પાદ વ્યય જાનના,...**' એક તો એ અપેક્ષાએ ઉત્પાદ-વ્યય જાણવું. એ પણ ઉત્પાદ-વ્યય લીધો હોં! આમાં. એક સમય-સમયમાં ભલે છ થાય પણ પહેલા સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ, બીજે સમયે એનો નાશ થઈ જાય.

'**અન્ય સંસારી-જીવોંકી તરહ નહીં હૈ. સિદ્ધોંકે એક તો અર્થપર્યાયકી અપેક્ષા ઉત્પાદ વ્યય કહા હૈ.**' આ અગુરુલઘુની અપેક્ષાએ. '**અર્થપર્યાયમેં ષટ્ગુણી હાનિ ઔર વૃદ્ધિ હોતી હૈ. ૧ અનંતભાગવૃદ્ધિ, ૨ અસંખ્યાતભાગવૃદ્ધિ, ૩ સંખ્યાતભાગવૃદ્ધિ,...**' મોટી વ્યાખ્યા છે જરી ઝીણી એની. '**૪ સંખ્યાતગુણવૃદ્ધિ, ૫ અસંખ્યાતગુણવૃદ્ધિ, ૬ અનંતગુણવૃદ્ધિ. ૧ અનંતભાગહાનિ, ૨ અસંખ્યાતભાગહાનિ, ૩ સંખ્યાતભાગહાનિ, ૪ અસંખ્યાત્ગુણહાનિ, ૫ અસંખ્યાતગુણહાનિ, ૬ અનંતગુણહાનિ. યે ષટ્ગુણી હાનિ-વૃદ્ધિકે નામ કહે હૈં.**' થાય છે સમય-સમયમાં, પણ એક સમયમાં હોય એ બીજે સમયે ન હોય, એક સમયમાં હોય એ બીજે સમયે ન હોય એટલું અહીં સિદ્ધ કરવું. એક સમયમાં બધું હોય એકસાથે, પણ એક સમયમાં ઉત્પાદ તે બીજે સમયે નહિ એનો નાશ. એવી અપેક્ષાએ સિદ્ધમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. આહા..! આમાં તો કાંઈ ધ્યાન ન રાખે તો સમજાય એવું નથી કાંઈ. ઓલી તો વાર્તા રાજા-બાજાની હોય ને જરી બીજે વિચાર જાય તો વળી સાંધી દ્યે એક વાતને.

મુમુક્ષુ :— .. વાત ભૂલાય નહિ.

ઉત્તર :— એ તો વાત ભૂલાય નહિ પાછી. સરખી ગાળ દીધી હોય તો ગાંઠે બાંધે.

મને (ગાળ દીધી). હવે તને ક્યાં? સાંભળને! એ તો જાણને એ તો છે કે આવું થયું. ગાળ તો જડની પર્યાય હતી. જાણવામાં આવી તને. શું? કે આ થયું કાંઈક, બીજું શું. તારે શું છે પણ? જાણવામાં આવે ને ચોંટે (કે) જાણે પરદ્રવ્યરૂપ થઈ ગયો અને પરદ્રવ્ય મારામાં ગરી ગયું. આહા..હા..! કરે છે પોતાની ભ્રમણાનું દુઃખ અને એ આને લઈને થયું, એ આને લઈને થયું. મૂર્ખાઈ તે કેટલી!

'**ઈનકા સ્વરૂપ તો કેવલીકે ગમ્ય હૈ, સો ઈસ ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિકી અપેક્ષા સિદ્ધોંકે ઉત્પાદ-વ્યય કહા જાતા હૈ.**' એક વાત, એક વાત. સિદ્ધની એક સમયની પર્યાયમાં આવા ષટ્‌ગુણહાનિ-વૃદ્ધિ એક સમયમાં હોં! એવો એક સમયમાં તે બીજે સમયે નહિ એનો ઉત્પાદ-વ્યય, ઉત્પાદ થયો એનો વ્યય. એવું ત્યાં સિદ્ધમાં હોય છે.

મુમુક્ષુ :— બાર ભાગ પડે.

ઉત્તર :— એક સમયમાં બાર. પણ એક સમયનો બીજે સમયે ન રહે એટલું અહીં સિદ્ધ કરવું છે. બાર ભાગનું તો એક સમજાવ્યું એક સમયની સ્થિતિનું. હવે બીજી વાત જરી છે એ લાંબી છે થોડીક, ઈ આવશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૭, રવિવાર, તા. ૩૧-૧૦-૧૯૬૫**
**ગાથા-૫૬, ૫૭, પ્રવચન-૩૮**

(પરમાત્મપ્રકાશ) પહેલો ભાગ, ૫૬મી ગાથા ચાલે છે, છેલ્લું પાછળથી ચાલે છે જુઓ! અધિકાર શું ચાલે છે? કે, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આત્મામાં... આત્મા વસ્તુ છે એ ધ્રુવ છે. વસ્તુ ધ્રુવ તરીકે ત્રિકાળ (છે). એમાં ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યય એટલે પરિણમવું, પર્યાયનું થવું, અવસ્થાનું થવું. એ અવસ્થાનું થવું અને વ્યય થવો એ પર્યાય એટલે અવસ્થાદૃષ્ટિના વિષયમાં છે. વસ્તુ જે ધ્રુવ છે એમાં એ ઉપજવું ને વિણસવું ધ્રુવમાં નથી. કહો, સમજાય છે કાંઈ?

ઝીણું છે જરી, ધ્યાન રાખે તો (સમજાય એવું છે). આ આત્મા વસ્તુ ધ્રુવ નિત્ય સ્તંભ જ્ઞાન આદિ ગુણનો નિત્ય સ્તંભ ધ્રુવ વસ્તુ. એમાં ઉપજવું-વિણસવું છે ઉત્પાદ-વ્યય એ પર્યાયનયનો-અવસ્થાનો વિષય છે અને ઓલો છે એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. દ્રવ્યાર્થિક એટલે કે જે દ્રવ્ય-ત્રિકાળી ધ્રુવ-(એને) જે જ્ઞાનનો અંશ વિષય કરે એને દ્રવ્યાર્થિકનયનો ધ્રુવ કહેવામાં આવે છે. અને જે વર્તમાન અવસ્થાનો વિષય કરે, લક્ષ કરે એવા જ્ઞાનને વ્યવહાર પર્યાયનય કહેવામાં આવે છે. પર્યાયનય કહો કે વ્યવહારનય કહો. સમજાણું કાંઈ?

હવે કહે છે, સંસારી જીવને તો ભવ થાય છે વિભાવ સંસાર. મનુષ્યભવ એનો ઉત્પાદ અને પૂર્વના દેવભવનો વ્યય. એને તો ઉત્પાદ-વ્યય એ રીતે વિભાવમાં ઘટે. ધ્રુવપણું કાયમ રહીને મનુષ્યભવનો (ઉત્પાદ થાય). મનુષ્યભવ એટલે આ દેહ નહિ, મનુષ્યની અંદર ગતિની યોગ્યતા. એનો ઉત્પાદ અને પૂર્વે મનુષ્યમાં હતો એ મનુષ્યની ગતિનો અભાવ. આ ગતિનો ઉત્પાદ, વળી આ ઉત્પાદ વળી પાછો દેવમાં જાય તો દેવગતિનો ઉત્પાદ-ઉપજવું અને મનુષ્યગતિનું વ્યય થવું. ધ્રુવ તો કાયમ છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે, ભાઈ! સંસારદશામાં તો ભવભ્રમણના એક ભવનો અભાવ અને બીજાનો ઉત્પાદ એમાં તો આ ઉત્પાદ-વ્યય ઘટી શકે. પણ તમે તો બધામાં ઉત્પાદ-વ્યય સિદ્ધ કરવા માગો છો. તો સિદ્ધમાં ઉત્પાદ-વ્યય શી રીતે ઘટે? આ પ્રશ્ન શરૂ થયો છે. સમજાણું કાંઈ? જ્યારે સંસારી આત્મા છે... અહીં જીવની વાત ચાલે છે હોં! અત્યારે. બધા દ્રવ્ય, ગુણ, પર્યાયની વ્યાખ્યા આવશે ૫૭માં. અહીં તો ભગવાન આત્મા ધ્રુવ કાયમ રહેનાર, સદૃશપણે ધ્રુવ નિત્ય. અનંત આત્માઓ નિત્ય છે વસ્તુએ, ધ્રુવે ટકવાના સ્વ તત્ત્વની અપેક્ષાએ એ દ્રવ્યાર્થિક એટલે જે દ્રવ્ય કાયમ ચીજ છે એને જોનારી નયે જોઈએ તો એ કાયમ ધ્રુવ છે. એમાં પલટવું આદિ નથી. પલટવું એની દશામાં છે, અવસ્થામાં. એ અવસ્થા હાલત છે એમાં પલટે ભવ થાય જાય, ભવ થાય જાય, ભવ થાય અને જાય. એ એની પર્યાયની વાત છે હોં! શરીરની અહીં વાત નથી. સમજાણું કાંઈ? ભાવની વાત છે. અહીં શરીરની ક્યાં (વાત છે)? શરીર તો જડ (છે) આને ક્યાં... આના ઉત્પાદ-વ્યય તો જડના છે, ઈ જુદા આવશે. એને અહીં કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? ન્યાં કેમ બેઠા? મોહનભાઈ? પાછળ કેમ આવ્યા?

મુમુક્ષુ :— મનુષ્યભવ કોને કહેવો ઈ સમજાવો.

ઉત્તર :— મનુષ્યભવ કોને કહેવો નથી સમજાવવું. આત્મા ધ્રુવ નિત્ય છે એ સમજાવવું છે અને એ નિત્ય ધ્રુવમાં ઉપજવું, બદલવું ધ્રુવમાં નથી. ઉપજવું, બદલવું એની અવસ્થામાં, હાલતમાં, હાલતમાં, દશામાં છે. તો ઉપજે મનુષ્યભવ એટલે અંદર પર્યાય મનુષ્યની હોં! આ દેહની નહિ. મનુષ્યને યોગ્ય ગતિનો ઉત્પાદ અને દેવની ગતિનો વ્યય. દેવમાંથી આવ્યો એ.

સમજાય છે? એમ મનુષ્યનો વ્યય અને મનુષ્યનો ઉત્પાદ, મનુષ્યમાંથી મનુષ્ય થાય. એમ મનુષ્યમાંથી દેવ થાય તો મનુષ્યની અવસ્થાનો અભાવ, દેવની અવસ્થાનો ઉત્પાદ, ધ્રુવ વસ્તુ તો ધ્રુવ જ છે. અવસ્થામાં ઉપજવું-વિણસવું વિભાવમાં, પરિભ્રમણમાં આમ અનાદિથી થઈ રહ્યું છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન છે કે તમે ત્યાં ઉત્પાદ-વ્યય, ઉપજવું અભાવ-વ્યય સિદ્ધ કર્યું પણ સિદ્ધ ભગવાનમાં શી રીતે? એ તો અવિનાશી છે, એને કાંઈ ભવ નથી, ભવ કરવા નથી. એક ભવ જઈને બીજો ભવ થાય એવું તો એને નથી. એ તો એની પર્યાય તો શુદ્ધ અવિનાશી છે. સમજાણું કાંઈ? આ ભવના નાશ થાય ને નવો થાય, નાશ થાય ને નવું થાય એવું ત્યાં નથી. તો સિદ્ધ ભગવાન પરમાત્મા જે સિદ્ધ થયા એને અવસ્થા નવી થવી અને જૂની અવસ્થા જવી એ એને શી રીતે તમે ઘટાવો છો?

ત્યારે એક બોલ એમ કહ્યો કે, ભાઈ! ભગવાને એક ષટ્ગુણહાનિ-વૃદ્ધિનો એક ગુણ જોયો છે અગુરુલઘુ. એની પર્યાયમાં ષટ્ગુણહાનિ-વૃદ્ધિ થાય છે અવસ્થામાં. એ એક સમયમાં ષટ્ગુણહાનિ-વૃદ્ધિ. એવા સ્વભાવિક પર્યાયથી ઉત્પન્ન થાય પહેલે સમયે, બીજે સમયે એનો વ્યય થઈને બીજી ઉત્પન્ન થાય. એ અપેક્ષાએ સિદ્ધમાં પણ અગુરુલઘુગુણની ષટ્ગુણહાનિ-વૃદ્ધિની એક સમય સમયની થતી પર્યાયની અપેક્ષાએ એ ઉત્પાદ-વ્યય એમાં-સિદ્ધમાં પણ ઘટી શકે છે. કહો, સમજાણું કાંઈ? ઈ એક બોલ આવ્યો છે.

'**ઈનકા સ્વરૂપ તો કેવલીકે ગમ્ય હૈ, સો ઈસ ષટ્ગુણી હાનિ-વૃદ્ધિકી અપેક્ષા સિદ્ધોંકે ઉત્પાદ-વ્યય કહા જાતા હૈ.**' છે? ઓહો..હો..! ઘરના માપ કરવા એ તો બધા માપ કરે. કેટલા સળિયા ને કેટલા...

મુમુક્ષુ :— ૨૦૨૨ની સાલનો ઉત્પાદ થયો અને ૨૦૨૧ની સાલનો વ્યય થયો.

ઉત્તર :— ઈ ૨૨ સાલમાં ક્યાં ગઈ હતી.

અહીં તો પર્યાયમાં એક પોતે ગતિ ગઈ અને નવી ગતિ થઈ એની વાત ચાલે છે. એમ અહીંયા વર્તમાન સમયમાં પણ એક વર્તમાન ગતિનો ઉત્પાદ છે એનો જાય અને બીજે સમયે પાછો ઉત્પાદ નવો થાય. આ તો સામાન્ય આખી ગતિ તરીકે વર્ણવ્યું છે, પણ આત્મામાં સમય સમયે મનુષ્યગતિનો જે ઉત્પાદ છે એ બીજે સમયે રહેતો નથી. એ.. છોટાભાઈ! ભારે વાત ભાઈ! એવું ભલે એમાં વિભાવમાં ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય હો, પણ આ સિદ્ધમાં શી રીતે?

કહે છે, ભાઈ! સિદ્ધ ભગવાનમાં જોકે આ અગુરુલઘુની ષટ્ગુણહાનિવૃદ્ધિની પર્યાય તો છએ દ્રવ્યમાં છે. પણ હવે સિદ્ધમાં અમારે ઉત્પાદ-વ્યય સિદ્ધ કરવા માટે એનો આધાર લઈએ છીએ. એ પર્યાયમાં સર્વજ્ઞ ભગવાને એક સમયમાં સિદ્ધની અવસ્થામાં એક સમયમાં ષટ્ પ્રકારની

હાનિ ને ષટ્ વૃદ્ધિ એક સમયમાં ભગવાને ભાળી છે. એ એક સમય તે બીજે સમયે રહેતો નથી. પહેલા સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિનો જે ઉત્પાદ એ બીજે સમયે એના ઉત્પાદમાં રહેતો નથી. એ બીજે સમયે ષટ્ગુણી હાનિવૃદ્ધિનો પર્યાય વ્યય થાય છે અને નવો ષટ્ગુણ હાનિવૃદ્ધિનો પર્યાય ઉત્પન્ન થાય છે. એ અપેક્ષાએ સિદ્ધને પણ પર્યાયમાં ઉત્પાદ વ્યય ઘટે છે. કહો, સમજાણું આમાં?

બીજો બોલ. અથવા, હવે અહીંથી લેવાય છે. '**અથવા સમસ્ત જ્ઞેયપદાર્થ...**' આ જગતના ત્રણકાળ, ત્રણલોકના પદાર્થ, '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમતે હૈં,...**' જગતના અનંત આત્માઓ, અનંતા પરમાણુઓ નવી અવસ્થાથી ઉપજે, જૂની અવસ્થાથી જાય, ધ્રુવ ટકે. એવા અનંત પરમાણુઓ ને અનંત આત્માઓ સમસ્ત જ્ઞેય પદાર્થ, સમસ્ત જ્ઞેય પદાર્થ. '**જ્ઞેયપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમતે હૈં, સો સબ પદાર્થ સિદ્ધોંકે જ્ઞાન-ગોચર હૈં.**' સિદ્ધના કેવળજ્ઞાનમાં એ બધા અનંત પદાર્થ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ જ્ઞાનમાં જણાય છે. એક સમયમાં જ્ઞાનમાં જણાય છે. સમજાણું કાંઈ? '**જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ, સો જબ જ્ઞેય-પદાર્થમેં ઉત્પાદ-વ્યય હુઆ, તબ જ્ઞાનમેં સબ પ્રતિભાસિત હુઆ,...**' અનંત પદાર્થ... જેમ આ આંગળી જુઓ! આ આંગળી આમ અત્યારે છે કે નહિ? એની પર્યાય આમ છે. ભગવાનના જ્ઞાનમાં એ રીતે ભાસી છે અને આ આંગળી પાછી આમ થઈ તો આ બીજો સમય એમાં થયો. ત્યાં પણ બીજે સમયે આ રીતે થયું એવું જ્ઞાન જ્યાં પરિણમ્યું બીજી રીતે ભાસ્યું. સમજાણું કાંઈ? એમ દરેક પદાર્થ-દરેક આત્મા, દરેક રજકણ વર્તમાન અવસ્થાથી બીજી અવસ્થારૂપે થાય તે પહેલી અવસ્થારૂપે જ્ઞાનમાં જાણ્યું હતું. અહીં જ્યાં બદલ્યું તો ત્યાં પણ જ્ઞાન બદલ્યું એ જાતનું. આહા..! ભારે ભાઈ! ઘરની વાત એને સમજવી કઠણ પડે છે. પારકી પંચાત માંડી.

કહે છે કે, જે અનંત પદાર્થ છે એ સમયે સમયે અવસ્થાપણે પરિણમે છે, નવી નવી અવસ્થા. કીધુંને, હાથનું કીધું કે, હાથ આમ છે એ સહિતની પર્યાય કેવળજ્ઞાનમાં આ પ્રમાણે ભાસી છે, વર્તમાન સિદ્ધમાં. એ જ્યારે આમ થઈ ત્યારે અહીં સમય બદલ્યો, ત્યાં પણ સમય બદલ્યો. આમ થઈ તો એ રીતે કેવળજ્ઞાનમાં ભાસ્યું છે. બદલ્યુંને ત્યાંય તે. સમજાણું કાંઈ? એમ અનંતા દ્રવ્યની જે વર્તમાન અવસ્થાપણે છે એ પ્રમાણે ભગવાનના જ્ઞાનમાં જણાણું. એ અવસ્થા જ્યાં પલટી તો ત્યાં પણ પલટ્યું જ્ઞાનમાં. અહીં પલટ્યું ત્યાં પણ જ્ઞાન એવી રીતે જાણવામાં પલટ્યું છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા જમુભાઈ? સમજાય છે કે નહિ આ?

'**જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ,...**' શું કહે છે? એ જ્ઞેયાકાર, જે જ્ઞેય છે અનંત દ્રવ્યો, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ જે એનો વર્તમાન પર્યાય છે, એનો ગુણ છે અને એનું

દ્રવ્ય છે એવું ભગવાનના જ્ઞાનમાં એ રીતે એમ વર્તમાન ભાસ્યું. જે અહીં પર્યાય પલટી અહીં તો ત્યાં પણ જ્ઞાનમાં એમ થયું કે આ પર્યાય પલટી એવો જ જ્યાં જ્ઞાનમાં પલટો થયો. પહેલા આ વર્તમાન જેટલા દ્રવ્ય, ગુણ, પર્યાય છે એ રીતે ત્યાં જ્ઞાનનો ઉત્પાદ હતો. અહીં જ્યાં આમ પલટ્યું ત્યાં પણ એનો ઉત્પાદ—નવો ઉત્પાદ પાછો એવો થયો, આ જાતના જ્ઞાનનો. ભારે વાત ભાઈ! આ તો સાધારણ વાત છે હોં! આમાં કાંઈ બહુ ઓલી નથી પણ કોઈ દિ' મહેનત જ કરી નથી. એમને એમ મફતનો હેરાન થઈ થઈ રળ્યું ને ખાધું ને પીધું ને મરી ગયો એમને એમ. ખાધું-પીધુંની કલ્પના હોં! જેચંદભાઈ! ઈ કહે છે. હમણા રાડું પાડતા હતા કે આ બીજા બધા સુખી અને હું દુઃખી. પણ દુઃખ છે ક્યાં? આ બધું, આ બધું આમ આમ થઈ ગયું છે શરીરને, હાલતું નથી ને.... ટાંગા ધ્રુજે ને ઈ.

મુમુક્ષુ :— ઈ દુઃખ કહેવાય?

ઉત્તર :— માને છેને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા એમ છે. એમ નથી ભાઈ! એ મૂઢ તરીકે માન્યું છે એણે. સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ સાજા કહેવા કોને? સાજાની વ્યાખ્યા શું? શરીરની અવસ્થા નીરોગપણે પરિણમે એ તો જડની અવસ્થા થઈ, એમાં સાજાપણું આત્મામાં ક્યાં આવ્યું? આત્મા એને જાણનારો (રહે છે) કે, આ અવસ્થા જડની આ રીતે થઈ. એમ આત્માએ જાણ્યું, જાણ્યું એમાં દુઃખ ક્યાં આવ્યું? પણ મૂઢ ઉઠાવગીર ઉપાડીને એમ કહે છે કે, આ જાણવામાં આવ્યું એ આમાં આમ કેમ? એ મારામાં આમ કેમ? એવી કલ્પના એને દુઃખરૂપ થાય છે. આહા..હા..! થાય જડમાં, જણાય જ્ઞાનમાં, થાય છે મને આવી માન્યતા ઊભી કરીને દુઃખી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલાના ટાંગા ચાલે જડમાં અને ટાંગા ચાલે જડમાં અને એને ઠીક પડે છે એમ આ કલ્પે છે. એને ઠીક પડે...

મુમુક્ષુ :— ... પ્રભુ! નજરે દેખાય છે.

ઉત્તર :— નજરે દેખાતું નથી. સાંભળો! નજર ખોટી કરીને જોવે છે. એમ છે. સમજાણું કાંઈ? નજરે દેખાય તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એમ જાણે કે, આ શરીરની આ અવસ્થા આના પાસે છે એ એનો જાણનાર છે. જાણનાર છે માટે શરીર ઠીક છે માટે એને ઠીક પડે છે એવું જ્ઞાન જોતું નથી. જ્ઞાને કલ્પ્યું મૂઢ થઈને કે, આને શરીર સારું, બાયડી સારી, છોકરા સારા, બધા સારા પાક્યા. એમ અજ્ઞાનીને એના જ્ઞાનમાં એ ભાસે છે. એ કલ્પે કે, મને ઠીક છે એ મૂઢ છે અને બીજો કલ્પે કે આને ઠીક છે એ મૂઢ છે. બીજી ચીજમાં અવસ્થા થઈ એ

તો જાણનાર છે જ્ઞાન. એમાં સારું એને અને મને નરસુ આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..! વલ્લભદાસભાઈ! ભારે ગજબ!

અહીં તો કહે છે જુઓ! સિદ્ધ ભગવાનનું જ્ઞાન એમ આ જ્ઞાન. આ જ્ઞાનમાં શરીરની આ અવસ્થા છે એ જ્ઞાન જાણે છે, એ જ્ઞાનનો ઉત્પાદ પોતાનો. હવે અહીં જ્યાં બદલ્યું કાંઈક તો અહીં પણ બદલ્યું જ્ઞાન. એ જ્ઞાન, જ્ઞાનનું બદલવું આને લઈને નથી, છે પોતાને લઈને, એમાં દુઃખ શું આવ્યું? સરોગતા શરીરમાં હતી, નીરોગતા હતી એવું જ્ઞાને જાણ્યું. શરીરમાં, મને નહિ. સરોગતા છે એ જ્ઞાને જાણ્યું કે, આ સરોગતા છે. એ અહીં અવસ્થા (છે), પછી અહીં અવસ્થા પોતાની પલટી. એમાં પલટીમાં 'આ મને દુઃખ છે' એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ કીધું નહિ? મૂઢે માન્યું છે. નીરોગતા એ મને ઠીક એ આવ્યું ક્યાંથી? નીરોગતા. નીરોગતા જડની અવસ્થા છે. જડની અવસ્થા ચૈતન્યને ઠીક, એનો અર્થ શું? સમજાણું? જડની નીરોગ અવસ્થાના કાળમાં જ્ઞાને જાણ્યું કે આ અવસ્થા આની નીરોગ છે. એમ જ્ઞાને જાણ્યું. એ ક્ષણમાં એકદમ અવસ્થા પલટી. પલટી તો જડમાં ગઈ. જડમાં પલટી, આત્મામાં નહિ, આત્માનું જ્ઞાન પલટ્યું. જે આને નીરોગપણે જ્ઞાન જાણતું એ સરોગપણે જ્ઞાનમાં જાણવામાં આવ્યું, જ્ઞાનમાં જાણવામાં આવ્યું. એમાં દુઃખ આવ્યું એ ક્યાંથી આવ્યું? અને નીરોગ ટાણે જ્ઞાને જાણ્યું હતું એમાં નીરોગતાએ એને સુખ છે એ આવ્યું એમાં ક્યાંથી? સમજાણું કાંઈ? કલ્પના મફતમાં ઉઠાવગીર પોતાને માટે ને બીજા માટે ઊભું કરે છે મફતનો. મોહનભાઈ! આહા..હા..! કહો, ભીખાભાઈ! આહા..હા..! એ તો રામજીભાઈ બોલે એને શરીર સારું છે એટલે. એઈ..! પણ મારે સારું નથી એનું શું કરવું? એમ કહે છે. પણ સારું કોનું? શરીરનું કે આત્માનું?

મુમુક્ષુ :— ... મુદ્દાની ...

ઉત્તર :— શું મુદ્દાની પણ? શરીરની અવસ્થા આવી એમાં આત્માને શું? ભાઈને ઘરે કાંઈક સારું થાય એમાં વાણિયો જોડે (રહે) એમાં એને શું? કહો. એમ જડમાં કાંઈક થાય એમાં આત્માને શું? પણ ધણી થઈને પડ્યો છેને અંદર. એ દૃષ્ટિએ બીજાને ધણી માને છે પાછો. આહા..! પાંચ પાંચ છોકરા, ચાર ચાર તો પોગ્યા રળાવમાં સરખા, ... થઈ ગયા, એકાદ હજી ભણશે એ પાંચ વર્ષે ભેગો થઈ જશે. ઈ પણ ગણતરી કેવી કરે ઊંધી ને. સમજાણું કાંઈ? કોને પોગે? કોણ કરે? શું કહે છો તું આ?

આત્મા ભગવાન ધ્રુવપણે કાયમ રહેલો છે. એની અવસ્થામાં પરિણમન જ્ઞાનનું, દર્શનનું, આનંદનું વગેરેની પર્યાય થાય છે. એ પર્યાયમાં આ વસ્તુ પલટી એવું અહીં જાણ્યું. પર્યાય

પહેલી હતી એ અહીં જાણ્યું, પછી થઈ એમ જાણ્યું. જાણ્યા ઉપરાંત આમાં બીજું ક્યાંથી આવ્યું? જાણ્યા ઉપરાંત આ નીરોગ હતી અને સરોગ થઈ એમ જાણ્યું. જાણ્યા ઉપરાંત હું દુઃખી છું એ આવ્યું ક્યાં? જાણ્યા ઉપરાંત આ ખોસ્યું લાકડું અંદર એ ભ્રમણાથી નાખ્યું છે લાકડું. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, બરાબર હશે કે નહિ આમાં? હિંમતભાઈ! હવે આમાં આખો દિ'... ઈ શું છે એની એને ખબર પડતી નથી. એમને એમ આંધળે આંધળી ગાંઠો વિંઝી હાલે જાય છે.

અહીં તો સિદ્ધની વાત કરવી છે હવે. એ તો અહીં એમ છે હોં! પણ આ તો સંસારનો ઉત્પાદ-વ્યય તો પ્રત્યક્ષ દેખાય છેને. એમ કહેતો હતોને ઈ? હવે અમારે આનું શું સમજવું? ભગવાન! સિદ્ધ પરમાત્મા ધ્રુવ વસ્તુ તો દ્રવ્ય તરીકે તો ધ્રુવ છે સિદ્ધ ભગવાન, પણ એનો જે પર્યાય છે કેવળજ્ઞાનનો, એ કેવળજ્ઞાનના પર્યાયમાં આ લોકાલોક જ્ઞેય છે જ્ઞાનમાં જાણવા લાયક એની અવસ્થા પલટે છે. તો પહેલી અવસ્થા હતી તે તે રીતે જ્ઞાન જાણ્યું, એ અવસ્થા પલટી તો ત્યાં જ્ઞાન પણ એ રીતે જાણ્યું. એના કારણે એ પોતે પોતાને કારણે પલટે છે પણ બીજાને પલટાવવાનો શું હેતુ એવું અહીંથી સમજાવ્યું. જ્ઞેય પલટતા જ્ઞાન પલટે છે એ પોતાથી પલટે છે, આને કારણે નહિ. પણ એને ખ્યાલમાં આવે કે, એકરૂપ રહ્યું નહિ જ્ઞાન. એકરૂપ અમથું પણ જ્ઞાન ઉત્પાદ-વ્યયપણે જ હોય. કેવળજ્ઞાન પણ કાંઈ ધ્રુવ નથી, ધ્રુવ તો ગુણ છે ત્રિકાળ. એનો પર્યાય નવી અવસ્થા ઉપજે એ કેવળજ્ઞાનનો પર્યાય પહેલે સમયે ઉપજ્યો એ બીજે સમયે રહે જ નહિ. બીજે સમયે નવો કેવળજ્ઞાનનો પર્યાય થાય. પણ એ ન ઝટ સમજે એટલે અહીંથી લીધું કે જો ભાઈ! કેવળજ્ઞાનના એક સમયની પર્યાયમાં આ વસ્તુ વર્તમાન જે રીતે જ્ઞેયો છે, એ ભાષા, એ જ્ઞેયો ગુલાંટ ખાય છે બીજે સમયે બધાય, આમ પલટે છે, તો એમ જ્ઞાનમાં પણ એ જાતનો પલટો થયો. પલટો તો પોતાથી થયો છે. સમજાવવાની રીત આ રીતે કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનમાં પણ ઉત્પાદ-વ્યય થયો કે નહિ? આહા..!

**'સમસ્ત જ્ઞેયપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમતે હૈં,...'** અહીં સિદ્ધ તો ઓલા ઉત્પાદ-વ્યયનું કરવું છે. **'સો સબ પદાર્થ સિદ્ધોંકે જ્ઞાન-ગોચર હૈં. જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ,...'** જ્ઞેયાકાર જે જ્ઞેયો અનંત છે એ રૂપે અહીં જ્ઞાનની અવસ્થા છે. **'સો જબ જ્ઞેય-પદાર્થમેં ઉત્પાદ-વ્યય હુઆ,...'** જ્ઞેય પદાર્થમાં પહેલી અવસ્થા હતી એનો વ્યય થયો, પછીની અવસ્થા ઉપજી, **'તબ જ્ઞાનમેં સબ પ્રતિભાસિત હુઆ,...'** તો જ્ઞાનમાં એ ભાસ થયો. **'ઈસલિયે જ્ઞાનકી પરિણતિકી અપેક્ષા...'** જ્ઞાનની પર્યાયની પરિણમવાની અપેક્ષાએ, **'ઉત્પાદ-વ્યય જાનના.'** સમજાય છે? અહીંથી સમજાવ્યું. એક અગુરુલઘુથી સમજાવ્યું, એક અહીં જ્ઞેયો

પલટે એ અપેક્ષાએ જ્ઞાન પલટે છે એમ સમજાવ્યું. પલટે છે તો પોતાને કારણે હોં! આહા..હા..! પણ એ પલટવામાં પહેલા સમયનું જ્ઞાન હતું આ રીતે જાણવાનું અને અહીં ગુલાટ ખાધું તો બીજા સમયનું એ રીતે જાણવાનું જ્ઞાન પરિણમ્યું પોતાથી. સમજાણું કે નહિ?

ભગવાનના જ્ઞાનમાં વર્તમાનમાં એમ ભાસ્યું કે, આ જીવ મનુષ્યના છેલ્લે સમયે છે. જ્ઞાનમાં ભાસ્યું. એ જીવ બીજે સમયે સિદ્ધ થયો. સમજાણું? તો જ્ઞાનમાં શું ભાસ્યું? શી રીતે ભાસ્યું? અહીં એવું એનું જ્ઞાન ભાસ્યું કે નહિ? જ્ઞાનમાં પલટો થયો કે નહિ? એ કેવળજ્ઞાન પર્યાય છે, કાંઈ ગુણ નથી. સમજાણું કાંઈ?

આ જીવ આ સમયે... ભગવાન મહાવીરનો જીવ પાવાપુરીના સ્થાનમાં છેલ્લા સમયે ચૌદમા ગુણસ્થાને હતા એ પર્યાયપણે. સિદ્ધે એમ જાણ્યું હતું કે નહિ? અને એના જ્ઞાને એમ જાણ્યું હતું કે નહિ? સમજાણું? આ અવસ્થા પૂરી થઈ સિદ્ધ થયા. જ્ઞાનમાં એમ આવ્યું કે નહિ કેવળજ્ઞાનમાં પણ કે, આ અવસ્થા ગઈ? આ સિદ્ધ અવસ્થા થઈ, એ અવસ્થા પલટી કે નહિ પોતાના જ્ઞાનમાં? બહુ ઝીણું છે ન્યાલભાઈ! આહા..હા..! આ તો પણ આમ વસ્તુ છેને? ધ્રુવપણું કાયમ રહી અને એમાં પલટો નથી ખાતો, પલટો એની પર્યાયનયના વિષયમાં છે. એના ઉત્પાદ-વ્યય સિદ્ધ કરવા છે. તો સંસારીના ઉત્પાદ-વ્યય તો સાધારણ પ્રાણી કહે છે કે, અમને સમજાણા. સમજ્યાને? પણ આ સિદ્ધને શી રીતે? જો ભાઈ! એક અગુરુલઘુની અપેક્ષાએ ષટ્ગુણહાનિવૃદ્ધિનો પર્યાય છે એ બીજે સમયે રહેતો નથી, એ અપેક્ષાએ ઉત્પાદ-વ્યય.

બીજો આ સમયના જ્ઞાનનું પરિણમન લોકાલોકના જ્ઞેયાકારપણે પરિણમતો હતો પોતાનો પર્યાય, બીજે સમયે આખો લોકનો આખો પલટો એક સમયમાં આખા જ્ઞેયનો, જ્ઞેયનો બીજો સમય થઈ ગયો બધાનો, પલટો બધા દ્રવ્યનો (થઈ ગયો). એમ જ્ઞાનમાં આવ્યું. જ્ઞાન પણ આખો એક બીજા સમય ... એ અપેક્ષાએ સિદ્ધના પર્યાયમાં પણ ઉત્પાદ-વ્યય ઘટે છે. આહા..હા..! અરે..! પણ સ્વભાવ તે કાંઈ વસ્તુ! આ તો પર્યાયનયની અચિંત્યતા બતાવે છે, ધ્રુવનું તો શું કહેવું!! આહા..! ધ્રુવ તો આવો પડ્યો પિંડ ભગવાન એકલો. પણ આમ પર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન... એ જ્ઞાનમાં પણ અનંતા જ્ઞેયો જે રીતે વર્તમાન છે એ રીતે ભૂત, વર્તમાન, ભવિષ્ય જાણ્યું. એ પર્યાય વર્તમાન હતી એ ભૂત થઈ ગઈ જ્ઞેયમાં અને ભવિષ્યની પર્યાય વર્તમાન આવી તો અહીં જ્ઞાને પણ એમ જાણ્યું. જ્ઞાને એમ જાણ્યું. જ્ઞાનની પર્યાયમાં જે ભૂત પર્યાય વર્તમાન હતી એને વર્તમાન તરીકે પહેલી જાણી, વર્તમાન ભૂત થઈ ગઈ ને ભવિષ્યની વર્તમાન આવી તો એમાં એવી રીતે જ્ઞાન પલટ્યું કે નહિ અહીંયા? સમજાણું કાંઈ?

ઈ તો અહીં જ્ઞાનનો પલટો એમ ન્યાં અને ન્યાંનો પલટો અહીંયા, એમ બે સામાસામા

છે. કોઈને લઈને કોઈ નથી. આહા..હા..! એક એના જ્ઞાન ગુણનો એક સમયનો પર્યાય કેટલું સામર્થ્ય ધરાવે છે એમ કહે છે. આમ જેટલા લોકાલોકના જ્ઞેય છે, જે રીતે વર્તમાન ઉત્પાદપણે છે, ધ્રુવપણે ભલે રહ્યા અને વ્યયપણે એ રીતે જ્ઞાને જાણ્યું છે એક સમયમાં. બીજે સમયે એ ઉત્પાદ ગયો ને બીજો ઉત્પાદ આવ્યો. એનું પરિણમન અહીં જણાણું, જ્ઞાનમાં એમ જણાણું. બેયને સંબંધ છે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ પૃથક કાર્ય થઈ રહ્યા એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'અથવા...'** ત્રીજો બોલ, હજી ત્રીજો બોલ ઉત્પાદ-વ્યયને સિદ્ધ કરવા માટે. સિદ્ધનો હોં! સિદ્ધનો. **'અથવા જબ સિદ્ધ હુએ,...'** ભગવાન આત્મા સિદ્ધ થયા, **'તબ સંસાર-પર્યાયિકા વિનાશ હુઆ, સિદ્ધપર્યાયિકા ઉત્પાદ હુઆ,...'** પહેલી સંસારપર્યાય હતી, ચૌદમા ગુણસ્થાને છેલ્લે ઉદયભાવનો અંશ વ્યય થઈ ગયો, સિદ્ધ પર્યાયનો ઉત્પાદ થઈ ગયો, સંસારનો વ્યય, સિદ્ધનો ઉત્પાદ થયો. એ પણ ઉત્પાદ-વ્યય થયોને આખો મોટો આમ. સંસાર પર્યાયનો વ્યય અને સિદ્ધનો ઉત્પાદ અને ધ્રુવપણું તો કાયમ છે. સમજાણું કાંઈ? ચક્રવૃદ્ધિના વ્યાજ કાઢે વાણિયા નવરા બેઠા. દશ લાખમાં નાખીને પછી પાછું વ્યાજ કાઢે. ઈ ચક્રવૃદ્ધિ વ્યાજ કહેવાય. દશ લાખનું ચાર આના તરીકે આપ્યું હોય તો દશ લાખનું ચાર આના તરીકેનું એક દિવસનું જે વ્યાજ આવે એમાં નાખે. ભેળવીને બીજા દિવસનું દશ લાખનું ઓલું વ્યાજ સહિત ચાર આનાનું પાછું ભેળવીને નાખે, ત્યારે ચક્રવૃદ્ધિ વ્યાજ કહેવાયને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... ઉત્પાદ-વ્યયનો છે એમ કહે છે. એ તો વળી મોટો ... મનુષ્ય હતો ત્યાં ક્યાં ઢોરમાં ક્યાં હતું ભાન એ નિગોદમાં પડ્યો છે. .... છતાં એની ઉત્પાદ-વ્યયની પર્યાય એ પર્યાયનયનો વિષય (છે), દ્રવ્યનો નહિ. દ્રવ્ય તો ધ્રુવ. આહા..હા..! સમજાણું કાંઈ? સંસારપર્યાયનો નાશ અને સિદ્ધપર્યાયનો ઉત્પાદ. **'તથા દ્રવ્ય સ્વભાવસે સદા ધ્રુવ હી હૈ.'** દ્રવ્ય વસ્તુ જે ચૈતન્ય ધ્રુવ છે એ તો ધ્રુવ છે. જે અનાદિનું ધ્રુવ છે એ તો ધ્રુવ જ છે સિદ્ધ. એની પર્યાય જે હતી સંસારનો નાશ ને સિદ્ધની ઉત્પત્તિ તો ઉત્પાદ-વ્યય સિદ્ધમાં પણ આ રીતે ... એકદમ સંસારનો વ્યય, સિદ્ધનો ઉત્પાદ એમ. સમજાણું કાંઈ?

મોક્ષની પર્યાયનો ઉત્પાદ, સંસારપર્યાયનો અભાવ. જુઓ! આમ લોઢું છેને લોઢું. આમ છે. આમ છરી મારી તો કાટનો વ્યય પ્રકાશનો ઉત્પાદ, ધ્રુવપણું લોઢું તો એમને એમ છે. લોઢું ધ્રુવપણે તો છે. ... નથી કરતા? આમ કર્યું તે વ્યય થઈ ગયો કાટનો અને પ્રકાશનો ઉત્પાદ, લોઢું તો ધ્રુવ એમને એમ છે. છરી કાંઈ વઈ ગઈ છે? એમ દરેક પદાર્થમાં નવી અવસ્થાનું થવું, જૂની અવસ્થાનું જવું એક સમયમાં થાય છે. આહા..હા..! ધ્રુવપણે તો કાયમ છે. કહો,

સમજાણું કે નહિ આમાં? આવો વિષય કો'ક દિ' ચાલે એટલે જરી માણસને આકરો લાગે, પણ આ તો બહુ સાદી વાત છે. આમાં જરી ધ્યાન રાખે તો આમાં ક્યાં... વસ્તુ છે, વસ્તુમાં નવું નવું પરિણમન છે, પરિણમવું છે. એ પરિણમવું એ પર્યાયનું છે, ધ્રુવ પરિણમતું નથી. હવે પરિણમનમાં બે પ્રકાર—પૂર્વની અવસ્થાનું જવું અને નવીનું થવું. એ સંસારમાં વિભાવપણે અને સિદ્ધમાં સ્વભાવપણે. આ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :— .....

ઉત્તર :— ના ના ના. એ 'પ્રભાકરભટ્ટ' સમજતો હતો, એ ... એ તો વિસ્તાર માટે એને બહાને કહેવામાં આવ્યું. એમ ન કહેવાય. કહો, સમજાણું કાંઈ? ઓહો..!

**'સિદ્ધોંકે જન્મ, જરા, મરણ નહીં હૈ,...'** અવિનાશી પર્યાય સિદ્ધ કરે. **'સિદ્ધોંકે જન્મ, જરા, મરણ નહીં હૈં, સદા અવિનાશી હૈં.'** જુઓ પર્યાયે અવિનાશી. સમજાણું? પર્યાય એટલે? એ કાંઈ આ સંસારના જન્મ, મરણ એવું એને નથી. **'સિદ્ધકા સ્વરૂપ સબ ઉપાધિયોંસે રહિત હૈ, વહી ઉપાદેય હૈ,...'** આત્માને અંદર આદરવા લાયક સિદ્ધની પર્યાય તદ્દન નિર્મળ છે, એવો નિર્મળ પર્યાયનું ધામ ભગવાન એ આત્મા દ્રવ્યમાં દૃષ્ટિ દેવાથી સિદ્ધની પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? હવે એ ૫૬ થઈ. એ જીવની વાત કરી હતી, હવે બધા દ્રવ્ય, ગુણ, પર્યાયની વાત કરે છે.

મૂળ આ દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન જ ઘટી ગયુંને, એ ઝઘડા ઉઠ્યા. દ્રવ્ય, ગુણ, પર્યાયની વાત નથી આવતી? એ એક ફેરી લખ્યું હતું ઓલા સુરતવાળાએ. સુરતવાળો હતો ને કોણ ઓલો? સાકરચંદ હતો એક લેખક મોટો, શ્વેતાંબર. એણે લખ્યું હતું. અહીંથી શરૂ થયું ને લેખ જ્યારે એ લેખ પડ્યો છે અહીં કેદુનો-ઘણા વર્ષનો. કે, આપણામાં તો બે ચાર ગ્રંથ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયના સાધારણ. જ્યારથી દ્રવ્ય, ગુણ, પર્યાયનું સોનગઢથી શરૂ થયું ત્યારથી આપણા સાધુમાં પણ ગડમથલ ઊભી થઈ છે. આ દ્રવ્ય ને આ ગુણ ને આ પર્યાય. આપણે તો મૂળમાં તો નહોતું પણ બે, ચાર ગ્રંથ પછી થયા. સમજ્યાને? દ્રવ્યાનુયોગ તર્કણા છેને? એમાંથી આ બનાવ્યું છે, ભાઈ યશોવિજયજીએ. એમ કે, આ એમાં સાધારણ, પણ અહીંથી જ્યારે શરૂ થયું સોનગઢથી... આ તો ઘણા વર્ષની વાત છે હોં! એક લેખ છે. સાકરચંદભાઈ છે એક કોઈ. ગડમથલ ઊભી થઈ, શ્વેતાંબરના સાધુમાં પણ ગડમથલ થઈ. એલા! આ પર્યાય આમ કહે છે અને આ ગુણ આમ કહે છે. ... બીજું કાંઈક લખ્યું છે, કાંઈક છે ખરું. સમજાણું?

**'આગે દ્રવ્ય, ગુણ, પર્યાયકા સ્વરૂપ કહતે હૈં -'** એ ૫૭. આ જગતનું સ્વરૂપ જ એ રીતે છે. દ્રવ્યપણે એટલે કાયમ શક્તિવાનપણે, ગુણપણે એટલે શક્તિઓપણે અને પર્યાય એટલે અવસ્થાપણે, હાલતપણે. એ દ્રવ્ય, ગુણ અને પર્યાય. એમાં એક એક તત્ત્વને ત્રણે એ

હોય છે દ્રવ્ય, ગુણ ને પર્યાય.

૫૭) तं परियाणहि दव्वु तुहुँ जं गुण-पज्जय-जुत्तु।
सह-भुव जाणहि ताहँ गुण कम-भुव पज्जउ वुत्तु।।५७।।

ભગવાને એમ કહ્યું.

**અન્વયાર્થ :–** 'જો **ગુણ ઔર પર્યાયોંકર સહિત હૈ, ઉસકો હે પ્રભાકરભટ્ટ, તૂ દ્રવ્ય જાન,...'** શું કહે છે? હે ભાઈ! જે દ્રવ્ય કહીએ વસ્તુ, એ એના ગુણ ને પર્યાય સહિત હોય તેને દ્રવ્ય જાણ. જુઓ! આ એક સિદ્ધાંત આખો. દ્રવ્ય એટલે વસ્તુ એને કહીએ કે, એના ગુણ કાયમ રહેનારા અને અવસ્થા થતી, એના સહિતનું દ્રવ્ય તેને દ્રવ્ય જાણ. પર સહિતનું દ્રવ્ય તે દ્રવ્ય નહિ એમ કહે છે અહીંયા. આહા..હા..! આ વાંધા ઉઠ્યા મોટા. શરીરના દ્રવ્ય, ગુણ, પર્યાય રજકણે રજકણનો દ્રવ્ય પરમાણુ, ગુણ—શક્તિ અને પર્યાય અવસ્થા એના સહિતને તું ગુણ પર્યાય સહિતના દ્રવ્યને જાણ. એને ઠેકાણે કો'કના ગુણ, પર્યાય સહિતના પોતાના દ્રવ્યને જાણે, આ મૂઢ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..!

અહીં પહેલો શબ્દ શું છે? **'परियाणहि दव्वु'** શું? **'तुहुँ'** તું **'गुण-पज्जय-जुत्तु'** દરેક આત્મા દરેક રજકણ એને દ્રવ્ય કેમ કહીએ? દ્રવ્ય શું કરવા (કહીએ)? કે એક દ્રવ્ય એટલે વસ્તુ. એની શક્તિઓ... દ્રવ્ય એટલે વસ્તુ, હવે એની શક્તિ હોયને? ગુણ—સ્વભાવ, એ સ્વભાવ ગુણ અને વર્તમાન અવસ્થા. એ ગુણ અને અવસ્થા સહિતને દ્રવ્ય કહેવામાં આવે છે. બીજાના ગુણ અને અવસ્થા સહિતના એ દ્રવ્ય કહેવામાં આવે છે એમ છે નહિ. ભાઈ! વાત તો ઘણી લોજીકથી છે પણ હવે એને કોઈ દિ' કંઈ માથું ઊંચું કર્યું નથીને. ... કરી નથી, દરકાર કે શું છે આ? શું કીધું?

દ્રવ્ય એને જાણ, વસ્તુ એને જાણ, આત્મા એને જાણ, પરમાણુ એને જાણ કે તે તે દ્રવ્ય પોતાના કાયમના ગુણો અને વર્તમાન થતી અવસ્થા સહિત-યુક્ત એ દ્રવ્યને ગુણ પર્યાય સહિતને દ્રવ્ય જાણ. પરમાણુને પણ તેના ગુણ ને પર્યાય સહિતના તે પરમાણુને દ્રવ્ય જાણ. બીજાનો આત્મા પણ તે દ્રવ્ય તેના ગુણ અને પર્યાય સહિતનું તે દ્રવ્ય તેમ તું જાણ. ચંદુભાઈ! અહીંયા અહીં છોકરાનો આત્મા અને એનું શરીર. એ છોકરાનો આત્મા એને દ્રવ્ય શી રીતે તું જાણ? કે, એના ગુણ ને પર્યાય સહિત એ દ્રવ્ય એમ જાણ. આ શરીરનો એક એક રજકણ એ રજકણના રંગ, ગંધ આદિ ગુણ અને એની અવસ્થા એના સહિતના તે પરમાણુને દ્રવ્ય જાણ. પણ એના સહિતને આત્મા તું છો એમ ન જાણ. સમજાણું કે નહિ? કેટલા દ્રવ્યવાળું એક દ્રવ્ય? શું કીધું? કેટલા દ્રવ્યવાળું એક દ્રવ્ય એમ કહ્યું? કેટલા ગુણ અને પર્યાયવાળુ દ્રવ્ય એ તો એનું પોતાનું થયું. આહા..હા..! મલૂકચંદભાઈ! હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જીવદ્રવ્ય એમ. ઘણા જીવ અને અજીવવાળું એ જીવદ્રવ્ય. બાયડી, છોકરા, કુટુંબ એ જીવ અને એના શરીર, પૈસા, ધૂળ એ અજીવ. એ એક જીવદ્રવ્ય ઘણા જીવ અને અજીવવાળુ એ જીવદ્રવ્ય. વલ્લભદાસભાઈ! એ.. જંયતિભાઈ! એમ જીવદ્રવ્ય ન હોય. ભાઈ! વિચાર તેં કર્યો નથી. દ્રવ્ય વસ્તુ એને કહીએ, વસ્તુ એને કહીએ, પદાર્થ એને કહીએ, દ્રવ્ય ભગવાન કહે છે એને કહીએ કે, એ દ્રવ્યના જે કાયમ રહેનારા ગુણો અને એની વર્તમાન અવસ્થા ગુણ પર્યાય સહિત તેને દ્રવ્ય કહીએ. બીજા દ્રવ્ય સહિતને દ્રવ્ય કહીએ એમ વસ્તુમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અહીં તો એક એક શબ્દમાં ભેદજ્ઞાન છે. આત્માને દ્રવ્ય એમ જાણ કે, કર્મ સહિત તે આત્મા એમ દ્રવ્ય જાણ એમ કીધું? આત્મા દ્રવ્ય એવું જાણ કે, કર્મ સહિત આત્માને જાણ દ્રવ્ય એમ કીધું ભગવાને? એમ છે?

મુમુક્ષુ :— માંડ મજા કરતા હતા એમાં...

ઉત્તર :— ના. વાત સાચી છે. માંડ માંડ મૂઢતામાં મજા કરતા હતા. વાત સાચી છે હોં! એક જણો એમ કહેતો હતો, આવીને કહેતો હતો, માંડ માંડ ચાલતા હતા ત્યાં આમ માર્યું વચમાં કે લાકડી ઉપાડી શકાય નહિ, લાકડીથી મરાય નહિ. લાકડું ખોસ્યું. એક જણો આવ્યો હતો વિરમગામથી. કસ્ટમનો (અધિકારી). શ્વેતાંબર (હતો). સાંભળ્યું ખરું પછી સાંભળીને અંદર આવ્યો. આ લાકડીથી મારી શકાય નહિ, ફલાણા... અમે ચાલતા હતા એમાં આ વચ્ચે ખોસ્યું. આહા..હા..! કહો, આ વાત તો સમજાય છે કે નહિ?

દ્રવ્ય કોને કહીએ? આ સિદ્ધાંત પહેલો. '**दव्वु तं परियाणहि तुहुँ जं गुण-पज्जय-जुत्तु**' આ એક શબ્દ. વસ્તુ એને કહીએ કે એના ગુણ અને એની પર્યાયવાળાને દ્રવ્ય કહીએ. આત્મા એને કહીએ કે એના અનંતા ગુણ અને એની પર્યાયવાળાને દ્રવ્ય કહીએ. કર્મનો રજકણ એને કહીએ કે એના અનંતા ગુણ અને એના પર્યાય(સહિત)ને એના દ્રવ્ય પરમાણુને કહીએ. આત્મા પાસે છે માટે આત્માને દ્રવ્ય ઈ છે કે કર્મ આત્માનું થઈ ગયું અને આત્મા કર્મનું થયું એમ કોઈ દિ' ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ દાસ! શું હશે આ? મિલ-બિલનું કેટલું કર્યું હશે આ? મિલવાળો આત્મા, મિલનો ધણી આત્મા એ રીતે દ્રવ્યની ઓળખાણ હશે? ઘર-કુટુંબનો તો ખરો, મિલનો નહિ હવે. ચંદુનો બાપ તો ખરા કે નહિ? નહિ? ઈ તો ના પાડે છે અહીં જુઓ!

કહે છે કે, દ્રવ્યને ઓળખવું હોય તો એટલે કે પદાર્થને જાણવો હોય તો તે પદાર્થ તેના અનંતા ગુણ વર્તમાન વર્તતા અને એની અવસ્થા ક્ષણે ક્ષણે વર્તતી, તે ગુણ-પર્યાય '**जुत्तु**' તે દ્રવ્યને તું દ્રવ્ય જાણ એમ કીધું. નહિતર કરો દલીલ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ તો ઈનું ઈ થયું. એ તો આ ગુણ, ગુણનો સમૂહ દ્રવ્ય થઈ ગયો. એ ગુણ સહિતને દ્રવ્ય જાણ, પર્યાય સહિતને દ્રવ્ય જાણ. અને ગુણ કોને કહેવો? ગુણ કોને કહેવો ખબર છે? દ્રવ્યના પૂરા ભાગમાં દરેક અવસ્થામાં (વ્યાપે તે ગુણ). થઈ ગયો ... હાલત આવી ગઈ. ગુણ કોને કહેવો? કે, દ્રવ્યના પૂરા ભાગમાં એટલે ક્ષેત્ર આવી ગયું અને દરેક હાલતમાં એટલે કાળ આવી ગયો, અવસ્થા થઈ ગઈ. ખલાસ થઈ ગયું. ગુણ અને પર્યાય સહિતનાને એને દ્રવ્ય કહેવું.

મુમુક્ષુ :— ... કેવી રીતે કહેવું?

ઉત્તર :— એ પછી થઈ ગયું. ત્રણ કાળના પર્યાયનો પિંડ એ ગુણ અને અનંત ગુણનો પિંડ એ દ્રવ્ય. અહીં તો વર્તમાન લેવું છેને. એ તો ગમે તે વ્યાખ્યા લ્યોને. અહીં તો વર્તમાનમાં એક સમયની જેટલી પર્યાયો છે અને એક સમયના ગુણો છે, ભૂત, ભવિષ્યની પર્યાય ગુણમાં સમાઈ ગઈ. શું કીધું? વર્તમાન આત્મા, વર્તમાન પરમાણુ એને કહીએ કે, દ્રવ્ય એને કહીએ કે એ દ્રવ્યના એના ગુણો અનંત અને એની પર્યાય અનંત બસ. ભૂત, ભવિષ્યની અત્યારે વાત નથી. દ્રવ્ય એને કહીએ. પર્યાય ગુણ સહિતને દ્રવ્ય કહીએ. ભૂત, ભવિષ્યને સમયે સમયે એમ કહીએ પાછું. દરેક સમયે એમ કહીએ. સંસારીથી માંડી સિદ્ધ, નિગોદથી માંડીને .. અને પરમાણુથી માંડીને સ્કંધ એની વ્યાખ્યા વિસ્તાર કરશે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ભગવાન! આ નિર્ણય કરવા જાયને તો ઠરી જાય એવું છે અંદર.

આ જુદો એકલો તું દ્રવ્ય. દ્રવ્ય કોને જાણે? એના ગુણ-પર્યાયવાળું દ્રવ્ય. એટલે આ દ્રવ્ય ગુણ-પર્યાયવાળું. એટલે આ ગુણ અને પર્યાય આ દ્રવ્યના એટલું લક્ષ એના દ્રવ્ય ઉપર જાય. આહા..હા..!

મુમુક્ષુ :— ... નીકળશે?

ઉત્તર :— આ શું નીકળે છે આ? આ ગુણ અને પર્યાય (યુક્ત) દ્રવ્ય. એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં પર્યાયમાં સુખની દશા પ્રગટ થાય છે. તે પર્યાય સહિત તે દ્રવ્ય. પહેલા દુઃખની પર્યાય ને ગુણ સહિતનું દ્રવ્ય. એમ દુઃખની પર્યાય સહિતનું અને ગુણ સહિતનું દ્રવ્ય એ દ્રવ્યને નક્કી કરવા જાય એ ગુણ-પર્યાય સહિત દ્રવ્ય. આ ગુણ-પર્યાય આ દ્રવ્ય. એ દ્રવ્ય એમ નક્કી કર્યું તે આ પર્યાયમાં દુઃખની પર્યાયનો વ્યય થયો અને આનંદની પર્યાય ઉત્પન્ન થઈ સમ્યગ્દર્શન, એ સહિતનો પર્યાય એટલે દ્રવ્ય. આહા..હા..!

આ શેની માટે ચાલે છે આ? '**परियाणहि**' શબ્દ પડ્યો છેને? '**परियाणहि**'. બરાબર સમસ્ત પ્રકારે જાણ. ભગવાન આત્મા દ્રવ્ય એને કહેવું (કે) એના અનંતા ગુણો અને પર્યાય

સહિત દ્રવ્ય. આમ જ્યાં આ દ્રવ્ય આમ જ્યાં દૃષ્ટિ થઈ એટલે એને દ્રવ્યના લક્ષે નિર્મળ પર્યાય ઉત્પન્ન થયા વિના રહે નહિ. પહેલું નહોતું લક્ષ ત્યાં સુધી હતું તો એ જ દ્રવ્ય, દ્રવ્ય તો એ ગુણ ને પર્યાય સહિતનું જ દ્રવ્ય હતું, પણ એને આ દ્રવ્ય એમ ખ્યાલમાં નહોતું. સમજાણું કાંઈ?

આ પર્યાય જ્ઞાનની, આ ગુણ એ સહિત દ્રવ્ય. જ્ઞાનની પર્યાય, ગુણ કાયમી એ સહિતનું દ્રવ્ય. એમ દ્રવ્યનું લક્ષ જતાં એ દ્રવ્યમાં જે પહેલી પર્યાય હતી એ પર્યાય વ્યય થઈ ગઈ અને બીજી પર્યાય નવી સમ્યગ્જ્ઞાનની ઉત્પન્ન થઈ. એ સમ્યગ્જ્ઞાનની પર્યાય સહિત, ગુણ સહિતનું તે દ્રવ્ય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાં પણ કાંઈ નથી ન્યાં હવે શું? ન્યાં સોજા છે મફતના કો'કના. ક્યાં છે? એનો આ બાપ ન્યાં જાય તો સામું જોતો નથી ઓલો. ખબર નથી તમને. પૈસા થયા. પૈસા કોને થયા? કોઈને થયા નથી. પૈસાનો રજકણ... પૈસાને ઓળખવું હોય તો શી રીતે ઓળખવું? કે, એના ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય એમ ઓળખવું. એ જીવને ઓળખવો તો શી રીતે ઓળખવો? બીજા જીવને પણ. એના અનંતા કાયમ રહેલી શક્તિઓનો પિંડ ગુણ અને એની પર્યાય સહિતનું તેને દ્રવ્ય કહેવું. પૈસાવાળાને દ્રવ્ય કહેવું આત્મા એમ કીધું નથી અહીં. આહા..હા..! એ... ભીખાભાઈ! આ તો પહેલેથી જરી શબ્દાર્થ કહ્યો. સમજાણું?

હવે ગુણ અને પર્યાયની વ્યાખ્યા. એ તો દ્રવ્યની કહી વસ્તુ. ગુણ કોને કહેવો? **'સહ-ભુ'** **'જો સદાકાલ પાયે જાવેં, નિત્યરૂપ હોં, વે તો ઉન દ્રવ્યોંકે ગુણ હૈં,...'** ભગવાન આત્મા એ વસ્તુ, એ ગુણ-પર્યાય સહિત. હવે ગુણ કોને (કહેવા)? એ દ્રવ્યની વ્યાખ્યા કરી. હવે ગુણ. એ દ્રવ્યની સાથે કાયમ રહે, વસ્તુ સાથે કાયમ રહે. સ્વભાવ અનંત જ્ઞાન, દર્શન, ગુણ એ એને ગુણ કહીએ. સહભાવી—એની સાથે કાયમ રહે. સાથે દ્રવ્ય છે તેમજ એના ગુણો અનંતા સાથે રહે એવાને ગુણ કહેવામાં આવે છે. કહો, સાથે શું રહે? ગુણ. એ ગુણ સહિતના... પર્યાય સહિતના દ્રવ્ય કીધું, આ સાથે રહે તેને ગુણ કીધા. એને અન્વય કહેશે. સહભાવી અને અન્વય. સમજાય છે? આ સહભાવી તો શબ્દ ચાલે છે.

**'સહ-ભુવ'** સાથે હોનારા, સાથે નિત્યરૂપ એને ગુણ કહીએ. દ્રવ્યની સાથે સાથે શું કાયમ રહે? કર્મ રહેતા હશે? બાયડી-છોકરા કાયમ સાથે રહેતા હશે? એનો ગુણ કહેવાય? ઝાઝા પૈસાવાળો મોટો ગુણી. નહિ? સાથે રહેનારા આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ અનંત ગુણો સાથે રહેનારા તેને ગુણ કહેવામાં આવે છે. એક પરમાણુને આ પોઈન્ટ રજકણ દ્રવ્ય કહીએ. ગુણ-પર્યાયવાળું તે દ્રવ્ય. ગુણ-પર્યાય કહેશે હોં! ગુણ-પર્યાયવત્ દ્રવ્ય કહેશે ટીકામાં. આધાર આપશે.

એ પરમાણુ પણ ગુણ નામ શક્તિ અને પર્યાય અવસ્થા, એ ગુણપર્યાયુક્ત દ્રવ્ય. હવે ગુણ કોને કહીએ? પરમાણુ સાથે રંગ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ આદિ અનંત ગુણ રહે તેને ગુણ (કહીએ). નિત્ય રહે, દ્રવ્ય સાથે નિત્ય રહે તેને ગુણ કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..!

કોઈ કેવળીની કથન પદ્ધતિ, સંતોની કહેવાની રીત અને.. ઓહો..હો..! ગજબ વાત છે! એક એક બોલે આખું સમજાવી દ્યે છે. કોઈ પણ એક બોલ લ્યો એમાં ભેદ... ભેદ... ભેદ... ભેદ... ભેદ... ભેદજ્ઞાન. દ્રવ્યના ગુણ કોને કહીએ? કે, જે ગુણો દ્રવ્યની સાથે સદાય રહે. પર્યાય નિત્ય નથી રહેતી. બીજી ચીજ તો એની સાથે છે જ નહિ. દ્રવ્યની સાથે કાયમ પરમાણુ રહે છે? પરમાણુ તો એની સાથે ગુણ એના રહે પરમાણુના, આત્મા સાથે આત્માના ગુણ કાયમ રહેનારા છે. આહા..! આવો વિચારેય કોઈ દિ' કર્યો નથી. મૂઢપણામાં એળે ગાળ્યો, પાવકમાં પૂળો બાળ્યો. શું કીધું? અગ્નિના ઢગલામાં પૂળો નાખીને બાળી મૂક્યો. મૂઢપણામાં એળે ગાળ્યો અવતાર. આહા..હા..!

ભગવાન આત્મા અને પરમાણુ, એના બધા ગુણો તે વસ્તુની સાથે કાયમ રહે છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિ ગુણો છે, શાંતિ એટલે ચારિત્ર. એવા ગુણો ત્રિકાળ દ્રવ્યની સાથે જ હોય છે. પરમાણુના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ પરમાણુની સાથે નિત્ય રહે છે. તેને ગુણ કહેવામાં આવે છે. અને '**क्रम-भुव**'. '**જો દ્રવ્યકી અનેકરૂપ પરિણતિ ક્રમસે હોં અર્થાત્ અનિત્યપનેરૂપ સમય-સમય ઉપજે, વિનશે, નાનાસ્વરૂપ હોં વહ પર્યાય કહી જાતી હૈં.**' ત્રણની વ્યાખ્યા થઈ ગઈ ટૂંકી. શું કીધું? અને દ્રવ્ય જે છે, વસ્તુ જે છે એની અનેકરૂપ પરિણતિ પર્યાય, પર્યાય—અવસ્થા ક્રમે ક્રમે થાય. ગુણ નિત્ય રહે, અવસ્થા ક્રમે ક્રમે થાય. '**क्रम-भुव**' છે ને? પહેલી અવસ્થામાં હોય એ બીજી અવસ્થામાં ન રહે. ગુણ તો એકસાથે અનંત રહે અને પર્યાય '**क्रम-भुव**' ક્રમભાવી—જે સમયે જે છે એ પછી (નથી). અનિત્ય છે એટલે પછી એ ન રહે. એવા ક્રમે ક્રમે થાય તે પર્યાયનું લક્ષણ છે. એકસાથે નિત્ય રહે તે ગુણ છે. દ્રવ્ય, ગુણ ને પર્યાય સહિતનાને દ્રવ્ય કહેવાય. આ ત્રણ લક્ષણ સામાન્ય રીતે ગાથાના વર્ણવ્યા. અર્થ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૯, મંગળવાર, તા. ૨-૧૧-૧૯૬૫**
**ગાથા-૫૭, પ્રવચન-૩૯**

'પરમાત્મપ્રકાશ' ૫૭મી ગાથા.

**ભાવાર્થ :–** '**જો દ્રવ્ય હોતા હૈ, વહ ગુણપર્યાયિકર સહિત હોતા હૈ.**' શું કહે છે? આ જગતની અંદર ભગવાન તીર્થંકરદેવે છ દ્રવ્ય જાતિએ દેખ્યા, સંખ્યાએ અનંત. એ દરેક દ્રવ્ય વસ્તુ એના ગુણ-પર્યાય સહિત છે. સમજાણું કાંઈ? જુઓ, છે? '**ગુણપર્યાયિકર સહિત હોતા હૈ.**' ગુણ એટલે ત્રિકાળી શક્તિ અને પર્યાય એટલે વર્તમાન અવસ્થા, એ સહિત હોય તેને દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનો ખુલાસો કરે છે જુઓ! '**યહી કથન તત્ત્વાર્થસૂત્રમેં કહા હૈ 'ગુણપર્યાયિવદ્ દ્રવ્યં'.**' ત્યાં ગુણપર્યાયિવદ્ દ્રવ્યં કીધું છે, અહીં '**गुण-पज्जय-जुत्तु**' કીધું છે. એટલો શબ્દફેર છે પાઠમાં.

'**અબ ગુણપર્યાયિકા સ્વરૂપ કહતે હૈં –**' હવે કહે છે જુઓ! ''**સહભુવો ગુણાઃ ક્રમભુવઃ પર્યાયાઃ' યહ નયચક્ર ગ્રંથકા વચન હૈ, અથવા...**' બીજું લક્ષણ કહીએ, બીજી રીતે, ''**અન્વયિનો ગુણા વ્યતિરેકિણઃ પર્યાયાઃ' ઈનકા અર્થ એસા હૈ,...**' હવે અર્થ કરે છે. '**કિ ગુણ તો સદા દ્રવ્યસે સહભાવી હૈં,...**' શું કહે છે? આ આત્મા છેને આત્મા, એમાં જ્ઞાન, દર્શન, આનંદ એ ગુણ તો સહભાવી હંમેશા સાથે એકરૂપ નિત્ય રહે છે. સમજાણું કાંઈ? જરી ધ્યાન રાખવું પડશે હોં! આ બધો વિષય એવો છે. ઝીણો છે. આ આત્મા છેને, એ આત્મા દ્રવ્ય કહીએ, એક એક દ્રવ્ય. એ દ્રવ્ય એટલે શું? કે વસ્તુ. વસ્તુ એટલે શું? કે ગુણ-પર્યાય સહિત, ગુણ-પર્યાય સહિત. એ ગુણ એટલે શું? કે એ દ્રવ્યમાં કાયમ રહેનારા આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ, આ પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ આદિ. એ ગુણ એને સહભાવી, વસ્તુમાં સદાય એકરૂપ નિત્ય રહેનારા તેને ગુણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ગુણ તો સદા દ્રવ્યસે સહભાવી હૈં, દ્રવ્યમેં હમેશા એકરૂપ, નિત્યરૂપ પાયે જાતે હૈં,...**' બે ભાષા છે. શું કીધું? આત્મા છે વસ્તુ. એમાં એના ગુણો જે છે એ એકરૂપ રહે છે, સદશ છે અને તે નિત્ય છે એને ગુણ કહીએ. એ ગુણ સહિતને દ્રવ્ય કહીએ. સમજાણું કાંઈ? એ કર્મ સહિતને આત્મા કહીએ એમ નથી અહીં કહ્યું. શરીર સહિત આત્મા એમ નથી કહ્યું. એ શરીરનો એક એક રજકણ એનામાં નિત્ય જે રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એ સહભાવી નિત્ય એકરૂપ નિત્ય રહે છે એવા ગુણ સહિતને પરમાણુ કહીએ. આ જોડે છે માટે આત્મા સહિત પરમાણુ કહીએ એમ છે નહિ. સમજાણું કાંઈ?

એક એક પરમાણુમાં દ્રવ્ય કેમ કહીએ એને રજકણને વસ્તુ? કે એના નિત્ય જે રંગ, ગંધ, રસ, સ્પર્શ એકરૂપે સદશપણે નિત્ય દ્રવ્યમાં રહેનારા માટે તેને ગુણ કહીએ. એ ગુણ સહિતને દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે. એ આત્મા ગુણ પર્યાય સહિતને વસ્તુ કહીએ. તો ગુણ શું એના? કે, જાણવું, દેખવું, આનંદ, અસ્તિત્વ આદિ કાયમ રહેનારા. કાયમ રહેનારા એકરૂપે નિત્ય રહેનારા એને ગુણ કહીએ. એ ગુણ સહિતને દ્રવ્ય કહીએ. વજુભાઈ! આમાં શું પણ આમાં સીધી વાત છે, આમાં કાંઈ બહુ લાંબી વાત ક્યાં છે? આ આત્મા છેને, એ આત્મા શરીર સહિત છે માટે આત્મા કહીએ એમ નહિ.

મુમુક્ષુ :— પણ શરીર રહિતનો આત્મા તો બતાવો.,

ઉત્તર :— પણ આ રહ્યો, આ શરીર રહિત જ આત્મા છે. આત્મા એટલે કે શરીર રહિત, આત્મા એટલે કર્મ રહિત, આત્મા એટલે બાયડી, છોકરા, કુટુંબના મકાન, પૈસા રહિત. ત્યારે સહિત શું? સમજાણું કાંઈ?

એક એક આત્મા એટલે અંદર આત્મા એક એક એટલે... અહીં તો સહિતની વાત છે, રહિતની તો આ તો એક સમજાવવા કીધી. એ આ આત્મા જે એને આત્મા કહીએ કે, જે આત્મા શરીર રહિત, કર્મ રહિત, બાયડી-છોકરા રહિત, મકાન-પૈસા રહિત. હવે રહિત એ તો એ આત્મા. પણ હવે સહિત શું? કે, એ આત્મા પોતાના કાયમ જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ કાયમ એકરૂપે ને નિત્ય (રહે). ઓલામાં અનેકરૂપે ને અનિત્ય એમ આવશે, ધ્યાન રાખજો. સમજાણું કાંઈ?

આ તો તત્ત્વજ્ઞાનની પહેલી વાત છે. આ વસ્તુ સમજ્યા વિના આ કો'કની અવસ્થા કો'કમાં નાખે અને કો'કનો ગુણ કો'કમાં નાખે. અનાદિથી ભ્રમ સેવે છે. સમજાણું કાંઈ? કર્મ છે એના રજકણો છે કર્મના. એ એક એક રજકણ એ આત્માથી રહિત, બીજા પરમાણુથી રહિત, આત્માના ગુણથી રહિત, આત્માની પર્યાયથી રહિત છે. એ રજકણમાં એના રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણો સદશ એકરૂપે નિત્ય રહેનારા ગુણવાળું તેને પરમાણુ દ્રવ્ય કહીએ. આત્મા સાથે છે માટે આત્મા સહિતને પરમાણુ કહીએ એમ નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? જેચંદભાઈ! આ શરીરમાં રોગ આવ્યો તો, કહે છે કે, રોગની પર્યાય સહિત અને એના રંગ ગુણ સહિત પરમાણુને દ્રવ્ય કહીએ. પણ એ રોગ સહિત પર્યાય આત્માને છે એ મૂઢ માને છે. એમાં છે નહિ.

મુમુક્ષુ :— પણ દુઃખ થાતું હોય અને...

ઉત્તર :— પણ દુઃખની પર્યાય સહિત આ દ્રવ્ય છે. દુઃખની પર્યાય, શરીરના રોગ સહિત છે માટે દુઃખની પર્યાય છે એમ નથી. દુઃખની પર્યાય એનામાં છે એ આત્મામાં. એ પછી

આવશે. એ પર્યાય સહિત, ગુણ સહિત તે આત્મા છે. પણ પર્યાયમાં દુઃખ થયું, કર્મ સહિત છે માટે દુઃખ થયું, શરીર સહિત છે માટે દુઃખ થયું એમ નથી. આહા..હા..! કહો, બરાબર છે આ? આરે.. ભારે! ઈ પર્યાયમાં આવશે, હજી તો અહીં આપણે ગુણ લેવાય છેને. શું કીધું?

**'ગુણ તો સદા દ્રવ્યસે સહભાવી હૈં,...'** એક એક આત્મા કે એક એક રજકણ પરમાણુ ભિન્ન ભિન્ન તે વસ્તુ. કેમ એને દ્રવ્ય કહીએ? કે, એના ગુણો સહિત એ દ્રવ્ય છે, એના સ્વભાવ સહિત એ દ્રવ્ય છે. વસ્તુ છે એની ત્રિકાળી શક્તિ વિનાનું દ્રવ્ય ન હોય. એ વસ્તુ છે એની ત્રિકાળી શક્તિ એકરૂપ અને નિત્ય. જેમ વસ્તુ નિત્ય છે આત્મા, એમ રજકણ એ નિત્ય છે. કાયમ છેને? તો એની સાથે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ એ એકરૂપે રહેનારા (છે), પરિણમતા નથી એમ કહેવું છે અને નિત્ય રહેનારા. એકરૂપે નિત્ય રહેનારા દ્રવ્યની સાથે એ ગુણ સહિતને આત્મા કહીએ. પર્યાયસહિત પછી લેશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ પણ વસ્તુ જ એમ છે. વસ્તુ આ રીતે છે. હવે એને કરવી છે કઈ રીતે? કહો. નથી એ રીતે કરવી છે? શું કીધું? જુઓ!

હવે પછી પર્યાય આવે છેને. **'ઔર પર્યાય નાનારૂપ હોતી હૈં,...'** દેખો! અને આત્મામાં અને પરમાણુમાં દરેકમાં. પર્યાય અનેકરૂપ છે. ઓલામાં એકરૂપ હતું, આમાં અનેક છે. ઓલા એકરૂપ સદશ હતા ગુણ અને અહીં પર્યાય અનેકરૂપ, અનેક એટલે ભિન્ન ભિન્ન છે. **'જો પરિણતિ પહલે સમયમેં થી,...'** જુઓ, પછી બદલે છે ઈ. નિત્ય નથી એમ બતાવવું છે. અનેકરૂપ છે અને **'પરિણતિ પહલે સમયમેં થી, વહ દૂસરે સમયમેં નહીં હોતી, સમય-સમયમેં ઉત્પાદ વ્યયરૂપ હોતા હૈ, ઈસલિયે પર્યાય ક્રમવર્તી કહા જાતા હૈ.'** ફરીને જુઓ એનો અર્થ. આ આત્મા છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ એ કાયમના રહેનારા એકરૂપ નિત્ય તેને ગુણ કહીએ. એ ગુણવાળું દ્રવ્ય. અને એનામાં પર્યાય અનેકરૂપ છે. અનેકરૂપ અને તે એક સમયે હોય એ બીજે સમયે ન રહે. દરેક આત્મામાં કે દરેક રજકણમાં જે એક સમયની વર્તમાન અવસ્થા હોય એ બીજે સમયે ન રહે, એને ક્રમવર્તી પર્યાય કહીએ. એ ક્રમવર્તી પર્યાય, સહવર્તી ગુણ એને દ્રવ્ય કહીએ. સમજાણું કાંઈ?

**'दव्वु गुण-पज्जय-जुत्तु'** આ શબ્દની વ્યાખ્યા ચાલે છે. આહા..! પૈસાવાળું તે આત્મદ્રવ્ય, બાયડી-છોકરાવાળું તે આત્મદ્રવ્ય એમ ત્રણકાળમાં ત્રણલોકમાં નથી એમ કહે છે. વજુભાઈ! આ મનુષ્યવાળો તે આત્મદ્રવ્ય, વાણીવાળો તે આત્મદ્રવ્ય. (જ્યાં) કર્મવાળું આત્મદ્રવ્ય નથી પછી પ્રશ્ન ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? આત્મા વસ્તુ એને ભગવાન ત્રિલોકનાથે જોઈ અને

એમ છે કે, એ આત્મા પોતાના ગુણ અને પર્યાય સહિત તે આત્મા કહીએ. એનું લક્ષ આ ગુણ પર્યાય સહિત તે 'जुत्तु' તે આત્મા, એના સહિત તે આત્મા, એના યુક્ત તે આત્મા. કર્મ યુક્ત ને શરીર યુક્ત તે આત્મા એને આત્મા કહેવામાં આવતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :— જુદો પાડીને.

ઉત્તર :— જુદો જ છે, પાડીને નહિ. એને ખબર નથી. જુદો છે એને માન્યું છે એક એની ભ્રમણાથી. થોડું ઝીણું આવ્યું. શું કીધું?

આ અંદર આત્મા તેને કહીએ. એમ છે, ભગવાને એમ જોયું છે, ભગવાને એમ કહ્યું, તીર્થંકરદેવે એમ જોયું અને કહ્યું અને એમ છે. કેમ છે? કે, આ એક આત્મા જે અંદર છે એ આત્મા દ્રવ્ય કહીએ, વસ્તુ. તો એ વસ્તુમાં વસેલા શું છે? ગુણ અને પર્યાય. એના અનંતા ગુણો એક સમયે રહેનારા નિત્ય અને પર્યાય ક્રમે ક્રમે અનેક થનારી. એ અનેક પર્યાય થાય, જ્ઞાનની અવસ્થા, દર્શનની અવસ્થા, ભલે રાગની અવસ્થા, દુઃખની અવસ્થા—એ બધી અવસ્થાઓ અને ગુણ એ અવસ્થા અને ગુણ સહિત તેને આત્મા કહીએ. કર્મ સહિતને આત્મા અને શરીર સહિતને માન્યો એ મૂઢ અજ્ઞાની છે. એમ (વસ્તુ) છે નહિ એમ કહે છે. કહો, સમજાણું આમાં? કહો, આમાં મકાનવાળો આત્મા કેટલો કહેવાતો હશે?

મુમુક્ષુ :— જેટલા હોય એટલા મકાનવાળો.

ઉત્તર :— લ્યો ઠીક. ચાર નથી, ત્રણ છે. ... કહો, સમજાણું કાંઈ? એઈ..!

કહે છે કે, આત્મા એને કહીએ, એક એક આત્મા એને કહીએ અને એ રીતે છે, એ રીતે છે એને એમ કહીએ અને એમ એણે જાણવું જોઈએ. વજુભાઈ! આ આત્મા વસ્તુ છે પદાર્થ. એ વસ્તુની અંદર નિત્ય રહેનારા, કાયમ રહેનારા, એકરૂપ રહેનારા, હંમેશા રહેનારા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ છે. અને તેની સમયે સમયે પર્યાય બદલે, અનેક અનેક (પર્યાય) સમયે સમયે બદલે. એવી અવસ્થાવાળું અને એવા ગુણવાળું તેને આત્મા કહીએ. કહો, પોપટભાઈ! ભારે પણ ખીચડો કર્યો છેને એણે પણ. આટલા છોકરાવાળો ને આટલી બાયડીવાળો ને. બાયડી પણ કોઈને ઝાઝી હોય છે એટલે પછી કો'ક કહે કે, આટલી બાયડી કેમ કીધી? કાઠીને ઘણી બાઈઓ હોય છે. આ ગુંડાળામાં એક હતો, નહિ? ગુંડાળામાં. ખાચર કેવો કાંઈક? ઘણી બાઈઓ. પૂછે, તમારે કેટલી રાણી છે ઘરે? મને ખબર નથી, કામદારને પૂછો. આ ભારે! એ હતો કાઠી એક. સોનાની રાખતો મુઠ અને તલવાર. મેં જોયેલી, ગુંડાળામાં. ન્યાં ઉતરીએ ખરાને. ગુંડાળા છેને અહીં ગઢડા પાસે. એને બે, ત્રણ, ચાર બાઈઓ હતી કાંઈક. ઊપજ હશે દશ-વીસ હજારની, જે હોય તે. તમારે કેટલી રાણીઓ છે દરબાર આપા? કામદારને ખબર, મને ખબર નથી. એવા બિચારા અફીણીયા અફીણ પીવે એ પડ્યા રહે.

એલા! તું કોણ છો? અહીં તો ઈ કહે છે કે કાઠી ને એ આપો નહિ. એ આપો નહિ, આ આપો એમ લેને. આપો એટલે આત્મા. આત્મા તું કોણ છો? ક્યાં છો? કેવો છો? કઈ રીતે છો? ખબર નથી. આ અમે કર્મ સહિત છીએ, શરીર સહિત છીએ તે આત્મા. ના, કોણે કીધું તને ઈ? કર્મ તો રજકણ જડ છે, શરીર તો જડ છે. જડ સહિત આત્મા છે? સમજાણું કાંઈ? '**दव्वु गुण-पज्जय-जुत्तु**' પાછું આવ્યું હતુંને? '**परियाणहि**'. તેને જાણ ભાઈ! તારો આત્મા, આ પર્યાયો જે ક્ષણે ક્ષણે થાય, જ્ઞાનની અવસ્થા બદલાય, દર્શનની બદલાય, ચારિત્રની બદલાય, દુઃખની બદલાય.... સમજાય છે? અસ્તિત્વની-એવા અનંત ગુણની અવસ્થા બદલે છે હોં! અસ્તિત્વગુણની બદલાય છે. અસ્તિત્વ ગુણ કાયમ રહે પણ એની પર્યાય એકરૂપ ન રહે. અસ્તિત્વ સત્... સત્... સત્... સત્... એની પણ પર્યાય ક્રમે... ક્રમે... ક્રમે... બદલે છે. એ પર્યાય અને ગુણ સહિત તેને દ્રવ્ય કહીએ. એટલે એનું લક્ષ દ્રવ્ય ઉપર જવું જોઈએ. પણ આવા પર્યાય ગુણવાળું તે દ્રવ્ય. કર્મવાળું દ્રવ્ય, શરીરવાળું દ્રવ્ય, બાયડીવાળું દ્રવ્ય એ વસ્તુ ત્રણકાળમાં એવી છે નહિ. સમજાણું કાંઈ? અહીં તો રાગ સહિતવાળું પણ દ્રવ્ય લેવું છે. રાગ, વિકાર એ પર્યાય છે ચારિત્રગુણની. દુઃખ એ પર્યાય છે, પણ એ પર્યાય અને ત્રિકાળ આનંદગુણ અને ચારિત્રગુણ એ સહિતનું દ્રવ્ય એમ એની દૃષ્ટિ જતાં, દ્રવ્યનું લક્ષ થતાં એને સમ્યગ્જ્ઞાન થાય. એની પર્યાયમાં વિકાર છે, વિકાર સહિત દ્રવ્ય આમ લક્ષમાં લીધું ત્યારે એને વિકાર રહિત પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આ બધું શીખવું પડે ખરું?

ઉત્તર :— આ છે એમ એને જાણવું નહિ પડે? છે એમ એને જાણવું નહિ પડે? છે એમ એને જાણવું નહિ ત્યારે છે એમ નથી એને જાણવું?

મુમુક્ષુ :— એ જ શીખવાનું છે.

ઉત્તર :— પણ એ શીખવાનું છે એમ એણે શીખવું પડશે કે નહિ? એ શીખ્યો નથી કોઈ દિ'. છે એમ શીખ્યો કે જાણ્યું બધું એક જ છે એ તો. છે એમ જાણવું, નથી એમ જાણવું, એમાં નથી એમ નથી જાણવું. છે એમ 'છે' જાણવું, એમાં નથી તેમ નથી જાણવું. જેમ છે તેમ જાણવાનો અર્થ શું થયો?

આ આત્મા એને કહીએ કે એના જે અનંતા ગુણો એક સમયમાં રહેલા સદાય નિત્ય અને સમયે સમયે થતી એની પર્યાય હોં! ભલે દુઃખરૂપ કે અસ્તિત્વની શુદ્ધરૂપ, કોઈ દુઃખરૂપ પર્યાય કે ચારિત્રના રાગરૂપ પર્યાય કે અસ્તિત્વની શુદ્ધરૂપ પર્યાય એવી અનંતા ગુણની વર્તમાન પર્યાયનું એકરૂપ ન રહેવું અને ગુણનું એકરૂપ નિત્ય રહેવું એવો જે આત્મા તેને દ્રવ્ય કહીએ. એનું લક્ષ, એની દૃષ્ટિ પર્યાય ગુણસહિત દ્રવ્યમાં જાય છે. આ કર્મવાળો ને બાયડીવાળો ને

છોકરાવાળો એમ અંદર છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ગુણ કીધાને. એ ગુણમાં જાય, એ અપેક્ષિત ધર્મમાં જાય. એનું કાંઈ નહિ. એ પર્યાય અપેક્ષિત ધર્મમાં જાય.

પણ અહીંયા તો કહે છે કે, અહીં ગુણ કાયમ રહેનારા છે અને પર્યાય એની ક્ષણે ક્ષણે બદલે. એ 'दव्वु गुण-पज्जय-जुत्तु'. આ પરમાણુ અને કર્મ જે છે અંદર કર્મરૂપ પરમાણુ પરિણમ્યો છે, એ પરમાણુને દ્રવ્ય કેમ કહ્યું? કે, આત્મા સાથે રહ્યો માટે દ્રવ્ય એમ નહિ. એનો કર્મરૂપ પર્યાય છે પરમાણુમાં એને દ્રવ્ય કેમ કીધું? એ આત્મા સાથે છે માટે એમ નહિ. એ પરમાણુ અને દ્રવ્ય એમ કહ્યું કે, એની કર્મરૂપી પર્યાય પરમાણુમાં અને બીજી વગેરે અસ્તિ આદિ પર્યાય અને કાયમ રહેનાર ગુણ, એ પર્યાય ને ગુણ સહિતના પરમાણુને દ્રવ્ય કહેવામાં આવે છે, આત્માની સાથે કાંઈ સંબંધ નહિ એને. સમજાણું કાંઈ? કહો, છોટાભાઈ! વાંધા તો બધાય એ (કાઢે કે) શું કર્મ રહિત છે અત્યારે આત્મા? કર્મ રહિત તો સિદ્ધ છે. હવે સાંભળને. ત્રણે કાળે કર્મ રહિત છે આત્મા એમ અહીં સિદ્ધ કરે છે.

એક દ્રવ્ય, બીજા દ્રવ્ય સહિત છે એનો અર્થ શું? એક વસ્તુ, બીજી વસ્તુ સહિત છે એનો અર્થ શું? એ તો એક નિમિત્તપણે છે એનું જ્ઞાન કરાવ્યું છે. દરેક આત્મા અને દરેક પરમાણુ જેટલા ભગવાને અનંત દ્રવ્ય જોયા એને ઓળખાવ્યા એને છે તેમ. ઓળખાવ્યા એમાં જેમ છે તેમ. આ આત્મા એટલે તું આત્મા એટલે કોણ? કે, એમાં અનંતા કાયમ રહેનારા ગુણો નિત્ય અને ક્ષણે ક્ષણે પલટતી પર્યાય, એ પર્યાય-ગુણ 'जुत्तु'-સહિત તેને આત્મા કહેવામાં આવે છે. એમાં કર્મવાળો કે કર્મ વિનાનો એ સંબંધ એનામાં છે નહિ. સમજાણું કાંઈ?

એ તો કર્મનું નિમિત્તપણું છે એનું જ્ઞાન કરાવવું હોય ત્યારે એ વાત. પણ આ રીતે જાણે- એના જ્ઞાનમાં જ્ઞાન થતાં વર્તમાનમાં હું મારી પર્યાય-ગુણ સહિત છું એમાં નિમિત્ત આ છે એવું એના જ્ઞાનમાં આવી જાય છે. પણ એ એના સહિત છું એમ નહિ. સહિત તો મારા ગુણ પર્યાય સહિત છું. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ પણ આત્માને કોઈ બીજો એમ માને કે, આ આત્મા કેવો છે? કે, એને ઝાઝી લક્ષ્મીવાળો, ઝાઝા છોકરાવાળો, ઝાઝી આબરૂવાળો એ આત્મા. તો ભગવાન કહે છે કે, મૂઢ છો, પાપી છો, તારી દૃષ્ટિ સાચી ક્યાં થઈ છે તારી? એમ આત્માને કોણે કહ્યો છે? ઝાઝા સંખ્યા જોડે પૈસા, લક્ષ્મી, શરીર એવો તે આત્મા, લક્ષ્મીવાળો આત્મા, પુત્રવાળો આત્મા એમ ક્યાં છે આત્મા? આત્મા તો ગુણ-પર્યાયવાળો આત્મા એમ કહ્યું છે અને એમ છે. ધર્મચંદભાઈ! નેમિદાસભાઈ! કહો, છોકરા વિનાનો આત્મા છે આમાં? પણ આ છોકરા વિનાનો છું માટે ઠીક નહિ એનો અર્થ શું? પણ એના વિના જ છે. છોકરા

વિનાનો જ આત્મા છે. જેને છોકરા હોય એ છોકરાના છોકરા છે, એનો આત્માનો આત્મા છે અને એનો રજકણનો રજકણ છે. ભારે વાત ભાઈ! અને પોતાના આંકે પાછો બીજાનો ટાંકે (કે) મારી પાસે શરીર રોગી, ઓલાનું નીરોગી, મારે પૈસા થોડા, ઓલાને ઝાઝા. પણ તારે અને એને બેયને આત્મામાં નથી.

મુમુક્ષુ :— પણ દેખાય છે ને?

ઉત્તર :— શું દેખાય છે? દેખાય છે શું? એ તો પુદ્ગલનો સંયોગ ત્યાં એનામાં દ્રવ્યો ને ગુણ-પર્યાય સહિત દ્રવ્ય છે એમ દેખાય છે. પરમાણુ એના ગુણ? પર્યાય સહિત છે એમ દ્રવ્ય દેખાય છે. આની સાથે છે એમ ક્યાં દેખાય છે? એક છે કોઈ દિ'? ત્રણકાળમાં નથી. આહા..! સમજાણું કાંઈ? હજી જૈનમાં જન્મ્યા એને ભગવાન શું કહે છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પંડિત...

ઉત્તર :— પંડિતની ક્યાં વાત છે? આ તો એક સાધારણ વાત છે.

તું છો કે નહિ? છો તો તારું સહિતપણું શું? તારું સહિતપણું શું? ગુણ અને પર્યાય સહિતપણું. પર સહિતપણું એ સ્વરૂપ છે નહિ. કહો, સમજાણું આમાં? ઓહો..હો..! કેમ સુજાનમલજી! આ વાત તો સાધારણ એક જૈન... સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કહે છે કે, દ્રવ્ય કોને કહીએ? હવે આ તો સાધારણ વ્યાખ્યા છે. વસ્તુ તું તને કોને કહીએ? તું તારો કોને કહીએ? કે, તારા ગુણને પર્યાય સહિતવાળો તેને તને કહીએ. પરવાળો તને કહીએ એવો તું છે નહિ.

આ રોગના શરીરવાળો આત્મા છે એમ ખરું? ત્યારે શેની રાડું પાડે છે ઈ? ઈ હા તો બરાબર પાડી હતી એણે કે, આ સહિત આત્મા નથી, એ તો ગુણ-પર્યાય સહિત આત્મા છે અને આ પરમાણુ પણ ખરાબ છે એમ નથી. આ અવસ્થા જે રોગની થઈ ખરાબ એમ નથી. એ તો પર્યાય ને ગુણ સહિત જ દ્રવ્ય એવું છે. ખરાબ કહેવું કોને? શું કીધું? પરમાણુમાં આ પર્યાય થઈ લોહીની કે આ કફની, એ પર્યાય જે થઈ, એ પર્યાય સહિતના ગુણ સહિત તો દ્રવ્ય છે. એ દ્રવ્ય જ એવું છે. હવે એને ખરાબ શી રીતે કહેવું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— છે જ કે દિ' પણ? એ તો ...

મુમુક્ષુ :— મફતની મૂડી...

ઉત્તર :— મફતની લઈને મંડ્યો છે. છે નહિ અને કો'કની મૂડી મારે ઘરે આવી ગઈ. આહા..!

કહે છે, પર્યાય નાનારૂપ, નાના એટલે અનેકરૂપ અને **'પરિણતિ પહલે સમયમેં થી,...'**

એ આત્મામાં પહેલી અવસ્થા હતી એ બીજે સમયે બદલે છે. એ બદલવું પોતાના ... સહિત છે. એ બદલવું પરને લઈને નથી. શું કીધું? આત્મા ગુણ સહિત છે એવો (જ) પલટવાની પર્યાય સહિત છે. એ પલટવાની પર્યાય સહિત છે. એ પલટવાની પર્યાય પરને કારણે પર પલટે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અને આ પરમાણુ પણ એના ગુણ અને એના પલટવાના પર્યાય સહિત તે પરમાણુ છે, પલટવાના પર્યાય સહિત તે પરમાણુ છે. બીજાએ એને પલટાવ્યું એમાં વસ્તુમાં છે નહિ. એ તો એનો પર્યાયધર્મ પલટવું, એકરૂપ ન રહેવું અને ગુણને એકરૂપ રહેવું એ સહિત એ પરમાણુ છે. આત્માને એકરૂપ ગુણે રહેવું, પર્યાયે એકરૂપે ન રહેવું એવા પર્યાય-ગુણ સહિત તો આત્મા છે. સમજાણું કાંઈ? હવે આમાં પરપદાર્થમાં સુખ છે એ માન્યતા જ મિથ્યાત્વ છે, કહે છે. પરપદાર્થ તારા પર્યાયમાં નથી, તારા ગુણમાં નથી અને પરમાં સુખ છે એ માન્યું ક્યાંથી તેં? કહે. કહો, સમજાણું? આ અંતરમાં સુખ છે. આ ભરત પૂછતો હતો કાલે કે, આ અંતરમાં સુખ છે. છેને શ્રીમદ્‌માં? અંતરમાં સુખ છે, શ્રીમદ્‌માં લખ્યું છે અને આ બહારમાં કેમ સુખ માનતા હશે? એઈ..!

આત્મા પોતાના ગુણ ને પર્યાયમાં છે. હવે એ પોતે પરમાં છે નહિ અને પરથી છે નહિ. પરથી નથી, પરમાં નથી છતાં પરથી મને સુખ માને છે એ ભ્રમણા એની અજ્ઞાનીની છે. આહા..હા..! પોપટભાઈ! એ મિથ્યાત્વ ભાવ છે. પોતાનો આનંદગુણ સહિત આત્મા અને આનંદગુણની વર્તમાન પર્યાય પલટે (એના) સહિત આત્મા, એ આનંદગુણ સહિત આત્મા અને આનંદગુણની પર્યાય પલટે (એના) સહિત આત્મા (છે). એને ઠેકાણે પરમાં મને સુખ છે એવી માન્યતા સહિત આત્મા, મિથ્યા શ્રદ્ધા ઊભી કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આનંદ સહિત આત્મા. આત્મા દ્રવ્ય છે, આનંદ નિત્ય રહેનારો ગુણ છે, હંમેશા રહેનારો અને એ આનંદ ગુણની વર્તમાન પર્યાય છે. ભલે વિકારરૂપે હો, પણ એ વિકારરૂપે પર્યાય સહિત, ગુણ સહિત આ દ્રવ્ય છે એમ લક્ષ જતાં દ્રવ્યના આનંદનું ભાન થયા વિના રહે નહિ. આહા..હા..! **'दव्वं जाणइ'** એમ કીધુંને. એણે એમ નજર કરી નથી. સમજાણું કાંઈ? હું આનંદના ગુણવાળો છું, આનંદના નિત્ય ગુણ સહિત છું અને એની પલટતી પર્યાય એકરૂપે ન રહે એવી પર્યાય સહિત છું. ભલે આનંદની વર્તમાન દુઃખરૂપ પર્યાય હોય, પણ એ પર્યાય સહિત છું. એ પર્યાય ને આ આનંદ ગુણ સહિત દ્રવ્ય છે એમ દ્રવ્યનું નક્કી કરવા જતાં એની પર્યાયમાં આનંદ આવ્યા વિના રહે નહિ અને દુઃખની અવસ્થાનો વ્યય થયા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભલે રાગ હો, રાગ. એ રાગ છે એ ચારિત્રગુણની એકરૂપ ન રહેનારી પર્યાય છે અને ચારિત્રગુણ કાયમ રહેનારો તે ગુણ છે. એ પર્યાય અને ગુણ સહિતવાળુ તો આ દ્રવ્ય છે.

એમ દ્રવ્યમાં લક્ષ જતાં એનું દ્રવ્યનું જ્ઞાન થતાં એની પર્યાયમાં સમ્યક્ શ્રદ્ધા, આનંદની પર્યાય આવ્યા વિના રહે નહિ. આમ કહે છે. આ 'પરમાત્મપ્રકાશ' બતાવે છે ભાઈ! 'પરમાત્મપ્રકાશ' આહા..હા..! 'પરમાત્મપ્રકાશ' ભગવાન આત્મા પરમાત્મા, એના અનંતા ગુણો શક્તિ, એની વર્તમાન પર્યાય આવું સહિત આ દ્રવ્ય છે એમ નક્કી કરતા એ પરમાત્મા પોતે છે એમ એની દૃષ્ટિમાં થઈ જાય છે. આહા..હા..! સમજાણું આમાં? આમાં તો કાંઈ પલાખા બહુ ભણવા જેવા નથી ઝાઝા. પણ કોઈ દિ' એને પગથીયે ચડ્યો નથી. 'પોપટભાઈ'એ કીધું ને? હેં?

મુમુક્ષુ :— પદે પદે પરમાત્મા જણાવો છો.

ઉત્તર :— પદે પદે પરમાત્મા છે. એ પર્યાય ગુણવાળો આ પરમાત્મા છે, પરમ સ્વરૂપનો ધરનાર આત્મા. એમ નક્કી કરવા જતાં એની પર્યાયમાં જે નથી જાણ્યું અનાદિથી, એ જાણવાનું શ્રદ્ધાનું આનંદની પર્યાય આદિ પ્રગટ થાય એને ધર્મ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :— એવો વિચિત્ર છેને, નજર...

ઉત્તર : પણ નજર કરી છે કે દિ'? કરવાનો પ્રયત્ન ક્યાં કર્યો છે એણે? પછી કર્યો નથી અને રહેતી નથી. રતિભાઈ! પરમાં કેમ એકાગ્ર થઈ જાય છે. એકાકાર થનારો તો પોતે છે કે નહિ? હેં? એકાગ્ર (થતા) આવડે છે કે નહિ? કેમકે આમ પરમાં થઈ જાય. આ... આ... આ... આ... આ... આ... જેમાં એ નથી અને એ આમાં નથી. શરીર, આ... આ... આ... આ... એનું લક્ષ કરી એકાગ્ર થાય છે? એ થાય છે પોતાની પર્યાયમાં એકાગ્ર, એમાં નહિ. સમજાણું કાંઈ? એમાં નહિ, પરમાં નહિ.

એ અહીં કહે છે કે, પણ એ પર્યાય અને ગુણવાળું દ્રવ્ય, આમ જ્યાં લક્ષ કર ... એમાં એકાગ્ર થઈશ. જેવો અહીં એકાગ્ર થાય છે, પરના લક્ષે વિકારમાં એકાગ્ર થાય છે, સ્વના લક્ષે અવિકારમાં, અવિકારીથી એકાગ્ર થશે. આહા..હા..! ઈ સમજણ થઈ કે આ દ્રવ્ય... ત્યારે ખલાસ થઈ ગયું. લક્ષ ફરી ગયું, રુચિ ફરી ગઈ, જ્ઞાન સમ્યક્ થઈ ગયું, શ્રદ્ધા થઈ ગઈ, શાંતિ આવી, આનંદ આવ્યો બધું થઈ ગયું, પણ '**दव्वु परिजाणहि**' આને દ્રવ્ય જાણ. આમ નહિ. આ પર્યાય ગુણ સહિત તે આ દ્રવ્ય જાણ. આહા..હા..! ભારે વાતને ભાઈ! પરથી તો હટ્યો પણ ગુણ-પર્યાયવાળો આ દ્રવ્ય ન્યાં ગયો. સમજાણું કાંઈ? શીખ્યો નથી કોઈ દિ'. આમને આમ બધા શીખ્યા ડોકટરના ને આમ ખોટે ખોટા ડંફાસ. નહિ? જેમ છે એમ હોવું જોઈએ કે નહિ? બીજી રીતે હોય તો પાસ થાય? જુઓ! આવી રીતે શ્લોકમાં કંઈ વાત જ જુદી જાતની નાખે છે, દરેકમાં કંઈક ફેર. આહા..! '**परिजाणहि**'.

કહે છે, ભાઈ! '**समय-समयमें ઉત્પાદ વ્યયરૂપ હોતા હૈ, ઈસલિયે પર્યાય ક્રમવર્તી કહા જાતા હૈ.**' લ્યો! એટલી વ્યાખ્યા કરી. '**અબ ઈસકા વિસ્તાર કહતે હૈં –**' હવે એનો

વિસ્તાર કરે છે. એટલા મૂળ શબ્દનો અર્થ કર્યા, હવે વિસ્તાર કરે છે. **'જીવ દ્રવ્યકે જ્ઞાન આદિ અર્થાત્ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, આદિ અનંત ગુણ હૈં,...'** ભગવાન આત્મા વસ્તુ-પદાર્થ-અસ્તિ-તત્ત્વ-વસ્તુ એના જ્ઞાન, દર્શન, આ જાણવાની પર્યાય નહિ હોં! ગુણ કાયમ રહે એ, કાયમ જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ વગેરે એવા અનંત ગુણ છે. કહો, સમજાણું?

**'ઔર પુદ્ગલ-દ્રવ્યકે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ઈત્યાદિ અનંતગુણ હૈં,...'** અને રજકણમાં એક એક પરમાણુમાં રંગ, ગંધ, રસ ને સ્પર્શ. રંગ એટલે પર્યાય ન લેવી બહારની, આ તો રંગ એટલે કાયમ રહેનારી શક્તિ. રજકણમાં કાયમ રહેનારી રંગ શક્તિ, ગંધ શક્તિ, રસ શક્તિ, સ્પર્શ શક્તિ, અસ્તિત્વ શક્તિ, વસ્તુત્વ શક્તિ. એક એક પરમાણુમાં અનંત શક્તિરૂપે ગુણ નિત્ય એકરૂપે પરમાણુમાં રહ્યા છે. એને ગુણ કહેવામાં આવે છે. ઓલી દ્રવ્યની વ્યાખ્યા કરી અને આ ગુણની વ્યાખ્યા કરી પાછી. સમજાણું?

ઈ બેની વાત કરી—જીવ અને પુદ્ગલ. જીવમાં ભગવાન આત્મા સિદ્ધ હો કે નિગોદનો જીવ હો. શું કીધું? સિદ્ધનો જીવ હો કે નિગોદનો જીવ હો. એ અનંતા જીવો, એ જીવ એને કહીએ કે એના કાયમ રહેનારા અનંતા ગુણો એમાં છે તેને દ્રવ્ય કહીએ. સિદ્ધને અનંતા ગુણો છે અંદર. સિદ્ધ પર્યાય છે પછી આવશે. સિદ્ધ વર્તમાન પર્યાય છે એ પછી આવશે. સિદ્ધનો આત્મા કેમ કહીએ? કે એમાં જ્ઞાન, દર્શન, આનંદ, સદશ કાયમ નિત્ય રહેનારા ગુણો છે એમાં. નિગોદના જીવને જીવ કેમ કહીએ? કે એમાં સહભાવી સાથે જ્ઞાન, દર્શન, આનંદ આદિ અસ્તિત્વ ગુણો અનંત ગુણો છે માટે. સમજાણું કાંઈ? સિદ્ધ અને સંસારીની પર્યાયમાં ફેર છે, ગુણોમાં ફેર નથી. આહા..!

જીવદ્રવ્યમાં જીવદ્રવ્ય કેટલા લેવા? અનંતા, જેટલા જીવ છે તેટલા. એ બધામાં એક એકમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય મુખ્ય લીધા મુખ્ય. એવો સુખગુણ સહિત આત્મા, જ્ઞાન સહિત આત્મા, દર્શન સહિત આત્મા, વીર્યગુણ સહિત આત્મા. એવા અનંત ગુણ છે, એવા અનંત ગુણ સહિત આત્મા છે. સમજાણું? એક રજકણ સહિત છે એમ નહિ, પણ અનંતા ગુણ સહિત છે ખરું. સમજાણું કાંઈ? ઓહો..હો..! એના ઘરમાં શું છે એની એને ખબર ન મળે અને નજર ક્યાંક (કરે છે). જે એનામાં નથી-શરીર, બાયડી, છોકરા, મકાન, પૈસા, દાગીના ને લૂગડાં બધાય આત્મામાં નથી અને એમાં આ આત્મા નથી. સમજાણું કાંઈ?

અને પુદ્ગલ એક એક પરમાણુ દ્રવ્ય કહીએ એમાં સ્પર્શ, રસ ગુણ હોં! ગુણ-શક્તિ, ગંધ, વર્ણ, રંગ ઈત્યાદિ અનંત ગુણ. **'સો યે ગુણ તો દ્રવ્યમેં સહભાવી હૈં,...'** બેયમાં. આત્મામાં અને પરમાણુમાં. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ કાયમ રહેનારા સિદ્ધ ને નિગોદ બધાને અને

પરમાણુ એક હોય કે સ્કંધમાં હો, પણ એ પરમાણુમાં અસ્તિત્વ ગુણ, રંગ, ગંધ આદિ એ કાયમ રહેનારા સહભાવી (ગુણો છે). સમજાણું? **'અન્વયી હૈં,...'** એટલે કે દ્રવ્યની સાથે રહેનારા છે, એટલે કે **'સદા નિત્ય હૈં,...'** કહો, અનંત ગુણ કેવા? કે, સહભાવી, અન્વયી સદા નિત્ય અને **'કભી દ્રવ્યસે તન્મયપના નહીં છોડતે.'** ચાર બોલ. વ્યાખ્યા ચારની એક એકની. આપણે એક એક શબ્દ શું કરવા જવા દઈએ?

એક આત્મા વસ્તુ છે અંદર પોતે એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ સહભાવી—સાથે રહેનારા ગુણો અનંત સહિત આત્મા છે. પરમાણુ શરીર, કર્મ એની સાથે અહીં વાત નથી. છે જ નહિ પછી (ક્યાં વાત છે)? અહીં તો સહિતની વાત કહેવી છેને. રહિતની તો એનાથી રહિત છે એટલે પ્રશ્ન શું? એ એના ગુણ સહિત છે, એની પર્યાય સહિત છે. એ અનંતા ગુણો આત્મામાં દ્રવ્યમાં સાથે રહે છે. અન્વયી છે એટલે કે અનુ-જે આત્મા એની સાથે સહચારી રહે છે કાયમ અને સદા નિત્ય છે. એ દ્રવ્યમાં ગુણો સદા નિત્ય છે, કાયમ નિત્ય છે અને **'કભી દ્રવ્યસે તન્મયપના નહીં છોડતે.'** એ વસ્તુથી એકપણું ગુણનું છૂટતું નથી. વસ્તુથી ગુણનું, ગુણનું વસ્તુથી એકપણું તન્મયપણું, તદ્રૂપપણું, એકરૂપપણું કોઈ દિ' છૂટતું નથી. એમ પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ એ સહભાવી ગુણ છે. એક એક પરમાણુમાં. એ અન્વય છે—રજકણની સાથે ભેગા છે, સદા નિત્ય છે અને તે પરમાણુથી તેના ગુણો, દ્રવ્યથી તેના ગુણો રંગ, ગંધ, રસ, સ્પર્શ એકપણું કોઈ દિ' ગુણ દ્રવ્યથી છોડતા નથી. આહા..! સમજાણું કાંઈ? કહો, આમાં સમજાય છે ને નહિ? એય... કિરીટ! ન્યાં તો બધા ગપ્પા મારે છે, હોં! ન્યાં કોલેજમાં બધા. કહો, ભરતભાઈ! કહો, આ સમજાય છે કે નહિ આ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ સમજે નહિ, હવે ન્યાં શું છે? કુચે મરવા જેવું છે ન્યાં. આહા..હા..!

અરે..! ભગવાન! આ ધર્મને નામે મારીને ઊંધા માર્યા છે અત્યારે. આ ગુણ ને પર્યાય સહિતનો આત્મા એને પર સહિતનો માનવો અને પરને લઈને હેરાન માનવો, ઈ કહે છે ખોટું છે એમ કહે છે. તારા પર્યાયને લઈને, ગુણને લઈને તું જ્યાં છે ત્યાં છો એમ કહે છે. નિગોદમાં હો, દેવમાં હો, જ્યાં હોય ત્યાં, સિદ્ધમાં હો, એ તારી અવસ્થા ને ગુણ સહિતમાં તું છો. પરને લઈને ત્યાં સંસારમાં છો એમ નહિ એમ કહે છે. શું કીધું? મલૂકચંદભાઈ!

સંસારમાં આત્મા છે એ કર્મને લઈને છે એમ નથી. એની પર્યાય અને ગુણ સહિત છે માટે તે આત્મા ત્યાં છે. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યની પદ્ધતિ એટલી ટૂંકામાં કહીને ગાગરમાં સાગર ભરી દીધો છે. આમ છે અને આમ નથી, આમ નથી. નથી તે અસ્તિ થાય નહિ, અસ્તિ તે નથી થાય નહિ. **'કભી દ્રવ્યસે તન્મયપના નહીં છોડતે.'**

એક આ રજકણ છે પરમાણુ. એ રજકણમાં જે રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એ સદા અન્વયી છે, સહભાવી છે, તન્મયપણું છોડતા નથી અને એ ગુણો સદા દ્રવ્ય સાથે નિત્ય રહેલા છે. ઓહો..હો..!

હવે પર્યાય, '**તથા પર્યાયકે દો ભેદ હૈં—એક તો સ્વભાવ, દૂસરી વિભાવ.**' એક સ્વભાવ અવસ્થા અને એક વિકારી અવસ્થા. એ સ્વભાવ અવસ્થા સહિત છે અને વિકારી અવસ્થા પણ સહિત જ છે. અહીં '**ગુણપજ્જયજુત્તુ**' દ્રવ્ય સિદ્ધ કરવું છેને. આહા..હા..! બેય અવસ્થા. જેને જે પ્રકાર.. કહેશે, જેને જે હોય ઈ. '**સ્વભાવ, દૂસરી વિભાવ. જીવકે સિદ્ધત્વાદિ સ્વભાવ-પર્યાય હૈં,...**' સિદ્ધ ભગવાન પરમાત્માને સિદ્ધ આદિ એની સ્વભાવપર્યાય સહિત એ જીવ છે. સિદ્ધ ભગવાનનો જીવ.. પર્યાય હોં! ગુણ તો ત્રિકાળી છે કાયમ. પર્યાય સિદ્ધની કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ સિદ્ધ પર્યાય. કેવળજ્ઞાન એ ગુણમાં લેશે, પણ આ દ્રવ્યની પર્યાય હવે લેવી છે. એના દ્રવ્યની જે વર્તમાન સામાન્ય બધી પર્યાયો એ સ્વભાવ પર્યાય સિદ્ધને છે.

'**ઔર કેવલજ્ઞાનાદિ સ્વભાવ-ગુણ હૈં.**' આ અપેક્ષાએ વર્ણન કર્યું છે. પર્યાય... આ પ્રમાણે. નિર્મળ છેને અર્થપર્યાય. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ એને ગુણ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? '**સ્વભાવ-પર્યાય હૈં, ઔર કેવલજ્ઞાનાદિ સ્વભાવ-ગુણ હૈં.**' એ છે તો સ્વભાવપર્યાય, પણ એનો આ ભેદ પાડ્યો આટલો. સમજાણું કાંઈ? મતિજ્ઞાનને વિભાવમાં લેશે ખરાને, ઈ અપેક્ષાએ. સમજાણું કાંઈ? સિદ્ધત્વાદિ સ્વભાવપર્યાય. ખરેખર તો એ વ્યંજનપર્યાય એની છે. દ્રવ્યની પર્યાય આખી એક સાથે બધી, સિદ્ધની આખી પર્યાય. અને કેવળજ્ઞાન આદિ સ્વભાવ ગુણ છે તો પર્યાય, પણ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, સ્વચ્છતા, વિભુતા પૂર્ણ પર્યાય એની સ્વભાવ ગુણનો પર્યાયનો એક ભાગ સ્વભાવ ગુણ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...પર્યાયનો એક ભાગ...

ઉત્તર :— પર્યાયની વાત ચાલે છે.

'**યે તો જીવમેં હી પાયે જાતે હૈં, અન્ય દ્રવ્યમેં નહીં પાયે જાતે.**' શું? જીવને સિદ્ધત્વ આદિ સ્વભાવપર્યાય કેવળજ્ઞાન સ્વભાવ ગુણ '**યે તો જીવમેં હી પાયે જાતે હૈં, અન્ય દ્રવ્યમેં નહીં પાયે જાતે. તથા અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ, યે સ્વભાવગુણ સબ દ્રવ્યોંમેં પાયે જાતે હૈં.**' ત્રિકાળી ગુણ, ગુણ. એ ત્રિકાળી સબ દ્રવ્યમાં હોવાપણું, વસ્તુપણું, દ્રવ્યપણું, અગુરુલઘુ એ સ્વભાવગુણ સબ દ્રવ્યોંમેં-બધા દ્રવ્યની અંદર છે, છએ દ્રવ્યમાં આ ગુણો બધા છે. છએ દ્રવ્યો આ ગુણ સહિત છે. હવે પર્યાય લેશે.

'**અગુરુલઘુ ગુણકા પરિણમન ષટ્ગુણી હાનિ-વૃદ્ધિરૂપ હૈ.**' ઝીણી વાત છે, હોં! એ

થોડી, પર્યાયની. '**યહ સ્વભાવપર્યાય સભી દ્રવ્યોંમેં હૈં,...**' લ્યો! એ સ્વભાવિક પર્યાય... ઓલી સ્વભાવપર્યાયમાં કેવળજ્ઞાન આદિ પર્યાય લીધી હતી, સામાન્ય દ્રવ્ય લીધું. હવે આ ષટ્ગુણી પર્યાય તો બધા દ્રવ્યમાં છે. '**સ્વભાવગુણ સભી દ્રવ્યોંમેં હૈં, કોઈ દ્રવ્ય ષટ્ગુણી હાનિ-વૃદ્ધિ બિના નહીં હૈ, યહી અર્થ-પર્યાય કહી જાતી હૈં,...**' એને અર્થપર્યાય આ અપેક્ષાએ અર્થપર્યાય કીધી. સમજાણું કાંઈ? '**વહ શુદ્ધ પર્યાય હૈ.**' છે તો ઓલી શુદ્ધ પર્યાય. સિદ્ધત્વ આદિ, આ તો ત્રિકાળ શુદ્ધ પર્યાય છે.

'**યહ શુદ્ધ પર્યાય સંસારીજીવોંકે...**' એટલી સિદ્ધ... એ શુદ્ધ પર્યાય સંસારી જીવોને સદાય છે. '**સબ અજીવ-પદાર્થોંકે તથા સિદ્ધોંકે પાયી જાતી હૈ,...**' એ જરી સૂક્ષ્મ વાત છે. પણ પહેલા બે કહ્યા કે, '**સિદ્ધપર્યાય તથા કેવળજ્ઞાનાદિ ગુણ સિદ્ધોંકે હી પાયા જાતા હૈ,...**' સમજાણું? પહેલી પર્યાય કીધી એ તો સિદ્ધને સ્વભાવપર્યાય અને કેવળજ્ઞાન આદિ ગુણ એવી પર્યાય સિદ્ધને જ હોય છે. સમજાણું કાંઈ? ઘણા બોલ આવ્યા. આમાં પણ ક્યાં યાદ રાખવા જેવું છે, આમાં તો વસ્તુ આ છે. એમાં ક્યાં... પલાખા યાદ રાખવા જેવું નથી કાંઈ. વસ્તુ, એના ગુણો, એની અવસ્થા. સ્વભાવિક અવસ્થા—એક દ્રવ્યપર્યાયરૂપ, એક ગુણપર્યાયરૂપ. ષટ્ગુણહાનિવૃદ્ધિ પર્યાય તો બધાય દ્રવ્યને છે.

સંસારનું યાદ નથી રાખતા? કેટલી દવાઓ આવતી હશે કેટલી યાદ રાખતા હશે. પાંચસો દવાઓ બધી યાદ રાખે. આ ઠેકાણે આ દવા પડી છે ને અહીં આટલી વપરાણી છે ને અહીં આવી છે ને નવી આવી છે. મમતાની બધી વાત રાખે યાદ. દુકાનમાં પાંચ હજાર ચીજ હોય તો બધાની ત્રણપટ્ટી વાત હોય એને યાદ. આ ભાવે આવી છે, એટલી વેચાણી છે, એટલી પડી છે, નવી આ ભાવે આવી છે. પોપટભાઈ! ઈ છેને પણ અમને તો બધી ખબર છે કે નહિ? દુકાનના નામ... એટલી પડી હોય દુકાનમાં માલ બધી એને ખબર હોય લ્યો. આટલી વખારો. છેને અમારે પાલેજમાં તેર વખારો અમારે કુંવરજીભાઈને લ્યો. તેર વખારો. મોટા ક્યા વખારમાં કેટલી મેથીની ગુણ, કેટલી ઘઉંની ગુણ, કેટલી વેચાણી ને કેટલી ગઈ એ બધી આણંદજીને (ખબર હોય), આણંદજીને વધારે. એ પડ્યા હવે ખાટલે. આહા..હા..! જેની મમતા એની સંખ્યા બધી યાદ. પણ મારામાં શું છે અને હું કોણ છું એની ખબર નથી. બફમ થઈ જાય બફમ. આ કોની વાત ચાલતી હશે એમ લાગે એને.

એ સિદ્ધની વ્યાખ્યા કરી. હવે કહે છે, સંસારી જીવોને મતિજ્ઞાન આદિ વિભાવગુણ (છે). જુઓ! એને સિદ્ધત્વપર્યાય નથી, તેમ ઓલો કેવળજ્ઞાન આદિ ગુણ નથી. સંસારી જીવ નિગોદથી માંડીને... સમજાણું? એ ચૌદમા ગુણસ્થાન સુધી, એને ઓલા કેવળજ્ઞાન એટલું ન લેવું. '**મતિજ્ઞાનાદિ વિભાવગુણ...**' ચાર જ્ઞાન સુધી લેવા લ્યો. '**ઔર નર-નારકી આદિ**

**વિભાવપર્યાય યે સંસારજીવોંકે પાયી જાતી હૈં.'** દેખો! ઓહો..! ચૌદમે પણ એ પર્યાય છેને મનુષ્યની એક, વિભાવિક મનુષ્યપર્યાય છે. સમજાણું કાંઈ? અને મતિજ્ઞાન આદિ ચાર લેવા, નીચે બારમાં સુધી. ... માની બેઠો, પણ કહે કે, આ બંગલો-શરીર મળ્યો જરી ત્યાં, એ હું. એને સાફસૂફ રાખવું, ખવડાવવું, પીવડાવવું, નવડાવવું.

મુમુક્ષુ :— એ વિના સરખું હાલતું નથી.

ઉત્તર :— એ હાલે-ન હાલે એને કારણે છે, ધૂળ પણ ચાલતી નથી. મરી જાય ચિંતા કરીને તોય. એમ છે કે નહિ? એની એને તો ખબર છે કે નહિ એને? બહુ ધ્યાન રાખે તોપણ ચાલે છે? ટાંગો આમ આમ થઈ જાય, ઘડીકમાં અહીં ઊભા રહે એમાં થઈ જાય છે. એ તો શરીર છે, એની પર્યાય કેમ થવી એ આત્માને આધીન નથી. આત્મા કલ્પના કરે માટે શરીરને આમ સ્થિર રાખી શકે બિલકુલ નહિ. એની પર્યાય પ્રમાણે એ દ્રવ્ય રહેશે. આત્માની પર્યાય પ્રમાણે એ દ્રવ્ય રહેશે એમ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ!

નનૂર થઈ ગયો છે નનૂર. નનૂર એટલે? નૂર વિનાનો. એને ઘા વાગતા નથી. આહા..હા..! ક્યાં? શેમાં હું? ક્યાં હું માન્યું છે એની એને ખબર નથી. જેમાં મારાપણું ક્યાંય નથી... જેમાં ગુણ-પર્યાય વિનાનો હું નથી એને પોતાનો ન માનતા, જેમાં ત્રણકાળમાં મારાપણું નથી એ બધા ગુણો અને પર્યાયવાળા દ્રવ્ય છે (એને) ઇન્દ્રિયથી જ્ઞાન જોતો હોય એને જોવે છે. આ અતીન્દ્રિય વસ્તુ શું છે એ તરફ પર્યાય સહિતનું દ્રવ્ય શું છે એને જોતો નથી. આહા..હા..! કલ્પેને. પાંચ પચ્ચીસ લાખ રૂપિયા ને બે પાંચ બંગલા હોય ને બાયડી, છોકરા ઠીક હોય તો અમે સુખી છીએ. માટે ક્યાંથી પણ? એ વસ્તુ ક્યાં તારામાં છે, ક્યાં તારી છે, ક્યાં તારી દશામાં આવી છે.

મુમુક્ષુ :— ....પણ સુખ તો થાય છેને.

ઉત્તર :— પણ શેમાં સુખ થાય છે? ક્યાં હતો? એ તો કલ્પના ઊભી કરી, એનું લક્ષ કરીને કલ્પના ઊભી કરે છે, એ કલ્પના એનામાં આવે છે.

મુમુક્ષુ :— અમેરિકા જઈ આવ્યા, સાહેબ! તોય...

ઉત્તર :— હા, અમેરિકા ધૂળમાં પણ જઈ આવ્યા નથી ન્યાં. પોતાની પર્યાયમાં હતો ત્યાં પણ, એમ કહે છે અહીં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના. કોઈ ક્ષેત્રમાં ને કોઈ ભાવમાં જાતો નથી આત્મા, એમ કહે છે અહીં. પોતાના ક્ષેત્રમાં ને પોતાના ગુણ પર્યાયમાં જ રહે છે સદાય. આહા..હા..!

મુમુક્ષુ :— પૈસા દઈને, ખર્ચ કરીને ગયા અને આપ કહો છો કે નહિ.

ઉત્તર :— પૈસા ક્યાં એના હતા? સમજાણું?

અહીં શું કહે છે? કે, નરકમાં હો કે મનુષ્યમાં હો કે દેવમાં હો, એની વિકારી પર્યાય સહિત અને એના અનંતા ગુણ સહિત ત્યાં રહેલો છે. અથવા મતિજ્ઞાન આદિ ગુણ વિભાવ છેને, કેવળ તો નથી, એટલે મતિ-અજ્ઞાન આદિ ગુણ કહો કે મતિજ્ઞાન આદિ સમ્યક્ એવા ગુણ સહિત અને એવી પર્યાય સહિતમાં એ રહેલો છે. પરના ક્ષેત્રથી રહ્યો નથી, પરના પર્યાયથી રહ્યો નથી, પોતાની પર્યાયથી ખાલી કોઈ દિ' રહ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વાહ!

છે કે નહિ પણ? પ્રત્યક્ષ આ છે દેખાય છે કે નહિ એમાં? પણ એને ખબર (નથી). વિચાર કરે નહિ, મંથન કરે નહિ. સંસારી જીવ. આ નિગોદથી માંડી. ચાર જ્ઞાન સુધી અહીંયા લેવા. '**વિભાવગુણ ઔર નર-નારકી આદિ વિભાવપર્યાય સહિત હૈ.**' એ વિભાવપર્યાય સહિત છે, વિભાવગુણ સહિત છે એ પોતાને કારણે છે. આત્મા મતિજ્ઞાનાદિ કે મતિ-અજ્ઞાનાદિ ગુણ અને વિભાવ નરકાદિની પર્યાય સહિત દ્રવ્ય છે. એ જ્યાં છે ત્યાં આ પર્યાય સહિત દ્રવ્ય છે. સમજાણું કાંઈ? મનુષ્યપણામાં અહીંયા, મનુષ્યપણું એટલે આ દેહ નહિ, મનુષ્યગતિની પર્યાય જે વિકારી છે એ સહિત અને મતિજ્ઞાનાદિ જે પર્યાય છે એને ગુણ કહેવા અહીંયા, એના સહિત આ જીવદ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ? મનુષ્યદેહ સહિત છે એમ નહિ. એની વિકારી પર્યાય સહિત અને મતિજ્ઞાનાદિ ગુણ સહિત દ્રવ્ય છે અહીંયા. સમજાણું આમાં? કહો, રતિભાઈ! બેસે છે કે નહિ આમાં? આ તો લોજીકથી તો વાત છે, ન્યાયથી તો વાત ચાલે છે.

અત્યારે ક્યાં છે આત્મા? કે, એની વર્તમાન પર્યાય અને ત્રિકાળી ગુણો એના સહિતનું એ દ્રવ્ય છે. બીજા પદાર્થ સહિત દ્રવ્ય નથી. બીજા પદાર્થો એના ગુણ-પર્યાય સહિત દ્રવ્ય છે. હવે જે એના ગુણ-પર્યાય સહિત દ્રવ્ય છે, આ આત્મા પોતાની પર્યાય-ગુણ સહિત છે. એ બીજાની પર્યાયને મારું માને કે, બીજા પર્યાયને કરું એ વાત ક્યાં છે? એમ કહે છે. જેના હોવાપણામાં બીજા દ્રવ્યની પર્યાય નથી એનો પર્યાય એના દ્રવ્ય સહિત છે, એના પર્યાય સહિત એનું દ્રવ્ય છે, એના પર્યાયનો એ ધણી દ્રવ્ય છે. એને ઠેકાણે બીજાની પર્યાયને હું કરું, વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! શું હશે આમાં?

'**યે તો જીવ-દ્રવ્યકે ગુણ-પર્યાય કહે...**' એ તો એક જીવદ્રવ્યના ગુણ અને પર્યાય કહ્યા. સિદ્ધ આદિ અનંત નિગોદ જીવ એના અનંતા ગુણ સહિત છે, સિદ્ધ એની પર્યાય અને કેવળજ્ઞાન આદિ ગુણ સહિત છે. સંસારી જીવ મતિજ્ઞાનાદિ ગુણ, નરકાદિની વ્યંજન આકૃતિ પર્યાય સહિત છે. આ રીતે જીવો જે ત્રણકાળમાં વર્તે એ આ રીતે વર્તે છે, એ જીવની વ્યાખ્યા થઈ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૦, બુધવાર, તા. ૩-૧૧-૧૯૬૫**
**ગાથા-૫૭, ૫૮, પ્રવચન-૪૦**

૫૭ ગાથા ચાલે છે. 'પરમાત્મપ્રકાશ'. જીવની વ્યાખ્યા આવી ગઈ. '**યે તો જીવ-દ્રવ્યકે ગુણ-પર્યાય કહે...**' ત્યાં સુધી આવ્યું છે. છેને? જીવ છે એ અનંત ગુણનો પિંડ એ દ્રવ્ય અને જ્ઞાન, દર્શન આદિ ગુણ અને પર્યાયના બે પ્રકાર પાડ્યા, નર-નારકી આદિ એક પર્યાય ને કેવળજ્ઞાન આદિ એને પણ પર્યાયમાં લીધા છે. સિદ્ધની પર્યાય શુદ્ધ છે અને આ અશુદ્ધ પર્યાય છે સંસારીની. એમ વ્યાખ્યા કરી.

'**પુદ્ગલકે પરમાણુરૂપ તો દ્રવ્ય...**' આ પરમાણુ આ રજકણ છે એને દ્રવ્ય ભગવાન કહે છે. રજકણ એ જડ, ચૈતન્યથી ભિન્ન. '**તથા વર્ણ આદિ સ્વભાવગુણ...**' એ રજકણમાં રંગ, ગંધ, રસ છે એ એનો સ્વભાવિક-અનાદિ સ્વભાવિક, એકમાં છે માટે સ્વભાવિક ગુણ છે. '**એક વર્ણસે દૂસરે વર્ણરૂપ હોના,...**' એ સ્વભાવિક પર્યાય છે. સ્વભાવિક ગુણપર્યાય કહો કે સ્વભાવિક પર્યાય છે. એમ ત્યાં લેવું. સુધારવાનું છે. સમજાણું કાંઈ? આ રજકણ છેને, એક જડ માટી પોઈન્ટ આનો છેલ્લો ટૂકડો, એમાં એ વસ્તુ પરમાણુને દ્રવ્ય કહીએ અને એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ જે કાયમ રહેનારા એને સ્વભાવ ગુણ કહીએ અને એનું વર્ણાંતર-રૂપાંતર અવસ્થામાં થાય, એક વર્ણથી બીજે વર્ણે રંગ આદિ પલટે એને સ્વભાવપર્યાય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ ભૂલ છે થોડી લખાણમાં. એ એક પરમાણુની વ્યાખ્યા કરી.

એક પરમાણુના ત્રણ બોલ. જેમ જીવમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય એમ ત્રણ વર્ણવ્યા. એમ એક પરમાણુમાં ત્રણ. પરમાણુ પોતે દ્રવ્ય, એના રંગ, ગંધ, રસ, સ્પર્શ એના સ્વભાવ ગુણ અને એક જ પરમાણુ પોતે રંગ, ગંધ આદિ પર્યાય પલટે એ સ્વભાવપર્યાય એને કહેવામાં આવે છે. કહો, શું કીધું? એ પરમાણુનો પર્યાય પરમાણુથી બદલે છે, આત્માથી નહિ એમ કહે છે. નથી આમાં લખ્યું? એ.. નેમીદાસભાઈ! આમાં નથી આવતું?

મુમુક્ષુ :— આવી ગયું છે.

ઉત્તર :— આવી ગયું? શી રીતે આવી ગયું? કહો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એનો પર્યાય એનો છે. પરમાણુ રજકણ છે એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ કાયમના

સ્વભાવ ગુણ છે અને એની વર્તમાન અવસ્થા પલટે એક રંગથી બીજો રંગ, એક ગુણથી બીજો ગુણ થાય વગેરે એ એની અવસ્થા છે. એ અવસ્થા ચૈતન્ય ન કરી શકે એમ આવ્યું એમાં. એ પરમાણુની પર્યાય પરમાણુ કરે છે એમ કહે છે અહીંયા. કહો, સમજાણું કાંઈ?

હવે સ્કંધ. '**એક પરમાણુમેં જો તીન ઈત્યાદિ અનેક પરમાણુ મિલકર સ્કંધરૂપ હોના,...**' દેખો! આ શરીર. જુઓ આ શરીર, આ વાણી એ બધા '**વિભાવદ્રવ્ય વ્યંજન-પર્યાય હૈં.**' આ શરીર વિભાવદ્રવ્ય.. દ્રવ્ય. કારણ કે એકલો પરમાણુ નથી. એકલો પરમાણુ હોય તો તો દ્રવ્ય શુદ્ધદ્રવ્ય કહેવાય અને એના ગુણો પણ શુદ્ધ ગુણ કહેવાય અને એની પર્યાય પણ શુદ્ધ પર્યાય કહેવાય. હવે બે, ત્રણ આદિ આ ભેગા થયા, જુઓ આ શરીર, આ લાકડી એ પરમાણુ એને વિભાવદ્રવ્ય વ્યંજનપર્યાય (કહે છે). વિકારી દ્રવ્યની આકૃતિરૂપ આ શરીરની પર્યાય. આ શરીરની પર્યાય શરીરથી થઈ છે, આત્માથી નહિ, કર્મથી નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એમ આવ્યું કે નહિ?

વિભાવિકપર્યાય આ સ્કંધની કે આ પરમાણુના સંયોગથી એની પર્યાય થઈ છે, કર્મથી નહિ. કર્મની વિભાવિકપર્યાય કર્મના સ્કંધથી થઈ છે, આની વિભાવિકપર્યાય આના સ્કંધથી-એનાથી થઈ છે, કર્મથી નહિ. પૈસો જે થયો છે નોટ એ સ્કંધ પર્યાય છે. ઘણા પરમાણુનો મળેલો વિભાવિક સ્કંધ દ્રવ્યપર્યાય છે. એ પૂર્વના આના પુણ્ય હતા તો એ એમ થયું છે એમ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :— ક્યાં ગયા પુણ્ય?

ઉત્તર :— પુણ્ય પુણ્યમાં રહ્યા. ક્યાં ગયા શું. પુણ્ય એ વિભાવિક સ્કંધની પર્યાય છે. પુણ્યના રજકણો ઘણા રજકણનો પિંડ, પુણ્યના અંદર ઘણા રજકણનો પિંડ એ વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય છે. અને પૈસો પણ વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય છે. એકના દ્રવ્યવ્યંજનપર્યાયથી બીજાની દ્રવ્યવ્યંજનપર્યાય થાય એમ છે નહિ. સમજાણું કે નહિ? પુણ્યથી પૈસા આવે એમ ના પાડે છે આમાં. કીધુંને, આ શું કહેવાય છે આ? પૈસો એ સ્કંધ છે ઘણા રજકણનો વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય છે. એ પોતાથી થયેલ છે, કોઈ પુણ્યથી નહિ કે બીજાના પરિણામથી નહિ, અ સ્કંધ પોતાથી થયેલ છે. સાંભળ્યું નથી કોઈ દિ' આ ઊંધા આડે. જેચંદભાઈ! જુઓ! આ શું કહે છે આ? આ મફતની વાત નથી. પરમાણુ તો એક કોર રાખો હવે.

પણ આ '**અનેક પરમાણુ મિલકર સ્કંધરૂપ હોના,...**' આ શરીર, લાડવો, દાળ, ભાત, સમજાય છે? સોનાની લગડી કે આ મકાન કે જે ઘણા રજકણો મળીને સ્કંધ નામ પિંડ એની વિભાવિક દ્રવ્ય એટલે વસ્તુની વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય તે તે સ્કંધની તેનાથી થઈ છે, બીજા સ્કંધથી નહિ, બીજા ચૈતન્યથી નહિ. સમજાણું કાંઈ? જુઓ, આ આંગળી છે એ વિભાવિક

દ્રવ્યવ્યંજનપર્યાય છે જડની. ઘણા રજકણો મળીને વિકારી દ્રવ્યવ્યંજનપર્યાય છે. એ પોતાની દ્રવ્યવ્યંજન વિકારી એની પર્યાય છે. આત્માએ કરી નથી, કર્મે કરી નથી, કર્મથી થઈ નથી.

મુમુક્ષુ :— કર્મ તો...

ઉત્તર :— કાઢી નાખ્યા. કાઢી નથી નાખ્યા, કર્મને કર્મરૂપે રાખ્યા. કર્મ પણ એ ઘણા પરમાણુથી મળેલી વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય પિંડ છે. કાઢી ક્યાં નાખ્યા છે? કહો, સમજાણું આમાં? એ.. જમુભાઈ! એ બીજાનો ફેરફાર કરવાનું કહેતા એ કાઢી નાખ્યું એ સાચી વાત છે. સમજાણું કાંઈ? શરીરમાં આ ટાંગો ચાલતો નથી. એ આમ અનંત પરમાણુના સ્કંધની વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય (છે). કોને લઈને? કે, એને લઈને, કર્મને લઈને નહિ. આત્માએ મૂર્ખાઈ કરી હતી પૂર્વે અશુભભાવની એથી એ (કર્મ) બંધાણા અને એને લઈને આમ થયું એમ નહિ, એમ કહે છે અહીં. છોટાભાઈ!

મુમુક્ષુ :— પણ શાસ્ત્રમાં તો આવે છે કે આ કર્મથી થયું.

ઉત્તર :— એ તો નિમિત્તનું જ્ઞાન (કરાવ્યું). આ વસ્તુ આમ છે. એ તો નિમિત્તનું, એ વખતે નિમિત્ત કોણ હતું આની પાસે એ જ્ઞાન કરાવવાની વાત છે, વસ્તુ એમ નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પરિણામ કોણ કરે છે? પરિણામ પોતામાં કરે, ટાંગો એનાથી થાય? પગ છે એ વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય છે, એ એને લઈને છે, શું આત્માને લઈને છે? ક્ષણે ક્ષણે વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાયનું... પછી અહીં તો હજી દ્રવ્યવ્યંજનપર્યાય લે છે પછી.

**'દ્વયણુકાદિ સ્કંધમેં જો વર્ણ આદિ હૈં, વે વિભાવગુણ કહે જાતે હૈં,...'** આ આમાં જે અંદર રંગ, ગંધ, રસ, સ્પર્શ કાયમ રહેનારા એનું નામ વિભાવિકગુણ છે. **'ઔર વર્ણસે વર્ણાન્તર હોના,...'** એમાં પર્યાયનું બદલવું આમાં આમ એ વર્ણથી વર્ણાંતર, રસથી રસાંતર, સ્કંધથી સ્કંધ (થાય) એ વિભાવપર્યાય છે આની જડની. બેથી માંડીને અનંત પરમાણુ સ્કંધરૂપે (થાય) એને દ્રવ્યવ્યંજન, વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય (કહે છે). આકૃતિ છે એટલે. એના રંગ, ગંધ, રસ, સ્પર્શ કાયમના ગુણો એને વિભાવગુણ કહ્યા ઓલા સ્કંધની અપેક્ષાએ અને એની વર્તમાન પર્યાય વર્ણથી, ગંધથી, રસથી પલટે છે આની એને વિભાવિકપર્યાય કહેવામાં આવી. કહો, સમજાણું? વિભાવિકપર્યાય એ કોને છે? સ્કંધની સ્કંધમાં સ્કંધને લઈને.

મુમુક્ષુ :— છૂટો છે એને સ્વભાવિક...

ઉત્તર :— છૂટો છે એને સ્વભાવિક. એક રજકણ છે ઈ. કહો, સમજાણું કાંઈ?

આ મકાન છેને મકાન—મંદિર એ અનંત સ્કંધો છે. એમાં એક એક સ્કંધ ઘણા પરમાણુનો

વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય છે. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ કાયમના ગુણો વિભાવિક ગુણ છે અને એની વિભાવિકપર્યાય છે એની. એ પર્યાય એની છે. એ કડિયાએ કરી છે કે બીજાએ કરી છે એ વાત છે નહિ. બીજાથી થઈ નથી, એનાથી થઈ છે.

મુમુક્ષુ :— કડિયા વિના મકાન થયું?

ઉત્તર :— એ કડિયા વિના થયું છે અહીં એમ કહે છે. બનવાનું... જડ છે, જડનો પર્યાય વિભાવિક પર્યાય છે. જ્ઞાન છે એનું અહીં ક્યાં કામ છે અહીં? અહીં તો પુદ્ગલ જડની વાત ચાલે છે. જ્ઞાનવાળા દ્રવ્યો કાર્ય કરે તો તો જગતમાં જડ સિદ્ધ થાય જ નહિ. એ.. ધર્મચંદભાઈ! જ્ઞાનવાળા જ દ્રવ્ય કામ કરે તો તો જડ જગતમાં હોઈ શકે જ નહિ, એકલા ચૈતન્ય જ છે એમ થાય. એ માટે તો અહીં ચૈતન્યની પહેલી વાત કરીને પુદ્ગલની પછી કરે છે. સમજાણું કાંઈ? આહા..! ઈ કાપડનો કટકો જે છે એ અનંતી દ્રવ્યવ્યંજનપર્યાય-વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય, દ્રવ્યવ્યંજનપર્યાય હોં! એના ગુણો વિભાવિક ગુણ અને એની પ્રગટ વિભાવિક પર્યાય ઈ એની એનાથી છે. ક્ષણે ક્ષણે થાય તે એનાથી થાય છે, બીજા હાથથી નહિ અને બીજા આત્માથી નહિ. અહીં તો અસ્તિત્વ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ! પુદ્ગલમાંથી આવું કાઢ્યું પાછું. પણ એ પુદ્ગલનું....

પહેલા જીવની વ્યાખ્યા કરી. જીવ પોતે દ્રવ્ય, એના જ્ઞાન, દર્શન આદિ ગુણો અને એની વર્તમાન પર્યાય. સ્વભાવિક પર્યાય કહો કે મતિજ્ઞાનાદિ વિભાવિક પર્યાય (છે). વિભાવિક ગુણપર્યાય વગેરે વગેરે, એ એને લઈને એનામાં છે. એ કર્મને લઈને ઠરાવવાની એનામાં નથી. એમ એ સિદ્ધ કર્યું પહેલું. હવે અહીંયા કર્મ જે બંધાણા મતિજ્ઞાનાવરણીય કર્મ એ પુદ્ગલ અનંત પરમાણુનો સ્કંધ દ્રવ્યવ્યંજનપર્યાય (છે). એ આત્માએ મતિની હીણપ કરી માટે સ્કંધપર્યાય થઈ એમ નથી, એમ કહે છે. એઈ..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ છે એ અનંતા પરમાણુનો દ્રવ્યવ્યંજનપર્યાય છે, એનામાં ગુણો વિભાવગુણ છે અને વર્તમાન એની પર્યાય વિભાવિક વ્યંજનપર્યાય છે એનાથી સ્કંધ છે. આત્માએ રાગ કર્યો, જ્ઞાનની હીણી કરી માટે સ્કંધની અવસ્થા એમ થઈ એમ નથી, એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બધું સ્વતંત્ર. પરમાણુ એ પરમાણુની વર્તમાન સ્કંધ અને પરમાણુની પર્યાય.

મુમુક્ષુ :— આમાં કજીયાવાળાને...

ઉત્તર :— કજીયાવાળો તો ભાઈ કજીયા કર્યા જ કરે. એ તો, એ તો શું કરે એમાં? બીજું શું થાય? કજીયો શું કરવા કર્યો છે એની એને ખબર નથી. શું કરવા કરું છું એનું ભાન નથી.

અહીં તો ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ (એમને) કેવળજ્ઞાનમાં પુદ્ગલોની આવી સ્થિતિ જ્ઞાનમાં જણાણી એવી કીધી. આ જગતના છૂટા પરમાણુ છે એને દ્રવ્ય, ગુણ અને પર્યાય શુદ્ધ કહીએ, સ્વભાવ કહીએ. ભેગા બેથી માંડીને અનંતા પછી ઘણા સ્કંધ હો કે બે હોય, એ બધા સ્કંધને, સ્કંધ દ્રવ્ય તરીકે વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય, ગુણ તરીકે વિભાવિક ગુણ, પર્યાય તરીકે વિભાવિકપર્યાયનું અસ્તિત્વ એ સ્કંધમાં સ્કંધને લઈને છે. બીજા સ્કંધને લઈને નહિ તો આત્માને લઈને નહિ. આહા..હા..! આવી વાત સ્પષ્ટ છે. તો અહીં કહે, આત્મા કર્મ બાંધે અને આત્મા છોડે. એ વાત છે નહિ. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. કર્મના અનંતા રજકણો એ વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય છે. દ્રવ્ય તરીકે હોં! અને એના વર્ણ છે ઈ વિભાવિક ગુણ છે અને એની પર્યાય છે એ વિભાવિક અવસ્થા છે. એ તો પુદ્ગલનું સ્વરૂપ છે, પુદ્ગલનું સ્વરૂપ છે, એ જીવે નથી કર્યું. એનું અસ્તિત્વ આને લઈને છે, આ જીવના અસ્તિત્વને લઈને નથી એમ ન આવ્યું એમાં? એઈ..! આહા..હા..! સ્કંધોનું હોવાપણું વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાયનું, વિભાવિક ગુણનું, પર્યાયનું એનાથી છે. એને સ્કંધ વિભાવિક આદિ આમ છે. હવે આને લઈને આ છે એમ ક્યાં આવ્યું એમાં? એઈ..! શું છે આ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ એ જડ છે, દ્રવ્ય છે કે નહિ? દ્રવ્ય છે કે નહિ? વસ્તુ છે કે નહિ? તો વસ્તુમાં ગુણ છે કે નહિ? ગુણ છે તો એની પર્યાય છે કે નહિ? એકલા પરમાણુ દ્રવ્ય, ગુણ, પર્યાય શુદ્ધ. ઘણા પરમાણુનો ભેગો એ વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય. વિભાવિક ગુણ અને વિભાવિક પર્યાય. વસ્તુ છે કે નહિ? આરે આરે... ભારે વાત ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, આ અક્ષર એક પડે છેને? એક અક્ષર, ઈ અક્ષરમાં અનંતા રજકણનો વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય છે દ્રવ્ય તરીકે અને એના રંગ, ગંધ, રસ, સ્પર્શ કાયમ રહેનારા એને વિભાવિક ગુણ કહીએ અને એની વિભાવિક આ પર્યાય થઈ આમ દેખાય એ પર્યાય છે આમ અવસ્થા વર્તમાન પૂરતી, એ એના સ્કંધનું, એ સ્કંધનું રૂપ છે. એ સ્કંધનું દ્રવ્ય, ગુણ, પર્યાય રૂપ છે. આત્માથી થયું, આત્માના અસ્તિત્વથી એનું અસ્તિત્વ છે કે આંગળીના અસ્તિત્વથી એનું અસ્તિત્વ છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બહાર નીકળે ત્યાં? નામ ભૂલાઈ જાય છે કોઈ દિ'? જમુભાઈને કોઈ કાળોભાઈ કહે તો? બીજું નામ આવે તો કહે મને બોલાવતા નથી લાગતા, એ કો'કને બોલાવે છે. ભૂલ થઈ લાગે છે. અરે..! એ તો જમુ ... કહે અને છતાં આમ મોઢું રાખીને કહેતો હોય અને

આમ કરીને કો'કની સામે એય જમુભાઈ! તો ઓલો જાણે કે, આ મને નથી કહેતો, ઓલાની સામું જોઈને કહે છે. આ જાણો. અહીં શું કરવા કહે છે આ. જુઓ!

૫૭) तं परियाणहि दव्वु तुहुँ जं गुण-पज्जय-जुत्तु।
सह-भुव जाणहि ताहँ गुण कम-भुव पज्जउ वुत्तु।।५७।।

ભગવાને એમ કહ્યું છે કે, દરેક પદાર્થ પોતાના ગુણ-પર્યાય સહિત છે. એમ વાત ચાલે છે અહીં. એ વાત છેને. એમ તું બરાબર જાણ '**परियाणहि**'. ત્યારે આત્મા વસ્તુ છે એ પોતે દ્રવ્ય છે અને અહીં જ્ઞાનાદિ ગુણ છે અને એની પૂર્ણ શુદ્ધ પર્યાય કે અશુદ્ધ આદિ પર્યાય સહિત તે દ્રવ્ય છે. પોતાને કારણે છે. અને પરમાણુ અને સ્કંધ પોતાને કારણે (છે). એમાં કીધુંને? આ સ્કંધ છે જુઓ! આ સ્કંધ છે. આપણે આંગળીનું વધારે ઠીક પડે, આ શરીરમાં ઓલું આત્માથી ... આ શરીર સ્કંધ છે એને, કહે છે કે, આ સ્કંધને દ્રવ્યવ્યંજનપર્યાય જાણ પુદ્ગલને. એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ને વિભાવિક ગુણ જાણ અને એની આ અવસ્થાને વિભાવિક પર્યાય તું જાણ એમ કહ્યું છે. એ આત્માનું છે અને આનું છે એમ જાણ એમ નથી કહ્યું અહીં. છોટાભાઈ! ભારે પણ ભાઈ! ઘૂંટાઈ ગયા છે એકડાઓ ઊંધાને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બેયમાં કાંઈ ફેર નહિ જરીએ, એમ કહે છે. ... આમાં કાંઈક છે. આમાં આત્મા છે અને આ છે અને એકલા આ છે. ફેર કાંઈ (છે)? ના. આ સ્કંધ પણ વિભાવિક દ્રવ્ય છે, વિભાવિક ગુણ છે અને વિભાવિક પર્યાય છે એમ તું જાણ, એમ કીધું છે. જીવ અહીં છે માટે કાંઈ ફેર છે એમ કહ્યું નથી. આ પણ વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય, વિભાવિક ગુણ અને વિભાવિક પર્યાય એમ તું જાણ. જીવ નથી નિમિત્ત માટે એમ બીજું જાણ એમ છે નહિ. ભારે વાત ભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં? આ તો સાદી વાત છે કે નહિ? અહીં ક્યાં તમે મોટા વેપાર ને વકીલાતના દાખલા નથી આ કાંઈ. વેપારીને દાખલા ન આવડે ઓલા વકીલાતના ...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોનાથી? કોને? ધૂળ થાય. અરે..! ભગવાન!

અહીં તો કહે છે કે, આ શરીર જે છે અહીં તો એમાં અનંતા સ્કંધ છે હોં! એક શરીર સ્કંધ નથી. એ એક એક સ્કંધ ભિન્ન ભિન્ન પોતાથી અનંત પરમાણુના પિંડપણે દ્રવ્ય એટલે પોતાના આકૃતિના વ્યંજનપર્યાયપણે રહેલ છે. એ દ્રવ્યનો સ્કંધ એના ગુણ તરીકે લ્યો તો વિભાવિક ગુણ છે, એની અવસ્થા તરીકે લ્યો તો એની વિભાવિક પર્યાય અવસ્થા છે. એમ તેને જાણ. એને એમ કહ્યું નથી કે, એનાથી આત્મામાં કાંઈ થાય, એનાથી આત્મામાં કાંઈ

થાય એમ જાણ એમ છે? શું કીધું? આને એમ જાણ કે આ પરમાણુ અનંત મળેલો સ્કંધ દ્રવ્યવ્યંજનપર્યાય (છે) એમ જાણ. એના ગુણને વિભાવિક ગુણ તરીકે જાણ અને એની પર્યાયને વિભાવિક પર્યાય તરીકે જાણ. એમ કહ્યું કે આને લઈને આત્મામાં શુભ-અશુભ પરિણામ થાય? લાભ થાય એમ કહ્યું છે? આહા..હા..! ભગવાનજીભાઈ! કોઈ દિ' સાંભળ્યું નથી કોઈ દિ'.

અહીં તો પાછું કીધું ક્યાં સુધી કે, 'जुत्तु' અને 'वुत्तु'. દરેક વસ્તુ પોતે એને કહીએ કે, એના ગુણ અને પર્યાય સહિત (હોય) એમ ભગવાને કહ્યું છે. એમ ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં આમ ભગવાન ફરમાવતા હતા. છેને? 'वुत्तु'. 'उक्ता' છેને? 'पर्यायाः'. જુઓ! 'कही जाती हैं,...' આહા..હા..! કોઈ ગાથા કોઈ લ્યેને. એઈ..! દેવશીભાઈ! શું છે આ? આ પથરાના કામ કરે છેને દેવશીભાઈ. ક્યાં ગયા? કહે છે કે, એ પથરો છે એ અનંત પરમાણુનો વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય (છે). વ્યંજન એટલે દ્રવ્યનું આખું રૂપ. સમજ્યાને? એ પરમાણુનો સ્કંધ છે એનું દ્રવ્યરૂપ છે, વ્યંજન આકાર. અને એના ગુણો છે તે વિભાવિક ગુણ છે અને અવસ્થા એની વિભાવિક પર્યાય છે એ સ્કંધ છે. સ્કંધ એમ છે એમ તું જાણ. આ દેવશીભાઈના વિકલ્પને લઈને ન્યાં એવો સ્કંધ આવે છે, ગોઠવાય છે એમ છે નહિ. મગનભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું હતું ન્યાં?

આ ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા દ્રવ્ય, ગુણ ને પર્યાયની આવી વ્યાખ્યા કરે છે. આહા..હા..! **'परियाणहि'** પાછું, એકલું જાણ નહિ. બરાબર જાણ. પરિ—સમસ્ત પ્રકારે. બરાબર જ્ઞાનને આમ લક્ષ કરીને એને જાણ, આમ લક્ષ કરીને એને જાણ. જાણનારને લક્ષ કરીને જાણ અને એને પણ તારા લક્ષથી આવું એનું સ્વરૂપ છે એમ જાણ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આમાંથી સરવાળો શું નીકળ્યો?

ઉત્તર :— સરવાળો નીકળ્યો આત્માનું જ્ઞાન. આત્મા પોતે પોતાના ગુણ-પર્યાય સહિત છે એમ કરીને દ્રવ્યને જાણ કે, આ દ્રવ્ય જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. એવા દ્રવ્ય સહિતના જ્ઞાનમાં આ સ્કંધો આવા છે તેમ તારા લક્ષથી તેને તું જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? જાણવાનું કહ્યું છે. આવું આ જાણ, આમ આ જાણ. આમ નહિ કે આમ આમ તું કાંઈક કર અને આણે આનું કર્યું એમ કાંઈ નથી એમાં. આહા..હા..!

મુમુક્ષુ :— બીજે ક્યાંક લખ્યું હોય...

ઉત્તર :— બીજે લખ્યું હોય તો નિમિત્તના કથન. લખે શું? એ તો નિમિત્તથી જણાવ્યું હોય, જોડે કોણ હતો એટલું બતાવવા, બાકી બીજાથી થયું એ કાંઈ છે નહિ. એ તો આત્મા જેમ રાગ કરે ત્યારે કર્મ બંધાય એટલે કહ્યું કે, ભાઈ! આત્માએ રાગ કર્યો અને એ સમયે આ થયું એમ. એ તો ઓલું નિમિત્ત છે એમ જણાવ્યું, પણ એ થવાનો કાળનો પર્યાય તો

એનાથી જ તે કાળે, તે સમયે તેનાથી થયો છે. વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય, વિભાવિક ગુણ ને વિભાવિકપર્યાય એનાથી એ સ્કંધ છે. શું આત્માથી છે? આત્માને લઈને કર્મ છે? અને કર્મને લઈને અહીં વિકાર છે? ના. એ તો પહેલા આવી ગઈ વાત. સમજાણું કાંઈ? સંસારમાં મતિ આદિ ચાર જ્ઞાન કે મતિ આદિ બે અજ્ઞાન હો, એ આત્માને લઈને એ છે, એની પર્યાયને લઈને છે, એ પરને લઈને છે એમ છે નહી. એ જ્ઞાનાવરણીયનો ઉદય હતો માટે અહીં મતિજ્ઞાનમાં હીણી થઈ એમ છે જ નહિ, અહીં તો કહે છે. છોટાભાઈ! આહા..હા..! પણ... ભગવાન આત્મા વસ્તુ, એના અનંત ગુણો, એની વર્તમાનમાં હીણી પર્યાય કે સિદ્ધોને પૂરી પર્યાય એ હીણી પર્યાય સહિત, ગુણ સહિત તે દ્રવ્ય. પૂરી ગુણ ને (પર્યાય) સહિત તે દ્રવ્ય એમ જાણ એમ કીધું છે. આની હીણી પર્યાય છે માટે એ કર્મથી છે એમ જાણ એમ નથી કહ્યું. ભારે! આ દ્રવ્ય, ગુણ ને પર્યાયનું જ્ઞાન ઘટી ગયુંને એટલે વાંધા ઉઠ્યા બધા. સાંભળનારને ખબર ન મળે, કહેનારને ખબર ન મળે પછી એ ગોટે ગોટા ઉઠ્યા.

આ તો ભગવાન કેવળજ્ઞાનીએ છ દ્રવ્ય જોયા. એ છ દ્રવ્યમાં અનંતા આત્મા જોયા, અનંતા પરમાણુ જોયા, અનંતા રજકણના સ્કંધનો સંબંધ સ્કંધ જોયા. હવે એની બે વાત. ચારને એક કોર રાખો, ચાર પછી કહેશે. એમાં અનંતા આત્માઓમાં તેનું દ્રવ્ય છે એ જીવ, એનો ગુણો જ્ઞાન, દર્શન આદિ ગુણ અને એની પર્યાય જે છે એ પરિપૂર્ણ પર્યાય હોય સિદ્ધ આદિની તો એ પરિપૂર્ણ સ્વભાવ સહિતની પર્યાય સહિત દ્રવ્ય જાણ. અપૂર્ણ હોય તો અપૂર્ણ પર્યાય સહિત, વિકાર સહિત આદિ ગુણ સહિત એને દ્રવ્ય જાણ. એમ અહીં કહ્યું છે. પરમાણુને એમ જાણ કે, એના દ્રવ્ય, ગુણ, પર્યાય શુદ્ધ વ્યંજન પર્યાય છે, શુદ્ધ ગુણ છે ને શુદ્ધ પર્યાય છે એમ જાણ. સ્કંધને એમ જાણે કે વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય, વિભાવિકગુણ ને વિભાવિકપર્યાય છે એમ જાણ. સમજાણું કાંઈ? જાણ, જાણ ને જાણ છે. આમાં ક્યાંય કર, કર ને કર એવું નથી બીજામાં કાંઈ. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બહુ રાખવું પડે?

કહો, એ સ્કંધની વ્યાખ્યા કરી. આ બધા સ્કંધો હોં! જગતના. પરમાણુ સિવાયના બે પરમાણુથી માંડીને ત્રણ, ચાર, પાંચ અનંત. આ નાક, કાન આ બધા અનંત પરમાણુનો સ્કંધ (છે). આંગળી, લાડવો, દાળ, ભાત, શાક, દિવાસળી, આ લુગડું, કપડું, આ બધા દાગીના એ અનંત પરમાણુનો સ્કંધ છે. એ એક એક અનંત પરમાણુનો સ્કંધ એને આખા દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યવ્યંજન કહીએ એની આકૃતિનો પર્યાય અને તેના ગુણને વિભાવિક ગુણ કહીએ, કાયમ રહેનારા. ઓલા સ્કંધરૂપે ભેગા છે એ અપેક્ષાએ વિભાવિક, બાકી ગુણ તો ગુણ જ છે અંદર.

અને એની વર્તમાન પર્યાય થઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શની પલટીને પર્યાય થાય તેને વિભાવિકપર્યાય કહેવામાં આવે છે. એવું એ સ્કંધનું દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ છે. એવું એ સ્કંધનું દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ પોતાથી છે. એવા પર્યાય-ગુણ સહિત તે દ્રવ્યને જાણ. એમ નથી કહ્યું કે જોડેવાળો છે એનાથી તું એ દ્રવ્યને જાણ. શું કીધું? સમજાણું? કહો, આમાં તો સમજાય એવી વાત છે, આમાં કાંઈ બહુ એવું આકરું પલાખું નથી. કેમ એ..ઈ..! કેવું છે? આ સીધી વાત છે કે નહિ?

ઈ કહે છે કે, મેસુબના રજકણનો સ્કંધ એની પર્યાયથી છે, વિભાવિક પર્યાયથી છે, હરામ ઓલા જોડેવાળાથી હોય તો. અનંતા સ્કંધો જે પિંડરૂપે છે એ દ્રવ્યની વ્યંજનપર્યાય આકૃતિ તરીકે કહેવાય અને એના ગુણોને વિભાવગુણ કહેવાય અને એની પર્યાયને વિભાવ વ્યંજનપર્યાય કહેવાય. ફલાણાને લઈને ફલાણું ને ફલાણાને લઈને ફલાણું એમ છે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ ઉડી જશે બધું અહીંથી. એ તો વાત કહેવાય ગઈ નહિ ન્યાં. એ આત્મામાં જેટલો અહીંયા પર્યાય થાય છે એ એના પર્યાય સહિત અને એના ગુણ સહિત દ્રવ્યને જાણ. જોડે ત્યાં છે માટે એનાથી ન્યાં પર્યાય થઈ એમ દ્રવ્યને જાણ એમ છે નહિ. એ વાત તો થઈ ગઈ જીવમાં. અહીં તો અત્યારે પુદ્‌ગલની ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે પરમાણુ. એ સ્કંધની વ્યાખ્યા કરી. ઘણા રજકણોનો પિંડ જગતમાં બધા જેટલા બધા ભગવાન પરમાત્મા કહે છે એ બધા સ્કંધો પોતાના ગુણ, પર્યાયથી તે દ્રવ્યને જાણ. એ વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાયને, એના પર્યાય વિભાવિક અને વિભાવિક ગુણ સહિત તે દ્રવ્યને જાણ. બસ આટલી વાત છે. આહા..હા..! કહો, ભરતભાઈ! સમજાય છે કે નહિ આમાં? આવી ભારે વાત. કોલેજમાં આવું આવતું હશે કાંઈ?

હવે પરમાણુ એક છેને એ શુદ્ધ દ્રવ્યમાં એક વર્ણ... એ ઓલામાં આવી તો ગયું છે એમાં, સમજ્યાને? સ્વભાવપર્યાયમાં હોં! પહેલા. પણ એને ખુલાસો વધારે કરે છે. એક પરમાણુમાં એક રંગ હોય છેને એક રંગ, રંગ એટલે ગુણ નહિ, એની વર્તમાન અવસ્થા. કાળી, પીળી, લીલી, ચીકણી, લુખ્ખી, સ્પર્શ આદિ. એક રંગની પર્યાય, એક ગંધની, એક રસની અને બે સ્પર્શની એ પર્યાય હોય છે પરમાણુમાં. સમજાણું કાંઈ? '**પરમાણુ શુદ્ધ દ્રવ્યમેં એક વર્ણ, એક રસ, એક ગન્ધ ઔર શીત ઉષ્ણમેંસે એક તથા રૂખે-ચિકનેમેંસે એક, એસે દો સ્પર્શ, ઈસ તરહ પાંચ ગુણ તો મુખ્ય હૈં,...**' એને પાંચ ગુણ કહ્યા એ અપેક્ષાએ. છે તો પર્યાય. પર્યાયને ગુણ કહ્યું. જેમ ઓલા મતિજ્ઞાનને ગુણ કહ્યા હતા વિભાવિક, આને એ અપેક્ષાએ ગુણ કહ્યા છે. '**ઈનકો આદિસે અસ્તિત્વાદિ અનંતગુણ હૈં,...**' આમ તો અસ્તિત્વ

આદિ ગુણ તો અનંત છે ત્રિકાળી, પણ એની વર્તમાન પર્યાય સહિતની અહીં વ્યાખ્યા કરવી છે. અસ્તિત્વ ગુણનો વર્તમાન પર્યાય, પરિણમે છે ને અસ્તિત્વ. અસ્તિત્વપણું પરમાણુ દરેકમાં અસ્તિત્વગુણ છે. એ અસ્તિત્વગુણ છે એનું પરિણમન, અસ્તિત્વ ગુણ એ ત્રિકાળ છે, એનું પરિણમન વર્તમાન છે, પર્યાય વર્તમાન છે.

**'ઈનકો આદિસે અસ્તિત્વાદિ અનંતગુણ હૈં, વે સ્વભાવ-ગુણ કહે જાતે હૈં,...'** જો એના ગુણ તરીકે કહો તો સ્વભાવગુણ અને પર્યાય તરીકે કહો તો સ્વભાવપર્યાય કહેવામાં આવે છે. **'ઔર પરમાણુકા જો આકાર વહ સ્વભાવદ્રવ્ય વ્યંજન-પર્યાય હૈ,...'** ઓલામાં નહોતું આવ્યું. એક પરમાણુ જે છે એક રજકણ એનો આકાર એક સ્વભાવિક દ્રવ્ય-આકૃતિ-વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. **'તથા વર્ણાદિ ગુણરૂપ પરિણમન વહ સ્વભાવગુણ વ્યંજન-પર્યાય હૈ.'** ઈ જરી પાઠમાં છે ખરુંને એટલે નાખી દીધું છે. એ એનું એ. જે પહેલું કીધું હતું કે, વર્ણથી વર્ણાન્તર, વર્ણથી વર્ણરૂપ કહ્યું હતું ત્રીજી લીટી આ બાજુમાં પહેલી શરૂઆત કરતા, એ વાતને અહીંયા પર્યાયમાં જરી એક ગુણ, બે ગુણ એમ સ્પષ્ટ કરીને વાત કરી. એને ને એને અહીં કીધું કે, એ વર્ણાદિ ગુણનું પરિણમન છે. એ બધી વાત એકની એક છે. એ સ્વભાવગુણપર્યાય છે, સ્વભાવગુણપર્યાય છે. સમજાણું કાંઈ?

**'જીવ ઔર પુદ્ગલ ઈન દોનોંમેં તો સ્વભાવ ઔર વિભાવ દોનોં હૈં,...'** લ્યો! જીવ અને પુદ્ગલમાં તો સ્વભાવ અને વિભાવ બેય છે. અને ધર્માસ્તિકાય નામનો પદાર્થ... હવે એ વાત નહોતી આવી ચારની. એક ધર્માસ્તિ (દ્રવ્ય) ભગવાને જોયું છે લોક પ્રમાણે. ધર્માસ્તિ દ્રવ્ય છે લોક પ્રમાણે, એક અધર્માસ્તિદ્રવ્ય છે લોક પ્રમાણે ભગવાન કેવળીએ જોયેલું. આકાશ દ્રવ્ય છે અને કાળ અસંખ્ય દ્રવ્યો છે કાળ અસંખ્ય (કાળાણુ). **'ઈન ચારોંમેં અસ્તિત્વાદિ સ્વભાવ-ગુણ હી હૈં,...'** એ ચારમાં તો અસ્તિત્વ, વસ્તુત્વ આદિ અનંત સ્વભાવ ગુણ જ છે, એમાં વિભાવ નથી. ચારમાં વિભાવ નથી. **'ઔર અર્થપર્યાય ષટ્ગુણી હાનિ-વૃદ્ધિરૂપ સ્વભાવ-પર્યાય સભીકે હૈં.'** ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ છેને એ ચારમાં સ્વભાવિક છે. **'ધર્માદિકે ચાર પદાર્થોંકે વિભાવગુણ-પર્યાય નહીં હૈં.'** કહો, સમજાણું કાંઈ?

કેટલું સ્પષ્ટ કર્યું છે! વિભાવપર્યાય સહિત (હોય) તોપણ એને દ્રવ્ય જાણ. અહીં વિભાવિકગુણ, પર્યાય સહિત (હોય) તોપણ એને દ્રવ્ય જાણ. આમ આમ દ્રવ્ય જાણ એમ કીધું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! આ વાત આખી પડી રહીને એટલે સ્વતંત્રતાની ગંધ વઈ ગઈ. બધું સ્વતંત્ર છે. વસ્તુ સ્વતંત્ર, એનો ગુણ સ્વતંત્ર, એની પર્યાય સ્વતંત્ર. કોઈ કર્તા-બર્તા નથી, ઈશ્વર-ફિશ્વર કોઈ છે નહિ. તેમ એક દ્રવ્યની પર્યાયનો કર્તા બીજો નથી. આહા..હા..! આ વાત વીતરાગની વાત જગતને બેસવી ભારે કઠણ. પંડિતોને કઠણ પડે. આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એમણે જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા. એ છ દ્રવ્યને ગુણ-પર્યાયવાળા જોયા. તો સિદ્ધને જોયા એ ગુણ ને પર્યાય સ્વભાવ સહિત જોયા. સંસારીને, ગુણ ને અપૂર્ણ વિભાવપર્યાય સહિત જોયા. પરમાણુને શુદ્ધ દ્રવ્યવ્યજંનપર્યાય ને ગુણ ને પર્યાય સ્વભાવ સહિત જોયા, સ્કંધને આકૃતિનો વિભાવિકદ્રવ્ય અને વિભાવિકગુણ અને વિભાવિકપર્યાય સહિત જોયા. આ રીતે વસ્તુ જગતમાં છે. આહા..હા..! એમ જેમ છે તેમ જાણ એનું નામ જ્ઞાન કહેવાય. જેમ છે એને એનાથી ઊંધુ જાણે તો? આત્મામાં મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન હીણી દશા પોતાના પર્યાયથી છે એમ જાણે તો તે બરાબર જાણ્યું કહેવાય. પણ એ કર્મને લઈને હીણી છે એમ જાણે તો એ બરાબર જાણ્યું કહેવાય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વાંધા તો વાંધા જ છેને અજ્ઞાનીને જ્યાં હોય ત્યાં. આ તો આમ વસ્તુ છે. હવે આમ ખુલ્લી વાત પ્રગટરૂપે ભગવાને વર્ણવેલી આ છે. 'वुत्तु'—ભગવાને આમ કહ્યું છે. આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ આચાર્ય દિગંબર મુનિ હતા જંગલવાસી—જંગલમાં રહેનારા દિગંબર. ભગવાને આમ કહ્યું છે એમ તું જાણ, એનાથી વિપરીત જાણ તો દ્રવ્યનું સ્વરૂપ એવું નથી અને ભગવાને એવું કહ્યું નથી. તું ભગવાનને માનતો નથી અને દ્રવ્ય, ગુણ, પર્યાયને માનતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— લોકાલોકનું જ્ઞાન અહીંનો સ્વભાવ જાણવાનો છે. 'परियाणहि' શું કરવા કીધું? બધું જાણવાનો એનો એક સમયનો સ્વભાવ છે અત્યારે. આહા..હા..! પણ આ છે તેમ જાણ, એમ. જેમ નથી તેમ જાણ એ તો જ્ઞાન ખોટું (થયું). ભગવાન આત્મા એને વર્તમાન વિકાર હો પુણ્ય ને પાપ આદિ અને મતિ આદિની હીણી દશા હો. એ પર્યાય સહિત, ગુણ સહિત દ્રવ્ય જાણ એમ કીધું છે. આવું છે માટે કર્મ સહિત આ છે એમ જાણ, એમ કહ્યું નથી. છોટાભાઈ! આહા..હા..! અરે..! ભગવાન! જૈન સંપ્રદાયની જૈનની વાત મળે નહિ કાને, ઈ શી રીતે સમજે? આ બધી તકરારો વાંધા. સમજાણું કાંઈ?

આ ઘડો છેને ઘડો? કહે છે કે, ઘડો એક વિભાવિક દ્રવ્યવ્યંજનપર્યાય છે, વિભાવિક દ્રવ્ય. ઘણા રજકણ છેને એટલે વિભાવિક. એના ગુણો વિભાવિક ગુણ અને એની પર્યાય જે છે એ વિભાવિકપર્યાય એમ એ સ્કંધને તું જાણ. એમ ત્યાં નથી કહ્યું, કુંભાર છે તો આમ થાય છે એમ જાણ. એમ નથી કહ્યું ન્યાં. કુંભારના સ્કંધોનો દેહ જુદો, એનો આત્મા જુદો, એના આત્માને એની ગુણ-પર્યાય સહિત જાણ. શરીરના સ્કંધને એની ગુણ-પર્યાય સહિત જાણ. ઘટને એની પર્યાય-ગુણ સહિત દ્રવ્ય જાણ. કહો, સમજાય છે કે નહિ આમાં? એઈ..! કિરીટ! આવું

કેવું પણ આ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બધો સંબંધ તૂટી જાય છે. ઈ જ કહે છે કે, સંબંધ નથી અને મફતનો માન્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એક પાઠ બેસે તો બધું નિકાલ થઈ જાય એવું છે બસ. ...

જુઓને કેટલું કહ્યું! 'પરમાત્મપ્રકાશ' છે. તો તારો પરમાત્મા દ્રવ્ય છે વસ્તુ, એના અનંતા ગુણો છે અને એની વર્તમાન પર્યાય હીણી (છે). તો હીણી પર્યાય સહિત તારું દ્રવ્ય છે એમ અત્યારે જાણ. પરને લઈને આમ કાંઈ છે એમ છે નહિ. આહા..હા..! નિગોદના આત્માને કેમ જાણ? કીધું. ભાઈ! નિગોદના આત્માને જાણવાનું કેમ કીધું ભગવાને? કે, નિગોદનો આત્મા છે દ્રવ્ય. અનંતા છેને, એક કટકીમાં અનંતા જીવ છેને? આ બટાટા, શક્કરકંદ (એમાં) અનંતા (જીવ છે). એક આટલું રાઈ જેટલી લ્યો તો એમાં અસંખ્ય શરીર છે. એક શરીરમાં અનંત આત્મા છે. એ આત્માને કેમ જાણ? કે, એ આત્મા છે દ્રવ્ય, એના ગુણો અનંતા અને એની વર્તમાન હીણી અવસ્થા જે છે એટલે સંકલ્પ-વિકલ્પ છે એ પર્યાય સહિત, ગુણ સહિત તે દ્રવ્યને જાણ. કારણ કે, એમ છે ઈ, એમ છે ઈ. ઈ કેમ છે? કર્મને લઈને છે, કે પરને લઈને છે એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પોતાની પર્યાયને લઈને છે. પર્યાયને લઈને, ગુણને લઈને દ્રવ્ય છે એમ કીધું અહીં.

અનાદિનો એ નિગોદમાં-નિત્ય નિગોદમાં પણ છે એ પોતાથી પર્યાય ને ગુણ સહિત દ્રવ્ય છે, પરને લઈને નહિ. આહા..હા..! એમ આવ્યું આમાં? સુરેન્દ્રનાથ! ઓહો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉડાડ્યા નથી. છે એનામાં એનાથી એવી પર્યાય સહિત દ્રવ્યને જાણ એમ કીધું. શું કીધું? જે દ્રવ્યમાં વર્તમાનમાં સંકલ્પ-વિકલ્પ અને ઓછું જ્ઞાન છે એવી પર્યાય સહિત, એના ત્રિકાળી ગુણ સહિત તે દ્રવ્યને જાણ એમ કીધું. ઉડાડ્યું ક્યાં, છે એમ જાણ એમ કીધું છે અહીં તો. પોપટભાઈ! જેવી એની વર્તમાન અવસ્થા એના ગુણો સહિતનું દ્રવ્ય જાણ. કોને લઈને? પોતાને લઈને. એ તો કહ્યું નહોતું? તારા જ્ઞાનમાં,... કાલે કહ્યું નહોતું કાલે? બધું આવ્યું હતું નહિ કળશમાં? સમસ્ત સંસારી જીવ સર્વ કાળે શુદ્ધ છે, સર્વ કાળે શુદ્ધ છે અને સમસ્તને જાણે છે. આહા..હા..! અરે..!

ભગવાન આત્માનો સ્વભાવ તો બધાને જાણવાનો છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... આ આવો, આ આવો એમ જાણ બસ. આહા..હા..! શું થાય? સર્વજ્ઞ શું કરે છે? જાણે છે? સર્વજ્ઞ પોતાની પર્યાય-ગુણ સહિતનું દ્રવ્ય એને પોતાને જાણે છે. બીજાના પર્યાય સહિતના ગુણ સહિતનું દ્રવ્ય એને જાણે છે. બસ. એ પૂર્ણ જ્ઞાનથી જાણે, તું અપૂર્ણ જ્ઞાનમાં આમ જ જાણ. સમજાણું કાંઈ? ભાઈ! આ તો બધા સિદ્ધાંતો છે, પછી એની આ કુંચીઓ એના પછી પલાખા કાઢવા હોય એટલા નીકળે. ચાર પૈસાનું શેર તો મણનું અઢી. પછી સાડા સાડાત્રીસ શેરનું કેટલું? તો સાડા સાડાત્રીસ આના. એમ આ તો એકલા નિયમો છે વસ્તુના. આહા..હા..! મંત્રો છે.

મુમુક્ષુ :— કોઈ શાસ્ત્રનો લખાણમાં આવો ઉકેલ માંગે તો...

ઉત્તર :— આ આમાં છેને, આ ભર્યો છેને. ઉકેલ માગે ક્યાં? આ શું ભર્યો છે જુઓને શું કીધું? '**तं परियाणहि दव्वु**'. તેને તું વસ્તુ જાણ. કોને? કે, '**जं गुण-पज्जय-जुत्तु**'. તે વસ્તુ તેના ગુણ કાયમ અને વર્તમાન અવસ્થા સહિતના દ્રવ્યને તું દ્રવ્ય જાણ. આ ઉકેલ બધો. શું બાકી રહી ગયું આમાં? કહો, ન્યાલભાઈ આમાં શું ઉકેલ બાકી રહ્યો છે હવે? પણ એ તો એમ છે એમ જાણ, બીજું શું? તને ખ્યાલ નથી કે આમ છે આમ છે? આમ છે એમ જાણ. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ કરે તો થાય છેને જાણવું. જાણવું એ કરવું નથી? કે, મારા આ પર્યાય સહિતનું આ દ્રવ્ય છે, એમ જ્ઞાન (કર). એ જ્ઞાન થયું, એવી શ્રદ્ધા થઈ એ ધર્મ થયો. બીજાના દ્રવ્યો આવા એના પર્યાય ગુણ સહિત છે એમ જાણ. એટલે સ્વ-પરપ્રકાશક જાણવાનો મારો સ્વભાવ છે એમ જાણ્યું. આ એ જાણ્યું એનું નામ એણે શ્રદ્ધ્યું આ એનું નામ સમકિત અને એનું નામ જ્ઞાન. ઓહો..હો..! ગજબ વાતું છે!

સમ્યગ્જ્ઞાન મુનિને છે, ચાર જ્ઞાન મુનિને અને ચારિત્ર (છે). તો કહે છે કે, હે જીવ! તું તારી વર્તમાન પર્યાય ચાર જ્ઞાનની કે ચારિત્રપર્યાય સહિતની ને અનંતા ગુણ સહિત તે દ્રવ્યને જાણ. અને જોડેના જેટલા પદાર્થો છે બધા એને પણ તેની પર્યાય જે વર્તમાન વર્તે છે, કાયમ ગુણ વર્તે છે એ પર્યાય અને ગુણ સહિત તે દ્રવ્યને જાણ. આહા..! ઈ જાણવાની ક્રિયા ન આવી? એ ગુણની ક્રિયા ન આવી? ગુણનો ગુણ ન આવ્યો ઈ? આહા..હા..! વીતરાગોના કથન દિગંબર સંતોના કથનો અલૌકિક વાત! અલૌકિક વાત!! એક એક વાતમાં આખું ભરી દેવાની તાકાત છે! એટલું આમાં ભર્યું છે, કેટલું ભર્યું (છે) આમાં એક એકમાં! એ ચારે કોરથી એક વાતમાં પૂરું, એક વાતમાં પૂરું, એક શ્લોકમાં પૂરું, ગજબ વાત!! સમજાણું કાંઈ?

લ્યો, એ છએ દ્રવ્ય આવી ગયા. સમજાણું? એક આકાશને માટે કે, '**ઘટાકાશ મઠાકાશ...**' કહેવાય છે, એ તો એક ઉપચારથી કહેવાય છે. કાંઈ છે નહિ, થાતું નથી કાંઈ. આકાશ તો આકાશ છે. આકાશ એની નિર્મળ પર્યાય, નિર્મળ ગુણ સહિતને આકાશ જાણ. આહા..હા..! કેવડું આકાશ? લોકાલોક એવા આકાશને... અહીં જીવને કહે છે. એનો આવડો, અહીં તું તારા પર્યાય-ગુણમાં રહેલું દ્રવ્ય, એના આ આકાશને એની પર્યાયના ગુણ સહિતના તે આકાશને જાણ. આહા..હા..!

મુમુક્ષુ :— ઈ નામમાં મોટા છે.

ઉત્તર :— મોટો તો તું છો જાણનાર. એ ક્ષેત્રે મોટો છે. સમજાણું કાંઈ?

'**યે ષટ્દ્રવ્યોંકે ગુણ-પર્યાય કહે ગયે હૈં. ઈન ષટ્ દ્રવ્યોંમેં...**' જુઓ હવે આવ્યું. '**શુદ્ધ ગુણ, શુદ્ધ પર્યાય સહિત જો શુદ્ધ જીવ દ્રવ્ય હૈ, વહી ઉપાદેય હૈ –**' એ શુદ્ધ ગુણ ને શુદ્ધ પર્યાય નિર્મળ. શુદ્ધ નિર્મળ કેવળજ્ઞાનાદિ પર્યાય, શુદ્ધ ગુણ એવો આત્મા ઉપાદેય (છે). એટલે એ આત્મા ઉપાદેય કરવા જાય છે ત્યાં અંદર દ્રવ્ય સ્વરૂપ શુદ્ધ છે એને ઉપાદેય થઈ જાય છે. એનું નામ ઉપાદેયપણું. શુદ્ધ ચિદાનંદમૂર્તિ જે અનંત ગુણનો પિંડ એકરૂપ એને આદરણીય કરવો એ આ બધા દ્રવ્ય, ગુણ, પર્યાયના સારનું તાત્પર્ય છે. આહા..હા..! આમાં તો દાખલા દેવા હોય એટલા દાખલા દેવાય.

'**આગે જીવકે વિશેષપનેકર દ્રવ્ય-ગુણપર્યાય કહતે હૈં—**' ૫૮.

૫૮) **अप्पा बुज्झहि दव्वु तुहुँ गुण पुणु दंसणु णाणु।**
**पज्जय चउ-गइ-भाव तणु कम्म-विणिम्मिय जाणु।।५८।।**

ઓલો સમુચ્ચય હતું છએનું. હવે જુદું પાડે છે.

**અન્વયાર્થ :—** '**હે શિષ્ય, તૂ આત્માકો તો દ્રવ્ય જાન, ઔર દર્શન જ્ઞાનકો ગુણ જાન,...**' શું કીધું? હે આત્મા! તું વસ્તુ છો અનાદિ-અનંત એને દ્રવ્ય જાણ. એના દર્શન, જ્ઞાનને ગુણ જાણ. લ્યો! જોયું? દર્શન જ્ઞાન, દૃષ્ટા જ્ઞાતાપણું ત્રિકાળ એને તું ગુણ જાણ. આત્માના દેખવું, જાણવું ત્રિકાળ ગુણને તું ગુણ જાણ. '**चतुर्गतिभावान् तनुं**'. આ ચાર ગતિ જે પર્યાય છે અને શરીરને તું કર્મજનિત વિભાવપર્યાય જાણ, વિભાવપર્યાય જાણ. શરીરનું નિમિત્ત એ વિભાવપર્યાય જડનું અને જુઓ હવે નિમિત્ત અહીં નાખ્યું અને અહીંયા તારી વિકારી પર્યાય મનુષ્ય, દેવ આદિ પર્યાય હોં! આ દેહ નહિ, એવા પર્યાય અને ગુણ એવા દ્રવ્યને તું જાણ. એ વિભાવપર્યાય સમજ.

**ભાવાર્થ :—** '**ઈસકા વિશેષ વ્યાખ્યાન કરતે હૈં—શુદ્ધનિશ્ચયનયકર...**' ભગવાન આત્મા વસ્તુ પોતે છે આત્મા, શુદ્ધનિશ્ચયનય એટલે સાચી સત્ય દૃષ્ટિથી જોઈએ તો '**શુદ્ધ...**' છે.

ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર દ્રવ્ય ગુણે આદિ છે, '**બુદ્ધ...**' છે—એકલો જ્ઞાનનો પિંડ છે. આત્મા જ્ઞાનનો પુંજ પિંડ છે. '**અખંડ...**' છે. એક દ્રવ્ય માટે અખંડ છે. સ્વભાવ '**અખંડ, સ્વભાવ, આત્માકો તૂ દ્રવ્ય જાન,...**' દેખો! એવા આત્માને દ્રવ્ય તરીકે જાણ. વસ્તુ તરીકે આમ જાણ. શુદ્ધ છું, જ્ઞાનનો પિંડ છું, અખંડ સ્વભાવ એવા આત્માને તું દ્રવ્ય જાણ, વસ્તુ જાણ.

'**ચેતનપનેકે સામાન્ય સ્વભાવકો દર્શન જાન,...**' એ આત્મામાં એક દર્શન નામનો ગુણ છે કે જે બધી ચીજોને ભેદ પાડ્યા વિના અભેદથી દેખે એવા દર્શનને તું ગુણ જાણ. '**ઔર વિશેષતાસે જાનપના ઉસકો જ્ઞાન સમજ.**' અને એ આત્મામાં એક જ્ઞાનગુણ છે કે જે બધી ચીજોને ભિન્ન ભિન્ન જે રીતે છે, અનેકપણે જે રીતે છે તે રીતે ભિન્ન ભિન્નપણે રાગ વિના જ્ઞાન જાણે એને તું જ્ઞાનગુણ જાણ. '**યે દર્શન-જ્ઞાન આત્માકે નિજ ગુણ હૈ,...**' એ પોતાનો ગુણ છે. સામાન્યપણે બધું ત્રણકાળ, ત્રણલોકને દેખવું અને વિશેષપણે ભિન્ન ભિન્ન બધું જાણવું એવો સામાન્ય વિશેષ પોતાનો આત્માનો ગુણ છે. એ આત્માનો ગુણ છે. આહા..!

ગોળનો ગુણ શું? કે ગળ્યો. અફીણનો ગુણ શું? કડવો. મીઠાનો ગુણ શું? ખારો. તારો ગુણ શું? એ બધા પદાર્થને સામાન્યપણે ભેદ વિના દેખવું અને ભેદ પાડીને જાણવું એ તારો ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલી વસ્તુ છે એ બધી વસ્તુને, આત્માનો એક દર્શન નામનો ગુણ છે કે જે આ વસ્તુ આ ને આ વસ્તુ આ—એમ જુદી પાડ્યા વિના મહા હોવાપણે, મહાસત્તાપણે જેમ છે એમ જે દેખે છે તે દર્શનગુણ. અને મહાસત્તાના જેટલા પ્રકારો ભિન્ન ભિન્ન છે એટલા ભિન્ન ભિન્નપણે (જાણે તે જ્ઞાનગુણ છે). ઓહો..હો..! એક ગુણ એવો અને એક ગુણ એવો. દ્રવ્ય તારું કેવડું? આહા..હા..!

ભગવાન! તું કેવો? કે, દ્રવ્ય અખંડ શુદ્ધ. ગુણ કેવો? એક ગુણ બધી ચીજોને ભિન્ન પાડ્યા વિના દેખે અને એની સાથેનો એક ગુણ બધાને ભિન્ન ભિન્ન કરીને જાણે. આવો તારો બે ગુણવાળો તું આત્મા છો. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઉનમેંસે જ્ઞાનકે આઠ ભેદ હૈં,...**' હવે જ્ઞાનના આઠ ભેદ છે. સમજાણું કાંઈ? આ આત્મા છે આત્મા, આત્મા, એમાં જ્ઞાન નામનો એક ગુણ છે, જાણવું નામની શક્તિ (છે). એ જાણવા નામની શક્તિનો ગુણ ત્રિકાળ છે એની વર્તમાન અવસ્થાના આઠ પ્રકાર છે. સમજાણું કાંઈ? '**ઉનમેં કેવલજ્ઞાન તો પૂર્ણ હૈ,...**' એ આત્મા વસ્તુ, જ્ઞાનગુણ, એની વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાન એ પૂર્ણ છે. એટલે સ્વને, પરને ત્રણકાળ પરિપૂર્ણ જાણે એવી આત્માની એક પર્યાય છે. ગુણ દ્રવ્યમાં તો શક્તિ હતી આ પ્રગટમાં પર્યાયની વાત કરે છે. આ આત્મા વસ્તુ, એનો જ્ઞાન કાયમ ગુણ,

એની વર્તમાન અવસ્થાની આઠ દશા. એમાં એક દશા કેવળજ્ઞાન એ પૂર્ણ દશા છે કે જેમાં બધું પૂર્ણ જણાય. '**અખંડ હૈ,...**' એ દશા અખંડ છે કેવળજ્ઞાન. સર્વજ્ઞ પરમાત્મા આત્માની પૂર્ણ પર્યાયને પામે એ અખંડ છે. એ પર્યાય શુદ્ધ છે. સમજાણું?

'**તથા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન યે ચાર જ્ઞાન...**' પર્યાયના હોં ભેદ. '**સમ્યક્જ્ઞાન...**' આત્મામાં જ્ઞાન ગુણની એક સમ્યક્ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય-જ્ઞાનની દશા છે. '**ઔર કુમતિ, કુશ્રુત, કુઅવધિ યે તીન મિથ્યા જ્ઞાન, યે કેવલ કી અપેક્ષા સાતોં હી ખંડિત હૈં,...**' કેવળજ્ઞાનની અપેક્ષાએ સાતેય તે ખંડિત અને અધૂરા છે. ભગવાનનું જ્ઞાન કેવળજ્ઞાન એ પરિપૂર્ણ છે. આહા..હા..! '**અખંડ નહિ...**' એ ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ખંડિત છે, અખંડ નહિ. '**ઔર સર્વથા શુદ્ધ નહીં હૈ,...**' કેવળજ્ઞાન એ સર્વથા શુદ્ધ દશા છે આત્માની. એને આત્મા પરિપૂર્ણ પ્રગટ્યો અને પર્યાય થઈ એને કહેવામાં આવે છે.

'**અશુદ્ધતા સહિત હૈં,...**' એ આઠ તો અશુદ્ધતા સહિત છે. ચાર જ્ઞાન ઓછા, ત્રણ અજ્ઞાન વિપરીત અશુદ્ધતા સહિત. '**ઈસલિયે પરમાત્મામેં એક કેવલજ્ઞાન હી હૈ.**' પરમાત્મા જે સર્વજ્ઞ પ્રભુ થયા એ અરિહંત સર્વજ્ઞ એની જ્ઞાનદશા પરિપૂર્ણ થઈ ગઈ. એ પરમાત્મા પરિપૂર્ણ છે. એમાં એક જ કેવળજ્ઞાન છે, એમાં જ્ઞાનના આઠ ભેદ માંહ્યલા સાત ભેદ છે નહિ માટે તેને અખંડ અને શુદ્ધ કહેવામાં આવે છે. આવી રીતે આત્માના પરમાત્માનું સ્વરૂપ પર્યાય સહિત છે એને તું બરાબર જાણ એમ કહે છે. બીજા દર્શનની વ્યાખ્યા આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૧, ગુરુવાર, તા. ૪-૧૧-૧૯૬૫**
**ગાથા-૫૮, ૫૯, પ્રવચન-૪૧**

'પરમાત્મપ્રકાશ' પહેલા ભાગની ૫૮મી ગાથા. શું ચાલે છે આ વાત? આ જીવ છે જીવ એ સ્વભાવથી વસ્તુ અખંડ છે અનાદિ, અનાદિ.આ આત્મા. શુદ્ધ, બુદ્ધ, અખંડ સ્વભાવ

એને દ્રવ્ય જાણવો, એમ આવ્યું છેને? આ આત્મા શુદ્ધ છે, પવિત્ર છે અને બુદ્ધ નામ એકલો જ્ઞાનનો પિંડ છે અને તે અખંડ છે. એવા સ્વભાવવાનને જીવ કહેવો, એને દ્રવ્ય કહેવું એમ કહ્યું. સમજાણું કાંઈ? એને દ્રવ્ય જાણવું. દ્રવ્ય એટલે વસ્તુ એટલે શુદ્ધ છે, જ્ઞાનપિંડ છે, એક અખંડ છે એવા સ્વભાવવંતને જીવદ્રવ્ય કહેવામાં આવે છે. એનામાં ગુણ દર્શન અને જ્ઞાન મુખ્યપણે બે, મુખ્યપણાની વાત છે.

ઈ દર્શન અને જ્ઞાન ગુણ છે એ આત્મામાં. એમાં એ જ્ઞાનગુણની આઠ અવસ્થા છે. એ અવસ્થા પોતામાં પોતાને કારણે છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ અખંડ શુદ્ધ ચૈતન્ય પદાર્થ (છે). એનો દર્શન ને જ્ઞાન એવા બે ગુણ સ્વભાવ છે, ગુણ સ્વભાવ. એનો જ્ઞાનગુણ એની આઠ દશા છે. મતિ, શ્રુત ને અવધિ એટલે વિભંગ એવી ત્રણ દશા પણ એ જ્ઞાનગુણની આત્મામાં, આત્માથી, આત્મામાં છે. એ બીજી ચીજને લઈને નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? મતિ-અજ્ઞાન હો, શ્રુત-અજ્ઞાન હો કે વિભંગ (અવધિ) હો, પણ એ જ્ઞાનની વિપરીત પર્યાય ભલે અજ્ઞાન, પણ છે એ આત્માની, આત્મામાં, આત્માને કારણે. દ્રવ્ય જે અખંડ એનો જ્ઞાનગુણ એક અખંડ, એની આ પર્યાય આઠ, પણ એ પર્યાય ગુણની અવસ્થા છે, એ કોઈ પરની નથી, કર્મને કારણે નથી. આત્મામાં મતિ, શ્રુત ને અવધિ ત્રણ અજ્ઞાન એ પણ પોતાના કારણે છે. અને જ્ઞાનની પાંચ દશામાં ચાર દશા સમ્યક્ મતિ, સમ્યક્ શ્રુત, સમ્યક્ અવધિ અને મનઃપર્યાય એ જ્ઞાનની પર્યાય આત્માની પોતાની અવસ્થા પોતાને કારણે છે. સમજાણું કાંઈ? અને કેવળજ્ઞાન એ આત્માની પૂર્ણ શુદ્ધ દશા છે. ઈ ચાર જ્ઞાન ને ત્રણ અજ્ઞાન એ ખંડ છે, અશુદ્ધ છે તેથી તે આદરણીય નથી, હેય છે. અને આત્મા અખંડ ગુણ જ્ઞાન એનો પર્યાય પૂર્ણ કેવળદશા એ શુદ્ધ છે, એ અખંડ છે માટે તે પર્યાય આદરણીય નામ પ્રગટ કરવા લાયક છે. સમજાણું કાંઈ?

એ પ્રગટ કેમ થાય? કે, જે આત્મા છે એમાં એનો જ્ઞાનગુણ છે. એ ગુણના ધરનાર આત્મામાં દૃષ્ટિ કરવાથી એ કેવળજ્ઞાનની પર્યાય ગુણમાંથી પરિણમીને આવે છે. કેવળજ્ઞાન એ પર્યાય પણ સંહનન છે, મનુષ્યદેહ છે, માટે છે એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઈ જ્ઞાનની વાત કરી, આઠની કરીને.

હવે દર્શનની આમાં નથી, ટીકામાં છે. હવે આત્મામાં એક દર્શન નામનો ગુણ છે ત્રિકાળ. વસ્તુ પોતે અખંડ શુદ્ધ બુદ્ધ એનો દર્શન નામનો ગુણ છે એની ચાર દશા છે. કેવળદર્શન, અવધિદર્શન, ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન. આમથી ઉપાડ્યું. અચક્ષુ, ચક્ષુ, અવધિ અને... એમાં જુઓ ન્યાંથી ઉપાડ્યું છે હોં! પહેલું કેવલદર્શનમ્. કેવળદર્શન તે સકલ અખંડ છે. શુદ્ધ છે, અખંડ છે. શુદ્ધમ્ આખું અખંડ છે કેવળદર્શન હોં! કેવળદર્શન પર્યાય.

આત્મા વસ્તુ એનો દર્શનગુણ, એની કેવળદર્શન પર્યાય એ આખી અખંડ છે અને શુદ્ધ છે. આ સકળ, અખંડ ને શુદ્ધ ત્રણ. સકળ અખંડ પૂર્ણ અખંડ છે એમ. અને શુદ્ધ માટે કેવળદર્શનનો પર્યાય આદરણીય નામ પ્રગટ કરવા લાયક છે. એ પ્રગટ કેમ થાય? કે, દર્શન ગુણનો ધરનાર જે આત્મા એનો અંતરનો આશ્રય કરવાથી કેવળદર્શનનો પર્યાય પ્રગટ થાય. કહો, સમજાણું આમાં? એમાં ત્રણ ચક્ષુ આદિ ત્રયં વિકળ અને અશુદ્ધ (છે). ચક્ષુદર્શન, અચક્ષુ દર્શન, આ આંખથી દેખવું નહિ પણ એની યોગ્યતા દેખવાની અને ચક્ષુ સિવાય ચાર ઇન્દ્રિયો... અને અવધિ એ ત્રણ વિકળ છે. વિકળ એટલે ખંડ છે અને અશુદ્ધ છે. એ માટે તે હેય છે. દર્શનની ત્રણ પર્યાય અવધિદર્શન, અચક્ષુદર્શન અને ચક્ષુદર્શનની પર્યાયની વાત છે હોં! એ થાય છે પોતામાં, પોતાના ગુણની પર્યાય છે. એ પર્યાય થવી પોતામાં, પોતાને કારણે. પણ એ ત્રણ ખંડ છે, અશુદ્ધ છે. માટે કેવળદર્શન પ્રગટ કરવા લાયક છે. કેવળદર્શન એ આત્માની દર્શનગુણની શુદ્ધ અખંડ દશા છે. એ દશા આત્માને આશ્રયે પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? એ વાત એમાં નથી, હેઠે ટીકામાં છે.

હવે '**गुणास्त्रिविधा भवन्ति**' એમ છે અંદર. ગુણના ત્રણ પ્રકાર છે. બીજા બધા ગુણો લેવા છે. ઓલા બે કીધાને, હવે બીજા બધા ગુણો લેવા છે જ્ઞાન, દર્શનના ગુણોની વાત કરી, એની પર્યાયની વાત કરી. હવે એ ગુણના ત્રણ પ્રકાર છે. સાધારણ છે, કેટલાક અસાધારણ છે, કેટલાક સાધારણ ને અસાધારણ છે. એની વ્યાખ્યા કહેશે હોં! સાધારણ એટલે ઘણામાં હોય તે સાધારણ અને ખાસમાં હોય અને બીજામાં ન હોય તે અસાધારણ.

'**पुद्‌गलमें अमूर्तगुण नहीं पाये जाते,...**' ધ્યાન રાખજો! આ પરમાણુ છેને પુદ્‌ગલ જડ, રજકણ કે સ્કંધ એમાં અમૂર્તપણું નથી. છે? '**ईस कारण पांचोंकी अपेक्षा साधारण,...**' શું કીધું? એ પુદ્‌ગલ સિવાયના પાંચ પદાર્થ છે—જીવ, આકાશ, ધર્મ, અધર્મ ને કાળ એ અપેક્ષાએ અમૂર્તપણું સાધારણ છે. પાંચમાં બધામાં છે. અમૂર્તપણું પુદ્‌ગલ સિવાય પાંચ પદાર્થમાં સાધારણ છે, બધામાં છે, ઘણામાં છે. સમજાણું કાંઈ? આ તો સીધી વાત છે કે નહિ? અમૂર્તપણું પુદ્‌ગલ સિવાય પાંચમાં ઘણામાં છે માટે સાધારણ છે. પુદ્‌ગલની અપેક્ષાએ સાધારણ છે. પુદ્‌ગલમાં અમૂર્તપણું નથી એ અપેક્ષાએ પાંચમાં પુદ્‌ગલની અપેક્ષાએ અસાધારણ કહેવામાં આવે છે. નેમિદાસભાઈ! એ નેમિદાસભાઈને કીધું, વાંચો થોડું વાંચો... કહો, સમજાણું આમાં? પણ આ રીતે હવે તો શીખવું પડશે કે નહિ? શું કીધું?

આ આત્મામાં દ્રવ્યપણું, ગુણપણું અને પર્યાયપણું. એમ જડમાં, જડ એટલે આત્મા સિવાય પાંચેય એમાં દ્રવ્યપણું, ગુણપણું ને પર્યાયપણું (છે). એના પ્રકાર વર્ણવે છે. આત્મામાં ભગવાન આત્મા જે દ્રવ્યપણું તો એનું શુદ્ધ બુદ્ધ ને અખંડ સ્વભાવ અને ગુણપણું એનું જ્ઞાન ને દર્શન

એમ લીધું પહેલું. મુખ્યપણું લીધુંને. એના પર્યાયો આઠ અને ચાર લીધા. એક એક પર્યાય પૂરી છે તે આદરણીય છે અને ખંડ છે તે અશુદ્ધ છે.

હવે એ જીવમાં પાછા બીજા અનંતા ગુણો છે. બે તો મુખ્ય ખાસ એની વસ્તુ કીધી. જીવ અને બધા પુદ્‌ગલોમાં કે છએ દ્રવ્યમાં અનંત ગુણ છે. એમાં પુદ્‌ગલમાં અમૂર્ત ગુણ નથી. છે પુદ્‌ગલમાં અમૂર્તપણું? એ અપેક્ષાએ પાંચેની અપેક્ષા સાધારણ. પાંચ પદાર્થ છે પુદ્‌ગલ સિવાય એ બધાયમાં અમૂર્તપણું છે. ઘણામાં છે માટે સાધારણ અને પુદ્‌ગલની અપેક્ષાએ એ પુદ્‌ગલમાં નથી એ અપેક્ષાએ પાંચમાં અસાધારણ કહેવાય. સમજાણું કાંઈ આમાં? સમજાણું કે નહિ? આ પરમાણુઓ છે પુદ્‌ગલ એમાં અમૂર્તપણું નથી, એક વાત. હવે પાંચ પદાર્થો છે એમાં અમૂર્તપણું છે, પણ ઘણા છે એ અપેક્ષાએ એને સાધારણ કહ્યા. આ એકમાં આમાં નથી એ અપેક્ષાએ આનો જ અમૂર્તગુણ માટે અસાધારણ કહ્યો. સમજાણું કાંઈ?

હવે પ્રદેશગુણ, પ્રદેશગુણ લેવો છે. પ્રદેશપણું, ઘણા પ્રદેશપણું. ઘણા પ્રદેશપણું—આત્માના અસંખ્ય પ્રદેશ, ધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશ, અધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશ, આકાશના અનંત પ્રદેશ, પુદ્‌ગલમાં પણ બેથી આદિ ઘણા પ્રદેશ. એક પરમાણુ જુદો. તો '**પ્રદેશગુણ કાલકે બિના (અથવા પરમાણુ કે બિના) પાંચ દ્રવ્યોંમેં પાયા જાતા હૈ,...**' બીજા પણ ઘણા પુદ્‌ગલો છેને? બે પરમાણુથી માંડી અનંત પુદ્‌ગલ છે એ અપેક્ષાએ. '**પાંચકી અપેક્ષા યહ પ્રદેશગુણ સાધારણ હૈ,...**' કારણ કે કાળ અને એક પરમાણુને છોડી દઈએ તો બધા પરમાણુઓ અને બધા આકાશ આદિ (દ્રવ્યો) છે એ બધાયમાં પ્રદેશ ગુણ છે. માટે એ પ્રદેશ ગુણને સાધારણ કહેવામાં આવ્યો છે. સાધારણ એટલે ઘણામાં છે માટે સાધારણ કહેવામાં આવ્યો છે. આહા..! ઘરના ગોદડાની ખબર હોય એને બધી. ગાદલા, ગોદડા કેટલા રાખ્યા છે. આ શું છે એની વાત અહીં છે. તારામાં ગુણો શું, એની અસ્તિ શું, એના પ્રદેશ શું, ક્ષેત્ર શું એ બધું બતાવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુદ્‌ગલનું મુખ્યપણું નથી, અહીં તો જ્ઞાનનું જ મુખ્યપણું છે. આહા..! જ્ઞાન જાણે છે કે, આ પુદ્‌ગલ છે એમ જાણ્યું કોણે? એટલે મુખ્યપણું થઈ ગયું ઊર્ધ્વપણું જ્ઞાનનું, ઊર્ધ્વ ગુણ છે ને એનો ઊર્ધ્વત્વ. આહા..હા..! માની બેઠો છે પુદ્‌ગલનું મુખ્યપણું. ખોવાઈ ગયો છે એમ છે. સમજાણું કાંઈ? એક પરમાણુ અને એક કાળ એક પ્રદેશી છે, એમાં ઝાઝા પ્રદેશ નથી. એની અપેક્ષાએ... એ એક કોર છોડી દ્યો, હવે કહેશે. ઝાઝા પરમાણુઓ અને ઝાઝા પ્રદેશવાળા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ અપેક્ષાએ પ્રદેશ ગુણને સાધારણ કહેવામાં આવે છે. ઘણામાં છે માટે સાધારણ. અને કાળ અને પરમાણુમાં નહિ પામવાથી કાળ

અને પરમાણુની અપેક્ષાએ અસાધારણ છે. એક કાળમાં બે પ્રદેશ નથી, ઘણા પ્રદેશ નથી. એક પરમાણુમાં પણ ઘણા નથી. એટલે એક પરમાણુ ને કાળની અપેક્ષાએ બીજામાં (રહેલો) પ્રદેશને અસાધારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ નહિ, એ વળી બીજા પ્રકારનું સાધારણ. આ તો સાધારણ વનસ્પતિ અને અસાધારણ વનસ્પતિ નથી આવતી? સાધારણ વનસ્પતિ અને અસાધારણ વનસ્પતિ. એક શરીરમાં અનંતા ભેગા (રહે) એને સાધારણ વનસ્પતિ કહેવાય. નિગોદ એક શરીરમાં અનંતા ભેગા એ સાધારણ. એક શરીરમાં એક એક એને અસધારણ, અસાધારણ એટલે પ્રત્યેક.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ સાધારણ. લૌકિકની વાત છે. સાધારણ ... પડે છેને.

કહે છે, અહીં તો જુઓ વસ્તુને ક્ષેત્રથી અને એના ગુણોથી કઈ રીતે છએ દ્રવ્યની અંદરમાં છે એનું અહીંયા ભગવાને કહ્યું એનું વિવેચન છે. હે ભાઈ! અમૂર્તપણું પાંચેય દ્રવ્યમાં છે, એક પુદ્‌ગલમાં નથી. એ પાંચેયમાં ઘણા થયાને એ અપેક્ષાએ એને સાધારણ કહ્યું, પણ આમાં પુદ્‌ગલમાં નથી એ અપેક્ષાએ ખાસ એમાં છે માટે એને અસાધારણ કહ્યું. હવે પરમાણુ અને કાળાણુમાં પ્રદેશ નથી ઝાઝા એક જ છે. એથી એ સિવાયના બધા દ્રવ્યો પ્રદેશો ઘણા છે માટે ઘણાની અપેક્ષાએ તેને સાધારણ કહીએ. ઘણામાં ઘણા છે, ઘણામાં ઘણા છે, ઘણા દ્રવ્યમાં ઘણા માટે સાધારણ કહીએ અને કાળ ને પરમાણુની અપેક્ષાએ, કાળ અને પરમાણુને એક પ્રદેશ છે, ઘણા પ્રદેશ નથી એની અપેક્ષાએ ઘણામાં, આની અપેક્ષાએ ઘણા ભલે હોય પણ આની અપેક્ષા એને અસાધારણ કહીએ. સમજાણું કાંઈ?

... પરમાણુનો ... એના પ્રદેશ ઝાઝા નથી. એ અપેક્ષાએ ઝાઝા પ્રદેશ અહીં છે ઈ ઝાઝાની અપેક્ષાએ એને સાધારણ કહીએ આની અપેક્ષાએ, પણ આ બેની અપેક્ષાએ આમાં ઘણું નથી માટે એને અસાધારણ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? **'પુદ્‌ગલ-દ્રવ્યમેં મૂર્તિકગુણ અસાધારણ હૈ,...'** દેખો! પુદ્‌ગલ (દ્રવ્ય)માં મૂર્તિક તો અસાધારણ છે કેમકે પાંચમાં નથી. એનામાં જ છે, એનામાં જ છે માટે અસાધારણ. **'ઈસીમેં પાયા જાતા હૈ, અન્યમેં નહીં...'** લ્યો! **'ઔર અસ્તિત્વાદિ ગુણ ઈસમેં ભી પાયે જાતે હૈં, તથા અન્યમેં ભી,...'** પાયા જાતા હૈ. દેખો! અસ્તિત્વ એટલે હોવાપણું પ્રદેશત્વગુણ એ પરમાણુમાં પણ છે, છએ દ્રવ્યમાં છે, માટે તે ગુણોને સાધારણ કહેવામાં આવ્યા છે. બધામાં રહેલા માટે તેને સાધારણ (કહેવાય). એનો એ ગુણ બધામાં રહેલો એમ નહિ. પણ જેવું હોવાપણું પરમાણુમાં અસ્તિત્વ ગુણ છે એવો જીવમાં અસ્તિત્વ ગુણ છે, એવો આકાશમાં અસ્તિત્વ ગુણ છે એ અપેક્ષાએ અસ્તિત્વ

છે એવા ગુણની અપેક્ષાએ બધામાં છે માટે તેને સાધારણ કહેવામાં આવે છે. સમજાય છે? આમાં તો બહુ સાદી વાત છે. આ કાંઈ બહુ એવી નથી પણ જે સાધારણ ...

મુમુક્ષુ :— શબ્દો સાંભળતા ગૂંચવાઈ જાય.

ઉત્તર :— કાંઈ શબ્દો સાંભળતા ગૂંચવાતો નથી, એને પકડતા નથી આવડતું માટે ગૂંચવાય છે. સમજાણું કાંઈ? રાતે પૂછશે તો આવડશે કે નહિ? નેમિદાસભાઈ! હા તો પાડો. કહો, સમજાણું આમાં? શું કીધું? અસ્તિત્વ આદિ ગુણ ઈસમે ભી પાયા (જાતા હૈ), ઈસમેં એટલે પુદ્ગલમાં પણ અને બધામાં પણ છે. એ માટે એ અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ આવે છે ને છ (ગુણ) નથી આવતા? છ ગુણ આવે છેને. એવા અનંતા ગુણો એ બધામાં છે માટે સાધારણ. બધાના એક એમ નહિ પણ બધામાં છે માટે તેને સાધારણ કહેવામાં આવે છે.

**'ચેતનપના પુદ્ગલમેં સર્વથા નહીં પાયા જાતા.'** ચેતનપણું પુદ્ગલમાં બિલકુલ નથી. **'પુદ્ગલ-પરમાણુકો...'** બસ એટલી વાત. **'પુદ્ગલ-પરમાણુકો દ્રવ્ય કહતે હૈં.'** હવે પુદ્ગલની વ્યાખ્યા દ્રવ્ય-ગુણની લ્યે છે જરી. પુદ્ગલ-પરમાણુને દ્રવ્ય કહે છે. એનો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તે મૂર્તિક એ પુદ્ગલનો વિશેષ ગુણ છે. અને **'અન્ય સબ દ્રવ્યોંમેં જો ઉનકા સ્વરૂપ હૈ,...'** એટલી વાત ત્યાં કીધી. હવે એનો ખુલાસો છેને. **'शेषद्रव्याणामपि यथासंभवं ज्ञातव्यम्'** એનો ખુલાસો કરે છે. હવે બીજા ચાર દ્રવ્ય રહ્યા, પરમાણુ અને જીવ સિવાય. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એમના સ્વરૂપ છે તે દ્રવ્ય છે. ત્રિકાળી એનું સ્વરૂપ છે તે દ્રવ્ય. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. અસ્તિત્વ આદિ એના ગુણ અને સ્વભાવ પરિણતિ પર્યાય. એને તો સ્વભાવપર્યાય પરિણતિ છે. ચારમાં કોઈ વિભાવ (પર્યાય નથી). ધર્માસ્તિ, અધર્માસ્તિ જુઓ! આ જગતના પદાર્થ. એ આત્માના જ્ઞાનની એક સમયની પર્યાયમાં જાણવાની તાકાતવાળો આત્મા છે. સમજાણું કાંઈ?

**'જીવ ઔર પુદ્ગલકે બિના અન્ય ચાર દ્રવ્યોંમેં વિભાવ-ગુણ ઔર વિભાવ-પર્યાય નહીં હૈ,...'** જીવ અને પુદ્ગલ સિવાય બીજા ચારમાં વિકારી ગુણ અને વિકારી પર્યાય નથી. **'જીવ પુદ્ગલમેં સ્વભાવ-વિભાવ દોનોં હૈં.'** જીવ અને પુદ્ગલમાં બેય છે, સ્વભાવ અને વિભાવ. પરમાણુ સ્વભાવ છે, સ્કંધ વિભાવ છે. જીવમાં પણ કેવળજ્ઞાન આદિ સ્વભાવ છે, ચાર જ્ઞાન એ વિભાવ છે, અશુદ્ધતા આદિ, રાગાદિ વિભાવ છે. **'ઉનમેંસે સિદ્ધોંમેં તો સ્વભાવ હી હૈ, ઔર સંસારીમેં વિભાવકી મુખ્યતા હૈ.'** એમ કહેવું છે. છે તો સ્વભાવ ખરો એમાં પણ, પણ મુખ્યતા વિભાવની છે. સંસારી જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ છે એટલી શુદ્ધતા હોય, બીજી અશુદ્ધતા (છે), પણ અશુદ્ધતાની મુખ્યતા છે. સિદ્ધને એકલા સ્વભાવની એકલી સ્વભાવતા છે.

**'પુદ્ગલ પરમાણુમેં સ્વભાવ હી હૈ,...'** લ્યો! એક રજકણ તો એકલો સ્વભાવિક જ વસ્તુ છે. **'ઔર સ્કંધ વિભાવ હી હૈ.'** સ્કંધમાં સ્વભાવ નથી, વિભાવ જ છે. **'ઈસ તરહ છહોં દ્રવ્યોંકા સંક્ષેપસે વ્યાખ્યાન જાનના.'** બહુ ટૂંકામાં છની વ્યાખ્યા કરી. આ ચૌદ બ્રહ્માંડમાં છ પદાર્થ (છે) એનું આ સાધારણ, અસાધારણ, સાધારણ-અસાધારણ ગુણ અને પર્યાયથી વ્યાખ્યા કરી. સ્વભાવની ... કરી. કહો, સમજાણું આમાં? લ્યો! એ ગાથા પૂરી થઈ ૫૮. કહો, ભીખાભાઈ! શું એમાં સમજાણું કે નહિ બરાબર? હજી થોડું થોડું. એમ છે.

જુઓ! ઉપરથી લઈએ. એક તો જીવ વસ્તુ, જીવ વસ્તુ એ શુદ્ધ, બુદ્ધ અને અખંડ એક સ્વભાવ પદાર્થ. એક એક જીવ હોં! ભિન્ન. એ જીવના દર્શન ને જ્ઞાન બે મુખ્ય ગુણ, ચૈતન્યના મુખ્ય ગુણ છે. એમાં જ્ઞાનગુણની છે આઠ અવસ્થા આઠ દશા. એમાંથી ત્રણ અને ચાર— જ્ઞાનની સમ્યક્ ચાર દશા અને અજ્ઞાનની ત્રણ દશા એ ખંડ અને અશુદ્ધ છે માટે તે હેય છે. અને એમાં કેવળજ્ઞાનની પર્યાય છે જ્ઞાનની એ શુદ્ધ છે, અખંડ છે માટે આદરણીય નામ અંગીકાર કરવા અથવા પ્રગટ કરવા લાયક છે. દર્શનગુણ છે એની ચાર પર્યાય—કેવળદર્શન, અવધિ, ચક્ષુ, અચક્ષુ. એમાં ચક્ષુ, અચક્ષુ, અવધિ ત્રણ પર્યાય અશુદ્ધ ખંડ છે, ખંડ છે અને અશુદ્ધ છે. વિકળ છે અને અશુદ્ધ છે. કેવળદર્શન તે સકળ છે અને અખંડ છે. સમજાણું? એ શુદ્ધ છે. એટલે આત્માની કેવળદર્શન પર્યાય અંતર પ્રગટ કરવા લાયક છે. એને માટે દ્રવ્ય સ્વરૂપમાં ભરેલી શક્તિ છે એની સામું જોવાથી દર્શન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

હવે પુદ્ગલ છે એમાં અમૂર્ત ગુણ નથી. શું કીધું? પરમાણુથી માંડીને અનંત સ્કંધો આ બધા એમાં અમૂર્તપણું નથી. તો એ સિવાયના પાંચ પદાર્થો છે એમાં અમૂર્તપણું સાધારણ છે, કેમકે ઘણામાં છે. ઘણામાં છેને પાંચેયમાં માટે અમૂર્તપણું પાંચમાં છે માટે સાધારણ કહીએ. પણ પુદ્ગલમાં એ નથી એ અપેક્ષાએ પાંચમાં જ ખાસ છે એની અપેક્ષાએ આને અસાધારણ કહ્યું. બરાબર થયું?

હવે પ્રદેશ એનું ક્ષેત્ર લેવું છે. આ તો ગુણ (કહ્યા). હવે એનું ક્ષેત્ર. ક્ષેત્ર કોઈ એક પ્રદેશી છે, કોઈ ક્ષેત્ર ઘણા પ્રદેશી છે. કાળ અને પરમાણુ એક જ પ્રદેશ છે, એમાં ઘણા પ્રદેશ નથી. એ બેની અપેક્ષાએ ઘણા પરમાણુઓ અથવા આકાશ, જીવ, ધર્માસ્તિ, પુદ્ગલોનું સાધારણપણું પ્રદેશનું છે. આને એક કોર રાખો. તો ઘણા પ્રદેશનું ઘણા દ્રવ્યોમાં (છે) માટે સાધારણ છે. પણ કાળમાં અને પરમાણુમાં એકમાં એ ઘણું નથી, એકમાં ઘણું નથી એની અપેક્ષા લઈએ તો એ બધામાં છે એ અસાધારણ કહેવાય છે. સમજાણું કાંઈ? અને મૂર્તપણું એ પુદ્ગલનું અસાધારણ છે. પુદ્ગલમાં ખાસ છે, ખાસ છે. બીજામાં નથી એટલે એને ખાસ અસાધારણ કહીએ. સમજાણું?

પછી અનંત (સામાન્ય) ગુણો લીધા. અનંત ગુણો જે છે અસ્તિત્વ આદિ એ તો બધામાં છે માટે તેને સાધારણ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? બીજા જે દ્રવ્યો હવે રહ્યા સ્વભાવ, વિભાવની અપેક્ષાએ ચારને લેવા હોય તો, તો ચાર જે છે... જીવ અને પુદ્ગલમાં તો વિભાવ અને સ્વભાવ બેય છે. સ્વભાવ સિદ્ધ છે, સંસારીમાં વિભાવની મુખ્યતા છે. પુદ્ગલમાં પરમાણુ સ્વભાવ છે, સ્કંધમાં એકલો વિભાવ છે. હવે એ સિવાયના ચાર દ્રવ્ય લઈએ તો એકલા સ્વભાવ ગુણ અને સ્વભાવપર્યાય છે. લ્યો! કહો, આવી ગયું આ બધું એટલામાં.

૫૯, ૫૯ ગાથા. બહુ પલાખા શીખવા જેવું નથી, એના ખ્યાલમાં લેવા જેવી વાત છે. એ જ્ઞાનનો આવો સ્વભાવ છે કે આ રીતે બધા પ્રકારો જ્ઞાનમાં જણાય એમ કહે છે. એ જ્ઞેયો જ્ઞાનમાં આવે નહિ અને જ્ઞાન જ્ઞેયને અડે નહિ અને જ્ઞાન જાણે એવો એનો સ્વભાવ છે. અત્યારે પણ એનો સ્વભાવ એવો છે કે, બધાને જાણવું. પ્રત્યક્ષ ભલે ન હો, પણ પરોક્ષ પણ જાણવું એ પ્રમાણ છે કે નહિ? સાચું છે કે નહિ? પરોક્ષ પણ કાંઈ અપ્રમાણ નથી. એના જ્ઞાનની પર્યાયમાં આ હું છું અને આ આ છે એમ બધું જાણવાની તાકાત છે. પણ એણે કોઈ દિ' એ જાતનો વિચાર કર્યો નથી. સમજાણું કાંઈ?

**'એસે તીન પ્રકારકી આત્માકા હૈ કથન જિસમેં એસે પહલે મહાધિકારમેં દ્રવ્ય-ગુણ પર્યાયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે સાતવેં સ્થલમેં તીન દોહા-સૂત્ર કહે. આગે આદર કરને યોગ્ય અતીન્દ્રિય સુખસે તન્મયી જો નિર્વિકલ્પભાવ ઉસકી પ્રાપ્તિકે લિએ શુદ્ધ ગુણ-પર્યાયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે આઠ દોહા કહતે હૈં.'** ભગવાન આત્મા શુદ્ધ, બુદ્ધ અખંડ નિર્વિકલ્પ વસ્તુ છે. એને આદરવા માટે હવે એના વિસ્તારથી એનું કથન થોડું આઠ દોહામાં કહેશે. **'ઈનમેં પહલે ચાર દોહોમેં અનાદિ કર્મસમ્બન્ધકા વ્યાખ્યાન ઔર પિછલે ચાર દોહોંમેં કર્મકે ફલકા વ્યાખ્યાન ઈસ પ્રકાર આઠ દોહોંકા રહસ્ય હૈ, ઉસમેં પ્રથમ હી જીવ ઔર કર્મકા અનાદિકાલકા સમ્બન્ધ હૈ, એસા કહતે હૈં—'** બતાવીને પણ સંબંધ રહિત સ્વરૂપ છે એમ દૃષ્ટિ કરાવવા માટે બતાવે છે.

**૫૯) जीवहँ कम्मु अणाइ जिय जणियउ कम्मु ण तेण।**
**कम्मेँ जीउ वि जणिउ णवि दोहिँ वि आइ ण जेण।।५९।।**

આહા..! **અન્વયાર્થ :—** કહે છે, **'હે આત્મા જીવોંકે કર્મ અનાદિ કાલસે હૈં, અર્થાત્ જીવ કર્મકા અનાદિ કાલકા સમ્બન્ધ હૈ,...'** આ નિમિત્ત સંબંધ વર્ણવે છે હવે. સૌના દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વતંત્ર. દરેક દ્રવ્યના ગુણ-પર્યાય સ્વતંત્ર, પરમાણુના ગુણ-પર્યાય સ્વતંત્ર. એમ પોતામાં હોવા છતાં હવે આ બેને આમ સંબંધ છે નિમિત્ત એટલો વ્યવહાર બતાવે છે. ભગવાન આત્માના દ્રવ્ય, એના ગુણ ને એનો પર્યાય સ્વતંત્ર. પરમાણુ દ્રવ્ય, ગુણ ને પર્યાય

સ્વતંત્ર. એ સૌનું પોતાનું સ્વરૂપ. પણ હવે આત્માને, કર્મના પરમાણુઓનો ગુણ અને પર્યાય જે કર્મપર્યાય છે (અને) અહીં જીવને વિકારી આદિ, એને બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાણું? જીવોને કર્મ (સાથે) અનાદિ કાળથી સંબંધ છે એવો. કોઈ દિ' પહેલો કર્મનો સંબંધ નહોતો અને નવો થયો એમ નથી.

મુમુક્ષુ :— અહીં તો જીવ...

ઉત્તર :— ઉપજે ક્યાંથી ધૂળમાં? ઈ કહેશે હમણા, ઈ કહેશે. કર્મને જીવે ઉપજાવ્યા નથી ને કર્મે જીવને ઉપજાવ્યો નથી. એ તો અહીં સિદ્ધ કરવું છે નિમિત્ત-નિમિત્ત સંબંધ અહીંયા. અનાદિ કાળથી સંબંધ.. ખાણમાં જેમ માટી ને સોનું. સોનું સોનાપણે, માટી માટીપણે સંબંધ ખાણમાં બેનો સંબંધ છે એટલું સિદ્ધ કરવું છે.

જે અનાદિ ખાણ... આવે છેને કાંઈક? શ્રીમદ્‌માં આવે છે. ખાણ અનાદિ-અનંત કોઈનો કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. આવે છે એક. ટૂંકા શબ્દમાં ઘણું કહ્યું છે. જીવ-કર્મ બે, અનાદિ ખાણ છે, ... અનાદિ ખાણ છે. કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ભગવાન આત્મા પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયે હોવા છતાં, પરમાણુઓ પણ પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયે હોવા છતાં બેનો સંબંધ અનાદિનો નિમિત્ત સંબંધ છે એ અહીં વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ?

**'ઉસ જીવને કર્મ નહીં ઉત્પન્ન કિયે,...'** લ્યો! જીવે કર્મ નથી ઉત્પન્ન કર્યા. કર્મ તો પરમાણુ પુદ્‌ગલની પર્યાય છે, કર્મ તો પુદ્‌ગલની પર્યાય છે એ તો વાત પહેલેથી કહી ગયા. પરમાણુના ગુણની પર્યાય છે એની વિકારી પર્યાય. એ કર્મના દ્રવ્ય, ગુણ, પર્યાય જીવે નથી ઉપજાવ્યા. કહો, સમજાણું કાંઈ? જીવ પોતાના પર્યાયને ઉપજાવે. પરના પર્યાયને ઉપજાવે? આહા..હા..! **'ઉસ જીવને કર્મ નહીં ઉત્પન્ન કિયે,...'** આત્માએ કર્મને ઉત્પન્ન નથી કર્યું. આત્માએ તો પોતાની પર્યાયમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યા, કર્મ નથી ઉત્પન્ન કર્યું. કર્મે આત્માના રાગ-દ્વેષને ઉત્પન્ન નથી કર્યા. કર્મ પુદ્‌ગલની પર્યાયરૂપ છે એની કર્મની પર્યાય એણે ઉત્પન્ન કરી છે, આત્માએ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જ્ઞાનાવરણાદિ કર્મોંને ભી યહ જીવ નહીં ઉપજાયા,...'** એ કર્મે આત્માને નથી ઉપજાવ્યો. જુઓ! શું કીધું? આત્મા પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયવાળું અસ્તિત્વ તત્ત્વ અને પરમાણુઓ જે કર્મના એના દ્રવ્ય, ગુણ, પર્યાયના અસ્તિત્વ હોવાવાળું તત્ત્વ. એ છે ખરું આમ અનાદિ આમ સંબંધ, પણ આ જીવે કર્મ કર્યા નથી, ઉપજાવ્યા નથી અને કર્મે આને ઉપજાવ્યા નથી- જીવને ઉપજાવ્યો નથી. આહા..હા..! કીધુંને, કોઈએ ઉપજાવ્યું (નથી), એ તો ન્યાં છે એનામાં. ગર્યા ક્યાં છે? શરીરનો પર્યાય શરીરમાં ઉપજેલો છે, આત્માએ ઉપજાવ્યો નથી. અને આત્માના

પર્યાયને શરીરે ઉપજાવ્યો નથી. પર્યાયે-જીવે પોતાને ઉપજાવ્યો છે. આહા..હા..! ભારે ભાઈ!

અહીં તો શરીરનું નથી લેવું, અહીં તો કર્મનું લેવું છે અહીં તો હજી. બે—એક વસ્તુ જીવ એ પોતે પોતાના દ્રવ્ય અખંડ વસ્તુ ગુણ આદિ, શક્તિ આદિ કીધીને જ્ઞાન, દર્શન આદિની પર્યાય. એની પર્યાય અને અસ્તિત્વ ગુણ આદિ કાયમ એની પર્યાય. અને સ્વભાવ, વિભાવ ... એના પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં જીવ છે અને કર્મના રજકણો એના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે. એ કર્મના રજકણો દ્રવ્ય છે, એનો અસ્તિત્વ આદિ ગુણ છે અને એની વિકારી કર્મરૂપ થયેલી પર્યાય છે. એ પરમાણુઓ એના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે, આત્મા પોતાના દ્રવ્ય, ગુણ, (પર્યાયમાં છે). ફક્ત આમ નિમિત્ત સંબંધ છે. એથી આ જીવે કર્મને કર્યા, ઉપજાવ્યા અને કર્મે જીવને ઉપજાવ્યો એમ નથી. આહા..હા..! શૈલી કહેવી છે કઈ જાતની સમજાણું? બે હો, સંબંધ (હોય) તો શું? આ એકે આને ઉપજાવ્યું ને આણે આને ઉપજાવ્યું એમ નથી. સમજાણું કાંઈ?

**'ક્યોંકિ જીવ-કર્મ ઈન દોનોંકા હી આદિ નહીં હૈ, દોનોં હી અનાદિકે હૈં.'** દેખો! કર્મનું દ્રવ્ય, ગુણ ને પર્યાયપણું એ પણ એમને એમ અનાદિ છે, જીવનું અનાદિ છે. એથી કાંઈ આણે આને ઉપજાવ્યું ને આણે આને ઉપજાવ્યું એવું છે નહિ. આહા..હા..! કર્મનું પર્યાયપણું પણ અનાદિનું છે. સમજાય છે? અને જીવનું પર્યાયપણું પણ અનાદિનું છે. દ્રવ્ય, ગુણ તો છે પણ પર્યાયપણું પણ અનાદિનું છે. એમાં આ પર્યાયે આને ઉપજાવ્યું અને આણે આને ઉપજાવ્યું એવું છે નહિ. આહા..! સંબંધ બતાવતા પણ આમ એકબીજાએ ઉપજાવ્યા નથી, એમને એમ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેમ એમાં છે...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સંબંધનો અર્થ શું? ઈ જ કહે છે. સંબંધની વ્યાખ્યા શું? સંબંધવાળી ચીજને આ સંબંધવાળાએ ઉપજાવી નથી અને આ સંબંધવાળી ચીજે આને ઉપજાવી નથી એમ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... દ્રવ્યને પોતાનું થવું, પર્યાયપણે થવું. પરમાણુને કર્મપણે થવું. એમાં જીવે કર્મને થવું, જીવને લઈને કર્મ થયું અને કર્મને લઈને જીવ થયું એમ ક્યાં આવ્યું? ઉપજાવવું એટલે ઉપજવું, દૃષ્ટિ થવી (એટલે) ઉપજવું. આત્માએ પોતાની સૃષ્ટિ પર્યાય ઉપજાવી, પરમાણુએ એની પર્યાય સૃષ્ટિને ઉપજાવી. એમાં બેનો સંબંધ થતાં એક બીજાથી કોઈનું ઉપજવું એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ દ્રવ્ય છેને. એ તો પહેલી વાત કરી ગયા. હવે બેનો સંબંધ છે છતાં એમ ન જાણવું કે અહીં સંબંધ છે માટે જીવે કર્મ ઉપજાવ્યું, કર્મે જીવ ઉપજાવ્યો. આહા..હા..! સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગુજરી ગયા ઈ. શબ્દકોષ તો આપણે આનો જુદો કરવો પડશે. ચંદુભાઈ કહે. ... આ શબ્દકોષ બીજી જાતનો. થોડા ઘણા સરખા તો ખરા, પાના ફર્યા તો ખરા હોં થોડાક. આ શબ્દકોષ, અહીં તો શબ્દ શીખી લે એવું છે. બસ, બીજું શું છે? ક્યાં શબ્દકોષ...? આહા..હા..!

આમ ખ્યાલમાં આવતું નથી? કે, આત્મા છે એ અખંડ વસ્તુ દ્રવ્ય. એના ગુણો જ્ઞાન, દર્શન ને અસ્તિત્વ આદિ ગુણો અને એની અહીં પર્યાયો કોઈ વિભાવિક ને કોઈ સ્વભાવિક. કોઈ પૂર્ણ સ્વભાવિક ને કોઈ અપૂર્ણ સ્વભાવ અને વિભાવ અને કોઈને એકલી વિભાવ. છતાં એમાં સ્વભાવ તો અસ્તિત્વ ગુણ આદિનો નિર્મળ પર્યાય તો હોય છે. સમજાણું? અને પરમાણુઓ જે છે એટલા છૂટા, હવે એની અહીં વાત કરવી નથી, અહીં તો કર્મની વાત કરવી છે. વિભાવિક સ્કંધની જે વાત કરી. વિભાવપણે થવાનો પર્યાયધર્મ પુદ્‌ગલમાં છે. એ કર્મમાં વિભાવપણે થવાનો પર્યાયધર્મ કર્મનો છે. જીવે એને કર્યો નથી અને એના વિભાવપણાની પર્યાય પરિણમી છે માટે જીવનો કોઈ પર્યાય એણે કર્યો છે, ગુણ-દ્રવ્ય તો નહિ પણ કોઈ પર્યાય કર્યો છે એમ નથી, એમ કહેવું છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

જીવ વસ્તુ, ગુણ એની શક્તિ, પર્યાય એનું અપૂર્ણ, વિભાવસ્વભાવપણે થવું. કર્મ એક રજકણો, એના ગુણો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ આદિ, અસ્તિત્વ આદિ સાધારણ બધામાં, રંગ આદિ અસાધારણ એમાં જ છે. પણ એ ગુણનું પરિણમન અહીં કર્મરૂપે જે અવસ્થા વિભાવિક થઈ એ દ્રવ્ય, ગુણ ને પર્યાય અને આ દ્રવ્ય, ગુણ, પર્યાય ભલે આમ સંબંધ હો, પણ આના પર્યાયને આણે ઉપજાવ્યા નથી અને આની પર્યાયને આણે ઉપજાવ્યા નથી. આહા..! બેય એમાં જ છે પોતપોતાના. એ તો પહેલી વાત દ્રવ્ય, ગુણ, પર્યાયની વાત કરીને તો આ કરે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? '**ક્યોંકિ જીવ-કર્મ ઈન દોનોંકા હી આદિ નહીં હૈ, દોનોં હી અનાદિકે હૈં.**' આહા..!

**ભાવાર્થ :— 'યદ્યપિ જીવ વ્યવહારનયસે પર્યાયોંકે સમૂહકી અપેક્ષા નયે-નયે કર્મ સમય-સમય બાંધતા હૈ,...'** શું કીધું? કર્મના રજકણો છે ને એમાં નવા નવા પર્યાયો કર્મમાં- કર્મના રજકણમાં થાય છે, નવા નવા. અહીં તો ઓલા અનાદિનું કીધુંને એટલે જરી હવે સિદ્ધ કરે છે. પર્યાયની અપેક્ષાએ-કર્મની પર્યાયો જે નવી નવી થાય છે એના સમૂહની અપેક્ષાએ નવી નવી કર્મ સમયે સમયે બાંધે છે, પરમાણુની પર્યાય થાય. '**નયે-નયે ઉપાર્જન કરતા**

**હૈ, જૈસે બીજસે વૃક્ષ ઔર વૃક્ષસે બીજ હોતા હૈ, ઉસી તરહ પહલે બીજરૂપ કર્મોંસે દેહ ધારતા હૈ,...'** બીજ જે કર્મ હતું એનાથી દેહ થયો, એ નિમિત્તથી વાત છે હોં! એ પણ.

**'દેહમેં નયે-નયે કર્મોંકો વિસ્તારતા હૈ,...'** વળી નવી નવી પર્યાય કર્મની થાય છે. **'યહ તો બીજસે વૃક્ષ હુઆ. ઈસી પ્રકાર જન્મ-સન્તાન ચલી જાતી હૈ.'** આ શરીરની જન્મ-સન્તાન ચાલી આવે છે. એક શરીર, બીજું શરીર, ત્રીજું શરીર એમ ચાલ્યું આવે છે. **'પરન્તુ શુદ્ધનિશ્ચયનયસે વિચારા જાવે, તો જીવ નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ હી હૈ.'** આમ શરીરનું સંતાન ચાલ્યું જાય છે અને આત્મામાં પણ એ જાતની વિકારની ઉત્પત્તિ આદિ ભાવ છે. સંતાનની અપેક્ષાએ નિમિત્ત એમાં અને આનું આનામાં. પરંતુ એ બેના સંબંધનો જે સંબંધ ભાવ પોતપોતાથી નવો નવો થયો એ આનો આનામાં, એનો એનામાં. એનાથી અહીં નહિ, અહીંથી ત્યાં નહિ. એવો સંતાન આમ બે, અહીં વિકારનું, ત્યાં કર્મ ને શરીર-એમ સંતાન ચાલ્યું જાય છે. છતાં વસ્તુના સ્વભાવની... જો ઓલા બેના સંબંધનો પ્રવાહ એમને એમ ચાલ્યો જાય છે. એનો પર્યાય નવા નવા એના, આનો પર્યાય નવા નવા આના વિકાર આદિ.

**'પરન્તુ શુદ્ધનિશ્ચયનયસે વિચારા જાવે,...'** એ વસ્તુને જોવે **'તો જીવ નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ હી હૈ.'** ભગવાન તો નિર્મળ જ્ઞાન, દર્શનસ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકારી સંતાન અને કર્મની સંતાન પ્રવાહ, બેયને આત્મા જ્ઞાન, દર્શનમાં જાણનાર-દેખનાર છે. આહા..! સમજાણું કાંઈ? બીજી ઢબે વાત છે. આમ લીધું કે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય એમને એમ... કર્મનો પર્યાય ... એણે અહીં કર્યું નથી. નવો નવો પર્યાય થાય કર્મમાં, શરીર નવો નવો થાય, અહીં પણ પર્યાય નવો નવો થાય. એ રીતે ભલે આમ પ્રવાહ ચાલે. પણ એનો મૂળ સ્વભાવ, આ બેના સંબંધ વિનાની જે વિકૃત અવસ્થાને એ સિવાયને જોઈએ તો ભગવાન આત્મા નિર્મળ જ્ઞાન, દર્શન સ્વભાવ જ છે. આહા..હા..! એ તો જાણનાર-દેખનાર જેનો સ્વભાવ છે.

**'જીવને યે કર્મ ન તો ઉત્પન્ન કિયે, ઔર યહ જીવ ભી ઈન કર્મોંને નહીં પૈદા કિયા. જીવ ભી અનાદિકા હૈ, યે પુદ્ગલસ્કંધ ભી અનાદિકે હૈં, જીવ ઔર કર્મ નયે નહીં હૈ, જીવ અનાદિકા કર્મોંસે બંધા હૈ. (નિમિત્ત) ઔર કર્મોંકે ક્ષયસે મુક્ત હોતા હૈ.'** પોતાની પર્યાયમાં વિકારી પર્યાય પોતે કરી, ત્યાં એનું બંધન એને કારણે ત્યાં થયું. અહીં વિકારી છોડી, એને કારણે એ કર્મપર્યાય છૂટી ગઈ, બીજી પર્યાયરૂપ થઈ. સમજાણું? **'કર્મોંકે ક્ષયસે મુક્ત હોતા હૈ. ઈસ વ્યાખ્યાનસે જો કોઈ એસા કહતે હૈં,...'** હવે ઈ કહેવું છે અહીં કે, આત્મા સદા મુક્ત છે એવું જે કોઈ કહેનાર છે, એમ નથી. પર્યાયમાં

ભાવબંધપણું છે અને કર્મનું નિમિત્તપણું દ્રવ્યસંબંધપણું છે. સદા મુક્ત અનાદિનો છે એમ નથી. સમજાણું કાંઈ? **'આત્મા સદા મુક્ત હૈ, કર્મોંસે રહિત હૈ, ઉનકા નિરાકરણ (ખંડન) કિયા.'** એનું ખંડન કર્યું કે એમ નથી. કર્મનો નિમિત્તનો સંબંધ અને નિમિત્ત સંબંધમાં થયેલી વિકારી પર્યાયનો પણ સંબંધ જીવને અનાદિ છે. ભાવબંધ ને દ્રવ્યબંધ સંબંધ છે. એનો અભાવ કરે ત્યારે મુક્ત થાય છે. એથી એને અભાવ કરવાનો પ્રસંગ ત્યારે રહે કે, જો ભાવબંધ ને દ્રવ્યબંધનો સ્વીકાર કરે તો એને ભાવબંધનો અભાવ કરવાનો અવકાશ રહે. પણ ભાવબંધ વિનાનો સદાય છું એટલે મને નિમિત્ત પણ બંધ નથી, દ્રવ્ય પણ નથી તો ભાવ પણ નથી. તો એણે છૂટવાનું, છોડવાનું કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ? એની વર્તમાન દશામાં વિકારનું બંધપણું અને કર્મનું બંધપણું એવું જો ન હોય તો એને છોડવાપણું રહેતું નથી. મુક્તપણું કોઈ સિદ્ધ થતું નથી. સદા મુક્ત શી રીતે તું કહે? એમ કહે છે. સદા મુક્ત હોય તો બંધન વિના મુક્તપણું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? 'મુક્ત' એમ ધ્વનિ સૂચવે છે કે, બંધન હતું એનાથી છૂટ્યો. સમજાણું કાંઈ?

**'યે વૃથા કહતે હૈં,...'** સદા મુક્ત પર્યાયમાં છે એમ કહે છે એ વૃથા છે. એમ છે નહિ. એનો સ્વભાવ મુક્ત છે, પણ પર્યાયમાં મુક્ત છે એમ કહેતા હોય એ ખોટી વાત છે. લ્યો એ તો અધ્યાત્મવાળા, આત્મા સિદ્ધ શુદ્ધ, સિદ્ધ શુદ્ધ, સિદ્ધ શુદ્ધ કર્યા કરે છે. અરે..! ભાઈ! વસ્તુએ શુદ્ધ ગુણ અને દ્રવ્યે છે, પણ પર્યાયમાં અશુદ્ધરૂપી બંધન ન હોય અને એને નિમિત્ત સંબંધ વિના અશુદ્ધ હોય શી રીતે? અશુદ્ધ કાંઈ સ્વભાવને આશ્રયે હોય નહિ. દુઃખરૂપ દશા એ છે એની, પણ એને સંબંધ છે કર્મનો એને લક્ષમાં. આ આત્માના સ્વભાવ સાથે સંબંધ દુઃખને નથી. એટલે આવું દુઃખપણાનું બંધન એને ન હોય ભાવમાં, તો કર્મના નિમિત્તપણાનું પણ બંધન ન હોય. બેનું ન હોય તો એને છૂટવાનું હોતું નથી. પર્યાયમાં બંધનપણું પોતાનું છે, અટકેલો છે વિકારમાં અને નિમિત્તપણે કર્મ છે. આમ સિદ્ધ હોય, આમ વાત હોય તો સ્વભાવને આશ્રયે એ બંધને છોડી મુક્તદશાને પ્રાપ્ત થાય.

આ 'પરમાત્મપ્રકાશ' વર્ણવે છે. પરમાત્મા પોતે તો પ્રકાશરૂપ જ છે વસ્તુ, પણ પર્યાયપણે જો પરમાત્મ પ્રકાશરૂપ જ સદાય હોય તો એને પરમાત્મપ્રકાશની મુક્તદશા એમ કહેવાનો કોઈ અવસર રહેતો નથી. આહા..હા..! વસ્તુ આવી હોવા છતાં પર્યાયમાં નિમિત્ત સંબંધ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? નિમિત્ત સંબંધ છે એટલે પોતાને કારણે ત્યાં અટકેલો ભાવ પણ એના પર્યાયમાં છે. વસ્તુ જોઈએ તો નિર્મળ જ્ઞાન દર્શન છે. પર્યાયે વર્તમાન મુક્ત છે એમ જો કહે તો દ્રવ્ય અને ગુણ જેમ મુક્ત છે (એમ) પર્યાય જો મુક્ત હોય તો મુક્તપણું કરવાનું કાંઈ રહેતું નથી. 'મુક્ત' ધ્વનિ જ એમ સૂચવે છે કે બંધનથી મુચન, બંધનથી મુચન-

છૂટવું. જો બંધન જ નથી તો છૂટવું એ રહેતું નથી. સમજાણું કાંઈ? એ બંધન તે તારા કારણે તારું બંધન અને કર્મનું બંધન કર્મને કારણે. પણ એવો બે સંબંધ છે.

**'ऐसा तात्पर्य है. ऐसा दूसरी जगह भी कहा है –'** એ શ્લોક છે. **'कि जो यह जीव पहले बंधा हुआ हो, तभी 'मुक्त' ऐसा कथन संभवता है,...'** પહેલો જો બંધાયેલો હોય તો મુક્ત (થયો) એમ સંભવે પણ બંધાયેલો નથી તો મુક્ત સંભવે નહિ. તો બંધાયેલી વ્યાખ્યા આવી કે, કર્મનું નિમિત્ત વ્યવહારબંધ છે. નિશ્ચય એનો વિકારમાં અટકેલો એ બંધ છે. એ બેને નિમિત્ત સંબંધ છે. આહા..હા..! **'और पहले बंधा ही नहीं तो फिर 'मुक्त' ऐसा कहना किस तरह ठीक हो सकता.'** પહેલું બંધાણું નથી, જેલમાં પડ્યો નથી કે, એને કહ્યું કે, આ જેલથી છૂટ્યો. જેલમાં હતો કે નહિ? કે, ના. છૂટ્યો. પણ છૂટ્યો ક્યારે કહેવાય? જેલમાં હોય તો. ઓહ! લાંબી મુદ્દતે છૂટ્યો ભાઈ! એમ કહે છે કે નહિ? દસ દસ વર્ષ, પંદર વર્ષ, કો'કને વીસ વર્ષ સુધી જેલમાં.

એમ આત્મા વસ્તુ અને ગુણ મુક્ત સ્વરૂપે હોવા છતાં, શુદ્ધ કહો કે મુક્ત સ્વરૂપ કહો, પર્યાયમાં—અવસ્થામાં એ સ્વભાવ અટકેલો ન હોય, નિમિત્ત સંબંધ ન હોય તો અટકેલું તોડ્યું અને છૂટ્યો મુક્ત (થયો) એમ કેમ કહેવાય? એટલે પર્યાયમાં બંધન અને નિમિત્તનો સંબંધ છે. સમજાણું કાંઈ? આટલા બધા પડખા-કેટલા પડખાઓ જાણવા? પડખા બહુ ઝાઝા નથી હોં! એ તો ... લાંબું લાગે. એકથી દશ હોય છેને આંકડા, પછી એ બધા આંકડા બધામાં જાય. એ અગિયારમો આંકડો કોઈ દિ' ન થાય. આડાઅવળા ૨૯૫૫ પણ બધા એક ને દશની અંદરના બધા. એમ બધા તત્ત્વના, વસ્તુના સ્વતઃ સ્વભાવના નિયમો તો એના એનામાં બહુ થોડા છે. પણ એના વિસ્તાર ઘણા થઈ ગયા રખડવાના ને ટાળવાના ને ... એથી એને જાણે કે, ઘણું ઘણું જાણે હશે. સમજાણું?

**'मुक्त तो छूटे हुएका नाम है, सो जब बंधा ही नहीं, तो फिर 'छूटा' किस तरह कहा जा सकता है...'** આ પર્યાયને સિદ્ધ કરે છે. પર્યાયમાં વિકારપણું અને વિભાવપણું ને એને કર્મનું નિમિત્ત સંબંધપણું એવો વ્યવહાર છે. **'जो अबंध है, उसको छूटा कहना ठीक नहीं.'** બરાબર છે? જેલમાં ગયો જ નથી એને કહો કે ઠીક છૂટીને આવ્યા હોં! એને એમ કહેવું એ ઠીક કહેવાય? **'जो बिना बंध...'** ઈ વિભાવનો અર્થ... ત્યાં વિના બંધ જોઈએ. ઈનો ઈ શબ્દ ખેંચ્યો હશે નવામાં પણ. શું કરવા સુધારે? અહીં બધી મહેનત થાય છે, આ શબ્દોની અને આ બધાની. કેટલી મહેનત કરે છે હિંમતભાઈ જુઓ. આ શબ્દ આમ જોઈએ ને આ શબ્દ આમ જોઈએ. **'जो बिना बंध मुक्ति मानते हैं, उनका कथन निरर्थक है.'** સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ નિર્મળાનંદ પ્રભુ વસ્તુએ અને શક્તિએ અબંધસ્વરૂપ હોવા છતાં, શુદ્ધ કહો કે અબંધ કહો, પર્યાયમાં અશુદ્ધ ને બંધ ન હોય અને નિમિત્તનો બંધ એને સંબંધ વ્યવહાર ન હોય તો છૂટવું, અશુદ્ધથી છૂટ્યો, બંધથી છૂટ્યો એ કહેવું જ અથવા એ ભાવનું જ નિરર્થકપણું થાય છે. આહા..! એ પરમાત્મા પોતે પરમાત્મસ્વરૂપ જ છે. પણ પરમાત્મા પર્યાયમાં પરમાત્માપણું નથી એનું એમ કહે છે. સમજાણું કાંઈ? અવસ્થામાં અટકેલો પર્યાય છે. એ વિકારી અટકેલો ન હોય તો છૂટવું એમ કહી શકે નહિ. કોને (કહે છૂટવું)? આહા..! ભલે એણે માન્યું છે કે, હું બંધ છું. પણ એવો બંધ છું એવો ભ્રમ તો છે કે નહિ? કે નથી? કે ભ્રમ એ ભ્રમ છે? એમ કહે છે. વસ્તુ જ્ઞાનાનંદ પ્રભુ અબંધ વસ્તુ અને અબંધ શક્તિ પણ પર્યાયમાં કાંઈક છે કે નહિ ભ્રમ-ભ્રમણા? અશુદ્ધતા, અટકવું બંધ નિમિત્તનો સંબંધ એમ છે કે નહિ? ન હોય તો છૂટવું શું રહ્યું? માન્યું હતું કે, બંધરૂપ છું એવી દશા હતી. એ દશામાં કર્મના નિમિત્તનો સંબંધ હતો આમ. ભ્રમ છોડ્યો, ભગવાન છું. સમજાણું? એ ભ્રમ હતો તો છોડ્યો એમ કહેવામાં આવે, પણ નથી ને છોડ્યો એમ બની શકે નહિ.

'પરમાત્મપ્રકાશ'માં નાખ્યું શું કરવા સમજાણું? ભાઈ! પરમાત્મપ્રકાશ વસ્તુ તો પરમાત્મપ્રકાશ જ છે આ વસ્તુ, વસ્તુ અને ગુણ હોં! ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ, અબંધ મુક્તસ્વરૂપ છે, પણ પર્યાય—અવસ્થામાં જો મુક્ત હોય તો મૂકવું કોનું? અવસ્થામાં વિકાર, પુણ્ય-પાપ, ભ્રમણા હું રાગવાળો, આટલો, આટલો, આ એવો ભ્રમ અને અજ્ઞાન ન હોય તો અજ્ઞાનથી છૂટીને જ્ઞાન થવું, બંધ છૂટીને અબંધ થવું, મુક્ત થવું એ રહેતું નથી. માટે એની અવસ્થામાં વિકારનો સંબંધમાં બંધ છે, વિકારરૂપી સંબંધનો બંધ છે અને કર્મના નિમિત્તરૂપી સંબંધ બંધ છે.

'**ઉનકા કથન નિરર્થક હૈ. જો યહ અનાદિકા મુક્ત હી હો, તો પીછે બંધ કૈસે સમ્ભવ હો સકતા હૈ.**' અનાદિનો જો પર્યાયમાં મુક્ત હોય, દ્રવ્ય-ગુણ મુક્ત છે પણ પર્યાય મુક્ત હોય તો કેવી રીતે છૂટે? '**બંધ હોવે તભી મોચન છુટકારા હો સકે.**' બંધ હોય તો છૂટકારો—મુક્તિ થાય પર્યાયમાં. '**જો બંધ ન હો તો મુક્ત કહના નિરર્થક હૈ.**' એટલે વસ્તુને-ગુણને, દ્રવ્યને સિદ્ધ કરી પર્યાયમાં વિભાવપણું, અલ્પજ્ઞપણું સિદ્ધ કર્યું. એથી એ ભાવબંધરૂપે છે, દ્રવ્યરૂપ નિમિત્ત છે એનો અભાવ કરવા માટે ભગવાન પૂર્ણાનંદ છે એનો આશ્રય કરતા બંધ છૂટીને મુક્તિ થાય છે. બંધન ન હોય તો એને સ્વભાવ તરફ પુરુષાર્થ કરવાનું રહેતું નથી, પરમાત્મા સામું નજર કરવાની રહેતી નથી. પરમાત્મા થઈ ગયો પર્યાયમાં તો પરમાત્મ દ્રવ્ય છે એમાં નજર કરવાનું રહેતું નથી. માટે બંધ છે એ સ્વભાવને આશ્રયે બંધ છૂટે છે અને મુક્ત થાય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૨, શુક્રવાર, તા. ૫-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૦, ૬૧, પ્રવચન-૪૨**

'**આગે વ્યવહારનયસે યહ જીવ પુણ્ય-પાપરૂપ હોતા હૈ, એસા કહતે હૈં–**' શું કહે છે? આત્મામાં શુભ અશુભભાવ થાય છે એ વ્યવહારનયથી છે. વસ્તુ સ્વરૂપે શુદ્ધ ચિદાનંદ આનંદ પરમાનંદની મૂર્તિ આત્મા છે. પણ એને ભૂલી અને કર્મ બાંધ્યા એને નિમિત્ત કરીને વળી પાછો શુભ અને અશુભભાવરૂપે, પુણ્ય અને પાપરૂપે ભાવ વ્યવહારથી થાય છે એ અહીંયા સિદ્ધ કરવું છે. 'પરમાત્મપ્રકાશ' છેને. છે તો પરમાત્મસ્વરૂપ એનું શુદ્ધ, એને ભૂલીને ઉપાર્જેલા કર્મ એને હેતુ પામીને વળી પુણ્ય ને પાપપણે પરિણમે છે. સમજાણું કાંઈ?

६०) एहु ववहारेँ जीवडउ हेउ लहेविणु कम्मु।
बहुविह-भावेँ परिणवइ तेण जि धम्मु अहम्मु।।६०।।

આ જીવ વ્યવહારનયથી એટલે કે નિમિત્ત કર્મના હેતુને પામીને કર્મ જે આઠ છે એને નિમિત્ત પામીને... એ કર્મ કેમ થયા એ ખુલાસો કરશે અર્થમાં. '**અનેક વિકલ્પરૂપ પરિણમતા હૈ.**' આત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદરૂપ હોવા છતાં એના આનંદના અભાનથી ઉપાર્જેલા કર્મ, એ કર્મના હેતુથી આત્મા શુભ ને અશુભ, અહીં ધર્મ ને અધર્મ કીધું છે, ધર્મ એટલે પુણ્ય, અહીં ધર્મ એટલે ઓલો આત્મધર્મ નહિ. શુભભાવને અહીંયા ધર્મ કીધો છે, અશુભભાવને અધર્મ કીધો છે, બેય શુભ-અશુભ ભાવરૂપે પરિણમે છે. '**ઈસીસે પુણ્ય ઔર પાપરૂપ હોતા હૈ.**' પુણ્ય પાપરૂપ થાય છે. પરમાત્મારૂપ થવું જોઈએ એને ઠેકાણે પુણ્ય-પાપરૂપ થાય છે એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** 'યહ જીવ...' આ આત્મા અંદર જે વસ્તુ ભગવાન એ '**શુદ્ધ નિશ્ચયનયકર...**' વસ્તુનો સ્વભાવ, કર્મ અને પુણ્ય-પાપ વિનાનો એનો મૂળ સ્વભાવ સચ્ચિદાનંદ સ્વરૂપ (છે) એમ જોઈએ તો એ નિશ્ચયનયકર-નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી એનું પરમ સત્ સ્વરૂપ આત્માનું પરમ સત્ સ્વરૂપ એ '**વીતરાગ ચિદાનન્દ સ્વભાવ હૈ,...**' એ તો વીતરાગ જ્ઞાનાનંદ સ્વભાવ આત્માનો છે. આત્માનો સ્વભાવ, વસ્તુસ્વભાવ વીતરાગ એટલે કષાય રહિત જ્ઞાનાનંદ સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? રાગરહિત અથવા દોષરહિત નિર્દોષ વીતરાગ સ્વભાવ જ્ઞાનાનંદ એનું સ્વરૂપ છે આત્માનું. એ એવો હોવા છતાં, '**તો ભી વ્યવહારનયકર વીતરાગ નિર્વિકલ્પ**

**સ્વસંવેદનજ્ઞાનકે અભાવસે...**' જુઓ! આગળ કહેશે આઠ કર્મ, આઠ કર્મે ગુણને આચ્છાદ્યા. પણ એ પોતાના સ્વભાવના અભાને ઉપાર્જેલા ગુણે આ આત્માની પર્યાયને ઢાંકી એમ કહેવામાં આવશે. સમજાણું કાંઈ? કહે છે કે, આ ભગવાન આત્મા છે તો વીતરાગ ચિદાનંદ સ્વરૂપ એનું, એનો '**નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે અભાવસે...**' એનું જ્ઞાન, હું શુદ્ધ ચિદાનંદ નિર્વિકાર આનંદ છું એવા રાગરહિત નિર્દોષ સ્વસંવેદનજ્ઞાનના અભાવે કર્મ ઉપાર્જ્યા. કહો, સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? પોપટભાઈ!

આત્મા તો વીતરાગ જ્ઞાનાનંદ મૂર્તિ (છે) છતાં એણે કર્મ કેમ ઉપાર્જ્યા? એ વીતરાગ આનંદમય મૂર્તિ એના સમ્યગ્જ્ઞાન ને વીતરાગી પરિણતિના અભાવે એનું સમ્યગ્જ્ઞાન, દર્શન ને ચારિત્ર એવો વીતરાગ સ્વસંવેદન અનુભવ એના '**અભાવસે રાગાદિરૂપ પરિણમનેસે ઉપાર્જન કિયે...**' શું કીધું? સમજાણું આમાં? '**શુભ-અશુભ કર્મોંસે કારણકો પાકર પુણ્યી તથા પાપી હોતા હૈ.**' અહીં કહેવું છે કે, પરમાત્મા છે નહિ, પરમાત્મા હોવો જોઈએ. એને ઠેકાણે પુણ્યી ને પાપી કેમ થાય છે? એમ કહે છે. પુણ્યી અને પાપી એમ કહ્યુંને. સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ' છેને. વસ્તુ આત્માનો મૂળ ત્રિકાળી સત્ સત્ સ્વભાવ ત્રિકાળી એ તો વીતરાગ એટલે અકષાય અને જ્ઞાનાનંદ એનું સ્વરૂપ એ પરમાત્મ સ્વરૂપ છે એનું શક્તિનું સત્ત્વરૂપે. એણે કર્મ કેમ ઉપાર્જ્યા? કે, એવા વીતરાગ ચિદાનંદ જ્ઞાનના અંતર અભેદ વીતરાગ સ્વસંવેદનજ્ઞાનનો અભાવ. સમજાણું કાંઈ? એ કર્મ કર્યા, કર્મ કર્યા. આવા અભાવથી એણે કર્મ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ કર્યા એનાથી કર્મ થયા એમ કહેવું છે. સમજાણું આમાં? વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનનો અભાવ. પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે એના જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિની પરિણતિનો વર્તમાન અભાવ. એવા અભાવથી શું થયું? કે, રાગાદિરૂપ પરિણમન. રાગ અને દ્વેષનું ઉપાર્જન, એનાથી આ શુભાશુભ કર્મ, એના કારણને પામી પુણ્યી ને પાપી થયો. આહા..! કેટલી વાત કરી! સમજાણું કાંઈ?

વસ્તુનો સ્વભાવ કાયમી પરમ આનંદ અને શુદ્ધ ચૈતન્યધામ નિર્દોષ વીતરાગી આનંદ, વીતરાગી જ્ઞાનાનંદ એવું એનું કાયમનું અસલ સ્વરૂપ છે. એનું ભાન ભૂલ્યો. એટલે કે વીતરાગી સ્વસંવેદનજ્ઞાન એનું આત્માનું થવું જોઈએ એનો અભાવ અને એનો અભાવ તેથી રાગ-દ્વેષ ને અજ્ઞાનનો સદ્ભાવ. મિથ્યાત્વ ભાવ ને રાગ-દ્વેષનો સદ્ભાવ. આવો છું એમ ભૂલ્યો એટલે હું રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ ને અલ્પજ્ઞ (સ્વરૂપ છું) એવી મિથ્યા માન્યતા અને રાગ-દ્વેષપણે પરિણમ્યો. શું કીધું? સમજાણું? હું પૂર્ણ નિર્દોષ વીતરાગ જ્ઞાનાનંદ સ્વભાવ (છું) એવી દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા એ તો પરમાત્માના પૂર્ણ પોતાના સ્વભાવનો સ્વીકાર (કરતાં થાય). એ સ્વીકારમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સ્વીકાર થયો. એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પૂર્ણાનંદ છે એમ સ્વીકાર થઈ

અને ઠરવું જોઈએ એમ ન થતાં હું એ પરમાનંદ વીતરાગ નિર્દોષ આનંદ સ્વભાવ છું એમ નહિ. સમજાણું કાંઈ? એટલે કે હું તો રાગ-દ્વેષ ને વિકારમય છું. એવી ભાવનામાં પરિણમતો મિથ્યાત્વ ને રાગ-દ્વેષે પરિણમતો એણે શુભાશુભ કર્મને ઉપાર્જ્યા. આહા..! કેવી શૈલી કરી છે જુઓ! સમજાણું કાંઈ?

આજ તો એક ક્રમબદ્ધનો વિચાર બહુ ચાલ્યો હતો રસ્તામાં. આ લોકો એમ કહે છેને કેટલાક કે, આ ક્રમબદ્ધ છે એ નિયત થઈ જાય છે. આ કહે છે કે, ક્રમબદ્ધ થાય, મારે રાગ ને દ્વેષ આવે, ક્રમે મારે રાગ-દ્વેષ ને પુણ્ય-પાપના ભાવ ક્રમે આવવાના એ આવે. એનો અર્થ એ થયો કે, બેય મિથ્યાદષ્ટિ છે એમ માનનારા. કેમ? કે જ્યારે ક્રમબદ્ધમાં રાગ-દ્વેષનું થવું એનું અકર્તાપણું છે. છોટાભાઈ! ધ્યાન રાખજો. ક્રમમાં રાગ-દ્વેષ આવે એનો અકર્તા, અકર્તા એટલે જ્ઞાતા એટલે કે જેની વીતરાગ નિર્દોષ આનંદમય મારો આનંદ મારામાં છે એવી દષ્ટિ થઈ છે, મારો આનંદ મારામાં છે એવી દષ્ટિ થઈ છે, એવા આનંદમયના દષ્ટિમાં પછી જે રાગ આવે એનો જાણનાર-દેખનાર આનંદમયમાં દુઃખને જાણે છે, એમ છે. ભાઈ! શું કીધું? સમજાણું કાંઈ?

આનંદ સ્વરૂપ છું. ક્રમે થતાં રાગ-દ્વેષ એનો કર્તા નહિ એટલે કે જ્ઞાતા એટલે કે આત્મા આનંદમય, મારો આનંદ મારામાં છે એવી અંતર દષ્ટિ થઈ પછી જે રાગાદિ થયા એ દુઃખરૂપ છે, આનંદની દષ્ટિના પરિણમનમાં ક્રમબદ્ધમાં એ રાગાદિ થયો એ દુઃખરૂપ છે એમ એનો જાણનાર રહી ગયો. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહા..હા..! અરે..! બેય જણાએ ભૂલ ખાધી. એક જણો કહે કે, ક્રમબદ્ધ થાય એટલે અમારે તો ક્રમે રાગ-દ્વેષ આવવાનો હતો. અમારે ક્રમે આ રાગ-દ્વેષ થવાનો હતો, અમારે ક્રમે બાયડી થવાની હતી, અમારે ક્રમે આ પૈસાનો રાગ થવાનો હતો. ક્યાં ઊભો છો તું? સમજાણું કાંઈ? એ મિથ્યાત્વને વધારે પોષે છે. આનંદમય આત્માની દષ્ટિ થયા વિના કે, મારો આનંદ ને મારી શાંતિ મારામાં (એમ થતાં) અકર્તા થયો, જ્ઞાતા થયો એટલે આનંદનો જ્ઞાતા આનંદ મારામાં છે અતીન્દ્રિય. એવા આનંદના મીઠાશના પ્રેમમાં જેને રાગની મીઠાશ રહેતી નથી. તો પછી આ પૈસા ને બાયડી મળી એની મીઠાશ રહે એ ત્રણકાળમાં હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ... જોયા કરવું...

ઉત્તર :— શરીરને જોયા કરવું ઈ હશે એનો અર્થ. આ દલાલ છે. ક્રમબદ્ધનો અર્થ એક કહે છે કે, નિયત તદ્દન થઈ જાય છે અને બીજો કહે કે અમારે ક્રમે ક્રમબદ્ધ છે. રાગ આવવાનો એ થવાનો હોય એ થાયને ભાઈ! અને સંયોગ તો એ જે થવાનો હોય એ થાયને, એ કાંઈ મટે? બેય, આત્મા આનંદકંદ જ્ઞાતા-દષ્ટા મારો આનંદ મારામાં છે એમ આનંદની મીઠાશના ભાન

વિના તે રાગમાં મીઠાશ વેદે છે ક્રમે આવતામાં, એને ક્રમબદ્ધનું જ્ઞાન નથી.

એ પણ ક્રમબદ્ધનો અર્થ તો એવો છે કે, જ્ઞાતા-દૃષ્ટા (છું). વિકલ્પનો પણ કર્તા નહિ. અહીં પુણ્ય-પાપે થવું એ નહિ એમ કહે છેને અહીં. પુણ્ય-પાપરૂપે થવું એ હું નહિ. હું તો આનંદરૂપે છું એ હું આત્મા છું. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? એક કહે કે, નિયત થઈ જાય છે એ પણ વસ્તુને સમજતા નથી, મિથ્યાત્વને પોષે છે. અને એક (કહે છે કે) મારે એમ થવાનું હતું માટે મારે રાગ આવ્યો અને મારે સ્ત્રીનો સંયોગ, પૈસાનો સંયોગ આવો થવાનો હતો માટે થયો એની દૃષ્ટિ ત્યાં છે, મીઠાશમાં છે.

જેને આનંદની મીઠાશ અને અતીન્દ્રિય આનંદનું ભાન થયું છે કે મારો આનંદ મારામાં, રાગનો વિકલ્પ શુભ ઉઠે પણ દુઃખરૂપ છે. અશુભ દુઃખરૂપ તો છે પણ શુભ દુઃખરૂપ છે અને સંયોગો તે દુઃખમાં નિમિત્ત છે. મારો આનંદ મારી પાસે (છે). અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન પરિણમે છે એને પછી રાગાદિના પરિણામ તેનો જ્ઞાતા-દૃષ્ટા ભિન્ન રહીને રહે છે એને ક્રમબદ્ધનું વાસ્તવિક જ્ઞાન ને શ્રદ્ધા છે. આહા..હા..! આ તો ઓલા કહે, આ તો અમારે આમ થવાનું હતું. પરસ્ત્રીનો (સંગ) થવાનો હતો, આ ... થવાની હતી. શું કહે છે તું? મરી જાઈશ સમૂળગું મિથ્યાત્વને વધારે દૃઢ કરીશ. સમજાણું કાંઈ? ધર્મચંદજી! પહેલે તો રાગ આવતો ત્યારે અરે..રે..! આ પાપ છે, પાપ. હવે કહે છે કે, ક્રમમાં આવવાનો હતો રાગ આવ્યો. દૃષ્ટિ ત્યાં રહી છે એકલી. સમૂળગું મિથ્યાત્વને તીવ્ર કર્યું એણે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? એ.. નેમિદાસભાઈ! નિગોદમાં... જેવો ઓલો નિયતને માનનારો નિગોદ, અહીં પણ નિગોદના બધા ઘરાક છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા સ્વરૂપ છેને. તો પરમાત્મ સ્વરૂપ જેની દૃષ્ટિમાં આવ્યું એને તો રાગાદિનો જ્ઞાતા (થયો), રાગનો પ્રેમ ઉઠી ગયો, વિકારનો પ્રેમ ગયો, આનંદનો-અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. આત્મા પરમાત્મા છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. એ આડે ક્રમમાં રાગ આવતા, નિમિત્તમાં આવતા તેનો જ્ઞાતા-દૃષ્ટા (થઈને) તેનો કર્તા-ધર્તા થતો નથી. ભાઈ! આહા..હા..! અરે..! કીધું, આ શું કરે છે? ભાઈ! બેય જણા ક્યાંના ક્યાં ગોટા વાળે છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ ક્રમબદ્ધની શ્રદ્ધા શું? કઈ રીતે એની શ્રદ્ધા થાય? એને આત્માના આનંદનું ભાન થઈ અતીન્દ્રિય આનંદમય આત્મા, મારો અતીન્દ્રિય આનંદ મારો મારી પાસે છે. અરે..! રાગ ઉઠે શુભ પણ મને દુઃખરૂપ છે, દુઃખરૂપ છે. એ દુઃખને જ આનંદની સાથે મેળવે ત્યારે તેનો અકર્તા થાય છે. આહા..હા..! અરે..! સમજાણું આમાં કાંઈ? એક કહે છે કે ક્રમબદ્ધ તો નિયતવાદ થઈ ગયો. અરે..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! એ ક્રમમાં એ રાગ થયા

જ કરશે, મારે ક્રમે ક્રમે આવ્યા જ કરશે એમ માનનારા તો નિયતવાદી મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? એ નિયતવાદ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..!

પણ જ્યાં ક્રમ એટલે રાગનું ને પરમાં થવું થાય એ જાણનારો કોણ છે? જાણનારો આનંદમય અતીન્દ્રિય પ્રભુ વીતરાગ નિર્દોષ આનંદસ્વરૂપ ચિદાનંદ છું. એવું વીતરાગી ચિદાનંદનું ભાન ને આનંદનું ભાન ને આનંદનો સ્વાદ આવ્યો તેથી હવે આવતા રાગનો કર્તા થતો નથી. કેમ? કે આનંદની મીઠાશ આગળ રાગને દુઃખ જાણે છે એથી એ મારું કાર્ય નથી. એનો જ્ઞાતા રહે છે. સમજાણું કાંઈ? એ.. શાંતિભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્રમબદ્ધની શ્રદ્ધાનો અર્થ આનંદની શ્રદ્ધા, જ્ઞાયકની શ્રદ્ધા. વારંવાર કહેતા કે, ક્રમબદ્ધની દષ્ટિવાળો ક્યાં હોય? જ્ઞાયક ઉપર દષ્ટિ હોય. એટલે એનો અર્થ શું? જ્ઞાયક ઉપર દષ્ટિ એટલે શું? હું આનંદમય છું. આ શું કીધું અહીંયા?

વીતરાગ ચિદાનંદ સ્વભાવ એનું નામ જ્ઞાયક દષ્ટિ. મારો સ્વભાવ વીતરાગ ચિદાનંદ સ્વરૂપ છે. એવું જેને અંતર દષ્ટિમાં ભાન થયું એને ક્રમબદ્ધનું, રાગ અને પરનું જ્ઞાન રહ્યું. આ વીતરાગ માર્ગ આવો! ઓહો..હો..! સમજાણું? એમાં એક વસ્તુને જેમ છે એમ માને નહિ ને એ જેમ છે એમ માનવા જાય ત્યાં સમજે નહિને સ્વચ્છંદ સેવે. સ્વચ્છંદ સેવે એ તો સમૂળગું મિથ્યાત્વને વધારે દઢ કર્યું. અજ્ઞાનમાં તો પહેલો રાગ થાય તો કહે, અરે..રે..! આ રાગ છે... પછી કહે, ક્રમબદ્ધમાં આવવાનો હતો રાગ આવ્યો છે, અમારે શું? અમારે ક્રમબદ્ધમાં આવવાનો હતો, થવાનો હતો એ થાય. બહુ સારી વાત, ભાઈ! સમૂળગું મિથ્યાત્વ હતું એમાં મિથ્યાત્વ વધારે દઢ કર્યું. શું કીધું? રાગને પોતાનો માનતો હતો અને રાગમાં જરી માન્યતામાં દુઃખ થાતું પહેલું કે અરે..રે..! આ રાગ છે, એને ઠેકાણે રાગને પોતાનો (માનતો નથી કે) હવે રાગ મારો નહિ. (મારો) માને છે, મીઠાશ એમાં છે. સમૂળગી ચિંતા ઘટી ગઈ, રાગને ટાળવાની ચિંતા ગઈ. ઓલી અજ્ઞાનભાવે ટાળવાની હતી એ પણ ગઈ એને. આહા..હા..! સમજાણું કાંઈ?

ક્રમબદ્ધ નામ તે પર્યાય ક્રમે ક્રમે થાય છે દ્રવ્યમાં. હવે ક્રમે ક્રમે થાય છે એનો અર્થ શું? કે, એનો હું કોણ છું હું? કે હું એક જ્ઞાન, આનંદ, જાણનાર-દેખનાર છું. હું જ્ઞાનાનંદ-ચિદાનંદ વીતરાગ નિર્દોષ આત્મા છું. એમ જ્યાં ભાન થયું ત્યારે પછી જે રાગાદિ ને પરની ક્રિયા થાય એનો જ્ઞાતા, દ્રષ્ટા (રહીને) કર્તા થતો નથી. એનું નામ ક્રમબદ્ધ વસ્તુ છે. આહા..હા..! ભારે! ઓલા કહે, અમારે ભાઈ વિષય સેવવાનો ભાવ આવવાનો હતો અને એ વ્યભિચાર થવાનો હતો એ થયો, એ કાળે થવાનો હતો એ થયો. મરી જઈશ. સમૂળગું મિથ્યાત્વને તીવ્ર કર્યું. પહેલું મિથ્યાત્વ તો હતું. રાગ મારો માનીને મિથ્યાત્વ હતું, હવે રાગ મારો નહિ, રાગ

મારો નહિ અને અહીં આત્મા આનંદકંદનું ભાન ન મળે. અને રાગની મીઠાશમાં હાલ્યો ગયો, તણાઈ ગયો, તીવ્ર મિથ્યાત્વ થયું સમૂળગું. આહા..હા..! મિથ્યાત્વને પોષણ કર્યું, તીવ્ર મિથ્યાત્વ હતું એને વધારે પોષણ કર્યું. સમજાણું કાંઈ? આરે ભારે વાત ભાઈ! ... સમજાય છે આમાં? શું અહીં કીધું? જુઓ!

'**યહ જીવ શુદ્ધ નિશ્ચયનયકર વીતરાગ ચિદાનન્દ સ્વભાવ હૈ,...**' એ ક્રમબદ્ધનું ફળ છે કે, હું તો ચિદાનંદ વીતરાગસ્વરૂપ છું, મારો આનંદ મારામાં છે એવું અંતર ભાન થયું. ભાન થયું એટલે એને અનુભૂતિ (થઈ), વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન થયું. એટલે રાગાદિ અને પર થાય તેનો જ્ઞાતા, દૃષ્ટા ને અકર્તા થાય છે. એ પુણ્ય-પાપરૂપે પરિણમતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? વીરજીભાઈ કહેતા હતા એક ફેરી, અહીં બેઠા હતા, અહીં બેઠા હતા. ક્રમબદ્ધમાં મારી નાખ્યો. વાત સાચી કીધું આ. ત્યારે ક્રમબદ્ધ કહેવાય છે, ત્યારે ક્રમબદ્ધ કહેવાય એમ કહેતા એક ફેરી. એને આત્મા ઉપર દૃષ્ટિ હોય. એટલે શું? આત્મામાં આનંદ છે, અતીન્દ્રિય આનંદ અને વીતરાગ કંદ આત્મા છું. આહા..હા..! એકલો જ્ઞાયક ચિદાનંદ ને આનંદકંદ છું એવી દૃષ્ટિ ને ભાન થયું તેને ક્રમબદ્ધનું જ્ઞાન સાચું થયું કહેવાય છે. જેને રાગ આવતા આનંદ નથી, મીઠાશ નથી, નિમિત્તમાં પ્રેમ ઉડી ગયા છે, સ્વભાવના પ્રેમ આડે કોઈ પ્રેમ જ રહ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! ન્યાં કાંઈ પોપાબાઈના રાજ નથી કે, તું ન્યાં અંદર પોલાણ કરીને ગરી જા. સમજાણું કાંઈ? બસ! આપણે સાંભળતા નથી (કે) ક્રમબદ્ધ થાય છે? ભૂલી ગયો તું? ક્રમબદ્ધ નથી માનતો? બહુ સારી વાત છે. શું છે? તારી દૃષ્ટિ ક્યાં છે? મીઠાશમાં, રાગમાં મીઠાશમાં છે. બહુ સારી વાત છે. તેં ક્રમબદ્ધ માન્યું, જાણ્યું નથી ને માન્યું, જાણ્યું માનનાર મિથ્યાત્વને તીવ્ર દૃઢ કરે છે. સમજાણું કાંઈ? માર્ગ તે માર્ગ પણ. આહા..હા..!

સર્વજ્ઞની કથન રીતિ, સંતોની પદ્ધતિ અને એ માર્ગની શ્રેણીની ધારા અલૌકિક વાત છે! એ વાત જગતને સાધારણને ખ્યાલ ન આવે કે આ શું વસ્તુ છે. એવી એની પદ્ધતિ. ઓહો..હો..! અહીં તો ક્રમબદ્ધ ... ચાલતા વિચાર ઉઠ્યા બહુ. શું કહે છે આ લોકો? સમજાણું કાંઈ? અરે..! ભગવાન! તું એમ ક્રમબદ્ધ કરીને થવાનું હશે એ થશે એમ અહીંયા કહેવાનો આશય નથી. થવાનું હશે એ થશે, થયેલો આત્મા વીતરાગ ચિદાનંદ છે એની જેને અનુભવ ને દૃષ્ટિ થઈ એને થવાનું હશે એ થશે, એનો જ્ઞાતા થઈ જાય છે. સમજાણું? એવા પુરુષાર્થના અંતર ભાન વિના થવાનું હશે એ થશે એ તો ગયો બેયમાંથી. સમૂળગું રાગને દોષ માનતો અને રાગને છોડું (એમ હતું) એને ઠેકાણે સમૂળગું (માને છે કે) રાગ થયો (તો) મારે વાંધો નથી. એટલે સમૂળગું તીવ્ર મિથ્યાત્વને પોષ્યું. બરાબર સુરેન્દ્રજી? આ ક્રમબદ્ધનું બહુ કહે છેને. અરે..! ભગવાન! આ તો જુઓને વીતરાગ ચિદાનંદ સ્વભાવ તારો. આ એવું ભાન અનુભવ થયો ત્યારે એને

રાગ અને બંધની ક્રિયાનો કર્તા ટળી ગયો. સમજાણું કાંઈ? નહિતર તો,... જુઓ!

'**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે અભાવસે...**' જોયું? વીતરાગી ચિદાનંદ પ્રભુ આત્મા એનું સમ્યગ્જ્ઞાન-દર્શન જે વીતરાગી શાંતિ એના અભાવથી રાગાદિ પરિણમનનો કર્તા થયો. ભાઈ! એમ કહેવું છે અહીં. શું કહ્યું? એને કારણે રાગાદિનું પરિણમન નામ કર્તા થયો. સ્વસંવેદનજ્ઞાનનો અભાવ. ભગવાન આત્મા ચિદાનંદ વીતરાગસ્વરૂપ પ્રભુ.. આહા..હા..! એને એના તરફનું વિકલ્પરહિત, રાગરહિત નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન એના અભાવમાં રાગાદિનો કર્તા થઈને પરિણમે છે એ જીવ. સમજાણું કાંઈ?

'**રાગાદિરૂપ પરિણમનેસે...**' રાગાદિરૂપ શબ્દે એકલા મિથ્યાત્વ ને રાગ-દ્વેષના (ભાવ). મિથ્યાત્વ આવ્યુંને? કે, વસ્તુ જે વીતરાગ ચિદાનંદ સ્વરૂપ છે એનું જે નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન જોઈએ એનો અભાવ છે તો મિથ્યાત્વ ભાવ છે. આવા પૂર્ણાનંદ પરમાત્માનો સ્વીકાર દૃષ્ટિમાં નથી. સ્વીકાર તો પુણ્ય-પાપ વિકલ્પની મીઠાશનો સ્વીકાર છે એટલે મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષનું પરિણમન ત્યારે ઊભું થાય છે. વીતરાગ ચિદાનંદ સ્વભાવ એના સ્વસંવેદનજ્ઞાનનો અભાવ (છે) ત્યારે મિથ્યાત્વ ને રાગ-દ્વેષના પરિણામ ઊભા થાય છે. એનાથી ઉપાર્જન થયેલા શુભાશુભ કર્મ. ઓહો..હો..! સમજાણું કાંઈ? એટલે? કે વસ્તુ ભગવાન આત્મા નિર્દોષ વીતરાગ સ્વભાવ એનું સ્વસંવેદનજ્ઞાન, એનાથી તો થતી પરમાત્મ દશા, એનાથી તો પરમાત્મ દશા થાય. સમજાણું કાંઈ? એવો વીતરાગ પરમાત્મા આનંદસ્વરૂપ પ્રભુ એના અંતરના આદરના અભાવમાં, અંતરનો આદર એટલે સ્વસંવેદનજ્ઞાન એ અંતરનો આદર છે. એ અંતર સ્વરૂપનો આદર એટલે સ્વસંવેદન અવિકલ્પી જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનની પરિણતિ એ અંતરનો આદર છે. એ અંતરના આદરનો અભાવ એવું જે મિથ્યાત્વ ને રાગ-દ્વેષનું પરિણમન એટલે કે પુણ્ય-પાપ, વિકલ્પ ને નિમિત્તનો આદર. આહા..હા..! છોટાભાઈ! આ લોકો આમ કરે. ભગવાન! તું રહેવા દે, પ્રભુ! બેય વાતમાં શું ભૂલ છે એમ પ્રભુ! આ વસ્તુની સ્થિતિ આવી છે. સમજાણું કાંઈ?

મિથ્યાત્વ '**રાગાદિરૂપ પરિણમનેસે ઉપાર્જન કિયે શુભ-અશુભ કર્મોંકે...**' ઓહો..હો..! એનું કારણ? કે, વીતરાગ નિર્દોષ ચિદાનંદ પ્રભુ એના અંતરના જ્ઞાન, દર્શન, ચારિત્ર એનાથી તો કર્મ ઉપાર્જાય નહિ. એનાથી તો ઉપાર્જન થાય નિર્દોષ વીતરાગ દશા. ત્યારે તેના આદરના અભાવે, વીતરાગ ચિદાનંદસ્વરૂપના આદરના અભાવે પુણ્ય-પાપના નિમિત્તનો આદરનો ભાવ અંદર મિથ્યાત્વ પડ્યો જ છે ઈ. એથી તેને મિથ્યાત્વ ને રાગ-દ્વેષનું પરિણમન થયું એનાથી કર્મ ઉપાર્જ્યાં. આમ પરમાત્મા ઉપાર્જે, આમ કર્મ ઉપાર્જ્યું. આહા..હા..! એ એનો ને એનો વાંક હોં! પાછો કર્મ... પછી એ કર્મ લેશે આઠ કર્મ ને... આહા..હા..!

'**કર્મોંકે કારણકો પાકર...**' હવે કારણને પાકર. નિમિત્તને પાકર ભાઈ! આવ્યું આ. '**પુણ્ય**

**તથા પાપી હોતા હૈ.**' ત્યારે એ નિમિત્તને પામીને એટલે? અહીં પરમાત્માનો ભાવ તો એની દૃષ્ટિમાં નથી. પરમાત્મા વીતરાગ ચિદાનંદસ્વરૂપ તો દૃષ્ટિમાં નથી, એનો અનાદર કરીને અજ્ઞાન ભાવે બંધાયેલા કર્મ એને નિમિત્તને પામીને. કારણ કે, દૃષ્ટિ ત્યાં છે, સ્વભાવ ઉપર નથી. એટલે કર્મના નિમિત્તને પામીને આત્મા પરમાત્મારૂપે થવો જોઈએ એને ઠેકાણે પુણ્યી અને પાપી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પુણ્યવાળો ને પાપવાળો થવો એ કહે છે કે, અધર્મ છે. એમ કહે છે. આહા..હા..! શું કીધું સમજાણું? એ પુણ્ય-પાપના ભાવવાળો થાવું એ અધર્મવાળો થાવું એમ કહે છે. ભારે ગજબ વાત છે! ભાવવાળો હોં! કારણ કે, કર્મના નિમિત્ત પામીને એના ઉપર લક્ષ છે એટલે પુણ્ય-પાપના ભાવવાળો થાય છે. શું કહે છે?

એ પુણ્યી અને પાપી-પુણ્યી અને પાપી ભાષા વાપરી છેને? ભગવાન આત્મા... અહીં પુનરુક્તિ દોષ લાગે નહિ. આહા..! પોતાનો વીતરાગ ચિદાનંદસ્વભાવ એનો આદર ભૂલી એટલે કે નિર્વિકલ્પ આનંદની દશા, નિર્વિકલ્પ સ્વસંવેદનને ભૂલી અને એમાં રાગ ને મિથ્યાત્વને ઉત્પન્ન કર્યા, એનાથી બાંધ્યા કર્મ અને એની દૃષ્ટિ ત્યાં પડી છે એટલે પુણ્યી અને પાપી જીવ થાય છે. પરમાત્મ થવું જોઈએ એને ઠેકાણે પુણ્યી અને પાપી જીવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પરમાત્મપ્રકાશમાં કેમ નાખ્યું આ? (પુણ્ય-પાપરૂપ) થાતો નથી. આહા..હા..! સમજાણું?

કહે છે, '**યદ્યપિ યહ વ્યવહારનયકર પુણ્ય-પાપરૂપ હૈ,...**' શું કહે છે? એ પોતાના સ્વરૂપને ભૂલ્યો એ પણ ભૂલ એ વ્યવહાર. એનાથી કર્મ બંધાણું એ વ્યવહાર, એના નિમિત્તને લક્ષે વળી પુણ્યી ને પાપી થયો એ વ્યવહાર. વસ્તુ સ્વરૂપ છે એ પુણ્ય-પાપ રહિત છે. આહા..હા..! એ તો પહેલું કહ્યું, નહિ? શુદ્ધનિશ્ચયનયકર. કહે છે, '**તો ભી પરમાત્માકી અનુભૂતિસે તન્મયી...**' હવે દેખો! એ પુણ્ય અને પાપી જીવ પર્યાયમાં થાય છે તોપણ, '**પરમાત્માકી અનુભૂતિસે તન્મયી જો વીતરાગ સમ્યગ્દર્શન,...**' શું કહે છે? પોતાનો સ્વભાવ ચિદાનંદ નિર્દોષ વીતરાગ એની શ્રદ્ધા એટલે એની પરમાત્માની અનુભૂતિ, આત્માનો અનુભવ, શુદ્ધ જ્ઞાન એનાથી તન્મય વીતરાગ સમ્યગ્દર્શન, એનાથી વીતરાગ સમ્યગ્દર્શન. પૂર્ણ વીતરાગી ચિદાનંદ સ્વભાવનું સમ્યગ્દર્શન, જે વીતરાગી દર્શનમાં પૂર્ણ સ્વભાવનો આદર એવું વીતરાગી દર્શન, એ પોતાની અનુભૂતિથી તે વીતરાગી સમકિત તન્મય છે. પોતાના અનુભવની સાથે સમ્યગ્જ્ઞાન તન્મય છે, પોતાના અંતર અનુભવની સાથે ચારિત્ર તન્મય છે. તન્મય એટલે તે રૂપે.

'**ઔર બાહ્ય પદાર્થોંમેં ઈચ્છાકે રોકનેરૂપ તપ,...**' ઈચ્છાનો અભાવ. આત્મા આનંદમૂર્તિ શુદ્ધ ચિદાનંદ એનો અનુભવ-અનુભૂતિ એને અનુસરીને વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન આદિ થવું એ અનુભૂતિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને ઈચ્છાનિરોધ તપ તે તન્મય—તે રૂપે છે. એવી ચાર પ્રકારની નિશ્ચય આરાધના. ઓહો..હો..! એ ચાર પ્રકારની આત્માની આરાધના. ભગવાન દેવ-

ચિદાનંદ પરમદેવ, વીતરાગી આનંદકંદ આત્મદેવ પોતાનો હોં! એનો અંતરમાં અનુભવ, એના તરફની અનુભૂતિ, એની સાથે દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ એ ચારે અનુભૂતિમાં એકમેક છે. એવી અનુભૂતિ એ આત્માનું આરાધન છે. એ આત્માનું ખરું આરાધન છે. આહા..હા..! લ્યો! આ આત્માની સેવા. આહા..હા..!

‘**ઉનકી ભાવનાકે સમય...**’ દાખલો ... ‘**भावना काले**’ શબ્દ પડ્યો છેને? એવો આત્મા અખંડાનંદની ચિદાનંદ આનંદમૂર્તિ પ્રભુ એની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા ને ઈચ્છાનિરોધરૂપી ઉગ્ર શાંતિ એવી અનુભૂતિ એના ભાવના કાળે એટલે એ અનુભૂતિને કાળે ‘**ઉપાદેયરૂપ વીતરાગ પરમાનન્દ જો મોક્ષકા સુખ ઉસસે અભિન્ન આનંદમયી ઐસા નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**’ એ ભાવનાના સમયે ઉપાદેય કોણ? કે, વીતરાગ પરમાનંદ આત્મદ્રવ્ય, નિર્દોષ વીતરાગ પરમાનંદ આત્મા પદાર્થ. ‘**પરમાનંદ જો મોક્ષકા સુખ ઉસસે અભિન્ન આનંદમયી ઐસા નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**’ કેટલી અટપટી વાત!

કહે છે કે આ આત્મા પરમ વીતરાગ નિર્દોષ આનંદસ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતામાં અનુભૂતિ કાળમાં જ એ આત્મા ઉપાદેય ઠરે છે. નહિતર તો અજ્ઞાનીએ પુણ્ય ને પાપ તે આદરણીય માન્યું છે. એ મિથ્યાત્વ ભાવમાં એ પુણ્ય-પાપનું આરાધન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ ઓહો..હો..! અલૌકિક માર્ગ એને લોકોએ લૌકિક કરી નાખ્યો. જેને ઇન્દ્રો પણ અદ્ભૂત આશ્ચર્ય દૃષ્ટિથી સાંભળે. ગણધરો પણ જેને ચાર જ્ઞાન, ચૌદ પૂર્વ અંતર્મુહૂર્તમાં ... આહા..! કહે છે, ભાઈ! અહીં પાઠ તો એવો છે કે, ‘**ववहारैँ जीवडउ हेउ लहेविणु कम्मु**’ નિમિત્ત. અને એ ભાવે પરિણમિત. પુણ્ય ને પાપ એટલો ધર્મ અને અધર્મરૂપે થયો. ધર્મ એટલે પુણ્ય, અહીં ધર્મ એટલે આત્માની વાત નથી. પુણ્ય-પાપરૂપે કેમ થયો? કે, આત્મા પરમાત્મસ્વરૂપ (છે) એની અંતર અનુભૂતિના અભાવથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષે પરિણમતો કર્મ બાંધ્યા. એ કર્મના નિમિત્તને કાળે એમાં પુણ્ય ને પાપ પોતે કર્યા, એ પુણ્યી ને પાપી થયો. એના આત્માના આરાધન કાળે-નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાનના આરાધન કાળમાં આ આત્મા આદરણીય છે ત્યારે એ પરમાત્મા દૃષ્ટિમાં આવ્યો. ત્યારે એ પરમાત્મા દૃષ્ટિમાં થયો. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ.

અજ્ઞાનથી અનુભવ-આત્માના અનુભવના અભાવથી મિથ્યાત્વ ને રાગ-દ્વેષના ઉપાર્જનથી બંધાયેલા કર્મ એને કાળે એના લક્ષમાં જઈ અને પુણ્યી-પાપી થયો, પુણ્યી-પાપી થયો. નહિતર તો પરમાત્મા પોતે છે. એ પુણ્યી-પાપી થયો, એ પુણ્યી-પાપી આ કારણે થયો કે સ્વભાવને ભૂલી મિથ્યાત્વ રાગ-દ્વેષને સેવી અને આ કર્મ ઉપાર્જ્યા એના લક્ષમાં (જતાં), સ્વભાવનું લક્ષ તો (થયું નથી), દૃષ્ટિ છે નહિ, એના લક્ષે પુણ્યી અને પાપી થયો.

હવે એને આત્મા આરાધન ક્યારે હોય? આ તો પુણ્ય-પાપનું કર્મ કર્યું ને (કર્મનું) આરાધન થયું. જ્યારે ભગવાન આત્મા પોતાનો નિર્દોષ આનંદ... આનંદ... આનંદ... આનંદ... એવો આત્મા પરમાનંદ ચિદાનંદ-જ્ઞાનાનંદ વીતરાગસ્વભાવ એની અંતરમાં અનુભૂતિ, એનો અનુભવ, એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને તપનું આરાધન એ દશાના કાળમાં આ આત્મા એના સેવન કાળમાં એ પરમાત્મા થયો, એને આ પરમાત્મા સેવવા લાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અન્ય સબ હેય હૈં.'** એ બધું પુણ્ય ને પાપના વિકલ્પો ને એક સમયની પર્યાય એ નહિ, દૃષ્ટિ ત્યાં નથી. પૂર્ણાનંદ પ્રભુ એમાં જ્યાં દૃષ્ટિ લાગી છે, જ્ઞાન પણ ત્યાં લાગ્યું છે, સ્થિરતા પણ ત્યાં જામી છે, ઉગ્ર પુરુષાર્થથી ઈચ્છાનો અભાવ થઈને પણ ત્યાં તપયન્તિ આત્માની વિશેષ શોભા થઈ છે. એવા કાળમાં એ આત્મા ઉપાદેય છે. કારણ કે, એ વખતે આ આત્મા પૂર્ણાનંદ છે એવો આદરણીય થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ આ. આહા..હા..! પુણ્ય-ફુણ્યની વાતેય ક્યાં છે? પુણ્યથી તો કીધુંને? સ્વરૂપના અભાને ઉપાર્જેલા કર્મ તેના લક્ષે થયેલો, આત્મા પરમાત્મા હોવા છતાં પુણ્યી અને પાપી થયો છે. આહા..હા..! અરે.. ભગવાન! અહીં તો વધારે આ કેમ લીધું? હવે આવશે પાછા આઠ કર્મે આચ્છાદિત, આઠ કર્મે આચ્છાદિત. એ આચ્છાદિત થયો છે એ પોતાની ભૂલથી કર્યા છે કર્મ માટે આચ્છાદિત થયો છે એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પુણ્યી એટલે થયો કે પુણ્યી એટલે વિકારવાળો થયો એમ થયું. પુણ્યી થયો એટલે વિકારવાળો થયો. વિકારવાળો એ નથી અને થયો. પોતાનો સ્વભાવ તો વીતરાગ ચિદાનંદ નિર્વિકારી સ્વભાવ અને ચિદાનંદ છે. એને ભૂલીને બાંધ્યા કર્મ એ વિકારવાળો થયો, વિકારવાળો થયો છે. નિર્વિકારી એ વિકારવાળો થયો. આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, આમાં સમજાય છે કે નહિ છોકરાઓને? એઈ..! કે ઝીણું પડે છે? ભરતભાઈ! સમજાય છે? આહા..હા..! આમાં કાંઈ બહુ એવી ભાષા ઓલી નથી. આ તો (સાદી ભાષા છે).

સત્ પ્રભુ આત્મા એ તો વીતરાગી અકષાય આનંદકંદ જ્ઞાનાનંદ છે. એનું આરાધન એ તો એના સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા તે તેનું આરાધન અને તે કાળે તેને આત્મા ઉપાદેય છે. એ કાળમાં એ ઉપાદેય ન માનતા એના જ્ઞાન ને આનંદના અભાવે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના સદ્ભાવમાં બાંધેલા કર્મ, અરે..! પરમાત્મા થવો જોઈએ એને ઠેકાણે પુણ્યી-પાપી થયો. અને દુનિયા એમ કહે કે, અહો! આ પુણ્યશાળી છે, આ પુણ્યશાળી છે. અહીં કહે છે અધર્મી થયો એમ કહે છે. એ.. જેચંદભાઈ! રીત બીજી છે આ બધી, ખબર નથી? જુદું ભણતર

છે. વાત તો એમ છે. આ તો વળી બાહ્ય પુણ્ય-પાપની વાત નથી હોં! અહીં તો '**परिणवइ धम्मु अहम्मु**' એમ વાત છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? બહારની વાત નથી કે, આ પુણ્ય-પાપવાળા, સંયોગવાળો એ અહીં વાત નથી.

ભગવાન આત્મા નિર્દોષ આનંદ ચિદાનંદ સ્વરૂપ એને ભૂલીને બાંધેલા કર્મો એના જ ઉપર લક્ષ (છે). સ્વરૂપનું લક્ષ તો છે નહિ. તે કર્મનો આરાધન કરનાર એના પરિણામમાં પોતાને, પોતાને કારણે શુભ ને અશુભ એ પોતે થાય છે, શુભ ને અશુભ એ થાય છે એટલે કે પરમાત્માથી વિરુદ્ધ ભાવરૂપે થાય છે. ઓહો..હો..! નેમિદાસભાઈ! આ બેઠું કે નહિ? સમજાણુંને આ? નથી સમજાણું. ઈ ઠીક છે. પૂછે તો ન આવડે એટલે પહેલેથી ઠીક કહી દે. આ એક એની આવડત. કારણ કે પૂછે તો..? પણ ત્રણ, ચાર, છ વાર શીખવ્યું. અહીં કેટલી વાર કહેવાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બહારની ક્યાં વાત છે પણ, ઈ પ્રશ્ન ક્યાં હતો એ? પહેલેથી બહારની વાત નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બહારની વાત જ નથી, બહારમાં છે જ નહિ. અહીં તો અંદરનું પરિણમન શું થયું એની વાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બહાર સંયોગમાં એ આવતો જ નથી પછી પ્રશ્ન શું? શું કીધું? સંયોગમાં એક સમય પણ આવતો નથી. કોઈ પણ સંયોગી ચીજમાં એક સમય પણ આવતો નથી એટલે એ રૂપે થયો એમ કહેવાનો અહીં પ્રસંગ હોઈ શકે નહિ.

હવે એ થાય છે કઈ રીતે એનામાં? પરિણમનની વાત છે અહીં તો. પોતે સંયોગરૂપે થાય છે કોઈ દિ'? એક સમય પણ થાય છે? કોઈ દિ' થયો છે? શરીરપણે, કર્મપણે, બાયડીપણે, છોકરાપણે એક સમય પણ થયો છે કોઈ દિ'? અજ્ઞાની પણ થયો છે? એટલે પ્રશ્ન ક્યાં છે? પોતાનો પરમાત્મા વીતરાગ ચિદાનંદ સ્વરૂપને ભૂલી અને બાંધેલા મિથ્યાત્વ ને રાગ-દ્વેષે કર્મ, એ કર્મના સંગમાં લક્ષ જઈ અને પુણ્યી અને પાપી રૂપે પરિણમન કરે છે. જેનું પરમાત્માનું પરિણમન થવું જોઈએ એને ઠેકાણે વિકારનું પરિણમન કરે છે. આહા..! એમ કહેવું છે અહીં તો. ઓહો..હો..! વીતરાગપણે, કેવળજ્ઞાનપણે પરિણમવું એ તારો સ્વભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આમ તો સદાય વેદી પ્રતિષ્ઠા જ છે. આહા..હા..! આપણે આ દેરાસરનો દિવસ છેને. ... આવ્યા છે કે નહિ? ૨૦૧૩ની સાલ નહિ આપણે? આ મોટું મંદિર થયું. એ આ ભગવાનને માથે પધરાવ્યા એ દિવસ આજ છે, કારતક સુદ ૧૨. હેઠે હતાને, ઉપર પધરાવ્યા. નવ વર્ષ થયા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, પુણ્યી અને પાપી થયો? પુણ્યી અને પાપી થયો? શુભરૂપ અને અશુભરૂપ થયો? અધર્મરૂપ થયો, સંસારરૂપ થયો એમ કહે છે. ભગવાન! તારું સ્વરૂપ તો વીતરાગ ચિદાનંદ સ્વરૂપ છે એનું ભાન કરીને પરમાત્મારૂપે થવું જોઈએ, એને ઠેકાણે તું અપરમાત્મદશા એવો સંસારરૂપ થયો એમ કહે છે. આહા..હા..! લ્યો! એ ૬૦મી ગાથા થઈ.

'**આગે કહતે હૈં, વે કર્મ આઠ હૈં,...**' હવે ઓલા કર્મ આઠ કીધાને નિમિત્ત પામીને? એ કર્મ આઠ છે. '**જિનસે સંસારી જીવ બંધે હૈં,...**' આત્માના ભાન વિનાના જીવો એ આઠ કર્મે બંધાણા છે પોતાની ભૂલીને કારણે. '**–શ્રીગુરુ અપને શિષ્ય મુનિસે કહતે હૈં, કિ—**' પરમાત્મ સ્વરૂપ બતાવવું છેને. તો પરમાત્મામાં પર્યાયમાં હીણી દશામાં કર્મ નિમિત્ત છે એટલે કર્મના લક્ષે પોતે બાંધેલા ભાવ એનાથી હીણો પોતે થઈને કર્મથી આચ્છાદ્યો છે એમ બતાવવું છે.

**૬૧) ते पुणु जीवहँ जोइया अट्ठ वि कम्म हवंति।**
**जेहिँ जि झंपिय जीव णवि अप्प-सहाउ लहंति।।६१।।**

**અન્વયાર્થ :—** '**હે યોગી,...**' હે મુનિ! હે આત્મા! એમ કહે છે. અરે..! તારું સ્વરૂપ તો ભગવાન એ તારા અંતરના જોડાણમાં હોવું જોઈએને, વસ્તુ તો એ છેને ભાઈ! આહા..! તારો ચિદાનંદ વીતરાગ સ્વભાવ તેમાં દૃષ્ટિનું જોડાણ, જ્ઞાનનું જોડાણ, સ્થિરતાનું જોડાણ (હોવું જોઈએ) એવા હે યોગી! એમ કરીને બોલાવે છે. '**વે ફિર કર્મ જીવોંકે આઠ હી હોતે હૈં,...**' એ આઠ કર્મ છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એમણે આ આત્માને ભૂલેલા જીવને કેવા કર્મ છે? કે, આઠ છે. બંધાયેલા આઠ કર્મની જાત છે. '**જિન કર્મોંસે હી આચ્છાદિત (ઢંકે હુએ)...**' '**झंपिताः**' છેને? જે કર્મોથી ઢંકાયેલો એ પહેલું કહ્યું. એ બંધાયેલા કેમકે ભૂલથી બંધાયેલા છે એટલે હવે ભૂલથી પાછો ઢંકાય છે, એનાથી ઢંકાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**યે જીવકર અપને સમ્યક્ત્વાદિ આઠ ગુણરૂપ સ્વભાવકો નહીં પાતે.**' આઠ કર્મના લક્ષમાં રહેલો, સ્વભાવના લક્ષને છોડેલા ભાવથી બંધાયેલા કર્મ, એ કર્મને લક્ષે રહેલો એનો ભાવ એ જીવ પોતાના સ્વભાવને પામતો નથી. એના લક્ષે રહેલો ભાવ એ આચ્છાદાય છે તેથી પરમાત્મ સ્વભાવને પામતો નથી. આહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** '**અબ ઉન્હીં આઠ ગુણોંકા વ્યાખ્યાન કરતે હૈં...**' છે તો એ પર્યાય. '**સમ્મત્ત**' ઈત્યાદિ-**ઈસકા અર્થ એસા હૈ, કિ શુદ્ધ આત્માદિ પદાર્થોંમેં વિપરીત શ્રદ્ધાન રહિત જો પરિણામ...**' ભગવાન આત્મા.. જુઓ! શુદ્ધ આત્મા આદિ પદાર્થની વિપરીત શ્રદ્ધાન રહિત જો પરિણામ હોં! જુઓ, પરિણામ છે ક્ષાયિક સમકિત, ક્ષાયિક સમકિત એક પર્યાય છે, એ ગુણ નથી. શુદ્ધ આત્મા નિર્મળાનંદ પ્રભુ એમ આદિ પદાર્થ. અજીવ, આસ્રવ, બંધ એ મારામાં નથી વગેરે એવી વિપરીત શ્રદ્ધાન રહિત. '**જો પરિણામ ઉસકો ક્ષાયિકસમ્યક્ત્વ કહતે હૈં,...**' દેખો! ક્ષાયિક સમકિત પહેલા માથે કીધા કે, આઠ ગુણોનું વ્યાખ્યા કરીએ છીએ. પણ છતાં એ પરિણામ છે, એ ગુણ નથી, ગુણ તો ત્રિકાળી છે. અહીંયા એને ગુણ અવગુણનો અભાવ થઈને થાય માટે ગુણ કહેવામાં આવે છે. બાકી છે પરિણામ અને પર્યાય. આત્માની ક્ષાયિક સમકિત એક પરિણામ છે, પર્યાય છે. સમજાણું કાંઈ? આ આઠ ગુણની વ્યાખ્યા કરે છે પછી એને ઢાંકવાની વ્યાખ્યા કરશે.

'**તીન લોક તીન કાલકે પદાર્થોંકો એક હી સમયમેં વિશેષરૂપ સબકો જાનેં,...**' એનું નામ કેવળજ્ઞાન. ત્રણલોક ને ત્રણકાળને પદાર્થોંકો એક હી સમયમેં વિશેષરૂપ, વિશેષ એટલે ભેદ... ભેદ... ભેદ... ભેદ... જેટલા પ્રકાર છે ભિન્ન ભિન્ન '**સબકો જાનેં, વહ કેવલજ્ઞાન હૈ,....**' આહા..હા..! કેવળજ્ઞાન આત્માનું કેવળજ્ઞાન કેવું છે? ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં વિશેષ પ્રકાર ભેદ... ભેદ... ભેદ... કરીને જાણે. અનંત આત્મા, અનંત ગુણો, એક એક ગુણની આ પર્યાય, આ રાગ આદિ જેટલા ભેદો, જેટલા ત્રણકાળ, ત્રણલોકના એ ભગવાન કેવળજ્ઞાન, મહિમાવંત કેવળજ્ઞાન બધાને જાણે. આગળ કહેવું છે કે, એને ઢાંકે છે કર્મ. આવા આત્માના સ્વભાવવાળું તત્ત્વ એનું ભાન ન કર્યું, એનાથી ઉપાર્જ્યા કર્મ એ આવા ગુણને ઢાંકે છે. એટલે પોતે ઢંકાય છે પરને લક્ષે, એ ઢાંકે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાન છે.

'**સબ પદાર્થોંકો કેવલદૃષ્ટિસે એક હી સમયમેં દેખે,...**' લ્યો! કેવળદર્શન. જુઓ! કેવળદર્શન પાછું કેવળદર્શન એકલો આત્મા દેખે એમ નહિ. '**સબ પદાર્થોંકો કેવલદૃષ્ટિસે,...**' કેવળદૃષ્ટિ. એક સમયમાં બધું દેખે ભેદ પાડ્યા વિના. સમજ્યા? કેવળદૃષ્ટિ એટલે સામાન્યપણે, સામાન્ય એટલે ભેદ નહિ હોં! સામાન્યનો અર્થ એક અંશ નથી. વળી હમણાં ચર્ચા ચાલતી હતી, નહિ? એ નહિ. અહીં તો સામાન્ય એટલે બધું. સામાન્ય એટલે બધું એકરૂપે દેખે એનું નામ સામાન્ય અને બધાને ભેદ ભેદ પાડીને જાણે એનું નામ વિશેષ. આમ અત્યારે સામાન્ય-વિશેષ (છે). બેય પ્રમાણ છે. એક ભાગ સામાન્ય-વિશેષ છે એમ નથી. બહુ વાત પણ કેટલી વાત માણસને લાગે. અરે..! સંસારની વાતો કેટલી યાદ રહે. ૨૧ વર્ષ પહેલા ગાળ દીધી હોય તો યાદ

રહે કે, આણે મને ગાળ દીધી હતી. કેમ, સાકરચંદભાઈ! મારું ખરે ટાણે અપમાન કર્યું હતું તે દિ' અને અહીં ડંખે છે. એલા! પણ ગાળને યાદ રાખ અને ગુણને યાદ ન રાખ? ગાળને યાદ રાખવાનો પ્રેમ, પણ એના ગુણની દશાને યાદ રાખવાનો પ્રેમ નહિ. આહા..હા..!

**'વહ કેવલદર્શન હૈ. ઉસી કેવલજ્ઞાનમેં અનંતજ્ઞાયક (જાનનેકી) શક્તિ વહ અનંતવીર્ય હૈ,...'** લ્યો! એ કેવળજ્ઞાનમાં અનંત જાણવાની શક્તિ છેને વીર્ય, એને અનંત વીર્ય કહે છે. આ ગુણ વર્ણવે છે આઠ એના પછી આઠ કર્મ સામે લેશે. **'અતીન્દ્રિયજ્ઞાનસે અમૂર્તિક સૂક્ષ્મ પદાર્થોંકો જાનના, આપ ચાર જ્ઞાનકે ધારિયોંસે ન જાના જાવે વહ સૂક્ષ્મત્વ હૈ,...'** એ પાંચમો ગુણ લીધો. એની વ્યાખ્યા આવશે. **'એક જીવકે અવગાહ ક્ષેત્રમેં (જગહમેં) અનંતે જીવ સમા જાવેં, એસી અવકાશ દેનેકી સામર્થ્ય વહ અવગાહનાગુણ હૈ,...'** સમજાણું કાંઈ? અઘાતિનો બીજો (ગુણ). સમજાણું કાંઈ?

**'સર્વથા ગુરુતા ઔર લઘુતાકા અભાવ અર્થાત્ ન ગુરુ ન લઘુ-ઉસે અગુરુ-લઘુ કહતે હૈં,...'** ત્રીજો અઘાતિનો ત્રીજો. **'વેદનીયકર્મકે ઉદયકે અભાવસે ઉત્પન્ન હુઆ સમસ્ત બાધા રહિત જો નિરાબાધગુણ ઉસે અવ્યાબાધ કહતે હૈં.'** આઠ ગુણ કહ્યા આઠ ગુણ. ક્ષાયિક સમકિત, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ અને અવ્યાબાધત્વ. આ આઠ ગુણની પર્યાય છે હોં! આઠ પર્યાય. એ પર્યાય કેમ અવરાય છે? સ્વભાવને આશ્રયે તો પ્રગટ થાય, પણ પરના લક્ષે ને પ્રેમથી તે અવરાય છે એ વાત અહીંયા કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૩, શનિવાર, તા. ૬-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૧, ૬૨, પ્રવચન-૪૩**

૬૧ ગાથા છે, ૬૧ પહેલા ભાગની ગાથા છે. પહેલા ભાગની ૬૧. જુઓ, શું આવ્યું? કે, આ આત્મા છે આત્મા, એ જ્યારે સિદ્ધ થાય છે ત્યારે એને આઠ ગુણ પ્રગટ થાય છે- આઠ પર્યાય પ્રગટ થાય છે. આત્મામાં.. આત્મા એ તો શુદ્ધ આનંદકંદ આત્મા છે. ભગવાન

તીર્થંકરદેવે કેવળજ્ઞાની પરમાત્માએ આ આત્મા જોયો એ આત્મા તો શુદ્ધ આનંદ અને અતીન્દ્રિય વીતરાગ ચિદાનંદ સ્વરૂપ છે, આ આત્મા. એના ભાન વિના-એના અજ્ઞાનથી એણે ઉપાર્જેલા આઠ કર્મો છે. એ આઠ કર્મને લઈને પોતાના ભાન વિના એણે આઠ પ્રકારના ગુણની દશા એની અવરાયેલી છે. સિદ્ધમાં એ આઠ પ્રકારની દશા આવરણ રહિત થઈ ગયેલી છે. સમજાણું કાંઈ?

આ આત્મા અંદર આત્મા જેને કહીએ એ તો... આ શરીર, વાણી તો આ જડ, માટી છે, આ કાંઈ આત્મા નથી, આ તો માટી, ધૂળ, અજીવ છે. કર્મ તે અજીવતત્ત્વ છે અંદર આઠ કર્મ જડ મૂર્ત, જડ અજીવ છે, એ કાંઈ આત્મા નથી. અને એમાં પુણ્ય-પાપના વિકલ્પો વિકાર શુભાશુભ થાય એ પણ એક આસ્રવતત્ત્વ વિકારી ભાવ છે, કાંઈ આત્મા નથી. આત્મા નવ તત્ત્વમાં તો એને કહીએ કે, જે શરીર, કર્મ જે આ માટી જડ છે એનાથી જુદો અને પુણ્ય-પાપના ભાવ જે આસ્રવતત્ત્વ છે આ નવ તત્ત્વમાં, એ તત્ત્વથી જુદું તત્ત્વ છે. એ આત્મા જ્ઞાનાનંદ સિદ્ધસ્વરૂપ અંદર શક્તિરૂપે છે. એના ભાન વિના એણે ઉપાર્જેલા આઠ કર્મ. હું શુદ્ધ આનંદ છું, પરમાનંદની મૂર્તિ સર્વજ્ઞસ્વભાવી આત્મા છું એવું જ્યાં ભાન નથી અજ્ઞાનમાં, એ અજ્ઞાનને લઈને આઠેય કર્મની ઉપાર્જન થઈ. એ અજ્ઞાનનો નાશ થતાં આઠ કર્મનો નાશ થાય અને આત્મામાં પરમાનંદ આદિ આઠ ગુણની પર્યાય પ્રગટ થાય. એ આઠ ગુણની વ્યાખ્યા કીધી. હવે કર્મે એને રોક્યા એની જરી વાત કરે છે. કર્મ તો જડ છે હોં! રોકે છે તો પોતે.

જુઓ! '**યે સમ્યક્ત્વાદિ આઠ ગુણ જો સિદ્ધોંકે હૈં,...**' સિદ્ધ ભગવાનમાં આઠ ગુણ પ્રગટ થઈ ગયા, આઠ કર્મનો અભાવ થયો એટલે. સિદ્ધ ભગવાન 'ણમો સિદ્ધાણં.' એ સિદ્ધ ભગવાને આઠ કર્મનો અભાવ કર્યો એથી એને આઠ ગુણની દશા નિર્મળ પ્રગટ થઈ એને સિદ્ધ ભગવાન કહે છે. 'ણમો સિદ્ધાણં.' એ સંસારાવસ્થામાં એ સિદ્ધને આઠ ગુણ જે પ્રગટ થયા. '**વે સંસારાવસ્થામેં કિસ કિસ કર્મસે ઢંકે હુએ હૈં, ઈસે કહતે હૈં—**' ક્યા કર્મથી જ દશા ઢંકાયેલી છે એ વાત અહીંયા સમજાવે છે.

'**સમ્યક્ત્વ ગુણ મિથ્યાત્વ નામ દર્શનમોહનીયકર્મસે આચ્છાદિત હૈ,...**' ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એ તો વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે. વર્તમાન હોં! એનું ભાન ન કર્યું એટલે સમ્યગ્દર્શન પ્રગટ ન કર્યું, તો એ સમ્યગ્દર્શનને રોકનાર કોણ છે? મિથ્યાત્વ નામ દર્શનમોહનીય કર્મ. એ આત્માના ભાન વિના મિથ્યાત્વ ભાવ કરેલો, મિથ્યાત્વ ભાવથી દર્શનમોહનીય કર્મ બંધાણું, એ દર્શનમોહનીય કર્મના જોડાણમાં જીવને સમ્યગ્દર્શનની પર્યાય ઢંકાઈ ગયેલી છે. ઝીણી વાત છે ત્રંબકભાઈ! જરી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અત્યારે છે શક્તિરૂપે, નથી એમ ક્યાં જાય? ન હોય તો આવે ક્યાંથી? અંદરમાં ન હોય તો આવે ક્યાંથી? ચોસઠ પહોરી, પીપરમાં ચોસઠ પહોરી તાકાત અંદરમાં તીખાશ ન હોય તો બહારમાં આવે ક્યાંથી? કાંઈ પથરા ઘસેથી આવતી હોય તો કાંકરા ઘસી નાખે નહિ? એ અંદર પડી છે પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ત્યારે ચોસઠ પહોરી પ્રગટ થાય છે. એમ આત્મામાં એ બધા ગુણ અંતર પડ્યા છે શક્તિરૂપે. ખબર ન મળે, ખબર ન મળે, આંધળો અનાદિથી. ભાન ન મળે કે, હું કોણ છું. એવા અભાન દ્વારા ઉપાર્જેલું, મિથ્યાત્વથી ઉપાર્જેલું દર્શનમોહકર્મ. એ દર્શનમોહનીય કર્મ વર્તમાન એના ઉપર પ્રેમ રુચિને લઈને પોતાના સમ્યગ્દર્શન ગુણની પર્યાય દર્શનમોહથી ઢંકાયેલી, આચ્છાદિત થઈ ગયેલી છે. સમજાણું કાંઈ?

'**કેવલજ્ઞાનાવરણસે કેવલજ્ઞાન ઢકા હુઆ હૈ,...**' સમજાણું? ભગવાન આત્મા કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થવાની એનામાં લાયકાત છે. એ કેવળજ્ઞાન જ્યારે પ્રગટ થાય એ કાંઈ બહારથી આવતું નથી. બહારથી શું આવે? ધૂળ કાંઈ બહારથી આવતું હશે? પીપરમાંથી ચોસઠ પહોરી તીખાશ આવે એ કાંઈ બહારથી આવે છે? પથરામાંથી આવે છે? એ તો અંદરમાં પડી છે એમાંથી આવે છે. એમ આત્મામાં અનંત જ્ઞાન, પૂર્ણ કેવળજ્ઞાન પડ્યું છે એના ભાન દ્વારા અંતરમાંથી આવતું કેવળજ્ઞાન... એના ભાન વિના કેવળજ્ઞાનાવરણીય જે ઉપાર્જેલું (કર્મ), એ કેવળજ્ઞાનાવરણીયના નિમિત્તમાં કેવળજ્ઞાન સંસારમાં ઢંકાયેલું દેખાય છે. સમજાણું કાંઈ?

જીવતત્ત્વ શું? અજીવતત્ત્વ શું? નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વ શું? નામ પણ આવડતા ન હોય (તો) સરખા એના ભાવ તો ક્યાંથી સમજે? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ, નવ તત્ત્વ છે. ત્યારે આ શરીર, વાણી, કર્મ, જડ એ તો અજીવતત્ત્વ છે. ત્યારે પુણ્ય-પાપના ભાવ છે એ તો આસ્રવતત્ત્વ છે. પુણ્ય-પાપ ને આસ્રવ ને બંધ આવે છેને? અને આત્મા એ જ્ઞાયકતત્ત્વ ચિદાનંદ સ્વરૂપ છે. સિદ્ધ સમાન એનું સ્વરૂપ અંદર પડ્યું છે. કેવળજ્ઞાન અંદર પડેલું છે એના ભાન વિના કેવળજ્ઞાનાવરણીય ઉપાર્જેલું એને લઈને કેવળજ્ઞાનની વર્તમાન પર્યાય પ્રગટ દેખાતી નથી. એને લઈને ઢંકાયેલી છે. ક્યાં નવરા આવું બધું સમજે? ભગવાનભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સમજ્યા વિના ધર્મ થાતો હશે? હજી આત્મા શું, વિકાર શું, કર્મ શું, જડ શું, ભિન્નના ભાન વિનાને ધર્મ થઈ જતા હશે? પણ દુઃખ શી રીતે મટે? શાક લાવવું છે કોઈ રીતે. પાંચ રૂપિયા લઈને ગયો, શાક આપજો. શું? મને કાંઈ ખબર નથી. મૂઢ છો, શું લેવા આવ્યો? શું લેવા આવ્યો? પાંચ રૂપિયા મારું શાક આપજો, મહેમાનો આવ્યા છે ઘરે પચ્ચીસ. ક્યું? મને કાંઈ ખબર નથી, મારા બાપે પાંચ આપ્યા. મૂર્ખ લાગે છે, ગાંડો લાગે

છે. મૂર્ખ કહે એનો બાપ. શું પણ લઈને તું આવ્યો આ? તમે પાંચ રૂપિયા આપ્યા હતા પાશેર કારેલા ને પાશેર ફલાણું ને બધું લઈને આવ્યો છું. પણ મેં તને કહ્યું હતું કે, આમાંથી અત્યારે આ રસનું ટાણું છે માટે કારેલા લાવજે એનું ભૂલી ગયો ને ભાન વિના.. પચાસ ચીજમાંથી કારેલા લાવવાનું કહ્યું હતું અને ...

એમ આ આત્મામાં આત્મા કોણ છે? આમાં વિકાર શું છે? જડ શું છે? એના ભાન વિના વિકારને ટાળશે શી રીતે? એને જોવે છે શું? કે, એને આત્મા સુખ. તો સુખ છે ક્યાં? સુખ આત્મામાં છે. ધૂળમાં સુખ છે? શરીરમાં, વાણીમાં, પૈસામાં, બાયડી, છોકરા એ તો માટી ધૂળ છે, પર છે. પરમાં સુખ છે? કેમ હશે? મોરારભાઈ! ધૂળમાં પણ નથી, મરી ગયો મફતનો મૂઢ થઈને. અહીં તો કહે છે કે, શરીરમાં સુખ નથી, કર્મમાં નથી એ તો માટી, જડ છે. પૈસા માટી, જડ છે, બાયડી-છોકરા પર છે એમાં સુખ ક્યાંથી આવ્યું તારું? આ પુણ્ય અને પાપના ભાવ થાયને શુભ ને અશુભ એ રાગ છે, એમાં પણ સુખ નથી એમ કહે છે અહીં તો. એ તો આસ્રવતત્ત્વ છે. આહા..હા..! કહો, ત્રંબકભાઈ!

નવ તત્ત્વ છે કે નહિ નવ? ત્યારે અજીવતત્ત્વ એટલે આ શરીર, કર્મ, આ બધા પૈસા, ધૂળધાણી, મકાન બધા એ અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વમાં તારું સુખ છે? આ તારામાં ભાવ થાય એ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ એ પાપ છે. એમાં સુખ છે? આ કોઈ દયા, દાન, વ્રતના શુભ ભાવ પરિણામ પુણ્ય થાય એ પુણ્ય છે, શુભભાવ છે એમાં સુખ છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– રાગ છે. પુણ્ય રાગ છે, પુણ્ય તો રાગ છે. પુણ્યમાં સુખ છે? રાગ છે એ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવમાં સુખ છે? મિથ્યાત્વ, પરમાં (સુખ) માને એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે એમ કહે છે અહીં. અહીં તો તીર્થંકર પરમાત્મા કહે છે બાપુ! તને હજી તત્ત્વની ખબર ન મળે.

સુખ તત્ત્વ ક્યાં છે? સુખરૂપ સુખ કહે છેને? તો સુખનો ભાવ ક્યાં છે? સુખનો ભાવ ક્યાં છે? અને ક્યાંથી માને છો? તું મૂઢ છો. સુખ ભાવ તો આત્માના અંદરમાં પડ્યો છે. આત્મામાં સુખ તત્ત્વ પડ્યું છે એને ઠેકાણે પુણ્ય-પાપના ભાવમાં સુખ માને, પૈસામાં માને, આ બાયડી-છોકરા છે મને સુખ થાય, એ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે, એને વીતરાગની આજ્ઞાની શ્રદ્ધા નથી. મોહનભાઈ! કેમ હશે આમાં?

અહીં તો વીતરાગદેવ જગતને કહે છે કે, તું સાંભળ તો ખરો! કહે છે. તેં કોઈ દિ' તત્ત્વને જાણ્યા નથી. તું આત્મા છો કે નહિ? આત્મા વસ્તુ છે કે નહિ? અરૂપી પણ પદાર્થ છે કે નહિ? કે અવસ્તુ છે? વસ્તુ છે. તો એ વસ્તુમાં કોઈ ગુણ છે કે નહિ? શક્તિઓ છે

કે નહિ? સ્વભાવ છે કે નહિ? તો એ આત્મામાં આનંદ છે, શાંતિ છે, સમ્યગ્દર્શન છે, કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ અનંત શક્તિઓનો પિંડ આત્મા છે. હવે એ આત્મામાં સુખ છે એવું તત્ત્વ તો હું છું. એમ ન માનતા શરીરમાં, પૈસામાં, અજીવતત્ત્વમાં સુખ છે એ માન્યતા મિથ્યાદષ્ટિ મૂઢ જીવની છે. આહા..હા..! જેચંદભાઈ! શું છે આ? ધૂળમાં પણ નથી. આ લાખો રૂપિયા પડ્યા છે હેરાન થઈ ગયા છે એં... એં.. કરીને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના ના, એ બિલકુલ વાત ખોટી છે. કોણ કહે છે ... છે? પૈસા વેરાય છે? પૈસા તો પહેલાય હતા. નહોતા આવતા. નિવૃત્તિ નહોતી રાગમાં અંદર, એ હવે સલવાણું જરી. બેસો ભાઈ અહીંયા હવે.

અહીં તો ભગવાન ત્રણલોકના નાથ સર્વજ્ઞ તીર્થંકરદેવ કહે છે કે, ભાઈ! આત્મામાં આનંદ તત્ત્વ પડ્યું છે, અંદર આનંદ છે. એવા આનંદ તત્ત્વને ભૂલી અને તેં પુણ્ય અને પાપમાં આનંદ માન્યો અને એના ફળના, ધૂળના ઢગલામાં સુખ માન્યું એને લઈને તેં મિથ્યાત્વ ભાવ ઉત્પન્ન કર્યો. એ મિથ્યાત્વ ભાવને લઈને દર્શનમોહનીય કર્મ બંધાણું. અને એ દર્શનમોહનીયના કર્મના પાક કાળે વળી તને મિથ્યાત્વ ભાવ થયો. એ તારું સમકિત દર્શનમોહથી અવરાઈ ગયેલું છે. પણ તેં ઉપાર્જેલા કર્મથી અવરાયેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનમાં જન્મે એને પણ ખબર ન મળે. શું વીતરાગ કહે છે અને વીતરાગનું શું તત્ત્વ છે.

અહીં તો એ કહ્યું કે, ભગવાન આત્મા એનું સમ્યગ્દર્શન જે શુદ્ધ સ્વભાવને (આશ્રયે થાય કે) હું આનંદ છું, શુદ્ધ છું એવું ભાન, અંદર ભાન પુણ્ય-પાપના રાગ વિનાનું, કર્મ શરીર વિનાનું મારું તત્ત્વ (છે) એવા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ ભગવાન એનું અંતર અનુભવનું ભાન કે, હું આનંદ છું, મારામાં આનંદ છે, પુણ્ય-પાપના ભાવ થાય શુભ-અશુભ એમાં આનંદ નથી, કર્મમાં આનંદ નથી એવું ભાન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. એવા સમ્યગ્દર્શનને નહિ ઉત્પન્ન કરેલો (અને) મિથ્યાત્વ ભાવ ઉત્પન્ન કરીને દર્શનમોહ બાંધ્યું અને એ દર્શનમોહના ઉદયમાં એ તારી સમ્યગ્દર્શનની પર્યાય તેં ઢાંકવાનું ઊભું કર્યું તો ઢંકાઈ ગયું છે. આહા..હા..! રતિભાઈ!

પછી કેવળજ્ઞાન. કેવળજ્ઞાન આત્માનો સ્વભાવ છે અંદર. એવો કેવળજ્ઞાન જ હું છું, એકલો જ્ઞાનનો સૂર્ય છું. કેવળજ્ઞાન એટલે ચૈતન્યસૂર્ય છું, ચૈતન્યપ્રકાશનો સૂર્ય આત્મા છું. એવું ભાન કર્યા વિના અજ્ઞાનથી ઉપાર્જેલું કેવળજ્ઞાનાવરણીય કર્મ અને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ પોતે ન કરી એથી કેવળજ્ઞાનાવરણીય બંધાણું. એ કેવળજ્ઞાનાવરણીયના ઉદયના કાળમાં એ કેવળજ્ઞાનનો પર્યાય જે છે એ એનાથી ઢંકાઈ ગયો. પોતાના અજ્ઞાનભાવથી ઉપાર્જેલું કર્મ એ અજ્ઞાનભાવમાં પોતાનું ઢંકણ પોતે કર્યું છે. ઓહો..! સમજાણું કાંઈ?

**'કેવલદર્શનાવરણસે કેવલદર્શન ઢકા હૈ,...'** કેવળદર્શન. ભગવાન આત્મામાં કેવળદર્શન પડ્યું છે. એ કેવળદર્શન એ સ્વ-તત્ત્વ છે પોતાનું. એમાં શક્તિ કેવળદર્શન થવાની પડી છે. એવા સ્વ-તત્ત્વના કેવળદર્શનથી ભરેલા તત્ત્વને ન માનતા, મારા દર્શન ને જ્ઞાન ને આનંદ કોઈ પરથી પ્રગટ થશે એમ માનીને જે મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરી અને જે કેવળદર્શનાવરણીય બાંધ્યું એ કેવળદર્શનાવરણીયના ઉદયના કાળમાં આ જ ભાવ પાછો ઊભો થયો. હું આવો નહિ, સુખરૂપ નહિ, કેવળજ્ઞાન-દર્શનરૂપ નહિ. એવી જે પર્યાય ઉત્પન્ન થઈ, થવી જોઈએ એ પર્યાયને એણે ઢાંકી. કેવળદર્શનાવરણીયથી ઢંકાઈ ગઈ.

**'વીર્યાન્તરાયકર્મસે અનંતવીર્ય ઢંકા હૈ,...'** ભગવાન આત્મા અનંત વીર્યનો ધણી છે, અનંત બળ એનામાં પડ્યું છે. ચૈતન્યમૂર્તિ અનંત કેવળજ્ઞાન, કેવળદર્શનને રચે એવું. અનંત કેવળજ્ઞાન, કેવળદર્શનને રચે એવું વીર્ય આત્મામાં છે. આહા..હા..! એવા વીર્યવાળો આત્મા ન માનતા, અલ્પ વીર્યવાળો ને રાગવાળો ને દ્વેષવાળો ને વિકારવાળો ને પરમાં સુખવાળો એમ માનીને એણે વીર્યાન્તરાયકર્મ ઉત્પન્ન કર્યું અને એ વીર્યાન્તરાય કર્મને કાળે એનું વીર્ય ઢંકાઈ ગયું. આહા..! સમજાણું કાંઈ? મૂળ તત્ત્વની નવની હજી ખબર ન મળે. નવ તત્ત્વમાં શું, ક્યું તત્ત્વ આસ્રવ કહેવાય, ક્યું તત્ત્વ જડ કહેવાય, કર્મ શું? અજીવ, આ પૈસા ધૂળ છે, અજીવ છે શરીર, આત્મા જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વસ્તુ પોતે આ જ છે. એમાં ઝીણી કે મોટી કહો તે આ છે. કહો, સમજાણું આમાં? મલૂકચંદભાઈ! કેટલું સુખ હશે? આ મલૂકચંદભાઈના દીકરા પાસે ત્રણ કરોડ રૂપિયા છે. છેને આ મલૂકચંદભાઈ નહિ? પુનમચંદ નહિ? ન્યાં ... ઓળખો છો કે નહિ? આ એના બાપ મલૂકચંદભાઈ એના બાપા આ. બે, અઢી કરોડ એક પાસે છે ત્યાં મુંબઈમાં. પુનમચંદ મલૂકચંદ, મલૂકચંદ છોટાલાલ. ધૂળમાં પણ નથી સુખ ન્યાં, હોળી છે ન્યાં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પુણ્યના પરમાણુ બળી ગયા ત્યારે બહાર દેખાણું. એમાં આત્માને શું આવ્યું? પાપ બાંધ્યા નવા. નવા રળવાનો ભાવ છે એ પાપ કર્યું, પાપ કર્યું તો એથી મળ્યું નથી. પૂર્વના રજકણો હતા તે બહાર દેખાણા ધૂળ બે કરોડ, ત્રણ કરોડ. એમાં છે શું ધૂળમાં.

મુમુક્ષુ :— તો એ રૂપિયા કોના?

ઉત્તર :— રૂપિયા જડના. અહીં અજીવતત્ત્વમાં જાય છે. રૂપિયા અજીવતત્ત્વ છે. છોટાભાઈ! એને ચાર છોકરા છે. મોટા છોકરા પાસે એક કરોડ રૂપિયા. ક્યાં? સ્વિટ્ઝરલેંડ. અને બે નાના છોકરા પાસે બે, અઢી કરોડ. ગણવા છેને કાંકરા ધૂળમાં.

પણ એ અજીવતત્ત્વ છે કે જીવ? એક વાત નક્કી કરો. એ પૈસા અજીવતત્ત્વ છે કે જીવ? તે અજીવતત્ત્વમાં આત્માનું સુખ હોય? જીવતત્ત્વ એની પાસે છે. અજીવમાં અજીવ છે. જીવમાં અજીવનો અભાવ અને અજીવમાં જીવનો અભાવ. ક્યાંથી ગરી ગયો આત્મામાં અજીવ? આરે.. પણ વાસના અનાદિના. એ તો વિષય આવી ગયો છે પહેલો. એ તો દ્રવ્ય, ગુણ, પર્યાય એનામાં એના છે પરમાણુના. એ તો પરમાણુ છે માટી, ધૂળ. નોટ હોય, સોનું હોય, હીરા હોય, માણેક હોય, ધૂળ હોય. એ તો અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વમાં જીવતત્ત્વ આવી ગયું? અને જીવતત્ત્વની પાસે અજીવ અહીં આવી ગયું? અહીં ગરી ગયું? બેય જુદેજુદા તત્ત્વ છે. અજીવમાં જીવ નથી અને જીવમાં અજીવ નથી. નહિતર જીવતત્ત્વ રહે શી રીતે? આહા..હા..!

અહીં તો પુણ્ય ને પાપના ભાવ થાય એ જીવતત્ત્વમાં નથી એમ કહેવું છે. એ તો વિકાર છે, શુભાશુભ આસ્રવતત્ત્વ છે એ તો. આસ્રવતત્ત્વ જીવમાં હોય તો જીવ અને આસ્રવ બે એક થઈ જાય. આસ્રવમાં જીવ નહિ અને જીવમાં એ આસ્રવ નહિ. આહા..હા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપ. દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ ઉઠે એ પુણ્ય, બેય આસ્રવ છે, એ આત્મામાં નથી. એ આગળ કહેશે. ક્યાં કોઈ દિ' સાંભળ્યું છે એણે. ભગવાનજીભાઈને ઓળખો છો? ... હમણા અહીં પડ્યા છે. જૂના માણસ છેને. ... ભાવનગર. ભાઈ! વીતરાગ પરમેશ્વર શું કહે છે? નવ તત્ત્વો કોને કહે છે? ક્યા તત્ત્વના સ્વરૂપમાં શું છે? ક્યા તત્ત્વના સ્વરૂપમાં હું છું? કાંઈ ખબર ન મળે. આંધળો એમને એમ ગાંડાની પેઠે (રખડે છે). આહા..હા..! કહો, સમજાણું?

અહીં ભગવાન કહે છે કે, વીર્યાન્તરાયકર્મ તેં બાંધ્યું. કઈ રીતે? કે, હું અનંત વીર્ય અને બળનો ધણી એવો આત્મા છું એનું અભાન કર્યું-ભાન ન કર્યું. ઊંધી માન્યતા કરી કે હું તો રાગવાળો છું ને હું વિકારવાળો છું ને શરીરવાળો છું. એવા પોતાના અનંત વીર્યનો સ્વભાવ એને રોક્યો પોતાની ઊંધી માન્યતાથી, એને લઈને વીર્યાન્તરાય કર્મ બંધાણું. એ વીર્યાન્તરાય કર્મના કાળમાં આનું વીર્ય પાછું હણાઈ ગયું. પોતે આની કોર દૃષ્ટિ ન કરી. અનંત વીર્યનો ધણી, અનંત જ્ઞાનદર્શનનો સ્વભાવ છું એમ સમ્યક્ ભાન વિના એની વીર્યની શક્તિ વીર્યાન્તરાયમાં રોકાઈ ગઈ. સમજાણું કાંઈ? અહીં તો આઠ ગુણનું વર્ણન છે અત્યારે હોં!

**'આયુઃકર્મસે સૂક્ષ્મત્વગુણ ઢંકા હૈ,...'** હવે આયુકર્મ. આ દેહમાં આયુષ્ય રહેવાનો કર્મ છેને એક. એટલો કાળ દેહમાં રહે. એવું એક આયુષ્યકર્મ છે. એ પૂર્વે એણે ભાવમાં ભાવ કર્યો અને આયુષ્યકર્મ બંધાણું. એટલો કાળ દેહ રહે. એમાં આઘો, પાછો લાખ ઉપાય કરે તો રહે નહિ. એ આયુકર્મે સૂક્ષ્મગુણ ઢાંક્યો છે. જરી ઝીણી વાત છે, હોં! સૂક્ષ્મ ગુણ છેને આત્મામાં એ ઢંકાઈ ગયો. સૂક્ષ્મનો સ્થૂળ થઈ ગયો આ બહારમાં આટલી સ્થિતિમાં આવી

ગયો.

'**ક્યોંકિ આયુકર્મ ઉદયસે જબ જીવ પરભવકો જાતા હૈ,...**' આયુકર્મના ઉદયથી જ્યારે પરભવમાં જાય આ દેહ છોડીને, આ દેહનું આયુષ્ય છે ત્યાં સુધી આ દેહમાં રહેશે. જ્યાં બીજું આયુષ્ય આવ્યું એટલે ફટ છૂટી ગયો દેહ, જાશે બીજે. રખડતો અજ્ઞાની અનાદિથી રખડે છે. ભાન નથી આત્માનું એટલે વળી બીજે બધે રખડવા જશે. '**આયુકર્મના ઉદયસે જબ જીવ પરભવકો જાતા હૈ,...**' હિન્દી છે. જાય છે. '**વહાં ઇન્દ્રિયજ્ઞાનકા ધારક હોતા હૈ,...**' ત્યાં ઇન્દ્રિયો મળે આ પાંચનું જ્ઞાન હોય. આમ એનું લક્ષ ન્યાં છે. સ્થૂળ જાણે, સૂક્ષ્મ તો જાણતો નથી.

'**અતીન્દ્રિયજ્ઞાનકા અભાવ હોતા હૈ,...**' અતીન્દ્રિય જ્ઞાન ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિયજ્ઞાનનો એને અભાવ છે એથી ઇન્દ્રિય દ્વારા સ્થૂળ જાણે, સ્થૂળ, સ્થૂળ આ ઇન્દ્રિય દ્વારા. અંતર સૂક્ષ્મ ચિદાનંદ ભગવાન અરૂપી ચૈતન્યસૂર્ય છે પણ આ ઇન્દ્રિય દ્વારા થોડું સ્થૂળ જાણે. '**ઇસ કારણ કુછ એક સ્થૂલ વસ્તુઓંકો તો જાનતા હૈ, સૂક્ષ્મકો નહીં જાનતા,...**' માટે સૂક્ષ્મ ગુણ આયુષ્ય કર્મના કારણે રોકાઈ ગયો છે. આયુષ્યને કારણે ભવ મળે, ભવમાં ઇન્દ્રિયો મળે, એ જ્ઞાન ઇન્દ્રિયથી કામ કરે સ્થૂળ, સૂક્ષ્મને જાણતો નથી. ભગવાન અતીન્દ્રિય આનંદકંદ સૂક્ષ્મ ચિદાનંદ છે એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના જાણી શકે નહિ. એટલે પાંચ ઇન્દ્રિયથી સ્થૂળ જાણવાનું રહી ગયું. સૂક્ષ્મત્વગુણને આયુષ્યકર્મે રોક્યો. એ પોતાની ભૂલ કરીને પોતે રોક્યો.

'**શરીરનામકર્મકિ ઉદયસે અવગાહનગુણ આચ્છાદિત હૈ,...**' લ્યો! આ શરીર નામના એટલામાં રહી ગયો છે આત્મા. એટલામાં રહી ગયોને આમ? નામકર્મની વાત લીધી, એ નામકર્મ ન્યાં એટલું લીધું. '**સિદ્ધાવસ્થાકે યોગ્ય વિશેષરૂપ અગુરુલઘુગુણ નામકર્મકિ ઉદયસે...**' સિદ્ધ અવસ્થાને યોગ્ય જે નામકર્મની એક અગુરુલઘુ પ્રકૃતિ છે એનાથી '**અથવા ગોત્રકર્મકિ ઉદયસે ઢંક ગયા હૈ,...**' એ વિશેષ સિદ્ધ અવસ્થાને યોગ્ય અગુરુલઘુ છે એ નામકર્મનો ઉદય અને ગોત્રકર્મનો એ બેને કારણે ઢંકાઈ ગયું છે. '**નીચ ગોત્ર પાયા તબ તુચ્છ અને ઉચ્ચ ગોત્ર પાયા તબ અધિક એસે માનને લગા.**' લ્યો! નીચ ગોત્ર પૂર્વના બાંધેલું નીચ, હલકા કુળનું આયુ. (એમાં માન્યું કે) અરે..! અમે તો નીચ છીએ. ... આત્મા ઊંચ-નીચ કે દિ' હતો?

ભગવાન આત્મા જ્ઞાનાનંદ સૂર્ય છે, એ તો ચૈતન્યનો બિંબ આખો ચૈતન્યસૂર્ય છે. જેમ આ પથ્થરનો સૂર્ય છે, આ ચૈતન્યસૂર્ય શરીરના અંદરમાં પડેલો ભગવાન ચૈતન્ય ભગવાન છે. એના ભાન વિના એના અજ્ઞાનથી ઉપાર્જેલા કર્મ એમાં ગોત્રકર્મ બાંધ્યું, એના ઉદયને લઈને

નીચમાં આવ્યો તો અમે નીચ થઈ ગયા, ઊંચમાં ઊંચ (થઈ ગયા એમ) માન્યું છે, વસ્તુ એવી નથી. આહા..હા..! રાજા થયો ત્યાં કહે કે, મોટા થઈ ગયા. ચંડાળ ભિખારી કાળું કુબડું શરીર... રોટલો માગે. આપણે નીચ થઈ ગયા. આવા ભગવાન આત્માના સ્વભાવના ભાન વિના બાંધેલા કર્મ એના ફળમાં આવું એને નીચ અને ઊંચપણું થઈ ગયું છે. કહો, સમજાણું? જ્ઞાનાવરણીય કીધું, દર્શનાવરણીય કીધું, સમકિત કીધું, આયુષ્ય કીધું. '**ક્યોંકિ ઉસકે ઉદય સાતા-અસાતારૂપ સાંસારિક સુખ-દુઃખકા ભોક્તા હુઆ.**' લ્યો! એ શાતાવેદનીય બાંધી હોય તો એને આ ધૂળની અનુકૂળતા મળે. શરીર સુંદર મળે, પૈસા મળે, બાયડી. એનામાં રાગ કરીને સુખને ભોગવે, દુઃખને. સુખ એટલે દુઃખ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ત્યારે શું છે? ધૂળ. એ તો મૂઢે માનેલું છે. ન્યાં કે દિ' સુખ હતું. શાતાવેદનીય બાંધેલી છે એને લઈને આ ધૂળ આદિ પાંચ, પચ્ચીસ કરોડ, ધૂળ કરોડ મળે. સમજાણું કાંઈ? શેનો શાતા? ન્યાં એની પાસે, ઓલાની પાસે પૂછોને મલૂકચંદને પૂછો તો ખરા ભાઈને. શું કહેવાય? બ્લડપ્રેશર થાય છે. બે, અઢી કરોડ રૂપિયા શું ધૂળ કરતો હતો? ધૂળ શું કરે પણ? એ તો પર જડ છે. શાતાવેદનીયથી મળેલી ચીજ એમાં રાગ કરીને આ મને મળ્યું એમ ભોગવે. એ રાગ તેને અજ્ઞાની સુખ માને છે. છે એ દુઃખ. આહા..હા..! ભારે આ જગતથી ઊંધી વાત છે વીતરાગની બધી. કહો, સમજાણું કાંઈ? અશાતાના ઉદયથી એ દુઃખ (મળે). એ.. દેવાનુપ્રિયા! આ અશાતાના ઉદયથી આ ટાંગો ચાલતો નથી અને માને છે કે, મને દુઃખ (છે). એ મૂઢ થઈને દુઃખ માને છે, એમ કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું સાચું લાગે છે? પણ ટાંગો એ તો જડ છે. એને ન ચાલ્યું એમાં દુઃખ થયું એને શું કરવા? માન્યું શું કરવા એણે? એણે ઊભી કરી કલ્પનાની જાળ. એમ કહે છે ભગવાન. કલ્પનાની જાળ ઊભી કરી કે, અરે..! મને આ ઠીક નથી. પણ એ ઠીક, અઠીક તો જડ છે, એ તો માટી છે. માટી ઠીક, અઠીક ક્યાંથી લાવ્યો તું? એ તો કલ્પના ઊભી કરી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ નજરે શું દેખાય? કલ્પના કરે એ દેખાય છે. આ ટાંગો ચાલતો નથી. એની માન્યતા અજ્ઞાનીની, ભાન નથી, તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— હવે એનો ઉપાય તો બતાવો.,

ઉત્તર :— ઉપાય એનો કે ભાન કરો હું આત્મા જ્ઞાનાનંદ છું. એ દુઃખની કલ્પના એ

મારું સ્વરૂપ નથી, સુખની કલ્પના સ્વરૂપ નથી ને શાતા, અશાતાથી મળેલા ધૂળના ઢગલા એ મારું સ્વરૂપ નથી. આહા..હા..! અરે..! પણ કાંઈ હજી સાંભળવા મળે નહિ આ વાત, એ કે દિ' સમજે અને કે દિ' રુચે? ઊંધે ઊંધા રસ્તા અને ઊંધે ઊંધા માર્ગ. સમજાણું કાંઈ?

એમાં વળી કાંઈ કરોડ, બે કરોડ, લાખ, બે લાખ ખર્ચ્યા હોય તો ધર્મ ધૂરંધરનું બિરુદ આપી દે બધા ભેગા થઈને, ઓહો..હો..! તમે શું કર્યું! શું ધૂળ કરી પણ શું એણે કર્યું? એ તો ધૂળ પૈસા હતા પર, એમાંથી કાંઈક રાગ કદાચ મંદ કર્યો હોય. એમાં પણ માન હોય પાછું. અમે આપ્યા, અમે મોઢા આગળ (રહ્યા). એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વનું પોષણ કરે છે. પાપને પોષણ કર્યું ને માન્યું કે, મેં કાંઈક ઠીક કર્યું લ્યો! સુમનભાઈ!

અહીં તો વીતરાગ પરમાત્મા કહે છે કે, વેદનીયના કર્મ બાંધેલા તેં, આત્માના આનંદને ભૂલી, આત્માનો આનંદ આત્મામાં છે એને ભૂલી, સમ્યગ્દર્શનને ભૂલી મિથ્યાત્વ ભાવમાં વેદનીય કર્મ બાંધ્યા. કોઈ પુણ્ય શુભ હતું તો શાતા (બંધાણા), અશુભભાવ હોય તો અશાતા (બાંધે). એના ફળ ટાણે ઢગલા મળ્યા બહાર પ્રતિકૂળ, અનુકૂળ, આ અનુકૂળતામાં માન્યું કે, મને સુખ, એ મૂઢ છો. અને પ્રતિકૂળતા વખતે હું દુઃખી છું એ પણ માન્યતા અજ્ઞાનીની મૂઢ છે. કહો, મોહનભાઈ! એ તો એને બેસતું નથી ઝટ હજી. લાખો રૂપિયા છે તમારી પાસે. સુખ નથી, પણ શરીર આવું થયું ત્યાં દુઃખી થઈ ગયા. માન્યું, માન્યતા છે. ધૂળમાં પણ નથી મફતનો. ગાંડો થઈને પાગલ થઈ ગયો છે મફતનો. વીતરાગ તો કહે છે કે, મિથ્યાદૃષ્ટિ એ પાગલ, ગાંડો છે. ...ભાઈ! આ વાતેય સાંભળી ન હોય, હોં!

અહીં ભગવાન તો કહે છે, બાપુ! નવ તત્ત્વમાં દરેક તત્ત્વ જુદી જુદી ચીજ છે. નહિતર નવ તત્ત્વ શી રીતે થશે? આ શરીર, પૈસા, લક્ષ્મી અજીવતત્ત્વ છે. તું જીવતત્ત્વ ચિદાનંદ સૂર્ય છો. એમાં તું કલ્પના કર કે, આ મને સુખ થયું. એ તો કલ્પના આસ્રવની છે. હું દુઃખી થયો એ કલ્પના આસ્રવની છે. સમજાણું કાંઈ? આહા..! આસ્રવ એટલે વિકાર, એનાથી નવા કર્મ બંધાય છે. એને ભાન ન મળે. રાજી-રાજી થઈ ગયો, ખુશી-ખુશી થઈ ગયો. કહો, સમજાણું?

'**ઈસ પ્રકાર આઠ ગુણ આઠ કર્મોંસે ઢક ગયે, ઈસલિયે યહ જીવ સંસારમેં ભ્રમા.**' એ ચાર ગતિમાં રખડે છે. '**જબ કર્મકા આવરણ મિટ જાતા હૈ, તબ સિદ્ધપદમેં યે આઠ ગુણ પ્રકટ હોતે હૈં.**' લ્યો! એ આત્મા પોતાનો અખંડ આનંદ ગુણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું સમ્યગ્દર્શન, ભાન કરી અને પુણ્ય-પાપમાં દુઃખ છે, શરીર આદિ પર અજીવ તે દુઃખ નથી એ તો જ્ઞેય છે, મારું સ્વરૂપ શુદ્ધ આનંદ છે એવો અનુભવ કરીને સમ્યગ્દર્શન કરે તો પછી ક્રમે આઠેય ગુણ પ્રગટ થાય. '**યહ સંક્ષેપસે આઠ ગુણોંકા કથન કિયા.**' લ્યો! આઠ ગુણની વ્યાખ્યા ... કરી.

'**વિશેષતાસે...**' જુઓ! ભગવાન આત્મામાં આઠ ગુણ તો છે. અમૂર્ત ગુણ છે આત્મામાં. એ વાત કોઈ દિ' નહિ સાંભળી (હોય), જુઓ બીજા હજી. આ નવી વાત છે આમાં. '**નિર્નામ...**' નામનો એક ગુણ છે. નામ વિનાનો નિર્નામ. આ નામ, ગોત્રથી જે નામ પડે છે એવું એમાં ક્યાં છે? એ તો જ્ઞાનાનંદસ્વરૂપ ચિદાનંદમૂર્તિ એમાં વળી નામ કેવા? આ વાણિયો છે ને બ્રાહ્મણ છે ને ધૂળ છે ને એ ક્યાં એમાં આત્મામાં હતું? એ તો ચૈતન્યસૂર્ય જ્ઞાનાનંદમૂર્તિ અરૂપી છે દેહદેવળમાં ભિન્ન. અજીવતત્ત્વમાં ભિન્ન તત્ત્વ છે. એને નિર્નામ ગુણ છે, એનો '**નિર્ગોત્ર...**' ગુણ છે, એ ગોત્ર વિનાનો એનામાં ગુણ છે. એ નિર્ગોત્ર—ગોત્ર વિનાનો એવો એનો ગુણ છે. ભગવાનસ્વરૂપ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ છે. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ એનો સ્વભાવ અહીં છે. પણ ભાન વિના એણે વિકાર ને સંસારમાં સુખ-દુઃખની કલ્પના કરી છે. આહા..હા..!

હવે આવે છે વધારે. એ આદિ સાધારણ ને અસાધારણ રૂપ, '**અનંતગુણ યથાસમ્ભવ શાસ્ત્ર-પ્રમાણસે જાનને.**' દેખો! શું કહ્યું? આ આત્મામાં અનંતા તો સાધારણ ગુણ છે. સાંભળ્યા પણ નહિ હોય. સાધારણ એટલે સમજાણું? છેને સંસ્કૃતમાં છે, સંસ્કૃતમાં છે. આ આત્મા છે. દેહ આ પરમાણુ માટીથી (ભિન્ન છે). આ તો અજીવતત્ત્વ ભિન્ન છે. આઠ કર્મ જે રજકણ છે એ પણ રજ, રજ છે એ તો જડ છે, અજીવતત્ત્વ છે. સમજાણું કાંઈ? અને પુણ્ય ને પાપના ભાવ થાય મળ—મેલ એ તો આસ્રવતત્ત્વ છે, મેલ છે. ભગવાન આત્મામાં અનંત ગુણ છે. આવા આઠ ગુણ તો છે એ ઉપરાંત અનંત. સાધારણ અનંત. સાધારણ એટલે? અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, દ્રવ્યત્વ એ આત્મામાં પણ છે, પરમાણુમાં પણ છે, છ દ્રવ્યમાં છે.

ભગવાને છ દ્રવ્ય જોયા છે. તીર્થંકર પરમાત્માએ કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા જાતિએ, સંખ્યાએ અનંત. અનંત આત્મા, અનંત પરમાણુ, આ પરમાણુ અનંત છે કટકા કરો તો અનંત છે, કર્મ રજકણો. એક કાળ છે અણુ અસંખ્ય સૂક્ષ્મ. ચૌદ બ્રહ્માંડમાં આકાશમાં ભગવાને જોયેલા અસંખ્ય કાળાણુઓ અરૂપી. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. એ જીવ અને જડ ગતિ કરતા નિમિત્તરૂપે ધર્માસ્તિકાય ચૌદ બ્રહ્માંડમાં ભગવાને જોયું છે. એક જીવ જ્યારે સ્થિર થાય ત્યારે સ્થિર(માં નિમિત્ત) અધર્માસ્તિ નામનું તત્ત્વ છે. અને એક આકાશ સર્વવ્યાપક અંદર અમાપ... અમાપ... અમાપ... અમાપ ચાલ્યું જાય આકાશ. ક્યાંય હદ ને માપ નથી એવું આકાશ. ભગવાન કેવળજ્ઞાનીએ (આવા) છ દ્રવ્ય જોયા છે. ભગવાન જાણે. ત્રિકમભાઈ! કાંઈ ભાન ક્યાં હતું, બધી ખબર છેને અમને તો. જૈન કહેવા કોને? વાડામાં બેઠા એટલે (જૈન થઈ ગયા)? સમજાણું કાંઈ? આરે..! ભારે વાત આકરી.

અનંત તો આત્મામાં સાધારણ ગુણ છે એમ ભગવાન કેવળીએ ભગવાને કહ્યું છે. સાધારણ

એટલે અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ એવા અનંત ગુણ છે આત્મામાં. એવા રજકણમાં પણ અનંત ગુણ છે, આ પરમાણુમાં હોં! એક એક રજકણમાં. ભગવાને એવા અનંત ગુણ જોયા છે. અને અનંતા તો અસાધારણ ગુણ છે. છોટાભાઈ! જુઓ પાઠ છે સંસ્કૃતમાં. **'साधारणासाधारणरूपानन्तगुणाः'** એક આત્મામાં અસાધારણ એટલે જ્ઞાન, દર્શન, આનંદ એ જડમાં નથી માટે અસાધારણ કહેવાય. અસ્તિત્વ—હોવાપણું, વસ્તુત્વ, પ્રમેયત્વ એ બીજામાં પણ જડમાં પણ છે અને આત્મામાં પણ છે માટે એને સાધારણ કહેવાય. અને આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ છે એ જડમાં નથી માટે અસાધારણ કહેવાય. એવા અસાધારણ ગુણ આત્મામાં અનંત છે.

મુમુક્ષુ :— છએ દ્રવ્યમાં?

ઉત્તર :— છએ દ્રવ્યમાં અનંત છે. આ એક એક.. આ તો વસ્તુ છે કે નહિ? આ તો ઘણા રજકણનો પિંડ છે. આ ક્યાં મૂળ ચીજ છે? એનો ટૂકડો, છેલ્લો ટૂકડો લ્યો તો એને પરમાણુ ભગવાન કહે છે. પરમાણુ, એક રજકણ એ રજકણમાં અનંતા ગુણ છે ભગવાન કહે છે. સાંભળ્યા છે કે દિ'? બહારમાં ને બહારમાં મફતમાં, મોટપમાં મરી ગયો એમાં. સમજાણું કાંઈ? આહા..હા..! સાધારણ, અસાધારણ અનંતા ગુણ સાંભળ્યા હતા કોઈ દિ' ચોર્યાશી વર્ષમાં? વડાલના શેઠ છે એ તો. કહો, સમજાણું કાંઈ? ભુરાભાઈ છેને. પોરબંદર નહોતા ભુરાભાઈ? આ એમના કાકા છે ન્યાલભાઈ. વડાલ, વડાલ. ભુરા ભુધર ઈ આ ન્યાલભાઈ. વડાલના છેને. ચોર્યાશી વર્ષની ઉંમર છે. ન્યાં અપાસરાના આગેવાન પાટ પાસે બેસનારા. કહો, સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન આત્મામાં અનંત ગુણ (છે) એમ ભગવાન કહે છે. એની સન્મુખ જા. આ સાધારણ, અસાધારણ જુદી જાત છે. અહીં સાધારણ એટલે શું? એ આવે છેને? સાધારણ વનસ્પતિ નથી આવતી? એક શરીરમાં અનંતા જીવ આવે છેને? આ નિગોદ બટાકા, શકરકંદ એમાં એક શરીર છે, એક કટકી લ્યોને તો એમાં અસંખ્ય તો શરીર છે. આ બટાકા, શકરકંદ, ડુંગળી, લસણ એક કટકી કંદમૂળ આટલી કટકી લ્યો તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે. એ એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. સમજાણું? એને સાધારણ કહીએ. સાધારણ એટલે શું? શરીર એક અને જીવ અનંત એનું નામ સાધારણ અને શરીર એક ને જીવ એક એનું નામ અસાધારણ. આ લીમડો, પીપળો એ એક પાંદડુ છેને એમાં અસંખ્ય શરીર છે એટલે એક એક શરીરમાં એક જીવ છે. એટલે એક શરીરમાં એક જીવ એને અસાધારણ કહીએ. પ્રત્યેક કહો કે અસાધારણ કહો. અને એક શરીરમાં અનંત જીવ એને સાધારણ કહીએ. પ્રત્યેકને અસાધારણ અને એક (શરીરમાં) અનંતને સાધારણ.

એમ આ આત્મામાં સાધારણ ગુણ એટલે શું? કે, આત્મામાં પણ એક હોવાપણાનો ગુણ છે, પરમાણુમાં પણ છે, ધર્માસ્તિમાં છે, છએ દ્રવ્યમાં છે માટે એ અસ્તિત્વ ગુણને સાધારણ કહેવામાં આવે છે. આમાં પણ છે, છએમાં છે માટે. એવા સાધારણ ગુણો આત્મામાં અનંતા, પરમાણુમાં અનંતા, છએ દ્રવ્યમાં અનંતા (છે).

હવે અસાધારણ. આત્મામાં જ્ઞાન છે એ પરમાણુમાં નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળમાં નથી માટે એ જ્ઞાનને અસાધારણ ગુણ કહીએ. એવો આનંદ. આનંદ આમાં છે, એ આનંદ જડમાં નથી, શરીરમાં નથી, પૈસામાં નથી, બહારમાં નથી. એ અસાધારણ એટલે આત્માનો ગુણ કહેવાય. એમ દર્શન અસાધારણ ગુણ. સમજાય છે? એવા એવા અસાધારણ ગુણ એક આત્મામાં અનંતા છે. સમજાણું કાંઈ? એટલા આંકડાના પૈસા પણ ન હોય એની પાસે. ભારે વાત!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... કોને કહેવા? કાંઈ સમજે નહિ એમાં શું કહે છે એ સમજ્યા વિના ... થઈ ગયો? એણે કહેલા નવ તત્ત્વ ભિન્ન ભિન્ન એમાં આત્મતત્ત્વ શું, વિકાર આસ્રવતત્ત્વ શું, આ જડ તત્ત્વ શું, આ જડનું પરતત્ત્વ તે મારાથી થાય? આમ તો બોલે, અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. નથી બોલતા? ભાન કે દિ' છે પણ અજીવને જીવ માનવો કોને કહેવો ઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મિથ્યાત્વ આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાનનું ભાન જોઈએ, એ વિના ક્યાંથી ઓળખે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ પાછો ઓળખતો નથી. પણ ઓળખાણ આ. ઓળખાણ કહીને, આ ઓળખાણ વિના શી રીતે થાય એને? આમ તો બોલતો નથી? .... પાંચમા સૂત્રનો બોલે છે ગડિયો. હાંકે રાખે. ખબર ન મળે કાંઈ કે અમાર્ગ કોને કહેવો અને માર્ગ કોને કહેવો. એમને એમ બધા હાંકે રાખ્યા છે ગાડાં બધાએ. અહીં તો વીતરાગ કહે છે ઓળખાણ કર પહેલી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધર્મ એટલે શું પણ? ધર્મ એટલે વીતરાગે કહેલો ઈ. 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' કેવળી પણ્ણત્તો શું કહે છે એની ખબર ન મળે તો ધર્મ ક્યાંથી આવી ગયો? સમજાણું કાંઈ? બોલે ખરા માંગળિકમાં બોલે છે કે નહિ? 'કેવળી પણ્ણત્તો ધમ્મો' આવે છે કે નહિ? એ કેવળી પણ્ણત્તો શું હશે? કેવળીએ શું કહ્યું હશે? ... મોઢા આગળ બેસાડે ખુરશીએ ઓહો..હો..! જાવ મરો માનમાં બધા. સુમનભાઈ! વાત તો એમ છેને ભાઈ! અહીં તો સાચી વાત છે

એમ છે.

અહીં તો કહે છે, આહા..હા..! જુઓ! આ ગુણ નવી જ વાત છે. આમાં છે બીજે આવી વાત ક્યાંય નથી. એ આમણે જ ખુલાસો કર્યો છે, યોગીન્દ્રદેવે. ... એક આત્મામાં અનંતા તો સાધારણ ગુણો છે કે જે બીજામાં છે અને આમાં પણ છે. અને અસાધારણ જે આમાં જ છે અને બીજા જડમાં નથી એવા એક આત્મા દેહમાં ભગવાન બિરાજમાન ચૈતન્યતત્ત્વ નવમાં એમાં અનંતા અનંતા ગુણો પડ્યો છે અત્યારે. સમજાણું કાંઈ?

'**તાત્પર્ય યહ હૈ, કિ સમ્યક્ત્વાદિ જિન શુદ્ધ ગુણસ્વરૂપ જો શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય હૈ.**' શું કીધું હવે? કહે છે કે, હવે આદરણીય શું આમાં બધી વાત કરી એમાં? અમારે કરવાનું શું? કે, આત્માનું સમ્યગ્દર્શન આદિ ગુણ, નિર્મળ પર્યાય એવો જે જેમાં ભળ્યો એવો નિજ શુદ્ધ ગુણસ્વરૂપ, નિજ શુદ્ધ ગુણ અનાદિ-અનંત એવા ગુણસ્વરૂપ ભગવાન આત્મા એ જ ઉપાદેય નામ શ્રદ્ધા કરવા લાયક, સમ્યગ્દર્શનમાં એ આત્મા આદરવા લાયક છે. આહા..હા..! છે શબ્દ પડ્યો છે કે નહિ? આહા..હા..!

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ અનંત જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણનો દરિયો-સાગર આત્મા છે. ચૈતન્ય રત્નાકર, ભગવાને એને ચૈતન્ય રત્નાકર કહ્યો છે. ચૈતન્યના રત્નથી ભરેલો દરિયો. આહા..! એ પુણ્ય ને પાપના વિકલ્પ, દયા, દાનના વિકલ્પ ઉઠે એનાથી રહિત, કર્મથી રહિત, શરીરથી રહિત, અનંત ગુણથી સહિત. એવા અનંત ગુણસંપન્ન ભગવાન એની દૃષ્ટિ કરી અને એ આદરણીય લાયક છે, બીજું કોઈ આદરવા લાયક છે નહિ. કહો, સમજાણું કાંઈ?

એ ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ અનંત ગુણનો પિંડ ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદથી ભરેલો એ જ અંદર શ્રદ્ધવા ને આદરવા લાયક છે. પુણ્ય-પાપ ને શરીર-વાણી આદિ એ આદરવા લાયક નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? બરાબર છે? આ પ્રકાશથી થાય તો મને સુખ પડે, કહે છે કે, એ મિથ્યાત્વ છે. એમ કહે છે. પણ એ રળે કાંઈક ઠીક તો ઠીક પડેને જરીક. નથી કીધું કે, હજી છે અંદર પડ્યું છે. કહે છે કે, મારા સિવાય પરદ્રવ્ય... હવે લ્યો! ચાલો. એ પ્રકાશનો આત્મા એ પર છે, એના શરીર એ પર. એ પરમાં મને ઠીક હોય તો મને સુખ થાય અને અઠીક હોય તો મને દુઃખ થાય એને ભગવાન મિથ્યાદૃષ્ટિપણું મિથ્યાત્વ કહે છે. કેમકે પરનાથી સુખ નથી થતું, પરનાથી કંઈ દુઃખ થતું નથી. છતાં પરનાથી કહે મને સુખ થાય એ માન્યતા મિથ્યાદૃષ્ટિ મૂઢ વીતરાગની આજ્ઞા નહિ માનનારની છે. હાલતું નથી એમ કહીને તમને દુઃખ થાય છે, એ નથી હાલતું માટે દુઃખ થાય છે એટલે દુઃખમાં એ કારણ છે, એ દુઃખદાયક છે એમ માનવું એ મૂઢ છે એમ કહે છે. પર દુઃખદાયક નથી. એ તો

જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવા લાયક વસ્તુ છે. આ જ્ઞાન એને જાણે કે આ જડ છે બસ એટલું. એ ઉપરાંત કરે કે, મને દુઃખદાયક છે (એ) મિથ્યાભાવ છે. સમજાણું કાંઈ? ૬૧ ગાથા થઈ. ૬૨.

'**આગે વિષય-કષાયોમેં લીન જીવોંકે જો કર્મપરમાણુઓંકે સમૂહ બંધતે હૈં, વે કર્મ કહે જાતે હૈં, એસા કહતે હૈં** –' ભગવાન કહે છે કે, જે આત્મા પોતાનો સ્વભાવ છોડી, દૃષ્ટિ, જ્ઞાન છોડી અને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં શુભાશુભ ભાવ કરે છે અને કષાય કરે છે એનાથી નવા કર્મ બંધાય છે. એ રજકણની ધૂળને કર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

૬૨) **विसय-कसायहिँ रंगियहँ ते अणुया लग्गंति।**
**जीव-पएसहँ मोहियहँ ते जिण कम्म भणंति।।६२।।**

આત્માના સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એનો અંતર શ્રદ્ધા, જ્ઞાનનો અંતર વિષયને છોડી દઈ એકલા પાંચ ઇન્દ્રિયના વિષયો પરનું લક્ષ કરી અને કષાય પુણ્ય-પાપના ભાવનો કષાય સેવી, '**રાગી મોહી જીવોંકે...**' એવા પરપદાર્થ ને વિકારમાં રાગી અને પરમાં પ્રેમવાળા મોહી જીવોને '**જીવકે પ્રદેશોંમેં...**' આ આત્મા અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. '**જો પરમાણુ લગતે હૈં, બંધતે હૈં,...**' જે નવા રજકણ ચોંટે છે, ધૂળ, ધૂળ, ઝીણી ધૂળ '**ઉન પરમાણુઓંકે સ્કંધોં (સમૂહોં) કો...**' એ પરમાણુના સ્કંધના સમૂહને '**જિનેન્દ્રદેવ કર્મ કહતે હૈં.**' જિનેન્દ્રદેવ તેને કર્મ કહે છે. કર્મની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ?

લોગ્ગસમાં નથી આવતો એક શબ્દ? એક શબ્દ આવે છે 'વિહુયરયમળા'. ઈ તો ગયું ન્યાં. કોને ખબર છે વિહુયરયમળા શું અને પહીયજરમરણા શું? વિહુય એટલે ટાળ્યા છે રજ એટલે ઝીણી ધૂળ અજીવતત્ત્વ. રજ છે એ અજીવતત્ત્વ કર્મ છે. અને મળ છે તે પુણ્ય-પાપનો મેલ વિકારી ભાવ છે. એ વિકારી ભાવ મેલ છે પુણ્ય-પાપ અને રજકણ અજીવ તે જડ અજીવ છે. એને ટાળ્યા એવા ભગવાનને સિદ્ધ ભગવાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા તો કેટલી વાર હાંક્યા હશે ગાડાં. ઈ રજકણ કેવા છે એની વ્યાખ્યા ચાલે છે અહીં. એ રજકણ કેમ બંધાણા? કે, જીવ પોતાના શુદ્ધસ્વરૂપને ભૂલી અને મળ, ઓલો મળ છેને? વિષય કષાયના મળ-મિથ્યાભાવ કર્યો, વિષય કષાય એટલે પર ઉપર જોયું અને સ્વને જોવું છોડી દીધું. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે એને જોવું છોડી દીધું. આમ જોયું. પરને જોઈને જે રાગ થયો, પરને જોઈને જે દ્વેષ થયો એવા વિષય કષાયના મિથ્યાત્વ ભાવથી જે નવા કર્મના રજકણ ચોંટે છે તેને જિનેન્દ્રદેવ કર્મ કહે છે. ... એમ છે, જુઓ '**जिण कम्म भणंति**'. જિનેશ્વર તેને કર્મ કહે છે.

ત્રણ વાત આવી ભાઈ એમાં. એક તો ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ (છે) એ પોતાનો

વિષય એટલે શ્રદ્ધા, જ્ઞાન એને કરવું છોડી દઈ, પોતાને જાણવું, દેખવું, શ્રદ્ધવું છોડી દઈ, પરની ચીજને જાણવા, દેખવામાં રોકાઈને રાગ-દ્વેષ ભાવ કર્યા એ મિથ્યા ભાવથી વિષય ફેરવ્યો, આમ જોઈને આમ ફેરવ્યો. એ પરના વિષયમાં મિથ્યાભાવથી રાગ-દ્વેષ જે કર્યા એ મેલ થયો અને એ મેલ એ અરૂપી જીવની વિકારી દશા થઈ. આસ્રવ એનાથી નવા રજકણ બંધાય એ જડકર્મ એને ભગવાન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**ભાવાર્થ :-** હવે કહે છે, '**શુદ્ધ આત્માકી અનુભૂતિસે ભિન્ન જો વિષયકષાય ઉનસે રંગે હુએ...**' શું કહે છે? ભગવાન આત્મા એ પુણ્ય-પાપના શુભ-અશુભ ભાવથી પણ ભિન્ન એવા આત્માનો જે અનુભવ, એવો આત્મા શુદ્ધ ચિદાનંદની શ્રદ્ધા, જ્ઞાનનો અનુભવ, એનાથી જુદા વિષયકષાય. શું વ્યાખ્યા કરી? આત્મા જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એનો અનુભવ, એના સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા એવો જે ધર્મમાર્ગ-મોક્ષમાર્ગ એનો અનુભવ, એનાથી વિપરીત વિષય ને કષાય. રતિભાઈ! શુદ્ધ ચૈતન્યપ્રભુ ચિદાનંદમૂર્તિ, જ્ઞાનનો કંદ, જ્ઞાનસૂર્ય પ્રભુ એનો અનુભવ, પુણ્ય-પાપના રાગ વિનાની દશાવાળો ભાવ એને અહીંયા અનુભૂતી કહે છે.

ભગવાન આત્માનો અનુભવ એટલે કે ધર્મ એટલે કે મોક્ષનો માર્ગ. શુદ્ધ ચૈતન્યની અનુભવ દૃષ્ટિ. એનાથી ભિન્ન જુઓ! અહીં પર્યાયથી ભિન્ન ભાઈ કહ્યું છે. શુદ્ધ આત્મા એ દ્રવ્ય કીધું, શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય એ વસ્તુ. શુદ્ધ ચૈતન્ય પદાર્થ અનાદિ-અનંત, અનંત આનંદકંદ સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ ધ્રુવ પોતાનું એનો અનુભવ એ પર્યાય થઈ. એના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા એ વીતરાગી પર્યાય. વીતરાગી કેવળી પણ્ણત્તો ધમ્મો ઈ. એ આત્માના અવલંબે જે વીતરાગી-રાગ વિનાની અનુભવ દશા થવી એનું નામ આત્માના અનુભવની નિર્મળ સંવર-નિર્જરા પર્યાય કહેવાય છે. આ એનાથી વિપરીત વિષયકષાય. પરને વિષય કરીને ઠીક માન્યું એ મિથ્યાત્વ ભાવ થયો. વળી વિષય કરીને પ્રેમ માન્યો કે વિષયમાં સુખ છે, ભોગમાં એ માન્યું એ મિથ્યાત્વ ભાવ છે. એ આત્માના અનુભૂતિથી વિપરીત ભાવ થયો.

નવ તત્ત્વમાં જીવતત્ત્વ આ શુદ્ધ આત્મા, જ્ઞાનની મૂર્તિ, અનંત ગુણનો પિંડ એ શુદ્ધાત્મા એ વસ્તુ આત્મા. હવે એની અનુભૂતિ એ સંવર-નિર્જરા. એનો અનુભવ કરવો નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ અંદરમાં આત્માના અવલંબે વીતરાગી દશા પ્રગટ કરવી એ સંવર-નિર્જરા. એટલે જીવતત્ત્વ થયું, આ સંવર-નિર્જરા. એ સંવર-નિર્જરાથી ઉલટુ શુભ ને અશુભભાવ, પરના લક્ષે કરેલો શુભ ને અશુભભાવ. એવો જે મિથ્યાત્વભાવ સહિતનો શુભાશુભભાવ એમાં રંગાયેલો જીવ એને નવા કર્મ બંધાય એ રજકણને જડકર્મ કહેવામાં આવે છે. એ અજીવતત્ત્વ. આહા..હા..! કહો, ...ભાઈ!

એમાં બધા આવી ગયા નવ તત્ત્વ. એ તો એવી શૈલી વીતરાગની છે. શુદ્ધ વસ્તુ જે

ચિદાનંદ સૂર્ય પ્રભુ એ જીવ શુદ્ધાત્મા છે ઈ. એનો અનુભવ અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ વિના અંતરના આનંદનો અનુભવ, એ આનંદનું વેદન, શાંતિનું વેદન, રાગ વિનાની પર્યાય અનુભવની થવી એનું નામ સંવર અને નિર્જરા. એવી અનુભૂતિથી વિપરીત, એ પ્રગટ ન કરતા એનાથી વિપરીત પુણ્ય ને પાપ ને પરલક્ષ કરીને ... એવો મિથ્યાત્વ ભાવ, એ મિથ્યાત્વ અને શુભાશુભમાં રંગાયેલો ભાવ એ આસ્રવતત્ત્વ. આ એનાથી બંધાણું જડ તત્ત્વ એ અજીવતત્ત્વ. આમાં સાંભળવામાં પણ એકાગ્રતા (જોઈએ), નહિતર સમજાય એવું નથી આ. ઓલી એક વાર્તા, કથા હોય તો દીધે રાખે કે, રાજા થઈ ગયો ને રાણી થઈ ગઈ, જાવ. સમજાણું આમાં?

એક શબ્દમાં મુક્યું જુઓ! શુદ્ધાત્મા એક દ્રવ્ય, અનુભૂતિ એનો મોક્ષનો માર્ગ નિર્મળ સમ્યગ્દર્શન આદિ એનાથી ભિન્ન વિષય કષાય એટલે મિથ્યાત્વ રાગ-દ્વેષ જે કષાય એનાથી રંગાયેલો જીવ એવો '**આત્મજ્ઞાનકે અભાવસે...**' એને ભગવાન આત્માનું જ્ઞાન ન મળે કે, હું આત્મા આનંદ અને શુદ્ધ છું. એના અભાવથી એટલે મિથ્યાત્વ ભાવથી '**ઉપાર્જન કિયે હુએ મોહકર્મકે ઉદયકર પરિણત હુએ, એસે રાગી, દ્વેષી, મોહી, સંસારી જીવોંકે કર્મવર્ગણા યોગ્ય જો પુદ્ગલસ્કંધ હૈં,...**' કર્મયોગ્ય રજકણ સ્કંધ પિંડ જડ. '**વે જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર કર્મરૂપ હોકર પરિણમતે હૈં.**' એને કર્મ ભગવાને કીધા છે. સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ' છેને ભાઈ! એટલે પરમાત્મા એટલે એનું મૂળ સ્વરૂપ જ દ્રવ્ય સ્વરૂપ પરમાત્મા છે. એવું પરમ સ્વરૂપ અનંત ગુણનો ધણી એની દૃષ્ટિ સમ્યક્ અનુભવ દૃષ્ટિ, વિના એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન એવા સંવર વિના આત્માના ભાન વિના, સંવર વિના જે પરના લક્ષે ઉપાર્જેલા પુણ્ય ને પાપના મિથ્યાત્વ સહિતનો ભાવ. કારણ કે, આ શ્રદ્ધામાં ન લીધો એટલે રાગ-દ્વેષ આદિ આ હું છું એમ માનેલો પુણ્ય-પાપ ભાવવાળો મિથ્યાત્વ ભાવ એનાથી રંગાયેલો જીવ એને નવા કર્મ બંધાણા એ અજીવતત્ત્વ બંધાણું. કહો, ભીખાભાઈ! અરે..! એને પોતાની વાત શું છે એ કોઈ દિ' સાંભળી નહિ. આ પાંચ પચાસ વર્ષનું જીવન મનુષ્યનું અનંત કાળમાંથી નીકળ્યો માંડ માંડ. નિગોદમાંથી, બટાટામાંથી, શકરકંદમાંથી માંડ માંડ (નીકળ્યો) એમાં આ વાત સાચી શું સાંભળવા મળે નહિ. હવે કે દિ' એનો નિસ્તાર થાય. આહા..! પાછા એના ઈ ચોર્યાશીની ઘાણી. આ પાંચ, પચાસ વર્ષ જિંદગી કેટલી? અનંત અનંત કાળ. આહા..હા..! ક્યાં નિગોદ, ક્યાં શકરકંદ, ક્યાં બટાટા... અનંતમાં રખડ્યો. રખડતા રખડતા માંડ મનુષ્યદેહ (મળ્યો). એમાં વીતરાગનું કહેલું તત્ત્વ સત્ય જ્યાં સાંભળવા મળે નહિ. ત્રિકમભાઈ! એને સમજે કે દિ'? એના નિસ્તાર કે દિ' આવે? ભાઈ! બાપુ! એ ન્યાં કોઈ હાલ નાખે એવું નથી. આહા..હા..! શું થાય? કોણ કોનો બેલી, કોણ કોનો ...? ભગવાન સર્વજ્ઞ પ્રભુ પરમેશ્વર એમ ફરમાવે છે, ભાઈ! તું તો અનંત ગુણનો ધણી આનંદ શુદ્ધ ચૈતન્ય છોને ભાઈ! હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ શ્રદ્ધા, જ્ઞાન એના કરવા ઈ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ તો પણ તમને ખ્યાલ આવે છે કે નહિ? આ ખ્યાલ આવે છે કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ... એનો આ શબ્દાર્થ છે, ...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઘરનું એ વસ્તુ જ નથી, વાત જ બધો ફેર છે. એ બનાવટી વાત છે બધી. પણ ખબર છેને બધી એમાં. કાંઈ વાતની ખબર ન મળે ભાઈ! વીતરાગે કહેલા તત્ત્વની કાંઈ (ખબર ન મળે). એ તો ગોળે ગોળા (છોડે) અને સામે સાંભળનાર જી મહારાજ (કરે).

મુમુક્ષુ :— ....

ઉત્તર :— પોતાના જ અર્થ કરે છે ઘરના. ખબર નથી ને ક્યાંથી કરે એ. અહીં તો કહે છે... સાંભળો!

આ છેલ્લો સરવાળો હવે. એક થોડો શબ્દ છેને. ચૈતન્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત ગુણનો પિંડ પ્રભુ આ એનું અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન એને શ્રદ્ધવો, માનવો અને અનુભવવો જોઈએ. એનું નામ ધર્મ, બાકી કોઈ ક્રિયાકાંડ, દયા-દાનના વિકલ્પો એ ધર્મ-બર્મ નથી. એવા ધર્મના ભાન વિના પરને વિષય કરીને મિથ્યા ભાવે, આ હું ઠીક કરું છું પરનો વિષય, વિષય એટલે લક્ષ ઠીક કરું એવા મિથ્યાત્વભાવ સહિત જે પુણ્ય-પાપના ભાવ એનાથી જીવ રંગાયેલો નવા રજકણ કર્મને બાંધે છે, એથી ચાર ગતિમાં રખડે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૩, રવિવાર, તા. ૭-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૨, ૬૩, પ્રવચન-૪૪**

'પરમાત્મપ્રકાશ' ૬૨મી ગાથા પહેલા ભાગની. ભાવાર્થ લઈએ જુઓ ફરીને. અહીંયા આત્માને કર્મના રજકણોનું બંધન કેમ છે એ વાત સિદ્ધ કરવી છે. જુઓ! આ સર્વજ્ઞે કહેલા તત્ત્વો

કઈ રીતે છે એ એક શૈલીમાં બધી વાતો સિદ્ધ કરતા જાય છે. સમજાણું કાંઈ? જેવું જડનું સ્વરૂપ, વિકારનું સ્વરૂપ, ધર્મનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ કેવી રીતે છે એ એક એક બોલમાં બધું સિદ્ધ કરતા જાય છે. શું કહે છે? જુઓ!

**ભાવાર્થ :-** '**શુદ્ધ આત્માકી...**' પહેલો શબ્દ છે. શુદ્ધ આત્મા એટલે દ્રવ્ય લીધું વસ્તુ. શુદ્ધ આત્મા જ્ઞાયકસ્વરૂપ એની અનુભૂતિ, એનો જે અનુભવ એટલે પર્યાય લીધી. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા દ્રવ્ય તરીકે વસ્તુ, એનો અનુભવ—એ શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની અનુભૂતિ એને અહીંયા સંવર નિર્જરા તત્ત્વની પર્યાય નાખી. સમજાણું કાંઈ? '**અનુભૂતિસે ભિન્न...**' એવી પર્યાયથી જુદી જાત. '**વિષયકષાય ઉનસે રંગે હુએ...**' આત્મામાં... જુઓ! આ ત્રણ બોલ સિદ્ધ કર્યા. એક તો વસ્તુ શુદ્ધ આત્મા, એનો અનુભવ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ, જેવું સ્વરૂપ છે એવો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન એટલે કે સંવર અને નિર્જરા. એનાથી વિરુદ્ધ જે વિષયકષાયના ભાવ એટલે આસ્રવ અને ભાવબંધ સિદ્ધ કર્યો. સમજાણું કાંઈ? આવી ચીજ બીજે ન હોય. પર્યાય ને દ્રવ્ય ને વિપરીત ને અવિપરીત આ બધું વાસ્તવિક તત્ત્વ શું છે એમ તત્ત્વની સાબિતી કરતા કર્મનું બંધન કેમ હતું એમ સિદ્ધ કરતા જાય છે. સમજાણું કાંઈ?

'**વિષયકષાય ઉનસે રંગે હુએ...**' એટલે કે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય, આત્મા ભગવાન સૂર્ય સ્વભાવ છે આત્માનો. એનો અનુભવ જોઈએ એ અનુભવના અભાવમાં વિષય અને કષાય એટલે પર તરફના લક્ષથી, પરનો વિષય લક્ષ બનાવી અને મિથ્યાત્વ ભાવ ઉત્પન્ન કરી અને એની સાથે રાગ-દ્વેષના ભાવ થયા એ આસ્રવ અને બંધ ભાવ, બંધભાવ થયો. એ આસ્રવ અને ભાવબંધથી રંગાયેલો શુદ્ધ આત્મા પર્યાયમાં. આહા..! સમજાણું કાંઈ? એવા '**આત્મજ્ઞાનકે અભાવસે ઉપાર્જન કિયે...**' ફરીને વાત લીધી. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત છે, ચૈતન્યસૂર્ય આત્મા પ્રકાશની મૂર્તિ (છે). એવો જે ભગવાન શુદ્ધ આત્મા પોતાનો એના જ્ઞાનનો અભાવ, એના જ્ઞાનનો અભાવ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું જે જ્ઞાન જોઈએ અંતર્મુખ એનો અભાવ, એનાથી ઉપાર્જન કર્યા-એનાથી ઉત્પન્ન કર્યા મોહકર્મ. એનાથી ઉપાર્જન થયેલું જડકર્મ એટલે મોહકર્મ. એ જડ સિદ્ધ કર્યું અજીવ. મોહકર્મ અજીવ સિદ્ધ કર્યું અને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનો આત્મજ્ઞાનનો અભાવ. પહેલા અનુભૂતિથી વિપરીત કહ્યું હતું. એવા આત્મજ્ઞાન જે આત્મ વસ્તુ શુદ્ધ ચિદાનંદ એના જ્ઞાનના અભાવે ઉપાર્જન નામ ઉત્પન્ન કર્યા મોહકર્મ, એનાથી ઉદયકર, એ કર્મના ઉદયકર પરિણત હુએ. વળી કર્મના નિમિત્તમાં પરિણમનારો જીવ આત્મજ્ઞાનને અભાવે મોહ અને રાગ-દ્વેષપણે થયો.

'**ઐસે રાગી, દ્વેષી, મોહી, સંસારી જીવોંકે...**' આટલી વાત કરી. શશીભાઈ! જુઓ!

આ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોય નહિ. આવા તત્ત્વની સ્થિતિનું વિપરીતપણું કે અવિપરીતપણું કે બંધન અને એના કર્મના રજકણો, એના ફળમાં જોડાણ ને એમાં થતો રાગ-દ્વેષ, મોહ ભાવ. એવા જીવોને, **'કર્મવર્ગણા યોગ્ય જો પુદ્‌ગલસ્કંધ હૈં,...'** એવા જીવને પરમાણુમાં 'કર્મ થવાને યોગ્ય' શબ્દ વાપર્યો છે. જોયું? કર્મવર્ગણા યોગ્ય જે પુદ્‌ગલસ્કંધ છે એ જગતના પુદ્‌ગલસ્કંધ અજીવ સિદ્ધ કર્યા, જુદા. **'વે જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર કર્મરૂપ હોકર પરિણમતે હૈં.'** જુઓ! ભાષા જુઓ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સત્-શાશ્વત જ્ઞાન અને આનંદનું એનું રૂપ છે વસ્તુ. ચૈતન્યજ્યોત પદાર્થ એની અનુભૂતિથી વિપરીત વિષયકષાયના પરિણામ એનાથી રંગાયેલો ભાવ. સમજાણું? એનાથી આત્મજ્ઞાનના અભાવે ઉત્પન્ન કરેલો મોહકર્મ જડ. ભાવ નિમિત્ત અને જડ. એના નિમિત્તમાં વળી પોતે જોડાણો ને મોહ ને રાગ-દ્વેષના પરિણામમાં પરિણમ્યો. સમજાણું કાંઈ? એવા જીવને કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલસ્કંધ પાછું એમ લીધું. ઈ પુદ્‌ગલસ્કંધ એ પરિણમ્યા આમ જુદા. પુદ્‌ગલસ્કંધ લીધા. અહીં રાગ-દ્વેષ ને મોહપણે થયો જીવ ત્યારે એના કર્મયોગ્ય સ્કંધ હતા પરમાણુના પિંડ એ આઠ પ્રકારના કર્મરૂપે થઈને, આઠ કર્મની અવસ્થારૂપે થઈને જડકર્મ થયા છે, આત્માએ એને કર્યા નથી, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ આમાં?

વસ્તુ શુદ્ધ આત્મા સિદ્ધ કર્યો. એક કોર કર્મ થવાને યોગ્ય પુદ્‌ગલ અજીવ સિદ્ધ કર્યા. અહીં આત્માના ભાન વિનાના વિષય કષાયથી રંગાયેલો જીવ... સમજાય છે? એના પોતાના જ્ઞાનના અભાવે ઉપાર્જન કરેલો મોહ. પાછો ત્યાં એકલો મોહ જ લીધો છે ભાઈ! કારણ કે, મોહમાં જોડાણો એનાથી આઠ કર્મ બંધાય છેને, એમ લીધું. પાછો ફેર કેમ પાડ્યો? કે, આત્મજ્ઞાનના અભાવે ઉપરાંત મોહકર્મ લીધું. એ માટે લીધું. સમજાણું કાંઈ?

**'મોહકર્મકે ઉદયકર પરિણત હુએ,...'** કોણ? એવો રાગી, દ્વેષી, મોહી, સંસારી જીવ. રાગ અને દ્વેષ ને પરમાં સુખ એવી મિથ્યા માન્યતા. પોતાનો આનંદ પોતામાં છે. સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા છે. એને ઠેકાણે મોહકર્મમાં પરિણિત થયેલો પરમાં સુખ છે, મને પરમાં આનંદ છે એવો મિથ્યાત્વભાવ અને ઈષ્ટ-અનિષ્ટમાં રાગ ને દ્વેષ, એ રૂપે સંસારી જીવોને કર્મવર્ગણા યોગ્ય જડ જે છે એ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ પ્રકારે, પરિણમ્યા કર્મ પરિણમ્યા છે. કેટલી વાત સિદ્ધ કરવી છે. વલ્લભદાસભાઈ! નવી વાત. રવિવાર આવે ત્યારે નવી નવી વાત આવે છે. કહો, સમજાણું? આટલી કાલ આવી હતી વાત, અહીં સુધી કાલ (આવ્યું હતું). ... ફરે ત્યારે નવું કાંઈક આવેને. સમજાણું આમાં? આ તો ઓલા હતાને, ... કાંઈ ભાન ન મળે. સમજ ન મળે, ઊંધી ઘરેડ બધી.

કહે છે, આ રીતે કર્મના રજકણો જડ બંધાયેલા, પરિણમેલા છે. એમ બે વાત કરી. એક

એક કોર આત્મા રાગ-દ્વેષ-મોહપણે પરિણમ્યો છે અને અજ્ઞાનથી ઉપાર્જેલો મોહ એમાં જોડાવાથી રાગ-દ્વેષ, મોહપણે થયો. એ થઈ છે અવસ્થા એનામાં પોતાની. સમજાય છે? હવે અહીંયા કર્મના સ્કંધો થવાને, કર્મ થવાને લાયક પરમાણુઓ છે. એ પરમાણુનો પિંડ કર્મરૂપે થાય છે એમ બેનું પરિણમન આમ સિદ્ધ કર્યું. પરિણમવું એટલે થવું, અવસ્થાનું થવું. જુઓ, આવી અવસ્થાનું થવું એ સર્વજ્ઞ સિવાય બીજે આ વાત હોય નહિ પૂરી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જૈસે તેલસે શરીર ચિકના હોતા હૈ,...**' તેલથી શરીર ચીકણું થાય. '**ઔર ધૂલિ લગકર મૈલરૂપ હોકે પરિણમતી હૈ,...**' જો ભાષા. '**જૈસે તેલસે શરીર ચિકના હોતા હૈ, ઔર ધૂલિ લગકર મૈલરૂપ હોકર પરિણમતી હૈ,...**' એમ પાછું. એ ધૂળ મેલરૂપે થઈને પરિણમે છે ત્યાં. અમથી ધૂળ હોય અહીં શરીરને તેલ ચોંટ્યું, એ ધૂળ પાછી મેલ થઈને પરિણમે છે ત્યારે એને ચોંટે છે. સમજાણું કાંઈ? '**વૈસે હી...**' એ પ્રમાણે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ અખંડાનંદ અનાદિ-અનંત ચૈતન્યજ્યોત વસ્તુ પદાર્થ છે આત્મા. અકૃત્રિમ, અણકરાયેલો નાશ ન થાય એવો અને અનંત અનંત અંદર જ્ઞાન, ચૈતન્યનું નૂર એવા પ્રકાશથી ભરેલો આત્મ સ્વભાવ છે.

'**વૈસે હી રાગી, દ્વેષી, મોહી, જીવોંકે...**' એવા જીવને જે રાગ ને દ્વેષ ને પરમાં આનંદ (છે) એમ માનનારા મિથ્યાદૃષ્ટિ '**જીવોંકે વિષય-કષાય-દશામેં...**' એના વિષય કષાય એટલે પર ઉપરના લક્ષના રાગ ને દ્વેષના લક્ષના ભાવમાં. '**પુદ્‌ગલવર્ગણા કર્મરૂપ હોકર પરિણમતી હૈં.**' જેમ ઓલા શરીરને તેલ ચોંટવાથી ધૂળ મેલ થઈને ચોંટે છે. એમ ભગવાન આત્મા અખંડ આનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના અભાનમાં રાગ ને દ્વેષ ને મોહની ચીકાશ એવી વિકારી ભાવને કરવાથી એ પુદ્‌ગલો જે પડ્યા છે એ કર્મરૂપે અવસ્થા ધારણ કરીને ચોંટે છે. કહો, સમજાણું આમાં? આ તો સમજાય એવું છે હોં! ધ્યાન રાખે છે બરાબર. ઈ ધ્યાન રાખે તો ભૂલી જાય, શરીરમાં શું છે એ ભૂલી જાય. કહો, સમજાણું આમાં?

'**જો કર્મોંકા ઉપાર્જન કરતે હૈં,...**' શું કહે છે હવે? જે ભગવાન આત્મા સચ્ચિદાનંદ, શુદ્ધ ચિદાનંદમૂર્તિ જે વિકારપણે પરિણમીને કર્મને ઉપાર્જે છે તે જ આત્મા. હવે આમ લેવું છે પાછું. શુદ્ધ જ્ઞાનઘન આત્મા, આનંદનો કંદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એનો આનંદ એનામાં છે, એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્-શાશ્વત જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ આત્મા છે. એવો આત્મા જે પોતાને ભૂલીને વિકારપણે પરિણમતો અને કર્મપણે પરિણમતા પુદ્‌ગલો એ જ આત્મા, વહી પરમાત્મા, એ જ આત્મા. '**વહી જબ વીતરાગ નિર્વિકલ્પસમાધિકે સમય...**' દેખો! ભાષા. કાળે છેને? સમાધિ કાળે... અંદર છે. એ તો હમણા બે ત્રણ બોલ

કાઢ્યા છે ભાઈ! એક તો ૧૨મી ગાથામાં આવે છેને? **'तदात्वे'**. એ આ બધી શૈલી એની લીધી છે. ૧૪૩માં આવે છે, તે કાળે, તે કાળે ૧૪૩માં તે કાળે અનુભવ કાળે એવો પાઠ આવે છે નહિ? અને ૧૪૪માં તે કાળે તે પરમાત્મા ને શ્રદ્ધા, દશ્યમાન જ્ઞાનમાં આવે છે. ૧૪૪માં. .... ૧૨, ૧૩, ૧૪૩, ૧૪૪. એ બધી શૈલી આચાર્યોએ ... વસ્તુ આમ છે. સમજાણું કાંઈ? એટલે શું? કે, આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપ અખંડાનંદ આત્મદ્રવ્ય વસ્તુ છે. એને ભૂલીને તે કાળે વિકારના પરિણામમાં રંગાયેલો તે કાળે પુદ્‌ગલના કર્મ સ્કંધ છે તે તે કાળે કર્મરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ?

એમ આ આત્મા, તે જ આત્મા ઊંધો પડ્યો હતો જે અજ્ઞાનમાં, રાગ-દ્વેષ ને મોહમાં, પરમાં આનંદ છે, પર મને ઠીક છે, પ્રતિકૂળ તે ઠીક નથી એવી રાગ-દ્વેષ ને મિથ્યાત્વની વૃત્તિ ઉત્પન્ન કરનાર, પરિણમનાર છે અને એને લઈને સ્કંધો કર્મરૂપે પરિણમતા એને ઉપાર્જ્યા એમ નિમિત્તથી કહેવામાં આવે છે. **'જો કર્મોંકા ઉપાર્જન કરતે હૈં, વહી જબ વીતરાગ નિર્વિકલ્પસમાધિકે સમય...'** પોતાના સ્વરૂપમાં અંતર દૃષ્ટિ દેવાને કાળે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો ભાવ, વિકારથી રહિત શુદ્ધ ચિદાનંદમૂર્તિ પરમ સ્વરૂપ આનંદ છું. એવી અંતરમાં દૃષ્ટિના નિર્વિકલ્પ સમાધિ, શાંતિને કાળે વીતરાગ—રાગ વિનાનો આત્મા એવી રાગ વિનાની દૃષ્ટિ જ્ઞાન કરીને નિર્વિકલ્પ સમાધિના કાળે, **'કર્મોંકા ક્ષય કરતે હૈં,...'** પહેલા અજ્ઞાનભાવે ઉપાર્જેલા કર્મો અજ્ઞાન અને વિકારથી રંગાયેલો એ કર્મ પોતે પરિણમે છે. એ જ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ કરતાં, નિર્વિકલ્પ શાંતિની દૃષ્ટિ સ્થિરતા આદિ કરતાં જે બંધાતા એ છૂટી જાય છે. અહીંથી વિકાર છૂટી જાય છે એટલે ત્યાં કર્મ પણ છૂટી જાય છે, એક કાળે. સમજાણું કાંઈ? કહો, પ્રવીણભાઈ! સમજાય છે આ? રામ... રામ... રામ... રામ... કરે એમાં આ કાંઈ બેસે અંદર?

વીતરાગ નિર્વિકલ્પ શાંતિ. એટલે શું કહ્યું? કે, જેવો ભગવાન આત્મા છે એનાથી વિરુદ્ધ ભાવ પુણ્ય ને પાપના વિષય-કષાયના મિથ્યા ભાવ ઉત્પન્ન કર્યા એ તો આકુળતા છે અને આકુળતાએ પરિણમ્યો એટલે પુદ્‌ગલો કર્મરૂપે પરિણમ્યા. એ જ આત્મા આકુળતાને છોડીને પોતાના શુદ્ધ સ્વભાવ તરફ દૃષ્ટિ કરીને નિરાકુળતાની શાંતિરૂપે પરિણમે તે જ કાળે કર્મ બંધાયેલા તે ક્ષય થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે પરમાણુ પુણ્યના હતા એ બદલી ગયા, અહીં વિકારપણે પરિણમ્યો હતો, થયો હતો એ નિર્વિકારી વસ્તુના અંતર દૃષ્ટિના અંતર આશ્રયે નિર્વિકાર નિરાકુળપણે પરિણમ્યો ત્યારે કર્મનું પરિણમન પણ ટળીને પુદ્‌ગલરૂપે થઈ ગયું. કહો, સમજાણું આમાં? ઓહો..હો..!

**'તબ આરાધને યોગ્ય હૈં,...'** એ ભગવાન આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ ચૈતન્યસૂર્ય એના

ઉપર દૃષ્ટિ આપીને એકાગ્ર થાય ત્યારે તે આત્મા સેવવા યોગ્ય અને આરાધવા યોગ્ય થાય છે. સમજાણું કાંઈ? ૬૨મી થઈ. થોડું લીધુંને, વળી થોડું ફરીને બીજું આવ્યું. એ તો ફરતા ફરતા...

'**ઈસપ્રકાર કર્મસ્વરૂપકે કથનકી મુખ્યતાસે ચાર દોહે કહે. આગે પાંચ ઈન્દ્રિય, મન, સમસ્ત વિભાવ ઔર ચાર ગતિકે દુઃખ યે સબ શુદ્ધ નિશ્ચયનયકર કર્મસે ઉપજે હૈં,...**' જુઓ! ધ્યાન રાખજો. ભગવાન સચ્ચિદાનંદ—સત્ સત્-શાશ્વત જ્ઞાન, ચિદ્-જ્ઞાન અને આનંદનો કંદ આત્મા તો છે વસ્તુ. સમજાણું કાંઈ? એ કેવો છે? વસ્તુથી જોઈએ, શુદ્ધ નિશ્ચય દૃષ્ટિથી જોઈએ વસ્તુ જ્ઞાનમૂર્તિ અનાકુળ આનંદનો કંદ તત્ત્વ દ્રવ્ય, દ્રવ્ય-વસ્તુ તો એ પાંચ ઈન્દ્રિયો જે છે એ એણે નથી ઉપાર્જી, કર્મથી થઈ છે, વસ્તુના સ્વભાવમાં એ નથી. મન એ કર્મથી થયું છે, વિભાવ કર્મથી, ચાર ગતિના દુઃખ એ બધા આત્મા અખંડ આનંદનો કંદ શુદ્ધ ચિદાનંદમૂર્તિની દૃષ્ટિએ અને એના જ્ઞાને તો કર્મ થાય નહિ અને કર્મ વિના આ ઈન્દ્રિયો આદિ મળે નહિ. ધ્યાન રાખજો, પાછું કેટલું સિદ્ધ કરતા જાય છે!

આ ભગવાન આત્મા વસ્તુ તરીકે તો નિર્મળાનંદ શાંતરસની, બરફની જેમ શીલા હોય, શીલા શું કહે છે? પાટ, આ બરફની ઠંડી પાટ. એમ આત્મા એકલો અવિકારી—કષાય રહિત શીતળ ઠંડો આત્મા શરીર પ્રમાણે ઠંડી પાટ છે અંદરમાં. હિંમતભાઈ! અંદર શીતળ... શીતળ... શીતળ... શીતળ... શીતળ... એટલે અકષાયસ્વભાવ શીતળ એટલે, એટલે કે વીતરાગ સ્વભાવ. શીતળ-ઠંડો અકષાયસ્વભાવથી ભરેલો ભગવાન એવા ભગવાન આત્માથી મન અને ઈન્દ્રિય થાય નહિ. એવા સ્વભાવથી કેમ થાય? સમજાણું કાંઈ?

એવો ભગવાન વસ્તુ તરીકે તો ચિદાનંદ શીતળ ચંદન મૂર્તિ. એમ આ આત્મા દેહથી ભિન્ન, આ તો માટી છે જડ, એના પ્રમાણમાં શીતળ, શીતળ ઠંડો અવિકારી 'વીતરાગ ચિદાનંદ' શબ્દ વાપર્યો છે શાસ્ત્રએ. વીતરાગ એટલે શાંત ચિદાનંદ એમ વાપર્યો છે. એટલે ચારિત્ર અને શાંત ભેગું લીધું ને ભાઈ! પહેલું આવી ગયું છેને? આવી ગયું હતું પહેલા. વીતરાગ ચિદાનંદ, પહેલા આવી ગયું હતું વીતરાગ ચિદાનંદ. આ અહીં આવ્યું એ ૬૦માં. '**યહ જીવ શુદ્ધ નિશ્ચયનયકર વીતરાગ ચિદાનન્દ સ્વભાવ હૈ,...**' ૬૦ના ભાવાર્થની પહેલી લીટી. ૬૦. એ શબ્દોમાં શબ્દો છે એનું વાચ્ય બતાવે છે આમ વાચ્ય. જેમ સાકર છે એ સાકર શબ્દ સાકરના ગાંગડાને બતાવે છે. સાકર શબ્દ છે એ સાકર ગાંગડાને (બતાવે છે) કે, આ સાકર. એમ આ વીતરાગ ચિદાનંદ શબ્દ છે. એ વાચ્ય શું છે? કે, આત્મા. કેવો છે? કે, અકષાય શીતળ વીતરાગ જ્ઞાનાનંદ વસ્તુનો પિંડ આત્મા છે. સમજાણું કાંઈ? ખબર ન મળે. અહીં તો રાગ ને બાયડી ને છોકરા ને પુણ્ય ને પાપ ને ધૂળ ને ધાણી. આ અમે રાગ કર્યો ને દ્વેષ કર્યો. આ ઈન્દ્રિયો માટી જડ છે આ તો. આ તો ધૂળ છે, અજીવ છે. આ આત્મા છે?

અહીં કહે છે, એવો જે ભગવાન આત્મા સત્ શુદ્ધ નિશ્ચયનયથી જોઈએ તો એમાં પાંચ ઈન્દ્રિયો ને મન ને વિભાવભાવ બધા સ્વભાવથી ઉત્પન્ન થયેલા નથી. વિભાવ કરેલો એનાથી (ઉત્પન્ન) કર્મ અને કર્મથી એ વિભાવ થયો છે, સ્વભાવમાંથી થયેલો નથી એમ સિદ્ધ કરવું છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યમાંથી તો શું થાય? નિર્મળ શાંતિ અને આનંદની દશા પ્રગટ થાય. સમજાણું કાંઈ? એ આત્મા એને કહીએ (કે) દેહના રજકણોના માટીથી ભિન્ન આખા શરીરમાં વ્યાપક. ચિદ્‌ઘન-જ્ઞાનઘન, આનંદઘન વસ્તુ એ છે. એવો શુદ્ધ નિશ્ચય સત્‌થી એને જોઈએ તો એનાથી વિકાર થાય અને ઈન્દ્રિયો, મન થાય એમ છે નહિ. એથી દ્રવ્યસ્વભાવથી ઈન્દ્રિયો, મન ન થાય એમ બતાવીને કર્મને લઈને ઈન્દ્રિયો અને મન ને વિભાવ થયા એમ બતાવવું છે. આહા..! આ કથનની પદ્ધતિ તો જુઓ 'પરમાત્મપ્રકાશ'ની! એ 'સમયસાર'ની બધી શૈલી એવી જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— ઈ કોણ, ઈન્દ્રિયો હતી કે દિ' એને. આ ઈન્દ્રિયોનો એ જાણનાર છે. આ આંખ છે, નાક છે જાણે છે કોણ? આ જાણે છે? આને ભાન છે આ કોડાને? જાણનારને ખબર છે કે, આ નાક કહેવાય, આંખ કહેવાય, મોઢું કહેવાય, હોઠ કહેવાય. એ તો જાણનારો અંદર ચૈતન્ય ભિન્ન છે.

બધાને એકરૂપે જાણનાર. એક એટલે? કે આ નાક છે એમ જાણ્યું, આંખ છે એમ જાણ્યું, હોઠ છે એમ જાણ્યું, આ હાથ છે એમ જાણ્યું. એ જાણવાનું, જાણવાનું તો એકરૂપ રહ્યું. આ જુદા જુદા અવયવો થયા. સમજાણું આમાં? ખ્યાલ છે કે નહિ? જ્ઞાન છે કે નહિ? અહીં જ્ઞાન છે કે નહિ? પેટમાં કાંઈ દુખાવો થાય તો ત્યાં પણ જ્ઞાન થાય છે કે નહિ? એ જ્ઞાન છે કે નહિ? એ જ્ઞાન એટલે આત્મા આખો. બધે જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... વ્યાપક ચૈતન્ય તે આત્મા છે. અરે..! કોઈ દિ' જોવાનો વિચાર પણ કર્યો નથી કે, હું કોણ છું. માથાકૂટ કરીને મરી ગયો અનંત કાળથી. પોપટભાઈ!

કહે છે, આમ જુઓ તો જ્યાં જોવો ત્યાં એ જ્ઞાનમય ચૈતન્ય છે. એ જ્ઞાનમય એટલે શુદ્ધ છે. એટલે કે એનું સત્ય સ્વરૂપ તે શુદ્ધ જ્ઞાનમય છે. એવું શુદ્ધ જ્ઞાનમય કહો કે શુદ્ધ આનંદ કહો કે, શુદ્ધ સ્વરૂપ કહો. એવો ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવથી કર્મ કેમ ઉપાર્જે? શુદ્ધ સ્વભાવથી વિભાવ કેમ કરે? શુદ્ધ સ્વભાવથી ઈન્દ્રિયો કેમ મળે? એવા શુદ્ધ સ્વભાવથી મન કેમ મળે? એવા શુદ્ધ સ્વભાવથી સંકલ્પ-વિકલ્પની જાળ કેમ ઉત્પન્ન થાય? એથી કહે છે કે એ બધા આત્મદ્રવ્યથી ઉત્પન્ન નહિ થયેલા, પણ કર્મ જડ જે છે એના સંગમાં એ કર્મથી આ બધા પાંચ ઈન્દ્રિય, મન આદિ થયા. એ વાત કરે છે જુઓ હવે.

'જીવકે નહીં હૈં, યહ અભિપ્રાય મનમેં રખકર દોહા-સૂત્ર કહતે હૈં -' ૬૩.

६३) पंच वि इंदिय अण्णु मणु अण्णु वि सयल-विभाव।
जीवहँ कम्मइँ जणिय जिय अण्णु वि चउगइ-ताव।।६३।।
पञ्चापि इन्द्रियाणि अन्यत् मनः अन्यदपि सकलविभावः।
जीवानां कर्मणा जनिताः जीव अन्यदपि चतुर्गतितापाः।।६३।।

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ દિવ્યધ્વનિ દ્વારા જે કહ્યું, એ સંતો આ વર્તમાન ભાષાથી કહે છે. અરે..! ભગવાન આત્મા.. જુઓ! કહે શું કહે છે? જુઓ!

**અન્વયાર્થ :— 'પાંચોં હી ઇન્દ્રિયાં...'** જુઓ! સિદ્ધ કરતા જાય છે ભાઈ! આ પાંચ ઇન્દ્રિય છે એમ સિદ્ધ કરતા જાય છે. છે, અને પાંચ છે, પાંચ છે આ જડ. સમજાણું કાંઈ? કાન, આંખ, નાક, જીભ ને સ્પર્શ. પાંચ થઈને? સ્પર્શ, સ્પર્શ. આખું બધું સ્પર્શ છે અને આ ચાર છે. જીભ, રસ, સ્પર્શ, ગંધ, રૂપ, શબ્દ સાંભળવાનું એ પાંચ ઇન્દ્રિયો આ બધી. એ છે એમ સિદ્ધ કરે છે પાછું. શરીરના અવયવો પાંચ ઇન્દ્રિયપણે થયા છે એમ સિદ્ધ કરે છે. એનાથી ભગવાન ભિન્ન છે, ભગવાનથી ઇન્દ્રિયો ભિન્ન છે. પાંચેય ઇન્દ્રિયો ભિન્ન છે. ચૈતન્યમૂર્તિ પ્રભુ એનાથી આ જડ ઇન્દ્રિયો તો જુદી છે.

**'મન ઔર રાગાદિ સબ વિભાવ પરિણામ અન્ય હૈં,...'** શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ એનાથી ઇન્દ્રિયો, મન અને ચાર ગતિના દુઃખ અને રાગાદિ ભાવ ચાર બોલ લીધા, અન્ય છે. **'હે જીવ, યે સબ જીવોંકે કર્મકર ઉપજે હૈં, જીવસે ભિન્ન હૈં, ઐસા જાન.'** કર્મકર ઉપાર્જેનો અર્થ, ભૂલ તેં કરી એ ભૂલ એનું સ્વરૂપ નથી એમ બતાવવું છે ભાઈ! આહા..હા..! ભૂલ જે થઈ એ કાંઈ એનું સ્વરૂપ છે? ભૂલ જ તારું સ્વરૂપ નથી એટલે ભૂલ જ એક કર્મ થયું, વિકાર થયો. અને ભૂલના નિમિત્તે થયું કર્મ, એ કર્મથી આ બધું થયું. તારા ભૂલરહિત સ્વભાવમાં એ છે નહિ. આહા..હા..! ભૂલ જ પોતે કરી એ જ કર્મ થયું અહીં તો કહે છે. વસ્તુમાં નથી અને ઊભું કર્યું એમ કહે છે. માટે એને જ કર્મ કીધું. એ ભાવકર્મ, જડકર્મ બધું ઈ. કહો, આહા..હા..!

મુમુક્ષુ :— ... છ કાયથી...

ઉત્તર :— છકાયથી ઓળખાવ્યા નથી, આત્માના જ્ઞાનથી ઓળખાવ્યા છે. ઓલા છકાયની દયામાં આવેને. હિંમતભાઈ! એ તો બધી વ્યવહારની વાતું.

ભગવાન આત્મા બધા શરીરમાં બિરાજમાન શુદ્ધ ચૈતન્યની આનંદની મૂર્તિ છે એને આત્મા કહીએ. અંદર પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ આત્મા છે? એ તો આસ્રવતત્ત્વ છે. એ આસ્રવ તત્ત્વ થયું. આ શરીર, ઇન્દ્રિયો, મન એ તો અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વ એ ભિન્ન છે, પુણ્ય-

પાપના ભાવ થવા એ ભિન્ન છે અને એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! આ રીતે અસ્તિપણું સિદ્ધ કરતા જાય છે અને એક બીજાથી અસ્તિ ભિન્ન છે એમ સિદ્ધ કરે છે. સંતોની, સર્વજ્ઞની ધારામાં આવેલી વાત. આહા..હા..! બધું અસ્તિત્વને સિદ્ધ કરવાની રીત અને એ અસ્તિત્વ પાછું એના સ્વરૂપમાં નથી રાગાદિ અને આ (શરીર). સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. એ જીવે બધું કર્યું નથી, કર્મે ઉપજ્યું છે. કેમકે એ જીવના સ્વભાવથી ભિન્ન ભાવ છે. ઇન્દ્રિયો, મન, રાગ, દ્વેષ, વિકાર ને ચાર ગતિના દુઃખ. ભગવાન આનંદમૂર્તિથી એ ભિન્ન છે. માટે આનંદના સ્વભાવથી થયેલા એ નથી. એની ભૂલથી થયા છે. ભૂલ તો વિકાર થયો એ તો કર્મ થયું ને બીજી ચીજ થઈ ગઈ. સમજાણું કાંઈ? એ.. પોપટભાઈ! આહા..હા..! સ્વતંત્ર ભૂલ છે ઈ, એ અવસ્થા છે, એ સ્વભાવમાં નથી. મિથ્યાત્વ ભાવ સ્વભાવમાં નથી. આ તો વીતરાગના ખેલ છે ભાઈ! આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે કહેલા તત્ત્વો (એનો) આબેહુબ ચિતાર સંતો આપે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સુખ, કોનું સુખ પણ? ચાર ગતિમાં સુખ હતું કે દિ'? ધૂળમાં. આ રાડું પાડે છે જુઓને. લાખો રૂપિયા છે તોપણ રાડું પાડે છે હજી. દુઃખી છીએ, દુઃખી છીએ. એ.. જેચંદભાઈ! આ શરીર હજી આ મોટા રાજાના કુંવર જેવું છે રૂપાળું. તોય કહે કે, દુઃખી છીએ. ધૂળ દુઃખી છે? કોણ કહે દુઃખી એને? આમ બેઠા છે. ઈ કહે છે કે, ઊભી કરી. તારામાં નથી અને ઊભું કર્યું છે એમ કહે છે. તારામાં તો આનંદ છે, તું તો જ્ઞાનાનંદ આત્મા છે. એ ભૂલ ઊભી કરી એ તારું સ્વરૂપ નથી. એ સ્વરૂપે પણ ઊભી થયેલી નથી. આહા..હા..! કર્મ એટલે શું? કે, ભૂલ તેં કરી એ ભૂલ તે કર્મ કહેવાય છે. એ કર્મ એ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્ય શીતળ, શીતળ ચંદનની ગાંઠ એવો ભગવાન આત્મા એમાં એને લઈને શું વિકાર? એને લઈને ઇન્દ્રિય મન? એને લઈને આ? અરે.. હાલ, ભગવાન! તું તો એનાથી ભિન્ન છે. એવા ભાવ થયાને એ ભાવ પણ તારા સ્વરૂપમાંથી થયા નથી. પર્યાયમાં ઊભો કરેલો ભ્રમ ઊભો કર્યો છે, એ આમાં આનંદ છે, એ આમાં સુખ છે, એ આમાં હું છું, આ રાગમાં હું છું... એવો તેં ભ્રમ ઊભો કર્યો છે. એ ભ્રમના ફળરૂપે કર્મ અને કર્મફળરૂપે આ બધું થાય છે, તારા સ્વભાવથી છે નહિ, એમ કહે છે. શશીભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એને ભાન ક્યાં છે? પણ હજી આનંદ છે ક્યાં એ ખબર નથી. ભાન ક્યાં છે? એને જાણે કે, આ બાયડીમાં આમ છે, શરીરમાં આમ છે, પૈસામાં, ધૂળમાં, આબરૂ કાંઈક

છે.. લ્યો! સમજાય છે? નાના નાના છોકરાને એવું છે, લ્યો. સવારે એક છોકરો કહેતો હતો. પુણ્યને લઈને હું જૈન છોકરો થયો પણ મારું ગોરું શરીર કેમ ન થયું? લ્યો, એમ કહેતો હતો. માણસને તો આમ આ સારું લાગે છેને. પણ આત્મા ગોરો રૂપાળો ચિદાનંદમૂર્તિ અખંડ આનંદ અનાકુળ આનંદકંદ છે, ઈ કેમ ન થયો? એમ ક્યાં એને સંસ્કાર છે? જેચંદભાઈ! કોણ તમને આમાં દુઃખી કહે? આમ આમ કરીને બેઠા છે ન્યાં. ... ભ્રમણા ઊભી કરી છે કહે છે. કોણે? પોતે. ઈ ભ્રમણા તું નથી એમ કહે છે. ભ્રમણા ઊભી કરી, (પણ એ) તું નથી, તું હોય તો ભ્રમણા જાય નહિ કોઈ દિ'. ભ્રમણા ઊભી કરી, મફતનો ભાવ ઊભો કર્યો છે. મોહ કહેવાય છેને ભાઈ! એનું નામ? મોહ એટલે નિષ્ફળ, નિષ્ફળ, નકામું, જેમાં આત્મામાં ફળ ન આવે એવી ભ્રાન્તિ ઊભી મફતનો વિકલ્પ કરીને ઊભી કરી છે. નિષ્ફળ, મોહ નિષ્ફળ, વસ્તુ સફળ છે. અખંડાનંદ ચિદાનંદ પ્રભુ એની દૃષ્ટિ કરતા એને આનંદ આવે એવો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન દુઃખસ્વરૂપ નથી. આત્મા દુઃખસ્વરૂપ? દુઃખ તો વિકૃત છે. દુઃખ કહેતા જ વિકૃત છે. આનંદ કહેતા અતીન્દ્રિય સ્વરૂપ સ્વસ્વરૂપ છે. આ સંસારની કલ્પના અહીં કરી કે, આ પૈસા, બાયડી ને છોકરા એ સુખ, એ તો એક દુઃખની કલ્પના છે, એ સુખ છે જ નહિ. મૂઢે કલ્પનામાં હું સુખી એમ માન્યું છે. સુખ તો અંદરમાં અતીન્દ્રિય આનંદનો રસકંદ પિંડ પડ્યો છે ભગવાન. સમજાય છે? એના ભાન વિના કરેલા ભાવ તે સ્વભાવથી નહિ એમ કહે છે અહીં તો. એ બધા કર્મથી થયેલા ભાવ છે લ્યો! એમ કહે છે. આહા..હા..! બે દ્રવ્ય ભાઈ લીધા અહીં તો. એક કોર જીવદ્રવ્ય શુદ્ધ, એક કોર કર્મદ્રવ્ય, એ બધું કર્મ. બધું પર છે, તારાથી છે નહિ. આહા..હા..! એઈ..!

મુમુક્ષુ :— મીઠો છેને.

ઉત્તર :— મીઠો ચડી ગયો છે ઝેરનો, દારૂ પીધો મિથ્યાત્વનો. શરીર ઠીક તો ઠીક. 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' મૂઢ છે. માળો શરીર તો માટી, ધૂળ છે આ તો. આમાં તો ઈયળ પડશે, રાખ થાશે સ્મશાનમાં એકવાર, આ ક્યાં આત્મા હતો. ચિદાનંદ અરૂપી જ્ઞાનઘન તો અનાદિ- અનંત સત્ શાશ્વત વસ્તુ છે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! એવો ભગવાન... કહે છે.... સમજાણું? એનાથી આ બધું ભિન્ન (છે). કોણ? ચાર વાત લીધી—ઈન્દ્રિય, મન, વિભાવ, ચાર ગતિના દુઃખ. ચારને ભિન્ન ત્રણ ત્રણ પછી વર્ણવશે. આચાર્યની શૈલી વીતરાગના તત્ત્વોને સિદ્ધ કરતાં કરતાં બધું સિદ્ધ કરતા જાય છે. આવું વસ્તુનું સ્વરૂપ બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? હવે કહે છે જુઓ! હવે ઈન્દ્રિયની વાત કરતા પહેલા એ ઉપાડ્યું.

**ભાવાર્થ :-** **'ઈન્દ્રિય રહિત શુદ્ધાત્માસે...'** પહેલેથી ઉપાડ્યું, આત્મા કેવો છે? કે,

આ ઈન્દ્રિય રહિત છે, આ જડથી રહિત છે, એ તો જુદી ચીજ છે. શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ. ભગવાન નિર્મળાનંદ 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. જેવા સિદ્ધ ભગવાન થઈ ગયા 'ણમો સિદ્ધાણં' એવો જ આ આત્મા સ્વરૂપે તો એવો જ છે. આહા..હા..! અરે..! પણ એની ખબરું ન મળે અને જગતનો ખબરદાર. એની એને ખબરું ન મળે અને જગતનો ખબરદાર. ખબરદાર આમ દોડ્યા કરે ચાર ગતિના રખડવામાં. દુનિયાના ડાહ્યા દુનિયામાં ઊંડા રખડવા માટે. ચૈતન્યનું ડહાપણ વસ્તુ ભગવાન આત્મા કોણ છું? કે, ઈન્દ્રિયથી રહિત ભગવાન છે આત્મા. અત્યારે હોં!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ ... દેખાડી છેને. જુઓને આ. આંખો કોની લાવવી દેખનારની? દેખવું છે આ આંખે કે એની આંખે? એની આંખે કે એના જ્ઞાન આંખે? આ તો જડ, માટી, ધૂળ છે. કોડો આ તો રાખનો બનેલો છે. દાળ, ભાત, શાક અહીં ખડકાણા ત્યારે બન્યું આવું બધું. આ ક્યાં આત્મા હતો? આત્મા અરૂપી-રૂપ વિનાની ચીજ અંદર ઈન્દ્રિય વિનાની ચીજ સચ્ચિદાનંદ અરૂપી તત્ત્વ છે એ તો. સમજાય છે કાંઈ?

'**ઈન્દ્રિય રહિત શુદ્ધાત્માસે.**' એ એનાથી વિપરીત પાછું. ત્રણપટ્ટી વાત કરે છેને. શુદ્ધાત્મા કેવો છે? કે, ઈન્દ્રિય રહિત. વળી એવો જે શુદ્ધાત્મા એનાથી ઉલટી '**સ્પર્શન આદિ પાંચ ઈન્દ્રિયા,...**' લ્યો! એ સમુચ્ચય વાત કરી. સામાન્ય ઈન્દ્રિઓ. ઈન્દ્રિય રહિત શુદ્ધાત્મા એનાથી વિપરીત પાંચ ઈન્દ્રિયો. પાછા ઈન્દ્રિયોના પ્રકાર પાડીને પાંચ ઈન્દ્રિયો અસ્તિ સિદ્ધ કરી. પહેલું સામાન્ય કહ્યું હતું. ઈન્દ્રિય રહિત સામાન્ય દ્રવ્ય, ઈન્દ્રિય સામાન્ય એનાથી રહિત દ્રવ્ય શુદ્ધાત્મ વસ્તુ. એનાથી વિપરીત પાંચ ઈન્દ્રિયના ફાંકા આ પાંચ ઈન્દ્રિય. પાંચ ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ ખુશી થાય. બીજો કોણ ખુશી થાય એવું છે? આહા..હા..! પૈસા પાંચ, પચાસ લાખના ઢગલા થાય તો ખુશી થઈ જાય. હોળી છે ત્યાં હવે. ન્યાં ક્યાં ધૂળમાં હતું મફતનું. મૂર્ખો પણ મંડ્યો છેને. ચીમનભાઈ! મૂર્ખાઈ ઠલવવા મંડ્યો બહાર. પૈસા ને બાયડી ને છોકરા પાંચ, સાત, દશ જણા હોય, દશ છોકરા ઉપાડવા કામ આવેને ચાર, એક મોઢા આગળ .... છ જણા હોય. બીજા ચાર જણા રોવા માટે સાથે રહેવા મથે. ઘરના દશ છોકરા હોય એકસાથે. ...ભાઈ! ચાર જણા ઉપાડે, એક મોઢા આગળ ઓ... કરીને નીકળે. શું કહેવાય? ઓલી દોણી લઈને. અને એક પાછળ ... લઈને. બીજા વળી ઓ... કરતાં (નીકળે). ઘરના દશ, બાર છોકરા હોય તો બધું એકસાથે ચાલે. આહા..હા..! બોલાવવા મટે કોઈને. હોળી માટેને પણ. અરે..! આહા..હા..!

ભગવાન! તું તો ઈન્દ્રિય રહિત છોને પ્રભુ. તારા સ્વરૂપમાં આ ઈન્દ્રિયોના ફાંકા આ ક્યાં છે. આ તો જડ છે, જડ છે, તું તો અરૂપી ચૈતન્ય છો. એ ઈન્દ્રિયથી રહિત સામાન્ય કહ્યું. એવો ભગવાન શુદ્ધાત્મા એનાથી વિપરીત આ ફાંકા પાંચ. એમ લીધું પાછું. એક વાત.

'**શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પસે રહિત આત્માસે...**' હવે મનને સિદ્ધ કરવું છે. કેવો છે ભગવાન આત્મા? શુભ ને અશુભ સંકલ્પ-વિકલ્પથી રહિત. દયા, દાન, પુણ્યનો ભાવ એ શુભ છે, વિકલ્પ છે, રાગ છે. અને હિંસા, જૂઠું, ચોરી એ દ્વેષ છે, રાગ છે, પાપ છે. એ બેય શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પ તે વિકાર છે, એનાથી રહિત ભગવાન શુદ્ધ ભિન્ન છે. સમજાણું કાંઈ? આ તો આત્માની ભાગવત કથા ચાલે છે આ. આહા..હા..! કહે છે, પ્રભુ! તું કેવો છો? કે, શુભ-અશુભ સંકલ્પથી રહિત. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે છે એનાથી તો તું રહિત છો. એ તો વિકાર છે. હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, વિષયવાસનાની વૃતિ ઉઠે છે એનાથી જુદી ચીજ છો. કારણ કે, આ જે છે એ તો આસ્રવ છે, એનાથી આત્મા ભિન્ન છે. આહા..! આ એનાથી વિપરીત.

અનેક સંકલ્પ-વિકલ્પ સમૂહરૂપ મન. આ મનની વ્યાખ્યા કરી. શું કીધું? પહેલી સામાન્ય વ્યાખ્યા કરી કે, શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પ રહિત એવો ભગવાન. એનાથી વિપરીત શું? અનેક સંકલ્પ-વિકલ્પ. પાછા ઓલા મનના સંબંધમાં તો અનેક સંકલ્પ-વિકલ્પ જ થાય. સમજાણું આમાં? ભગવાન અંદર સંગમાં જાય અંદરમાં તો સંકલ્પ-વિકલ્પ છે જ નહિ. અંદરમાં દૃષ્ટિ કરે તો એમાં સંકલ્પ-વિકલ્પ છે જ નહિ. અંદરમાં ક્યાં હતું વસ્તુમાં? વસ્તુમાં હોય તો કોઈ દિ' ટળે નહિ, તો સિદ્ધ કોઈ દિ' થાય નહિ. આહા..હા..! એની હજી ઓળખાણ તો કરે પહેલી. ઓળખાણ પણ ન મળે (કે) કેની કોર જાવું અને કેની કોરથી ખસવું. આહા...હા..! સમજાણું કાંઈ?

અનેક સંકલ્પ-વિકલ્પ જોયું? ઓલી સામાન્ય વાત કરી હતી. શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પ ભાઈ! પહેલી સામાન્ય કરી હતી. હવે (કહે છે), મનની સાથે તો અનેક સંકલ્પ-વિકલ્પનો સમૂહ મોટો ઢગલો. વિશેષ વાત કરી. ઈન્દ્રિયથી રહિત, એનાથી વિપરીત પાંચ ઈન્દ્રિયો. અહીં કહ્યું, શુભ સંકલ્પ-વિકલ્પથી રહિત આત્મા, એનાથી વિપરીત અનેક સંકલ્પ, વિકલ્પનો સમૂહ તે મન. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાછું મન સિદ્ધ કરતા જાય છે. છે ઈ. મફત કાંઈ કોઈ 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' એમ નથી. બેય છે, બેય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ન હોય તો રહિત થવું કોનાથી? હોય એનાથી રહિત થાય, ન હોય એનાથી રહિત થવું શું? અને તે પણ કહેતા જાય છે કે, શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પથી ભગવાન આત્મા નિરાળો ને ભિન્ન છે. એનાથી (ભિન્ન) અનેક વિકલ્પ અને સંકલ્પ-વિકલ્પનો સમૂહ એને મન કહીએ છીએ.

એ મન તે આત્માથી ઉત્પન્ન થયેલું નથી. એ તો વિકારથી ઉત્પન્ન એટલે કર્મથી ઉત્પન્ન થયેલું છે, આત્મામાં એ નથી એમ કહે છે. આહા..હા..! એ મન છે સંકલ્પ-વિકલ્પમાં, આત્મામાં નથી. આહા..હા..!

**'અનેક સંકલ્પ-વિકલ્પસમૂહરૂપ જો મન...'** એ બે વાત કરી. ઇન્દ્રિયો અને મનથી ભિન્ન બતાવવું છેને? એ બધું કર્મથી થયેલું છે, આત્માના શુદ્ધ સ્વભાવથી થયેલું નથી એમ સિદ્ધ કરવું છે, એમ સાબિત કરવું છે. લોજીકથી સિદ્ધ કરે છે હોં! એમને એમ ઘચડમચડની વાત નથી અહીંયા. ચંદુભાઈ! ન્યાયથી વાત કરે છે કે નહિ?

હવે ત્રીજી વાત. **'શુદ્ધાત્મતત્ત્વકી અનુભૂતિસે ભિન્ન...'** હવે રાગ, દ્વેષનો વિભાવ સિદ્ધ કરવો છે. સમજાણું? ભગવાન આત્મા શુદ્ધાત્મ તત્ત્વ. સમજાણું? પહેલું ઇન્દ્રિયથી રહિત શુદ્ધાત્મા હતું, એનાથી વિપરીત ઇન્દ્રિયો, પછી શુભાશુભ વિકલ્પથી રહિત આત્મા હતો એકલો આત્મા. એનાથી વિપરીત સંકલ્પ-વિકલ્પ-મન એમ લીધું છે. સમજ્યાને ભાષા? હવે **'શુદ્ધાત્મતત્ત્વકી અનુભૂતિસે ભિન્ન...'** શુદ્ધ ભગવાન આત્મા એનો તત્ત્વનો જે અનુભવ, નિર્મળાનંદ એની દશાનો અનુભવ એ પર્યાય છે, એનાથી **'ભિન્ન જો રાગ, દ્વેષ, મોહાદિરૂપ સબ વિભાવ...'** સમજાણું કાંઈ? **'એ મોહાદિરૂપ સબ વિભાવ યે સબ આત્માસે જુદે હૈં,...'** એ આત્માથી જુદા છે. આરે...! કથનપદ્ધતિ... ભગવાન શુદ્ધાત્મ તત્ત્વ નિર્મળ જ્ઞાનઘન એનો જે અનુભવ, એના તરફનો અનુભવ-દર્શન, જ્ઞાન ને ચારિત્રની શાંતિનો અનુભવ એનાથી વિપરીત છે. કોણ? કે, રાગ-દ્વેષ ને મોહ. એ બધા વિભાવ સબ આત્માસે જુદા હૈ. વસ્તુમાં એ નથી. સમજાણું કાંઈ? હવે ચાર ગતિના દુઃખનું વર્ણન કરે છે જરી. જુઓ, આ શેઠિયા અને રાજાઓ બધા દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :— પહેલા નહોતું લાગતું, હવે લાગે છે.

ઉત્તર :— ના, લાગે છે, હજી નથી લાગતું. હજી અંદર આ આને લઈને લાગે છે. શરીર ચાલતું નથી માટે દુઃખ લાગે છે. એમ નહિ. આ શરીર સારા હોય, પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ મુડી હોય, દશ દીકરા રાજકુંવર જેવા હોય. એક એક દીકરો લાખ-લાખ, કરોડ-કરોડની પેદાશ કરનારો હોય એ ઉપર લક્ષ જાય છે કે, આ ઠીક એ મહા દુઃખનો ભાવ છે એમ કહે છે. આ તો શરીર ફીકું પડ્યું માટે હવે દુઃખ લાગે છે. એમ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાં પણ હાંક્યો નહોતો, હાંકે કોણ? અભિમાન કર્યા હતા પંદર વર્ષ. એમ કહોને અભિમાન કર્યા હતા પંદર વર્ષ. મોટર જડ છે, જડને કોણ હાંકે? એ એને કારણે ચાલે. આત્મા હાંકે? આત્મા અરૂપી છે એને અડે છે? લઈ જતો હતો મિથ્યાત્વ. સમજાણું કાંઈ?

ટાંગો હાલીને લઈ જતા નથી અને મોટર લઈ ગયા હશો? કરોને, અંદર આત્મા છે કે નહિ? અહીં ઊભા ઊભા ... ઝાલી રાખજે. ઈ જડ છે. ઈ જડની અવસ્થાનું થવું આત્માને આધીન છે જ નહિ. સમજાય છે કાંઈ? એ અજીવતત્ત્વ છે, ભગવાન જીવતત્ત્વ છે. એક તત્ત્વ બીજા તત્ત્વને કાંઈ સુધારો-વધારો કરી શકે નહિ. ભાન નથી એને. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ વીતરાગના અજર પ્યાલા છે. આહા..હા..! ઈ પછી સમજણ કરે, ખ્યાલ કરે કે, આ આમ છે. પછી ખ્યાલની રુચિ તરફ દોરાય. હજી સમજણ જ ન મળે જ્યાં સાચી તો રુચિ થાય ક્યાંથી? રુચિ અનુયાયી વીર્ય. રુચિ હોય તેમાં વીર્ય એનું વળે. સમજાય છે કાંઈ?

'**તથા વીતરાગ પરમાનન્દસુખરૂપ અમૃતસે...**' દેખો! આહા..હા..! કેવો છે આત્મા? એ વીતરાગ પરમાનન્દસુખરૂપ અમૃત એની પર્યાય હોં! '**પરાઙ્મુખ જો સમસ્ત ચતુર્ગતિકે મહાન દુઃખદાયી દુઃખ...**' ભગવાન આત્માનું સ્વરૂપ તો વીતરાગ પરમાનંદ છે પણ એના અનુભવમાં પણ વીતરાગ પરમાનન્દસુખરૂપ અમૃત દશા હોવી જોઈએ. એ દશાથી પરાઙ્મુખ જે સમસ્ત ચતુર્ગતિના મહા દુઃખદાયી દુઃખ. દેખો! ભાષા વાપરી. મોટો આમ રાજા (હોય), હોળી સળગે ક્યાંક કલ્પનાની કે હું રાજા, અમે રાજા. તું રાજા? તું તો ચૈતન્ય છો. એ કલ્પનાની જાળે એને દુઃખી કર્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ગોઠે છે એને, રુચ્યું હોય એ ગોઠે, રુચ્યું હોય એમાં એને વલણ વીર્યનું જાય. જેની જરૂરિયાત જાણે ત્યાં તેનું વીર્ય ઠર્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ક્યાં તત્ત્વોને ઢંઢોળ્યા છે કે દિ'? શું તત્ત્વ છે? શું વિપરીત છે? શું છે? સમજાણું કાંઈ?

કહે છે, ઓહો..! ભગવાન વીતરાગ-રાગ વિનાનો પરમાનંદ એ પણ સુખરૂપ અમૃત, એવો ભગવાન આત્મા છે. એની પર્યાયમાં વીતરાગ પરમાનંદ સુખરૂપ અમૃત દશા થવી જોઈએ. જેવો છે એમ ઓગળવો જોઈએ. આ મોટો ગોળનો શું કહેવાય? રવો પડ્યો હોયને, તડકો લાગે તો એ ગોળ ઓગળતો હશે કે નહિ? એમાંથી ઝેર ઓગળતું હશે? આ નથી કોલ્હાપુરના ગોળ આવે? ઊંચો બહુ આવે છે, અડધા નંબરનો બહુ ઊંચો આવે છે. જોયો છેને? અડધા નંબરનો બહુ ઊંચો, મોંઘો પણ હોય છે. બહુ ઊંચો. ત્યાં ગયા હતાને. બધા લાવેને. આપ્યો અધમણ આપ્યો. ઊંચો કોલ્હાપુરી. એમાંથી જ્યાં ફાટે ત્યાં ગોળનો સ્વાદ જ આવે એકલો રસ અને મીઠો. એમ ચૈતન્યપિંડ તો અતીન્દ્રિય આનંદનો મોટો રવો છે. હવે એને કેમ બેસે? અતીન્દ્રિય આનંદનો શરીરથી ભિન્ન એકલો રવો છે.

એમાંથી તો વીતરાગ પરમાનંદ સુખનું અમૃત ઝરે છે. ઝરે, દૃષ્ટિ કરે તો. આ એનાથી વિપરીત એ સમસ્ત ચતુર્ગતિય... સમસ્ત એટલે સર્વાર્થસિદ્ધના દેવ, સાતમી નરકનો નારકી,

કીડી, કંથવો કે કુંજર-હાથી કે રાજા બધા એની દશામાં દુઃખરૂપ, આનંદથી ઉલટી દુઃખ દશામાં પડ્યા છે. આ તે તમે કહો છો એમ નહિ. એ મોહનભાઈ પણ દુઃખી છે, આ મલૂકચંદભાઈ પણ દુઃખી છે. એમના દીકરા પાસે બે કરોડ રૂપિયા છે એ દુઃખી છે, ત્રણ કરોડ લ્યો! ધૂળમાં આંકડા ગણવા છેને. આ તો બીજાને જરી મોહ ઉતારવાની વાત છે હોં! આ આટલા બધા...! ધૂળ હવે આંકડા એમાં શું છે? અમને બે કરોડ, અમને એક કરોડ, અમને ત્રણ કરોડ. અમને? તને? સોજા વળી ગયા છે. એ સોજામાં દુઃખી છે. સોજા પેટમાં ઉતરે ત્યાં રાડ પાડે, એમ આ સોજા છે આ. ચાર ગતિના અનુકૂળ પ્રતિકૂળતાના સંયોગમાં કલ્પના કરતો જીવ દુઃખી છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાં બાવીસ માળમાં લ્યો, બાવીસ માળ... બાવીસ માળ કરે છે કો'ક માટે, પૈસા રળવા માટે કરે છે. એ ક્યાં રહેતો હતો? બાવીસ માળ કરે છેને આનો દીકરો પુનમચંદ ન્યાં. બાવીસ માળના મહેલ કરે છે મોટા. પૈસા કમાવવાની મમતા. પૈસા મળે છે કે મમતા? એ તો ધૂળ ન્યાં રહ્યા, અહીં ક્યાં ગરી ગયા પૈસા? એ મને મળ્યા એવી મમતાનો દુઃખી છે પ્રાણી. આહા..હા..! આ ગજના આંકા જ જુદા, આ ગજના માપ જ જુદા લાગે છે આ. હિંમતભાઈ!

ભાઈ! ચાર ગતિના... પાછો શબ્દ શું વાપર્યો છે? મહા દુઃખદાયી દુઃખ. સમજાણું? **'चतुर्गतिसंतापाः दुःखदाहा'** એમ છેને? **'दुःखदाहा'** લ્યો! ભાષા એમ છે. **'संतापाः'** સંતાપ છેને. સમસ્ત ચતુર્ગતિ સંતાપ છે, ચાર ગતિમાં સંતાપ છે, ભગવાન આત્મામાં શાંતિ છે. ચાર ગતિમાં ક્યાંય સંતાપ વિનાની ગતિ નથી, એમ કહે છે. પરાધીન દુઃખ છે. **'दुःखदाहा सर्वेऽप्येते'**. કહો, સમજાય છે? મહાન દુઃખદાયી દુઃખ. ઓહો..હો..! **'संतापाः'**નું કર્યુંને. **'વે સબ જીવપદાર્થસે ભિન્ન હૈં.'** ભગવાન શુદ્ધ વસ્તુથી વિકાર (આદિ) બધી ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ?

**'યે સભી અશુદ્ધનિશ્ચયનયકર આત્મ-જ્ઞાનકે અભાવસે...'** અશુદ્ધનિશ્ચયનયકર. જોયું? ભગવાન આત્મા પોતાના શુદ્ધનું ભાન ભૂલી અશુદ્ધ નિશ્ચયમાં મિથ્યાત્વ, અજ્ઞાનભાવ કર્યો. અશુદ્ધ નિશ્ચય હોં! આત્મજ્ઞાનના અભાવથી **'ઉપાર્જન કિયે હુએ કર્મોંસે જીવકે ઉત્પન્ન હુએ હૈં.'** **'ઉપાર્જન કિયે હુએ કર્મોંસે જીવકે...'** અશુદ્ધ તો પોતાનો ભાવ કર્યો, એનાથી કર્મ ઉપાર્જન થયું, એનાથી **'જીવકે ઉત્પન્ન હુએ હૈં.'** કર્મથી આ ઉત્પન્ન થયા છે. અશુદ્ધનિશ્ચય સ્વભાવના ભાન વિના વિકારના પરિણામ તે અશુદ્ધ નિશ્ચય છે. એનાથી કર્મ થયું અને કર્મથી આ બધું ઉપજ્યું છે. આત્મા અશુદ્ધ જ્ઞાનાનંદ છે એનું ભાન કર, એ વિના તને દુઃખ કોઈ દિ' મટે એવું નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૪, સોમવાર, તા. ૮-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૩, ૬૪ પ્રવચન-૪૫**

પહેલો ભાગ ૬૩ ગાથા. ન્યાંથી લઈએ. 'યે **સભી અશુદ્ધનિશ્ચયનયકર આત્મ-જ્ઞાનકે અભાવસે...**' યે સભી એટલે શું? કે, આત્મામાં જે ઈન્દ્રિય, મન અને રાગ-દ્વેષ વિભાવ ભાવ અને ચાર ગતિના દુઃખ... વસ્તુ જે છે આત્મા દ્રવ્ય વસ્તુ સદશ રહેનારી કાયમ ચૈતન્ય પદાર્થ વસ્તુ, વસ્તુ એ વસ્તુની ઉપર પર્યાયમાં આ જે પાંચ ઈન્દ્રિયો, મન, રાગ, દ્વેષ ને મોહના વિભાવ ભાવ અને ચાર ગતિના દુઃખની દશાનો ભાવ '**વે સબ જીવપદાર્થસે ભિન્ન હૈં.**' એ વસ્તુ જે છે ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક પિંડ પ્રભુ એનાથી બધા ચારે જુદા છે. સમજાય છે કાંઈ? વસ્તુ, વસ્તુ-દ્રવ્ય પરમ સ્વભાવભાવ એવો ચૈતન્ય પદાર્થ, પદાર્થ-વસ્તુ વિજ્ઞાનઘન તત્ત્વ પદાર્થ એનાથી ઈન્દ્રિયો, મન, રાગ, દ્વેષ, મોહનો વિભાવ અને ચાર ગતિના દુઃખનો ભાવ વસ્તુથી ભિન્ન છે.

'**યે સભી અશુદ્ધનિશ્ચયનયકર આત્મ-જ્ઞાનકે અભાવસે...**' એ વિભાવ કેમ થયા? કે, આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ વિજ્ઞાનઘન પરમાત્મ નિજ સ્વરૂપ એના જ્ઞાનનો અભાવ, એના સન્મુખના જ્ઞાનનો અભાવ (એનાથી થયા). વસ્તુ આનંદ, જ્ઞાન, દર્શન ને વીર્યનો પિંડ એ દ્રવ્યસ્વરૂપ છે એના અંતર વસ્તુના જ્ઞાનનો, પદાર્થના જ્ઞાનનો પરમાત્મા નિજ સ્વરૂપ એવો આત્મા તેના જ્ઞાનનો અભાવ એનાથી '**ઉપાર્જન કિયે હુએ કર્મોંસે જીવકે ઉત્પન્ન હુએ હૈં.**' એના અભાવથી ઉત્પન્ન કરેલા, '**કર્મોંસે જીવકે ઉત્પન્ન હુએ.**' એવા એનાથી વિપરીત જે કર્મ આત્માના વિજ્ઞાનઘન સ્વભાવના અભાવ દ્વારા ઉપાર્જન કરેલા કર્મો એનાથી આ વસ્તુ ઉત્પન્ન થયેલી છે. સમજાણું? '**યે કર્મોંસે જીવકે ઉત્પન્ન હુએ હૈં.**' એવા કર્મોથી આ ચાર બોલ ઉત્પન્ન થયા છે. સમજાણું કાંઈ?

વસ્તુનો સ્વભાવ નિત્યાનંદ એવું તત્ત્વ આત્મા એના સ્વ જ્ઞાનના અભાવે, પરના લક્ષમાં ઉત્પન્ન કરેલા એ ચાર ગતિના દુઃખો, રાગ, દ્વેષના, મોહના વિભાવ, ઈન્દ્રિયો અને મન એ કર્મે ઉત્પન્ન કર્યા છે, આત્માએ ઉત્પન્ન કર્યા નથી. અશુદ્ધનિશ્ચયથી એણે અજ્ઞાન ભાવ કર્યો એ એનો ભાવ. સમજાણું કાંઈ? શુદ્ધ ચિદાનંદ સ્વભાવ શુદ્ધ નિશ્ચય એના જ્ઞાનનો અભાવ. વસ્તુ પરમાત્મસ્વરૂપ અખંડ અનાદિ-અનંત, વસ્તુના જ્ઞાનનો અભાવ એ કર્યો જીવે પોતે પર્યાયમાં. એનાથી ઉત્પન્ન થયેલા કર્મો, એનાથી ઉત્પન્ન થતાં ચાર ભાવ.

પહેલી વાત સામાન્ય કરી કે, વસ્તુ ચિદ્‌ઘન આનંદકંદ અતીન્દ્રિય રસનું સ્વરૂપ તત્ત્વ, તત્ત્વ

એના બોધનો અભાવ, એના જ્ઞાનનો અભાવ, એની રુચિ, દૃષ્ટિનો અભાવ. ઈ કર્યો કોણે? પોતે પર્યાયમાં. એ અજ્ઞાન ભાવ, કર્યો અજ્ઞાન ભાવ. એ અજ્ઞાન ભાવથી ઉત્પન્ન થયા કર્મો, એ કર્મથી ઉત્પન્ન થયા આ ચાર બોલ. સમજાણું કાંઈ? **'ઈસલિયે યે સબ અપને નહીં હૈં,...'** સમજાણું કાંઈ? આ કારણે એ પોતાના નથી. કારણ પણ આપ્યું કે વસ્તુ જે ચિદ્‌ઘન દ્રવ્ય સ્વભાવ વસ્તુ પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ કહો, પરમાત્મા દ્રવ્ય કહો. 'પરમાત્મપ્રકાશ' છેને. પોતાનો નિજ પરમાત્મ ધ્રુવ નિત્ય... નિત્ય... નિત્ય... દ્રવ્ય સ્વભાવ એના જ્ઞાનનો અભાવ એટલે કે અજ્ઞાન. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા કર્મો, એ કર્મથી ઉત્પન્ન થયેલા આ ચાર બોલ. ઈન્દ્રિયો, મન, વિભાવ અને દુઃખ ચાર ગતિના. સમજાણું કાંઈ?

**'ઈસલિયે યે સબ અપને નહીં હૈં,...'** એ ચારે બોલ જીવ સ્વરૂપના નથી. ભગવાન આત્મા વિજ્ઞાનઘન, ચિદ્‌ઘન આત્મા એની ઈન્દ્રિયો નથી, એનું મન નથી, એના વિભાવ ભાવ પુણ્ય-પાપ નથી, એના ચાર ગતિના દુઃખ એ ચૈતન્યસ્વરૂપનો ભાવ નથી. આહા..હા..! સમજાણું આમાં? **'યે કર્મજનિત હૈં.'** કર્મજનિત હૈ, દ્રવ્યજનિત નહિ. દ્રવ્ય એટલે વસ્તુ એનાથી ઉત્પન્ન થયેલા એ નથી. વસ્તુના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા કર્મો એનાથી ઉત્પન્ન થયેલા માટે આત્માના એ નથી. માટે કર્મજનિત કહેવામાં આવ્યા. આ અપેક્ષાએ હોં! પણ કોઈ પાછા એમ કહે, એ તો બધું કર્મને લઈને થયું છે. એ નહિ. પહેલું તેથી કહ્યું છે કે, પોતાનું શુદ્ધ ઘન આનંદકંદ અનાદિ-અનંત સંત મહંત જેને આરાધ્યા છે એવો આત્મા એના જ્ઞાનના અભાવે, એનો અભાવ કર્યો પોતે. સ્વરૂપના ભાનના બોધનો અભાવ કર્યો પોતે, એ પોતે અભાવ કર્યો એ અશુદ્ધનયે, વસ્તુમાં એ નથી. સમજાણું કાંઈ? વસ્તુના સ્વભાવમાં નથી. પર્યાયમાં અજ્ઞાન ઉત્પન્ન કર્યું એમ કહેવું છે અહીં તો. આહા..હા..!

આમ વસ્તુ એના બોધ સ્વભાવના ભાન વિના અજ્ઞાન પર્યાયમાં ઉત્પન્ન કર્યું એણે. વસ્તુ દ્રવ્ય, ગુણમાં એ નથી. એવા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું કર્મ અને એનાથી ઉત્પન્ન થયેલા ચાર બોલ. ઈન્દ્રિયો, મન, વિભાવ પરિણામ અને ચાર ગતિના દુઃખ. માટે એ આત્મદ્રવ્ય જનિત નથી, એ કર્મજનિત છે. આ અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. કહો, ભીખાભાઈ! આહા..હા..! ચૈતન્ય બાદશાહ અનંત ગુણનો પિંડ તેં એની સામું કોઈ દિ' જોયું નથી. અનંત અનંત જેમાં આનંદ છે. અંત નહિ એવો આનંદ, અંત નહિ એવું જ્ઞાન, શક્તિ-સ્વભાવ છેને એનો. એ ચાર કહેશે હોં! ગાથામાં ક્રમસર પછી.

એવો ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય એની ચારની ક્રમ ગાથા કહેશે. એક ગાથા વચ્ચે મુકશે પણ ... ચારને મેળવી દેશે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ-પદાર્થ જેનો સ્વભાવ અનંત જ્ઞાન, અંત વિનાનું દર્શન, હદ વિનાનું સુખ, મર્યાદા

વિનાનું વીર્ય એવો ભગવાન આત્મા પોતે પોતાના અંતરના બોધના અભાવે કર્યા કર્મ, કર્મથી આ બધું ઉત્પન્ન થયું. આત્માથી-વસ્તુથી ઉત્પન્ન થયેલું નથી એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**યહાં પર પરમાત્મ-દ્રવ્યસે વિપરીત...**' ભગવાન પરમાત્મા પોતાનું પરમ સ્વરૂપ, દ્રવ્ય સ્વરૂપ, વસ્તુ સ્વરૂપ એનાથી વિપરીત. જુઓ આ પરમાત્મદ્રવ્ય લીધું. '**જો પાંચોં ઇન્દ્રિયોંકો આદિ લેકર સબ વિકલ્પ-જાલ હૈં,...**' પાંચ ઇન્દ્રિયો આ કે ખંડ ખંડ ઇન્દ્રિય બધી. '**વે તો ત્યાગને યોગ્ય હૈં,...**' પાંચોં ઇન્દ્રિયો, મન, વિભાવ અને ચાર ગતિના દુઃખો એ ત્યાગને યોગ્ય હૈં. એ આત્મ ભગવાન પરમાનંદની મૂર્તિ એની દૃષ્ટિ કરી આ ચાર પ્રકારના ભાવો છોડવા લાયક છે. સમજાણું કાંઈ? '**ઉસસે વિપરીત પાંચોં ઇન્દ્રિયોંકે વિષયોંકી અભિલાષાકો આદિ લેકર સબ વિકલ્પ-જાલોંસે રહિત...**' આત્મા લીધો. ભગવાન આત્મા વસ્તુ પદાર્થ આનંદ અનંત ગુણનો પિંડ, આનાથી વિપરીત ચાર બોલ એ છાંડવા લાયક છે. ચાર બોલ કહ્યાને? અને એનાથી વિપરીત એવો પરમાત્મદ્રવ્ય. એ ચાર ભાવથી વિપરીત એવું '**અપના શુદ્ધાત્મતત્ત્વ વહી પરમસમાધિકે સમય...**' એટલે? એ વસ્તુસ્વરૂપ છે એની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને લીનતાના સમય કાળે આત્મા ઉપાદેય થાય છે. સમજાણું કાંઈ? વાતું બાપુ! અપૂર્વ છે, મોંઘી છે પણ સોંઘી છે. નહિ અભ્યાસે મોંઘી, સ્વરૂપ અભ્યાસે સોંઘી. સમજાણું કાંઈ?

કહે છે, એવું શુદ્ધાત્મ તત્ત્વ જે ચારથી રહિત-ઇન્દ્રિય, મન, વિભાવ અને દુઃખ. એ આત્મા ક્યારે ઉપાદેય થાય? એ ક્યારે આદરણીય થાય? કે, આ પાંચ ઇન્દ્રિય, મન, વિભાવ અને દુઃખ એનો આશ્રય, લક્ષ, ઉપાદેયપણું છોડી અને શુદ્ધ ચૈતન્ય વસ્તુના સન્મુખમાં દૃષ્ટિ, જ્ઞાન ને લીનતાના કાળમાં આ આત્મા ઉપાદેય થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ... સદા કાળ નથી?

ઉત્તર :— સદા કાળ નહિ, સદા કાળ તો દ્રવ્ય છે. ઉપાદેય એની પરિણતિ થાય ત્યારે એને ઉપાદેય આવે છે. સદા કાળ આદરણીય છે, પણ આવા કાળમાં આદરણીય છે એમ. આદરણીય એટલે અમથું માન્યું એમ નહિ. સમજાણું કાંઈ? એ સદા કાળ આ રીતે ઉપાદેય છે. સદા કાળ એટલે ત્રિકાળ વસ્તુ તો છે પણ એ ઉપાદેય ક્યારે થાય? કે, આ વિભાવભાવ આદિનું લક્ષ છોડી અને પૂર્ણાનંદ ભગવાન આત્મા પોતાનો સ્વભાવ એની સન્મુખના કાળની દશા કાળે ઉપાદેય થાય. આહા..હા..! એની સામું જોયા વિના ઉપાદેય ક્યાંથી થાય? એમ કહે છે મૂળ. સમજાણું કાંઈ?

'**વહી પરમ સમય સાક્ષાત્ ઉપાદેય હૈ.**' પહેલી શ્રદ્ધામાં ભલે લે, પણ એ ઉપાદેય ક્યારે એને પરિણતિ થઈ? આ પરિણતિનો વ્યય થયો દૃષ્ટિમાંથી અને અહીં પરિણતિ સ્વભાવ

ઉપર જામી. શુદ્ધ શાંત શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ—નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા ત્યારે આ આત્મા એને આદરણીય થયો એટલે એનો આશ્રય કર્યો એ કાળે તે આદરણીય થયો. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમા? જમુભાઈ! આ વિભાવ, ચાર ગતિના દુ:ખ, વિભાવ એનો આદર છોડ્યો ત્યારે પૂર્ણાનંદની સન્મુખ થયો ત્યારે આદર થયો, ત્યારે ઉપાદેય તે કાળે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ૬૩ થઈ. હવે ૬૪.

**'આગે સંસારકે સબ સુખ-દુ:ખ શુદ્ધ નિશ્ચયનયસે શુભ-અશુભ કર્મોંકર ઉત્પન્ન હોતે હૈં, ઔર કર્મોંકો હી ઉપજાતે હૈં,...'** એ કર્મોથી ઉત્પન્ન થાય અને કર્મને ઉપજાવે છે. આત્માથી વિકાર ઉત્પન્ન થાય અને આત્મા એને ઉપજાવે એમ નથી. વસ્તુસ્વરૂપ શુદ્ધ વસ્તુ એ શું કરે? આહા..હા..! ૬૪.

**૬૪) दुक्खु वि सुक्खु वि बहु-विहउ जीवहँ कम्मु जणेइ।**
**अप्पा देक्खइ मुणइ पर णिच्छउ एउँ भणेइ।।६४।।**

અહીં જ્ઞાન-દર્શનથી ઉપાડ્યું. સુખ અને વીર્ય પછી નાખશે. એ સુખ નાખશે ..., વીર્ય નાખશે ૬૬માં. વચ્ચે એક રખડ્યો એવું બતાવ્યા પછી. સમજાણું કાંઈ? ... મુખ આગળ આવે એને છૂટ થઈ જાય. આત્માના મુખ આગળ આવે સામે એને છૂટ થઈ જાય, છૂટકારો થઈ જાય.

**અન્વયાર્થ :—** **'જીવોંકે...'** આ આત્મા વસ્તુને ભગવાન આત્મા, **'અનેક તરહકે દુ:ખ ઔર સુખ દોનોં હી...'** આ દુ:ખ-સુખની કલ્પનાનો ભાવ એ **'કર્મ હી ઉપજાતા હૈ.'** આ અનુકૂળ પૈસા આદિમાં મને સુખ એવી કલ્પના એ દ્રવ્ય સ્વભાવમાં નથી, વસ્તુમાંથી ઉત્પન્ન થતી નથી. એ તો એના પર્યાયનું અજ્ઞાન એનાથી ઉત્પન્ન થયેલું કર્મ, એ કર્મથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! શું કહે છે? સમજાય છે કાંઈ? **'દુ:ખ ઔર સુખ દોનોં હી કર્મ હી ઉપજાતા હૈ. ઔર આત્મા ઉપયોગમયી હોનેસે...'** દેખો! ભગવાન આત્મા તો ઉપયોગમયી છે. **'દેખતા હૈ, ઔર કેવલ જાનતા હૈ,...'** બસ! જાણવા-દેખવાનો એનો તો સ્વભાવ છે. જાણવા-દેખવાનો સ્વભાવ છે. એ જાણવા-દેખવાના સ્વભાવથી અંતરમાં દૃષ્ટિ કરીને ઠરે ત્યારે જાણવા-દેખવાનું એ કામ કરે. સમજાણું કાંઈ? ગાથા દીઠ જુદી જુદી વાત છે હોં! આહા..! **'ઈસ પ્રકાર નિશ્ચયનય કહતા હૈ, અર્થાત્ નિશ્ચયનયસે ભગવાનને એસા કહા હૈ.'** સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ એણે વાણી દ્વારા ધર્મસભા સમવસરણમાં ઈન્દ્રોની ઉપસ્થિતિ, ગણધરોની ઉપસ્થિતિમાં વાણી દ્વારા એમ આવ્યું કે આ ભગવાન આત્મા, વસ્તુસ્વરૂપ એવો આત્મા એ સુખ-દુ:ખને ઉત્પન્ન કરતો નથી. એ સુખ-દુ:ખને ઉત્પન્ન કરનાર સ્વદ્રવ્ય નથી, સ્વદ્રવ્ય નથી એ દ્રવ્યકર્મ સુખ-દુ:ખને ઉત્પન્ન કરે છે. કેમ? કે સ્વદ્રવ્યના અભાનમાં,

સ્વદ્રવ્યનું અભાન એટલે સ્વદ્રવ્ય રહ્યો નહિ એ. અભાનમાં બાંધેલા કર્મ એ કર્મ સુખ-દુઃખને ઉત્પન્ન કરે છે. આત્મદ્રવ્યથી ઉત્પન્ન કરેલા કર્મ હોય નહિ, આત્માથી કર્મ ઉત્પન્ન થાય નહિ. આહા..હા..! ભારે શૈલી ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને વીર્યનો પિંડ અને જ્ઞાન, દર્શનનો એકલો રસ એવો જે અનંત ચતુષ્ટ્યથી ભરેલો ભગવાન એ પોતે, આ કલ્પનાના સંસારના, કલ્પનાના સુખ-દુઃખ એ આત્મદ્રવ્ય ઉત્પન્ન નથી કરતો. એઈ..! આહા..! એ કર્મથી ઉત્પન્ન થયેલા દ્રવ્યકર્મ, આ દ્રવ્ય વસ્તુ એનાથી નથી થયા. એ દ્રવ્યનું અભાન એવો પર્યાય અંશ એ તો વિકાર કર્મજન્ય કર્મ થઈ ગયું એ તો બધું, એ વસ્તુ ન રહી. સમજાણું કાંઈ? અનંત જ્ઞાન, આનંદનો કંદ એવો ભગવાન આત્મા વસ્તુ પોતે એનાથી વિકાર થયો એમ નહિ. અંશમાં જે વિકાર, અજ્ઞાન, જ્ઞાનના અભાવે જે અજ્ઞાન (થયું) એ વસ્તુમાં નથી, દ્રવ્ય-ગુણમાં નથી, પદાર્થમાં નથી. એ પર્યાયમાં ઉત્પન્ન કરેલું જે અજ્ઞાન-વસ્તુના અભાન એનાથી થયેલું કર્મ, એનાથી થયેલ સુખ-દુઃખની કલ્પના. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ આગળ કહેશે અશુદ્ધનિશ્ચયની વાત. સમજાણું કાંઈ? '**હોનેસે નિશ્ચયનયસે ભગવાનને એસા કહા હૈ.**' આહા..હા..! પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુ અરિહંતદેવ જેને ત્રિકાળ જ્ઞાન આનંદ પ્રગટ્યો એવા પરમાત્મા સમવસરણની મધ્યમાં એવી વાણી ભગવાનની આવતી હતી. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** '**આકુલતા રહિત પારમાર્થિક વીતરાગ સુખસે પરાઙ્મુખ (ઉલટા) જો સંસારકે સુખ-દુઃખ...**' વ્યાખ્યા કરી. આ પર્યાયમાં આ મને ઠીક પડે છે પૈસા, લક્ષ્મી, આબરૂ, શરીર વગેરે એવી કલ્પના એ આકુળતા છે. ભગવાન આ આકુળતા રહિત આત્મસ્વભાવ છે. સમજાણું કાંઈ? વસ્તુ કાંઈ આકુળતા હોય? વસ્તુ સ્વતઃસિદ્ધ જે એ તો અનાકુળ આનંદનો પિંડ છે. એ આકુળતા રહિત પારમાર્થિક વીતરાગ સુખ, ભગવાન આત્મા તો આકુળતા રહિત વીતરાગ એટલે નિર્દોષી પરમાર્થ સુખનો પિંડ આત્મા (છે). એની પર્યાયમાં પણ અનાકુળ વીતરાગ પર્યાય સુખની હોવી જોઈએ. એનાથી પરાઙ્મુખ. શું કીધું? ભગવાન આત્મા વસ્તુએ અનાકુળ પરમ આનંદનો પિંડ પ્રભુ એની પરિણતિમાં, એની પર્યાયમાં એવો જ પર્યાય અનાકુળ વીતરાગ પરમ સુખ પર્યાય હોય. જેવી વસ્તુ છે એવો જ એનો પર્યાય વીતરાગ પરમ આનંદ અનાકુળ પર્યાય હોય. એ પર્યાયથી વિપરીત આ સંસારના સુખ-દુઃખની કલ્પના. એ પર્યાય કીધી. આહા..! સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :- એ દ્રવ્ય લક્ષમાં આવે ઈ. આ આકુળતા છે એ કૃત્રિમ ક્ષણિક થાય છે તો આકુળતા કોઈ ત્રિકાળી ચીજ છે એની ઉલટી વર્તમાન અવસ્થા છે. એની સુલટી અવસ્થા

હોય તો તો અનાકુળ આનંદની દશા જોઈએ. વસ્તુ છે એ કાંઈ આકુળતા(રૂપ), વસ્તુ–તત્ત્વ સત્ત્વ તત્ત્વ એવું હોય? દુઃખરૂપ વિકારરૂપ તત્ત્વ હોય?

ચૈતન્ય પિંડ ભગવાન આત્મા અનાકુળ પારમાર્થિક સુખનો કંદ એ આત્મા છે. એ વસ્તુ થઈ, હવે એ વસ્તુની સન્મુખની વીતરાગ અનાકુળ પર્યાય જો હોય તો તો એની દૃષ્ટિમાં આત્મા જ હોય. એ દૃષ્ટિમાં ન લેતા એ પરિણતિથી ઉલટી સુખ–દુઃખની કલ્પના હોં! કલ્પના, સુખ–દુઃખ છે નહિ પરમાં. આ માન્યું છન્નું હજાર સ્ત્રી, આ દીકરા, શરીર માખણના પિંડા જેવું. ધૂળમાં પણ નથી, સાંભળને! એ તો માટી છે. એણે કલ્પના ઊભી કરી કે, આ મને સુખી. કલ્પના (કરી). એ અનાકુળ આત્માની પરિણતિ થવી જોઈએ, અનાકુળ આનંદની મૂર્તિ એની છે. એની અનાકુળ પરિણતિથી ઉલટા એ સુખ–દુઃખની કલ્પનાના પરિણામ છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! શું હશે? કેટલું સુખ હશે? નહિ? આહા..હા..! કહો, જેચંદભાઈ! આહા..હા..!

વસ્તુ સ્વયંસિદ્ધ વસ્તુ, સ્વતઃસિદ્ધ પદાર્થ, અણકરાયેલું અકૃત્રિમ સત્ તત્ત્વ, વસ્તુ એ વસ્તુ તો આનંદ ને શાંત પરમાર્થ સુખનો જ પિંડ છે. વીતરાગ કહો કે નિર્દોષ સુખનો જ પિંડ છે. સમજાય છે? વીતરાગ શબ્દ આવે (એટલે) જાણે લોકોને એમ થાય કે, આ જૈનનું આવી ગયું. પણ એ વીતરાગનો અર્થ રાગ રહિત નિર્દોષ આત્માના સુખનો પિંડ એ છે. સમજાણું? વીતરાગ એ જૈનનું થઈ ગયું. એ વસ્તુ એવી છે, વીત નામ રાગ રહિત, વીત એટલે રહિત, રાગ રહિત, વિકલ્પ રહિત, દોષ રહિત એવી ચીજ છે આત્મા. એવો નિર્દોષ વીતરાગ સ્વભાવ ભગવાન, બીજી ભાષાએ કહીએ તો નિર્દોષ નિર્દોષ સત્ સ્વભાવનો કંદ આત્મા એની પરિણતિ જોઈએ નિર્દોષ વીતરાગી શાંતિની પરિણતિ એટલે પર્યાય. એમ ન કરતા એનાથી ઉલટી જે સુખ–દુઃખની કલ્પના દેવ–સ્વર્ગ, ઈન્દ્રિય, સ્ત્રી, ભોગ, વિષય, પૈસા, દાળ, ભાત, શાક એમાં જે ઉત્પન્ન કરે છે કલ્પના, એ દ્રવ્યસ્વભાવથી ઉત્પન્ન થયેલી નથી. વસ્તુના સ્વભાવથી અજ્ઞાનથી ઉત્પન્ન કરેલા ભાવથી એ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા કર્મો, અશુદ્ધ નિશ્ચયે અજ્ઞાનભાવે ઉત્પન્ન કરેલા કર્મો એનાથી ઉત્પન્ન થયા સુખ–દુઃખ છે. વસ્તુસ્વભાવથી સુખ–દુઃખ છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ ગરી ગઈ, એણે ઊભી કરી એમ કહે છે. એણે ઉભી કરી. એ નહોતું ને ઉઠાવગીરે ઉઠાવ કર્યો.

ભગવાન આત્મા અનાકુળ આનંદનો કંદ પ્રભુ છે. નિર્દોષ સત્ સ્વરૂપ એ આત્મા છે. એની પર્યાયમાં ઉઠાવગીરે અંશમાં ઊભું કર્યું. આની કોર ન જોતાં અનાદિથી આમ જોઈને અજ્ઞાનભાવ, મિથ્યાભાવ અંશમાં ઊભો કર્યો. એનાથી થયા કર્મ અને એનાથી થઈ સુખ–દુઃખની કલ્પના.

આહા..હા..! સમજાણું કાંઈ? ભાન નહોતું ભાન.

એક હતો વાણિયો ને. એ પોતે ક્યાંકથી ઉતરેલો. એમાં એનો છોકરો પણ ભેગો ઉતરેલો ક્યાંક, આ શું કહેવાય સ્ટેશનમાં હોયને મકાનો? વેઈટીંગ રૂમ. એક રૂમમાં ઉતરેલો એનો બાપ અને એક રૂમમાં ઓલો ઉતરેલો. એને ખબર નહિ એના બાપને કે આ કોણ છે. સમજાણું? એમાં ઓલો છોકરો પૈસા લઈને આવ્યો હોં! બે, ચાર લાખ લઈને આવેલો અને આ બાપ તો અમથો આવેલો કાંઈ મેળ નહિ, ખબર નહિ. એમાં ન્યાં રાત્રે એને ગોળો ઉપડ્યો, કાંઈક રોગ ઉપડ્યો છોકરાને અને આખી રાત ધમાલ, ભાઈ! ઓલો બાપ કહે, આ કોણ છે આ તે? હખ પડવા દેતા નથી, સુવા પણ દેતા નથી. આખો દિ' અહીં જોડે અમે પડ્યા છીએને. એને ખબર નથી કે, આ દીકરો મારો એની સામું હું જાઉં છું અને ... સમજાણું? એ ઊંઘ આવવા દે નહિ, રાડે રાડ (પાડે). એમાંથી ન્યાંથી જાગે એલા કોણ છો? ક્યાંના છે આ? ફલાણો. નામ શું એનું? લક્ષ્મીચંદ એના બાપનું નામ શું? લક્ષ્મીચંદ કાનજી. એ તો હું, મારો દીકરો આ? ... લેવા ગયો ભેગો હવે. પણ રાડ પાડતો હતોને? હખે હખ આવતું નથી, ઊંઘ આવવા દેતા નથી. અરે..! દીકરા તું છો? અરે..! પણ મને ખબર પણ ન કરી? પણ બાપા! કાગળ તમને લખેલો, મોડો પોગ્યો હશે. મોહનભાઈ! આ ઓળખાણની ખામીએ આ વાંધા ઉઠ્યા. કે, આ મારો દીકરો એમ ન જાણ્યું એટલે એના કોલાહલમાં ઊંઘ ન આવવા દીધી તો ક્લેશ થયો એને. સમજાણું? એ અજ્ઞાનને લઈને છે.

એમ ભગવાન આત્મા અખંડાનંદ ચિદાનંદની મૂર્તિ એ સમીપમાં પોતે જ છે એ. અભાનમાં કોલાહલ ઊભા કર્યા એણે. રતિભાઈ! પછી ઓલો ભાગ લેવા ગયો. હવે પણ તમે સુઈ જાવ, સુઈ જાવ બાપા! પણ ના ના, ના ના. અરે..! બાપા! તને ઠીક નથી અને હું સુવ? હમણા રાડો પાડતા હતાને. કહો, સમજાણું આમાં? એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સત્ ચિદાનંદમૂર્તિ પ્રભુ છે એના ભાન વિના અહીં ન જોવું, અહીં ન જોવું, જોવા ગયો અહીં બધે. અજ્ઞાન ઉત્પન્ન કરીને રાગ-દ્વેષ કર્યા, એનાથી બંધાણા કર્મ, આ એનાથી (ઉત્પન્ન થઈ) સુખ-દુઃખની (કલ્પના). અહીં તો સ્વભાવથી સુખ-દુઃખ નથી, અજ્ઞાથી ઉપાર્જેલા કર્મથી સુખ-દુઃખ છે એ સિદ્ધ કરવું છે. આ સંસારની કલ્પનાના સુખ-દુઃખની વાત છે હોં! સંયોગની વાત નથી અત્યારે અહીંયા. આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ જ કહે છે. પણ આ સુખ-દુઃખ છે કે નહિ? આકુળતા થાય છે કે નહિ તને? આમ તો જરી જો ખદબદાટ, ખદબદાટ થાય છે. આવું સ્વરૂપ હોય? સ્વરૂપ આવું હોય? વસ્તુસ્થિતિ આવી હોય? વાસ્તવિક પદાર્થ એવો હોય? એમ તો લક્ષ કર. સમજાણું

કાંઈ? જેવું સત્ છે વાસ્તવિક પદાર્થ એવો ખળભળાટ કલ્પનાવાળો હોય? એટલો તો એને વિચાર ન કરે? આહા..હા..! અજ્ઞાનમાં રંગાઈ ગયો છે ઈ, ભાન ન મળે આનું તો અજ્ઞાનમાં રંગાઈને આહા.. આહા..! આંધળો કાંઈ ભાળતો નથી જોડે હું કોણ છું આ. જોડે જ ઓલો પડ્યો હતો છોકરો. જોતો નથી. હવે એનો ભરોસો આવતો નથી, કોઈ દિ' અભ્યાસ કર્યો નથી. આહા..હા..! અનંત કાળથી ઓલા રંગ ચડ્યા. સમજાણું કાંઈ?

કહે છે કે, એવા **'સુખ-દુઃખ યદ્યપિ અશુદ્ધ નિશ્ચયનયકર જીવ સમ્બન્ધી હૈ,...'** દેખો! શું કીધું? એ અજ્ઞાન ભાવ અને સુખ-દુઃખની કલ્પના છે તો અશુદ્ધ નિશ્ચયે તેનો પર્યાય, પણ વસ્તુનો સ્વભાવ નથી માટે તેને પર કહ્યો છે. આહા..હા..! **'યદ્યપિ અશુદ્ધ નિશ્ચયનય...'** અશુદ્ધ નિશ્ચય એટલે? કે, શુદ્ધ નિશ્ચય એટલે વસ્તુ સ્વરૂપ, આનંદ જ્ઞાનની મૂર્તિ શુદ્ધ નિશ્ચય. શુદ્ધ નિશ્ચય એટલે સત્ વસ્તુ, શુદ્ધ નિશ્ચય એટલે સત્ વસ્તુ અને અશુદ્ધ નિશ્ચય એટલે એની પર્યાયમાં ઉત્પન્ન કરેલો અજ્ઞાનભાવ એ અશુદ્ધ, કેમકે મલિન છે, નિશ્ચય કેમકે એની પર્યાયમાં સ્વતઃ ઉત્પન્ન કરે છે માટે. સમજાણું કાંઈ? આહા..હા..! જો કે **'અશુદ્ધ નિશ્ચયનયકર જીવ સમ્બન્ધી હૈ,...'** એ જીવનો પર્યાય એ વિકારી, પણ દ્રવ્યનું મૂળ સ્વરૂપ નથી તેથી એનો નથી એમ કહીને એનો પર્યાયમાં અવસ્થાનો એક અંશ કૃત્રિમ ઊભો કર્યો અજ્ઞાન. અજ્ઞાન રાગ, દ્વેષ, ભ્રાન્તિ એ અંશ છે અશુદ્ધ નિશ્ચય એનો, એનો, એનામાં મલિન ને એનો પર્યાય. વસ્તુનું સ્વરૂપ જે શુદ્ધ નિશ્ચય સત્ છે, શુદ્ધ નિશ્ચય એવો સત્ છે એનો એ નથી. ન્યાલભાઈ! સમજાય છે આમાં? આહા..હા..!

ભગવાન તારી પાસે રે, ભાળતો નથી તું જરીએ. પોપટભાઈ! આહા..હા..! 'પ્રભુ તારી પાસે રે હરી નથી વેગળા, પ્રભુ તારી પાસે...' તું પોતે પ્રભુ છો. પાસે એટલે, 'એ હરી નથી વેગળા પણ આડો આવ્યો રે તને એ અહંકાર' આ રાગ હું, દ્વેષ હું ને આ હું એ અહંકાર આડે તને ચૈતન્ય ભગવાન સુઝતા નથી. સમજાણું કાંઈ? અહીં તો ખુબી વસ્તુના તત્ત્વને રીતે વર્ણવી છે. ઓહો..હો..! એ તો ઓઘે ઓઘે બધી વાતું છે. આ તો પરમાત્મા પોતે દ્રવ્યસ્વરૂપે ભગવાન આનંદ, જ્ઞાન, દર્શન ને વીર્યનો પિંડ પ્રભુ એનાથી ઉત્પન્ન થયેલું અજ્ઞાન એ હોઈ શકે નહિ. પર્યાયના અંશમાં અભાવ-જ્ઞાનના અભાવને કારણે ઉત્પન્ન કરેલો અંશ અજ્ઞાન ભાવ, બેભાન ભાવ, મૂર્ખાઈનો ભાવ, ભ્રમ ભાવ કે જે દ્રવ્ય, ગુણના સ્વરૂપમાં નથી, એવો અજ્ઞાને ઊભો કરેલો ભાવ, (એનાથી) થયા કર્મ, એનાથી થયા સુખ-દુઃખની કલ્પનાનો ભાવ. વસ્તુના સ્વભાવથી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'યદ્યપિ અશુદ્ધ નિશ્ચયનયકર જીવ સમ્બન્ધી હૈ,...'** એટલે શું કહ્યું? એ સુખ-દુઃખની કલ્પના એ આત્માના આનંદના અજ્ઞાનભાવે ઉત્પન્ન કરેલો પર્યાય એનામાં છે. અંશ... અંશ...

અંશ... ખંડ ભાગ એની પર્યાયમાં અંશમાં છે. એ અશુદ્ધ છે અને નિશ્ચય એટલે એનો પર્યાય છે એવો સંબંધ તો એનો એને જીવમાં છે. પણ ઓલો દ્રવ્યસ્વરૂપમાં નથી, ગુણમાં એવી શક્તિ નથી કે અશુદ્ધપણું ઉત્પન્ન કરે. આહા..હા..! પણ અંશમાં, અંશમાં ભગવાન પોતાને ભૂલી અંશમાં ઊભું કર્યું અજ્ઞાન. એ અજ્ઞાનથી કર્યા કર્મ અને એનાથી ત્યાં સુખ-દુઃખ. ખરા તો ઉત્પન્ન કરેલા તારા જ છે કહે છે. અજ્ઞાનભાવથી થયેલા સુખ-દુઃખની કલ્પના એ પર્યાયની તારી છે. પણ એ વસ્તુસ્વરૂપ નથી. આહા..હા..!

અરે..! આવા ભગવાનની વાત પણ એને સાંભળવામાં ન મળે. એ કેવો છે અને કેમ ભૂલ કરે છે એની ખબર ન મળે. એને એ ધર્મ તે કઈ રીતે થાય? મથે બધા મરીને આમથી આમ. ઓલા સામાયિક ને ઓલા પોષા ને ઓલી ભક્તિ ને ઓલી પૂજા ને ઓલા ડુંગરા ફર્યા ફર (કરે). સમજાણું કાંઈ? બાપુ! ધર્મ તો ધર્મી પાસે હોય. શેત્રુંજય ને સમેદશીખર ને ક્યાંને ક્યાં ગોતવા નીકળ્યા. એ તો એક શુભભાવ હોય છે ત્યારે એ હોય છે એટલી વાત છે. એમાં ધર્મ છે ને એનાથી ધર્મ થાય છે એમ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ એની વાત શેની ચાલે છે? ઈ જ છે આ. ગપ્પા ઉઠાવ્યા છે જરી, આમ થાય તો એ મને આમ થયું, ઓલાને સારું છે તો મને સારું છે. ઈ ક્યાંથી પાછું ઉઠાવ્યું? એ સોનાને ઢગલે બેઠા છે લ્યો! માર ગોળો એક. સાચી વાત છે કે નહિ? જેચંદભાઈ! કીધું હતુંને ભાઈએ? પણ સોનાને ઢગલે છે કોણ? કહે છે કે, એણે કલ્પનાના સુખ-દુઃખની કલ્પના કરી એમાં ઊભો છે એ તો દુઃખ દશા છે. આ અબજો રૂપિયાની કિંમતમાં, અબજો રૂપિયામાં જોડે બેઠો હોય અને એમ કહે કે, આ મને મળ્યા. એ કલ્પના જે છે એ દુઃખરૂપમાં બેઠો છે ઈ. પૈસા-ફૈસામાં છે નહિ અને આત્મદ્રવ્યમાં નથી. આત્મદ્રવ્યમાં બેઠો નથી, પૈસામાં બેઠો નથી, કલ્પના કરી કે, મને (છે). એ કલ્પનાના દુઃખમાં બેઠો છે. આહા..હા..! હિંમતભાઈ!

આમ વીતરાગ પરમાત્મા અરિહંતદેવ ત્રિલોકનાથ ફરમાવે છે. પણ એની ખબર ન મળે એને. આહા..હા..! પોતાને જ્યારે એમ જાણે કે, ઓહો..! આ તો આત્મા પરમાનંદ હું તો મારામાં છું. તો બીજાને? લાખ, કરોડ, અબજો રૂપિયા દેખીને સુખી માને એ માન્યતા હોય નહિ એને. એને ભાળે કે એના તરફની જેટલી કલ્પનામાં પડ્યો એ દુઃખમાં પડ્યો છે ઈ તો. દુઃખમાં પડ્યો એ આત્માના દ્રવ્યના સ્વભાવમાં નથી એવું એણે ઊભું કર્યું મફતનું. સાચું હશે આ? હુંફ આવે. કહો, પોપટભાઈ! આ શું છે? હુંફ આવે પૈસાની. એય પોપટભાઈ! આ એના બેઠા બનેવી મોટા પૈસાવાળા. એમના સાળા પાસે જુઓ! ચાલીસ કરોડ રૂપિયા છે અત્યારે જુઓ એ પોપટભાઈ બેઠા. અને પચાસ હજારની પેદાશ દરરોજની, નગદ પચાસ હજાર. સુખી

હશે ઈ? કોણે કીધું તને? એની જે મમતા કે આ મને છે, એ મમતાનું દુઃખ, દુઃખમાં બેઠો છે ઈ. કોણ કહે છે સુખમાં બેઠો? કોણે કીધું કે એને સગવડતા છે? લીંબડીવાળા આપણે અહીં છેને મુમુક્ષુ પોપટભાઈ એમના સાળા છે શાંતિલાલ ખુશાલ, નહિ? ગોવામાં. આ એમના બનેવી છે, એમના સાળા છે. એ બેઠા છે. ચાલીસ કરોડ હોં! વાણિયા દશાશ્રીમાળીને ચાલીસ કરોડ અત્યાર સુધી સાંભળ્યા નહોતા પહેલા. ... અને પેદાશ પચાસ હજાર ઉપરની એક દિ'ની હોં! એક દિ'ની પચાસ હજાર રૂપિયાની. પ્યાલો ફાટી જાય કે નહિ ગાંડપણનો? બીજા એમ લ્યે છે કે, સુખી છે. અહીં કહે છે કે, મૂઢ છો. કઈ નજરે જોયું તેં? મૂઢ નજરે જોયું છે. સોનાના (ઢગલે) બેઠા છે. બેઠા સોનાના. કોણ સોનાને ઢગલે બેઠો છે? આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એને સુખી દેખનાર મૂઢ છે. એની વાત ચાલે છેને. આ સુખી છે. મૂઢ છો? પૈસા ક્યાં એની પાસે આવી ગયા હતા? એની પાસે તો આ મને આવ્યા એવી મમતા આવી છે, મમતા તો દુઃખ છે. દુઃખમાં બેઠો અને તું સુખી કહે છો. ક્યાં તારા ગજ ગયા અજ્ઞાનના? આવા ગજ માપ્યા તેં? આહા..હા..! કહો, આ બરાબર હશે? એય કિરીટ! સાચું હશે? આ તારા ભાઈને બે બે કરોડ રૂપિયા થાય... આમ આમ કરે છે. નથી કરતો? એઈ..! અમારા ભાઈ પાસે બે કરોડ છે, બે કરોડ છે, પુનમભાઈ પાસે. ધૂળમાં પણ નથી. એની પાસે છે દુઃખ. આહા..! ભાઈ! તારી નજરુંમાં ફેર પડી ગયા માપમાં, માપ કરવાની નજરું ફરી ગઈ ભાઈ!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— સુખ ક્યાં છે એની પાસે? સુખ તો આત્મામાં છે, એની સામું તો નજર નથી. એટલે વિપરીત ઉત્પન્ન કરીને સુખ-દુઃખની કલ્પના ઉત્પન્ન કરી એ તો દુઃખ છે. એ દ્રવ્યે ઉત્પન્ન નથી કર્યું એમ સિદ્ધ કરવું છે અહીં. એ દ્રવ્યના અજ્ઞાનભાવે ઉત્પન્ન કરેલા કર્મ એણે ઉત્પન્ન કરેલું છે. ઓલી ચીજે પણ નહિ ભાઈ! આહા..હા..! જુઓ ખુબી તો જુઓ. એ પચાસ પાંચ કરોડ, દશ કરોડ (છે) એને કારણે નહિ, ફક્ત પોતાના અજ્ઞાનભાવથી ઉત્પન્ન થયેલું કર્મ. ભાનભાવમાં તો ઉત્પન્ન થાય નહિ. અને અજ્ઞાનભાવ એ એના દ્રવ્ય, ગુણમાં નથી. એની અંશમાં એક સમયની કૃત્રિમ ભ્રમથી ઉત્પન્ન કરી, ખંડ કરી અને ઉત્પન્ન કરેલું જ્ઞાન, એનાથી બંધાયેલું કર્મ, એનાથી સુખ-દુઃખની કલ્પના. સંયોગથી નહિ, સ્વભાવથી નહિ. એને આટલા પૈસા મળ્યા માટે એને સુખ-દુઃખ થયું એમ પણ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ... કરવી જોઈએ કે નહિ?

ઉત્તર :— કરે શું? ધૂળ કરે? કોણ વાત કરતો હતો? એ તો જરી વાત કરવાનો હેતુ હોય. જરી બીજા પૈસાવાળા થોડાઘણા હોયને એને જરી માન ચડતું હોય કે અમે આટલા, એટલે થોડી વાત કરતા હોય. એટલું હોય. ધૂળ તો ઘણી વાર આવે ને જાય, સાંભળને હવે! એ તો જાણે બે લાખ પેદા કરતો હોય, પાંચ લાખ કરે તો અમે જાણે એવા ડાહ્યાના દીકરા થઈ ગયા. હવે સાંભળને! ભાન વિનાના માણસો અબજોપતિ થાય છે. ઈ હાટુ કહેવાનું હોય. અને તે પૈસા એણે મેળવ્યા એવી વાત અહીં તો નથી કરતા. અને પૈસામાં કલ્પના કરી એ પૈસાએ કરાવી છે એમ નહિ. એના ઉત્પન્ન કરેલા અજ્ઞાનભાવે એ કર્મથી ઉત્પન્ન (થયા છે) એટલે ખરેખર અજ્ઞાનભાવે કલ્પના ઉત્પન્ન કરી છે. આહા..હા..! ઈ કર્મનો અર્થ ઈ છે ભાઈ! અજ્ઞાનભાવે ઉત્પન્ન કરી છે કલ્પના સુખ-દુઃખની. પૈસાએ નહિ. એ કર્મ શબ્દે અજ્ઞાનભાવરૂપી કર્મ. આહા..હા..! એ તારી ચીજ તે... સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ' છે અહીં તો. પરમાત્મપ્રકાશમાં દુઃખની કલ્પના ઉત્પન્ન થાય? એ અભાવ કરવો એ દ્રવ્ય, ગુણમાં નથી. એટલું સિદ્ધ કરવું છે. અશુદ્ધ નિશ્ચય શબ્દ કહીને એનો વર્તમાન પર્યાય અશુદ્ધ કરી અને આનો વિષય છોડીને આ વિષય બનાવ્યો અશુદ્ધતા, એનાથી બન્યું કર્મ અને એનાથી થઈ સુખ-દુઃખની કલ્પના. બસ! મૂઢભાવે સુખ-દુઃખની કલ્પના અજ્ઞાનીએ કરી છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ... ભીખાભાઈ! કહો, હીરાભાઈ સુખી છે. કઈ કલ્પનાએ? આહા..!

એ પરમાત્મા પોતે ભગવાન છેને ભાઈ! પોતે જ અખંડ દ્રવ્ય છે. વસ્તુ છેને વસ્તુ. વસ્તુ સત્ સત્-શાશ્વત અકૃત્રિમ સત્ત્વ અનંત શાશ્વત, જેને શાશ્વત અનંત કહ્યું શાસ્ત્રમાં, શાશ્વત અનંત. શાશ્વત એટલે કોઈ દિ' એનો અંત આવે નહિ. શાશ્વત અનંત. અગિયાર અનંત વર્ણવ્યા છેને ભગવાને. આ તો અનંત જ્ઞાનમાં બધું વર્ણવ્યું, શું ન હોય ભગવાનના જ્ઞાનમાં? શાશ્વત અનંત. વસ્તુ શાશ્વત અંત ન આવે એવી અનંત એમને એમ. આહા..હા..! એવી ચીજ એ તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્યનો પિંડ પ્રભુ છે. એનાથી કેમ અજ્ઞાન થાય? વસ્તુમાં ક્યાં અજ્ઞાન હતું? પણ એ પર્યાયના અંશમાં અજ્ઞાન ઉત્પન્ન કર્યું એવું જો ન હોય તો આ દુઃખ કેમ હોય? એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

પાછું નિશ્ચય લીધું છેને. તેં વિકારની વૃત્તિઓ અશુદ્ધપણે નિશ્ચયથી તારા અંશમાં અજ્ઞાનભાવથી ઉત્પન્ન કર્યો છે. એ અસ્તિ છે, એ અસ્તિ છે. કોઈ ભ્રમ કહીને 'નથી' એમ કહે તો ખોટી વાત છે. એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એનાથી થયું કર્મ. એ બધું એક જ થયું. એનાથી થઈ સુખ-દુઃખની કલ્પના. પ્રતિકૂળ શરીરમાં રોગ ને કલ્પના કરી એ દુઃખ. કલ્પના કરી એ અજ્ઞાનથી ઉત્પન્ન કરી છે. ધૂળના ઢગલા વખતે સુખી એ કલ્પના અજ્ઞાનથી ઊભી

કરી છે. સમજાણું કાંઈ?

ચક્રવર્તીને અપ્સરા જેવી સ્ત્રીઓ છન્નું હજાર સમ્યગ્દૃષ્ટિને ત્યાં કલ્પના છે જ નહિ. આહા..હા..! આ સુખરૂપ છે એવી કલ્પના સમ્યગ્દૃષ્ટિને છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એક કલ્પના અસ્થિરતાની થાય એ ગાંઠ તોડીને થઈ ગયેલી છે. એટલે અસ્થિરતા અદ્ધરથી છે. ઝેર જેવું દેખાય છે જ્ઞાનીને. એ ભોગની વૃત્તિ અમૃતના આનંદ આગળ ઝેર જેવી દેખાય છે. આહા..હા..! દુનિયા એમ કહે કે, ચક્રવર્તીને સમકિતીને મજા બહુ હોં! એને ભોગ કરે અને બંધ ન થાય. અરે..! સાંભળ તો ખરો. કોણ કરે? એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે આત્મામાં સમ્યક્‌માં. અતીન્દ્રિય આનંદનું ભાન છે, અતીન્દ્રિયનો આનંદ (આગળ) ભોગની વાસનાને ઝેર જાણે છે, આ ઝેર... ઝેર... ઝેર. આહા..હા..! કહો, સમજાણું? માટે એને સુખની કલ્પના સમ્યગ્દૃષ્ટિને નથી. સમજાણું કાંઈ?

સત્ય વસ્તુ આનંદકંદ સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો, એ તો આનંદનો સ્વાદ આવ્યો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો. અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાનની પ્રતીતમાં કેવળજ્ઞાન આવી ગયું. પૂર્ણ દર્શનનો પિંડ પ્રતીતમાં (આવ્યો), અનંત વીર્યની કાતળી પ્રતીતમાં આવી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યક્ સત્ છેને, સત્ પ્રતીત. આવું સત્ય સ્વરૂપ જે છે એ શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યું, (એવું) એને અંદરમાં ઉતરે, સુખની કલ્પના છે જ નહિ એની ગંધમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલો ભિખારી હોય ગરીબ અને બે રોટલી ખાતો હોય. એક રોટલી ઓછી કરે. જુઓ, અમે પણ ઓછું કર્યું, ઉણોદરી ખાઈએ છીએ. અને આ જ્ઞાની કહે છે ને દૂધપાક ને પૂરી ખાય છે. સાંભળને મૂર્ખ! તારા ગજ ખોટા છે. જોયું? આઠમને દિ' અમે રોટલી બે લુખ્ખી ખાઈએ, આ કરીએ. સમજે એટલો ત્યાગ તો જોઈએ કે નહિ? અમારે આઠમ હોય તો બે રોટલી લુખ્ખી ખાઈએ, લ્યો. છાશ અને ભાત. આ તો દૂધપાક ને પૂરી ખાય છે. સાંભળને! કોણ ખાય છે? તું પણ ક્યાં ખા છો? અજ્ઞાની માને છે કે, મેં આ ઉણું કર્યું અને મેં ઓછું કર્યું. રાગ ઓછો કર્યો નહિ પણ મિથ્યાત્વ પુષ્ટ કર્યો. આહા..હા..! આ મેં છોડ્યું એવું મિથ્યાત્વનું પોષણ વિશેષ વિશેષ કર્યું. ઈ તે માપ કોણ કરે? સમજાણું કાંઈ?

એ ભગવાન આત્માના પર્યાયમાં-ખંડમાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા ભાવો એ જીવે ઉત્પન્ન નથી કર્યા. એટલે કર્મે અજ્ઞાનભાવરૂપી કર્મ ને એનાથી બંધાયેલા કર્મ એણે ઉત્પન્ન કરેલા છે. **'કર્મ-સંયોગકર ઉત્પન્ન હુએ હૈં...'** સ્વભાવથી નહિ એમ કહે છે. સંયોગી ભાવ ઉત્પન્ન કર્યો એનાથી સંયોગી કર્મ (બંધાયા એનાથી ઉત્પન્ન થયા છે). **'ઔર આત્મા તો વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં સ્થિર હુઆ વસ્તુકો વસ્તુકે સ્વરૂપ દેખતા હૈ, જાનતા હૈ,...'**

એને આત્મા કહે છે. આત્મા એને કહીએ કે જે પોતાના જ્ઞાન દર્શનની નિર્વિકલ્પ શ્રધ્ધા, જ્ઞાનમાં આત્માને જાણે, દેખે તેને આત્મા કહીએ છીએ. આહા..હા..! રચના પણ...! સમજાણું કાંઈ? ઓલી પર્યાયની સામે પર્યાય લીધી. વીતરાગ નિર્વિકલ્પ શાંતિની દૃષ્ટિ જ્ઞાનની શાંતિ એનાથી થયેલ...

'**વસ્તુકો વસ્તુકે સ્વરૂપ દેખતા હૈ, જાનતા હૈ,...**' ભગવાન આત્માને જાણે-દેખે છે. જ્ઞાની પોતાની પર્યાયમાં આત્માને જાણે-દેખે છે, એને સુખ-દુઃખની કલ્પના નથી. આહા..હા..! '**રાગાદિકરૂપ નહીં હોતા,...**' એ જ્ઞાની રાગરૂપ થતો નથી. એ તો સ્વભાવની સન્મુખની દૃષ્ટિ, શાંતિ ને સમાધિ એટલે શાંતિ એ રૂપે ધર્મી થાય છે. ધર્મી રાગરૂપ થતો નથી. ઓહો..! '**ઉપયોગરૂપ હૈ,...**' ધર્મી તો ઉપયોગરૂપ છે. જાણન-દેખન ઉપયોગરૂપ છે. '**જ્ઞાતા-દૃષ્ટા હૈ, પરમ આનંદરૂપ હૈ.**' ત્રણ ભેગું લીધું. જાણનાર-દેખનાર ધર્મી. વસ્તુ જ્ઞાતા-દૃષ્ટા આનંદમય એવી દૃષ્ટિમાં પણ જ્ઞાતા-દૃષ્ટા અને આનંદમય છે. કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આનંદમય છે. આહા..હા..! જાણવા-દેખવાની પર્યાય સહિત આનંદમય પર્યાય છે.

'**યહાં પારમાર્થિક સુખસે ઉલટા...**' આવો જે પારમાર્થિક ભગવાન આત્માનું સુખ આનંદ એનાથી ઉલટું, '**જો ઇન્દ્રિયજનિત સંસારકા સુખ-દુઃખ...**' સમજાણું? આહા..! એવું પારમાર્થિક આત્માનું જ્ઞાતા, દૃષ્ટા ને આનંદપણું પર્યાયનું એવા સુખથી ઉલટું ઇન્દ્રિયજનિત સંસાર સુખ-દુઃખ—આ ઇન્દ્રિયના લક્ષે ઉત્પન્ન કલ્પના એ '**આદિ વિકલ્પ સમૂહ હૈ વહ ત્યાગને યોગ્ય હૈ,...**' એ બધા વિકલ્પો છોડવા લાયક છે. '**એસા ભગવાનને કહા હૈ,...**' ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એમ ફરમાવે છે. ભાઈ! એ સુખ-દુઃખની કલ્પના છોડવા જેવી છે. ભગવાન આત્મા પરમ આનંદસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમાં રહેવા જેવું (છે). એ દ્વારા આત્મા ઉપાદેય છે અને રાગ-દ્વેષ હેય છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧, બુધવાર, તા. ૧૦-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૫, ૬૫★૧, પ્રવચન-૪૬**

६५) बंधु वि मोक्खु वि सयलु जिय जीवहँ कम्मु जणेइ।
अप्पा किंहपि वि कुणइ णवि णिच्छउ एउँ भणेइ।।६५।।

ભગવાન તીર્થંકરદેવ પરમાત્મા સર્વજ્ઞદેવ એમ કહે છે, '**भणेइ**' છે ને અંદર? કે, નિશ્ચયનયકર... જરી ઝીણી વાત છે. આ વસ્તુ જે છે આત્મા, એ ધ્રુવ ચૈતન્ય આનંદકંદ જ્ઞાયકમૂર્તિ અનંત ગુણનો ધ્રુવ સ્વભાવ આત્મા છે. આત્મા વસ્તુ જે છે આત્મ પદાર્થ એ તો ધ્રુવ આદિ-અંત વિનાનું, અણકરાયેલું, અનંત અનંત શાંત, સામાન્ય ગુણસ્વરૂપ તત્ત્વ છે. ઝીણી વાત છે. કોઈ દિ' એણે આત્મા શું છે એની દૃષ્ટિ કરી નથી. અનંત કાળમાં કરી નથી. એ નિશ્ચયથી ભગવાન વસ્તુ આત્મા પદાર્થ, '**બન્ધ ઔર મોક્ષ કર્મજનિત હી હૈ, કર્મકે યોગસે બન્ધ ઔર કર્મકે વિયોગસે મોક્ષ હૈ, ઐસા કહતે હૈં—**' શું કહે છે? એ આવશે ખુલાસો. ઝીણી વાત છે તદ્દન.

**અન્વયાર્થ :— 'હે જીવ બંધકો ઔર મોક્ષકો સબકો જીવોંકે કર્મ હી કરતા હૈ,...'** શબ્દાર્થ. '**આત્મા કુછ ભી નહીં કરતા, નિશ્ચયનય ઐસા કહતા હૈ, અર્થાત્ નિશ્ચયનયસે ભગવાનને ઐસા કહા હૈ.**' જરી ઝીણી વાત છે, હોં! હમણા ખુલાસો કરશે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એટલે એક સમયમાં-સૂક્ષ્મ કાળમાં જેણે ત્રણકાળ, ત્રણલોક જ્ઞાનમાં પ્રત્યક્ષ જોયા, દેખ્યા, જાણ્યા. એવા અરિહંત ભગવાન જેને એક સમય-સેકન્ડનો અસંખ્યમો ભાગ એની અંદરમાં આત્માની કેવળજ્ઞાન, કેવળદર્શન દશા દ્વારા ત્રણકાળ, ત્રણલોક ભગવાનના જ્ઞાનમાં જણાણા. એ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે, ભાઈ! નિશ્ચય નામ સત્ય તત્ત્વથી જોઈએ, સત્ય તત્ત્વ આ વસ્તુ જે વસ્તુ, વસ્તુ પદાર્થ ભગવાન આત્મા સત્-શાશ્વત પદાર્થ ધ્રુવ એમાં બેહદ જ્ઞાન, દર્શન, આનંદ એવું સત્ત્વનું આત્મતત્ત્વ છે, એ તત્ત્વ પોતે કર્મને ઉપાર્જે કે કર્મને છોડે એ વસ્તુમાં નથી. ધ્યાન રાખજો, જરી ઝીણી વાત છે, ભાઈ!

ભગવાન આમ કહે છે. વસ્તુ પોતે વસ્તુ, વસ્તુ શાશ્વત અનંત અનાદિ-અનંત વસ્તુ ધ્રુવ ચૈતન્યમૂર્તિ જેનું અનંત ગુણ સામાન્ય ધ્રુવરૂપ સ્વરૂપ એવો નિશ્ચય આત્મા, એવો સત્ય ભગવાન એ કર્મને ઉપાર્જે કે કર્મને ટાળે એ વસ્તુના સ્વરૂપમાં નથી. સાંભળો, સાંભળો ઝીણી વાત

છે, ભાઈ! એણે કોઈ દિ' સાંભળ્યું નથી. ભગવાન શું કહે છે એ એણે કોઈ દિ' વાસ્તવિક તત્ત્વને સાંભળ્યું નથી.

વસ્તુ જે છે દ્રવ્ય જેને કહીએ એની પર્યાય નામ હાલત નામ દશા એ જુદી વસ્તુ છે. ધ્યાન રાખજો ભાઈ! આ ચીજ એણે અનંત કાળથી (જાણી નથી). પરમાત્મા તીર્થંકરદેવ કહે છે કે, '**ભગવાનને ઐસા કહા...**' ભાઈ! આ વસ્તુ જે છે એ પોતે વસ્તુ છે પદાર્થ અનંત આનંદ અનંત... એ પણ વાત એને કોઈ દિ' બેઠી હોય ત્યારેને, કે આત્મા તે કોને કહેવો. આત્મા એટલે આ નવ તત્ત્વમાં આત્મા એટલે ધ્રુવ જ્ઞાયક આનંદકંદ સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ જેવું છે પર્યાયમાં ભગવાનને એવું આ વસ્તુનું સ્વરૂપ છે આત્મા. એ વસ્તુ પોતે કર્મને બાંધે કે કર્મને છોડે એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ વસ્તુના સ્વરૂપના અજ્ઞાનમાં... જે પર્યાયમાં-એક અંશમાં, વસ્તુ અખંડ આનંદ જ્ઞાયકમૂર્તિ સત્ ચિદ્ અનાદિ-અનંત અણકરાયેલું સત્ ચિદ્ એવા અનંત આત્માઓ, એ આત્મા વસ્તુ પોતે એક સમયની દશામાં આવતી નથી.

એ પર્યાય જે છે, એ પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં વસ્તુના અંતરના સન્મુખની દૃષ્ટિ વિના પર સન્મુખની દૃષ્ટિથી એક અંશના લક્ષે ઉત્પન્ન થયેલો મિથ્યાત્વ ભાવ અને રાગ-દ્વેષ ભાવ એ કર્મ કહેવાય છે ખરેખર. એનાથી બંધાયેલા રજકણો જડ આઠ કર્મ જ્ઞાનાવરણીય આદિ. આ ભાવકર્મ છે, ઓલું જડકર્મ છે. વસ્તુ પરમાત્મા નિજ સ્વરૂપ અહીં 'પરમાત્મપ્રકાશ' છેને, વસ્તુ પોતે પરમ સ્વરૂપ પરમાત્મા જ વસ્તુ છે. આહા..હા..! આ તે કેમ સાંભળ્યું જાય?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અત્યારની વાત છે આ. કોની? ત્રણે કાળે ભગવાન છે.

ભાઈ! તું પરમાત્મા પૂર્ણ ન હો તો પર્યાયમાં પરમાત્મા આવશે ક્યાંથી? પીપરના દાણામાં ચોસઠ પહોરી તીખાશ વર્તમાનમાં પૂરી ચોસઠ નામ રૂપિયો, સોળ આના ભરી ન હોય તો ઘસવાથી બહાર ચોસઠ પહોરી આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવશે, આવે છે? સમજાય છે કાંઈ? પીપરને દાણે દાણે લીંડીપીપર ચોસઠ પોરી તીખાશ અને લીલો રંગ અંદર પૂરો ન ભર્યો હોય તો ઘસવાથી એમાં ન હોય તો આવે ક્યાંથી? જ્યારે ચોસઠ પહોરી પર્યાય પ્રગટ થઈને હરા, લીલા રંગની આમ પ્રગટ થાય છે એ બધી શક્તિઓ અંદરમાં પડી છે. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા જે અરિહંત ને સિદ્ધની પર્યાય એ પર્યાય છે અરિહંત ને સિદ્ધ દ્રવ્ય, ગુણ નહિ. ઝીણી વાત છે. એ પર્યાયપણે, અવસ્થાપણે કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ, પર્યાયમાં પરમાત્મા થાય છે એ પર્યાય ક્યાંથી થાય છે? ક્યાંય બહારથી આવે છે? એને ખબર નથી. એ પોતે જ પરમાત્મા અનંત ગુણની ખાણનું નિધાન વસ્તુ છે દ્રવ્ય. સમજાણું

કાંઈ? આહા..હા..! એવો જે આત્મા એની અંતર દૃષ્ટિ નહિ કરીને એણે અનાદિથી આમ બાહ્ય અંશની દૃષ્ટિ વર્તમાન અંશમાં આખો પદાર્થ શું છે એ દૃષ્ટિમાં ન લેતા વર્તમાન અંશમાં આમ ઈન્દ્રિય રાગ, દ્વેષ, વિકલ્પ એને લક્ષમાં લઈ પર્યાયમાં હોં! એણે પર્યાયમાં—અવસ્થાના અંશમાં–વર્તમાન હાલતની એક સમયની દશામાં વિકાર એણે ઉત્પન્ન કર્યો પર્યાયમાં. એનાથી બંધાણા કર્મ. એ કર્મને લઈને આત્મા ચાર ગતિમાં રખડે, બંધન પામે અને કર્મના અભાવે મુક્તિ થાય. એટલે કર્મથી જ જાણે બંધન થયું અને કર્મથી મુક્તિ એટલે અહીં પર્યાયમાં અટકેલી દશા એ એની નહિ ગણીને એનાથી કર્મ અને એ કર્મથી બંધન અને એના અભાવથી મુક્તિ (એમ કહ્યું).

વસ્તુ તો મુક્તસ્વરૂપ જ ત્રિકાળ છે. ઝીણી વાત છે, ભાઈ! એ આત્મતત્ત્વ એટલે ભગવાન સર્વજ્ઞદેવે કહેલું, તીર્થંકર પરમાત્માએ કહેલો આત્મા, એ આત્મા એણે એક સેકન્ડ પણ અનંત કાળમાં દૃષ્ટિમાં લીધો નથી. બાકી કરીને મરી ગયો બધું ઊંધું. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન એમ કહે છે, ત્રણલોકના નાથ સર્વજ્ઞ પ્રભુ સમવસરણમાં ભગવાન બિરાજતા હતા અહીંયા ત્યારે સમવસરણમાં ઈન્દ્રોની ઉપસ્થિતિ, ચક્રવર્તી, બળદેવો, વાસુદેવો જે કાળે એની ઉપસ્થિતિમાં ભગવાન આમ કહેતા હતા. મહાવિદેહક્ષેત્રમાં ભગવાન વર્તમાન બિરાજે છે, સીમંધર પરમાત્મા વર્તમાન બિરાજે છે મનુષ્યદેહે, એ ભગવાન એમ ફરમાવે છે. આહા..! હે આત્મા! આહા..હા..! પ્રભુ! તને આ ચાર ગતિનું બંધન અને એ બંધનનો અભાવ એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ વર્તમાન પર્યાયનયે બંધન અને પર્યાયનયે મુક્તિ—આમ બે બતાવવું છે ભાઈ! આહા..હા..! આ તે કાંઈ વાત! એણે કોઈ દિ' લક્ષમાં લીધી નથી. સમજાણું કાંઈ? ભગવાન એમ કહે છે, **'ભગવાનને ઐસા કહા હૈ.'** હવે શું કહે છે? ભાવાર્થ છે જુઓ.

**ભાવાર્થ :— 'અનાદિ કાલકી સંબંધવાલી...'** અનાદિ કાળથી સંબંધ જેમાં છે આત્માની સાથે. ઓલા કર્મ રજકણ છેને, કર્મ રજકણ ઝીણા ધૂળ-માટી. કર્મ છે જડ માટી, ધૂળ. આત્મા ચૈતન્યમૂર્તિ અરૂપી આનંદકંદ ઘન છે. એને નિમિત્તમાં આઠ કર્મ જડ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય છે કે નહિ? એ અજીવ જડ તત્ત્વ છે માટી. જેવી આ માટી છે જાડી, ઓલી ઝીણી માટી, ઝીણી આઠ કર્મની ધૂળ છે. સમજાણું કાંઈ?

લોગસ્સમાં આવે છે. રજ રયમળા નથી આવતું? વિહુયરયમળા. અર્થ તો કોને આવડતો હોય. વિહા રોઈ મળ્યા એમ એક ફેરી થયું હતું. અર્થ નહોતો આવડ્યોને, વિહા રોઈ મળ્યા. વિસાશ્રીમાળી અને દશાશ્રીમાળીને વાંધા હશે. વિહા રોઈ મળ્યા. પણ આ લોગસ્સમાં વિહો રોઈ મળ્યા ક્યાંથી આવ્યું? કે આ રહ્યું. પણ એમાં એમ નથી, એ તો વિહુયરયમળા છે. ભગવાનજીભાઈ! ન મળે ખબર અર્થની, ન મળે વસ્તુની શું સ્થિતિ, એમને એમ ગડીયા હાંક્યે

ગયો અનંત કાળથી. એ તો વિહુય—વિશેષે, હુઈ એટલે ધુઈ એટલે ટાળ્યા. વિહુઈ-વિશેષ, હુ એટલે ધુ થાય છે, વિશેષે ટાળ્યા છે. રયમળા. રજ એટલે આઠ કર્મની રજ, ધૂળ એ રજ કહેવાય છે. આઠ કર્મની ધૂળને રજ કહેવાય છે અને મળ એ પુણ્ય ને પાપના વિકલ્પના ભાવને મળ કહેવાય છે. ભગવાનજીભાઈ! ઈ અહીં કહે છે, જુઓ! બેની વાત.

'અનાદિ કાલકી સંબંધવાલી અયથાર્થસ્વરૂપ અનુપચરિતાસદ્‌ભૂતવ્યવહારનયસે... ' જૂઠી નયે, ભાઈ! આહા..! અયથાર્થ. એનો અર્થ જ કર્યો છે અસદ્‌ભૂતનો. ધ્યાન રાખજો! આ તો અંતરની વાતું એણે કોઈ દિ' સાંભળી નથી, અનંત વાર નવમી ગ્રૈવેયકે જઈ આવ્યો. સમજાણું કાંઈ? પણ વાસ્તવિક તત્ત્વ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કોને કહે છે એ આત્માનું એણે એક સમ્યક્‌જ્ઞાન એક સમયમાત્ર પણ કર્યું નથી. એ વિના બધું કર્યું ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, રાગ બહુ શુભભાવ થયા (તો) સ્વર્ગમાં ગયો. પણ જન્મ-મરણના અંત એનાથી આવ્યા નહિ. ધૂળનો દેવ થયો અને ધૂળનો રાજા થયા. આ કરોડ, પાંચ કરોડ, પચ્ચીસ કરોડનો ધૂળનો શેઠિયો થયો. ભગવાન આત્મા શું એની એણે કોઈ દિ' શ્રદ્ધા ને જ્ઞાન અનંત કાળમાં એણે કર્યા નથી. કહે છે, એવો જે ભગવાન આત્મા.. આ ભગવાન હોં! પરમાત્મા પોતે સ્વરૂપે. એને સંબંધ છે અનાદિનો. અયથાર્થ સ્વરૂપે અનુપચરિત એટલે સંબંધવાળું અસદ્‌ભૂત વ્યવહારનયથી-જૂઠી નયે જોડે આઠ કર્મનો સંબંધ છે જડનો. એ રજકણનો ઝીણા રજકણ ધૂળનો. એ જૂઠી નયે આમ વ્યવહારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એટલી એક વાત... હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વાત જ ચાલતી નથી. અત્યારે તો ધમાધમ હો હા ને હરિફાઈ. ધંધામાં જેમ હો હા અને હરીફાઈ, એમ ધર્મને બહાને બહારની ક્રિયાકાંડના હો, હા અને હરિફાઈ. વસ્તુ શું છે? ભગવાન જેને આત્મા કહે છે એ આત્માનું શું સ્વરૂપ છે? એને સંબંધ શું છે અને ક્યા સંબંધે એ રખડે છે? જમુભાઈ! ગુજરાતી આવે તોપણ ભાવ તો જે હશે એ આવશે કે નહિ?

અહીં તો કહે છે, ભગવાન! હે આત્મા! તું તો પરમાત્મ વસ્તુના અંતર સ્વરૂપમાં તો અનંત બેહદ જ્ઞાન આનંદનો કંદ તું આત્મા છો. એને અનાદિથી જડકર્મનો જૂઠી નયે, સંબંધ ખરો નથી એટલે જૂઠી નયે, સંબંધ નજીકમાં છે માટે, વ્યવહાર એટલે નિમિત્ત છે માટે એને સંબંધ જડનો છે એમ અન-ઉપચારીક અસદ્‌ભૂત-જૂઠી નયે એ જડનો સંબંધ છે એમ કહેવામાં આવે છે, એક વાત. એ દ્રવ્યકર્મ બંધ, દ્રવ્યકર્મ બંધ જડનો, રજકણનો. હવે ભાવબંધ, જે ઓલા મળ કીધું હતું ઈ. રજકણ છે એ જડ છે, ધૂળ છે, અજીવ છે, માટી છે. આ જેમ માટી

છે, એવા કર્મ જડ ધૂળ છે. એનો સંબંધ જીવને અસદ્દ્ભૂતે વ્યવહારનયે-જૂઠી નયે આમ સંબંધ છે. કારણ કે આ ચૈતન્ય અને એ જડ, બેનો સંબંધ જૂઠી નયે છે. આહા..હા..! હવે આ બાયડી, છોકરાનો સંબંધ કાંઈ ધૂળમાં પણ નથી. સમજાણું કાંઈ?

બીજી વાત. '**અશુદ્ધનિશ્ચયનયસે...**' હવે જે ભગવાન વસ્તુ... વસ્તુ... વસ્તુ... પરમાત્મ પોતાનું નિજસ્વરૂપ. દ્રવ્યસ્વરૂપ, વસ્તુસ્વરૂપ, પદાર્થસ્વરૂપ, અખંડ જ્ઞાયકભાવ તત્ત્વ એને જે પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, કામ, ભોગના આદિ પુણ્ય-પાપના ભાવ જે છે એ અશુદ્ધ નિશ્ચયનયે. એટલે કે એના વર્તમાન અંશમાં છે. ઓલા રજકણો એના અંશમાં નહોતા. રજકણો ભિન્ન છે, દૂર છે. એ રજકણો ક્ષેત્રે ભલે હોય પણ દૂર છે. એ એની જાતમાં, એક અંશમાં પણ નથી. વસ્તુ, વસ્તુ જે ત્રિકાળ છે એમાં તો એ કર્મ નથી પણ એક સમયની અવસ્થામાં એ કર્મ નથી, કર્મ તો આમ ભિન્ન છે માટે એને અસદ્દ્ભુતનય કીધો. આહા..હા..!

પણ એની વર્તમાન દશામાં, દશામાં વસ્તુમાં નહિ, વસ્તુ જે છે અખંડ આનંદ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ પરમેશ્વર પોતે એવો ભગવાન આત્મા આ, એને વર્તમાન પર્યાય એટલે અંશ દશામાં, અંશ દશામાં, ઓલા રજકણો તો અંશ દશામાં પણ નહોતા, ભિન્ન છે રજકણ, માટી તેથી એને અસદ્દ્ભુત-જૂઠી નયે સંબંધ કીધો. આ નથી. આટલો તો સંબંધ છે એની પર્યાયમાં, વર્તમાન દશામાં અશુદ્ધ નિશ્ચયનય એટલે એની દશામાં એ નિશ્ચય છે પણ અશુદ્ધ છે. પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વિકલ્પો જે ઉઠે છે એ રાગ છે, વિકાર છે, એ વિકાર એના એક અંશમાં, એક અંશમાં છે માટે-તેને એનો અંશ છે માટે-નિશ્ચય કીધું, પણ અશુદ્ધ છે માટે અશુદ્ધનિશ્ચયથી એનો સંબંધ છે કીધો. ભારે આ તો, કેટલું સમજવું આમાં માણસને. આ વેપારમાં હેરાન થતો નથી? બે લાખ પેદા કરવા હોય તો મરી જાય આખો દિ' મજૂરી કરી કરીને. મજૂરી એટલે રાગ-દ્વેષ હોં! બીજું કાંઈ ન મળે ન્યાં આરામ કરતો હોય તો. બેઠો બેઠો રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ, સંકલ્પ-વિકલ્પ બાકી હરામ કાંઈ કરે તો. જડની દુકાનની વેપારની અવસ્થા એને જડને લઈને થઈ, આત્મા એને કરી શકે નહિ. અરે.. અરે..! આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પરપદાર્થ છે એને શું કરે ઈ? સંકલ્પ-વિકલ્પ, સંકલ્પ-વિકલ્પના હિંડોળે. અશુદ્ધ નિશ્ચયથી...

જુઓ! આ ગાથા બહુ અલૌકિક છે. આ તો 'પરમાત્મપ્રકાશ' છે. આહા..હા..! '**રાગાદિ ભાવકર્મકે બંધકો...**' દેખો! જે પુણ્ય ને પાપ વિકલ્પ જે ઉઠે વૃત્તિઓ શુભ ને અશુભ રાગ, વાસના ઉઠે વૃત્તિઓ, શુભ-અશુભભાવ વિકલ્પ એ ભાવકર્મ કહેવાય છે, મળ છે માટે. પણ એનું પર્યાયનું ભાવ કાર્ય છે, દ્રવ્યનું નહિ. શું કહે છે?

મુમુક્ષુ :— દ્રવ્ય કાર્ય વિનાનું છે?

ઉત્તર :— દ્રવ્ય પર્યાય વિનાનું છે. દ્રવ્યમાં પર્યાય કેવી? દ્રવ્ય વસ્તુ છે એમાં પર્યાય કેવી? આ તો પર્યાયની વાત ચાલે છે, દ્રવ્ય તો દ્રવ્ય છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું? શું કીધું?

ભગવાન આત્મા વસ્તુ છે. વસ્તુ છે કે નહિ અનાદિ-અનંત? કે નવી છે? કોઈએ કરેલી છે? છે એ સત્ છે, સત્ છે તે અનાદિ છે. સત્ છે તે અનંત કાળ રહેનાર છે. એવું જે અનંત કાળનું અંતઃસત્ત્વ વસ્તુ બેહદ જ્ઞાન, દર્શન, આનંદનું સત્ત્વથી ભરેલું તત્ત્વ એવું દ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ. એ વસ્તુમાં વર્તમાન દશામાં-વર્તમાન એક સમયની હાલતમાં કર્મનો સંબંધ કહેવો, એ ભિન્ન (છે) માટે અસદ્ભુત-જૂઠી નયે સબંધ કહેવો, પણ એની પર્યાયના એક અંશમાં, આખું આવું દ્રવ્ય ભરેલું છતાં એની એક સમયની વર્તમાન હાલત નામ પર્યાય નામ દશામાં પુણ્ય અને પાપ, ભ્રમણા, રાગ-દ્વેષ આ પુણ્યમાં મજા છે, પુણ્યના ફળમાં મજા છે, પુણ્ય વિકલ્પ છે એ મને ઠીક છે, આ પુણ્યના ફળમાં મને મીઠાશ મજા પડે છે એવો જે મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ ભાવ. સમજાણું કાંઈ? એવો મિથ્યાત્વ ભાવ તે એની પર્યાયના એક અંશમાં છે. અંશમાં છે તેથી એને નિશ્ચય કીધો અને મલિન છે માટે તેને અશુદ્ધ કીધો. સમજવા માટે એને એકાગ્ર થાવું પડે. ઓલામાં તો .. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રિ ઇન્દ્રિયા... જાઓ! કાંઈ છે સમજવાનું? આ ઈરિયા, વવરોવિયા અંદર થાય છે એની આ વાત ચાલે છે. ભગવાનજીભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ઘન, આનંદકંદ દ્રવ્ય વસ્તુ એને રાગના વિકલ્પના પ્રેમમાં એનો અનાદર કર્યો એ તારા જીવતરનો ઘાત થાય છે. એ જીવનનો ઘાત થઈને ઉત્પન્ન થયેલો વિકલ્પ, આવડું તત્ત્વ એ હું નહિ, આ નહિ, આ નહિ. કારણ કે, એણે અનંત કાળમાં એ તરફનું લક્ષ અને ધ્યેય કોઈ દિ' કર્યું નથી. એટલે પરમ આનંદમૂર્તિ ભગવાન વસ્તુ જેની ખાણમાં અનંતા પરમાત્મા પડ્યા છે. શેમાં? શક્તિમાં. અનંત સિદ્ધ થાય છે, સિદ્ધ થાય છેને? તો સિદ્ધની પર્યાય છેને, સિદ્ધ કાંઈ દ્રવ્ય-ગુણ નથી. સિદ્ધની દશા છે, હાલત છે, પર્યાય છે. એક સિદ્ધની પર્યાય થઈ એ સિદ્ધની પર્યાય એક સમયે રહે, બીજે સમયે ન રહે. બીજે સમયે નવી થાય. એ બધું સાંભળ્યું છે ક્યાં એણે કોઈ દિ'. એવી જ્યારથી સિદ્ધ થાય તે અનંત કાળથી નવી નવી પર્યાયો થયા કરે છે પરમાત્માની. એવા અનંતા પરમાત્મા આત્માના દ્રવ્યમાં પડ્યા છે અંદરમાં. ભગવાન જાણે આત્મા તે કેવો હશે.

એવું જે આત્મદ્રવ્ય વસ્તુ એની વર્તમાન પર્યાયના અંશમાં વસ્તુનો આદર છોડી દઈને જે એક સમયના અંશમાં આદર કર્યો એ મિથ્યાત્વ ભાવ ઊભો કર્યો, એને લઈને રાગ-દ્વેષ થયા એ અશુદ્ધનિશ્ચયથી થયા છે. શુદ્ધનિશ્ચયના સ્વભાવમાં એ નથી. શુદ્ધનિશ્ચય એટલે શુદ્ધ સત્,

શુદ્ધ સત્. આ અશુદ્ધ સત્ એક સમયનો. આહા..હા..! આ હવે કેવી ભાષા? આવી તે કાંઈ વીતરાગમાર્ગમાં હશે આવું? અરે..! ભાઈ! તેં વીતરાગ માર્ગ જૈન પરમેશ્વર ત્રિલોકના નાથ તીર્થંકરે શું કહ્યું છે એ સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? અજૈનને જૈનપણું માની અને માને કે, ભગવાને આમ કહ્યું છે. ખબર નથી, શું કરે? અનંત કાળ એમને એમ ગયા. ઈ કહેશે પછી હોં! એ આની પછી શ્લોક જ ઈ કહેશે, પછી શ્લોક કહેશે. એ વીતરાગની વાણીમાં, આત્માનું સુખ આત્મામાં અનંત કાળમાં શું છે એવું વીતરાગે કહ્યું એને જાણ્યા વિના ચોર્યાશીના અવતારમાં કોઈ અવતાર ખાલી રાખ્યો નથી એટલા અવતાર કર્યા. એ પછી કહેશે, આ વાત કર્યા પછી. સમજાણું કાંઈ? અહીં તો બહુ ધ્યાન રાખ્યા વિના સમજાય એવું નથી. વાર્તા હોય તો તો આવું આડું-અવળું વયું જાય તો વચ્ચે સાંધિ લે.

ભગવાન! તારી વાત ભગવાન કરે છે. સાંભળ તો ખરો કહે છે. ભગવાન એમ કહે છે, ન કીધું? સર્વજ્ઞ પ્રભુ સમવસરણ ધર્મ સભામાં ભગવાન ભાખતા હતા, દિવ્યધ્વનિ દ્વારા ભગવાનની વાણીમાં આ આવ્યું હતું. પ્રભુ! તું પૂર્ણ સ્વરૂપે વસ્તુ છો ભગવાન! એનો તેં આદર ન કર્યો અને એક સમયની પર્યાયના લક્ષમાં ઊભો રહી અને મિથ્યા ભ્રમ ને રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યો. એ તારા એક સમયની, સમય એટલે સૂક્ષ્મ કાળ, એ સૂક્ષ્મ કાળમાં તારા પર્યાયના અસ્તિત્વમાં એ ઊભો થયેલો વિકાર છે. એ વિકારનો તારે સંબંધ અશુદ્ધ નિશ્ચયથી છે. સમજાણું કાંઈ? એકે એક બધી ભાષા જુદી જાતની આ. ધરમચંદજી! આરે.. આવો તે કેવો ધર્મ ભાઈ? આહા..હા..!

ભગવાન! તું કોણ છો? બાપુ! અને તારી ભૂલ કેટલા કાળની ને કેટલી? એ એણે કોઈ દિ' વિચાર કર્યા નથી. ઓહો..! એ કહે છે, ભગવાન! તું તો ખરેખર તો અશુદ્ધ નિશ્ચયથી થયેલો વિકાર અને કર્મના સંબંધ વિનાનો છો ભાઈ! છોટાભાઈ! આહા..હા..! એવી ચીજ તારી અંદર પૂર્ણ છે. પણ વિકાર-વિકલ્પ ઉત્પન્ન કરી અને એ વિકલ્પ તે મારું સ્વરૂપ છે એમ માની મિથ્યાદષ્ટિની પર્યાયમાં એ પર્યાયનો સંબંધ તારે અશુદ્ધ નિશ્ચયથી છે. નિશ્ચય એટલે અંશ સત્‌નું સત્‌પણું છે એટલું, એ અશુદ્ધ છે. ત્રિકાળ ભગવાન શુદ્ધની સાથે આ સંબંધ તો અશુદ્ધ નિશ્ચયથી છે. કહો, સમજાય છે આમાં કાંઈ?

અને કર્મના રજકણ જડ છે એનો સબંધ તો, એ જડ તો એક સમયની અવસ્થામાં પણ અહીં નથી. એ તો આમ સંબંધ છે એટલે આમ અસત્ નયે એનો સંબંધ કીધો અને આ એક સમયનો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ વસ્તુ એની એક સમયની હાલતની ભૂલનો સંબંધ અશુદ્ધ, અશુદ્ધ છે અને નિશ્ચય એટલે ખરેખર અંશ એનો છે પર્યાયદષ્ટિએ હોં! પર્યાયદષ્ટિએ. આહા..! પર્યાય શું ને વળી દ્રવ્ય શું ને આ શું હશે આ બધું? અશુદ્ધ નિશ્ચયથી ને અસદ્‌ભુત વ્યવહારથી. જગતના એમ.એ. ને બી.એ., એમ.ડી.ના પૂંછડાં વળગાડવા હોય તો ત્યાં શીખે બધું. મેટ્રિક

માટે શીખે. મરી જાય, જેમાં અજ્ઞાન ભર્યું છે બધું. એમ હશે કે નહિ? અને તે પાછો પૈસા મળવા એ કાંઈ ભણ્યો એલ.એલ.બી. ને પૂછડા માટે પૈસા મળે એમ પણ નથી. એ પાછા પૂર્વના રજકણ પુણ્યના પડ્યા હોય તો મળે. મરી જાય, મોટો બારીસ્ટર થાય તો મળે નહિ. આહા..હા..! એ.. ધરમચંદજી!

મુમુક્ષુ :— જ્યાદાતર મળી જાય.

ઉત્તર :— જ્યાદાતર મળી જાય... મળ્યા, ધૂળમાં પણ મળે નહિ. એ તો પૂર્વના પુણ્યના પરમાણુ ત્યાં પડ્યા છે રજકણ, કોઈ શુભભાવ પૂર્વે કરેલો હોય જરી એના રજકણ ઝીણી ધૂળ બંધાયેલી હોય, એ ધૂળનો પાક કાળ આવ્યો હોય ત્યારે સોગઠી ગોઠવાય જાય તો આ પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ મળે. મૂઢ કહે કે, મારા પુરુષાર્થથી મળ્યા. એ તો બેવડું પાપ બાંધે છે. આહા..! સમજાણું? એક તો રાગ કરે છે અને એનાથી મળે એમ માને એ મિથ્યાત્વ સાથે બાંધે છે. ધરમચંદજી! આ રસ્તા જુદા વીતરાગના છે, દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. આહા..હા..! કેમ હશે? મલૂકચંદભાઈ! એમ હોય? એના છોકરાને બે કરોડ થયા છે. પણ એણે બે કરોડ પેદા કર્યા કે નહિ પુનમચંદે? શું કીધું આ? ધૂળમાં પણ નથી. બે કરોડ તો ધૂળમાં છે, એની પાસે ક્યાં આવ્યા છે? મમતા એણે કરી કે આ મને (મળ્યા). એ મમતા. એ મમતા એની પર્યાયમાં છે, આત્માની અવસ્થામાં છે તેથી એને શુદ્ધ ત્રિકાળની સાથે અશુદ્ધ નિશ્ચયથી સંબંધ કહેવામાં આવે છે. અને રજકણો જે ધૂળ છે, ભિન્ન છે એ જૂઠી નયે એનો સંબંધ કહેવામાં આવે છે. કારણ કે એમાં કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા હોં! દુકાન-બુકાન ક્યાંય રહી ગઈ. એનો સંબંધ કેવો હશે? એઈ..! એ અસદ્ભુત ઉપચાર. એ પાછો આરોપ.

દુકાન, બાયડી, છોકરા, ધૂળ, પૈસા, દાગીના, મકાન હજીરા—મોટા મકાન, લાખ, બે લાખ, પાંચ લાખ એનો સંબંધ જીવને કેવો? કે, અસદ્ભુત-જૂઠી નયે, વ્યવહાર એટલે નિમિત્તરૂપે ઉપચારથી છે, કેમકે દૂર છે માટે. અને કર્મ રજકણ તો અહીં નજીક એકક્ષેત્રાવગાહ છે માટે તેને અનુપચાર નજીકની અપેક્ષાએ અનુપચાર કર્યો, પણ છે અસદ્ભુત. એની પર્યાયમાં અંદર ગર્યા નથી, ભિન્ન રહ્યા માટે. આ સ્ત્રી, કુટુંબ, મકાન તો ભિન્ન રહ્યા છે. એની એક સમયની દશામાં પણ એ આવ્યા નથી. અથવા એક ક્ષેત્રે અવગાહે ભિન્ન નથી. એના એક ક્ષેત્રમાં ભિન્ન એ કર્મ છે અને આ તો ભિન્ન ક્ષેત્રે ભિન્ન છે બાયડી, છોકરા માટે અસદ્ભુત વ્યવહારનયે ઉપચાર છે, એની સાથે કાંઈ ખરો સંબંધ છે નહિ. ભારે વાત ભાઈ! કેમ હશે આમાં? ગુલાબચંદભાઈ! એઈ..! મોહનભાઈ! સમજાણું કે નહિ? જેચંદભાઈ! આ હમણા પડી ગયા હતા ભાઈ! ભાઈ! શરીર તે જડ છે એને શું આત્મા રાખી શકે છે? ઊભું રાખે અને રોકી શકે? ત્રણકાળ, ત્રણલોકમાં

નહિ. જડ, માટી, ધૂળ છે ઈ. એની અવસ્થા કેમ થવી આત્માના વિકલ્પ ને રાગને આધીન નથી. ત્રણકાળમાં નથી એમ ભગવાન કહે છે. અજીવતત્ત્વની અવસ્થા જીવ કરી શકે તો અજીવ સ્વતંત્ર રહેતું નથી. આહા..હા..! પડ્યા હતા હમણાં, પછી ઉપાડીને લાવ્યા અંદરમાં. એ તો ધૂળ છે.

ભગવાન! તારા તત્ત્વમાં એ ધૂળ નથી, તારા તત્ત્વમાં તો કર્મની ધૂળ પણ નથી. એ ભિન્ન રહી ગયેલા તત્ત્વ છે. તારા તત્ત્વની એક સમયની અવસ્થામાં આ મેલ પુણ્ય-પાપના ભાવ અશુદ્ધપણે અસત્‌પણે અંશ છે. એ અંશે બંધાયેલા કર્મ. એ કર્મે બંધ કર્યો અને એ કર્મ છૂટે એટલે મુક્તિ થાય. પર્યાયમાં બંધ મુક્ત છે, વસ્તુમાં છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! પર્યાય શું, દ્રવ્ય શું ને આ શું હશે આ? અરે..! વીતરાગના મૂળ એકડા એને પણ સાંભળ્યું ન હોય અને એને કરવો ધર્મ! જમુભાઈ! વીતરાગ સર્વજ્ઞે કહેલા તત્ત્વો સંતોએ સહેલા કરી દીધા છે, એમાં કાંઈ ગડબડ છે નહિ. ત્રણકાળ, ત્રણલોક જેને ભાસ્યા પરમાત્માને એની વાણીમાં જે સ્પષ્ટતા તત્ત્વની આવી એમાં કાંઈ ગડબડ ત્રણકાળમાં ક્યાંય નથી. એની એને ખબર ન મળે એથી ગડબડ માને એટલે શું થાય? સમજાણું?

કહે છે, '**ભાવકર્મકે બંધકો તથા દોનોં નયોંસે દ્રવ્યકર્મ ભાવકર્મકી મુક્તિકો યદ્યપિ જીવ કરતા હૈ,...**' દેખો ભાષા. એ પાછા જડકર્મથી મુક્તિ એ પણ અસદ્‌ભુત વ્યવહારનયથી (કહ્યું). કારણ કે અસદ્‌ભુત સંબંધ હતો અને પુણ્ય-પાપના ભાવનો સંબંધ અશુદ્ધ નિશ્ચયથી હતો, એ નયે છૂટ્યો. ઝીણી વાત છે, હોં બહુ. એ વીતરાગનું કહેલું તત્ત્વ ઘણું ગૂઢ છે. સર્વજ્ઞ પરમાત્માએ કહેલો ભાવ દુનિયામાં ક્યાંય ત્રણકાળમાં એની સાથે વાત મળી શકે એવી નથી, કોઈ સાથે મળે નહિ, કોઈ પંથ સાથે, કોઈ માર્ગ સાથે મળે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો...!

કહે છે, ભગવાન આત્મા વસ્તુ, વસ્તુ, ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિ-અનંત એવા તત્ત્વની અંદર પર્યાયમાં આ બે પ્રકાર કહ્યા. એક સમયની અવસ્થામાં, હાલતમાં, મલિન ભાવ તે અશુદ્ધ નિશ્ચયથી સંબંધ કીધો અને રજકણનો સંબંધ અસદ્‌ભુત અનુપચાર ક્ષેત્રાવગાહમાં છે માટે. એક, બે નયે પાછી બંધ અને મુક્તિ કીધી. એ અસદ્‌ભુતનો અભાવ થવો એ અસદ્‌ભુતે મુક્તિ કરી કહેવાય અસદ્‌ભુતથી અને અશુદ્ધ પરિણામ હતા એ ભલે આત્માનો આશ્રય કરીને કર્યા પણ એ અશુદ્ધથી, અશુદ્ધ કહો કે વ્યવહાર કહો અહીં તો, શુદ્ધ નિશ્ચય પરમાત્મામાં બંધનું થવું ને બંધનો અભાવ (થવો) એ વસ્તુ દ્રવ્યમાં છે નહિ એમ અહીં સિદ્ધ કરવું છે.

એક સમયની પર્યાયમાં-અવસ્થા-હાલતમાં બંધ અને એનો અભાવ એક સમયની અવસ્થા. અભાવની અપેક્ષા પણ એ અશુદ્ધ નિશ્ચયે લાગુ પડે છે. એ વ્યવહાર કહો, પણ અશુદ્ધ કહો કે વ્યવહારનય કહો બધું એક છે. એનો જ ભેદનો અંશ છે માટે વ્યવહારથી એને બંધમાં ને

વ્યવહારથી એને મુક્તિ. નિશ્ચય સ્વરૂપે ભગવાન દ્રવ્યસ્વરૂપમાં બંધ અને મુક્તપણું વસ્તુમાં નથી. આ શું પણ? એ... રતિભાઈ! ભાઈ!

વસ્તુ જે છે ત્રિકાળી તત્ત્વ એનો બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. એની મુક્તિ થાય એટલે શું? એ નહોતી ચીજ એટલે મુક્તિ થઈ? વસ્તુ... વસ્તુ... વસ્તુ... અનાદિ-અનંત ચૈતન્ય દ્રવ્ય-પદાર્થ (છે). એ વસ્તુ એક સમયની પર્યાયમાં બંધ અને એક સમયની પર્યાયમાં બંધનો અભાવ (થાય છે). એ પર્યાય-અવસ્થાથી બંધ અને મુક્તિ છે, વસ્તુના બંધ મુક્ત છે નહિ. અહીં તો ઉત્પાદ કહીને વ્યવહારમાં નાખ્યા, સંસાર અને મુક્તિ બેય. આહા..હા..!

ભાઈ! તારો પદાર્થ તો મોટો પદાર્થ છે ભગવાન. આહા..હા..! ભગવાનના જેવડો જ તારો પદાર્થ છે. ભગવાનનો આત્મા અને આ આત્મા કાંઈ વસ્તુએ ફેર નથી. એની અવસ્થામાં, હાલતમાં ફેર પડ્યો. પણ એ હાલત એટલે પર્યાય, પર્યાયે ફેર પડ્યો એટલે વ્યવહારે ફેર પડ્યો. પરમાર્થના વસ્તુમાં ફેર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એ આત્મા ચૈતન્યસૂર્યનો પિંડ જ, ચૈતન્યનો પિંડ જ પ્રભુ આત્મા છે. એકલો ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ ભગવાન છે. એની એને ખબર નથી એટલે એક સમયની દશામાં એણે ઊભો કરેલો વિકલ્પ, વિકાર, મિથ્યાત્વ ભાવ એ ભાવકર્મ થયું. એ નિમિત્ત પામીને રજકણો નવા બંધાણા એ જડ કર્મ થયું. આ અશુદ્ધ, એ વ્યવહાર અસદ્ભુત. બેયનો અભાવ થવો એ પણ અસદ્ભૂતે કર્મનો અભાવ થવો, અશુદ્ધ નિશ્ચયથી વિકારનો અભાવ થવો. શુદ્ધ નિશ્ચયના વસ્તુના સ્વરૂપમાં વસ્તુ છે તે છે. ખરેખર તો ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપે છે એનો આશ્રય કરીને પર્યાય થઈ એ પણ ભેદરૂપ થઈને? ભાઈ! એ વ્યવહાર થઈ ગયો. મોક્ષમાર્ગ વ્યવહાર થઈ ગયો. અત્યારે નિશ્ચય અને વ્યવહારની વાત નથી, અત્યારે દ્રવ્ય અને પર્યાયની વાત છે.

ભગવાન આત્મા વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... અનાદિ અનંત ધ્રુવ અનંત ગુણનો પિંડ એનો આશ્રય કર્યો સમ્યગ્દર્શન-જ્ઞાને, એ જે પર્યાય પ્રગટ થઈ, પર્યાય પ્રગટ થાય છે, એ પર્યાય વ્યવહારનયનો વિષય છે. પર્યાય છે એ વ્યવહારનયનો વિષય છે, દ્રવ્ય છે એ નિશ્ચય ત્રિકાળ શુદ્ધ નિશ્ચયનો વિષય છે. તો પર્યાય વ્યવહારનો વિષય અને અંદર પૂર્ણ જ્યાં એકાગ્ર થઈ ગયો એટલે કેવળજ્ઞાન પ્રગટ્યું, સિદ્ધ થયા. એ સિદ્ધ પણ વ્યવહારનયનો વિષય છે. વ્યવહાર એટલે? ત્રિકાળી દ્રવ્યનો એક અંશ છે ઈ. સિદ્ધ દશા પણ એક અંશ છે, ત્રિકાળી સ્વરૂપ નથી. આહા..હા..! ... અંશ ને શું કહે છે? ભાઈ! તને ખબર નથી બાપા! સંસાર પણ એક પર્યાય છે, અંશ વિકૃત દશા અને મોક્ષ એ પૂર્ણ નિર્વિકારી દશા હાલત છે. વસ્તુ તો અનાદિ-અનંત ધ્રુવ છે. એના ઉપર થયેલી આ બે પ્રકારની હાલત (છે). સમજાણું કાંઈ?

એવો જે ભગવાન આત્મા એનો અંતર આશ્રય કર્યો, દૃષ્ટિ કરી કે અહો..! આ તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ (છે). એ કહેશે હમણા નીચે. જુઓ! **'દોનોં નયોંસે દ્રવ્યકર્મ ભાવકર્મકી મુક્તિકો યદ્યપિ જીવ કરતા હૈ,...'** જીવ કરે છે એટલે આ નયે કરે છે હોં! **'તો ભી શુદ્ધપારિણામિક પરમભાવકે ગ્રહણ કરનેવાલે...'** શુદ્ધ પારિણામિક વસ્તુ જે પારિણામિક સહજ સ્વભાવ છે જે કોઈ દિ' પલટતી નથી, ઉત્પાદ-વ્યયમાં આવતી નથી. આ ઉત્પાદ-વ્યય વળી શું હશે? એ સમય સમયમાં ભગવાન ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્ કહે છે, છએ દ્રવ્યને. છ દ્રવ્ય ભગવાને જોયા છે. છ દ્રવ્ય. અનંત આત્મા, અનંતા પરમાણુ માટી અનંત, એક અસંખ્ય કાળાણુ છે અરૂપી, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા છે. એ છએ દ્રવ્યમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે. નવી અવસ્થા ઊપજે, જૂની અવસ્થા જાય અને પોતે ધ્રુવપણે ટકી રહે. એવું ભગવાને જગતનું સ્વરૂપ જોયું છે. આહા..હા..! એમાં જે આત્મામાં નવી પર્યાય ઉત્પન્ન થાય, જૂની પર્યાય જાય, એ પર્યાય-અવસ્થા જાય, થાય છે. વસ્તુ ધ્રુવ છે એ તો એમને એમ છે. સમજાણું કાંઈ? આવો વીતરાગ માર્ગ ... બાપુ! જૈન ધર્મ શું છે ભાઈ! તને સાંભળવામાં મળ્યો નથી બાપા! ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. પરમેશ્વરના ઘરનો પરમેશ્વરને પ્રાપ્ત કરવાનો. પોતે પરમેશ્વર હોં! બીજો કોઈ છે નહિ. એ ભગવાન એના (પોતાના) પરમેશ્વર, આના ક્યાં પરમેશ્વર છે? સમજાણું કાંઈ?

પરમ ઈશ્વર શક્તિવાળું તત્ત્વ પોતાનું સ્વતઃ છે, એવો જે આત્માને, કહે છે જુઓ! તો શુદ્ધપારિણામિક છે એ તો. શુદ્ધપારિણામિક એટલે પરમ સ્વતઃ સ્વરૂપ એકરૂપ રહેનારું. પરમભાવ... પરમભાવ... પરમભાવ. આ પર્યાય મોક્ષનો અને સંસારનો એ તો અપરમભાવ છે, એક સમયની અવસ્થાવાળો ભાવ છે. વસ્તુ જે છે ત્રિકાળી **'શુદ્ધપારિણામિક પરમભાવકે ગ્રહણ કરનેવાલે શુદ્ધનિશ્ચયનયસે નહીં** કરતા હૈ,...' ભગવાન શુદ્ધપારિણામિક વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એ વસ્તુ પોતે બંધને કરતું નથી અને બંધને અભાવ કરતું નથી. એ તો એની અવસ્થામાં (થાય છે). અવસ્થા એટલે એક સમયની દશા, એક સમયની દશામાં બંધ, મલિનતા અને એક સમયની દશામાં મલિનતાનો અભાવ અને કેવળજ્ઞાન. એ પણ એક સમયની દશા જ છે કેવળજ્ઞાન. કેવળજ્ઞાન કોઈ ત્રિકાળી ચીજ નથી. એને ત્રિકાળીનું જાણવું ભલે આવે, પણ કેવળજ્ઞાન એક સમયની દશા છે. સિદ્ધ પણ એક સમયની દશા છે, બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી એવી અવસ્થા તેની પલટ્યા કરે છે.

આમાં એક્કે બોલ ઘરે કહેવું શું? શું સાંભળ્યું હતું? વાર્તા હોય તો કહેવાય ખરું કે ... આ લીલોતરીનો ત્યાગ કર્યો, ફલાણો ત્યાગ કર્યો. એમ કહે. અહીં કહે છે, સાંભળ તો ખરો!

પણ ત્યાગ કોને કહેવો? કાંઈ ગરી ગઈ છે ચીજ? એની સાથે સંબંધ શું છે? તેં શું કર્યું? કરનાર કોણ છે? અવસ્થામાં શું થયું એની ખબર વિના ત્યાગ ક્યાંથી કર્યો તેં? પોપટભાઈ! પોતાનો વસ્તુના સ્વભાવનો ત્યાગ કરે છે દૃષ્ટિમાં. આહા..હા..! ગાથા પણ એવી છેને, હલાવી નાખે એવી છે જરી. કહે છે, એક સમયની હાલત જે છે દશા, એ દશા સંસારની હો કે એના અભાવની હો, એ વસ્તુ સ્વરૂપ પરમપારિણામિક વસ્તુ સત્... સત્... સત્... સત્... સત્... સત્... અનાદિ-અનંત એવો આત્મા એ નયે એ વિકારને કરતો પણ નથી ને વિકારને ટાળતો પણ નથી.

**'બંધ ઔર મોક્ષસે રહિત હૈ,...'** ભગવાન વસ્તુ સ્વરૂપ છે. ધ્રુવ, ધ્રુવ અખંડાનંદ દ્રવ્ય તો વર્તમાન પર્યાયનો બંધ ને બંધનો અભાવ એ વસ્તુમાં નથી. **'એસા ભગવાનને કહા હૈ.'** છે? એવું ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં ભગવાન ફરમાવતા હતા. સમજાણું કાંઈ? આહા..! પરમાત્મા બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પ્રભુ. એવા વીસ તીર્થંકરો વર્તમાન બિરાજે છે. લાખો કેવળીઓ વર્તમાન બિરાજે છે, લાખો કેવળીઓ બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. આ હંબગ નથી હોં! કાંઈ બધું ચીતરી શકાય એકદમ એક વાતમાં?

બધું સિદ્ધ થઈ ગયેલું છે. વીસ તીર્થંકરો બિરાજે છે વર્તમાન મનુષ્ય ક્ષેત્રઉપર હોં! કેવળજ્ઞાની તીર્થંકર અરિહંત 'ણમો અરિહંતાણં' એ પદે. મહાવીર ભગવાન આદિ તો 'ણમો સિદ્ધાણં' થઈ ગયા, હવે અરિહંત પદે નથી, એ તો સિદ્ધ થઈ ગયા, અશરીરી થઈ ગયા. ણમો સિદ્ધાણંમાં એ તો ગયા. અરિહંત પદે તો બિરાજે છે ભગવાન અત્યારે. વીસ તીર્થંકર ને લાખો કેવળીઓ બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. ભરતક્ષેત્રમાં નથી. સમજાણું કાંઈ? એ ભગવાન ત્યાં એમ ફરમાવે છે. ત્રણકાળના ભગવાનો એમ ફરમાવે છે એમ કહે છે અહીં તો. આવી વાતું ક્યાંથી આવી? આહા..! બાપ-દાદા સમજતા નહોતા. એઈ..! નાગનેશમાં હતું આ? નહિ? આહા..હા..!

કહે છે, **'બંધ ઔર મોક્ષસે રહિત હૈ,...'** ભગવાન વસ્તુ પરમ સ્વભાવભાવ ત્રિકાળ એક વસ્તુ પર્યાયના બંધ-મોક્ષ રહિત છે. **'એસા ભગવાનને કહા હૈ. યહાં જો શુદ્ધનિશ્ચયનયકર બંધ ઔર મોક્ષકા કર્તા નહીં,...'** દેખો! વસ્તુ જે દ્રવ્ય, વસ્તુ પરમ સ્વરૂપ ત્રિકાળ આનંદકંદ જ્ઞાયકદ્રવ્ય **'વહી શુદ્ધાત્મા આરાધને યોગ્ય હૈ.'** દેખો હવે. પાછી આરાધવા એ પર્યાય થઈ. વસ્તુ અનંત ગુણનો પિંડ એકરૂપ વસ્તુ ધ્રુવ જેમાં બંધ અને મોક્ષ પર્યાયો નથી એવો આત્મા અંદર સેવવા યોગ્ય છે. એટલે કે એની દૃષ્ટિ કરી એનો અનુભવ કરવા લાયક છે. એ અનુભવ અને દૃષ્ટિ છે પર્યાય. પણ એ અંતરમાં એનો અનુભવ આ વસ્તુ અખંડાનંદ દ્રવ્ય ચૈતન્યમૂર્તિ એના ઉપર અંતર મીટ માંડીને એની એકાગ્રતા સેવવા જેવી છે. એનું એકાગ્રપણું એનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

ઈ આરાધન છે વ્યવહારનય, પણ એ વ્યવહારનય આમ અંતરમાં લક્ષ કરે છે ત્યારે એ પર્યાય પ્રગટ થાય છે એટલે વ્યવહાર છે. પૂર્ણ થાય એ વ્યવહાર છે, પર્યાય છે ખરીને. શું કીધું? જુઓ! વહી શુદ્ધાત્મા ભગવાન વસ્તુ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... જેમાં એક સમયની મલિનતા કે મલિનતાનો અભાવ એવા બંધ રહિત, મોક્ષ રહિત વસ્તુ જે ત્રિકાળ ધ્રુવ છે એની ઉપર દૃષ્ટિ કરી એને સેવવા લાયક છે. એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ, બાકી બધી વાતું. સમજાણું કાંઈ? એ... ભાઈ! ધર્મચંદભાઈ! તમારા બાપા ખીલ્યા છે હવે. પહેલા તો ગરી ગયા હતા ઊંડા. આહા..!

ભાઈ! તું સાંભળ તો ખરો તારી ઋદ્ધિને. તું કેવડો ક્યાં કેમ છો એ તેં સાંભળ્યો નથી. અને સાંભળ્યા વિના સમજણ થાય અને સમજણ વિના ધર્મ થાય? સમજાણું કાંઈ? માલ લેવા જાય તો પણ કાંઈ ચીજને નક્કી કરીને જાય કે, ભાઈ! આ પચાસ શાકમાંથી આ દૂધી લેવી છે. પાંચ રૂપિયા દઈને એમ કહે કે, એ શાક આપજે. તો શું કહે? મૂર્ખો લાગે છે. મારા બાપે મોકલ્યો છે પાંચ રૂપિયા લઈને શાક (લેવા). પણ ક્યુ? મને ખબર નથી. ખબર નથી તો શું દેવું? ... બધું દેવું? એમ કહે છે કે, આમાં આત્મા કોણ છે એ તારે જોવે છે? જોવે છે કે કોણ છે? જાણ્યા વિના જોવે ક્યાંથી આવ્યો? આત્મા તારે જોવે છે, ગ્રહવો છે એને સેવવો છે, તારે એનો ધર્મ કરવો છે  તો એ આત્મા કેવડો છે? કે એ અમને કાંઈ ખબર નથી. બહુ સારી વાત. પોપટભાઈ! કરવો આત્માને ધર્મ, લેવા જાવું શાક, જુદું પાડવું નથી કે, આ શાક અને આ નહિ. એમ લેવા જાવો ધર્મ એ ક્યાંથી આવે અને ધર્મ ક્યાંથી ન આવે એની ખબરું ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..! તેથી અહીં કહે છે, શુદ્ધાત્મામાંથી ધર્મ આવે એમ કહે છે. શુદ્ધ વસ્તુ અખંડાનંદ પ્રભુ આત્મા એની અંદર શ્રદ્ધા, જ્ઞાન ને એનો અનુભવ કર તો એમાંથી ધર્મ આવે એવો છે. ધર્મ બીજેથી આવતો નથી. આહા..હા..! કેટલી વાતોમાં ફેર. ભગવાનજીભાઈ! જૂના માણસ. સાંભળી સાંભળીને કેટલા વર્ષ ગયા એના.

મુમુક્ષુ :— ૫૦-૬૦ વર્ષ.

ઉત્તર :— ૫૦-૬૦ વર્ષ લ્યો.

કહે છે, એ શુદ્ધાત્મા પ્રભુ જેને એક સમયની પર્યાય અવસ્થા રાગની, મલિનની અને એના અભાવની કીધી. એવો જે વસ્તુ ધ્રુવ, પરમાત્મા ધ્રુવ ચૈતન્ય-તારો એને સેવવા લાયક, એમાં ઓળખીને એમાં દૃષ્ટિ ને જ્ઞાન કરીને ઠરવા જેવું છે. બસ! એ સિવાય કોઈ મોક્ષનો માર્ગ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના પંથમાં નથી. સમજાણું કાંઈ? બીજે તો છે નહિ. વીતરાગ સિવાય ક્યાંય ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય ધર્મ નથી. લોકો કલ્પે અને માને. એના વાડાવાળાને ખબર નથી તો બીજામાં તો ક્યાંથી હોય? સમજાણું કાંઈ? એ ૬૫ થઈ લ્યો, ૬૫ થઈ ગઈ

આ એક કલાક થવા આવ્યો લ્યો!

હવે કહે છે, આ જગતમાં ભગવાને કહેલો આવો આત્મા... એમાં સુખ લેશે ભાઈ! મૂળ તો. છેલ્લું ઉપાદેય સુખ. **'प्रतिपादकत्वा'** છેલ્લો શબ્દ છેને સંસ્કૃતમાં. ભગવાને આમ આત્મામાં સુખ જોયું છે. આત્મામાં આનંદ છે, એ ધ્રુવ આત્મામાં આનંદ છે. એ આનંદને કહેનારું વીતરાગનું વચન છે, એવું વચન વીતરાગ સિવાય કોઈને હોઈ શકે નહિ. આ છેલ્લું કીધુંને, સુખ પ્રતિપાદક. પ્રતિપાદકમાં બે વાત છે. ભેદાભેદ રત્નત્રયને પ્રતિપાદક કહેશે, જિનવચનમાં ... પહેલો અર્થ એવો કરશે, છેલ્લો અર્થ ઈ કરશે. બે વાત. સમજાણું કાંઈ? એમાં પણ ન્યાય છે જરી. પહેલું પ્રમાણજ્ઞાન બતાવશે, ભેદાભેદ રત્નત્રય. શું કહે છે? આવી વીતરાગની વાણીમાં ભગવાન આત્મા વસ્તુ ત્રિકાળ, જેમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે, અતીન્દ્રિય આનંદ. એવા આનંદને બતાવનારું આ દ્રવ્યમાં આનંદ છે. એવું બતાવનારું વીતરાગનું વચન, એવા ભાવને નહિ પામીને ચોર્યાશીના અવતારમાં કોઈ અવતાર બાકી રાખ્યો નથી. રખડવામાં રખડ્યો તે મરી ગયો રખડી રખડીને. સમજાણું કાંઈ?

६५) सो णत्थि त्ति पएसो चउरासी-जोणि-लक्ख-मज्झम्मि।
जिण वयणं ण लहंतो जत्थ ण डुलुडुल्लिओ जीवो।।६५*१।।

**અન્વયાર્થ :—** અહો! **'ईस જગતમેં એસા કોઈ ભી પ્રદેશ (સ્થાન) નહીં હૈ,...'** એવો એક અંશ ખાલી નથી **'કિ જિસ જગહ ચૌરાસી લાખ યોનિયોંમેં હોકર...' 'जिनवचनं न लभमानः'**. જિનવચન એટલે આ. આત્મા પૂર્ણાનંદનો કંદ એનું અવલંબન લઈને આનંદ પ્રગટ કરવો એવું જિનવચન છે. આહા..હા..! ભેદાભેદ રત્નત્રય કહેશે એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા. અભેદ રત્નત્રય બતાવનાર. ભગવાન આત્મા પૂર્ણાનંદ તેની નિર્વિકલ્પ શ્રદ્ધા, અંતર નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ ચારિત્ર અને વિકલ્પવાળો ભેદ એ પ્રમાણજ્ઞાન કરાવે છે. એવું જિનવચન કે જે વાણીમાં, ભગવાનની વાણીમાં એ આવ્યું કે, આવો તારો આત્મા પ્રભુ પૂર્ણાનંદ એની સામું તેં કોઈ દિ' જોયું નથી. એની સામું અંતર જોઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા એમ જિનવચન કહે છે. એ જિનવચનને પામ્યા વિના,.. આ વચન હોં! વાણી નહિ એકલી, વાણી તો અનંત વાર સાંભળી. એવા ભાવને પામ્યા વિના ચોર્યાશી લાખના અવતારમાં ક્યાંય ખામી રાખી નથી. ખામી રાખી નથી પરિભ્રમણની, પરિભ્રમણની ખામી નથી રાખી, પૂરું કર્યું છે. એક વીતરાગની વાણીનો આ ભાવ કે વસ્તુ પૂર્ણાનંદ પ્રભુ એનું અવલંબન લઈને વીતરાગતા પ્રગટ કર સમ્યગ્દર્શન-જ્ઞાન, એ વીતરાગની વાણી છે, એ વાણીના ભાવને પામ્યા વિના રખડ્યો છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૨, ગુરુવાર, તા. ૧૧-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૫*૧, ૬૬, પ્રવચન-૪૭**

'પરમાત્મપ્રકાશ' પહેલા ભાગની ૬૬ ગાથા.

ભાવાર્થ :— **'ઇસ જગતમેં કોઈ એસા સ્થાન નહીં રહા,...'** ચૌદ રાજુ લોકની અંદર એવું કોઈ સ્થાન નથી રહ્યું કે, **'જહાંપર યહ જીવ નિશ્ચય વ્યવહાર રત્નત્રયકો કહનેવાલે જિન વચનકો નહીં પાતા હુઆ...'** ભગવાનનું વચન કેવું છે? કે, નિશ્ચયરત્નત્રય (અર્થાત્) આત્મા શુદ્ધ અખંડ દ્રવ્યસ્વભાવ એની સ્વભાવની પ્રતીત, એ સ્વભાવનું અંતર જ્ઞાન અને એમાં રમણતા તે અભેદ રત્નત્રય છે. અને એની જોડે વિકલ્પ દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો, શ્રદ્ધાનો, પંચ મહાવ્રતનો, વીતરાગની આજ્ઞાએ નીકળેલા શાસ્ત્રો એના જ્ઞાનનો વિકલ્પ, પ્રમાણજ્ઞાન કરાવ્યું છે પહેલું. વીતરાગનું વચન એને કહીએ કે... જે આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ દ્રવ્યસ્વભાવ પરમાત્મા છે, એની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અભેદ રત્નત્રય તેને કહે છે અથવા નિશ્ચયરત્નત્રય તેને કહે છે. એ કહેવાવાળું વીતરાગનું જ વચન હોય, બીજાના વચન હોઈ શકે નહિ. અને વ્યવહારરત્નત્રય એટલે એવા જ ષટ્ દ્રવ્યની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, શાસ્ત્રનું વાસ્તવિક નિશ્ચયના ભાન સહિતનું શાસ્ત્રનું જ્ઞાન અને નિશ્ચયના ચારિત્ર સહિત વ્યવહારે વ્રતાદિના વિકલ્પ, એવું વ્યવહારરત્નત્રય જિનવચન કહે છે. સમજાણું કાંઈ?

એવા ભાવને **'નહીં પાતા હુઆ...'** વચન એટલે કે એવો ભાવ નહિ પામતો થકો. વચન તો જડ છે, વચનમાં આ કહેવું છે. એવા ભાવને નહિ પ્રાપ્ત કરતો થકો. **'અનાદિ કાલસે ચૌરાસી લાખ યોનિયોંમેં...'** અનાદિ કાળથી ચોર્યાશી લાખ ઉપજવાના સ્થાન. એ ચોર્યાશી લાખ ઉપજવાના સ્થાન એમાં **'ન ઘૂમા હો,...'** ચોર્યાશી લાખમાં ન ભમ્યો હોય એવું કોઈ સ્થાન રહ્યું નથી. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન રહે છે ત્યાં પણ અનંત વાર જન્મી આવ્યો છે. **'અર્થાત્ જિન વચનકી પ્રતીતિ ન કરનેસે...'** ભગવાન વીતરાગભાવસ્વરૂપ આત્મા એની વીતરાગભાવની પ્રતીત, જ્ઞાન ને રમણતા, છેલ્લે સુખ જ કહેશે. જિનવચનનું પ્રતિપાદક. આત્મા પરમ આનંદસ્વરૂપ, પરમ આનંદસ્વરૂપ, એના આનંદની પ્રાપ્તિ સુખ એ અભેદ રત્નત્રય છે ખરેખર તો. સમજાણું કાંઈ?

આત્મા અતીન્દ્રિય વીતરાગ આનંદમૂર્તિ વસ્તુ પોતે વસ્તુ છે. એના આનંદની પ્રાપ્તિ. એવા

જિનવચન આત્મ સુખનું પ્રતિપાદન કરનારું. સમજાણું કાંઈ? એમાં ઘણા સિદ્ધાંતો આવી જાય. દુઃખની પર્યાય હતી, સુખરૂપ દ્રવ્ય છે, સુખની પર્યાયની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે ત્યારે દુઃખની પર્યાયનો નાશ થાય છે. દુઃખની પર્યાય છે તો સામે નિમિત્ત પણ કર્મ સંબંધ છે. એમ બધું ઘણું (આવી જાય એવું) એ એક વાક્ય આવું ટૂંકુ કહ્યું.

'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે, સર્વજ્ઞ પરમાત્માએ અને અમારા ગુરુએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. એનો અર્થ કે આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એ આનંદરૂપ છે એનો અમને ઉપદેશ આપ્યો. એ એની પ્રતીત ને જ્ઞાન કરતા આત્મામાં અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય એ સ્વસંવેદન આનંદના અનુભવથી અમે સમયસારને કહેશું. એમ ત્યાં શરૂ કર્યું છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, વીતરાગના વચનો એવા છે કે, આત્માની જે દશામાં દુઃખ દશા છે એનો નાશ કરવાવાળા એના વચનોમાં ભાવ છે. આત્માનો આનંદ, જે સચ્ચિદાનંદ આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે, એકલો અતીન્દ્રિય સુખનો જ કંદ, રસ, વસ્તુ છે આત્મા, એવા અતીન્દ્રિય આનંદને પ્રાપ્તિ પર્યાયમાં કરાવે એવા જિનવચન છે. બહુ ટૂંકુ કહ્યું. સમજાય છે કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની વાણી. ભેદાભેદ રત્નત્રય એ નિશ્ચય રત્નત્રય એ આનંદની પર્યાય કહેવાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એ આનંદની પર્યાય સુખરૂપ. સમ્યગ્દર્શન સુખરૂપ, જ્ઞાન સુખરૂપ અને ચારિત્ર સુખરૂપ. એની સાથે વ્યવહાર રત્નત્રયનું પહેલું જ્ઞાન કરાવ્યું કે આવા જ વીતરાગના વચનો એને વ્યવહાર શ્રદ્ધામાં હોય છે, પંચ મહાવ્રત આદિ હોય અને શાસ્ત્રનું જ્ઞાન (હોય છે). પણ અંતે સરવાળે પાછું છેલ્લે એમ કહ્યું કે, વીતરાગની વાણી પરમ આનંદને પ્રાપ્ત કરાવનારી વાણી છે. પ્રાપ્ત (કરાવવામાં) તો એ નિમિત્ત છે, પણ એણે પરમ આનંદ બતાવ્યો છે. સમજાણું કાંઈ?

જ્ઞાન, દર્શન પહેલા આવી ગયું હતું ભાઈ! આમાં આવ્યો આનંદ, પછી આવશે વીર્ય. ૬૭ (ગાથામાં). એ ચતુષ્ટય કરી નાખ્યા. પહેલા જ્ઞાન, દર્શન આવ્યા હતા, જાણે, દેખે ઈ. પહેલા. કેવલ જાનતા હૈ, દેખતા હૈ. સમજાય છે કાંઈ? હવે અહીંયા સુખ નાખ્યું, પછી નાખશે વીર્ય. ચતુષ્ટય નાખી દીધા અંદર. ભગવાન આત્મા આ આત્મા એ આત્મા એવો છે કે, વીતરાગ નિર્દોષ આનંદકંદ સ્વરૂપ એ આત્માનું છે. એવો વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ પ્રત્યક્ષ તીર્થંકરે જોયું ને અનુભવ્યું ને પ્રગટ કર્યું. એ વીતરાગની વાણીમાં એ આવ્યો ધ્વનિ, ભગવાનના સમવસરણમાં ઈન્દ્રોની સમક્ષ ભગવાનની ધ્વનિ એમ આવી, જિનવચન એમ આવ્યું, જિનવચન એમ કહે છે કે, ભાઈ! તું પરમાનંદની મૂર્તિ એવો આનંદકંદ એની દૃષ્ટિ, જ્ઞાનમાં રમણતા કર, તને આનંદ થશે. એ ભગવાને ધર્મ વીતરાગની વાણીએ બતાવ્યો છે. આહા..હા..! ભારે વાત. સમજાણું કાંઈ? એવા વચનના ભાવને અનંત કાળથી એણે પ્રાપ્ત કર્યો નથી. એટલે વીતરાગના

વચનો આવા એણે એના ભાવને મેળવ્યા વિના ચોર્યાશી લાખમાં કોઈ યોનિ, કોઈ અવતાર જન્મીને, મરીને બાકી નથી રાખ્યો. એટલા અવતાર ભગવાનની વાણીના ભાવને સમજ્યા વિના, માન્યા વિના, અનુભવ્યા વિના એણે ચોર્યાશીના અવતાર અનંત વાર કર્યા છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ' છે ગ્રંથ. એટલે કે વીતરાગની વાણી પરમાત્મસ્વરૂપ આ આત્મા એને પ્રગટ પર્યાયમાં પ્રગટ થાય એવો ભાવ ભગવાને વર્ણવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા પરમાત્મસ્વરૂપ જ છે વસ્તુએ તો, મુક્તિ જ છે, મુક્તસ્વરૂપ જ છે શક્તિએ તો. શક્તિ એનું સત્ત્વ, એનો સ્વભાવ, એનો ભાવ, એનું આખું ચૈતન્ય રૂપ એ તો પૂર્ણ આનંદ ને વીતરાગ સ્વભાવવાળુ જ એ તત્ત્વ છે. વીતરાગ એટલે પાછો કોઈ જૈનનો વીતરાગ એમ શબ્દ ન (નાખ્યો). એ તો વીતરાગ એટલે રાગ રહિત ચૈતન્યનું સ્વરૂપ છે. કોઈક વળી વીતરાગ (કહેતા એમ સમજે છે કે) એ તો જૈનનું થઈ ગયું. એમ જૈન-ફૈનની અહીં વાત નથી. આ તો જૈન એટલે કે વસ્તુનું સ્વરૂપ. છોટાભાઈ! આહા..હા..!

જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન પરમેશ્વરે કહેલો માર્ગ તે આત્મ-માર્ગ છે એમ અહીંયા કહેવા માગે છે. એ વીતરાગ એટલે રાગ વિનાનો, કષાય વિનાનો આત્માનો જે સ્વભાવ પરમ અતીન્દ્રિય આનંદ એને વીતરાગભાવસ્વરૂપ આત્મા કહેવાય છે. એને બતાવનારી જિનવાણી. એણે પૂર્ણ જોયું, જાણ્યું ને વાણીમાં આવ્યું. આ વીતરાગ તારો સ્વભાવ નિર્દોષ એને અનુભવ કર, એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિને વેદન કર એમ ભગવાનની વાણીમાં આવ્યું હતું. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! આ વીતરાગની વાણી અને વીતરાગની આજ્ઞા.

મુમુક્ષુ :— દિવ્યધ્વનિ સાંભળવા ગયો ત્યારે...

ઉત્તર :— એ સાંભળવા ગયો ત્યારે સમજ્યો નથી, સાંભળવા ગયો હતો. એ વીતરાગભાવ બતાવે છે. વીતરાગસ્વરૂપ આત્મા છે અને વીતરાગ પ્રગટ કરવાના ભાવ એ બતાવે છે. એમ એ વીતરાગ(ને) સાંભળવા, વીતરાગની વાણી સમવસરણમાં સાંભળવા ગયેલો અનંત વાર પણ એ સમજ્યો નહોતો. આહા..હા..! સમજાય છે કાંઈ?

મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે ભગવાન બિરાજે છે. સીમંધર તીર્થંકરદેવ વીતરાગ અરિહંતપદપણે બિરાજે છે અત્યારે મનુષ્યપણે. ત્યાં પણ સમવસરણમાં ત્યાંના જીવો ઘણા જાય છે. અને એવા અનંત તીર્થંકરો અહીં થયા એના ધર્મસભા સમવસરણ એટલે સો ઇન્દ્રો જેની ઉપસ્થિતિ એમાં ગયો પણ આ ભાવ કહે છે એ સમજ્યો નહિ. આહા..હા..! કાંઈક નિમિત્તથી લાભ થાય, કાંઈક રાગથી લાભ થાય કે આનાથી લાભ થાય એવી માન્યતા રાખીને સાંભળ્યું એણે. આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ સાંભળ્યું ઈ રાગ અને નિમિત્ત. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં... કેમકે એ થયેલા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અને આત્માનું સ્વરૂપ સર્વજ્ઞ વીતરાગ સ્વરૂપ જ છે. દરેક વસ્તુનું સ્વરૂપ. એ બતાવ્યું વીતરાગે કે, એને તું જાણ, એનો અનુભવ કર અને એની શ્રદ્ધામાં સ્થિર થા. એમ વીતરાગની વાણી આવતી, એ વીતરાગની વાણી એ રીતે એ સમજ્યો નહિ. અનંત કાળમાં જૈન સાધુ અનંત વાર થયો પંચ મહાવ્રત ધારી, બાહ્ય ક્રિયાકાંડી, પણ આ ભાવ ભગવાન કહે છે ઈ સમજ્યો નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :— અત્યારે સમજવાનું ઉપાદાન તૈયાર થયું છે?

ઉત્તર :— તૈયાર જ છે, કે દિ' તૈયાર (નથી)? સદાય તૈયાર છે. એઈ.. ન્યાલભાઈ! સબ અવસર આ ગયા હૈ. સબ અવસર હૈ, અવસર ક્યાં નથી? તારી નજરને આળસે ભગવાન અંદરમાં પડ્યો છે આખો. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે, જિનવચન.. જુઓ! પાઠમાં છે કે નહિ? દેખો! '**जिण वयणं ण लहंतो**'. જિનવચનની વ્યાખ્યા આ છે. વાણી તો વાણી છે, પણ વાણીમાં કહેલો વીતરાગભાવ એમ કહેવું છે. વીતરાગભાવના બે પ્રકાર—એક વસ્તુ વીતરાગ ભાવવાળી છે નિર્દોષ અને એનું અવલંબન લઈને જે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટે એ પણ વીતરાગભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાંક લાકડા ખોસ્યા. ઓલું જ્ઞાન કરાવ્યું પહેલું પ્રમાણનું પણ પછી કહ્યું કે, મૂળ તો આ છે—સુખ ને આનંદનું પ્રગટ થવું. કેમકે આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદનો કસ છે. સત્ત્વ જ અતીન્દ્રિય આનંદનું સત્ત્વસ્વરૂપ તે આત્મા. એમાંથી એને એકાગ્ર થઈને, એમાં સન્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું વેદન એટલે અતીન્દ્રિય આનંદનું વેદન સુખ (પ્રગટ કરવું) એવું જિનનું વચન હતું. એ જિનવચનને અનંત કાળમાં એ સમજ્યો નહિ. સમજાય છે કાંઈ?

એથી અનાદિ કાળમાં ચોર્યાશી (લાખ) યોનિમાં એક અવતાર બાકી નથી રાખ્યો કે જ્યાં નથી અવતર્યો, અનંત અવતાર કર્યા. '**સબ જગહ ઔર સબ યોનિયોંમેં ભ્રમણ કિયા, જન્મ-મરણ કિયે.**' સિદ્ધ ભગવાન બિરાજે ત્યાં પણ અનંત વાર જન્મી આવ્યો. એકેન્દ્રિય જીવ છેને ત્યાં. સિદ્ધ ભગવાન જ્યાં બિરાજે ત્યાં એકેન્દ્રિય જીવ છે, પાંચ (પ્રકારના) સૂક્ષ્મ જીવો. ત્યાં પણ અનંત વાર ગયો છે, કોઈ સ્થાન બાકી રાખ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કાળ અનંત, ક્ષેત્ર અસંખ્ય જોજન, એક એક સ્થાનમાં અનંત વાર જન્મ્યો ને મર્યો, જન્મ્યો ને મર્યો, ભગવાનની વાણી સમજ્યા વિના. વીતરાગની વાણી એમ કહેવા માગે છે કે વીતરાગ સ્વરૂપ ત્રિકાળ ચિદાનંદ તારું તત્ત્વ છે એની સન્મુખ થઈને સમ્યક્ વીતરાગ પરિણતિ પ્રગટ કર. આ વીતરાગની વાણી ચાર અનુયોગનો સાર છે.

વીતરાગ તાત્પર્ય કહ્યુંને ભાઈ! 'પંચાસ્તિકાય'માં. એ તો બધી શૈલી એકની એક વાત છે. 'પંચાસ્તિકાય'માં કહ્યું કે, ભાઈ! શાસ્ત્રનો સાર શું? વીતરાગભાવ. એનો અર્થ શું? એ થયો અને વીતરાગપણું જે વસ્તુ છે એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા-વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન ને વીતરાગી ચારિત્ર (પ્રગટ કર) એ ભગવાનની આજ્ઞા છે, એ તાત્પર્ય છે. જોડે રાગ હોય ભલે પુણ્યનો, જાણવા લાયક છે, આદરવા લાયક નથી એમ એમાં આવ્યું. એ... રતિભાઈ! આહા..હા..! એ પ્રમાણે જ્ઞાન કરાવ્યું પહેલું, કીધુંને. છતાં વસ્તુ આ રાખી આદરવામાં એક.

મુમુક્ષુ :— સમકિતનું ફળ આ આવશે?

ઉત્તર :— એ સમકિત જ પોતે એ છે, ફળ શું. સમ્યગ્દર્શન જ વીતરાગ પર્યાય છે. સમ્યગ્દર્શન એ સુખરૂપ, આનંદરૂપ છે, સમ્યગ્જ્ઞાન એ વીતરાગી પર્યાય છે, સમ્યગ્જ્ઞાન એ આનંદરૂપ છે, સમ્યક્ચારિત્ર વીતરાગી પર્યાય છે, સમ્યક્ચારિત્ર એ આનંદરૂપ છે, અતીન્દ્રિય આનંદરૂપ છે. આહા..! સમજાણું કાંઈ? આ વચન જુઓ! એક વીતરાગની વચનની વ્યાખ્યા કરી. ભલે ચારે અનુયોગ વર્ણવ્યા ભગવાને, પણ આ વાણી કહેવાનો આશય આ છે આખા સર્વનો. એવો વીતરાગ ભાવ એ સમ્યગ્દર્શન, વીતરાગ ભાવ એ સમ્યગ્જ્ઞાન, વીતરાગ ભાવ એ સમ્યક્ચારિત્ર એ એણે પ્રગટ કર્યું નહિ માટે ચોર્યાશીના અવતારમાં રખડ્યો.

'**યહાં યહ તાત્પર્ય હૈ, કિ જિન-વચનકે ન પાનેસે...**' વીતરાગના ભાવને આ રીતે નહિ પામીને, '**યહ જીવ જગતમેં ભ્રમા,...**' ચોર્યાશીના અવતારમાં રખડ્યો નરકમાં, નિગોદમાં, રાંકમાં, ભિખારીમાં, કૂતરામાં, કાગડામાં, કંથવામાં, કુંજરમાં અનંત... અનંત... અનંત... અનંત.... એક નહિ અનંત, અનંત દરેક વખતે ભવ કર્યા. આહા..હા..! અનંત કાળ છે. ક્યાં આદિ છે? એક વીતરાગની વાણી—વીતરાગ ભાવને પ્રાપ્ત કર્યા વિના. વીતરાગ ભાવ પ્રાપ્ત થાય તો મુક્તિ થાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ખોટું શું, એને શલ્ય લાગ્યું એને. રાગથી લાભ થાય, કાંઈક આનાથી લાભ એમ માન્યું છે અનાદિથી. સ્વભાવની મહિમા, એક સમય (પણ) ભગવાન પૂર્ણાનંદ એની મહિમા એની દૃષ્ટિમાં આવી જ નથી. રાગ ને પુણ્ય ને વિકલ્પ ને નિમિત્તની મહિમા અંદરથી છૂટી નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બધું આવે પણ બેસવું કોને? બેસે ન બેસે એને આધીન છે કે કો'કને આધીન આવે એ માટે બેસી જાય એને? તો તો પરથી બેઠું એમ થયું. સમજાણું કાંઈ?

'**ઈસલિયે જિન-વચન હી આરાધને યોગ્ય હૈ.**' એમ અર્થ કર્યો ઓલા સુખની વ્યાખ્યાનો,

હોં! પાઠમાં તો ઈ છે, 'जीवस्तदेवोपादेयात्मसुखप्रतिपादकत्वादुपादेय' ભગવાનની વાણી આત્માના આનંદને પ્રગટ બતાવનારી માટે એ વાણીનું સેવન કરવું એટલે કે આત્માનું સેવન કરવું. આહા..હા..! ભારે વાત ભાઈ! બહુ ટૂંકામાં વ્યાખ્યા માર્ગની અને માર્ગ વિરુદ્ધની અને માર્ગના ધ્યેયની. સમજાણું કાંઈ? માર્ગનું ધ્યેય આત્મા પરમાત્મા. માર્ગ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ. સમજાણું કાંઈ? એનું ફળ મુક્તિ. આના વિના ચાર ગતિનો ભવ. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ સુખની વ્યાખ્યા કરી.

હવે એ આત્મદ્રવ્યની વ્યાખ્યા. વસ્તુ કેવી ભગવાન? આવી વસ્તુને એણે અંતર દૃષ્ટિમાં, જ્ઞાનમાં લીધી જ નથી. બાકી બધું દયા, દાન, વિકલ્પ, વ્રત, ભક્તિ, પૂજા અનંત વાર કરી ચૂક્યો. પુણ્ય બાંધ્યા, જન્મ-મરણના અંત આવ્યા નહિ. સમજાણું કાંઈ? હવે અહીંયા શું કહે છે આ ગાથા પછી? કે, વીતરાગ ભાવ એણે પ્રગટ કર્યો નહિ. તો વીતરાગ ભાવ પર્યાય છે, તો વસ્તુ કેવી છે? વસ્તુ કેવી છે? ઓલી તો પર્યાય છે. મોક્ષ-સુખનો આનંદ પ્રગટવો પર્યાય છે, તાત્પર્ય વીતરાગ પર્યાય છે. વસ્તુ કેવી છે? અનાદિની ચીજ કેવી છે આત્મા? કે, જેના લક્ષે, આશ્રયે વીતરાગ ભાવ પ્રગટે અને જે વીતરાગ ભાવ જ મુક્તિનું કારણ થાય અને એના વિરુદ્ધ જે વિકાર મિથ્યાત્વ ભાવ એ સંસારનું કારણ છે. સમજાણું કાંઈ?

६६) अप्पा पंगुह अणुहरइ अप्पु ण जाइ ण एइ।
भुवणत्तयहँ वि मज्झि जियविहि आणइ विहि णेइ।।६६।।

આકરી વાત જરી. ધ્યાન રાખજો જરી.

**અન્વયાર્થ :— 'હે જીવ! યહ આત્મા પંગુકે સમાન હૈ, આપ ન કહીં જાતા હૈ, ન આતા હૈ, કર્મ હી ઈસકો લે જાતે હૈ, ઔર લે આતે હૈં, એસા કહતે હૈં-'** કઈ રીતે ધ્યાન રાખજો હોં! વાતને. '**હે જીવ, યહ આત્મા...**' આત્મા એને કહીએ કે, ધ્રુવ ચિદાનંદ અખંડ આનંદકંદ ધ્રુવ તે આત્મા અહીંયા અત્યારે લેવો છે. અત્યારે નિશ્ચયનયનો આખો આત્મા એ આત્મા લેવો છે. સમજાણું કાંઈ? વસ્તુ જે એક સમયમાં એકલી ધ્રુવ અખંડાનંદ ચિદાનંદની કાતળી એ આત્મા પંગુ કે સમાન હૈ—પાંગળો છે. એટલે કે આત્મામાં કર્મ બાંધવાની શક્તિ નથી અને કર્મમાં ફરવાની ને પરિભ્રમણની શક્તિ એનામાં નથી. વસ્તુમાં ક્યાં છે. વસ્તુ જે છે એ તો અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદનો કંદ વીતરાગસ્વરૂપે એકલો (છે).

'**યહ આત્મા પંગુકે સમાન હૈ, આપ ન કહીં જાતા હૈ, ન આતા હૈ. તીનોં લોકમેં ઈસ જીવકો કર્મ હી લે જાતા હૈ, કર્મ હી લે આતા હૈ.**' કઈ રીતે એનો ખુલાસો કરે છે. હોં! જુઓ! અહીં વીર્ય નાખ્યું ભાઈ! હવે અહીં વીર્ય નાખ્યું, અનંત જ્ઞાન, દર્શન, સુખ લીધું હતું, હવે અહીં વીર્ય નાખ્યું.

**ભાવાર્થ :-** **'યહ આત્મા શુદ્ધ નિશ્ચયનયસે અનંતવીર્ય** (બલ) **કા ધારણ કરનેવાલા હોનેસે...'** એટલી વાત લીધી. શું કહે છે? કે, ભગવાન આત્મા જે છે વસ્તુ... વસ્તુ... વસ્તુ... એ તો અનંત બળનો ધણી છે. વસ્તુ હોં! પર્યાયની વાત નથી અત્યારે. પહેલામાં અનંત જ્ઞાન વસ્તુ કીધી હતી, અનંત જ્ઞાન, દર્શન, બીજામાં અનંત સુખ વસ્તુ કીધી હતી, અહીં અનંત બળ વસ્તુ છે આત્મા. આત્મા, એક સમયની પર્યાયની અત્યારે વાત નથી.

વસ્તુ જે છે એ અનંત બળનું ધારણ કરવાવાળી ચીજ, **'હોનેસે શુભ-અશુભ કર્મરૂપ બંધનસે રહિત હૈ,...'** એના વસ્તુમાં શુભ-અશુભ કર્મનું બંધન નથી. વસ્તુમાં બંધન કેવું? વસ્તુ છે એમાં બંધન કેવું? આહા..હા..! પર્યાયમાં બંધન (છે). પર્યાય-અવસ્થા, અવસ્થા એનું વાસ્તવિક ત્રિકાળી સ્વરૂપ નથી. એક સમયની અવસ્થામાં વિકારની ઉત્પત્તિ કરી અને મિથ્યાત્વનું થવું એક સમયના અંશમાં (છે), એનાથી જ બંધન (થાય છે). અને એ જ અંશ રહિત થઈને એક અંશની મુક્તિની પર્યાય થવી એ પણ મુક્તિની અંશની પર્યાય પણ દ્રવ્યરૂપ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એણે કોઈ દિ'.. વસ્તુ છે દ્રવ્ય એ તો મુક્ત ને બંધનની પર્યાય રહિત વસ્તુ છે. એ આગળ ખુલાસો વધારે આવશે ૬૮માં. સમજાય છે?

અહીં તો **'શુભ-અશુભ કર્મરૂપ બંધનસે રહિત હૈ,...'** કોણ? ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ. **'તો ભી વ્યવહારનયસે ઈસ અનાદિ સંસારમેં...'** પણ પર્યાયનયમાં-અનાદિ સંસારમાં, અવસ્થામાં **'નિજ શુદ્ધાત્માકી ભાવનાસે વિમુખ...'** દેખો! જે બંધન રહિત આખો આત્મા છે, શુદ્ધ આત્મા, દ્રવ્ય આત્મા, પરમાત્મા પોતાનો સ્વભાવ એવા નિજ શુદ્ધાત્મા એને અહીં આખું દ્રવ્ય જે કીધું ઈ, જે બંધન રહિત છે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... નિજ શુદ્ધાત્મા, નિજ શુદ્ધાત્મા એ વસ્તુ. એની ભાવના એ વીતરાગી પર્યાય. એ વસ્તુ શુદ્ધ નિજ વસ્તુ ભગવાન પરમાનંદ એકરૂપ વસ્તુ, એકરૂપ વસ્તુ હોં! સમજાણું? એ આગળ આવશે. કેટલામી ચાલે છે આ? ૬૬ ચાલે છે. એ ૬૭માં આવશે. એક સ્વભાવ, પરમાત્મ એક સ્વભાવ. **'परमात्माभिधानं तदैकस्वभावं'** છેને? ૬૭માં છે, છેલ્લી ત્રણ લીટી સંસ્કૃતમાં. એણે અર્થ નથી કર્યો આમાં. ઈ ૬૭માં આવશે. શું કહે છે?

ભગવાન આત્મા એક સમયની પર્યાય વિનાની જે વસ્તુ, અવસ્થા એક સમયની દશા એ વિનાની ચીજ નિજ શુદ્ધાત્મા એની ભાવના એ પર્યાય થઈ. પર્યાય એ વિકાર રહિત વીતરાગી દશા થઈ. જે પૂર્વે કીધું હતું કે પરમ આનંદના સુખનું જિનવચન છે ઈ. એ આત્મા શુદ્ધ નિજાનંદ પ્રભુ એની પર્યાય એટલે ભાવના, એના સન્મુખની વીતરાગી પર્યાય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એનાથી વિમુખ. સમજાણું કાંઈ? એ પહેલી વાત કરી. એક તો દ્રવ્ય લીધું નિજ શુદ્ધાત્મા વસ્તુ. એની ભાવના એટલે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એટલે સંવર ને નિર્જરા

તત્ત્વ, શુદ્ધ વીતરાગી પર્યાય. એ તત્ત્વથી વિરુદ્ધ પુણ્ય ને પાપ, આસ્રવ, બંધનું તત્ત્વ. '**મન, વચન, કાયા ઈન તીનોંસે ઉપાર્જે...**' એટલે શુભાશુભભાવ. વસ્તુ ત્રિકાળ શુદ્ધ એની પરિણતિ જે નિર્મળ એ વિના એવી નિર્મળ પરિણતિથી વિમુખ પુણ્ય અને પાપ એટલે પર્યાયના પ્રકાર વર્ણવ્યા કે વસ્તુ શુદ્ધ દ્રવ્ય એની પરિણતિ વીતરાગી એવી પર્યાય નહિ અને એનાથી વિમુખ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ એનાથી ઉપાર્જેલા કર્મ. શુભાશુભભાવ એનાથી થયું જડ કર્મ. એટલે અજીવ કર્મ સિદ્ધ કર્યું, પુણ્ય-પાપ સિદ્ધ કર્યા, ભગવાન આત્મા શુદ્ધ આત્મા એ સિદ્ધ કર્યો, એની સન્મુખની વીતરાગી પર્યાય નથી એમ સિદ્ધ કરી. સમજાણું કાંઈ?

ત્યારે એનાથી રહિત શું છે? કે, '**ભાવનાસે વિમુખ જો મન, વચન, કાયા ઈન તીનોંસે...**' એટલે મન, વચન ને કાયાના લક્ષે થયેલા શુભાશુભભાવ. એ શુભાશુભભાવથી ઉપાર્જેલા કર્મ. સમજાણું કાંઈ? બહુ સમજવું... વીતરાગને સમજવા એ કાંઈ સાધારણ વાત નથી. લ્યો! ભગવાનના વાડામાં આવ્યા ને કરી લીધી પૂજા ને કરી લીધી ભક્તિ ને થઈ ગઈ સામાયિક. એઈ..! એવો માર્ગ નથી ભાઈ! તેં વીતરાગ માર્ગ સાંભળ્યો નથી. પરમેશ્વર ત્રણલોકના નાથ સો ઈન્દ્રના પૂજનીક એવા વીતરાગની વાણી, વીતરાગે કહેલા તત્ત્વો નવ શું છે એણે કોઈ દિ' યથાર્થપણે જાણ્યા નથી.

અહીં કહે છે, અહો..! જોયું? ઓલો જોગ-બોગનો સંબંધ થયોને. આમ ભગવાનની પરિણતિ આમ ન મળે ત્યારે વિમુખ આમ પરિણતિ થઈ પુણ્ય ને પાપ, શુભાશુભભાવ. એનાથી થયા કર્મ, એનાથી '**ઉત્પન્ન હુએ પુણ્ય-પાપરૂપ બંધનોંકર...**' દેખો પાછા. એના એ કર્મથી ઉત્પન્ન થયા પુણ્ય-પાપ ભાવ, એનાથી '**બંધનોંકર અચ્છી તરહ...**' એનાથી બંધનરૂપથી '**અચ્છી તરહ બંધા હુઆ...**' એ પુણ્ય-પાપથી બંધાયેલો કર્મમાં, '**પંગુકે સમાન આપ હી ન કહીં જાતા હૈ, ન કહીં આતા હૈ.**' આહા..હા..! વસ્તુ જે વસ્તુ છે એ ક્યાંય જાતી-આવતી નથી. એની પર્યાયમાં અજ્ઞાનભાવે બાંધેલા કર્મ, એના થયા પુણ્ય-પાપ, એને લઈને અજ્ઞાન ભાવ, એ કાંઈ આત્મદ્રવ્ય વસ્તુ ન થઈ. વસ્તુના સ્વભાવથી, વસ્તુ ભગવાન આત્મા એનો અખંડ આનંદ શુદ્ધાત્મ સ્વભાવ એની ભાવનાથી વિપરીત ભાવના એક સમયમાં વિકાર પુણ્ય-પાપની એકત્વબુદ્ધિ, એ ભાવનાથી ઉપાર્જ્યા કર્મ, એમાં થતાં પુણ્ય-પાપ, એનાથી થતી ચાર ગતિઓ. સમજાણું કાંઈ?

જેમ ઘંટીનું પડ હોય, પડ ચાલે પડ. માખી તો જ્યાં બેઠી છે ત્યાં બેઠી છે. એમ વસ્તુ ચિદ્ઘન વીતરાગ નિર્દોષ તત્ત્વ ચૈતન્ય આત્મા જે પરમાત્મ મુક્તસ્વરૂપ વસ્તુ, વસ્તુ એ તો છે તેમ છે અને જ્યાં છે ત્યાં છે અને જેમ છે તેમ છે. સમજાણું કાંઈ? ન્યાં હલમલ કાંઈ થયું નથી. એની દશા—અવસ્થામાં ઊભો કરેલો પુણ્ય-પાપનો વિકલ્પ, શુભ-અશુભ રાગ, એનાથી

બંધાણા કર્મ, એમાંથી થયા પુણ્ય ને પાપ, એનાથી થઈ આ ચાર ગતિ. પુણ્ય ને પાપના ચોર્યાશીના અવતાર, એમ કહેવું છે. સમજાણું કાંઈ?

એ તો વસ્તુસ્વરૂપે જ્ઞાતા-દૃષ્ટાનો પિંડ એમને એમ પડ્યો છે એમ કહે છે. જ્ઞાતા-દૃષ્ટાનો પિંડ, આનંદનો પિંડ ને બળનો પિંડ વસ્તુ, દ્રવ્ય-દ્રવ્ય. એક સમયની પર્યાયમાં ઊભું કરેલું અજ્ઞાન, એનાથી બંધાણા કર્મ ને એમાં થયેલા પુણ્ય ને પાપ કર્મમાં, એનાથી થયા અવતાર. ઓલું દ્રવ્ય તો છે એમ છે. ભારે વાત ભાઈ! એ.. ન્યાલભાઈ! જુઓ, આ કર્મ રખડાવે છે એમ કહે છે અહીં તો. પહેલા તો ના પાડે છે, પહેલા ના પાડતા હતા કે કર્મને લઈને નહિ. અરે..! ભાઈ! કર્મ એટલે તેં કરેલો ભાવ વિકારી ભાવ એનાથી થયું કર્મ એ બધી એક જાત થઈ ગઈ. વસ્તુમાં ક્યાં છે? વસ્તુમાં ભાવકર્મ પણ નથી, દ્રવ્યકર્મ પણ નથી, વિકલ્પ માત્ર (નથી). વસ્તુ તો નિર્વિકલ્પ આનંદકંદની મૂર્તિ છે. એકલો આનંદકંદ જ્ઞાયક દર્શન ને વીર્યની મૂર્તિ છે. અનંત ચતુષ્ટય લઈ લીધા. સમજાણું કાંઈ? આહા..હા..!

એ વસ્તુ જે અનંત દર્શન, જ્ઞાન, આનંદ ને વીર્ય (સ્વરૂપ) એ વસ્તુ છે એ તો એમને એમ છે. એ વસ્તુની અંતર ભાવના વિના બાર ભાવના કરીને પુણ્ય-પાપ એ તો અવસ્થામાં એક ક્ષણિક દશામાં થઈ છે, વસ્તુ તો એમને એમ છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહા..હા..! આ ઈશ્વર કર્તા નાખ્યો હોય તો આ બધી ચિંતા મટી જાય. ઈશ્વરે કર્યું. ધૂળ પણ ઈશ્વર નથી, સાંભળને! ઈશ્વર કોણ છે જગતમાં? ઈશ્વર તું પોતે છો. ઈશ્વર કર્તા-બર્તા કોઈ છે નહિ ત્રણકાળ, ત્રણલોકમાં. આહા..હા..! પોતે ઈશ્વર પૂર્ણ પરમાત્મા પોતે ઈશ્વર કંદ છે. ઈશ્વર એટલે અનેક શક્તિનું ઈશ્વરપણું તે તત્ત્વ છે. એ ભગવાન ક્યાંય રખડે, ક્યાંય ઊપજે નહિ. એ આત્મા ક્યાંય ઉપજતો હશે દ્રવ્ય? દ્રવ્ય ક્યાંયથી નાશ પામીને બીજે જતું હશે? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શીખવતા એ બધું ગપ્પા હતા. આહા..હા..!

ભાઈ! તેં તારા નિજ ઈશ્વરને ન જાણ્યા એટલે તેં બીજી ભાવના કરી. આમ ન મળે ખબર ત્યારે ભાવના તો કાંઈ ઊભી તો કરે. એ અજ્ઞાનમાં રાગની અધિકતા માની અને વિકારને કરી અને કર્મને ઉપાર્જ્યા. એ વિકારની પર્યાય પણ વસ્તુની નથી. પર્યાયમાં અંશ એ વસ્તુ દ્રવ્યની નથી એમ કીધું. નિશ્ચયનયનો જે આત્મા એ નથી. સમજાણું કાંઈ? એ તો વ્યવહારનયનો આત્મા થયો એટલો પર્યાય આદિ. આહા..હા..! વ્યવહારનયનો પર્યાય વિકાર અને વ્યવહારનયનો પર્યાયનો અભાવ થઈ એ બધું અભૂતાર્થનયનું થયું. ભૂતાર્થ ત્રિકાળ છે એ વસ્તુ તો જેમ છે તેમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, વ્યવહારનયથી સંસારમાં ઉત્પન્ન કર્યો એ '**બંધનોંકર અચ્છી તરહ બંધા...**' હોં પાછો કહે છે. એ પર્યાયમાં વિકારપણું બરાબર હતું અને એનાથી બંધાણો પણ બરાબર હતો. નિમિત્તથી વ્યવહાર તરીકે (કહ્યું). '**પંગુકે સમાન આપ હી ન કહીં જાતા હૈ, ન કહીં આતા હૈ.**' ચોકીદાર લઈ જાય ચાલ અહીં. કઈ વાત કરે છે? એમ કહીને વસ્તુસ્વરૂપ એકરૂપ છે એમ બતાવવું છે હોં! સમજાણું કાંઈ? આહા..હા..! એકરૂપ ચિદ્ઘન આત્મા પરમાત્મા વસ્તુ જ પોતે છે. એને ઓળખ્યા વિના, માન્યા વિના આ બીજા એક અંશમાં તેં આખું તત્ત્વ માન્યું. એ જીવતત્ત્વને ન માન્યું એટલે પુણ્ય-પાપના અંશને તત્ત્વ માન્યું. પુણ્ય-પાપના અંશને તત્ત્વ માન્યું એ વસ્તુના સ્વરૂપમાં નથી. એને માનીને કર્મ થયા અને કર્મમાં પુણ્ય-પાપના રજકણો બંધાણા. એને લઈને પુણ્ય-પાપની ગતિઓ મળે છે. વસ્તુ તો વસ્તુ છે એમ કહે છે. વ્યવહારની ભૂલ એનું ફળ વ્યવહારમાં રખડવું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જૈસે બંદીવાન આપસે ન કહીં જાતા હૈ ઔર ન કહીં આતા હૈ,...**' કેદી, કેદી. ઓલો જોડે જેલર હોય એ જ્યાં લઈ જાય ત્યાં લઈ જાય, જાય આવે. '**ચૌકીદારોંકર લે જાયા જાતા હૈ, ઔર આતા હૈ, આપ તો પંગુકે સમાન હૈ.**' અહીં તો વસ્તુ તે વસ્તુપણે ત્રિકાળ એવીને એવી છે એમ સિદ્ધ કરવું છે હોં! વ્યવહારની, પર્યાયની ભૂલ એ વ્યવહારમાં ભૂલમાં ભ્રમણ કરી રહ્યો છે. આહા..! એ આત્મા સિવાય ક્યાંય મળે એવું નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

બાપુ! આ તો પરમ સત્ય પંથ છે. આ કાંઈ કોઈ કલ્પિત અને કચડીમચડીને કરેલું નથી. આ તો સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વરે જે ત્રણકાળ, ત્રણલોક ભગવાને જોયા, જોયા તેમ છે, છે તેમ જોયા, જોયા તેમ કહ્યા. આહા..હા..! ભાઈ! આ તો અલૌકિક વાતું છે! જેમ છે તેમ છે, તેમ ભગવાને જોયું અને જેમ છે તેમ ભગવાને જોયું અને ભગવાનની વાણીમાં આવ્યું. આ માર્ગ વીતરાગ છે. સમજાણું? એ વીતરાગ પરમાત્મા કહે છે, તારો પરમાત્મા શુદ્ધ તો એવોને એવો પડ્યો છે વસ્તુપણે. વસ્તુ કે દિ' અશુદ્ધ થાય? વસ્તુ કે દિ' પરિભ્રમણ પામે? વસ્તુમાં કે દિ' પૂર્વની અવસ્થાનો અભાવ થાય એટલે પોતાનો અભાવ થાય? સમજાણું કાંઈ?

આ વસ્તુની મહિમા બતાવવા આ વાત કરી છે હોં! કર્મે રખડાવ્યા એટલે ભૂલ તો તારી અને તારાથી રખડ્યો. પર્યાયની ભૂલ અને પર્યાયે રખડ્યો. દ્રવ્યની ભૂલ નહિ અને દ્રવ્ય રખડે નહિ એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયની અવસ્થાનો આશ્રય લીધો તેથી રખડ્યો. ત્રિકાળનો આશ્રય ન લીધો તેથી વીતરાગ પર્યાય પ્રગટી નહિ, આમ કહેવું છે. સમજાણું કાંઈ? પોતે વીતરાગ સ્વભાવી તત્ત્વ જ છે અનાદિનું. એવું તત્ત્વ તેને આત્મદ્રવ્ય કહીએ, વસ્તુ કહીએ. એ વસ્તુની ભાવના વિના, એટલે એ પણ એક પર્યાય છે ભાવના, એ ભાવના વિના

વિરુદ્ધ ભાવના પર્યાયનો આશ્રય કર્યો. એમાં તો રાગની ઉત્પત્તિ થાય ને લાભ માન્યો એટલે મિથ્યાત્વની ઉત્પત્તિ થઈ. એનાથી પુણ્ય જુઓ! શુભાશુભ સાથે ભાવ, એવા અંદર મિથ્યાત્વ સહિતના પુણ્ય-પાપના ભાવ પડ્યા અઘાતિમાં. આમ તો પાપ પડ્યું ઘાતિમાં. એને લઈને ભગવાન આત્મા તો જેમ છે, જે સ્વભાવ છે તે છે. આ પર્યાયમાં આ ભૂલ ને પર્યાયમાં એનું રખડવું થયું છે. છે તો એને જ કારણે હોં! પણ એ વિકારભાવ જ કર્મ છે એટલે પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહિ. આહા..હા..! શું કહેવું છે? એ વિકલ્પ ઉઠે પુણ્યનો દયા, દાન આદિનો એ પણ સ્વદ્રવ્ય નહિ, એ વસ્તુ જ પરદ્રવ્ય છે. કઈ અપેક્ષાએ? કે જે વિકૃત ભાવ થયો છે એ સ્વભાવભાવ નહિ. એનાથી વિરુદ્ધ ભાવ માટે વિકૃત ભાવ જ પર્યાય તે પરવસ્તુ છે. એનાથી કર્મ અને એનાથી રખડ્યો એ બધું પર થઈને રખડ્યો પર્યાયમાં એમ કહે છે. સમજાણું કાંઈ?

**'વહી આત્મા પરમાત્માકી પ્રાપ્તિકે રોકનેવાલે ચતુર્ગતિરૂપ સંસારકે કારણસ્વરૂપ કર્મોંકર તીન જગતમેં ગમન-આગમન કરતા હૈ,...'** લ્યો! ભગવાન આત્મા પોતાના સ્વભાવની ધ્રુવતાના આશ્રય વિના એક સમયની પર્યાય વર્તમાન વર્તતી તેના આશ્રયે પડ્યો, અજ્ઞાન ભાવ ઉત્પન્ન કરી અને અજ્ઞાનભાવ એ કંઈ આત્મ વસ્તુ નથી. એમ. સમજાણું કાંઈ? આહા..હા..! એ અજ્ઞાનભાવ એ આત્મા નહિ. એ વ્યવહારે આત્મા એટલે કે નિશ્ચય અણઆત્મા, નિશ્ચય આત્મા તે વાસ્તવિક આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? 'તત્ત્વાર્થસૂત્ર'માં ઉદયને જીવતત્ત્વ કહ્યું, એ વ્યવહાર આત્મા કહ્યો. પ્રમાણનું જ્ઞાન કરાવ્યું. અહીં ઓલા નિશ્ચયનયનો આત્મા વ્યવહારની પર્યાયમાં આવતો નથી (એમ કહે છે). આહા..હા..! ગજબ શૈલી વીતરાગની અને તે પણ ચારેકોરની એક રીતવાળી. એક જ વાતને સિદ્ધ કરનારી, યથાર્થ તત્ત્વ અને વિપરીત તત્ત્વ શું એને સિદ્ધ કરનારી. સમજાણું કાંઈ?

જગતમાં ત્રણકાળ ત્રણલોકમાં ... **'એક ગતિસે દૂસરી ગતિમેં જાતા હૈ.'** કોણ? પોતાનો પરમાત્મ સ્વભાવ આશ્રય કર્યા વિના... એ એક સમયની પર્યાયનો આશ્રય એ તો વિકાર હતો, એ વિકારનો આશ્રય કરીને પડ્યો તો મિથ્યાત્વ થયું. એનાથી કર્મ બંધાણું, એમાં રખડ્યો. વસ્તુ તો જેમ છે એમ છે. આહા..હા..! એ કર્મશક્તિ છે, જીવનીશક્તિ નહિ. જીવની શક્તિ તો પરમાત્મ દ્રવ્ય છે. કહો, પરમાત્મશક્તિ જ એની છે. વિકાર થવાની શક્તિ આત્મદ્રવ્યમાં છે જ નહિ. હળવે દઈને કહ્યું. છેને? કર્મની શક્તિ ... દ્રવ્યની શક્તિ તો ત્રિકાળ એકરૂપ છે. એ પર્યાયમાં રાગ એ કર્મશક્તિ, વિકારશક્તિ એ કર્મશક્તિ છે. તારો સ્વભાવ કે દિ' હતો એ? ભાવકર્મ કહો કે દ્રવ્યકર્મ કહો, બધી એક જ ચીજ છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના કહેલા તત્ત્વો... કહ્યું નહિ શ્રીમદ્દે? હે પ્રભુ! તમારા કહેલા તત્ત્વો મેં જાણ્યા નહિ. આવે છેને ભાઈ? ઓલામાં નહિ? હે ભગવાન! આપે કહેલા દયા, સંયમ

મેં ઓળખ્યા નહિ હોં! પાળ્યા નહિ એમ નથી કહ્યું. ઓળખ્યા નહિ એમ કહ્યું છે. એમાં શબ્દ એમ લીધો છે. ભાષા એવી લીધી છે. હે ભગવાન! હું ભૂલ્યો, હું આથડ્યો, મેં તમારા કહેલા તત્ત્વોને ઓળખ્યા નહિ. આપે કહેલી દયા, સંયમને મેં ઓળખ્યા નહિ હોં! પાળ્યાની પછી વાત, હજી ઓળખ્યા નહિ (કે) શું કહેવું છે. સમજાણું કાંઈ?

અહીં ભગવાન પરમાત્મા પરમેશ્વર એમ કહે છે તું પોતે જ પરમેશ્વર હોં! સાક્ષાત્. સાક્ષાત્ પ્રગટ પુરુષોત્તમ આત્મા. એઈ..! પ્રગટ પુરુષોત્તમ કહે છેને તમારે? ખબર છેને? અમારે તો ગઢડામાં છેને. અમે તો જાણીએને બહુ. ઈ પ્રગટ પુરુષોત્તમ આ આત્મા પ્રગટ પુરુષોત્તમ, વસ્તુ તરીકે પ્રગટ પુરુષોત્તમ. પર્યાયમાં પ્રગટ કરવો એ પરમાત્મા પ્રગટ વ્યક્ત પુરુષોત્તમ છે. સમજાણું કાંઈ? એને કોઈ કુળથી ઓળખાવવો, મા-બાપથી ઓળખાવવો એ આત્મા છે જ નહિ એવો. એને શરીરથી ઓળખાવવો કે આવું શરીર હતું અને આવું હતું. એ વસ્તુ એવી છે જ નહિ એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

'**યહાં સારાંશ યહ હૈ, કિ વીતરાગ પરમ આનંદરૂપ તથા સબ તરહ ઉપાદેયરૂપ પરમાત્માસે (અપને સ્વરૂપસે) ભિન્ન...**' દેખો! કેવો છે ભગવાન આત્મા વસ્તુ? વીતરાગ શબ્દે રાગ એટલે દોષ રહિત. પરમ આનંદરૂપ. રાગ કેમ છેલ્લો મુક્યો છે? કારણ કે, દ્વેષ જાય છે અને રાગ પછી જાય છે. એટલે જેનો રાગ ગયો એટલો સ્વભાવ તદ્દન એનો નિર્દોષ જ હોય, એમ. આ આત્મા જ એવો પહેલેથી છે સદાય. સમજાણું કાંઈ? વીતરાગ પરમ આનંદરૂપ, પાછું જુઓ! વીતરાગી પરમ સુખ, વીતરાગી પરમ સુખરૂપ ભગવાન આત્મા છે. '**તથા સબ તરહ ઉપાદેયરૂપ...**' એવો ભગવાન આત્મા વસ્તુ અકષાય આનંદરૂપ બધી રીતે ઉપાદેય. એટલે કે ત્યાં જ નજર નાખીને આદરણીય છે. ત્યાં જ નજર નાખીને એ આદરવા લાયક છે. નજર નાખવીનો અર્થ એ આદરવા લાયક થયો.

'**તથા સબ તરહ ઉપાદેયરૂપ પરમાત્માસે ભિન્ન જો શુભ-અશુભ કર્મ હૈં,...**' લ્યો! એનાથી જુદા આ પુણ્ય અને પાપના ભાવ. '**વે ત્યાગને યોગ્ય હૈં.**' ઉપાદેય અને ત્યાગ બે બતાવ્યું. ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવ ચૈતન્ય આનંદકંદ પરમાત્મ વીતરાગ તે અંતર દૃષ્ટિ કરવા લાયક છે. એટલે ત્યાં દૃષ્ટિ સ્થાપવા લાયક એટલે આદરણીય કરવા લાયક છે અને આ શુભ-અશુભભાવ એ બધું છોડવા લાયક છે. શુભાશુભભાવ બેય છોડવા લાયક અને શુભાશુભ કર્મ છોડવા લાયક બધું થઈ ગયું. એ શુભ ને અશુભ વિકલ્પ ઉઠે એ છોડવા લાયક છે. આહા..! ભારે વાત! સમજાણું કાંઈ?

એ તું મોટો (છો), નાનો નથી. નાનો કરીને તેં માન્યો એ તારી ભ્રમણાની ભૂલ છે એમ કહે છે. અમે પરમાત્મા થયા, વીતરાગ કહે છે, એ બધી પર્યાય આવી ક્યાંથી? એ દશા

આવી ક્યાંથી? બહારથી આવે છે? લટકે છે ક્યાંય? ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન, આનંદને પામ્યા, આવ્યું ક્યાંથી એ બધું? અંદરમાં પડ્યું છે વસ્તુમાં એમાંથી આવ્યું છે. એ કૂવામાં પડેલું હોય એ અવેડામાં આવે છે. તારી ચીજમાં એ બધી ચીજો પડી છે. અમને જે પ્રાપ્ત થઈ એ તારી ચીજમાં બધી પડી છે. આહા..હા..! એમાંથી પ્રાપ્ત થવા લાયક છે, બાકી બીજેથી ક્યાંય પ્રાપ્ત થવા લાયક નથી. ભગવાન કહે, અમારી સામું જોયે તને તારી નિર્મળ પર્યાય પ્રગટ નહિ થાય એમ કહે છે લ્યો. ઈ ભગવાન વીતરાગ કહે. અમારી સામું જોયે તારી નિર્મળ પર્યાય પ્રગટ નહિ થાય. આહા..! કારણ કે જેમાં છે તેમાં સામું જોયે થશે, તારામાં છે બધું. આહા..હા..! અરે..! આ વાત એને બેસવી કઠણ. અરે..! એને બીડી વિના ચાલે નહિ. અમે આવા? એવડો વસ્તુમાં છો, પર્યાયમાં ઘાલમેલ તેં કરી છે. સમજાણું કાંઈ? ઓહો..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દુઃખી કરવા માટે દુઃખી થવા, દુઃખને જ આદર્યું અને દુઃખી થવા. સુખ સ્વરૂપને આદર્યું નથી સુખી થવા. સમજાણું? એ ગાથાનો સાર આ કીધો. સમજાણું? ઓલા કહે, થઈ રહ્યું. કર્મ એને રખડાવે, આપણો કાંઈ દોષ નથી. એમ નથી. તારો દોષ એ જ કર્મ છે. એ કર્મની શક્તિ છે, સ્વભાવની શક્તિ નથી. પુણ્ય અને પાપના વિકલ્પો એ કર્મશક્તિ એટલે તત્ત્વશક્તિ--દ્રવ્યશક્તિ નથી. સમજાણું કાંઈ? એવી શક્તિનો તેં આદર કર્યો આ એને લઈને રખડ્યો ચાર ગતિમાં. કર્મે રખડાવ્યો એ તો જેમ છે એમ કહ્યું છે અહીં તો. આહા..હા..! રતિભાઈ! આમાં કાંઈ હેડ માસ્તરમાં આવતું હશે આવું ક્યાંય ન્યાં? આ તો બેય જણા બેઠા ન્યાં. કોણ જાણે શુંયે સમજાવતા હશે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા હેડ માસ્તર છે ઓહો..હો..! એની નિશાળમાં આ વાત છે કહે છે. આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પાંગળો રખડવા માટે, રખડવા માટે. કર્મને કરવા માટે પાંગળો અને કર્મમાં રખડવા માટે પાંગળો. અહીં તો અનંત વીર્ય લઈને લીધું હતું માથે. સમજાણું? અનંત વીર્ય છે, એ રાગમાં વીર્ય જાય એ અનંત વીર્યનું સ્વરૂપ જ નથી. અનંત વીર્ય તો સ્વરૂપની રચના કરે એને વીર્ય કહીએ. એમ આવે છે. ભગવાન આત્માનું વીર્ય અનંત છે. એ વીર્ય તો સ્વરૂપની રચના કરે એને આત્મવીર્ય કહીએ. રાગની રચના કરે આત્મા એ અણઆત્મવીર્ય છે, આત્મવીર્ય નહિ એમ કહે છે. આહા..હા..! વાહ રે વાહ! શું પણ સત્યની પ્રણાલિકા ઓહો..હો..! ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય ફરે નહિ, એકધારા વાત છે. એવી વીતરાગ સંતોની કથની! સમજાણું કાંઈ? એ ભાવ જ આવા છે.

કહે છે કે, ભગવાન આત્મા અનંત વીર્યનો પિંડ પ્રભુ છે. એ ગુણનું સામર્થ્ય શું છે?

કે, સ્વરૂપની શુદ્ધતાની રચના કરે તે તેની શક્તિ છે. એને આત્માનું વીર્ય કહીએ. જે પુણ્ય-પાપને રચે એ આત્મવીર્ય નહિ. આહા..હા..! રચના તો જુઓ! પાંગળો છે. આહા..! સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના રચવામાં ગતિ જાય એ કર્મની શક્તિ, ભગવાન આત્માનું વીર્ય નહિ. આહા..હા..! એની પણ બલિહારી છેને! એક અંશમાં તત્ત્વને વિકારરૂપે જોડવું એ વીર્ય સ્વરૂપનું નહિ, એમ કહે છે. દ્રવ્ય સ્વરૂપનું એ વીર્ય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બધું એક જ છે. ભાવ-અર્થ એટલે એમાં કહેલો એનો વિસ્તાર કરે, સંકોચે તો ગાથા થાય. આપણે નથી કીધું પંડિતજીએ? ૫૩મી ગાથાનો અર્થ નહોતો કર્યો એમણે? કે, ભાઈ! આ સંકોચે તો આ અને વિસ્તાર કરે તો આ અર્થ છે. મફતમાં શેના ... છો? 'નિયમસાર'ની ૫૩મી (ગાથા). કહો, સમજાણું આમાં?

કહે છે, ભગવાન! કહે છે ભગવાન ભગવાનને, ભગવાન! તું તો પૂર્ણ બળનો પિંડ છો હોં! એ તારું વીર્ય શુભાશુભ કર્મમાં કામ કરે એ તારું વીર્ય જ નહિ. આહા..હા..! જુઓને, ચારે બોલ કહીને વાત કરી. એ તો રાગમાં રચના, રાગનું રચવું એ સ્વભાવ સામર્થ્યનું વીર્ય કહેવાય? થઈ રહ્યું, જાઓ! એ કર્મનું વીર્ય થયું. ઊભું કર્યું તેં હોં! અજ્ઞાનભાવે આના ભાન વિના. આના વીર્યના-આ વીર્યના ભાન વિના, એમ. અજ્ઞાન ભાવે ઉત્પન્ન કર્યું એટલે કર્મ થયું. એને લઈને રખડ્યો. વસ્તુ તો જેમ છે એમ છે. એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? માટે તે ત્યાગવા યોગ્ય છે.

'**ઈસ પ્રકાર કર્મકી શક્તિકે સ્વરૂપકે કહનેકી મુખ્યતાસે આઠવેં સ્થલમેં આઠ દોહે કહે.**' લ્યો ઠીક. ભગવાન આત્માની શક્તિ તો આત્મામાં છે એની રચના અંતર્મુખમાં વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને વીર્યને રચે એ આત્માનું વીર્ય કહેવાય. અજ્ઞાનપણે વીર્ય કરીને કામ કરે એ તારું સ્વરૂપ નહિ, વીર્ય નહિ. એ કર્મ-વીર્ય કહીને, દોષ એનો એને કર્મ વીર્ય કહીને કર્મે તને રખડાવ્યો ને કર્મે તને આઘા લઈ ગયા અને અહીં લાવ્યા. તું તો જેમ છો એમ પડ્યો છો. એ વસ્તુના સ્વરૂપનું માહાત્મ્ય બતાવવા એનાથી ભૂલે રખડ્યો એને કર્મમાં નાખીને તારી શક્તિ એનાથી ભિન્ન છે એમ બતાવવું છે. એવો આત્મા અનંત બળનો ધણી ભગવાન એને અંતરમાં આશ્રય કરવા લાયક ઉપાદેય છે, આ બધું છોડવા લાયક છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૩, શુક્રવાર, તા. ૧૨-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૭, ૬૮, પ્રવચન-૪૮**

'પરમાત્મપ્રકાશ' પહેલા ભાગની ૬૭મી ગાથા. **'ઇસસે આગે ભેદાભેદરત્નત્રયકી ભાવનાકી મુખ્યતાસે જુદે જુદે સ્વતન્ત્ર નૌ સૂત્ર કહતે હૈં—'**

**६७) अप्पा अप्पु जि परु जि परु अप्पा परु जि ण होइ।**
**परु जि कयाइ वि अप्पु णवि णियमेँ पभणहिं जोई।।६७।।**

અન્વયાર્થ :- જે **'નિજવસ્તુ આત્મા...'** વસ્તુ જે આત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ એ **'આત્મા હી હૈ,...'** એ તો આત્મા જ છે, આત્મા તો આત્મા જ છે. **'દેહાદિ પદાર્થ પર હી હૈં,...'** પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર એ બધું દેહાદિ પર છે. વસ્તુ આત્મા શુદ્ધ જ્ઞાન ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ એ આત્મા. આત્મા તો આત્મા જ છે અને પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર એ દેહાદિમાં જાય છે બધું. **'એ દેહાદિ પદાર્થ પર હી હૈં,...'** કહો, સમજાણું કાંઈ? **'આત્મા તો પરદ્રવ્ય નહીં હોતા,...'** પાછું અસ્તિ-નાસ્તિ કરે છે. પહેલી અસ્તિ કરી કે આત્મા તે આત્મા જ છે, વસ્તુ ચિદ્ઘન જ્ઞાયકમૂર્તિ તે આત્મા આત્મા જ છે. પુણ્ય-પાપના વિકાર કર્મ શરીર તે દેહ, તે દેહ જ છે, એ બધું દેહ છે, પર. હવે આત્મા પરદ્રવ્ય નહિ નકાર કરીને પાછું કહે છે. ઓલી અસ્તિથી વાત કરી હતી. આત્મા તે રાગ, દ્વેષ, શરીર, કર્મ નહિ. સમજાણું કાંઈ? **'આત્મા તો પરદ્રવ્ય નહીં 'भवति'-હોતા,...'** આત્મા વિકારપણે, કર્મપણે, શરીરપણે કોઈ દિ' ત્રણકાળમાં થતો નથી. સમજાણું કાંઈ?

**'ઔર પરદ્રવ્ય ભી કભી આત્મા નહીં હોતા, એસા નિશ્ચયકર યોગીશ્વર કહતે હૈં.'** સર્વજ્ઞ ભગવાન યોગીશ્વર પરમાત્મા એમ કહે છે કે, જે પુણ્ય અને પાપના ભાવ, કર્મ ને શરીર એ કોઈ દિ' આત્મા થતાં નથી. સમજાણું કાંઈ? એ અંદર પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠેને, દયા, દાન, વ્રત, લાભ, ભક્તિ, પૂજા એવો ભાવ એ રાગ-વિકાર એ કર્મ, શરીર આદિમાં જાય છે એટલે આત્મા થતો નથી. અને આત્મા જ્ઞાયક ચિદાનંદ આનંદકંદ ધ્રુવ આત્મા તે પુણ્ય-પાપના રાગ, કર્મ અને શરીરરૂપે કોઈ દિ' થતો નથી. બેય વસ્તુ અનાદિની ભિન્ન છે. કહો, સમજાણું આમાં?

**ભાવાર્થ :—** **'શુદ્ધાત્મા તો કેવલજ્ઞાનાદિ સ્વભાવ હૈ,...'** જુઓ! આ આત્મા તો કેવળજ્ઞાન, દર્શન... કેવળ એટલે ઓલી પર્યાયની વાત નથી. કેવળ એટલે એકલું જ્ઞાન, એકલું

દર્શન, એકલો આનંદ, એકલી સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા, ઈશ્વરતા, વીર્યતા વગેરે. એવા આ શુદ્ધાત્મા તો એને આત્મા કહીએ કે, જેમાં એક જ્ઞાન, દર્શન, આનંદ પૂર્ણ, પૂર્ણ સ્વભાવ ભરેલો એને આત્મા કહેવાય. આહા..! સમજાણું કાંઈ? **'જડરૂપ નહીં હૈ,...'** ભગવાન આત્મા... એ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, જાપ આદિનો રાગ એ તો જડ છે, વિકાર છે. એ રૂપે આત્મા કોઈ દિ' થયો નથી. કહો, સમજાણું?

**'ઉપાધિરૂપ નહીં હૈ,...'** એ જડ એટલે ઉપાધિ છે. અંદર ભગવાન આત્મા તો જ્ઞાન જ્યોત અખંડ આનંદ ધ્રુવ ચૈતન્ય અનંત કેવળજ્ઞાન આદિ ગુણ સ્વભાવસ્વરૂપ છે આત્મા. એને આત્મા કહીએ, એને પરમાત્માએ આત્મા કહ્યો. અને એ આત્મા પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર એવો જે જડ એ રૂપે કોઈ દિ' થયો જ નથી. કેમકે એ ઉપાધિરૂપ છે જ નહિ, એ તો નિરૂપાધિ તત્ત્વ છે. આહા..હા..! ઓહો..! સમજાણું કાંઈ? નવ તત્ત્વ છેને? એમાં ભગવાન આત્મા તો જ્ઞાયક સ્વભાવ, સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપ જ રહ્યો છે અનાદિથી. એ આત્મા કહીએ. અને અંદર પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ છે, એ બંધભાવ છે, એ આસ્રવ ને બંધભાવ અને કર્મ ને શરીર અજીવ. એ આત્મા આસ્રવ, બંધભાવ અને અજીવપણે કોઈ દિ' થયો જ નથી. અને પુણ્ય-પાપના આસ્રવ, કર્મ ને શરીર એ આત્માપણે કોઈ દિ' થયા નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એક તત્ત્વ બીજા તત્ત્વ રૂપે કેમ થાય? તો તત્ત્વ રહે નહિ. છોટાભાઈ! આહા..હા..!

અનંત જ્ઞાન-દર્શન સ્વભાવી ભગવાન એ ઉપાધિ પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, જાપના ભાવ એ તો વિકાર છે. એ વિકારરૂપ કોઈ દિ' આત્મા થયો નથી અને એ વિકાર આત્મારૂપ થયા નથી. બીજી ભાષાએ કહીએ તો આત્મા આસ્રવરૂપ થયો નથી, આસ્રવ આત્મારૂપ થયા નથી. આત્મા કર્મ અજીવ શરીરરૂપે થયા નથી, શરીર અને કર્મ અજીવતત્ત્વ તે જીવતત્ત્વરૂપે થયા નથી. આની ખબર ન મળે અને ધર્મ કરવો એને. કહો, ભગવાનભાઈ! આહા..હા..! ભેદ ભાવનાની ગાથા નવ છે.

**'શુદ્ધાત્માસ્વરૂપ હી હૈ.'** ભગવાન તો શુદ્ધાત્મ સ્વરૂપ છે. એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ, એકલી સ્વચ્છતા, એકલી પ્રભુતા, એકલો શાંતરસ એવો આત્મા, એને આત્મા કહે છે અને એ આત્મા એને કહેવાય છે. સમજાય છે કાંઈ? એવો આત્મા અંદર જાણ્યા અને શ્રદ્ધ્યા વિના એને ધર્મ થાય નહિ ત્રણકાળ, ત્રણલોકમાં. આહા..! ચીમનભાઈ! વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ શ્રદ્ધે અને જાણે તો સમ્યક્ કહેવાય કે જેમ છે એનાથી વિપરીત જાણે તો સમ્યક્ સત્ય કહેવાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અભિમાન તો અનંત કાળ.. આહા.હા..! એણે તો કર્યા છે અજ્ઞાન અને અભિમાન. મારી નાખ્યા. સાધુ નામ ધરાવીને પણ એ પુણ્ય-પાપના ભાવ, પુણ્યના, દયા, વ્રતના થાય એ આત્માના છે એમ માન્યા છે એણે. એ મૂઢ મિથ્યાદષ્ટિ આ રીતે અનાદિથી રખડ્યો છે. આહા..! સમજાણું કાંઈ?

દયા, દાન, વ્રત, ભક્તિ, જાપ, પૂજા, ભક્તિ, જાત્રા એ બધો ભાવ શુભભાવ છે, એ આત્મા નથી. એ આત્મા નથી, એ ઉપાધિ વિકલ્પ રાગ જડ છે. એ જડમાં જાય છે, આત્મામાં નહિ. આહા..હા..! અને એ જડ આત્મારૂપે કોઈ દિ' થયા નથી. ભગવાન કેવળ એકલા જ્ઞાનનો પિંડ, શાંતરસનો સાગર, અનંત વીર્યની મૂર્તિ પોતે પ્રભુ આત્મા (છે). એ કોઈ રાગ, પુણ્યરૂપે કેમ થાય? અને પુણ્યનો ભાવ તે આત્મારૂપે કેમ થાય? આહા..! સમજાણું કાંઈ? '**પર જો કામ-ક્રોધાદિ પર વસ્તુ...**' કામ નામ ઈચ્છા, ક્રોધાદિ પર વસ્તુ. '**ભાવકર્મ...**' ઈચ્છા માત્રથી વૃત્તિ જે ઉઠે એ બધો પરવસ્તુ છે. આહા..હા..! ઈચ્છા અને ક્રોધ એટલે રાગ-દ્વેષ લઈ લીધા, ભાઈ! કામમાં ઈચ્છા અને ક્રોધમાં દ્વેષ. એટલે રાગ અને દ્વેષની જેટલી વૃત્તિઓ ઉઠે છે... સમજાણું કાંઈ? અરે..! દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાની જેટલી વૃત્તિઓ ઉઠે છે એ બધો વિકાર છે, એ ઉપાધિ ભાવ જડ છે, એ ચૈતન્ય આત્મા નહિ. આહા..હા..! એ ભાવકર્મ છે, આઠ કર્મ છે એ જડ દ્રવ્યકર્મ છે અને શરીર, વાણી નોકર્મ છે.

'**વે પર હી હૈં,...**' એ પર જ છે '**અપને નહીં હૈ,...**' પોતાના નથી. આહા..હા..! આત્મા જેને કહીએ, સર્વજ્ઞ ભગવાન કેવળીએ આત્મા એવો જોયો કે આત્મા એ તો એકલો જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ, એકલી સ્વચ્છતા, પ્રભુતા આદિનો પિંડ એકલો શુદ્ધાત્મા એને આત્મા કહીએ. એ આત્મા ઈચ્છા, દ્વેષ, કર્મ ને નોકર્મ એ રૂપે થયો નથી. અને એ ઈચ્છા, દ્વેષ, કર્મ, નોકર્મ એ આત્મારૂપે કોઈ દિ' ત્રણકાળમાં થયા નથી. કહો, ભીખાભાઈ! આહા..હા..! '**અપને નહીં હૈ,...**' એ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના, જાપના ભાવ એ આત્માના નથી.

'**જો યહ આત્મા સંસાર-અવસ્થામેં...**' એ આત્મા હવે સંસાર અવસ્થામાં... વસ્તુ તો આવી છે, પણ હવે પર્યાયની વાત લે છે. એની અવસ્થામાં '**યદ્યપિ અશુદ્ધનિશ્ચયનયકર કામ ક્રોધાદિરૂપ હો ગયા હૈ,...**' પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં, દશામાં રાગ, દ્વેષ, પુણ્ય, પાપના ભાવરૂપે પર્યાય થઈ છે, વસ્તુ થઈ નથી. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા એ તો વસ્તુ, વસ્તુ આત્મા. એ જ વર્તમાન પર્યાયમાં એક સમયની દશામાં અશુદ્ધનિશ્ચયે... કારણ કે, મલિન પુણ્ય-પાપના ભાવ મલિન છે અને તે નિશ્ચય તન્મય છે પર્યાયમાં એકાકાર છે. સમજાણું કાંઈ? '**ઐસા કામ ક્રોધાદિરૂપ હો ગયા હૈ,...**' હો ગયા એટલે? એક સમયની પર્યાય સંસારમાં

થઈ છે એમ કહેવું છે. વસ્તુ આખી થઈ છે એમ નહિ. સમજાણું કાંઈ? એ એણે માન્યું છે કે આ પુણ્ય ને પાપ આદિ હું થયો છું, એ અવસ્થા સંસાર મારો એમ એણે માન્યું છે. એટલે એ અપેક્ષાએ થયો છે અવસ્થામાં, એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસ્વરૂપ તો એને કહીએ કે, એકલો જ્ઞાન, દર્શન, આનંદની મૂર્તિ આત્મા. પુણ્ય ને પાપવાળા ભાવ એ રૂપે હું થયો છું એમ અવસ્થામાં એણે માન્યું છે. એ અવસ્થામાં એનો દોષ છે, માન્યતા એણે કરી છે, એથી અશુદ્ધ નિશ્ચયથી આત્મા એ રૂપે થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? અશુદ્ધ નિશ્ચયથી મલિનનું તન્મયપણાથી એમ કહેવું છે. નિશ્ચય એટલે તન્મય, એનો અંશ તે સત્ ત્યાં તન્મય થઈ ગયો છે. '**કામ ક્રોધાદિરૂપ હો ગયા હૈ,...**' એટલે શુભ અને અશુભભાવ એ રૂપે માન્યું છે, પર્યાયમાં માન્યું છે એથી ત્યાં એ રૂપે અશુદ્ધ નિશ્ચયનયથી સંસાર અવસ્થા માની છે એટલે એ રૂપે થયો છે. વસ્તુ, વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તો ભી પરમભાવકે ગ્રાહક શુદ્ધનિશ્ચયનયકર...**' દેખો! ભલે અવસ્થામાં શુભ-અશુભ વિકલ્પ દયા, દાન, ભક્તિ, જાપ, કામ, ક્રોધ, જાત્રા એવો ભાવ ઉઠે છે એ વિકાર છે, એ આત્મા નહિ. હું એ રૂપે થયો એમ અવસ્થામાં એણે માન્યું છે. વસ્તુ એ રૂપે થઈ નથી. પણ હું અવસ્થારૂપે આવો થયો, આસ્રવરૂપે થયો, ભાવબંધરૂપે થયો એવું અવસ્થામાં માન્યું છે, અશુદ્ધ નિશ્ચયથી. મલિનનું તન્મયપણાની અપેક્ષાએ તેને અશુદ્ધ નિશ્ચય કહ્યો. આહા..હા..! પણ પરમભાવ ગ્રાહક ભગવાન આત્માની દૃષ્ટિ જોઈએ તો વસ્તુ આત્મા પરમ સ્વભાવભાવ ત્રિકાળ જ્ઞાયક આનંદ શુદ્ધભાવ એને ગ્રહનારી નયથી જોઈએ તો '**શુદ્ધનિશ્ચયનયકર અપને જ્ઞાનાદિ નિજભાવકો છોડકર...**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ એને છોડીને, એ વસ્તુ એને છોડીને કામ ક્રોધાદિરૂપ નહિ હોતા. આહા..હા..! પરમભાવ, પરમ સ્વભાવ, વસ્તુ ભાવ, સ્વભાવ ત્રિકાળ ધ્રુવભાવ એવા જ્ઞાયક, આનંદ આદિ ભાવ એને ગ્રહવાની દૃષ્ટિથી, જ્ઞાનથી જોઈએ તો એવો જે ભાવ એ કોઈ દિ' વિકારની અવસ્થારૂપે એ તો થયો નથી. ભારે વાત.

પહેલો કહ્યો કે થયો, હો ગયા હૈ પર્યાય, એક સમયનો પર્યાય એને આમ વિકલ્પ છે ત્યાં એનું અસ્તિત્વ માન્યું છે એણે આમ. આમ જે છે આખું જ્ઞાયકતત્ત્વ છે આવું મહાન સત્ત્વ, એ અસ્તિત્વ હું છું એમ એણે માન્યું નથી. એટલે માનવામાં એણે આ લીધું છે. અનાદિથી મહાન પદાર્થ અનંત જ્ઞાન આનંદનો કંદ આત્મા છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રય જ્ઞાન, અતીન્દ્રિય સ્વચ્છતા, વિભુતા, પરમેશ્વર પ્રભુતા એનો પિંડ એ વસ્તુ આત્મા. એવા દૃષ્ટિથી જોઈએ તો પુણ્ય-પાપના ભાવપણે એ વસ્તુ તો કોઈ દિ' થઈ નથી. કહો, આ તો સમજાય એવું છે

કે નહિ? એ.. જેચંદભાઈ! .. શરીર આમાં આવ્યું છે? શરીરપણે આત્મા થયો નથી અને...

મુમુક્ષુ :— ભલે ન થયો હોય, પણ શરીર બગડે ત્યારે તો...

ઉત્તર :— પણ થયો નથી પછી વળી બગડે-ફગડે ક્યાં આવ્યું? શરીરપણે આત્મા થયો નથી ત્રણે કાળ અને શરીર આત્માપણે થયું નથી ત્રણે કાળ. આ પુણ્ય-પાપ, શુભ-અશુભના ભાવ તે આત્માપણે થયા નથી ત્રણે કાળ અને આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ વસ્તુ જે છે એ પુણ્ય-પાપના ભાવપણે થઈ નથી ત્રણે કાળ. આહા..હા..! અજ્ઞાનીએ મિથ્યા શ્રદ્ધામાં એ પુણ્ય અને પાપરૂપે હું છું એમ માન્યું છે મિથ્યાદૃષ્ટિપણામાં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ તો અહીં કહેવાય છે. ભરી છે કેટલી? એણે કરી છે, ભરે ક્યાં? એક સમયની છે. એઈ..! આહા..હા..! સમજાણું?

એ વસ્તુ વસ્તુ જે છે આત્મા જેને કહીએ શુદ્ધાત્મા, વસ્તુ આત્મા કહીએ જેને તે આત્માની અંતર દૃષ્ટિથી જુઓ તો એ આત્મા કોઈ દિ' પુણ્ય ને પાપની પર્યાયપણે એ વસ્તુ થઈ જ નથી. કેમ? **'અપને જ્ઞાનાદિ નિજભાવકો છોડકર કામ ક્રોધાદિરૂપ નહીં હોતા, અર્થાત્ નિજભાવરૂપ હી હૈ.'** કોણ? વિકાર, પુણ્ય, પાપ એ આત્મારૂપ નથી. એથી પોતાનો સ્વભાવ જ્ઞાન, દર્શન, ત્રિકાળ આનંદ એકરૂપ સ્વભાવ એ છોડીને કામ-ક્રોધ નામ પુણ્ય-પાપ ઈચ્છા રાગ-દ્વેષરૂપે આત્મવસ્તુ થતી નથી. **'નિજભાવરૂપ હી હૈ.'** એ તો પોતાના ભાવ જ્ઞાન, આનંદ આત્મતત્ત્વરૂપી આત્મા છે. ઓહો..હો..! અરે..! કોઈ દિ' સાંભળે નહિ, સાંભળે નહિ, સમજે નહિ અને અમારે ધર્મ થઈ જાય. ધૂળમાં પણ નથી ધર્મ મરી જાય તોપણ. સમજાય છે કાંઈ? વીતરાગ પરમેશ્વર કોને આત્મા કહે છે? કોને વિકાર કહે છે? કોને શરીર કહે છે? કોને કર્મ કહે એની કાંઈ ખબરું ન મળે અને અમે ધર્મ કરીએ. ધૂળમાં ધર્મ નથી, મિથ્યાત્વ કરે છે. ભગવાનજીભાઈ! આહા..! પોણોસો વર્ષે પણ બીજું નીકળ્યું આ તો. કહો, સમજાણું કાંઈ?

ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકર પરમેશ્વર એમ ફરમાવે છે, ભાઈ! તું જે આત્મા જેને અમે કહીએ છીએ અને જે રીતે આત્મા સત્ છે, એ આત્મા શુદ્ધ જ્ઞાનઘન છે, એ આત્મા કોઈ દિ' પુણ્ય ને પાપના રાગરૂપે એ આત્મા થયો જ નથી. પોતાના નિજભાવને છોડ્યા નથી, નિજભાવ જ્ઞાનાનંદનો તેણે છોડ્યો નથી. એ છોડે તો અહીં રાગરૂપે થાય, એ છોડ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...આટલી મહેનત કરી...

ઉત્તર :— મહેનત ક્યાં હતી આમાં? આ તો ફક્ત સમજણને ફેરવવાની વાત છે. એમાં ક્રિયાકાંડ ક્યાં આવ્યા, શરીર ક્યાં આવ્યું, મહેનત ક્યાં આવી? આ વસ્તુ, આ વસ્તુ એક સમયમાં

આ આખો એક સ્વભાવભાવ આ વસ્તુ એ એમને એમ છે. એ ભાવ, પુણ્ય-પાપના વિકલ્પરૂપે એ ભાવ થયો નથી. તેણે નિજ સ્વભાવભાવને કોઈ દિ' છોડ્યો નથી. હવે આમાં શું મહેનત છે? એ તો જ્ઞાનની ક્રિયા છે, જ્ઞાનની ક્રિયા થઈ. એમાં બીજી મહેનત કઈ આવી? આહા..હા..! મહેનત.. આ કહે હથોડા ઉપાડવા.. ક્યાં ગયા ભરતભાઈ? નથી આવ્યા? ઈ તો એમ વિચાર આવ્યો કે, હથોડા આટલા આટલા વાળા પણ હથોડા ઉપાડે તો ભણે છે શું કરવા? અમારા છોટાભાઈ કહેતા હતા. સાચી વાત છે. એકનો એક છોકરો. ઓલો કાંઈક કરે છે, શું કરે છે? હથોડો ઉપાડવો પડે? ચાલીસ પચાસ લાખના આસામી, હવે એનો છોકરો તો દસ લાખ તો આવે કે નહિ બાર લાખ એક જણાને? હવે એને હથોડા ઉપાડવાનું શું કામ? એમ વાત થાતી હતી. વાત સાચી. એમ આ મફતના હથોડા ઉપાડે છે અનાદિના. અનંત અનંત જ્ઞાનનો લક્ષ્મીનો સ્વામી એ પુણ્ય-પાપના વિકલ્પના હથોડા ઉપાડીને એ મારા એમ માની બેઠો છે. લક્ષ્મી એની પાસે પણ એનું ભાન છે નહિ.

મુમુક્ષુ :— પુણ્ય-પાપના વિકલ્પ એ હથોડા?

ઉત્તર :— હથોડા. ઘણ મારે છે આત્માને, ઘણ મારે છે કે, હું પુણ્યવાળો, હું પુણ્યવાળો મેં દયા, દાન ને ભક્તિ ને વ્રતના ભાવ કર્યા એ હું. એ આત્માના જ્ઞાનગુણના સ્વભાવને છોડી દૃષ્ટિમાંથી, આત્મા ઉપર ઘણ મારે છે. મફતની મહેનતું કરે છે. એઈ..! તે છતાં કોઈ દિ' દ્રવ્યસ્વરૂપ તે વિકારરૂપે (થયું) જ નથી. મરી જાય અને મરે ને માને તો એ વસ્તુ તો વસ્તુ જ છે એમ કહે છે. ન્યાલભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ન્યાં ગમે એમ થાય. અહીં તો એક દાખલો છે. આમાં કાંઈ થાય એવું નથી. ગમે એવા પુણ્ય-પાપના હથોડા ઉપાડ વિકારના, જડના, અચેતનના, એ અચેતન છે, ચૈતન્યનું મૂળ સ્વરૂપ નથી.

મુમુક્ષુ :— આવું સાંભળે છો તોય...

ઉત્તર :— ઈ વાત સાચી. ચાલતું જ નથી, બધું ઊંધું જ ચાલે છે અને માને છે કે, અમે કાંઈક સવળે રસ્તે જાઈએ. હવે એ કે દિ' થાય સવળો રસ્તો એનો? આહા..હા..! સમજાણું કાંઈ?

અહો..! ભગવાન મહિમાવંત પદાર્થ એ અમહિમાવંત વિકારપણે કોઈ દિ' થતો નથી એમ કહે છે. આહા..હા..! પ્રભુ! તારું સ્વરૂપ ભગવાન કેવળીએ જોયું કે, તું તો શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ તેને આત્મા અમે કહીએ છીએ. નવ તત્ત્વમાં એને આત્મા કહીએ છીએ. એ આત્મા પુણ્ય-પાપના આસ્રવભાવ, પુણ્ય-પાપ કે આસ્રવભાવ કે બંધભાવ અને અજીવભાવ નવ તત્ત્વમાં

છે કે નહિ? પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો એ ભગવાન આત્મા નિજ ભાવ સંપન્ન અનંત લક્ષ્મીનો ધણી, પૂર્ણ પૂર્ણ પરમભાવ, પરમભાવ પૂર્ણ સ્વભાવ એ પોતે પોતાના આવા ભાવને છોડી એ પુણ્ય-પાપના આસ્રવ બંધભાવ ને અજીવભાવપણે કોઈ દિ' ત્રણકાળમાં થયો નથી. આહા..! માન્યું છે એણે. માને તો એ તો ઊંધી માન્યતા એક સમયની અવસ્થા છે. એમ કહે છે. એ માન્યતા એક સમયની દશા છે. આ પુણ્યરૂપે મેં પુણ્ય કર્યા ને મેં દયા પાળી ને મેં ભક્તિ કરી ને પૂજા (કરી), એ વિકલ્પ બધા હોં! જાપ કર્યો. એ બધો રાગ, એ રાગ મારો એમ મૂઢે મિથ્યાત્વપણે માન્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હઠેલો જ છે. માન્યું છે કે, હું આ છું. હઠી શું જાય? એવો જ છે, ફક્ત માન્યતા કરી છે. હું આ. આ મેં દયા પાળી, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી એવો વિકલ્પ છે. એ વિકલ્પ છે મેં કર્યું, મેં કર્યું, એ મૂઢ મિથ્યાદૃષ્ટિમાં આત્મામાંથી ખસીને માને છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હઠવું છે ક્યાં? માન્યું છે કે, આ પુણ્ય-પાપના વિકલ્પ તે હું, મારા. આ નહિ બસ એટલી વાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બીજું છે શું ત્યારે? જે જ્ઞાન રાગ-દ્વેષ ને પુણ્ય-પાપના ભાવ આત્મતત્ત્વના એકરૂપ છે એમ માન્યા છે... આ ભેદભાવની વ્યાખ્યા છે, આ નવ ભેદની વ્યાખ્યા છે. ભાઈએ કીધુંને, અભેદરત્નત્રય ક્યાં આવે છે? પણ એ બીજી અપેક્ષાએ આવશે. એ તો પરથી જુદો પાડીને અભેદ રત્નત્રયરૂપે પરિણમે તો મુક્તિ થાય. એવી અપેક્ષાએ વાત છે. બાકી ભેદની વ્યાખ્યા છે આ, ભેદાભેદ રત્નત્રયની આ વ્યાખ્યા નથી. સમજાણું કાંઈ? આ તો જે નવા છાપે તો અક્ષરે અક્ષર લખી નાખે. કોને વાંચવું છે કાંઈ? અહીં તો ભાઈ કેટલી મહેનત કરે છે અમારે હિંમતભાઈ. એકે એક અક્ષરને સરખો રહેવા દેતા નથી. ફેરવી ફેરવીને સરખા રાખે છે. એક આવો હોય તો કહે નહિ. આમ ન હોય, આમ હોય. સાચી વાત ભાઈ. કહો, એ સમજાણું? અહીં તો હિંમતભાઈએ બહુ કરી નાખ્યું, ઘણો સુધારો કરી નાખ્યો. અહીં કહે છે પણ આ બધું ક્યાં કરે? એ નવરા ક્યાંથી? એણે પોતાનું કરવું કે શું કરવું? નિશાળનું કરવું? કેટલું કરવું? આમાં કરવું? ... વળી ગુજરાતી વાંચશું, મોક્ષમાર્ગપ્રકાશક વાંચશું, આ કળશટીકાનું. કેટલું કરવું? પોતાને વખત લેવો કે નહિ? એઈ..! આહા..હા..!

કહે છે, તારી દૃષ્ટિ ફેરે સંસાર અને દૃષ્ટિ ફેરે મુક્તિ. આહા..હા..! તારી દૃષ્ટિમાં એ પુણ્ય અને પાપના ભાવ, શરીર, કર્મ મારા, બસ! એ દૃષ્ટિ એ જ સંસાર છે. અને એ પુણ્ય ને

પાપ, શરીર, કર્મ એ મારામાં નથી, હું તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું. મારો નિજભાવ છોડીને પરભાવ અને કર્મરૂપે હું કોઈ દિ' થયો નથી. એવી દૃષ્ટિ કરવી અનુભવની એનું નામ મુક્તિ છે, એ મુક્તિ જ છે. આહા..હા..! સ્વરૂપ મુક્ત જ છે. સમજાણું?

મહાન હોવાપણાના ભાવને વિપરીત રાગાદિ પરિણામપણે, હોવાપણે સ્વીકારવો, બસ એ જ એને ભ્રમ, એ જ મિથ્યાત્વ અને એ સંસાર. ભગવાન જ્ઞાયકભાવ પૂર્ણાનંદ પ્રભુ એ નિજભાવ છોડીને કોઈ દિ' રાગના વિકલ્પપણે થયો નથી, બસ એવો અંતર સ્વીકાર થવો એ મુક્તિના પંથ કહો કે મુક્તિ કહો. સમજાણું કાંઈ? કહે છે, અહો..! '**નિજભાવરૂપ હી હૈ,...**' પરરૂપ થયો નથી. આહા..હા..! મરી જાય દુનિયામાંથી માન લેવા માટે. કોઈ સારો કહે, સારો માને. મરી જાય છે એના માટે. પણ સારો તું છો એને તો જો અંદર. આહા..! કોની પાસે તારે સારું કહેવડાવવું છે? સારું થવું નથી અને સારું કહેવડાવવું છે. મારી નાખ્યા છેને. સમજાણું કાંઈ? આહા..હા..! સારું થવું નથી એટલે સારો એટલે જ્ઞાનાનંદ ભગવાન પરમાનંદની મૂર્તિ (છું) એવી અંતર અનુભવની દૃષ્ટિ કરવી એ સારું કર્યું કહેવાય. સારું થવું નથી ને સારો કહેવડાવવું છે. પુણ્ય-પાપના ભાવ (એમાં) મીઠાશ વેદવી, શુભભાવમાં મીઠાશ, પાપમાં મીઠાશ, ભોગમાં મીઠાશ, વાસનામાં મીઠાશ. એનો અર્થ કે એ આત્મા એ રૂપે છે. એટલે એ મારી ચીજ છે માટે એની મીઠાશ છે. એટલે આત્મા વિષયની વાસના ને રાગરૂપ થઈ ગયો એમ અજ્ઞાનીએ મિથ્યાદૃષ્ટિપણે માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કહ્યું? જેને પુણ્ય અને પાપમાં મીઠાશ વર્તે છે મીઠાશ, રસ વર્તે છે. એ આત્મા વસ્તુ તો એ રૂપે થઈ નથી પણ એને મીઠાશ વર્તે એટલે મિથ્યાદૃષ્ટિપણે અશુદ્ધ નિશ્ચયનયે એ રૂપે અવસ્થા થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના આનંદ સ્વભાવને છોડી કોઈ દિ', કહે છે, વિકલ્પરૂપે પરિણમ્યો જ નથી ને. નિજભાવને છોડ્યો જ નથીને. આહા..હા..! સમજાય છે આમાં? પણ ક્યાં ગૂંચવાણો છેને. એ ક્યાં ગૂંચવાણો એની એને ખબર પડતી નથી. ગુંચવણને માને આત્માનું સ્વરૂપ અને આત્માનું સાધકપણું. જે કોઈ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના કષાયના મંદ પરિણામ એનાથી આત્માને લાભ થાય ધર્મનો, એ માનનારા મિથ્યાદૃષ્ટિ રાગને જ આત્મા માને એમ કહે છે અહીં ભાઈ! છતાં એ રાગમય થયો નથી. આહા..! એણે એને છેતર્યો છે અનંત કાળથી. બીજો કોણ છેતરે? કોને છેતરી શકે? પોતાને છેતર્યો છે. જગજીવનભાઈ હમણા ઠીક છે. ક્યાં ગયા ધરમચંદભાઈ? તમારા બાપને હવે ઠીક છે. ... કહો, સમજાણું આમાં?

ભાઈ! આ લક્ષમાં વસ્તુ આવી જાયને પહેલું આ છે, આ નહિ. ત્યાંથી એનો દોર શરૂ થાય છે. સમજાણું કાંઈ? બાકી લાખ કરોડ વાત કરીને મરી જાય નહિ. મહાવ્રત પાળે ને

દયાઓ કરે ને ભક્તિ કરે ને જાત્રા કરે ને ઓમના જાપ કરીને સૂકાઈ જાય અનંત વાર. એ બધા વિકલ્પની લાગણીઓને પોતે આત્માને લાભ થાય એમ માનનાર આત્મા એને રૂપે થયો એમ એણે માન્યો છે. આહા..હા..! રતિભાઈ! લોજીકથી ન્યાયથી તો વાત છે કે નહિ? આહા..!

કહે છે, આમાં પુનરુક્તિ લાગતી નથી. અહીં આવ્યુંને કે, '**ક્રોધાદિરૂપ નહીં હોતા, નિજભાવરૂપ હી હૈ.**' એ બેની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પરમ આનંદ પરમાત્મા પોતે પરમાત્મા, વસ્તુ પોતે પરમાત્મા. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ, પરમ સ્વભાવભાવ તે પરમાત્મા. પોતે પરમાત્મા વર્તમાન વસ્તુ પોતે પરમાત્મા જ છે. 'પરમાત્મપ્રકાશ' છેને! એ પરમાત્મા વિકારના પર્યાયપણે કોઈ દિ' ત્રણકાળમાં થયો નથી. કહો, કોઠારી! કોઠારી ઉપર ધ્યાન ગયું. કોઠારી! સમજાય છે કે નહિ આ? કોણ કોઠારી? ક્યાં ગયા ખુશાલભાઈ નથી? ખુશાલભાઈ! આ સમજાય છે? એમ. જૂના માણસ આવ્યા હવે.

ભગવાન આત્મા જેના રૂપ અનંત ગુણના ભાવથી ભરેલું જેનું રૂપ ને સ્વરૂપ છે, એ આત્મા કોઈ દિ' ઇચ્છા રાગ ને દ્વેષના ભાવપણે ત્રણકાળ ને ત્રણલોકમાં થયો નહિ, થાય નહિ અને થશે નહિ. એ આત્માએ પોતાના નિજ સ્વભાવભાવને કોઈ દિ' છોડ્યા નથી. '**યે રાગાદિ વિભાવપરિણામ ઉપાધિક હૈં,...**' એની વર્તમાન દશામાં જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પુણ્ય (થાય) એ ઉપાધિ છે અને હિંસા, જૂઠું, ચોરીના ભાવ એ પણ ઉપાધિ છે. દેહ, રાગાદિરૂપ ભાવ '**ઉપાધિક હૈં, પરકે સંબંધસે હૈં,...**' એ સ્વના સંબંધના નથી. એ કર્મના, જડના સંબંધે ઉત્પન્ન કરેલી ઉપાધિ છે. આહા..હા..! '**નિજભાવ નહીં હૈં,...**' એ ભગવાન આત્માનો સ્વભાવભાવ નથી. સમજાણું કાંઈ? '**ઈસલિયે આત્મા કભી ઈન રાગાદિરૂપ નહીં હોતા, એસા યોગીશ્વર કહતે હૈં.**' એવું સર્વજ્ઞ ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરદેવ કેવળી પ્રભુ એમ ફરમાવે છે કે, એ આત્મા વિકલ્પપણે કોઈ દિ' થયો નથી. કારણ કે, જે પરના સંબંધનો ભાવ એ સ્વ સંબંધના સ્વભાવરૂપે કોઈ દિ' થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**યહાં ઉપાદેયરૂપ...**' હવે હેય અને ઉપાદેયનો સરવાળો કરે છે. અહીંયા અંગીકાર કરવા લાયક, '**મોક્ષ-સુખ (અતીન્દ્રિય સુખ) સે તન્મય...**' એટલે અતીન્દ્રિય સુખથી તન્મય. મોક્ષ-સુખની વ્યાખ્યા અતીન્દ્રિય સુખ. એનાથી એકમેક ભગવાન આત્મા અંદર છે. આત્મા તે અતીન્દ્રિય સુખથી એકરૂપ છે. અત્યારે હોં! અતીન્દ્રિય આનંદના ભાવથી તન્મય દ્રવ્ય છે. '**ઔર કામ-ક્રોધાદિકસે ભિન્ન...**' એ પુણ્ય-પાપના વિકલ્પના ભાવથી તે ભિન્ન અને પોતાના અતીન્દ્રિય સ્વભાવથી અભિન્ન (છે). આત્મા, આત્મા અતીન્દ્રિય આનંદથી અભિન્ન એટલે ભાવવાળો, આત્મા અતીન્દ્રિય આનંદ ભાવસ્વરૂપ. વાળો ઈ કરતાં (સ્વરૂપ). આત્મા અતીન્દ્રિય ભાવસ્વરૂપ અને તે આત્મા ઇચ્છા રાગાદિથી ભિન્ન. સમજાણું કાંઈ? '**જો શુદ્ધાત્મા હૈ, વહી**

ઉપાદેય હૈ,...' એ જ આત્મા દૃષ્ટિમાં, અનુભવમાં લેવા લાયક છે. કરવાનું આ છે એણે. સમજાણું કાંઈ? આહા..હા..! 'એસા અભિપ્રાય હૈ.' લ્યો! એવો આ શ્લોકનું તાત્પર્ય, અભિપ્રાય છે. સમજાણું આમાં કાંઈ? આમાં તો સીધી સાદી ભાષામાં આવે છે, આમાં કાંઈ કોઈ એવી કોઈ (અઘરી નથી). હવે ગાથા બહુ ઊંચી આવે છે ઊંચી.

'આગે શુદ્ધનિશ્ચયનયકર...' ભગવાન આત્માના પરમ સ્વભાવ દૃષ્ટિની અપેક્ષાએ જોતા એ 'આત્મા જન્મ, મરણ, બન્ધ ઔર મોક્ષકો નહીં કરતા હૈ,...' જે આત્મ વસ્તુ છે એ જન્મ, મરણ ને બંધ, મોક્ષને કરતું નથી. 'પરમાત્મપ્રકાશ' તે 'પરમાત્મપ્રકાશ' છેને! શુદ્ધનિશ્ચયકર વસ્તુ... વસ્તુ... વસ્તુ... પરમભાવ, પરમભાવ, આત્મભાવ, સ્વભાવભાવ અનાદિઅનંત એકરૂપ ભાવ એવી દૃષ્ટિથી જોઈએ તો એ આત્મા જન્મને કરતો નથી, મરણને કરતો નથી, બંધને કરતો નથી અને મોક્ષને કરતો નથી. 'જૈસા હૈ વૈસા હી હૈ, એસા નિરૂપણ કરતે હૈં—' એવું નિરૂપણ કરે છે. સમજાણું? 'प्रतिपादयति' છેને.

६८) ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।
जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।

જિનવર વીતરાગ પરમેશ્વર આમ કહે છે. આહા..હા..! 'जिणवरु एउँ भणेइ' જુઓ! આમાં જિનવર નાખવા પડ્યા આચાર્યને પણ. સાક્ષીમાં વીતરાગને નાખવા પડ્યા. ત્રણલોકના નાથ પરમાત્મા અરિહંતદેવ એમ ભણે છે, એમ કહે છે કે, હે આત્મા! 'હે યોગીશ્વર, નિશ્ચયનયકર વિચારા જાવે,...' વસ્તુનો એકરૂપ ત્રિકાળી આત્મભાવ એની દૃષ્ટિએ જોઈએ, 'તો યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ,...' જન્મ. એ જન્મતો આત્મા? આત્મા જન્મે? 'ન મરતા હૈ...' સમજાય છે? મરે કોણ? 'ઔર ન બંધ મોક્ષકો કરતા હૈ,...' ભગવાન ભાવબંધને કરતો નથી અને ભાવબંધને છોડતો પણ નથી. સમજાણું? કર્મને બાંધતો અને છોડતો નથી એ તો એક કોર રહી ગઈ વાત. ભાવબંધની અવસ્થા જે છે એ આત્મા કરતો નથી, એ ભાવબંધની અવસ્થાને છોડીને મોક્ષપર્યાય આત્મા કરતો નથી. ભારે ગજબ વાત! સાંભળજો, સાંભળજો હોં! સમજવા જેવી વાત છે. આહા..હા..! એમ જિનવર કહે છે. એમ પરમેશ્વર ત્રણલોકના નાથ વીતરાગદેવ એ ધર્મસભામાં એમ ફરમાવતા હતા. આહા..હા..! અરે..! ભગવાન! ભગવાન તે કાંઈ બંધને કરે? બંધને કરે તો મોક્ષને કરે.

'અર્થાત્ શુદ્ધનિશ્ચયનયસે બન્ધ-મોક્ષસે રહિત હૈ,...' વસ્તુ જે છે આત્મપદાર્થ એ પર્યાયનો બંધ ને પર્યાયની મુક્તિથી રહિત જ વસ્તુ છે. એક સમયનો બંધ અને એક સમયની મુક્તિ. મુક્તિ એક સમયની છે. એ બે પર્યાયથી રહિત ધ્રુવ દ્રવ્ય-વસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..! રાડ નાખે હોં! ઓલાને તો એવું લાગે કે મોક્ષને કરતો નથી આત્મા? હાય, હાય.

સાંભળને હવે. મોક્ષ તો એક સમયની પર્યાય છે. સિદ્ધપણું એ કાંઈ આત્માનું દ્રવ્ય, ગુણપણું નથી. કેવળજ્ઞાન, કેવળદર્શન, મોક્ષ અવસ્થા તો સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયનો વિષય છે, એ વસ્તુસ્વરૂપ નથી. આહા..! લે, આ ભારે વાત ભાઈ! કાલે આવ્યું નહોતું ભાઈ? શું કીધું હતું? સદ્ભુત ને બે. શુદ્ધ સદ્ભૂત વ્યવહાર, અશુદ્ધ સદ્ભુત. એટલે કે શુદ્ધ સદ્ભુતને અણઉપચારી સદ્ભુત વ્યવહાર અને અશુદ્ધ સદ્ભુતને ઉપચારી સદ્ભુત વ્યવહાર (કહીએ). એમ આવ્યું હતું દ્રવ્યસંગ્રહમાં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વળી પછી. અહીં તો આપણે આની સાથે સંબંધ કરવો છે જરી.

જે મોક્ષ છેને, એ તો શુદ્ધ સદ્ભુત વ્યવહારનો વિષય છે એટલે કે અણઉપચરીત સદ્ભુતનો વિષય છે. વિષય એટલે? મોક્ષની પર્યાય સિદ્ધપદની પર્યાય છે એ ત્રિકાળી દ્રવ્યનો એક અંશ છે, અંશ છે. સિદ્ધપર્યાય એક અંશ છે, મોક્ષ એક અંશ છે. એ અંશ શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? એ (મોક્ષ)-વસ્તુ ત્રિકાળ શુદ્ધભાવનો એ વિષય નહિ. ત્રિકાળ શુદ્ધભાવનો-(દ્રવ્યાર્થિક)નો વિષય તો વસ્તુ અખંડ એકરૂપ છે તે છે. ઝીણું (છે). રાજમલજી! સમજાય છે કાંઈ? આહા..હા..! કેવળજ્ઞાન એ પણ તારું ત્રિકાળી સ્વરૂપ નહિ એમ કહે છે. એ સિદ્ધપદની પર્યાય ભગવાન! તારું ત્રિકાળી સ્વરૂપ નહિ. આહા..હા..! પ્રાપ્ત દ્રવ્યને પ્રાપ્ત કરતા એ પર્યાય પ્રાપ્ત થઈ જાય છે. દ્રવ્યનો આદર કરતા એ પણ પર્યાય છે વર્તમાન. એમાંથી પર્યાય પ્રગટ થાય છે. પ્રગટ થઈ છે તે સદ્ભુત પર્યાયનો વિષય, વ્યવહારનયનો વિષય (છે). છે એની પર્યાય એટલે પણ છે વ્યવહાર અંશ છે માટે વ્યવહાર છે. અંશ છેને માટે વ્યવહાર છે, પર્યાય એનો (એટલે) સદ્ભુત છે, પણ ત્રિકાળ વસ્તુ એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા નહિ આખો. મોક્ષની પર્યાય એ આખો આત્મા નહિ. ભાઈ! તું એવો છો કે જેનું એકરૂપ અનાદિ-અનંત આત્મદ્રવ્ય જેને કહીએ એ તો... સંવર, નિર્જરા ને એનું ફળરૂપ પર્યાય છે એ તો. એ દ્રવ્ય ક્યાં રહ્યું? આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભાવનો એકલો પૂર્ણ રૂપ પિંડલો દ્રવ્ય. એના નયની દૃષ્ટિએ-દ્રવ્યાર્થિકનયથી જોઈએ તો એ દ્રવ્ય-વસ્તુ બંધને અને મોક્ષને કેમ કરે? એઈ છોટાભાઈ! રાડ નાખે. હજી તો અહીં રાગ કરવો છે ને શરીરની ક્રિયા મારાથી કરવી છે ને, હજી તો... એઈ..! આહા..હા..! હજી રાગ કરવો છે અને માનવું છે કે આત્માને લાભ થાય છે. સમજાણું કાંઈ? જે એના સ્વરૂપમાં નથી એને કરીને એના સ્વરૂપની લાભની પ્રાપ્તિ થાય (એમ) એને માનવું છે. અહીં તો કહે છે એક સમયના પૂર્ણ પર્યાયને એ દ્રવ્ય શું કરે? દ્રવ્ય તો ધ્રુવરૂપ ત્રિકાળ એકરૂપ છે વસ્તુ. એ અંશ પ્રગટ થાય એ તો સદ્ભુત વ્યવહારનો

વિષય છે. એટલે કે વ્યવહારનો વિષય વસ્તુ ત્રિકાળનો વિષય-(દ્રવ્યાર્થિક) દ્રવ્યનો વિષય નથી. એ તો વ્યવહાર થઈ ગયો. ઓહો..હો..! હજી તો અભેદ રત્નત્રય ને ભેદ રત્નત્રયના લાકડા ખોસ્યા. ભેદ રત્નત્રય તે મુક્તિનું કારણ છે, એનાથી અભેદ રત્નત્રય થાય. અરે..! ભગવાન! ભૂલ્યો છો હોં! મોટી ભીંતને. ભાઈ! મહાન પદાર્થ પ્રભુ એના ઉપર દૃષ્ટિ દેવી અને એકાકાર થવું એ પણ વ્યવહારનયનો વિષય છે. એ નિશ્ચય મોક્ષમાર્ગ જેને કહ્યો એ વ્યવહારનયનો વિષય અહીં છે. અહીં પર્યાય છેને. સમજાણું? ફરીને, ફરીને. ડોસા અટક્યા છે.

વસ્તુ છેને વસ્તુ, એક સમયમાં આખું જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ વસ્તુ છે. એમાંથી જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ—આ વસ્તુ એવી અંદર અનુભવ થવો, પ્રતીત થવી, રમણતા એ મોક્ષમાર્ગ છે એ તો એક સમયની અવસ્થા છે, અવસ્થા છે. એ અવસ્થા ત્રિકાળ નિશ્ચયના વિષયની અપેક્ષાએ અવસ્થા વ્યવહારનો વિષય થઈ ગયો, એ તો વ્યવહાર થઈ ગયો. ત્રિકાળની અપેક્ષાએ એક અંશ વ્યવહાર થઈ ગયો. જ્યાં સિદ્ધપદ પણ વ્યવહાર થયો પછી આ ક્યાં રહી ગયો? આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ છેને કાયમની ચીજ, અનંત જ્ઞાન, દર્શન, આનંદનો પિંડલો વસ્તુ ભગવાન પરમાત્મા છે દ્રવ્ય. એ વસ્તુની અપેક્ષાએ મોક્ષમાર્ગ જે થાય અંદરમાં એ પણ અંશ પ્રગટ્યો. વસ્તુ આખી કાંઈ આવે છે બહાર? એક અંશ દશા નિશ્ચય સમ્યગ્દર્શન, મોક્ષનો માર્ગ એ ભેદ પડ્યો એટલે આખી વસ્તુની અપેક્ષાએ, અભેદની અપેક્ષાએ ભેદ એટલે વ્યવહારનો વિષય થયો. જાણવા લાયક છે. આદરવા લાયક એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આ સિદ્ધપદ પર્યાય થાય અને જેની થઈ એ જાણવા લાયક છે, આદરવા લાયક ત્રિકાળ જ્ઞાયકભાવ તે આદરવા લાયક છે. ... મગજ કામ કરે નહિ. મગજ કામ ન કરે એ એને જડને કહેતા નથી, ચેતનના કામ કરે એને કહે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં.**' દેખો! શુદ્ધનિશ્ચયનયસે બંધ મોક્ષથી રહિત ભગવાન આત્મા. બંધની એક સમયની વિકૃત અવસ્થા, મોક્ષની એક સમયની અવિકૃત અવસ્થા બેયથી રહિત દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ છે. સમજાણું કાંઈ? એ.. પ્રાણભાઈ! ... '**ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં.**' એમ જિનેન્દ્રદેવ ભગવાન ત્રણલોકના નાથ, સો ઈન્દ્રના પૂજ્ય એવા પરમેશ્વરે આમ ફરમાવ્યું છે શાસ્ત્રમાં. પર્યાય પ્રગટી. શુદ્ધ નિશ્ચય ત્રિકાળ છે. ઓલો-(મોક્ષ)નહિ, ઓલો તો નિશ્ચય થયો, શુદ્ધ નિશ્ચય ત્રિકાળ નહિ. મોક્ષમાર્ગ છે એ નિશ્ચય પર્યાય છે, શુદ્ધ નિશ્ચયનો વિષય ત્રિકાળ છે. સિદ્ધપર્યાય પણ નિશ્ચયનો વિષય ન થયો. ત્રિકાળ વસ્તુની અપેક્ષાએ અંશ છેને અંશ છે, અંશ છે ભલે શુદ્ધ છે, પૂર્ણ છે પણ અંશ છે, અંશ માટે વ્યવહાર થઈ ગયો. પર્યાય ઉત્પાદ, વ્યય, પર્યાય એ વ્યવહારનો વિષય. આહા..હા..!

મુમુક્ષુ :—

ઉત્તર :— દ્રવ્ય શું થાય? દ્રવ્ય તો દ્રવ્ય જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય છે એ શુદ્ધ નિશ્ચયનો વિષય છે, ઉત્પાદ-વ્યય એ વ્યવહારનો વિષય છે, બે થઈને પ્રમાણનો વિષય થાય છે. આમ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! જેને ઘરે અનંત આનંદની લક્ષ્મી પડી અંદરમાં, અનંત આનંદની લક્ષ્મી એના ઘરમાં પડી, પૂરી પડી, પૂર્ણ પરિપૂર્ણ. અનંત જ્ઞાનના પરિપૂર્ણ ભંડાર ભર્યા, જેના ઘરમાં અનંતા વીર્યના ભંડાર ભર્યા, અનંત અનંત શાંતિ—ચારિત્રરસના ભંડાર જેનામાં ભર્યા, જેનામાં સ્વચ્છતા ને પ્રભુતા ને પ્રત્યક્ષ થવાની લાયકાતના ગુણના ભંડાર ભર્યા છે. આહા..હા..! એવો ભગવાન આત્મા એ વસ્તુ પોતે કેમ પર્યાયપણે થાય? અંશપણે વસ્તુ કેમ થાય? એમ કહે છે અહીં ભાઈ! આહા..હા..! એક અંશમાં વસ્તુ કેમ આવી જાય? સમજાણું કાંઈ? આહા..હા..!

**ભાવાર્થ :- 'યદ્યપિ યહ આત્મા શુદ્ધાત્માનુભૂતિકે અભાવકે હોને પર...'** દેખો! હવે ન્યાય મૂકે છે જરી. આત્મા એને કહીએ કે, જે ધ્રુવ શુદ્ધ જે અનંત ગુણનો પિંડ એકરૂપ એને આત્મા કહીએ. એ આત્મા ઉપાડ્યો. **'યહ આત્મા શુદ્ધાત્માનુભૂતિકે અભાવકે હોને પર...'** એ શુદ્ધ સ્વરૂપ જે છે એના અનુભવનો અભાવ. વસ્તુ જે છે શુદ્ધ ભગવાન ધ્રુવ એકરૂપ ધ્રુવ એનો અનુભવ તે પર્યાય. એના અનુભૂતિની પર્યાય એના અભાવને લઈને. વસ્તુ... વસ્તુ... વસ્તુ... ભગવાન આત્મા એકરૂપ, એકરૂપ અનંત ગુણનું એકરૂપ વસ્તુ એનો અનુભવ, એને અનુસરીને પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ એવી અનુભૂતિની પર્યાય, એ અનુભૂતિ એ પર્યાય છે. સમજાણું? એ પણ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિતર થાય એવી નથી. ડોસા હવે બરાબર... વસ્તુ આવી છે, આવી એને સમજ્યા વિના છેડો આવે એવું નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ વસ્તુ. એનો અનુભવ, શુદ્ધાત્માનો અનુભવ એ વર્તમાન નિર્મળ પર્યાય. એટલે કે નિશ્ચય મોક્ષમાર્ગની અનુભૂતિની પર્યાય. એટલે કે સંવર-નિર્જરાની નિર્વિકારી પર્યાય. એનો અભાવ હોવાથી, એનો જેને અનાદિથી અભાવ છે. અજ્ઞાનીને શુદ્ધાત્માનુભૂતિની પર્યાયનો અભાવ છે. વસ્તુની દૃષ્ટિનો અભાવ છે એમ કહેવું છે ભાઈ! વસ્તુ જે આવી છે એની દૃષ્ટિનો, એના જ્ઞાનનો, એની સ્થિરતાનો એને વર્તમાન પર્યાયમાં અભાવ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ એની અનુભૂતિ એટલે એનું લક્ષ, એની રુચિ અને એની સ્થિરતા, એની આ પર્યાયની વાત ચાલે છે, એવી પર્યાય **'અભાવકે હોને પર શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે...'** એ તો શુભ ને અશુભના ભાવથી પરિણમી

રહ્યો છે પર્યાયમાં, પર્યાયમાં હોં! ઓલી અનુભૂતિના પર્યાયના અભાવે આ પરિણમન છે. સમજાણું કાંઈ? '**શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે જીવન, મરણ, શુભ, અશુભ, કર્મબંધકો કરતા હૈ,...**' લ્યો! એ શુભ-અશુભભાવને કરતો જન્મને, મરણને, શુભ, અશુભ કર્મને બાંધે છે. એ પર્યાયમાં વસ્તુ જે છે એના લક્ષ, શ્રદ્ધા અને સ્થિરતા, એના લક્ષ, શ્રદ્ધા ને સ્થિરતાના અભાવે પરલક્ષી પુણ્યના, પાપના ભાવ પુણ્ય, દયા, દાન આદિ એનાથી તે કર્મને બાંધે છે. અને જીવન-મરણને, જન્મ-મરણને કરે છે. હવે વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૫, શનિવાર તા-૧૩-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૮, પ્રવચન-૪૯**

'પરમાત્મપ્રકાશ' ગાથા ૬૮ એનો ભાવાર્થ. પહેલા અધ્યાયની છે આ ૬૮ ગાથા. '**યદ્યપિ યહ આત્મા...**' આત્મા એટલે આ આત્મા... શું કહે છે? આત્મા કરતો નથી એમ તો ગાથામાં છે. આત્મા બંધને, મોક્ષને કરતો નથી એ તો ગાથામાં છે. છતાં અહીંયા પર્યાયનો આત્મા કરે છે એ વાત અહીંયા સિદ્ધ કરે છે જરી. ટીકાકાર. એટલે શું? વસ્તુ જે દ્રવ્ય-વસ્તુ છે, વસ્તુ જે શુદ્ધ પરમપારિણામિકભાવ દૃષ્ટિથી દેખીએ તે વસ્તુ, તો વસ્તુ નથી બંધની કર્તા, નથી મોક્ષમાર્ગની કર્તા, નથી મોક્ષની કર્તા. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે. ભોગીભાઈ! વસ્તુ છે વસ્તુ એક સમયનું દ્રવ્ય, દ્રવ્ય એ દ્રવ્ય એટલે ધ્રુવ વસ્તુ એ નથી સંસારના ભાવને કરતું, નથી મોક્ષમાર્ગને કરતું, નથી મોક્ષને કરતું. દ્રવ્ય, દ્રવ્ય-વસ્તુ. એમ પાઠમાં લેવું છે. ત્યારે આચાર્યે જરી એમાંથી ન્યાય કાઢ્યો.

'**યદ્યપિ યહ આત્મા...**' ઓલી પર્યાયવાળો આત્મા લેવો ભાઈ! એ પર્યાય જે છેને દ્રવ્યની પર્યાય-અવસ્થા, એવો જે આત્મા... કાલથી જરી જુદું આવ્યું. '**શુદ્ધાત્માનુભૂતિકે અભાવકે હોને પર...**' એ આત્મદ્રવ્ય જે છે વસ્તુ એને '**શુદ્ધાત્માનુભૂતિકે અભાવકે હોને પર...**' આત્મા જ્ઞાયક અખંડ આનંદ ધ્રુવતત્ત્વ વસ્તુ એ આત્મા જન્મ, મરણ, બંધ, મોક્ષને કરતો નથી.

પણ એ આત્મા '**શુદ્ધાત્માનુભૂતિકે અભાવકે હોને પર...**' એની વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં શુદ્ધ વસ્તુ જે શુદ્ધ વસ્તુ છે, દ્રવ્ય-પદાર્થ છે એના '**અનુભૂતિકે અભાવકે હોને પર...**' એ પર્યાય છે એ તો. એવા દ્રવ્યની અનુભૂતિની જે પર્યાય છે એના '**અભાવકે હોને પર શુભ-અશુભ ઉપયોગોંસે...**' એની પર્યાયમાં, દ્રવ્ય શુદ્ધ દ્રવ્ય તો ધ્રુવ એકરૂપ છે. એની અનુભૂતિની જે પર્યાય છે, શુદ્ધ દ્રવ્યની અનુભૂતિરૂપ પર્યાય—હું શુદ્ધ જ્ઞાન, આનંદ એવી પર્યાય, એ પર્યાયના અભાવે શુભાશુભ પર્યાયને કરતો. પર્યાય, શુભાશુભ પર્યાયપણે પરિણમન કરતો, પર્યાયમાં '**પરિણમન કરકે જીવન, મરણ, શુભ, અશુભ, કર્મબંધકો કરતા હૈ,...**' સમજાણું કાંઈ? વસ્તુ, વસ્તુ તો વસ્તુ ધ્રુવ છે, પર્યાય વિનાની. ઝીણું છે ભોગીભાઈ! જરી આજ.

વસ્તુ જે છે એ તો નિશ્ચયનો વિષય, નિશ્ચય તત્ત્વ. એની જે પર્યાય છે એ વ્યવહારનો વિષય વ્યવહાર તત્ત્વ. સમજાણું કાંઈ? આત્માનું વ્યવહાર તત્ત્વ અને આત્માનું નિશ્ચય તત્ત્વ. નિશ્ચય તત્ત્વ જે છે એ તો એકરૂપ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ નિશ્ચય તત્ત્વ. એનું વ્યવહાર તત્ત્વ જે છે એ પર્યાય-અવસ્થા. વ્યવહાર આત્મા કહો, વ્યવહાર આત્માનું તત્ત્વ કહો. એ પર્યાયમાં જ્યાં સુધી વસ્તુના લક્ષની, રુચિની, સ્થિરતાની, અનુભૂતિની, મોક્ષમાર્ગની પર્યાયનો પર્યાયમાં અભાવ છે, ત્યાં સુધી શુભાશુભભાવને કરે પર્યાય. એ આત્મા કરે એનો અર્થ કે ઓલું દ્રવ્ય નહિ પણ એની પર્યાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વર્તમાન પર્યાય (એક) સમયની.

ધ્રુવ ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વરૂપ જે વસ્તુ એ તો પર્યાય વિનાની, ઉત્પાદ-વ્યય વિનાની છે. ઉત્પાદ-વ્યય જે છે એ વ્યવહારનયનો તત્ત્વ આત્મા છે. નિશ્ચયનો ત્રિકાળ છે ધ્રુવ. એમાં એ નિશ્ચય તત્ત્વ જે વસ્તુ એના અનુભવની વ્યવહાર પર્યાય જે છે, અનુભૂતિ શુદ્ધ જ્ઞાયકમૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતારૂપ એ અનુભવ એટલે મોક્ષનો માર્ગ એવી જે વ્યવહાર પર્યાય શુદ્ધ એના અભાવે એ પર્યાયમાં શુભ ને અશુભભાવ કરે અને શુભને અશુભભાવને કારણે જન્મ-મરણને કરે. જીવન, મરણ અને શુભ-અશુભ કર્મબંધકો કરતા હૈ. સમજાણું કાંઈ?

'**ઔર શુદ્ધાત્માનુભૂતિકે પ્રગટ હોને પર...**' વસ્તુ તો વસ્તુ છે. એમાં શુદ્ધાત્માનુભૂતિનો ઉત્પાદ થવાથી એ પર્યાય, એ વ્યવહાર પર્યાય. દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર પર્યાય. વસ્તુ જ્ઞાયક ચૈતન્ય પદાર્થ એના અનુભવની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ—સ્વસ્વરૂપની શ્રદ્ધા, સ્વસ્વરૂપનું જ્ઞાન, સ્વસ્વરૂપમાં સ્થિરતા એવો શુદ્ધાત્માનુભૂતિ પર્યાય પ્રગટ થતાં જે આત્માનો વ્યવહાર પર્યાય, મોક્ષમાર્ગનો પર્યાય (પ્રગટ થાય) એને અહીંયા વ્યવહાર તત્ત્વ કહેવામાં આવે છે.

એવો '**પ્રગટ હોને પર શુદ્ધોપયોગસે પરિણત...**' ઓલામાં શુભ ઉપયોગથી પરિણત

કહ્યું હતું, આમાં શુદ્ધોપયોગથી પરિણત છે પર્યાય, વ્યવહાર આત્મા. આત્મામાં બે પ્રકાર. સમજાણું કાંઈ? એ '**શુદ્ધોપયોગસે પરિણત હોકર...**' શુદ્ધ સ્વભાવમાં લક્ષ કરીને, શ્રદ્ધા કરીને એ શુદ્ધોપયોગરૂપી પર્યાય પરિણમે, એવી રીતે '**હોકર મોક્ષકો કરતા હૈ,...**' એ શુદ્ધોપયોગરૂપી પર્યાય પરિણમીને એ પણ વ્યવહાર પર્યાય, પર્યાય છે માટે. મોક્ષને કરે છે પણ એ વ્યવહાર. મોક્ષપર્યાય વ્યવહાર છે. સમજાણું કાંઈ? કેમકે દ્રવ્ય જે છે નિશ્ચય ધ્રુવ એમાં તો બંધ નથી, મોક્ષ નથી, મોક્ષનો માર્ગ એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

નિશ્ચયનયનું સત્—નિશ્ચય નામ એકરૂપે રહેનારું સત્ એના નયથી જોઈએ તો એ વસ્તુ તો વસ્તુ ત્રિકાળ એકરૂપ છે. એમાં નથી બંધ, નથી મોક્ષનો માર્ગ, નથી બંધમાર્ગ, નથી મોક્ષ. ભાઈ! એ ધ્રુવતત્ત્વ છે એમાં એક સમયનો પર્યાયતત્ત્વ-ઉત્પાદ અને વ્યય. અને ત્રિકાળી ધ્રુવ તત્ત્વ એકરૂપ સદશ ત્રિકાળ. એકરૂપ ત્રિકાળ સત્ત્વ છે એમાં બંધ અને મોક્ષ નથી. મોક્ષનો માર્ગ અને બંધ માર્ગ એમાં નથી. આહા..હા..! ફક્ત એના એક સમયના ઉત્પાદ-વ્યયમાં એક સમયની પર્યાયરૂપી વ્યવહારના પર્યાયમાં શુદ્ધાત્માનુભૂતિના પર્યાયના અભાવે શુભાશુભે પરિણમે, જીવન-મરણ કરે, કર્મને બાંધે. એ દ્રવ્ય પોતાના શુદ્ધાત્માનુભૂતિની પર્યાયના કાળમાં એ પર્યાય વ્યવહાર, ઉત્પાદ થયોને, પ્રગટ કીધુંને? ઉત્પાદ, એ વખતે શુદ્ધોપયોગરૂપી પરિણમન કરી કે જે ઉત્પાદ પર્યાય વર્તમાન, મોક્ષકો કરતા હૈ. મોક્ષની પર્યાયને કાર્યરૂપે કરે. એ મોક્ષ પણ પર્યાય, એ પણ વ્યવહાર પર્યાય, નિશ્ચયમાં એ પર્યાય નથી. સમજાણું કાંઈ?

આ રીતે પર્યાયમાં—અવસ્થામાં હોવા છતાં, '**તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક...**' શુદ્ધ પારિણામિક ભાવ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એક સમયની અવસ્થા વિનાનું, પરિણતિ, પરિણતિ-પર્યાય વિનાનું તત્ત્વ. એ ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનું તત્ત્વ ધ્રુવ. એવા શુદ્ધ પારિણામિક ત્રિકાળ પરમભાવ ગ્રહનારી નયથી જોઈએ તો એ આત્મા નથી બંધનો કર્તા, એ આત્મા નથી મોક્ષનો કર્તા. બે પ્રકાર થયા. નિશ્ચય આત્મા એ બંધ, મોક્ષનો કર્તા નથી. પર્યાયરૂપી વ્યવહાર આત્મા શુભાશુભ બંધને કરે, અનુભૂતિથી મોક્ષને કરે, પર્યાયમાં. સમજાણું કાંઈ? કહો, આ સમજાય છે કે નહિ હવે?

વસ્તુ કીધીને, વસ્તુ છે કે નહિ? સદશરૂપે રહેનારી ચીજ છે કે નહિ? સદશરૂપે એટલે તે... તે... તે... તે... તે... તે... તે... તે..., ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... અનંત ગુણરૂપી સદશ ચૈતન્ય એકરૂપ એવી વસ્તુ છે કે નહિ? એ વસ્તુ સદશરૂપે રહેનારી એ નિશ્ચયનયનો વિષય, એ નિશ્ચય તત્ત્વ છે. એમાં અવસ્થાનું ઉપજવું અને અવસ્થાનું જવું એ વ્યવહારનયનો વિષય પર્યાયતત્ત્વ છે વ્યવહારનો વિષય. અહીં હવે પરની સાથે કાંઈ સંબંધ નથી. પરની સાથે અહીં સંબંધ નથી કે આ પરનો વ્યવહાર ને ઢીકણું, ફીકણું

અહીં એ કંઈ કામ નથી હવે. આહા..હા..! નિશ્ચય ધ્રુવ, વ્યવહાર પર્યાય. બોલો બોલો. નિશ્ચયમાં પર્યાય નથી. નિશ્ચયમાં મોક્ષ, બંધ ને પર્યાય છે જ નહિ, એકલું ધ્રુવ છે. અને વિસદશ બીજો ભાગ હવે. ઓલો સદશ ભાગ શુદ્ધ પારિણામિકભાવ ત્રિકાળ એકરૂપ. આહા..હા..! અનંત ગુણનું એકરૂપ, અનંત ગુણરૂપ એકરૂપ, એ તો એકરૂપ છે. એમાં નથી બંધ, નથી મોક્ષ, નથી મોક્ષનો માર્ગ કે કાંઈ નથી. ભોગીભાઈ! ઝીણી વાત છે. આ તો વીતરાગ માર્ગ એવો છે. સમજવામાં ઝીણી છે જ નહિ, સમજવા માગે એને સમજવામાં આવી જાય એવી વાત છે. ... તોપણ ન સમજાય એવી વાત નથી. સાદી (ભાષા)થી તો વાત ચાલે છે.

આમ વસ્તુ છે કે નહિ? આ શરીર નહિ, કર્મ નહિ. વસ્તુ છે કે નહિ? આત્મા પદાર્થ છે કે નહિ? અકૃત્રિમ, અણકરાયેલું તત્ત્વ છે કે નહિ? શાશ્વત વસ્તુ તત્ત્વ છે કે નહિ? એક તત્ત્વના બે પ્રકાર—એક શાશ્વત ભાગ રહેનાર સદશ, એક પર્યાય અવસ્થાનું થવું તે વિસદશ. હવે વિસદશ પર્યાયની અપેક્ષાએ શુભાશુભે પરિણમે, જીવન-મરણ કરે, બંધ કરે એ વિસદશ પર્યાયની અપેક્ષાએ શુદ્ધાત્માનુભૂતિ પર્યાય પ્રગટ કરે, મોક્ષ કરે. સદશ દૃષ્ટિની અપેક્ષાએ બંધ, મોક્ષ એમાં છે નહિ. સમજાણું કાંઈ?

**'તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક...'** પરમભાવ. આ બધી પર્યાયો અપરમભાવ છે. મોક્ષ, મોક્ષનો માર્ગ એ બધો અપરમભાવ છે, ક્ષાયિકભાવ પણ અપરમભાવ છે. શું કીધું? આહા..હા..! સિદ્ધની પર્યાય એક સમયની છે તેથી અપરમભાવ છે, પરમભાવ નહિ. પરમભાવ ત્રિકાળી ધ્રુવ સદશભાવ તે પરમભાવ છે. સમજાણું કાંઈ? એ ધ્રુવ ઉપર દૃષ્ટિ દે પર્યાયની, એમાં વાળ તો મુક્તિ થાય એમ કહેવાનો આશય છે. આખો સ્થંભ પડ્યો છે ધ્રુવનો. એ વિના સમકિત ન થાય, જ્ઞાન ન થાય, ચારિત્ર ન થાય, મુક્તિ ન થાય. ન્યાલભાઈ! આહા..હા..!

કામ લેવાનું છે પર્યાયથી, કાર્યથી, પણ એનું કારણ જે મહા ભગવાન પડ્યો છે એના ઉપર લક્ષ ને શ્રદ્ધા, જ્ઞાન વિના તારો મોક્ષનો માર્ગ ઉત્પન્ન થતો નથી. એ વિસદશ પરિણમન ઉત્પન્ન થાય પર્યાય. વિસદશ એટલે ઉપજવું, વિણસવું એમ. ઉપજવું ને વિણસવું એ વિસદશ, વિસદશ એટલે વિકાર એમ નહિ. એકરૂપે રહેનાર ઉપર દૃષ્ટિ આપતા અનેકરૂપે ઉત્પાદ ને વ્યય થાય એવો પર્યાય પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એ તો ખેલ શું છે? એ તો અંદર જાણે ત્યારે એને ખબર પડે કે આ તે શું કહે છે વીતરાગ? સમજાય છે?

વીતરાગ સર્વજ્ઞે કહેલા તત્ત્વો.. આહા..હા..! શ્રીમદ્દે કહ્યુંને, હે પ્રભુ! આપે કહેલા તત્ત્વો મેં ઓળખ્યા નહિ, જાણ્યા નહિ. આપે કહેલા શીલ અને દયા એ મેં જાણ્યા નહિ એમ કહે છે. શું કહે છે એ? સમજાણું કાંઈ? ભાઈ! એ ભગવાન આ આત્મા અનંત ગુણનું સદશ ધ્રુવ પરમપારિણામિકભાવ એ દૃષ્ટિએ જોઈએ તો એમાં, એમાં બંધ અને મોક્ષ એવું છે નહિ.

સમજાણું કાંઈ? પણ પર્યાયની સ્થિતિએ જોઈએ તો પર્યાયમાં બંધ અને મોક્ષ બધું છે. એ મોક્ષ પણ અપરમભાવ છે, મોક્ષનો માર્ગ તો અપરમભાવ છે જ, પણ મોક્ષ કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, કેવળવીર્ય એ પર્યાય પણ અપરમભાવ (છે). એક સમયની અવસ્થા અપરમભાવ, ત્રિકાળભાવ તે પરમભાવ છે. સમજાણું કાંઈ?

'તો ભી...' કહ્યું છેને? '**तथापि**' છેને? '**શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક...**' છેને? સંસ્કૃત. તોપણ ભગવાન આત્મા પોતાને ભૂલ્યા ભાવથી શુભાશુભપણે પરિણમે અને જીવન, મરણ, જન્મ-મરણ કરે. જન્મ-મરણ એટલે શરીરની વાત નહિ હોં! એ જન્મવું ને ઉપજવું પર્યાયનું. અને કર્મને બાંધે નિમિત્તથી. એમ એ જ ભગવાન આત્મા પર્યાયમાં એના અનુભૂતિના પર્યાયથી મોક્ષને કરે. એટલે શુદ્ધ ઉપયોગરૂપે પરિણમીને મોક્ષને કરે. વસ્તુની દૃષ્ટિએ જોઈએ પરમભાવ સ્વભાવભાવ, એકરૂપ સ્વભાવભાવ, ધ્રુવભાવથી જોઈએ તો એ ભાવ નથી બંધને કરતો, નથી મોક્ષને કરતો. આહા..હા..! કહો, ભીખાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પર્યાયમાં જ છે, દ્રવ્યમાં શું હોય? સમજાણું કાંઈ? એ દ્રવ્ય પરિણમન વિનાનું, ઉત્પાદ વિનાનું એની ઉપર દૃષ્ટિ દે એમ કહેવું છે અહીં. દૃષ્ટિ ભલે ઉત્પાદવાળી છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં સુધી તો આવ્યું હતું કાલ. આ તો થોડું વિશેષ (લીધું).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બીજી રીતે આવે. એ તો કાંઈ મેળ છે ક્યે વખતે કેમ આવે ઈ. કહો, સમજાણું? આ તો પહેલો અધિકાર લીધોને, આ પાછા ભોગીભાઈ નવા છેને. હવે અહીં પ્રશ્ન પૂછાય છે. એટલે વળી શેનો પ્રશ્ન પૂછ્યો? એટલે ફરીને લીધું જરી.

'**ऐसा कथन सुनकर...**' હવે આવ્યું. આવું કથન સાંભળીને '**शिष्यने प्रश्न किया,...**' શિષ્યે પ્રશ્ન કર્યો, આવું સાંભળીને શિષ્યે પ્રશ્ન કર્યો. એટલે ... જોઈએને, શું આવ્યું હતું કાલ? આવું સાંભળીને શિષ્યને પ્રશ્ન ઉઠ્યો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ કીધુંને બધું.

'**हे प्रभो,...**' શિષ્ય પૂછે છે. જુઓ! એ. સમજાણું? આહા..! '**अत्राह शिष्यः...**' ભગવાન! '**शुद्धद्रव्यार्थिकस्वरूप...**' એટલે? વસ્તુ જે ત્રિકાળ, ત્રિકાળ સત્... સત્... સત્... સત્... સત્... શાશ્વત્ અનંત દ્રવ્ય વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ જે છે આત્મા હોં! એક એક આત્માની અહીં વાત છે. એ વસ્તુ જે શાશ્વત અનંત, શાશ્વત અનંત એમને એમ વસ્તુ છે એવી નયથી જોઈએ તો '**शुद्धनिश्चयनयकर मोक्षका भी कर्ता नहीं है,...**' આપે તો

કહ્યું કે, મોક્ષનો એ કર્તા નથી. **'તો એસા સમજના ચાહિયે, કિ શુદ્ધનયકર મોક્ષ હી નહીં હૈ,...'** શિષ્યનો પ્રશ્ન થયો. આહા..હા..! પ્રભુ! તમે એમ કહ્યું કે, શુદ્ધ નિશ્ચયસ્વરૂપ વસ્તુ એ બંધ-મોક્ષને કરતું નથી. તો તો શુદ્ધનયથી તો મોક્ષ જ નથી. **'જબ મોક્ષ નહીં, તબ મોક્ષકે લિયે યત્ન કરના વૃથા હૈ.'** શિષ્યે પ્રશ્ન કર્યો. મોક્ષ જ ઠરતો નથી શુદ્ધનિશ્ચયથી તો પછી મોક્ષનો ઉપાય કરવો એ પણ ઠરતું નથી, વૃથા જાય છે. સમજાણું કાંઈ? આહા..! સમજાણું આમાં? કહે છે, **'ઉસકા ઉત્તર કહતે હૈં—'** સમજાણું આમાં?

ગુરુએ એમ કહ્યું કે, વસ્તુ જે વસ્તુ, વસ્તુ સત્ સિદ્ધ, સત્ સિદ્ધ વસ્તુ ત્રિકાળ એ પોતે બંધ, મોક્ષને કરતી નથી, એમાં બંધ-મોક્ષ નથી. પર્યાયમાં પર્યાય બંધને (કરે) અને પર્યાય મોક્ષને (કરે) ને પર્યાયમાં મોક્ષમાર્ગ છે. તો શુદ્ધ નિશ્ચયનયથી વસ્તુમાં બંધ-મોક્ષ નથી તો શુદ્ધનિશ્ચયે મોક્ષ જ નથી. શિષ્યે પ્રશ્ન કર્યો. તો શુદ્ધનયથી મોક્ષ નથી તો મોક્ષનો પ્રયત્ન પણ શુદ્ધનયે નથી. **'ઉસકા ઉત્તર કહતે હૈં - મોક્ષ હૈ, વહ બંધપૂર્વક હૈ,...'** મોક્ષની પર્યાય જે થાય આત્મામાં એ બંધપૂર્વક હોય છે. બંધનો ઉત્પાદ હોય છે એનો વ્યય થઈને મોક્ષનો ઉત્પાદ થાય છે. બંધનો ઉત્પાદ જે છે એ બંધપૂર્વક મોક્ષ એટલે એનો નાશ થઈને મોક્ષ ઉત્પન્ન થાય છે.

**'ઔર બંધ હૈ, વહ શુદ્ધનિશ્ચયનયકર હોતા હી નહીં,...'** વસ્તુ સ્વરૂપે જોઈએ તો બંધ હોઈ શકે નહિ, વસ્તુ સ્વરૂપે શુદ્ધનિશ્ચયથી બંધ હોય તો બંધ કોઈ દિ' છૂટે નહિ. શુદ્ધનિશ્ચયનય શુદ્ધ સત્ય વસ્તુ, શુદ્ધ સત્ય ત્રિકાળ એકરૂપ રહેનારા નયથી જોઈએ તો, **'શુદ્ધનિશ્ચયનયકર હોતા હી નહીં,...'** ગુરુ શિષ્યને કહે છે. **'ઈસ કારણ બંધકે અભાવરૂપ મોક્ષ હૈ,...'** બંધના અભાવરૂપ મોક્ષ હૈ, **'વહ ભી શુદ્ધનિશ્ચયનયકર નહીં હૈ.'** બંધ છે શુદ્ધનિશ્ચયનયથી હોઈ શકે નહિ. શુદ્ધ નિશ્ચયથી હોય તો બંધનો કોઈ દિ' અભાવ થાય નહિ. સમજાણું કાંઈ?

**'બંધકે અભાવરૂપ મોક્ષ હૈ, વહ ભી શુદ્ધનિશ્ચયનયકર નહીં હૈ.'** બંધનો અભાવ એ પણ શુદ્ધનિશ્ચયમાં હોઈ શકે નહિ. **'જો શુદ્ધનિશ્ચયનયસે બંધ હોતા, તો હમેશા બંધા હી રહતા,...'** કાયમ વસ્તુની દૃષ્ટિથી બંધ હોય તો બંધ કાયમ રહે. ભાઈ! આહા..હા..! કાયમ વસ્તુની દૃષ્ટિથી જો બંધ હોય, આ શુદ્ધનિશ્ચય એ કાયમ દૃષ્ટિ, કાયમ રહેનારી વસ્તુની દૃષ્ટિથી બંધ હોય તો બંધ કાયમ રહે. આ કેવી વાત? આહા..હા..! સમજાણું કાંઈ? ધ્રુવ રહેનારી વસ્તુને ધ્રુવની દૃષ્ટિએ જોઈએ તો જો બંધ હોય તો બંધ પણ ધ્રુવ રહે એમ કહે છે, એમ કહે છે. નિત્ય વસ્તુમાં નિત્ય દૃષ્ટિથી જો બંધ હોય તો બંધ ધ્રુવ રહે, બંધ કોઈ દિ' ટળે નહિ.

**'શુદ્ધનિશ્ચયનયસે બંધ હોતા, તો હમેશા બંધા હી રહતા,...'** એટલે કે ધ્રુવ કાયમ

રહેનારી ચીજની નયે અને વસ્તુએ જોઈએ, જો બંધ એ રીતે હોય તો કાયમ બંધરૂપ વસ્તુ થઈ ગઈ. સમજાણું કાંઈ? એમ હોઈ શકે નહિ. **'કભી બંધકા અભાવ ન હોતા.'** વસ્તુ તરીકે, નિત્ય તરીકે, ધ્રુવ તરીકે બંધ હોય તો ધ્રુવ તરીકે બંધ કોઈ દિ' ટળે નહિ. સમજાણું કાંઈ? શબ્દો શાસ્ત્રના છે પણ આ બધા સહેલા છે, એમાં કાંઈ એવું નથી, કોઈ એવી અટપટી ભાષા નથી. **'ઈસકે બારેમેં દૃષ્ટાંત કહતે હૈં –'** એના બારામાં આ સમજાવવા માટે દાખલો આપ્યો છે.

**'કોઈ એક પુરુષ સાંકલસે બંધ રહા હૈ,...'** કોઈ પુરુષને સાંકળે બાંધેલો છે સાંકળે. **'ઔર કોઈ એક પુરુષ બંધ રહિત હૈં,...'** ખુલ્લો છે. **'ઉનમેંસે જો પહલે બંધા થા, ઉસકો તો 'મુક્ત' (છૂટા) એસા કહના, ઠીક માલૂમ પડતા હૈ...'** ઘણા દિએ જેલમાંથી નીકળ્યા હોં, એમ કહે. આ જેલમાં જાયને પછી કહે છેને? તમે જેલમાં હતા એને કહે. શેઠિયાને જઈને કહે ઘણા દિ'થી જેલમાંથી નીકળ્યા હોં! શેઠિયાને કહે ઘરે બેઠો હોય એને. જેલમાં ગયો જ નથી, જેલમાંથી નીકળ્યાના વર્ષ બેસતાને અભિનંદન આપીએ છીએ. કોને કહે છે? અમે તો જેલમાં ગયા નથી. જેલમાં ગયો હોય અને નીકળે એને કહે કે તમે જેલમાંથી નીકળ્યા. સમજ્યા? **'ઔર દૂસરા જો બંધા હી નહીં, ઉસકો જો 'આપ છૂટ ગયે' એસા કહા જાય, તો વહ ક્રોધ કરે,...'** ઓહો..! ઘણા કાળથી જેલમાંથી નીકળ્યા. પણ જેલમાં ગયો છે કે દિ'? મુર્ખ કોણ છે? **'કિ મૈં કબ બંધા થા, સો યહ મુજે 'છૂટા' કહતા હૈ,...'** હું કે દિ' જેલમાં ગયો હતો તે નીકળ્યો એમ કહે છે? **'બંધા હોવે, વહ છૂટે, ઈસલિયે બંધેકો તો મોક્ષ કહના ઠીક હૈ,...'** બંધાયેલાને મોક્ષ કહેવો ઠીક છે, **'ઔર બંધા હી ન હો, ઉસે છૂટે કૈસે કહ સકતે હૈં?'** તો એ વાત બરાબર છે?

**'ઉસીપ્રકાર યહ જીવ શુદ્ધનિશ્ચયનયકર બંધા હુઆ નહીં હૈ,...'** વસ્તુ જે છે એ તત્ત્વ છે, ધ્રુવ છે, સદશ છે, એકલા સદશ ગુણનું સત્ત્વ ભગવાન દ્રવ્ય એ કોઈ દિ' બંધાયેલું નથી. દ્રવ્ય બંધાય? દ્રવ્ય બંધાય એનો અર્થ થાય કે દ્રવ્યનો અભાવ થાય. સમજાય છે? અથવા નિશ્ચયથી બંધાય તો બંધ કોઈ દિ' છૂટે નહિ. એટલે બંધ એમને એમ રહે. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત આપ્યું. **'ઉસીપ્રકાર યહ જીવ શુદ્ધનિશ્ચયનયકર બંધા હુઆ નહીં હૈ, ઈસ કારણ મુક્ત કહના ઠીક નહીં હૈ.'** દ્રવ્યને બંધાવું કહેવું ઠીક નથી, મુક્ત કહેવું દ્રવ્યને ઠીક નથી. દ્રવ્યનો મોક્ષ થયો, દ્રવ્યનો મોક્ષ થયો, એમ. પણ દ્રવ્ય કે દિ' બંધાણું હતું તે મોક્ષ થયો દ્રવ્યનો? આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ જ્યાં બંધાયેલી નથી ને એમ કહેવું કે, મુક્તિ થઈ દ્રવ્યની. આત્મદ્રવ્યની મુક્તિ થઈ. દ્રવ્ય કે દિ' બંધાણું હતું તે મુક્તિ થઈ? ભોગીભાઈ! આહા..હા..! બંધ મુક્ત તો ઉત્પાદ વ્યય પર્યાય વિનાનું દ્રવ્ય એ ભગવાન પરમાત્મા

શુદ્ધનિશ્ચયનો વિષય એ ભૂતાર્થ છે. નિત્યાર્થ યથાર્થ છે. એમાં દૃષ્ટિ કરવાથી તેને અનુભવ મુક્તિનો માર્ગ ઉત્પન્ન થાય છે. કહો, સમજાણું આમાં? ગુરુ ને, શાસ્ત્ર ને મેરુ પર્વત ને સમેદશીખર બહાર રહી ગયા, વિકલ્પ પણ બહાર રહી ગયો, 'પર્યાય ઉપર દૃષ્ટિ દેવાથી' એ પણ બહાર રહી ગઈ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીં વાત ઈ સિદ્ધ કરવી છે કે, દૃષ્ટિને નિમિત્ત ઉપર આપવાથી સમ્યગ્દર્શન થાય, ત્રણ કાળમાં નહિ. દૃષ્ટિને વિકલ્પ દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ આવે એના ઉપર મૂકવાથી સમ્યગ્દર્શન થાય, ત્રણકાળ નહિ. દૃષ્ટિમાં, ક્ષયોપશમ જ્ઞાન ને વીર્ય આદિ પર્યાય પ્રગટેલી છે એમાં દેવાથી સમ્યગ્દર્શન થાય, ત્રણકાળમાં નહિ. એ ન્યાલભાઈ!

મુમુક્ષુ :— ....

ઉત્તર :— એ તો જેમ છે તેમ જ છે. લોકોએ માન્યું હોય બીજી રીતે તો એ અપેક્ષાએ અઘરું એને લાગે. ઠીકને ન્યાલભાઈ? લોકોએ બીજી રીતે કલ્પ્યું હોય ઉલટી રીતે એને આ આકરું લાગે. વસ્તુની સ્થિતિ જ આમ છે ત્યાં વળી અઘરું ને સહેલું શું? ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**બંધ ભી વ્યવહારનયકર હૈ,...**' એ આત્મામાં વિકારનું અટકવું એ પર્યાયમાં વ્યવહારથી છે. ભાવબંધ હોં! જડબંધ તો ક્યાંય રહી ગયો. રાગ, વિકાસની પર્યાય અટકેલી છે એ વ્યવહારનયથી છે. '**મુક્તિ ભી વ્યવહારનયકર હૈ,...**' મોક્ષ પણ વ્યવહારનયથી છે. '**શુદ્ધનિશ્ચયનયકર ન બંધ હૈ, ન મોક્ષ હૈ,...**' શુદ્ધ નિશ્ચયનયનો સ્વભાવ, સ્વભાવ, નિશ્ચય સત્ શુદ્ધ, સત્ એમાં એની અપેક્ષાએ તો બંધ અને મોક્ષ છે નહિ. '**ઔર અશુદ્ધનયકર બંધ હૈ, ઈસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે.**' શું કહે છે? અશુદ્ધનયથી બંધ એ વ્યવહારનય થયો. સમજાય છે? અને બંધના નાશનો યત્ન એ પણ અશુદ્ધનય થયો. અશુદ્ધનય કહો કે વ્યવહારનય કહો, ઉપચારી સદ્ભુત વ્યવહાર કહો કે મોક્ષ કહો, એ પણ સદ્ભુત અનુપચારનો વિષય છે. મોક્ષ વ્યવહારથી છે, માર્ગ વ્યવહારથી છે, મોક્ષ વ્યવહારથી છે. જુઓ! વ્યવહારથી મોક્ષ આવ્યો કે નહિ આમાં? એ મોક્ષનો પર્યાય જે છે એ પોતે વ્યવહાર છે અને એનું કારણ જે મોક્ષનો માર્ગ નિશ્ચય જે સ્વભાવ આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય એ વ્યવહાર છે, એ પર્યાય એ વ્યવહાર છે, એ વ્યવહાર એ પૂર્ણ વ્યવહારનું કારણ છે એમ અહીં કહેવું છે. વ્યવહારે મોક્ષમાર્ગ જે આ દયા, દાન ને વિકલ્પ હોય એ અહીં વાત છે નહિ. એ તો બંધમાર્ગમાં ગયું એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પેલામાં કીધુંને, શુભાશુભ બંધમાં ગયું ઈ તો. કષાયની મંદતાના પરિણામ ભક્તિ, પૂજા, દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની શ્રદ્ધા આદિ રાગ, એ રાગ તો બંધની પર્યાય છે. એ તો બંધની પર્યાય

વ્યવહારનયરૂપે બંધની પર્યાય (છે), નિશ્ચયમાં છે નહિ. હવે એનો અભાવ એવો મોક્ષનો માર્ગ એ પણ એક મોક્ષનો માર્ગ વ્યવહાર પર્યાય છે. કારણ કે ઉત્પાદ નવી પર્યાય છે, ધ્રુવ નથી. સ્વભાવને અવલંબીને શુદ્ધોપયોગનું પરિણમન થયું એ પણ વ્યવહાર થયો, એ વ્યવહાર અને મોક્ષ પણ વ્યવહાર થયો. કારણ કે (મોક્ષ) પર્યાય પૂરી છે, આ અધૂરી છે. બેય વ્યવહાર થયો. સમજાણું કાંઈ?

એક આ નાખે છે, એક ઠેકાણે આનું નાખ્યું છે ભાઈ! જુઓ, વ્યવહારથી મોક્ષ, વ્યવહાર માર્ગથી મોક્ષ છે. આરે.. ગજબ કરે છેને! આ છેને, આમાં આવ્યું કે નહિ? વ્યવહાર આવ્યો કે નહિ? એ આવ્યું હતું છાપામાં એક ફેરી. આહા..હા..! વ્યવહાર છેને, કહ્યું છે, એ ત્યાં કહ્યું હતું. એ વડવા ગયા હતાને, ત્યાં પાનું પડ્યું હતું. ઓસરી પર એક હતું, ઓસરી પર. જુઓ! આ આશ્રય કરે તે પર્યાય છે, આશ્રય કરે તે વ્યવહાર છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થને આશ્રયે. પણ આશ્રય એ વ્યવહાર છે પર્યાય. અરે..! પણ વ્યવહાર એટલે શું? પણ અભેદનયથી પર્યાય પોતે જ વ્યવહાર છે. જે આશ્રય લેનારી પર્યાય, આશ્રયવાન વસ્તુ છે તે નિશ્ચય છે. ... એ પર્યાય કેમ? અંશ છે માટે. વ્યવહારનો અર્થ ત્યાં વિકલ્પ એમ નથી. અંશ છે માટે વ્યવહાર છે. વસ્તુ ત્રિકાળ વસ્તુનો આશ્રય લેનારી પર્યાય એ વ્યવહાર. કેમકે અંશ છે માટે. અને એના ફળરૂપે ત્રિકાળ એ પણ અંશ છે માટે વ્યવહાર છે એમ કહેવું છે અહીં તો. આહા..હા..! ગજબ કરે છેને! જીવ પણ ઊંધો પડ્યો શું નથી કરતો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ વ્યવહારની વ્યાખ્યા શું? અહીં તો ધ્રુવમાં ઉત્પાદ-વ્યયનું થવું તે વ્યવહાર. એક સિદ્ધાંત બસ. પછી શુભાશુભરૂપે પરિણમે તો એ બંધ પણ વ્યવહાર અને શુદ્ધોપયોગપણે પરિણમે તોપણ એ મોક્ષરૂપી પર્યાય માર્ગ પણ વ્યવહાર અને મોક્ષની પર્યાય પરિણમે તોપણ તે પર્યાય માટે વ્યવહાર. અરે..! ભગવાન! અધ્યાત્મનો વ્યવહાર પણ ન જાણે. આવે છેને ભાઈ? આગમ પદ્ધતિને વ્યવહાર કહે છે જ્ઞાની. કારણ કે, દયા, દાન, વ્રત, ભક્તિ કરતો દેખાય. અધ્યાત્મનો તો વ્યવહાર પણ સમજે નહિ. અધ્યાત્મનો વ્યવહાર એટલે આ શુદ્ધ પર્યાય એ વ્યવહાર. દ્રવ્ય તો નિષ્ક્રિય શુદ્ધ છે. આવે છેને ભાઈ એમાં? મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર એમ આવે છે. 'બનારસીદાસ'. પહેલાના 'બનારસીદાસ' આદિ તો ...

દ્રવ્ય જે છે એ તો નિષ્ક્રિય છે. મોક્ષના માર્ગની પર્યાય સક્રિય અને મોક્ષમાર્ગ સક્રિય પર્યાય એ તો વ્યવહાર છે. મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર. સાધવો એટલે ઓલો રાગ નહિ. ત્રિકાળ ધ્રુવ એને અવલંબીને નિર્મળ શુદ્ધ પર્યાય સાધવી એ પોતે વ્યવહાર છે. છોટાભાઈ!

આવી ગયું છે આપણે. આ હમણા જૈનસંદેશ પુસ્તક આવ્યું? અધ્યાત્મ સંદેશ છપાણા છે પુસ્તક. ... સમજાણું કાંઈ? વસ્તુ જે છે ધ્રુવ એ તો નિષ્ક્રિય છે. મોક્ષની પર્યાય સક્રિય કહેવાય. પરિણમન થયુંને પરિણમન. મોક્ષનો માર્ગ સમ્યક્ નિશ્ચય દર્શન, જ્ઞાન પણ સક્રિય થઈ (કેમકે) પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ધ્રુવ છે એમાં સક્રિયપણું ક્યાં? પરિણમન ક્યાં છે? એવો દ્રવ્ય સ્વભાવ તો નિષ્ક્રિય છે. એમાં વિકલ્પ ઉઠે એ બંધના પરિણામરૂપ સક્રિય છે. મોક્ષનો માર્ગ થાય એ નિર્મળ પર્યાયરૂપી-પરિણમનરૂપી સક્રિય અવસ્થા છે. આહા..હા..! અને પૂર્ણ પર્યાય પરિણમનરૂપ (થાય) પણ એ મોક્ષની સક્રિય અવસ્થા છે. મોક્ષની પર્યાય સક્રિય? શું હા? હજી તો આ દેહની ક્રિયા સક્રિય એ આત્મા કરે. રાગની પર્યાય સક્રિય એ આત્માની. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા... અહો..! વીતરાગોએ કહેલા તત્ત્વો અલૌકિક! અહો..! વીતરાગે અનુભવેલો પૂર્ણ માર્ગ. સમજાણું? શ્રીમદ્ે કહ્યુંને એક ફેરી. અહો..! આ દેહની રચના, અહો..! આ ચૈતન્યનું સામર્થ્ય, અહો..! જ્ઞાની, અહો..! જ્ઞાનીની દેશના, અહો..! જ્ઞાનીનું ધ્યાન! ઈ આમ થઈને... છે. અહો..! જ્ઞાનીની સમાધિ, અહો..! એનો વચનનો યોગ, એમ કરીને કહ્યું છે. છેલ્લો બોલ એમ કહ્યો છે. ... વાત કરી છે. આહા..હા..! એ તો અંતરની વાસ્તવિક વીતરાગતાના ભાસમાં આવું જ જ્યાં સ્વરૂપ ત્યાં આહા..હા..! ભોગીભાઈ! એમાં ભર્યું છે ઘણું, પણ અર્થ સમજે નહિને.

મુમુક્ષુ :— સમજવું હોય તોને.

ઉત્તર :— એ વાત સાચી, સાચી વાત છે ઈ. સમજવું નથી અને પોતાનો પક્ષ રાખીને વાત કરવી છે. આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુસ્તકોએ એમાં શું કર્યું? ઈ કહે છેને. અરે..! ભગવાન! પુસ્તક છે કે આત્મા છે એમ કહે અહીં તો. સૌ પાસે આત્મા ભગવાન છે, ભગવાન છે. એ ત્રણકાળનું તત્ત્વ ભગવાન તત્ત્વ એવા તત્ત્વને બંધ-મોક્ષ સક્રિયપણું વસ્તુમાં-નિષ્ક્રિયમાં કેમ હોય? આહા..હા..!

અહીં તો નિશ્ચય મોક્ષમાર્ગના પરિણામ એ પણ સક્રિય પરિણમન છેને માટે સક્રિય છે. વેદાંતને આ વાત ન બેસે. વેદાંતે પર્યાયને ઉડાડી છે અને વસ્તુ નથી. આ શું વળી પરિણમન ને સક્રિયપણું? એણે વસ્તુને જોઈ જ નથી, એના કથનને કરનારે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય નિષ્ક્રિય છે. નિષ્ક્રિય એટલે પરની ક્રિયા કરે એ તો વાત નથી, રાગ કરે એવું નથી અને મોક્ષની પર્યાય પણ એમાં નથી, મોક્ષની પર્યાય, નિષ્ક્રિય મોક્ષની પર્યાય સક્રિય કરે (એમ બને નહિ). આહા..હા..! આરે.. તારા કથન! ભગવાન મોક્ષતત્ત્વ, વસ્તુ તત્ત્વ

નિષ્ક્રિય એ મોક્ષની પર્યાય-સક્રિયને એ કેમ કરે? સમજાણું કાંઈ? નિષ્ક્રિય છે. એ અપેક્ષાએ '**શુદ્ધનિશ્ચયનયકર ન બંધ હૈ, ન મોક્ષ હૈ, ઔર અશુદ્ધનયકર બંધ હૈ,...**' અને ખરેખર તો અશુદ્ધનિશ્ચયનયથી જ મોક્ષ છે લ્યો! અશુદ્ધનિશ્ચય એટલે વ્યવહાર. ઓલા અભાવની અપેક્ષાએ ગણ્યું હોં! અભાવની અપેક્ષાએ થયુંને. પર્યાય છે એ તો એકદેશ શુદ્ધનય છે. એકદેશ શુદ્ધનય એ વ્યવહારમાં જાય છે ભાઈ! આહા..હા..! એકદેશ શુદ્ધનયે મોક્ષ એ પણ વ્યવહારમાં જાય છે. એ તો એકદેશ-ખંડ શુદ્ધ કીધો છે. વ્યવહારમાં જાય છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે.**' એટલે? બંધના નાશનો યત્ન એ પણ વ્યવહાર પર્યાય છે. સમજાય છે? '**યહાં યહ અભિપ્રાય હૈ,...**' દેખો! યત્ન અવશ્ય કરના ચાહિયેનો અર્થ કે, ધ્રુવમાં પ્રયત્ન અંતર લક્ષ કરવું જોઈએ. એ યત્ન ઉઠે છે એ પર્યાય છે અને એ વ્યવહાર છે, વ્યવહાર છે. એ વ્યવહારથી આગળ પૂર્ણ થતાં એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? '**યહાં યહ અભિપ્રાય હૈ, કિ સિદ્ધ સમાન યહ અપના શુદ્ધાત્મા...**' સિદ્ધ સમાન એટલે પર્યાય નહિ હોં! દ્રવ્ય આખું. શુદ્ધાત્મા અપના પોતાનું ધ્રુવ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ..., આહા..હા..! દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... એટલે વસ્તુ... વસ્તુ... વસ્તુ..., સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... શાશ્વત એવો '**અપના આત્મા શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં લીન...**' જુઓ! એવો ભગવાન આત્મા એના તરફની રાગ વિનાની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એવી અરાગી-વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિના કાળમાં આવો આત્મા તેને ઉપાદેય નામ દૃષ્ટિમાં હોય છે. સમજાણું કાંઈ?

આ ભગવાન આત્મા... વીતરાગ-રાગ વિનાની આ પર્યાયની વાત છે હોં! અત્યારે આ. એ પર્યાય રાગ વિનાની થઈ, નિર્વિકલ્પ અભેદ શાંતિ થઈ, એમાં જે લીન થયો એ પર્યાય છે. એ પર્યાયમાં આ શુદ્ધાત્મા ઉપર લક્ષ છે માટે એ જ ઉપાદેય છે. ધ્રુવ ઉપાદેય છે. આહા..! સમજાણું કાંઈ? એ તો 'સમજાય છે' તો આપણે વિસામો છેને, એ તો પહેલાનું (છે), નવું કાંઈ અત્યારને માટે નથી. બીજાને 'સાબડે મધ્યે' ને કાંઈક કાંઈક હોય છે. અહીં સમજાય છે એ પહેલેથી જ છે. એ વિસામાનું વાક્ય છે. એ વિસામાનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન ધ્રુવ જે શુદ્ધનયનો આત્મા કહ્યો, એ નયનો આત્મા કહો કે એ આત્મા પોતે. નયને એને વિશેષણ કીધા નથી. વસ્તુ જે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એના ઉપર દૃષ્ટિ આપવાવાળી દશા, એમાં સ્થિર થવાવાળી દશા એને નિર્વિકલ્પ શાંતિ કહે છે. એમાં લીન થયેલા વખતે આ દ્રવ્ય ઉપાદેય છે એને. સમજાણું કાંઈ? '**અન્ય સબ હેય હૈં.**' ઓહો..હો..! ક્ષાયિક સમકિતનો પર્યાય પ્રગટેલો પણ દ્રવ્યમાં એકાગ્ર થવા કાળની અપેક્ષાથી એ પણ હેય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એક જ વાત છે. ક્ષાયિક સમ્યકત્વ થયું દ્રવ્યને લક્ષે, એ ક્ષાયિક સમકિત પણ હેય છે. કેમકે દ્રવ્યમાં લક્ષ કરવાનું છે પાછું. એના લક્ષે કરીને નવી પર્યાય પ્રગટ થાય છે. ક્ષાયિક સમકિત પ્રગટ્યું એને લક્ષે ચારિત્ર પ્રગટ થતું નથી. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ હેય છે અને મોક્ષ પણ હેય છે. છે ક્યાં એને પણ? હેય છે. નિશ્ચય મોક્ષમાર્ગ પણ હેય છે (કેમકે) પર્યાય છે, દ્રવ્ય તે ઉપાદેય છે. આહા..હા..!

આ તો 'પરમાત્મપ્રકાશ' છે. પરમાત્મા દ્રવ્ય વસ્તુ, પરમાત્મા દ્રવ્ય વસ્તુ એ જ ઉપાદેય આદરણીય છે, બાકી કોઈ આદરણીય છે નહિ. જાણવા લાયક છે બધું. સમજાણું કાંઈ? અરે..! એના ઘરની પૂર્ણતાની વાત એને સાંભળવા મળે નહિ, એ કે દિ' પ્રયત્ન કરે અને કે દિ' એમાં ઠરે? આહા..હા..! એમને એમ બફમમાં ને બફમમાં જિંદગી ચાલી જાય. અને વાદવિવાદે ઝઘડા કર્યા. વસ્તુ પડી રહી એક કોર.

કહે છે, એ ભગવાન! અહીં તો 'એક જ દ્રવ્ય ઉપાદેય અને બાકી સબ હેય'માં શું આવ્યું? સમજાણું? આ તો મુક્ત સદશ શુદ્ધાત્મા ઉપાદેય ઈતિ ભાવાર્થ. સદશનો અર્થ ત્રિકાળી પોતે. સમજાણું કાંઈ? એને વિશ્વાસમાં પણ આવવું જોઈએને. વસ્તુ, વસ્તુ શાશ્વત અનંત ગુણધામરૂપ દ્રવ્ય-વસ્તુ એ લક્ષ કરવા યોગ્ય છે. એક જ લક્ષનો દોર ત્યાં કરવા જેવો છે. બાકી બધું પર્યાય પ્રગટી હોય એ પણ લક્ષ કરવા જેવી નથી તે અપેક્ષાએ હેય કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ મુનિઓને પણ છઠ્ઠે ગુણસ્થાને આમ ત્રણ કષાયનો અભાવ, ચારિત્ર થયું છે એને પણ એ ત્રણ કષાયના અભાવની, ચારિત્રની પર્યાય એ ઉપાદેય નથી. આહા..હા..! કારણ કે, તેનું તો આમ દ્રવ્ય ઉપર અંદરમાં એકાકાર એનું ત્યાં છે. પરમેશ્વર ઉપર જ્યાં મીટ માંડી છે એ પરમેશ્વર દ્રવ્યસ્વરૂપ ત્રિકાળ ધ્રુવ છે. એ આદરણીય છે, બાકી બીજું આદરણીય નથી. છોટાભાઈ! ... સોનગઢવાળા વ્યવહારને આમ કહે છે. પ્રભુ! સોનગઢવાળાને વ્યવહાર રહેવા દે. ભગવાનને કહે. એમાં ઓલી બધી ક્રિયા-બ્રિયાનું શું થયું? ત્રીસ વર્ષ કેરી ન ખાધી, લીલોતરી (ન ખાધી) એનું શું થયું? એનાથી કાંઈ લાભ થાય એવો સ્યાદ્વાદ નય હશે કે નહિ? સ્યાદ્વાદ એવો નથી એમાં? તો સ્યાદ્વાદ કોને કહીએ? આહા..હા..!

ભગવાન! તું ક્યાં પૂરો નથી કે તારે પરનો આશ્રય લેવો પડે? 'ઢિંગ ધણી માથે કિયો, કુણ ગંજે નરખેત.' આવે છેને, આનંદઘનજીમાં? ઈ ઢિંગ ધણી ઈ દ્રવ્ય હોં! ભગવાન આત્મા સત્ શાશ્વત, ધ્રુવ શાશ્વત ધ્રુવ એ પર્યાયનું વ્યવહારપણું એને ન્યાં વાળ. જુઓ, વ્યવહારથી કામ થાય છે કે નહિ? અરે..! પણ સાંભળ તો (ખરો)! કઈ અપેક્ષાએ વાત છે? વ્યવહારે નિશ્ચયનો આશ્રય કર્યો ત્યારે લાભ થયો કે નહિ? એઈ..! અરે.. ભગવાન! ઈ પર્યાયે દ્રવ્ય

ઉપર લક્ષ કર્યું ત્યારે પર્યાય પ્રગટી એ પણ હેય છે. આહા..હા..! એ ચિદાનંદ ધ્રુવ શાશ્વત પ્રભુ એ મીટ માંડીને આદરવા લાયક છે. છેકથી છેક કેવળજ્ઞાન થાય ત્યાં સુધી. આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જેવો છે એવો સમજાવ્યો એટલે સમજ્યો ત્યારે કહે આહા..! આપ્યો એટલે શું? આ આવો મારા લક્ષમાં નહોતો એ લક્ષમાં આવ્યો એ આપ્યો. એમ. આવો આત્મા જે કહો છો એવો અમને લક્ષમાં નહોતો. આહા..હા..! સમજાણું?

અહીં તો ભગવાન આત્મા દ્રવ્યાર્થિકનયનો વિષય એટલે દ્રવ્ય વસ્તુ, વસ્તુ... વસ્તુ... વસ્તુ... મહા પરમેશ્વર ચેતન મહાપ્રભુ, ચેતન મહાપ્રભુ ધ્રુવ એમાં લક્ષ કરવું એટલે એનું નામ ઉપાદેય થયું. એનો આશ્રય કરવો એ જ મોક્ષનો માર્ગ પ્રગટ થાય અને એનાથી મોક્ષ થાય છે. માટે એ એક જ આદરણીય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૬, રવિવાર તા-૧૪-૧૧-૧૯૬૫**
**ગાથા-૬૯, ૭૦, પ્રવચન-૫૦**

'પરમાત્મપ્રકાશ' છે, ૬૯ (ગાથા). '**આગે નિશ્ચયનયકર જીવકે જન્મ, જરા, મરણ, રોગ, લિંગ, વર્ણ, ઔર સંજ્ઞા નહીં હૈ, આત્મા ઈન સબ વિકારોંસે રહિત હૈ, ઐસા કહતે હૈં** –'

६९) अत्थि ण उब्भउ जर-मरणु रोय वि लिंग वि वण्ण।
णियमिं अप्पु वियाणि तुहुँ जीवहँ एक्क वि सण्ण।।६९।।

**અન્વયાર્થ :**— '**હે જીવ આત્મારામ!...**' તું આત્મા છો. એ આત્મા એ '**જીવકે જન્મ નહીં હૈ,...**' આત્મા જન્મતો નથી. આત્મા એને જાણ, એ આત્માને જન્મ નથી. પર્યાયમાં જે જન્મની યોગ્યતા છે એ વસ્તુમાં નથી. આત્મા એને જાણ કે જેને જન્મ નથી. સમજાણું કાંઈ? એ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ (છે), એને જન્મ નથી એમ આત્માને જાણ.

જન્મથી હું જન્મ્યો એ માન્યતા આત્માના સ્વભાવને રૂંધીને જન્મ તે હું એમ માનવું છે એ મિથ્યાત્વ ભાવ છે. સમજાણું કાંઈ?

'**જરા (બુઢાપા) નહિ હૈ...**' શરીરની જીર્ણતા એ આત્મામાં નથી. હું વૃદ્ધ એમ પોતાને માનવું એણે આત્મા માન્યો નથી. હું વૃદ્ધ એમ જેણે માન્યું કે હું વૃદ્ધ, તો હું એવો આત્મા વૃદ્ધ નથી. વૃદ્ધ તો શરીરની જડની અવસ્થા છે. એને હું તરીકે વૃદ્ધ છું એમ માન્યતાવાળાને આત્મા જ્ઞાનાનંદ શુદ્ધસ્વરૂપ છે એવી એની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? હું વૃદ્ધ છું એમ માનનારને ધર્મ થતો નથી એમ કહે છે. હું જ્ઞાનાનંદ આત્મા છું એમ અંદર અભિપ્રાયમાં અનુભવવું એનું નામ ધર્મ છે. આહા..! હજી આવશે તમારું... કહો, સમજાણું?

એમ '**મરણ...**' નથી. આત્મા ધ્રુવ ચિદાનંદમૂર્તિ આત્મા એને મરણ શું? મરણ તો દેહની સ્થિતિ છે પૂરી, આત્માની સ્થિતિ પૂરી થતી નથી. એ તો ત્રિકાળ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ છે. એવા આત્માને ન માનતા, હું મરી જાઉં છું એમ માનવું એ મિથ્યાદષ્ટિ આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આત્મા છે ઈ. એ પરમાત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને આત્મા કહીએ. જન્મ-મરણ, વૃદ્ધાવસ્થા એ આત્મા નથી. એ તો જડની અવસ્થા છે. આત્મા ક્યાં હતો એમાં?

હવે '**રોગ...**' આવ્યો હવે. એ રોગ છું હું રોગ. એ મૂઢ મિથ્યાદષ્ટિ આત્માને જાણતો નથી. આત્માને રોગ છે નહિ, રોગ તો દેહની, જડની, આ માટીની અવસ્થા છે. સમજાય છે કાંઈ? મને રોગ છે, મને રોગ છે એમ માનનાર આત્મા, આત્મા સ્વરૂપે શું છે એની એને ખબર નથી. મૂઢ મિથ્યાદષ્ટિ અસત્યદષ્ટિ, પાપદષ્ટિ એ મને રોગ છે, હું વૃદ્ધાવસ્થા છું એમ અજ્ઞાની માને છે.

મુમુક્ષુ :— ...થાક લાગે એનું કરવું શું?

ઉત્તર :— કંઈ લાગતો નથી. એ તો જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, સત્-શાશ્વત જ્ઞાન ને આનંદનું સ્વરૂપ છે એનું. એના એવા સ્વરૂપને ન માનતા, હું વૃદ્ધાવસ્થા, હું રોગી એમ માન્યતા તે મિથ્યાત્વ છે, અજ્ઞાન છે, ભ્રમણા છે.

અને '**ચિન્હ...**' સ્ત્રી, પુરુષ, નપુંસક ચિન્હ. હું સ્ત્રી છું એ ચિન્હો છે આત્મામાં. આ સ્ત્રીનો આકાર શરીરમાં એ તો જડનો આકાર છે. એમ માનવું કે, હું સ્ત્રીના આકારવાળો છું. મૂઢ છે, પાપી છે, મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? હું પુરુષલિંગ ચિહ્ન, શરીરના લિંગનો આકાર એ અજીવ જડનો છે. એમ માને કે, હું પુરુષ લિંગે છું. મૂઢ છે. ભગવાન આત્મામાં

સ્ત્રીલિંગ, પુરુષલિંગપણું વસ્તુમાં છે નહિ. હું પુરુષ છું એમ અહંપણે બીજાને બતાવવાનો ભાવ છે એ મિથ્યાત્વ ભાવ છે. આહા..હા..! હું પુરુષ છું એમ પોતાને માનવું અને બીજાને એમ બતાવવું કે, હું પુરુષ છું, એમ જે બતાવવાનો ભાવ તે મિથ્યાત્વ, અજ્ઞાન, પાખંડ, ભ્રમ છે. ભોગીભાઈ! આહા..! પુરુષના ચિન્હો ઇન્દ્રિયના, એ ઇન્દ્રિય દ્વારા હું પુરુષ છું અને એ ચેષ્ટા ઇન્દ્રિયની થાય એ દ્વારા હું પુરુષ છું એવું બીજાને બતાવવું એ મિથ્યાત્વભાવ છે. નેમિદાસભાઈ! ભગવાન આત્મા એ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એને આ રૂપે પોતાને માનવો ને બીજાને એ રીતે મનાવવા મથે છે એ મિથ્યાત્વ દૃષ્ટિ ભાવ છે. સમજાણું કાંઈ? ...ભાઈ! કહો, સમજાણું?

'વર્ણ...' શરીરના રંગ, રંગ. એ રંગ વડે પોતાને અધિક બતાવવો. હું રૂપાળો છું, હું કાળો છું, હું કુબડો છું એમ જેને આત્માને બતાવવાનો, માનવાનો ભાવ છે એ મિથ્યાત્વ છે. એને આત્મા વર્ણ રહિત છે એની શ્રદ્ધા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'આહારાદિક એક ભી સંજ્ઞા વા નામ નહીં હૈ,...'** એને આહારસંજ્ઞા, આહારની સંજ્ઞાની ઇચ્છા એ આત્મા છે એમ માનવું મિથ્યાભ્રમ છે. આત્મા આહારસંજ્ઞા સ્વરૂપે છે જ નહિ. ઓહો..હો..! ભયસંજ્ઞા સ્વરૂપે આત્માને માનવો, ભગવાન જ્ઞાનસ્વરૂપ, ભય સંજ્ઞાસ્વરૂપ છે નહિ. ભયસંજ્ઞાવાળો, હું ભયવાળો એમ માન્યું એણે આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ છે એની એને શ્રદ્ધા નથી. ભોગીભાઈ! ઝીણી વાત છે બાપુ! ઈ એમ કંઈ આત્મા... આત્મા... આત્મા... આત્મા... કરે પણ ઈ આત્મા કોને કહેવો?

એ ભય. મૈથુન સંજ્ઞાની વૃત્તિ થાય એ આત્મા નથી, એ તો વિકાર છે. મૈથુનસંજ્ઞા દ્વારા પોતાને પોતાપણું માનવું એ મિથ્યા શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? અને દેહની ચેષ્ટાઓની ક્રિયા દ્વારા હું પુરુષ છું માટે આ ક્રિયા મારી થાય છે એમ માનવું એ ચૈતન્યના સ્વરૂપનો અભાવ માનવું છે, એ ચૈતન્ય ભિન્ન છે એમ જાણતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, જમુભાઈ!

પરિગ્રહસંજ્ઞા. હું લક્ષ્મીવાળો છું એ તો મિથ્યાદૃષ્ટિ છે. કેમકે આત્મદ્રવ્યને બીજું દ્રવ્ય હોય શકે નહિ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ છે એવી દૃષ્ટિ છોડીને હું લક્ષ્મીવાળો છું એ મિથ્યાદૃષ્ટિ છે. અને લક્ષ્મીની સંજ્ઞાવાળો છું, મમત્વ સંજ્ઞાવાળો છું એ પણ આત્માને વિકારમય જાણ્યો, માન્યો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવ સર્વજ્ઞ પ્રભુ જેને આત્મા કહ્યો તે આત્મામાં આ નથી. છતાં એને આત્માના માનવા અથવા એ દ્વારા અધિકાઈ પોતાને કલ્પવી એ મિથ્યાત્વ લક્ષણના ભાવ છે. આહા..!

**'તૂ નિશ્ચયકર જાન.'** હે આત્મા! ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવ ફરમાવે છે ભાઈ! પ્રભુ!

તું નિશ્ચયથી જાણ. ખરેખર સત્ સ્વરૂપ ભગવાન ચિદાનંદ આત્મા એમાં આ નથી, એ નથી એમ નિશ્ચયથી જાણ. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'વીતરાગ નિર્વિકલ્પસમાધિસે વિપરીત...'** શું કહે છે હવે? વસ્તુ જે છે ભગવાન આત્મા, સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ અનંત ગુણનું ધામ આત્મા, અનંત ગુણનું ધામ આત્મા એનાથી વિરુદ્ધ એટલે કે એની જે વીતરાગ શાંતિ જોઈએ... ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ જેનું આત્મા એના સ્વભાવના લક્ષે થતી વીતરાગી શાંતિ, વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર એવા જે પરિણામ. શું કહ્યું? ભગવાન આત્મા વસ્તુ વીતરાગ નિર્દોષ આત્મતત્ત્વ તેને આત્મા કહીએ. એ આત્માને પ્રાપ્તિના પરિણામ રાગ રહિત આત્માની શ્રદ્ધા—સમ્યગ્દર્શન, રાગ રહિત આત્માનું જ્ઞાન, રાગ રહિત સ્વરૂપમાં સ્થિરતા એવી નિર્વિકલ્પ નામ સ્થિરતાની શાંતિ દ્વારા જે આત્મા અનુભવાય એવી શાંતિના પરિણામથી ઉલટા પરિણામ. કેવા?

**'જો ક્રોધ, માન, માયા, લોભ આદિ વિભાવપરિણામ...'** શું કહ્યું સમજાણું? નવ તત્ત્વ છેને નવ તત્ત્વ? એમાં આત્મતત્ત્વ કોને કહેવું? એકલો જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ તે આત્મા. એ આત્માની અંતર્મુખની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ નિર્વિકલ્પ ઉપયોગ શુદ્ધ એને કહેવો સંવર ને નિર્જરા. એ સંવર ને નિર્જરા એ આત્માને લક્ષે થતાં પરિણામ, એવા પરિણામથી વિપરીત પરિણામ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એ બધા વિપરીત પરિણામ છે, એટલે કે આસ્રવના પરિણામ છે. શું કીધું?

ભગવાન આત્મા આમ જ્ઞાનઘન ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ વસ્તુ એ આત્મા અને એની અંતરમાં એને લક્ષે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ થાય એ ધર્મરૂપી સંવર-નિર્જરારૂપી શુદ્ધોપયોગરૂપી પરિણામ એ પર્યાય. એ શુદ્ધોપયોગથી વિપરીત... સ્વભાવને આશ્રયે જે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના પરિણામ થાય એ શુદ્ધોપયોગ અથવા મોક્ષનો માર્ગ અથવા સંવર ને નિર્જરા. એનાથી ઉલટા પુણ્ય, પાપ, ક્રોધ, માન, માયા, લોભ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ બધા શુદ્ધોપયોગથી વિપરીત પરલક્ષે ઉત્પન્ન થયેલા. સ્વભાવને લક્ષે ઉત્પન્ન થયેલી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિના પરિણામ એનાથી ઉલટા પુણ્ય, પાપ, દયા, દાન, ભક્તિ, વ્રત આદિ ભાવ. એ બધા પરલક્ષે થયેલો ભાવ એ આસ્રવ. સમજાણું કાંઈ? અને એ આસ્રવથી ઉપાર્જેલા કર્મો. એ આસ્રવ નિમિત્ત થયું અને નવા રજકણ બંધાણા એ અજીવતત્ત્વ કર્મ.

**'કર્મોંકે ઉદયસે ઉત્પન્ન હુએ જન્મ-મરણ...'** સમજાણું કાંઈ? તત્ત્વ, નવ તત્ત્વને ઓળખવા પડશે કે નહિ નવને? વલ્લભદાસભાઈ! નવ છેને. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. હવે કહે છે કે નવમાં નવ તત્ત્વ શી રીતે સિદ્ધ થાય છે?

કે, ભગવાન આત્મા તો શુદ્ધ ચિદાનંદની મૂર્તિ જ્ઞાનાનંદ વીતરાગબિંબ પ્રભુ એ તો આત્મા. એવા આત્માને લક્ષે થયેલી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ શુદ્ધોપયોગ એ તો સંવર ને નિર્જરા. એવા લક્ષે સંવર, નિર્જરા ન ઉત્પન્ન કરતા, પરને લક્ષે ઉત્પન્ન થયેલા પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એ આસ્રવ, એનાથી ઉત્પન્ન થયેલું કર્મ તે અજીવતત્ત્વ. આત્મા, સંવર, નિર્જરા એનાથી (વિપરીત) આસ્રવ, અને અજીવ. એ અજીવતત્ત્વથી ઉત્પન્ન થયેલા જન્મ અને મરણ. વલ્લભદાસભાઈ!

'**કર્મોંકે ઉદયસે ઉત્પન્ન હુએ જન્મ-મરણ આદિ અનેક વિકાર હૈં,...**' સમજાણું? '**વે શુદ્ધનિશ્ચયનયકર જીવકે નહીં હૈં,...**' વસ્તુ દૃષ્ટિ, સત્ય દૃષ્ટિ, સત્ય દૃષ્ટિ. વસ્તુ જ્ઞાનાનંદ પ્રભુ દરેકનો આત્મા હોં! આબાળ-ગોપાળ. ભગવાન આત્મા અંદર વસ્તુ જેને કહીએ એ તો શુદ્ધ નિશ્ચયથી તો તે જન્મ-મરણ, આ કર્મથી ઉત્પન્ન થતાં ભાવ એનાથી રહિત છે. એ કર્મથી ઉત્પન્ન થતાં ભાવને મારા માનવા એ જ મિથ્યાત્વ ભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા એક સમયમાં આનંદની ખાણ, ચિદ્‌ઘન નિત્યાનંદની મૂર્તિ પ્રભુ. આત્મા એને કહીએ (કે) નિત્યાનંદ જેમાં રહે છે. કાયમ અતીન્દ્રિય આનંદ રહે છે તેને આત્મા કહીએ. એ આનંદની દૃષ્ટિ થઈ અને જ્ઞાન ને રમણતા થાય તેને શુદ્ધોપયોગરૂપી સંવર-નિર્જરા તત્ત્વ કહીએ. એવું તત્ત્વ ઉત્પન્ન ન કરતા સ્વ-વસ્તુના લક્ષને છોડીને, પર લક્ષના લક્ષે જેટલા પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપના ભાવ થાય એ બધા આસ્રવતત્ત્વ છે. એ આસ્રવથી કર્મનું બંધન થાય છે એ અજીવતત્ત્વ છે. પર્યાય હોં! પર્યાય છેને, પરમાણુ તો છે ઈ છે. એ અજીવ તત્ત્વથી આ જન્મ-મરણ, આહાર સંજ્ઞા, સ્ત્રી લિંગ, પુરુષ આકાર બધા એ કર્મને લઈને થયા છે. એને આત્માના માનવા તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. આહા..હા..! ન્યાલભાઈ! આહા..હા..!

અરે..! ભાઈ! તને નવ તત્ત્વની જેવી મર્યાદા છે એની તને ખબર ન મળે અને ધર્મ થઈ જાય? સમજાણું કાંઈ? ધર્મ તો એ શુદ્ધાત્મા ભગવાન આત્મા એની અંતરમાં વીતરાગી પરિણતિ દ્વારા ધ્યાન કરવું એનું, એવી પરિણતિને ધર્મ કહેવામાં આવે છે. એનું ધ્યાન ન કરતા પરના લક્ષના ધ્યાનમાં જે પુણ્ય ને પાપના, શુભ-અશુભભાવ થાય એ તો આત્માના ધ્યાનથી વિપરીત આર્ત અને રૌદ્રધ્યાન છે. એવા શુભાશુભભાવથી થયેલા જે જડ કર્મ એ તો અજીવતત્ત્વની પર્યાય થઈ નવ તત્ત્વમાં. અજીવની પર્યાયથી ઉત્પન્ન થતાં જન્મ-મરણ, લિંગના જે આકાર એ બધા કર્મને કારણે થયેલા છે, ભગવાન આત્માના નહિ. આહા..! ... કોને કહેવું? ભાઈ! આહા..હા..! એક-બે શબ્દ આવડે ત્યાં અધિક થઈ જાય છે અંદરથી આહા..! એ બધા લક્ષણ મિથ્યાત્વના છે. સમજાણું કાંઈ? કેમકે એ તો જરી રાગની મંદતાથી થયેલો ક્ષયોપશમ એને અહંપણે માન્યો, મિથ્યાત્વ છે, આત્મા અખંડાનંદ જ્ઞાયક છે એની એને પ્રતીતિ

છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જરી દયા, દાનના ભાવ કર્યા, એ ભાવ કર્યા એથી આમ બીજા કરતા અધિક છું એમ મનાવવું છે. આ કરતા નથી અને મેં કર્યા, આ કરતા નથી અને મેં કર્યા. એમ બીજા પાસે પોતાના આવા ભાવથી બીજાથી અધિકપણે મનાવવું છે, એણે પોતાને એના અધિકપણે માન્યો છે. આહા..હા..! એના દયા, દાનના પરિણામથી એને અધિક પોતાને માન્યો છે. તેથી બીજાને પણ બતાવે કે જુઓ હું આ છું, હોં! આ કરું છું, હું અધિક છું હોં! એ બધા લક્ષણ મિથ્યાદૃષ્ટિના છે. એણે આત્મા છું એવો અનંત કાળમાં વાસ્તવિક રીતે સાંભળ્યો નથી. સમજાણું કાંઈ?

પરમાત્મપ્રકાશ છેને. પરમાત્મા એટલે સ્વરૂપ આત્માનું, પરમ આત્મસ્વરૂપ શુદ્ધ, જ્ઞાનઘન, વસ્તુ દળ ચૈતન્યઘન, શાંતરસનો, વીતરાગીરસનો પિંડ તે આત્મા. એવા આત્માને છોડી અને પરલક્ષે થયેલા પુણ્ય ને પાપ અને એનાથી થયા કર્મ ને એનાથી થઈ આ બધી સામગ્રીઓ. સમજાય છે? એ આત્માની નથી. આહા..હા..! '**ક્યોંકિ નિશ્ચયનયકર આત્મા કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંકર પૂર્ણ હૈ,...**' ભગવાન આત્મા કેવળજ્ઞાન એટલે ઓલી કેવળજ્ઞાનની પર્યાયની વાત નથી અત્યારે અહીંયા. કેવળ—એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ, એકલી ચારિત્ર-શાંતિ, એકલી સ્વચ્છતા અને પ્રભુતાના ગુણનો પ્રભુ એ પિંડ છે. આહા..હા..! પૂર્ણ છે. પર્યાયની અપૂર્ણતાનો ક્યાં પ્રશ્ન છે, આ તો દ્રવ્યની વાત છેને. દ્રવ્ય એને કહીએ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પરમેશ્વરતા, પૂર્ણ પરમેશ્વર પ્રભુતા એવા અનંત ગુણો કેવળ એકલા ગુણોનો પિંડ તે આત્મા કહીએ. એને પર પદાર્થના સંયોગો કર્મથી મળ્યા એમાં પોતાની અધિકાઈ બતાવવી, એ વડે શોભાને હું પામું એમ માનવું, રાગથી પણ અધિકાઈ બતાવીને પોતાની શોભા પોતાને માનવી અને જ્ઞાનના કાંઈ ઉઘાડની પર્યાયના અધિકથી હું અધિક થયો એમ માનવું એ બધું આત્માના સ્વભાવની દૃષ્ટિથી વિપરીત દૃષ્ટિ છે. કહો, જમુભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્યાં? શેમાં અધિક હતો? બીજા કરતા એટલે શું? પોતા કરતા હીણો થઈ ગયો પછી બીજા કરતાની શું વાત છે અહીં? જમુભાઈ!

ભગવાન આત્મા... શું કીધું અહીંયા? '**નિશ્ચયનયકર આત્મા કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંકર પૂર્ણ હૈ,...**' પૂર્ણ છે. એવા પૂર્ણ આત્માને એ રીતે ન માનતા એને અપૂર્ણ જ્ઞાનમાં અભિમાન આવ્યા, રાગમાં અભિમાન આવ્યા એ મિથ્યાદૃષ્ટિ મૂઢ એને આત્માની શ્રદ્ધાની ખબર નથી. આહા..હા..! ભીખાભાઈ! આહા..હા..! કંઈક ભાષા આવડી ત્યાં હું કાંઈક છું, હોં! પ્રરૂપતા આવડે છે, મને પ્રરૂપતા આવડે છે. આને આવડતું નથી. ...ભાઈ! તેં ભાષા વડે તારી અધિકાઈ માની? એ તો જડ છે, એ તો કર્મની ઉપાધિએ ઉત્પન્ન થયેલી ભાષા છે, આત્માની ભાષા

નથી. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણ ગુણે છે એને આવા સંયોગવાળો માનવો, વિકારવાળો માનવો, અપૂર્ણ પર્યાયમાં અભિમાન પૂરતો માનવો એ મિથ્યાત્વ છે. હિંમતભાઈ! પ્રવિણભાઈ! શું કરવું આમાં? ભગવાન આત્મા...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ અમારા ભાઈ કહે છેને સ્પષ્ટતા કરો. ત્યારે વધારે ઝીણું લાગે છે. પોલ ઉઘડે છે એમ કહે છે આ. ઓઘે ઓઘે ચાલે ત્યાં સુધી વાંધો નહિ પણ એનું સ્પષ્ટ થાય... કહે છેને? ત્યારે એમ કહે, દાખલો આવે ત્યારે પોલ ઉઘડી જાય છે. ભાઈ! આ તો સમજાવવાની રીતમાં એ પ્રકાર ન હોય એને સમજે શી રીતે?

અહીં તો ભગવાન આચાર્ય કહે છે એમ વસ્તુ છે કે, ભગવાન આત્મા એને કહીએ, આ આત્મા એને કહીએ નવ તત્ત્વમાં કે, જ્ઞાન, દર્શન, આનંદ, વીર્યથી પરિપૂર્ણ ભરેલો, પરિપૂર્ણ ભરેલો, પરિપૂર્ણ પરમાત્મા પરમ સ્વરૂપ વસ્તુ. એ સિવાયના બધા સંયોગી ભાવો ઇન્દ્રિયના, પુરુષના લિંગના આદિ બધા કર્મજનિત ... અને આત્માને પર્યાયમાં રાગાદિ થાય એ પણ કર્મજન્ય ઉપાધિ, ભગવાન આત્માનો એ ભાવ નથી અને અલ્પજ્ઞતા આદિનો ભાવ એ પણ એક સમયનો અંશ અપૂર્ણ ભાવ એને આત્માની અધિકાઈથી માનવો એ પૂર્ણાનંદ ભગવાનની દૃષ્ટિથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? ધર્મચંદજી! શું કીધું અહીંયા? જુઓ!

કેવો છે આત્મા કીધોને? અનંત ગુણ જ્ઞાનાદિ અનંત ગુણે છેને? ૬૯ છેને? '**कृत्वा**' જુઓ! છેને? '**केवलज्ञानाद्यनन्तगुणैः कृत्वा**'. અભિન્ન છે એનાથી. ભગવાન આત્મા વસ્તુ એને કહીએ, આત્મા દ્રવ્ય, દ્રવ્ય-વસ્તુ એને કહીએ કે, જેમાં એક એક ગુણની બેહદતા, અનંતતા, અનંતતા એવા અનંતા અનંતા ગુણની બેહદતાનું પરિપૂર્ણ રૂપ તેને આત્મા કહીએ. નિશ્ચયનો આત્મા એ. પર્યાયમાં અલ્પજ્ઞતા આદિ એ તો વ્યવહારનયનો આત્મા છે. ભાઈ! આહા..હા..! આત્મામાં ક્ષયોપશમ પર્યાય, વીર્ય આદિનો અલ્પ ઉઘાડ આદિ એ તો વીર્ય વ્યવહારનયનો આત્મા. એ વ્યવહારનય અભૂતાર્થ છે તેને આવડો છું એમ માનવું (એ મિથ્યાદૃષ્ટિ છે). સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહારનયનો આત્મા એ ભૂતાર્થ નથી, ત્રિકાળ એકરૂપ પરિપૂર્ણ એ વસ્તુ નથી. વલ્લભદાસભાઈ! આ જીવાજીવ નથી આવતું? શું આવે છે તમારે? જીવાજીવ અધિકારે.. જીવ-વિકાર... જીવ-વિકાર કોને કહેવા? થોકડામાં આવે છે ન્યાં. ... ભાઈ! જીવ કોને કહેવો? ભાઈ! ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમેશ્વર કેવળજ્ઞાનીએ કોને જીવ કહ્યો છે? કોને તારો આત્મા કહ્યો છે? એ આત્મા તો પરિપૂર્ણ જ્ઞાન દર્શન, આનંદથી પરિપૂર્ણ. અપૂર્ણ નહિ, રાગ નહિ, સંયોગી ક્રિયા નહિ. સમજાણું કાંઈ? આહા..! એવો ભગવાન આત્મા પરિપૂર્ણ વસ્તુના સ્વભાવવાળું એકલું અખંડ એક તત્ત્વ આત્મા એને છોડી દઈને...

**'ઔર અનાદિ-સંતાનસે પ્રાપ્ત જન્મ, જરા,...'** સમજાણું? એનાથી તો ભિન્ન છે ભગવાન. જન્મથી ભગવાન પરિપૂર્ણ તત્ત્વ સ્વભાવ તે જન્મથી તો ભિન્ન છે. એને જન્મવાળો માનવો એ તો અભિન્ન માન્યો. સમજાણું કાંઈ? એને **'મરણ,...'** અનાદિ સંતાનની પર્યાયનું જે અંદર મરણ થાય (એટલે) પર્યાય બદલે, એને હું છું એમ માનવું એ તો અનંત ગુણથી પરિપૂર્ણ ભગવાનને શ્રદ્ધામાંથી છોડી દીધો. પર્યાયના લક્ષવાળો આત્મા એટલો અથવા રાગવાળો આદિ આત્મા જાણ્યો એણે વસ્તુ અખંડ પ્રભુ ત્રિકાળ દ્રવ્ય છે એની દૃષ્ટિની ખબર નથી. સમજાણું કાંઈ?

**'મરણ, જરા,...'** શરીરની વૃદ્ધાવસ્થા એ તો કર્મજન્ય ઉપાધિ છે. ભગવાન પરિપૂર્ણ દ્રવ્યમાં એ નથી. એનાથી ભિન્ન છે આત્મા. મરણથી ભિન્ન છે. પોતાના પરિપૂર્ણ સ્વભાવના ગુણથી એક અભિન્ન છે. પોતાના પરિપૂર્ણ ગુણથી અભિન્ન વસ્તુ છે પણ આ ચીજથી તો ભિન્ન છે. 'રોગ...'થી ભિન્ન છે. ભગવાન પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે આત્મા. આ અત્યારે આત્માની વાત ચાલે છે હોં! ભગવાન થયા એની વાત નથી. એ તો પર્યાયમાં પરિપૂર્ણ પરમાત્મા અરિહંત થઈ ગયા. આ તો અત્યારે પરિપૂર્ણ વસ્તુ છે એ રોગથી રહિત છે. એવા પરિપૂર્ણ નિશ્ચય તત્ત્વને રોગવાળો માનવો એ ભ્રમ અને અજ્ઞાન અને પાખંડ છે, પાપદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પાપદૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો. મિથ્યાદૃષ્ટિ કહો કે અસત્યદૃષ્ટિ કહો. મિથ્યા એટલે અસત્ય, અસત્ય એટલે પાપ. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

**'શોક,...'** એને શોક, કર્મજન્ય ઉપાધિ વિકલ્પ શોક છે. એ ભગવાન આત્મા પરિપૂર્ણ સ્વભાવના તત્ત્વવાળાને શોકવાળો માનવો, શોકથી ભિન્નને શોકવાળો માનવો એ વિપરીત માન્યતા છે. આહા..હા..! સમજાણું? **'ભય,...'** ભયવાળો માનવો. ભયથી ભગવાન ભિન્ન છે. આ આત્મા અત્યારે વર્તમાન ભયથી ભિન્ન છે, જુદો છે. ભયમાં તન્મય હોય તો ભય કોઈ દિ' છૂટે નહિ. ભયથી ભિન્ન છે. એવા ભગવાનને-ભયથી ભિન્નવાળાને ભયવાળો માનવો એ વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલાકે તો સાંભળ્યું નહિ હોય આ. શું છે આ? આ તો જાણે ક્યાંની વાત હશે? વસ્તુ કોને કહે? પરિપૂર્ણ વસ્તુને પરિપૂર્ણ પ્રતીતમાં ન લેતા એને બીજી રીતે માનવું એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આત્મા દુઃખી હોય જ નહિ. આત્મા દુઃખી હોય? આત્મા તો સુખનો સાગર છે. સમજાણું કાંઈ? આ આત્મા એને કહીએ સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદ એવો આત્મા એને દુઃખી માનવો (એ) મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. એઈ ભીખાભાઈ! સચ્ચિદાનંદ પ્રભુ. આત્મા એટલે શાશ્વત જ્ઞાન અને આનંદનો સાગર. સમજાણું કાંઈ? એવા

આત્માને ભયવાળો માનવો, શોકવાળો માનવો, ભિન્ન (સ્વ) ચીજથી એને ન માનતા ભિન્નવાળાથી માનવો (એ મિથ્યા દૃષ્ટિ છે). એ આત્માની વાત ભાઈ! અલૌકિક છે બાપુ! એણે કોઈ દિ' જાણ્યો નથી અને કેમ જણાય એની રીતની પણ ખબર પડી નથી. એમ જાણ્યું છે, માન્યું છે ઘણીવાર કે, અમે આત્મા જાણીએ છીએ, ઓળખીએ છીએ, ખબર છે એવા અભિમાન કરેલા. સમજાણું કાંઈ?

**'સ્ત્રી,...'** નથી આત્મા. આ શરીરનું લિંગ એ તો માટી, જડનું છે, ધૂળનું. આ માંસના આકારો સ્ત્રીના સ્તન, યોનિ, આંખો એ તો જડ માટી ધૂળના આકાર છે. એવા આકારવાળો આત્માને માનવો, જેનાથી ભિન્ન છે એને પોતાનું માનવું, મિથ્યા ભ્રમ અજ્ઞાન છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુરુષ,...'** લિંગ. શરીરના આકારો આ પુરુષના જડની પર્યાય માટીની દશા છે. અજીવ, માંસની દશાને આત્માની માનવી... ભગવાનભાઈ! સમજાય છે આમાં? આ ભગવાનની વાત ચાલે છે આ. આહા..હા..! શું કહે છે? ભગવાન! તું આત્મા કોને કહેવો? કે આત્મામાં, પુરુષના લિંગના આકારો આત્મામાં નથી. આ તો જડના આકાર છે. અજીવના આકારવાળો આત્માને માનવો, એ વડે કરીને હું પુરુષ છું એમ માનવું, એ ભિન્નને પોતાની ચીજ માનવી એનું નામ ભ્રમ છે. ભગવાન પુરુષ આકારથી ભિન્ન આત્મા છે અંદર. આહા..હા..!

**'નપુંસકલિંગ,...'** પાવૈયા હીજડા થાય છે કે નહિ? એ હીજડાપણું આત્મામાં છે નહિ. એ તો શરીરના લિંગમાં અંદરમાં માટી, ધૂળ છે અજીવ, એના અંદરના આકાર છે. ભગવાન અંદર આત્મા તો જ્ઞાનાનંદકંદ આત્મા છે, સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનનો કંદ આત્મા છે. એવા આત્માને નપુંસકલિંગથી ભિન્ન જાણવો જોઈએ, એને ઠેકાણે હું નપુંસક હોં, એ હું પાવૈયો. મૂઢ છો. સમજાણું કાંઈ? કેટલાક એવા હોય છેને? અમે સ્ત્રીઓ છીએ હોં! અમને છંછેડવી નહિ. આ ગરાસણી હોયને મોટી? ગરાસણી હોયને? રાજાની દીકરી હોયને મોટી ગરાસ રાજાની, અહીં રાજાની દીકરી હોય અને અહીં રાજાને ઘરે આવી હોય. એ રાજાને બબ્બે કરોડના ઉપજ હોય તો પણ ડરાવે અંદર. મહારાજા! ધ્યાન રાખજો અમે ક્ષત્રિયાણી છીએ, અમને છંછેડાય નહિ હોં! હળવે દઈને કહી દે. એય જમુભાઈ! અરે..! મૂઢ. ક્ષત્રિયાણી કોણ હતું આમાં? શરીરનો આકાર તે જડનો આકાર. એ તો એનો અવતાર તો જડ દેહની અવસ્થા છે. ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ નિર્મળાનંદ ભિન્ન છે, એને આના અહંકાર?

મુમુક્ષુ :— બહાદુરી પ્રગટ કરે છે.

ઉત્તર :— બહાદુરી મૂઢતાની પ્રગટ કરે છે. આહા..હા..! અને આ પુરુષ પણ કહે ઘણીવાર બાયડીને હોં! ઈ કાંઈ ઓછા નથી કેટલાક. અમે આદમી છીએ હોં! ધ્યાન રાખજો, બાયુંથી

અમે નહિ દબાઈએ. આદમી, પુરુષ કહેવો કોને? આ હાડકાના આકારને આદમી કહેવો? એ તું? તું તો અંદર જ્ઞાનાનંદની મૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ભિન્ન છો. એને ભિન્ન ચીજથી આત્મા ઓળખવો જોઈએ એને ઠેકાણે ભિન્ન ચીજથી આત્માને ઓળખાવવો (એ મિથ્યાદષ્ટિ છે). સમજાણું કાંઈ? 'સફેદ...' શરીરનો વર્ણ સફેદ હોય એ તો જડની દશા છે, માટીની અવસ્થા છે, એ આત્માની અવસ્થા છે? એ આત્માની છે?

હું ભોળો, 'હું રૂપાળો...' એવું માનવું એ મિથ્યાદષ્ટિનું લક્ષણ છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ પરિપૂર્ણ તત્ત્વ. 'હું કાળો...' શરીર કાળું હોયને તો લજાય. એક છોકરો કહેતો હતો, અરે..! આવા કાળા શરીર કરતા રૂપાળા મળ્યા હોત તો. પણ શું છે કીધું આમાં? દુનિયામાં કાંઈક દેખાઈએ તો ખરા સારા. અરે..! ભગવાન! ક્યાં ભૂલ્યો પણ તું? શરીરના રંગ એ તો હાડકાના, ચામડાના, માંસના રંગ છે. આ રંગ ક્યાં આત્મામાં છે? ભગવાન આત્મા અંદર અરૂપી જ્ઞાનઘન છે એ તો. જેને રંગ, રસ, સ્પર્શ છે નહિ. એવું અરૂપી ઘન આત્મતત્ત્વ જ્ઞાનાનંદની મૂર્તિ છે. એને આત્મા તરીકે ન જાણતા આવા કાળા વર્ણવાળાથી લજાઈ જાય. મૂઢ છો. વર્ણ તો જડનો છે. સમજાણું? વગેરે રંગ લીલો આદિ. સમજાણું?

આકાર લ્યો પછી. શરીરનો આકાર સુંદર હોયને, તો મારો આકાર સુંદર છે હોં! બધા અવયવો સુઘટીત છે. સુઘટીત-ઘડેલા જાણે સરખા હોય. શેના આકાર બાપા? એ તો જડના છે, એ તો માટીના છે. આ દાળ-ભાતમાંથી ઊભા થયા ને મસાણની રાખો થઈ જશે આ તો. ભગવાન આત્મા એવો નથી. અંદર ચિદાનંદની કંદ અનાદિ-અનંત તત્ત્વ, સત્ત્વ અનાદિ જ્ઞાયકમૂર્તિ પ્રભુ એવા આત્માને આત્મા ન માનતા, ન જાણતા આવા આકારવાળો માનવો, આકારથી ભિન્નને આકારવાળો માનવો (એ) ભ્રમણા છે. આકારથી ભિન્ન જાણ ભગવાન. સમજાણું કાંઈ?

આ આંખ જરીક ફુટી ગઈ હોયને, ચશ્મા-બશ્મા લગાડીને આમ દેખાય નહિ એમ કરે. હવે આંખ ફુટી એ તો જડની છે. એમાં આત્મા ક્યાં ફૂટી ગયો છે? એ તો જ્ઞાયક ચિદાનંદ જ્ઞાનાનંદની મૂર્તિ, જ્ઞાનાનંદથી ભરેલો પદાર્થ છે. સાંભળ્યું નથી કોઈ દિ'. આહા..હા..! અહીં તો પૂર્ણ વસ્તુ છે. એકલા અનંત ગુણનો પિંડ જ પ્રભુ છે એને આત્મા કહીએ. આહા..હા..! સમજાણું? આ તો નવ તત્ત્વનો પહેલો આત્માના બોલની વ્યાખ્યા ચાલે છે આ. આહા..હા..! અને નવ તત્ત્વની અમને ખબર છે, શ્રદ્ધા છે. ભગવાન! સાંભળ ભાઈ!

મુમુક્ષુ :— ગોખવામાં છે.

ઉત્તર :— ગોખવામાં પણ ક્યાં ઠેકાણા છે? નથી એને ગોખે છે. આ જીવને શરીર છે અને આ જીવને વર્ણ છે અને દેવને આટલું લાંબુ આયુષ્ય છે, આટલો એને આકાર છે અને

સાત હાથના ઊંચા શરીર છે. ઈ ગોખે લ્યો! પણ એ તો બધું જડને છે.

અંતર વસ્તુ જે જ્ઞાનાનંદ પ્રભુ જ્ઞાનપ્રકાશની મૂર્તિ આનંદનો સ્વભાવ ભરેલો છે. પણ એ વસ્તુ ક્યાં નજર જ કોઈ દિ' કરી નથી. સાંભળ્યું નથી, વિચાર્યું નથી અને હોળી એમને એમ સળગે જાય છે. બહારમાં હાલે જાય છે અનંત સંસારથી. કેમ બરાબર હશેને? ભગવાનભાઈ! શું હશે આ? શાંતિભાઈ! આખો દિ' ધંધા આડે આ ક્યાં પણ સાંભળવાનો વખત ન મળે. સાંભળે એ તો પાછું આવું તો હોય નહિ. ન્યાં પછી ખુશ. આમ કરો ને ભક્તિ કરો ને દાન કરો ને થઈ જશે ધર્મ. ધૂળમાં પણ નથી, સાંભળને હવે. સમજાણું? એ વિકલ્પ છે એ તો રાગ છે, રાગ એ આત્મા છે? ભારે વાત.

મુમુક્ષુ :— આમાં શોભા શું રહે અમારી?

ઉત્તર :— શોભા, બાપુ! તારી આનંદકંદ જ્ઞાયકમૂર્તિ તેની શ્રદ્ધા એ શોભા તારી છે. બાકી પરની ક્રિયાના રાગમાં અભિમાન કરવા એ તારી અશોભા છે. અશોભાને શોભા માન, સ્વતંત્ર છે. આહા..હા..! સમજાણું? પાંચ, પચાસ હજાર દાન આપે. ક્યાંય પણ મારું નામ આવ્યું? મુંબઈ સમાચારમાં આવ્યું કે નહિ? જુઓ... જુઓ... જુઓ... જુઓ... એક ખૂણે લખ્યું છે. ખૂણે ત્યાં ગયો હોઈશ તું. પાના ખુણે તું ગયો હોઈશ ત્યાં. પણ જો જો મારું નામ હશે, નામ. તારું નામ છે? નામમાં તું ગરી ગયો છો? કાગળમાં ગયો? ઓલા બતાવે પુસ્તકમાંથી નામ, જુઓ, આમાં નામ લખ્યું છે. ભીખાભાઈ! અપલક્ષણનો પાર નથી. શ્રીમદ્ લખ્યું નથી? પ્રભુ ગુણસંપન્ન, પ્રભુ પૂરો ગુણસંપન્ન છે પણ એના અપલક્ષણના પાર નથી. તો ઓલો કહે કે, જુઓ! ભગવાનને પણ અપલખણ છે. અરે..! સાંભળને હવે. એ તો આ અપલક્ષણ કહે છે. પ્રભુ! એ તો પહેલું કીધું કેવળજ્ઞાને અને અનંત ગુણે પરિપૂર્ણ છે, એ તો પ્રભુ છે, પણ પર્યાયમાં એના અપલક્ષણના પાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'આહાર,...' એની સંજ્ઞા વિનાનો, આહાર તો વિનાનો, પણ આહારની સંજ્ઞા વિનાનો. સંજ્ઞાથી ભિન્ન ભગવાન છે. આહાર લેવાની વૃત્તિ ને સંજ્ઞા જ્ઞાનનો ઉઘાડ એટલો એનાથી ભગવાન ભિન્ન છે આત્મા. આ વધારે આહાર ખાય, અમે વધારે ખાતા નથી, લ્યો. બે લાડવા ખાઈએ, ત્રણ ખાઈએ.. શું છે પણ આ? આહા..હા..! પચી જાય અમારે તો, અમે તો પથરા ખાઈએ તોપણ પચે અને તમારે તો દૂધ પીવો તોપણ શેરણા થઈ જાય. જમુભાઈ! અમે એટલે કોણ? તું કોને તને કહે છો? આહા..હા..! શરીરમાં, શરીરમાં એ તને છે આત્મા? ભગવાન આત્મા તો આહારસંજ્ઞા વિનાનો છે. અહીં તો એ કહેવું છે ને. આહારસંજ્ઞા ને આહાર લેવું ને આ પચ્યું ને ન પચ્યું ને એ વસ્તુમાં ક્યાં છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તમારે વાણિયામાં નથી આપતા આપણે આમ? ખાખરા. ઓલો ખાઈને બેઠો હોય. લેને. વ્હાલપ બતાવે. આહા..હા..! એ દ્વારા શોભા જાનની. ભાઈ! તારી જાનની શોભા તો અનંતા... અહીં કીધાને કેવળજ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ પ્રભુ છો એને તારે જાણવો, અનુભવવો એ તારી શોભા છે, બાકી બધા ઓભા છે. આહા..હા..! અરે..! એણે આત્મા શું છે, ઈ હું પોતે કેટલો, કેવડો ક્યાં છું એની એને ખબર નથી. બીજાના ગજ માપ્યા. મકાન આટલા લાંબા ને આટલા પૈસાની સંખ્યા ને... એય જેચંદભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઈ ઊંધું માનીને બેઠો એની વાત કરે છે અહીં લ્યો! સમજાણું કાંઈ? પોતાના શરીરમાં પચે નહિ ત્યારે, અરે..રે..! આવું મારું શરીર. આને આવું શરીર. .. ચણા કાચા ખાય તો પચી જાય. શું પણ છે હવે? એમાં તને થયું શું? અહીં તો મોસંબી ખાઈએ તો પચતું નથી. પણ કોને? એ તો જડ છે, હવે સાંભળને. આત્માને પચે ક્યાં ને અપચે ક્યાં? આત્મા તો જ્ઞાનાનંદમૂર્તિ છે એને જાણ, એને અનુભવ. આની માથાકૂટ ક્યાં માંડી આ તેં? વજુભાઈ! આહા..હા..!

**'આહાર, ભય સંજ્ઞા,...'** ભયથી ભગવાન રહિત **'મૈથુન સંજ્ઞા,...'** હોં! વિષયની મૈથુન વાસના. સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસનાથી ભગવાન પાર છે. વાસના તો વિકાર છે. ભગવાન આત્માનું સ્વરૂપ તો વિકાર રહિત ચિદાનંદ સ્વરૂપ છે. આહા..! સમજાણું કાંઈ? એવો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એને વાસ્તવિક તરીકે આત્મા જાણ, તને ધર્મ થઈને મુક્તિ થશે. એવા આત્માને જાણ્યા વિના આવા ભિન્ન ચીજને આત્મા જાણ, અધર્મ થઈને સંસાર રખડવાનો થશે. સમજાણું કાંઈ?

**'પરિગ્રહરૂપ સંજ્ઞા...'** પરિગ્રહની સંજ્ઞા હોં! પરિગ્રહ તો એનો નથી. ધૂળ પાંચ, પચ્ચીસ લાખના ધૂળ તો એની નથી. એ તો અજીવની માટીની છે, તારી ક્યાંથી ગરી ગઈ તારામાં? પણ આ મારા એવી સંજ્ઞા અંદર સંજ્ઞા ઊભી કરે એ પણ આત્માના સ્વરૂપથી ભિન્ન છે. કેમકે વિકાર છે. આહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી વધારે રળતા આવડેને એના અભિમાન પાછા. તમે નમાલા, તમને શું આવડે, અમે દુકાન હાથમાં રાખીએ, લગામ બધી આખી દુકાનની. ઓહો..હો..! ભડનો દીકરો ખરો અભિમાની. વલ્લભદાસભાઈ! તું પાશેર ઝેર ખા તો અધશેર ખાઉં. બહુ સારી વાત છે. અમે થડે બેસીએ તો આમ સરેડે ચાલે લ્યો! બરાબર કામ સરખું ચાલે. નમાલાને બેસાડ્યો હોય તો કાંઈ ત્રણ દિ'થી કોઈ ઘરાક આવતો નથી. બહુ સારી વાત છે. એ.. શાંતિભાઈ! એમ થાય કે નહિ? ભગવાનજીભાઈ! આહા..હા..! અરે..! ભગવાન, પ્રભુ! પણ તું કોણ ને ક્યાં સલવાણો? આ શું થયું તને આ? આ ભૂતડા શેને વળગ્યા શી

રીતે તને આ? ભગવાનને ભૂતડું વળગ્યું. પર્યાયમાં હોં! અંદરમાં નહિ. વસ્તુમાં ભૂતડું નથી, વસ્તુ તો વસ્તુ ભગવાનસ્વરૂપ આત્મા છે. અવસ્થામાં ભૂતડા વળગાડ્યા.

**'પરિગ્રહરૂપ સંજ્ઞા...'** કહો, **'ઈન સબોંસે ભિન્ન હૈ.'** આ આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ જ્ઞાન-ગોળો ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા છે અંદર. એ આ બધા વિકાર ને પરથી ભિન્ન છે. આ તો સમજાય એવું છે કે નહિ આ? **'યહાં ઉપાદેયરૂપ અનંતસુખકા ધામ...'** હવે કહે છે કે, આદરણીય શું છે અંદરમાં અંગીકાર કરવા લાયક? અંદરમાં દૃષ્ટિ કરવા લાયક, જ્ઞાનમાં જ્ઞેય કરવા લાયક, સ્થિરતામાં એમાં સ્થિરતા કરવા લાયક એવું ઉપાદેય અનંત સુખનું ધામ જે શુદ્ધ જીવ. અનંત સુખનું ધામ તો ભગવાન આત્મા પોતે છે. **'ઉસસે ભિન્ન જન્માદિક હૈ.'** એનાથી જન્મ-મરણ આદિ જુદા છે. **'વે સબ ત્યાજ્ય હૈં,...'** એ દૃષ્ટિમાં છોડવા લાયક છે. શ્રદ્ધામાં આ બધા નહિ એમ માનવા લાયક અને **'એક આત્મા હી ઉપાદેય હૈ,...'** ભગવાન અનંત જ્ઞાનથી પરિપૂર્ણ પ્રભુ એ જ અંદર શ્રદ્ધા, દૃષ્ટિમાં આદરણીય કરવા લાયક છે. આ કરવાનું ધર્મના કરનારને હોય તો આ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— રીત જ જાણી નથી તો રીત કરે ક્યાંથી? રીત જાણી નથી એ કરે ક્યાંથી? આ રીત છે કે, ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદથી પરિપૂર્ણ પ્રભુ, એ તારે અંદર શ્રદ્ધામાં આદરવા લાયક છે, એ સિવાય આ બધું ત્યાજ્ય છે. આ ઉપાદેય અને ત્યાજ્ય-હેયની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ?

**'યહ તાત્પર્ય જાનના.'** લ્યો! હવે જરી એવી રીતે વર્ણવે છે કે, એ બધું દેહનું છે, તારું નહિ. એમ કહે છે. તારા નહિ તો પછી કોના? કે, આ દેહના એમ કહે છે. ... બધું દેહ. આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહરૂપ સંજ્ઞા, શોક, ભય, સ્ત્રી, લિંગ આદિ બધું દેહ નામ પરવસ્તુ. આત્મા નામ અખંડ પૂર્ણ. આ બધું દેહનું, દેહની સ્થિતિ છે, તારી સ્થિતિ છે નહિ.

**'આગે જો શુદ્ધનિશ્ચયનયકર જન્મ-મરણાદિ જીવકે નહીં હૈં, તો કિસકે હૈં?'** નથી નથી તો કર્યું પણ છે કોના ત્યારે હવે? **'એસા શિષ્યકે પ્રશ્ન કરને પર...'** શિષ્યે પ્રશ્ન કર્યો ભગવાન! આ બધું આત્માનું નથી તો છે કોનું ત્યારે આ બધું? છે તો ખરું, અસ્તિ તો છે, છે ખરું ત્યારે આત્માનું નહિ ત્યારે છે કોનું? છે એને ક્યાંક નાખવું પડશે કે નહિ?

૭૦) देहहँ उब्भउ जर-मरणु देहहँ वण्णु विचित्तु।
देहहँ रोय वियाणि तुहुँ देहहँ लिंगु विचित्तु।।७०।।

**અન્વયાર્થ :— 'હે શિષ્ય, તૂ દેહકે જન્મ જરા મરણ હોતે હૈં,...'** દેહ જન્મે,

દેહની વૃદ્ધાવસ્થા, દેહ મરે. એ દેહના છે, ભગવાન આત્માના છે નહિ. આહા..હા..! **'દેહકે જન્મ જરા મરણ હોતે હૈં, અર્થાત્ નયા શરીર** (ધરના),...' નવું. **'વિદ્યમાન શરીર છોડના, વૃદ્ધ અવસ્થા હોના, યે સબ દેહકે જાનો, દેહકે અનેક તરહકે સફેદ, શ્યામ, હરે, પીલે, લાલરૂપ પાંચ વર્ણ,...'** એ દેહના વર્ણ જાણો આ. જડના રંગ ને આકાર જાણો, આત્માના નહિ. ભગવાન તો એનાથી જુદું તત્ત્વ છે.

**'અથવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, યે ચાર વર્ણ, દેહકે...'** લ્યો! ઓલો કહે અમે બ્રાહ્મણ, અમે બ્રાહ્મણમાં અવતર્યા. એલા બ્રાહ્મણ આત્મા કે દિ' હતો? એ બ્રાહ્મણ સંજ્ઞા દેહને છે, આત્માને નહિ. ભગવાન તો પરિપૂર્ણ જ્ઞાનાનંદ છે. આહા...! ક્ષત્રિય. અમે ક્ષત્રિય છીએ. ક્ષત્રિય તો શરીરની અવસ્થાને કહે છે. શરીરને છે, તું ક્ષત્રિય છો? અમે વાણિયા. અરે..! વૈશ્ય, વૈશ્ય આવ્યા. વલ્લભભાઈ! અમે વૈશ્ય છીએ, વેપારી છીએ, વાણિયા છીએ. ભગવાન આત્મા વાણિયો હશે? આહા..હા..! એ તો કેવળજ્ઞાનનો પિંડ છે, એકલો ચિદાનંદનો કંદ આત્મા તો છે. એને વૈશ્ય તારે ઠરાવવો છે? એ વૈશ્ય દેહને છે. એ દેહને છે વૈશ્ય, આત્માને છે નહિ. અને શુદ્ર હલકા ચંડાળ આદિ એ તો દેહના ભાવ છે, આત્માને શુદ્ર છે નહિ. ચાંડાળ, હરિજન ને ફલાણા એ દેહને છે, આત્મા ક્યાં હરીજન, ચંડાળ હતો. એ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનાનંદ એને તું આત્મા તરીકે જો, જાણ અને અનુભવ. એ સિવાય આ બધા દેહના એને તું દૃષ્ટિમાંથી છોડ, એનું નામ તાત્પર્ય અને ફળ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૭, સોમવાર, તા. ૧૫-૧૧-૧૯૬૫**
**ગાથા-૭૦, ૭૧, ૭૨ પ્રવચન-૫૧**

'પરમાત્મપ્રકાશ' પહેલા ભાગની ૭૦મી ગાથા, અહીં સુધી આવ્યું જુઓ! ચાર વર્ણ દેહના જાણ, દેહના. ત્યાં સુધી આવ્યું છેને? આ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એ દેહનો ધર્મ છે જડનો, આત્માનો નથી. દેહના છે, દેહના. આત્મા તો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ તે આત્માનું છે. **'દેહકે વાત, પિત્ત, કફ, આદિ અનેક રોગ...'** આ વાયુ, કફ અને પિત્ત આદિ રોગ એ દેહના છે, આત્માને નથી. આત્માને રોગ છે એમ માનવું એ ભ્રમણા મિથ્યાત્વ છે. આત્મા

જ્ઞાન, દર્શન, આનંદરૂપ છે, એને રોગ માનવો કે મને રોગ છે એ મિથ્યા અભિપ્રાય દૃષ્ટિ મિથ્યાત્વ, પાપ દૃષ્ટિ છે.

મુમુક્ષુ :— રોગ હોય ત્યારે?

ઉત્તર :— રોગ કોને રોગ? આત્માને રોગ છે નહિ ને હોય ત્યારે વળી શું? રોગ જ શરીરને છે. અજીવને રોગ છે એ જીવને છે એ માનવું એ જડ, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું?

'**દેહકે વાત, પિત્ત, કફ, આદિ અનેક રોગ દેહકે હૈ...**' દેહના રોગને ભગવાન આત્માનો માનવો એ વિપરીત માન્યતા ને અજ્ઞાન અને પાપદૃષ્ટિ છે. સમજાણું આમાં? એ અજીવની પર્યાયને જીવની માની. રોગાદિ જડની પર્યાય અવસ્થા છે એ જીવની માની એણે. વિપરીત માન્યતા ને મિથ્યાત્વનું મહાન પાપ છે. વળી, '**અનેક પ્રકારકે સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુસકલિંગરૂપ ચિન્હકો...**' એ દેહના છે. સ્ત્રીનો આકાર, પુરુષનો આકાર, પાવૈયા, હિજડા, નપુંસકનો આકાર એ તો દેહનો છે, આત્માનો નથી. હું સ્ત્રી, હું પુરુષ, હું નપુંસક એમ માનવું એ મિથ્યા દૃષ્ટિ છે. એને આત્મા શું ચીજ છે એની શ્રદ્ધાની ખબર નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**અથવા યતિકે લિંગકો...**' શરીરનો ભેખ નગ્નપણું. નગ્નપણું એ આત્માનું નથી, એ તો દેહનું છે. નગ્ન દશા, વસ્ત્ર રહિત દશા એ આત્માની છે એમ માનવું તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? મુનિને નગ્નલિંગ હોય, પણ નગ્નલિંગ તો જડની પર્યાય છે, આત્માની નથી. અને દ્રવ્યમન. અહીં '**દ્રવ્યમન...**' છે જડ રજકણોથી બનેલું. એ જડનું છે અને એ આત્માનું મન, મારું મન, મારું મન એમ માનવું એ પણ દેહને પોતાનો માનવા જેવું છે. કહો, સમજાણું?

**ભાવાર્થ :-** '**શુદ્ધાત્માકા સચ્ચા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ...**' શું કહે છે? વસ્તુ જે શુદ્ધ વસ્તુ છે, જ્ઞાન જેનું શરીર છે, આનંદ જેનું રૂપ છે એવો જે શુદ્ધાત્મા, વસ્તુ તરીકે શુદ્ધાત્મા એની સન્મુખ, એની સન્મુખ, એની સન્મુખની સમ્યક્શ્રદ્ધા, એના સન્મુખનું સમ્યક્જ્ઞાન, એના સન્મુખનું સમ્યક્-આચરણ એ અભેદરત્નત્રય, એને નિશ્ચયરત્નત્રય કહેવામાં આવે છે. નિશ્ચયરત્નત્રય એટલે મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. શુદ્ધ ભગવાન, શુદ્ધ ચૈતન્ય જ્ઞાન અને આનંદનું જેનું રૂપ ત્રિકાળી છે, એની અંતર સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ અભેદ રત્નત્રય મોક્ષનો માર્ગ એનાથી વિમુખ, એવા આત્માના સ્વભાવના સન્મુખ પરિણામથી વિમુખ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનઘન આનંદકંદ એ આત્મા, એની સન્મુખના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ એનાથી વિમુખ પરિણામ રાગ-દ્વેષ-મોહ, પુણ્ય અને પાપના ભાવ, શુભાશુભભાવ અને એ હું એવો મિથ્યાત્વભાવ. શુભ-અશુભભાવ અને મિથ્યાત્વ ભાવ એનાથી ઉપાર્જેલા કર્મ. શું કીધું? વસ્તુ જે આત્મા જેને કહીએ એ આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ અતીન્દ્રિય આનંદનો સ્વભાવરૂપ તે આત્મા. એની સન્મુખના

પરિણામ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના. એ પરિણામથી તો કર્મનું ઉપાર્જન ન થાય. એ પરિણામથી તો મુક્તિની દશા થાય. એવા ભગવાન આત્માના સન્મુખથી વિમુખ. સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના પરિણામથી વિમુખ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ અને એ મારા એ મિથ્યાત્વ ભાવ. એનાથી ઉપાર્જેલા કર્મ જડ. સમજાણું કાંઈ?

'**જો કર્મ ઉનસે ઉપજે જન્મ-મરણાદિ વિકાર હૈ,...**' એનાથી આ જન્મ, મરણ, રોગ, વાત, પિત્ત આદિ એનાથી ઉત્પન્ન થયેલા છે. '**વે સબ યદ્યપિ વ્યવહારનયસે જીવકે હૈં,...**' પર્યાયના સંબંધની અપેક્ષાએ રાગ-દ્વેષ આદિ છે, નિમિત્તથી, વ્યવહારથી. '**તો ભી નિશ્ચયનયકર જીવકે નહીં હૈં,...**' વસ્તુના સ્વભાવની ચૈતન્ય દૃષ્ટિથી જોતા, એ ચૈતન્ય દૃષ્ટિ-સમ્યગ્દર્શન-દૃષ્ટિથી જોતા એ જીવના છે નહિ. એ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કે શરીરની ક્રિયા કે સ્ત્રીલિંગ, પુરુષલિંગ કે નગ્ન લિંગ એ આત્માના નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ દેહ સંબંધી છે, એ બધા દેહના છે. પુણ્ય અને પાપના ભાવ વિકારી પરિણામ, જન્મ-મરણ, સ્ત્રી, પુરુષ, નપુંસકના લિંગો, યતિ લિંગ અને મન જડ એ બધા કર્મના, દેહના છે, આત્માના નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ દેહનો ધર્મ કોણે કીધું? કીધું ને પણ છે આ અસ્તિ છે એમ કહે છે અહીં. એ દેહનો ધર્મ નથી એમ કહે છે અને આત્મા એકલો છે એમ કહે છે. અહીં તો દેહનો ધર્મ, સ્વભાવથી વિપરીત પરિણામથી ઉપાર્જેલા કર્મ, એ કર્મથી થયેલા બધા ભાવો દેહમય છે, અસ્તિ છે, નથી એમ નહિ એમ કહે છે. ઓલા તો કહે, છે જ નહિ. બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા એમ નથી. દેહ છે, કર્મ છે, સ્વભાવ શુદ્ધ ચૈતન્યની વિમુખના પરિણામ મિથ્યાત્વ, રાગ-દ્વેષ છે, એનાથી બંધાયેલા કર્મ છે, એનાથી આ બધા સંયોગી ભાવ અને સંયોગી ચીજ છે, પણ એ બધું દેહનું છે. દેહનું અસ્તિત્વ, અજીવનું અસ્તિત્વ છે, એ જીવનું અસ્તિત્વ નથી. સમજાણું કાંઈ?

જીવના હોવાપણામાં-આત્માના હોવાપણામાં-એની સત્તામાં તો જ્ઞાન, દર્શન ને આનંદ એની સત્તામાં તો છે. અને એવી આત્મસત્તાની સન્મુખના પરિણામમાં તો નિર્વિકારી, અરાગી-વીતરાગી નિર્વિકલ્પ દૃષ્ટિ, શાંતિના પરિણામ હોય છે. એ પરિણામથી વિમુખ, ભગવાન આત્માના સ્વભાવથી વિમુખ. આ પરિણામથી વિમુખ અહીં તો કહ્યું. સમજાણું કાંઈ? આસ્રવભાવ, બંધભાવ એ આત્માના સન્મુખ પરિણામ-મોક્ષના માર્ગના પરિણામથી વિમુખ પરિણામ છે. સમજાણું કાંઈ? વસ્તુ જે છે શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, આનંદ જેનું શરીર એટલે વસ્તુ જેનું સ્વરૂપ. શરીર એટલે સ્વરૂપ. એના સન્મુખના પરિણામ તો નિર્મળ નિર્વિકારી વીતરાગી પર્યાય છે. એ વીતરાગી

પર્યાયથી વિમુખ જેટલા પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ શુભાશુભભાવ, એ મારા એવો મિથ્યાત્વભાવ, એનાથી થયેલા જડ કર્મો નિમિત્તથી અને એ જડ કર્મથી થયેલી આ બધી સામગ્રી. શશીભાઈ! ઈ અસ્તિ છે એમ સિદ્ધ કરવું છે. એ અજીવનું હોવાપણું અજીવપણે છે, પુણ્ય-પાપના ભાવ પણ અજીવભાવ સ્વભાવ છે, એ જીવસ્વભાવ નથી. પુણ્ય-પાપના ભાવ પણ અજીવ સ્વભાવ, કર્મ સ્વભાવ, દેહ સ્વભાવના ભાવ એને ગણવામાં આવ્યા છે. ચૈતન્ય ભગવાન આત્માના એ ભાવ નથી. આહા..હા..!

એવા જે કર્મથી થયેલો દેહ, રોગ, મુનિનું લિંગ, સ્ત્રી, પુરુષ લિંગ અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય-વાણિયા, શુદ્ર એ બધા કર્મના, દેહના ભેદ છે. એને આત્માના માનવા એનું નામ મિથ્યા વિપરીત માન્યતા છે. કહો, સમજાણું કાંઈ? આહા..! '**દેહસમ્બન્ધી હૈ એસા જાનના ચાહિયે. યહાં પર દેહાદિકમેં મમતારૂપ વિકલ્પજાલકો છોડકર...**' એ દેહ, લિંગ સ્ત્રી-પુરુષના ભેખ શરીરના અને બ્રાહ્મણ, વૈશ્ય આદિના જાતિ-વર્ણ અને પુણ્ય-પાપના ભાવ એનું મમત્વ છોડી એ હું, એ હું એમ મમત્વ છોડી, હું જ્ઞાનાનંદ સ્વભાવ છું. એવા વિકલ્પજાળને છોડી '**જિસ સમય યહ જીવ...**' એ શુભ-અશુભભાવ એ લિંગો, વર્ણ, એનું મમત્વ નામ એ મારા, એ મારા એવો ભાવ છોડીને. એ ભાવ છૂટે એટલે એ સમયે કેવો ભાવ થાય? શુભ-અશુભભાવ, લિંગાદિ, વર્ણાદિ ભાવ એનું મમત્વ છોડીને, એ મારા એમ ભાવ છોડીને ક્યો ભાવ થાય?

'**જિસ સમય યહ જીવ વીતરાગ સદા આનંદરૂપ સબ તરહ ઉપાદેયરૂપ નિજ ભાવોંકર પરિણમતા હૈ,...**' એ મમત્વ-આ મારા એમ દૃષ્ટિ છૂટી તો આ આત્મા મારો આનંદકંદ જ્ઞાયક એવી અંતર દૃષ્ટિ થતાં. જે સમયે એમ છે ને? યદા, તદા છે. છેને સંસ્કૃતમાં. યદા-આ જીવ એ પુણ્ય-પાપના ભાવની રુચિ છોડી, આ હું એમ પ્રેમ છોડી, શરીર લિંગ આદિ આ હું એમ પ્રેમ છોડી અને ભગવાન આત્માના પ્રેમમાં, પ્રીતિના રુચિમાં ગયો એટલે એને રાગ રહિત શ્રદ્ધા, રાગ રહિત જ્ઞાન, રાગ રહિત સ્થિરતાની અંશ દશા એવો વીતરાગ સદા આનંદરૂપ '**સબ તરહ ઉપાદેયરૂપ નિજ (આત્મા એના) ભાવોંકર પરિણમતા હૈ,...**' એવો આત્મા એના ભાવપણે નિર્વિકારપણે થાય છે ત્યારે એ આત્મા તેને ઉપાદેય જણાય છે. શું કહ્યું?

આ આત્મા વસ્તુપણે જ્ઞાયક ચિદાનંદ કંદ આત્મા પદાર્થ એનાથી વિમુખ પરિણામ જે વિકાર, મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ, એનાથી ઉપાર્જેલું કર્મ, એનાથી થયેલી આ નાત, જાત બધી સ્ત્રી લિંગ આદિ એની રુચિ છોડીને એટલે મમત્વ-આ હું એમ છોડીને, આ હું એમ છોડીને, આ હું, જે પરિણામે આ હું કહ્યું એ પરિણામ વીતરાગી પરમાનંદરૂપ પરિણમન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ હું આ 'મમ' છેને, મમ એટલે આ મારા. પુણ્ય,

પાપ, સંકલ્પ, વિકલ્પ, શરીર, વાણી, રોગ એ મારા એ તો મિથ્યાત્વભાવ હતો. એ મારાપણું છોડી આ હું જ્ઞાયક ચિદાનંદ જ્ઞાન-શરીર, આનંદસ્વરૂપ એમ એની સન્મુખે, જે વિમુખથી પરિણામ થતાં તેની મમતા છોડી સન્મુખથી જે પરિણામ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના થયા એ '**નિજ ભાવોંકર પરિણમતા હૈ,...**' એને પોતાના નિજ પરિણામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તબ અપના યહ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' એવા પરિણામના કાળમાં આ આત્મા ઉપાદેય થઈ જાય છે. સમજાણું કાંઈ? વસ્તુ આનંદ-શરીર જેનું આનંદરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરૂપ અને અતીન્દ્રિય જ્ઞાનરૂપ એના સન્મુખના પરિણામ વીતરાગી પરિણામ કરે ત્યારે તે આ આત્મા ઉપાદેય દૃષ્ટિમાં થયો. દૃષ્ટિમાં નક્કી થયો કે આ ઉપાદેય છે. એ વિના તો પુણ્ય ને પાપના રાગાદિ ભાવ આદરણીય છે એ માન્યતા તે મિથ્યાત્વભાવની માન્યતા છે. ઓહો..હો..! અરે..! કહો, નેમિદાસભાઈ! શું હશે આ? આવું ઝીણું, બહુ ઝીણું કાંત્યું છે. ન્યાલભાઈ!

ભાઈ! પણ જુઓને આમ વસ્તુ છેને, વસ્તુ છે કે નહિ? એક આત્મા મહાન પદાર્થ વસ્તુ છે કે નહિ? અરૂપી એટલે કાંઈ વસ્તુ નથી? એ તો રૂપ નથી, પણ વસ્તુ નથી? તો વસ્તુ છે, જેવી આ ચીજ છે એવી એ ચીજ છે. આ એક એક રજકણ તો એક પ્રદેશી છે, આ તો અસંખ્ય પ્રદેશી દળ છે આખું તત્ત્વ. જેમ પરમાણુને સ્વીકારવામાં આવે છે રૂપી છે માટે આ વસ્તુ છે. એમ જ આ આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો છે. ઓલો તો એક રજકણ છે અને આ (શરીર) ઘણા રજકણનો દળ આ એટલામાં અસંખ્ય પ્રદેશમાં આ બધા અનંત સમાણા છે. જેમ આ વસ્તુ છે, એમ સામે અંદર ચિદાનંદ જ્ઞાનઘન વીતરાગી મૂર્તિ પરમાનંદનો સ્વભાવ ભરેલો એ આત્મા અરૂપી વસ્તુ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ દેખાય છે ઈ પણ માને છે કે, આ દેખાય છે, કરવું શું એનું? જેના જ્ઞાનમાં જણાય છે કે, આ શરીર. ઈ જ્ઞાન જાણે છે કે, આ શરીર. કે શરીર જાણે છે? જ્ઞાન જાણે છે કે, આ શરીર. એ જ્ઞાન 'આ છું' એમ દૃષ્ટિ કરતો નથી. જેની મોજૂદગીમાં પર જણાય, જેની હયાતીમાં પર જણાય એ માને છે કે, આ છે પણ 'હું છું' એ માનતો નથી. શશીભાઈ! આહા..! ભારે ભાઈ! જેની હયાતી ભૂમિકામાં, જેની ભૂમિકામાં આ શરીર, આ રાગ, આ.. આ.. આ.. જેના હોવાપણામાં, સત્તામાં, અસ્તિમાં, જેના ઘરમાં, જેના ઘરમાં જણાય કે, આ છે. પર્યાય એનું ઘર છેને? એમાં આ જણાય. એ આ જણાય છે પણ હું 'આ છું' એવું એને પ્રતીત થાતું નથી. આહા..હા..! સમજાણું? આ આત્મા જેની ભૂમિકામાં આ જણાય એ જ ભૂમિકા દ્વારા અહીં જાય અંદર તો કહે છે કે, સ્વ પદાર્થની સન્મુખના વીતરાગી પર્યાય

થાય સમ્યગ્દર્શન, જ્ઞાન તે કાળે આ આત્મા આદરણીય થયો. નહિતર તો પુણ્ય ને પાપ ને રોગાદિ આદરણીય હતા, એની મમતા હતી એ તો મિથ્યાદૃષ્ટિ હતો. કહો, સમજાણું આમાં? હેં?

મુમુક્ષુ :— આવું નક્કી કરવાનું...

ઉત્તર :— દરકાર કરતો નથી, દરકાર નથી, નથી. જુઓ! આમ બહારની દરકાર કેટલી એને આમ બેસી ગઈ છે વાત. હું શરીર, અવાજ મારો આવો, કંઠ મારો આવો, આંખો મારી આવી. હરામ એક્કેય વસ્તુ એની હોય તો. પણ એને કેવું થઈ ગયું? મારી આંખો હરણ જેવી, મારા કાન આવા, મારું નાક, મારા દાંત બહુ પાકા.. મારા મારા (માને છે) જે એનામાં બિલકુલ નથી. કેવું બેસી ગયું છે એને. આ મારા દાંત, આ મારી જીભ, આ મારી આંખ, આ મારી ઇન્દ્રિય, આ મારી આંગળી, આ મારું શરીર, આ મારો ખંભો, આ મારો વાંસો, આ મારું મોઢા આગળ, આ મારા વાળ. એણે આમ જ લક્ષ કરીને એને 'મારું' એવું બેઠું છે એને ઉખેડીને ગુલાંટ મારવી છે એટલે મહાન પુરુષાર્થ છે એમાં. રંગાઈ ગયો છે રંગાઈ એમાં. આ શરીર પાતળું એ મારું, દાંત આવા કે મારા, આંખ કાચી પડી કે મને, આંખ સારી થઈ કે મને, ગુમડા થયા કે મને, રુઝાવા આવ્યું કે મને, ચામડી કાંઈ રૂપાળી થઈ કે મને, કાળી થઈ કે મને, શીતળા થયા કે મને, એમને એમ સુકાઈ ગયા તો મને. ઈ વાત એને ગોખવી પડે છે? એને નક્કી થઈ ગયું કે આમ જાણે. એ.. જેચંદભાઈ! ... એ ટાંગો નથી હાલતો કે મને, રોગ થયો કે મને. પણ તને એટલે તું કોણ? સમજાણું કાંઈ? આ દીકરો આવ્યો તો વાંઝિયા મહેણું તો મળ્યું (હતું) મને, મટ્યું મને, મળે ક્યાંથી? આમ ફટ ફટ રંગ તે એવો કે ફડાક દઈને અંદર.. એ જે મારા મારા આમ જેમ દૃઢ કરીને પડ્યો છે, ગુલાંટ ખાતા ભગવાન આત્મા મારું તો જ્ઞાન છે, મારો તો આનંદ છે, મારો તો અંતર પૂર્ણ અરૂપી અતીન્દ્રિય ગ્રાહ્ય વસ્તુ છે. અરૂપી છતાં મહાન પદાર્થ તો એ જ છે. જે બધા પદાર્થનો વિવેક કરી શકે એવો તો ઈ છે. જડમાં વિવેક કરવાની તાકાત છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... ઠીક ભાઈ! કોને ચડાવે? આહા..હા..! આ શું કહે છે આ?

ભાઈ! તું જ્યાં નથી ત્યાં તેં તારા પુરુષાર્થને દૃઢ અને પાકું કર્યું છે. એ પુરુષાર્થની ગતિ ફેરવ હવે. જ્યાં તું નથી ત્યાં તારા પુરુષાર્થને રાગમાં, પુણ્યમાં, પાપમાં, દેહમાં, રંગમાં, વેશમાં, લિંગમાં પાકું દૃઢ કર્યું છે ભાઈ! એ પાકો રંગ ઉખાડ હવે. જે કાળે ઉખેડે એ કાળે આત્મા ઉપાદેય છે એમ અહીં કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જિસ સમય યહ જીવ વીતરાગ સદા આનંદરૂપ...**' પોતે આત્મા. '**સબ તરહ**

**ઉપાદેયરૂપ નિજ ભાવોંકર પરિણમતા હૈ,...'** એવી પર્યાયપણે થાય છે. '**તબ અપના યહ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, એસા અભિપ્રાય જાનો.**' ત્યારે આત્મા અંતર અભિપ્રાયમાં આદરણીય જાણ્યો. સમજાણું કાંઈ? કહે છે, બીજાનું બળ એને અડતું નથી ને આપવાની વ્યાખ્યા શી? કહો. બીજાનું બળ એને અડે નહિ, એની પાસે આવે નહિ, એના પ્રદેશમાં પ્રવેશ કરે નહિ અને એ બળ આપે એનો અર્થ શું થયો? કે, પરથી મને કાંઈ કામ થાશે એવું થયું. ધર્મચંદજી!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઈ તો આ કહે છે.

ભગવાન આત્મા.. એને વિશ્વાસ આવતો નથી. કેમકે કેવડો, ક્યાં છે એને કોઈ દિ' વિચારીને મનન કરીને નિર્ણય કર્યો નથી. આ મહાન પદાર્થ, મહાન પદાર્થ જેના સત્તામાં હોવાપણામાં અનંત જ્ઞાનની પૂંજી, અનંત આનંદની મૂડી, અનંત વીર્યની શક્તિનું સત્ત્વ, અનંત-અનંત દષ્ટા આદિ પ્રભુતા આદિના ગુણો એવું આ જે દ્રવ્ય, એવું આ જે દ્રવ્ય એટલે કે એવો જે હું. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ ને જ્ઞાનના કાળમાં એ આત્મા ઉપાદેય વર્તે છે. આહા..હા..! એ ૭૦ થઈ. ૭૧.

'**આગે એસા કહતે હૈં કિ હે જીવ,તૂ જરા-મરણ દેહકે જાનકર ડર મત કર-**-' બી નહિ, બી નહિ (—ડર નહિ). શરીરની જરા અવસ્થા, રોગ અવસ્થા, આંખો ફૂટી, બી નહિ. એ તને નથી ને બીવે શું કરવા? કહે છે. જેચંદભાઈ! એમ કહે છે, શેની રાડ પાડે છે? કહે છે. કો'કને થાય અને તને રાડ ક્યાં આવી?

**૭૧) देहहँ पेक्खिवि जर-मरणु मा भउ जीव करेहि।**
**जो अजरामरु बंभु परु सो अप्पाणु मुणेहि।।७१।।**

ગુલાંટ ખાય છે બેય વાત.

**અન્વયાર્થ :—** '**હે આત્મારામ,...**' હે આત્મારામ, '**તૂ દેહકે બુઢાપા મરનેકો દેખકર ડર મતકર...**' આ દેહની વૃદ્ધાવસ્થા થતા એમ મતકર ડર (કે) અરે..! હું વૃદ્ધ થઈ ગયો. વૃદ્ધ છો? તું ક્યાં વૃદ્ધ છો? તું તો જરા વિનાનો છો. સામે શબ્દ પડ્યા છેને બેય? અજર-અમર પડ્યા છે. આમ જરા મરણ તો આ અજર-અમર. અહીં શું કહે છે? ભાઈ! તું દેહમાં બુઢાપા આ દાંત (આમ) થઈ જાય, એ બુઢાપો તને નથી, ડર નહિ. આહા..હા..! અહીં તો જુવાનને કહે છે જુવાની કરીને હરખ ન કર એમ કહે છે. અહીં તો દ્વેષની વ્યાખ્યા અત્યારે જરી લીધી. વૃદ્ધાવસ્થા દેખીને ડર નહિ કે હું વૃદ્ધ થઈ ગયો. તું તો જરા વિનાની ચીજ છો. જરા વિનાનો અજર, જરા વિનાનો અજર અને મરણ વિનાનો અમર. અજર-અમર ભગવાન

છો તું. એ જરા ને મરણથી ડર નહિ, ડર નહિ. જરા-મરણ તને નથી પ્રભુ તને નથી ત્રણકાળમાં. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં તો ડરવાની અપેક્ષા લીધી છેને એટલે જરા-મરણ લીધું અને જો રાગની અપેક્ષાએ લ્યો તો જુવાનીમાં અંદર આ જુવાની છે (એમાં) રાગ ન કર, ન કર. એ તારી ચીજમાં જુવાની નથી, તું તો ભિન્ન તત્ત્વ છો. સમજાણું કાંઈ? સાંઢડા જેવા શરીર આમ ધમ... ધમ... ધમ... ધમ... ધમ... ધમ (કરે એમાં) રાગ ન કર, એ પ્રેમ ન કર, એ તારામાં નથી, એ જુવાની તારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુવાનપણું શરીરનું દેખીને હું જુવાન ન માન, ન માન પ્રભુ! તું ન માન, તું જુવાન નહિ. વૃદ્ધાવસ્થા દેખીને હું ઝીર્ણ (થઈ ગયો) એમ ન માન, ડર નહિ, ભય ન પામ. ભગવાન અજર પડ્યો છે અંદર, જેને જરા અવસ્થા અડતી નથી. આહા..હા...!

વીસ વર્ષના રાજકુંવરો આમ હજારો રાણીઓની મધ્યમાં પડ્યા હોય સમકિતદષ્ટિ. અમે આ જુવાન એ અમે નથી, આ સ્ત્રીઓ અમારી નથી, આ વિકલ્પ ઉઠે એ અમારામાં તે નથી, એ બીજી ચીજ છે. અમે તો જ્ઞાનાનંદથી ભરેલા ભગવાન આત્મા છીએ. અરે..! આ જુવાન અને રાગ ને આ એ મારા સ્વરૂપમાં ગંધમાત્ર એની નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિ રાજકુમાર પચ્ચીસ વર્ષનો જેને ઘરે હજારો રાણીઓ હોય (એ એમ માને છે કે) અમે આમાં નથી, એ નથી, એ જ્યાં છે ત્યાં અમે નથી. આહા..હા..! અમે જ્યાં છીએ ત્યાં રાગ ને શરીર ને જુવાની નથી. સમજાણું કાંઈ? જુવાનથી જીવને ઓળખાવવો, મૂઢ છે. આહા..હા..! શરીરની વૃદ્ધાવસ્થાથી (ઓળખાવવો) કે, આ વૃદ્ધ થઈ ગયો જીવ. ભગવાન! એ લક્ષણ તારા નહિ. સમજાણું કાંઈ? આ મરી ગયો, ભાઈ! એ મરી ન જાય જીવ. સમજાય છે કાંઈ? એ તો અમર ચીજ છે. સમજાણું?

કહે છે કે, '**બુઢાપા, મરનેકો દેખકર ડર મતકર, જો અજર અમર પરબ્રહ્મ શુદ્ધ સ્વભાવ હૈ,...**' ભગવાન! તું વર્તમાનમાં વૃદ્ધાવસ્થા વિનાનો, મરણ વિનાનો (છો). ત્યારે છે શું? પરમબ્રહ્મ. એ તો પરમ આનંદમૂર્તિ આત્મા પોતે એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? ભાઈ! તું તો પ્રભુ છોને. એ પ્રભુતા, એ વૃદ્ધાવસ્થા દેખીને કેમ ડરે? એમાં વૃદ્ધાવસ્થા ક્યાં હતી ભાઈ? એ રોગ દેખીને હવે રોગને (લઈને) સડ્યો હું. એ સડ્યું તો શરીર એમાં હું સડ્યો એવું કેમ માને ઈ? સમજાણું કાંઈ? આમ જુવાની શરીરને ફૂટડી મૂછ નીકળી, આ મૂછ મને આવી. અરે..! ધર્મી જ્ઞાની આત્મામાં ક્યાં એ શરીર છે કે એને મૂછ આવે. આહા..હા..! સમજાણું? વાળ નથી થાતા, શું કહેવાય? આ વાળ ઉગે ઈ? .... વાળ વિનાનું શરીર હોય કેટલાકને. વાળ જ ઉગ્યા ન હોય જન્મથી. નામ આવ્યું હતું. છેને આ ભાઈનો દીકરો, મનસુખલાલનો

દીકરો, કરોડપતિનો દીકરો. પહેલેથી જન્મથી વાળ જ નહિ કાંઈ. એ માને કે હું (વાળ વિનાનો). એનું નામ છે કાંઈક શરીરનું, એવું એનું નામ છે. ... એ તું નહિ. અરે..! મને વાળ નહિ હોં! અરે..! મને વાળ નહિ. હવે વાળ વિનાની શોભા કાંઈ કહેવાય?

મુમુક્ષુ :— ગંજા.

ઉત્તર :— ગંજા ગંજા, બસ એ ગંજા લ્યો! એ ગંજા કહે એને. જન્મથી વાળ જ ઉગે નહિ. એ અહીં જોયો હતો, અહીં આવ્યો હતો. મનસુખલાલ તારાચંદ નહિ? આપણે આંખનું ઓપરેશન કર્યું હતું. એનો દીકરો અહીં આવ્યો હતો. જામનગરથી આવ્યો હતો. ... તદ્દન કાંઈ વાળ ઉગે જ નહિ પહેલેથી. લોંચ કરવાની મહેનત આવશે. એક જણો એમ કહેતો હતો ભાઈ! એને દેખીને એમ કહેતો હતો. અરે..! એને હજી લોંચનો ડર લાગ્યો હજી એને. આહા..હા..! ગંજો ગંજો. ઈ એમ જ પણ માને, બસ! બાયડી હોય તો કહે, મારે મૂછ ન હોય, આદમીને મૂછ હોય. પણ આ શું તું કહે છે? તારે અને કોઈને મૂછ ન હોય, એ શરીર જ ન હોય પછી વળી મૂછો ક્યાંથી લાવ્યો? પણ રંગાઈ ગયોને, રંગ લાગી ગયો એને. આહા..હા..!

અમારા અવયવ આવા ને ફલાણાના અવયવ આવા. અમારા એટલે શું? ભાઈ! એ શરીરના અવયવો તો જડના છે, એમાં અમારે આવા અને એને આવા એ ક્યાંથી લાવ્યો ઓળખાણ? આહા..હા..! ભગવાન આત્મા અજર, અમર, અરોગી–બહારના રોગ વિનાનો, બહારની ચામડી, વાળ વિનાનો અંતરના પૂર્ણાનંદ પરમબ્રહ્મવાળો આત્મા છે. આનંદમૂર્તિ આત્મા, અતીન્દ્રિય આનંદની ખાણ આત્મા છે. આ તે પણ કેમ બેસે? ... એવો ખોસી ઘાલ્યો ન્યાં. જેચંદભાઈ! જરી રોગ થોડો સાધારણ છે બાકી કાંઈ ન મળે, શરીરમાં કાંઈ છે? ત્યાં રાડ નાખી જાય, મરી જઈએ અહીંથી. ક્યાં ન્યાં માસીબા બેઠી છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીં તો મરતો નથી. ન્યાં પણ એવો ... વધારે આકુળતા કરે (તો) ન્યાં એવું મળશે શરીર. હાય હાય હવે? પણ દેખનારા તો નથી એટલું થાય ત્યાં. પણ દેખનારા એટલે દેખનારા ક્યાં તારા હતા? કે આ જાણીતા મને દેખે એમાં શરમ લાગે છે એમ માને. આ જાણીતા મને આમ ગરીબ દેખે, રોગી દેખે, .. દેખે, હાય..હાય..! પણ એ જાણીતા ઈ તારા જ ક્યાં છે. આહા..હા..! ભારે પણ ભ્રમ ઉભો કર્યોને માળે. માટે આપણે અજાણ્યામાં જાવું હવે. અજાણ્યામાં તું જાઈશને પણ તુંને? તું તો આવા દુઃખની મમતાવાળો ન્યાં ને ન્યાં એ મમતા હોળી ઊભી છે ન્યાં. શું તેં ફેરવ્યું? ધર્મચંદભાઈ! આહા..! અરે..! ભગવાન! તારી જાત તો જો.

કહે છે કે, **'ઉસકો તૂં આત્મા જાન.'** જુઓ! એ અંદર જ્ઞાન ને આનંદની મૂર્તિ ભગવાન

આત્મા એને આત્મા જાણ, બીજાને આત્મા ન જાણ. ભાઈ! એ ભૂલ થઈ (કે) ભગવાને પરને માન્યા. સમજાણું કાંઈ? અને એની હીનાધિકાયે હું હીનાધિક થઈ ગયો, સંયોગના હીનાધિકતાએ-વિપરીતતાએ હું અધિક અને વિપરીત થઈ ગયો. ભૂલ થઈ ગઈ તારી ભાઈ! આહા..હા..! તું તો પ્રભુ જ્ઞાનની મૂર્તિ છોને. તારું શરીર એટલે જ્ઞાન એટલે સ્વરૂપ, તારું સ્વરૂપ એટલે આત્મા એટલે જ્ઞાનશરીર, આનંદશરીર એ આત્મા છે. એ અરૂપી જ્ઞાનઘન છે. એને આત્મા જાણ, આ બધાને આત્મા જાણવું છોડી દે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'યદ્યપિ વ્યવહારનયસે જીવકે જરા-મરણ હૈં,...'** આ વ્યવહારથી કહેવાયને નિમિત્ત સંબંધથી. **'તો ભી શુદ્ધનિશ્ચયનયકર જીવકે નહીં હૈ,...'** એ દેહના જ છે. દેહના છે એ આત્માના કહેવા એ નિમિત્ત સંબંધે જ્ઞાન કરાવવા (કહ્યું), એ એની વસ્તુ છે નહિ. **'એસા જાનકર ભય મત કર,...'** એ ડર નહિ, ડર નહિ. શરીર મોળું પડી જાય. ઊંડો ઊંડો...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું પણ શરીર ... થયું કે આત્મા? ડાચા મરી ગયા હોય, આંખ ફૂટી હોય... એવા શરીરના કાળમાં બટકા ભરી ગયા હોય શિયાળીયા મુનિના શરીરના. આમ અંદરમાં ધ્યાનમાં પોતાનો આત્મા આનંદકંદ છે એના દૃષ્ટિમાં પડ્યા છે એમાં આવું થયું, એમાં ધારા આવી એકદમ ... ફડાક કેવળજ્ઞાન! ઓલું શરીર સરખું થઈ જાય. ઓલું સરખા થવા માંડ્યું એટલે શરીર સરખું થઈ જાય. આમ થયું, આમ થયું...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ સરખાઈ દવાની નથી, ન્યાં શરીર થઈ જાય એવું એનો એવો સ્વભાવ છે. ભગવાન આ સરખો થયો ત્યાં શરીર એવું એને કારણે થાય. સમજાણું કાંઈ? જેને વીતરાગ કેવળજ્ઞાન પ્રગટ્યું. શરીર પહેલું આમ હતું ખાડા ને આમ, એવું ન રહે હવે પછી. શરીર પણ આમ થઈ જાય... ફડાક .. જાઓ! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો આત્મા કોને કહેવો અને એને જાણવો એની વ્યાખ્યા છે. અહીં 'પરમાત્મપ્રકાશ' છેને, તો પરમ સ્વરૂપ ભગવાન આત્મા એના સ્વરૂપમાં જે હોય તે તારું, એ સિવાયનું બીજું તારું માન્યું છે એ ભ્રમણા છે, છોડી દે ભ્રમણા. એ માટે તો વાત ચાલે છે. જરીક કાંઈક થાયને, હાય..! મારે એકલા રહેવું, આ કરતા મરી જવું. ઘરમાં વીસ માણસ હોય ને ઓગણીસ મરી જાય અને એકલો રહ્યો હોય. પછી શું કરતો હશે? મરી જતો હશે? ...

મુમુક્ષુ :— એની પાસે હતા કે દિ'?

ઉત્તર :— હતા એક્કે કે દિ' હતો તારે? શરીર જ તારું નથી પછી ઓગણીસ ક્યાંથી

આવ્યા તારા? ભારે ભાઈ! આહા..હા..! કલ્પના.. કલ્પના.. કલ્પના... મારીને મારી નાખ્યા જગતને. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... અરે..! મારી બાયડી આ મરી ગઈ. પણ હતી કે દિ' તારે બાયડી? સાંભળને! અરે..! છોકરો આમ મરી ગયો, ફલાણું (થઈ ગયું). પણ હતો કે દિ'? એ એની અવસ્થાએ ત્યાં પૂરું થયું. તારામાં ક્યાં હતું ને તારા ક્યાં હતા? પણ મૂર્ખાએ મૂર્ખાઈ ઊભી કરી અને ગાંડાઈ વેદે છે પછી. ભીખાભાઈ! આહા..હા..!

કહે છે, '**તૂ અપને ચિત્તમેં એસા સમજ કિ જો કોઈ જરા-મરણ રહિત અખંડ પરબ્રહ્મ હૈ, વૈસા હી મેરા સ્વરૂપ હૈ,...**' એટલે કે હું જ '**શુદ્ધાત્મા સબસે ઉત્કૃષ્ટ હૈ,...**' એમ. મારો શુદ્ધાત્મા બધાથી ઉત્કૃષ્ટ છે, બધાથી ઊંચો છે, છે અંદર હોં! સંસ્કૃતમાં. '**सर्वोत्कृष्टस्तमित्थंभूतं परं**' હું જ સર્વોત્કૃષ્ટ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ (છું). પરમ મોટો ઉત્કૃષ્ટ સર્વોચ્ચ હું જ તે આખો, બીજો મારો કોઈ સ્વભાવ નથી. હું જ મોટો છું, મારે માટે ભગવાન પણ મોટા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

બહારની ચીજે મોટો કલ્પવો એ મૂઢ જીવ છે. સોજા ચડ્યા અને શરીરમાં નીરોગતા માનવી એ મૂઢ છે. એમ શરીર, પૈસા, બાયડી, છોકરાના ઢગલા દેખીને હું મોટો થયો. મૂઢ છો. એ તો બહારના ઢગલા વિષ્ટાના છે. આહા..હા..! અમૃતનો ઢગલો આત્મા અંદર છે. ખબર ન મળે, ખબર ન મળે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મફતનો મોહ ઉત્પન્ન કર્યો, ગરે ક્યાંથી? મોહની વ્યાખ્યા જ એ છે-નિષ્ફળ. એવી ભ્રાંતિ ઊભી કરી. વેદાંત કહે, કાંઈ નથી. એમ નથી. પણ એટલું તો છે. મોહ પણ નિષ્ફળ. એનો અર્થ (એ છે) ખરો, પણ સ્વરૂપમાં નથી માટે એને નિષ્ફળ કહીએ, પણ એ છે. આહા..હા..! એથી તો અહીં અસ્તિ બેય સિદ્ધ તો કરતા જાય છે. વ્યવહારથી છે, વ્યવહારથી છે, વસ્તુમાં નથી. નિમિત્ત સંબંધે છે, વસ્તુમાં નથી. નિમિત્ત સંબંધે આમ છે. રાગ, દ્વેષ, શરીર (બધું છે), વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

'**શુદ્ધાત્મા સબસે ઉત્કૃષ્ટ હૈ એસા તૂ અપના સ્વભાવ જાન.**' એવો ભગવાન આત્મા, એ જ્ઞાનને અંતરમાં વાળીને શુદ્ધતામાં આત્માને આદર કર એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ પ્રભુ અમૃતનો દરિયો અંદર પડ્યો છે. અતીન્દ્રિય અમૃતના રસના સ્વાદથી ભરેલો ભગવાન છે. શેરડીના બટકામાં જેમ સ્વાદ પડ્યો છેને, ચૂસે છેને આમ. આ ઓલા નથી ખાતા? કુલ્ફી, કુલ્ફી. આ તો એકલો અમૃતના રસની કુલ્ફી પડી છે આત્મા. અતીન્દ્રિય (આનંદના) રસની કુલ્ફી આત્મા. એ આત્માને તું આત્મા જાણ જ્ઞાનને, શ્રદ્ધાને સન્મુખ કરીને. આહા..! સમજાણું કાંઈ? મહિમા કરે નહિ ને મહિમા આવે ક્યાંથી? કરે નહિ ને આવે ક્યાંથી?

કહો હવે! મહિમા કરે નહિ ને મહિમા આવે ક્યાંથી? બે પ્રશ્ન ખરા ... મહિમા કરતો નથી અને મહિમા આવતી નથી. હવે એનો અર્થ શું? મહિમા કરતો નથી. આ મહિમા લાગી ગઈ છે. આહા..હા..! બે લાખ, પચાસ હજાર મળ્યા, અઢી લાખ, ત્રણ લાખ ધૂળ મળી. ચાર લાખ, પાંચ લાખ...

મુમુક્ષુ :— સંસારમાં ખોવાઈ ગયો.

ઉત્તર :— ખોવાઈ ગયો મમતાથી. મમતાથી ખોવાઈ ગયો, વસ્તુથી નહિ. અને બીજાને પણ એવો કલ્પે પાછો. એના ગજ પણ એવા. જુઓ! ભાઈ! એને પાંચ પાંચ છોકરા, બધા કહ્યાગરા, બધા હોશિયાર, રળાઉ થયા, એને પહોંચી વળ્યા. મારે હજી છોકરા નાના, હજી પહોંચી વળ્યા નથી, મારું શરીર મોળું પડ્યું. ભારે પણ આ તો ગજ! એનો ગજ જ ઊંધો છે. ભીખાભાઈ! નથી એના છોકરા, નથી એની પાસે કાંઈ આવ્યું. આ કલ્પી કલ્પીને ઊભું કરે છે. આહા..હા..! આ કાલ સવારે એ તો નાનો અમારા ગામનો માણસ હતો સાધારણ. એની પાસે પચાસ લાખ થઈ ગયા. અમારે ઘરે નોકર હતો, ત્યાં નોકર હતો, કામ કરતો, દાણા ફેરવતો ને ઢીંકણું... અત્યારે એની પાસે કરોડ રૂપિયા થઈ ગયા લ્યો! હવે એ બળતરા એને. પણ નથી થયા એને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નથી થયા, એને થઈ છે મમતા. સાંભળને! તું એમ જો કે એને થઈ છે મમતા અને એ આત્મા મમતા વિનાનો છે એમ જો. એ મમતાવાળો આત્માને જોવો પરનો, એને આત્માને જોતા આવડતું નથી. આહા..હા..! એ મમતાવાળો બીજાનો જોવો, એણે પોતાને પણ મમતાવાળો આત્માને જોયો છે. પણ આત્મા જ રાગ-દ્વેષ ને વિકલ્પ વિનાનો આત્મા, બધા આત્મા એવા જ છે. એને આ રીતે ન ઓળખ કે આવો મોટો ને આ પૈસા ને બાયડી ને રાગવાળો એમ ન ઓળખ. સમજાણું કાંઈ? શશીભાઈ!

ઘરે આમ પલંગ હોય ને આમ મકાન દશ લાખના, વીસ લાખના હોય ને આમ ચારે કોર.. છોકરા મોટા લોઢા જેવા આઠ જણા હોય મોટા લાંબા પાંચ હાથના, નીરોગી શરીર ને આહા..! હુકમ કરે. તમારે ક્યાં એકેય છે, પણ હોય એને આમ જાણે... હોય એના પણ નથી અને ન હોય એના પણ નથી. એ માટે તો અહીં વાત ચાલે છે. એને એ રીતે ઓળખવો.. આહા.. આહા..! બાદશાહી છે અત્યારે એને. એ દુઃખના ડુંગરમાં પડ્યો છે. તને ભાન ક્યાં છે? એ મારા મારા માનીને ભગવાનને ખોઈ બેઠો છે ઈ. ખોઈ બેઠો એમ ઓળખતો નથી ને એને મળ્યું એમ ઓળખ્યું શી રીતે તેં? ગુલાબચંદભાઈ! આહા..હા..! અને આ રીતે જોતા આવી દૃષ્ટિ તેં ક્યાંથી કાઢી? એ ખોવાઈ ગયો છે મમતામાં, પ્રભુ! એ આત્મા ખોવાઈ ગયો

છે, એમ તું જો.

આત્મા વસ્તુ છે. અખંડાનંદ પ્રભુ આત્મા પરમાત્મા કેવળીએ તીર્થંકર ભગવાને આત્મા કહ્યો એ તો પૂર્ણાનંદની અમૃતની મૂર્તિ છે. એ ખોવાઈ ગયો એને અને એને તું સારો મોટો કેમ માને છો પણ? સમજાણું કાંઈ? આહા..હા..! તને પણ એ રીતે તું માનતો હો તો એને તું માને છે એ તો ભ્રમણા તારી થઈ. પણ તને આત્મા ઓહો..! અમૃતનો પિંડ પ્રભુ અનાદિ-અનંત સચ્ચિદાનંદ ધ્રુવ એની જેટલી શુદ્ધતાની વૃદ્ધિ થઈ તેટલો મોટો. સમજાય છે કાંઈ? ગુણની વૃદ્ધિ, શુદ્ધતાની વૃદ્ધિએ મોટો એ મોટો. ગુણની પર્યાયે હીણો, હીણો ઓછો એ નાનો. બહારને કારણે નાના-મોટાપણું છે નહિ. આહા..હા..!

**'એસા તૂ અપના સ્વભાવ જાન.'** શુદ્ધાત્મા, શુદ્ધાત્મા. નજરમાં પ્રત્યક્ષ ન આવે પણ આમ ખ્યાલમાં આવે કે નહિ એને? આ આંખ વીંચે તો અંધારા ખ્યાલમાં નથી આવતા? આવે છે કે નહિ? ઈ કોના અસ્તિત્વમાં અંધારા ખ્યાલમાં આવ્યા? અંધારામાં અંધારું ખ્યાલમાં આવ્યું? અંધારુ અંધારામાં ખ્યાલમાં આવ્યું? એ જ્ઞાનમાં એ ખ્યાલમાં આવ્યું. એ જ્ઞાનમય ભગવાનને જો અંદર. જોનારને જો, જે એમાં જણાય તેને ન જો. એવો આત્મા, **'પાંચ ઈન્દ્રિયોંકે વિષયકો...'** પાંચ ઈન્દ્રિયના વિષયો. દેખો! શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. બેય હોં! અનુકૂળ, પ્રતિકૂળ બેય. એકલા વિષય એટલે એમ ન લેવું, આકરું પડે માણસને. ઈ પણ તકરાર. અરે..! આ તો ભગવાનને મૂર્તિને વિષય બનાવે છે. અરે..! સાંભળને! ભગવાનની વાણી વિષય છે,... સમજાણું કાંઈ? વિષય એટલે લક્ષમાં લેવા યોગ્ય આ વસ્તુ. આમ લક્ષમાં લેવા વસ્તુને છોડી આમ લક્ષમાં લીધા ગમે તે શુભાશુભ ચીજો કે કોઈ પણ વસ્તુ, એ પાંચ ઈન્દ્રિયના વિષયો એટલે બહારના તરફના શુભાશુભના લક્ષો છોડી દે એ.

**'સમસ્ત વિકલ્પજાલોંકો છોડકર...'** ત્યાંથી વિષય ફેરવ્યો એટલે એના લક્ષે થતાં સંકલ્પ ને વિકલ્પો છોડ દે. **'પરમસમાધિમેં સ્થિર હોકર...'** શાંતિમાં સ્થિર હોકર. સમાધિ શબ્દે શાંતિ. સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ એને અહીં પરમસમાધિ કહે છે. ભગવાન આત્મા પોતાની શાંતિની દૃષ્ટિ, શાંતિનું જ્ઞાન, શાંતિની (સ્થિરતા) એમાં રહીને, **'નિજ આત્માકા હી ધ્યાન કર,...'** આનું ધ્યાન કર... ધ્યાન કર... ધ્યાન કર... ધ્યાન કર. સમજાણું? આવે છે, નથી આવતું? 'દ્રવ્યસંગ્રહ'માં (ગાથા ૫૬) **'મા ચિટ્ઠહ મા જંવહ'** આવે છે. ઈ શ્રીમદ્દે ... શ્રીમદ્ ઈડરમાં હતાને, ત્યાં... એ ભગવાન આત્મા તરફના વલણનો ભાવ એને અહીંયા ધ્યાન કહે છે. એ ધ્યાન વડે આત્માને ધ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? **'યહ તાત્પયાર્થ હુઆ.'** લ્યો! એ એનું તાત્પર્ય છે કહે છે ગાથાનું. (૭૧મી ગાથા)

**'આગે જો દેહ છિદ જાવે,...'** આ દેહ છિદ જાવે, કટકા થાય, **'છિદ જાવે,...'**

છિદ્રો પડે, **'ક્ષય હો જાવે,...'** આમ પ્રવાહી થઈને ચાલ્યું જાય. સમજાણું? એક માણસ આમ દવાખાને ગયો, લોહી નીકળતું હતું. જ્યાં ન્યાં ગયો ત્યાં પૂંઠમાંથી લોહી બધું અધમણ નીકળી ગયું બધું, પૂંઠમાંથી અધમણ. થઈ રહ્યું, ખલાસ થઈ ગયો. જરીક લોહી નીકળે છે લાવ જાઈએ દવાખાને. એ દવાખાને ગયો ત્યાં એકદમ લોહી અધમણ (નીકળી ગયું). થઈ રહ્યું. પણ જવા દેને જાય ઈ, તું ક્યાં એમાં ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પછી રાખ્યા ન રહે હોં! ન્યાં પાટા-પીંડી બાંધશું તો રહેશે. ધૂળમાં પણ નહિ રહે, સાંભળને. એ જ્યાં અંદર ફેરફાર થયા ત્યાં આમ હરેરાટ હોં! આમ અધમણ લોહી એકસાથે. પાણી, લોહી, લોહી... થઈ રહ્યું. ... પૂરું થઈ ગયું. ઈ ક્યાં ફાટશે? કેમ થાય? એનો પર્યાય કેમ થાય? ઈ કાંઈ તારો છે? થવા દેને થાય ઈ. કહે છે, જોને અહીં આત્માને, એ કોઈ દિ' ક્યાંય જાય એવો નથી. આહા..હા..! **'ક્ષય હો જાવે, તો ભી તૂ ભય મત કર, કેવલ શુદ્ધ આત્માકા ધ્યાન કર, એસા અભિપ્રાય મનમેં રખકર સૂત્ર કહતે હૈં—'**

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૯, બુધવાર, તા. ૧૭-૧૧-૧૯૬૫**
**ગાથા-૭૨ થી ૭૪, પ્રવચન-૫૨**

'પરમાત્મપ્રકાશ'. પહેલા ભાગની ૭૨ ગાથા. અહીં આવ્યું જુઓ.

**અન્વયાર્થ :- 'હે આત્મા યહ શરીર છિદ જાવે,...'** એટલે બે ટૂકડાઓ થાય. શરીર તારી ચીજ નથી.

મુમુક્ષુ :— કોની ચીજ છે?

ઉત્તર :— જડની જડ. જડના બે ટૂકડા થાય એમાં તારે આત્માને શું છે?

મુમુક્ષુ :— જીવનું જડ નહિ?

ઉત્તર :— જીવનું જડ કે જડનું જડ?

મુમુક્ષુ :— જડનો માલિક નહિ?

ઉત્તર :— જડનો માલિક જડ. જડનો માલિક આત્મા (થાય તો) એ જડ થાય. શરીરના

ટૂકડા થાય તોપણ તું આત્મા છો, એમાં સમતા રાખ. એટલે કે આત્માની દૃષ્ટિ કર કે, મારા ટૂકડા થતાં નથી. જુઓ! હજી અહીં સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની વાત ચાલે છે. શરીરના ટૂકડા થતાં મારા થયા એ મિથ્યાદૃષ્ટિ માને છે. કેમકે આત્મા અને શરીર બે જુદી ચીજ છે. જુદી ચીજના ટૂકડા થતાં મારા થાય એ માન્યતામાં મોટી મિથ્યાત્વની દૃષ્ટિ છે. **'भिद्यतां'**--છિદ્ર પડી જાય શરીરમાં કાણા કાણા તોપણ ડર મત કર, ભય ન પામ. ભાઈ! એ તો જડના, જડના રજકણોમાં એ બધી પર્યાય થાય છે, તારામાં એ નથી. આ આમાં થતાં મારામાં થાય છે એ માન્યતા અસત્ય મિથ્યાદૃષ્ટિની છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ કરે છે માટે. આ શું કહે છે, ચાલે છે? મૂઢ થઈને કરે છે ભાન વિનાનો થઈને, એમ કહે છે.

હું આત્મા છું, મારું સ્વરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ આત્મા કહેવાય. એ આત્માને ન માનતા શરીરમાં છિદ્ર પડે, મને પડ્યા એ જડને પોતે માને છે આત્મા, આત્માને આત્મા માનતો નથી. ''**क्षयं यातु' નાશકો પ્રાપ્ત હોવે,...**' ઝીર્ણ થઈને કટકા થઈને છૂટું પડી જાય. '**તો ભી તૂ ભય મત કર, મનમેં ખેદ મત લા,...**' કેમકે ''**निर्मल आत्मानं' અપને નિર્મલ આત્માકા હી ધ્યાન કર,...**' આત્મા તો જ્ઞાનાનંદ, શરીરથી ભિન્ન છે. એવું અંતરમાં, લક્ષમાં લઈને એમાં એકાગ્ર થા. સમજાણું કાંઈ? આત્મા તો નિર્મળ જ્ઞાનાનંદ સ્વરૂપ છે, જ્ઞાન આનંદ આદિ સ્વરૂપ આત્મા છે એનું લક્ષ કરીને, તેને ધ્યેય કરીને ધ્યાન કર. આ મારા છે એમ માનીને જે હેરાન થાય છે મિથ્યાદૃષ્ટિપણે, એ છોડી દે.

'**અર્થાત્ વીતરાગ ચિદાનંદ શુદ્ધસ્વભાવ...**' આત્મા કેવો છે? આ આત્મા, અત્યારે આત્મા કહીએ એ કેવો છે? કે, પુણ્ય-પાપના રાગ રહિત ચિદાનંદ, પુણ્ય-પાપના રાગ રહિત જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ, એનો નિર્મળ સ્વભાવ (છે). '**તથા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત...**' આત્મા એને કહીએ કે, જે શરીર નોકર્મ, જડ આઠ કર્મ, પુણ્ય-પાપના ભાવ એ ભાવકર્મ એનાથી આત્મા જુદો છે. '**અપને આત્માકા ચિંતવન કર,...**' એના ઉપર લક્ષ બાંધ, એને ધ્યેય બનાવ, એને પોતાના સ્વરૂપ જાણીને એમાં દૃષ્ટિ કર. કહો, સમજાણું આમાં?

'**જિસ પરમાત્માકે ધ્યાનસે...**' જે ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ રાગ, પુણ્ય, વિકાર રહિત સ્વરૂપ આત્મા છે પોતે, એનું ધ્યાન કર. એની એકાગ્રતાથી ''**भवतीरम् प्राप्नोषि**' ભવસાગરને પાર પ્રાપ્ત થઈશ. સમજાણું કાંઈ? આ ચોર્યાશીના અવતારથી મુક્ત આત્મા છે. ચોર્યાશીના અવતારથી મુક્ત આત્મા છે. એવા મુક્ત આત્માનું ધ્યાન કરવાથી ચોર્યાશીના અવતાર ટળી જશે તને. આહા..! આ પ્રથમની વાત ચાલે હોં! કોઈ કહે કે, ઓહો..હો..! આટલું ક્યાં?

સમતા-બમતાનો પછી પ્રશ્ન, પણ એ દેહમાં થતાં મને થાય એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ વેદના જુદી વાત અને આ મારામાં મને થાય એ વાત જુદી. વેદના સહનશક્તિ ન હોય તો રાગ થાય, પણ આ મને થાય છે, મારામાં થાય છે એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શેની વાત ચાલે છે આ? આ શું ચાલે છે? આ હજાર વાર તો વાત ચાલે છે.

જ્ઞાનાનંદ, ચિદાનંદ સ્વભાવ તેની અંદર દૃષ્ટિ કર. જે આત્મા છે તેને જો, એને માન, એમાં ઠર એ એનો ઉપાય છે. વાત તો સાથે ભેગી ચાલે છે. વાત ઈ છે કે ઓલું છોડવું નથી અને એમને એમ રાખીને કાંઈક બીજો ઉપાય હશે? સમજાણું કાંઈ? જે પરવસ્તુ છે, જે આત્માની ચીજ નથી, એ ચીજમાં ટૂકડા છેદન, ભેદન કે અભાવ થતાં મારા છેદન, ભેદન થયું એ એની માન્યતામાં ભ્રમ ખોસ્યો છે એણે. એ માન્યતા (છોડી) પોતાના સ્વરૂપની દૃષ્ટિ કર. હું તો જ્ઞાન ને આનંદ છું. મારામાં રાગ નથી તો શરીર ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? ટૂકડા થતાં નબળાઈને લઈને સહનશીલતા ન હોય અને દ્વેષ થાય, છતાં એ દ્વેષ અને શરીર મારામાં જ નથી. સમજાણું કાંઈ? એ દ્વેષ અને શરીર, શરીર તો છે જ નહિ પણ એના લક્ષે જરી જે દ્વેષ થયો એ પણ સ્વરૂપમાં નથી. એવો આત્મા જ્ઞાનાનંદ ચિદાનંદમૂર્તિ આત્મા એને કહીએ. એ આત્માને તું માન, એને ઓળખ અને એની શ્રદ્ધા કર. એ સિવાય આ રીતે દુઃખ ટળશે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ?

ભગવાન ચિદાનંદ વસ્તુ છે. પરમાત્મા કેવળી તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ આત્માને પુણ્ય-પાપના આસ્રવથી, કર્મથી, શરીરથી ભિન્ન જોયો છે. ભગવાને એને આત્મા કહ્યો છે. અહીંયા હોં! આ આત્માને. આ આત્માને ભગવાને એવો જોયો, એવો કહ્યો, એવો જાણ્યો કે, એ આત્મા એને કહીએ. એ તો શરીર, કર્મ અને પુણ્ય-પાપના વિકાર રહિત આત્મા તેને આત્મા કહીએ. એવા આત્માને આના સહિત માનીને મને આમ થાય, મને આમ થાય. તું એટલે કોણ? તું તો આત્મા. શરીરના ટૂકડા થતાં મને થયા, એમાં છિદ્ર પડતા મને થયા, એમાં રોગ થતાં મને થયા. મૂઢ છો? તારી ભ્રમણાને લઈને તું દુઃખી થા છો, બીજું કોઈ કારણ નથી. કહો, સમજાણું આમાં? ભગવાન ચિદાનંદ પ્રભુ આત્મા જેને કહીએ એ પોતે જ પરમ સ્વરૂપ આત્મા છે. એના ધ્યાનમાં એને પ્રતીત કર, લક્ષ કર, ઠર એનાથી ભવતીર પામી જાઈશ, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :–** **'જો દેહકે છેદનાદિ કાર્ય હોતે ભી...'** છેદવું આદિ કાર્ય થાય એ તો જડમાં થાય. ટૂકડાનું કાર્ય એ તો પરમાણુ માટી આ તો શરીર ટૂકડા જડ છે એમાં થાય. આત્મા એને માને કે, મારામાં થાય. એ તો એની માન્યતામાં વિપરીતતા છે, દૃષ્ટિ જૂઠી છે. સમજાણું કાંઈ? **'હોતે ભી રાગ-દ્વેષાદિ વિકલ્પ નહીં કરતા,...'** એટલે કે એ ટૂકડા થાય

માટે મને મારામાં કાંઈ થાય છે એમ દ્વેષ કરતો નથી. અને આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાન છે એને ઉપાદેય જાણી અને આમાં કાંઈ થતાં તેનો જાણનાર રહે છે. આહા..હા..! ભારે વાત.

'**નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ...**' વસ્તુ... વસ્તુ... વસ્તુ. વસ્તુમાં અંતરમાં આ વસ્તુ, આ આત્મા, આ વસ્તુ—એમ આ વસ્તુમાં એમ એકાગ્ર થતાં એને નિર્વિકલ્પ દૃષ્ટિ થાય છે. શું કીધું? આ આત્મા, આ આત્મા—એમ આ આત્મા એમ થતાં એમાં રાગ ને પુણ્ય-પાપ મિશ્રિત વિનાની, રાગ વિનાની સમ્યગ્દૃષ્ટિ નિર્વિકલ્પ થાય (છે), એથી આત્મા આ છે એમ મનાય છે. એવા '**નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ...**' એટલે કે વસ્તુને વસ્તુ તરીકે સ્વભાવ શુદ્ધ છે તે મહાન જ્ઞાન આદિ આનંદનો સાગર આત્મા એને એના તરફનો 'આ આત્મા' એમ દૃષ્ટિ કરે ત્યારે એને રાગની એકતા તૂટી અને સ્વભાવની એકતારૂપી નિર્વિકલ્પ દૃષ્ટિ થાય. એનાથી આત્મા જાણ્યો, માન્યો જાય. સમજાણું કાંઈ? કહો, રતિભાઈ!

'**નિર્વિકલ્પભાવકો પ્રાપ્ત હુઆ...**' એટલે? એ શુદ્ધ આત્મા પરમાનંદની મૂર્તિ એના ઉપર જ્યાં દૃષ્ટિ થઈ એટલે નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ. એવા ભાવને પ્રાપ્ત થયો થકો '**શુદ્ધ આત્માકો ધ્યાતા હૈ,...**' એમ કહે છે. એવું અંતરમાં એકાગ્ર થયો ત્યારે જ આત્માનું ધ્યાન યથાર્થ થાય છે એટલે. આ આત્મા છે એમ એને અનુભવમાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? '**વહ થોડે હી સમયમેં મોક્ષકો પાતા હૈ.**' ભગવાન આત્મા જેને આત્મા કહીએ એમાં, જ્ઞાન ને આનંદ, નિર્દોષ વીતરાગતાથી ભરેલો પદાર્થ એને આત્માને આ આત્મા એમ દૃષ્ટિ થાય ત્યાં એની વિકલ્પની એકતા તૂટી જાય. એથી કહ્યું કે, નિર્વિકલ્પ રાગ વિનાની વસ્તુ સ્વભાવને માનવા જતાં રાગ વિનાની દૃષ્ટિ થાય ત્યારે તે માની શકે છે. સમજાણું કાંઈ?

લ્યો, આ ઉપાય કીધો સાથે. આ આત્માને દુઃખથી મુક્ત થવાનો. આ શરીરમાં છિદ્ર થાય, ભેદ થાય, ધૂળ થાય એ મારામાં નથી એમ ક્યારે માને? કે, મારામાં ચિદાનંદ સ્વરૂપ તે હું એમ અંતર્મુખની દૃષ્ટિ કરે ત્યારે અંતર્મુખની દૃષ્ટિમાં રાગાદિ મારા નથી એમ આવતા શુદ્ધાત્મા હું છું એમાં અંતરની એકાગ્રતા થાય, એ નિર્વિકલ્પ એકાગ્રતામાં આત્મા ધ્યાનમાં આવ્યો કહેવાય. આહા..હા..! કહો, સમજાણું આમાં? અલ્પ કાળમાં એ વિકાર ને કર્મ ને શરીરથી રહિત થઈ પરમાત્મા થશે. કહો, સમજાણું કાંઈ?

'**આગે એસા કહતે હૈં, જો કર્મજનિત રાગાદિભાવ ઔર શરીરાદિ પરવસ્તુ હૈં, વે ચેતન દ્રવ્ય ન હોનેસે નિશ્ચયનયકર જીવસે ભિન્ન હૈં, ઐસા જાનો—**' ૭૩.

**७३) कम्महँ केरा भावडा अण्णु अचेयणु दव्वु।**
**जीव-सहावहँ भिण्णु जिय णियमिं बुज्झहि सव्वु।।७३।।**

**અન્વયાર્થ :—** 'હે જીવ,...' પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ફરમાવે છે, એમ સંતો ફરમાવે છે. હે આત્મા! '**કર્મોંકર જન્ય રાગાદિક ભાવ...**' એ કર્મના જડના સંબંધમાં આવતા, જડના સંબંધમાં સ્વભાવના સંબંધથી છૂટતા, ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મા એના સંબંધથી છૂટતા, જડના સંબંધમાં આવતા પુણ્ય અને પાપના રાગ-દ્વેષ ભાવ થાય. '**ઔર દૂસરા શરીરાદિક અચેતન પદાર્થ...**' અને બીજું શરીર. બે વાત. જડ કર્મના સંબંધમાં આવતા અંતરમાં સ્વભાવનો સંબંધ સંગ છોડીને કર્મના સંગમાં જોડાતા દયા, દાન, પુણ્ય, પાપ, કામ, ક્રોધ વિકાર થાય એ અને બાહ્યમાં શરીરાદિ અચેતન. '**ઈન સબકો નિશ્ચયસે જીવકે સ્વભાવસે જુદે જાનો,...**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બેય બે લીધા, બે લીધાને. દૂસરા લીધાને. કર્મોંકર રાગાદિ અને ચૈતન્ય દ્રવ્ય બે, બે વાત લીધી. એક શરીરાદિ અને કર્મના સંબંધે થયેલો વિકાર એમાં કર્મ આવી ગયું. એનાથી જીવને-જીવ સ્વભાવ જુદો જાણ. ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ આત્મા એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ, આત્મા એટલે અવિનાશી જ્ઞાન આનંદની શક્તિ-સ્વરૂપ એનાથી કર્મના સંબંધે થયેલા વિકલ્પોની જાળ, કર્મ એમાં આવી ગયા અને અચેતન શરીર એનાથી આત્મા જુદો જાણ. આહા..હા..!

'**જીવકે સ્વભાવસે જુદે જાનો,...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**અર્થાત્ યે સબ કર્મકે ઉદયસે ઉત્પન્ન હુએ હૈં,...**' આત્મદ્રવ્ય વસ્તુમાંથી પ્રગટ થયેલો એ ભાવ નથી વિકાર ને શરીર. ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ આનંદ એના દ્રવ્યસ્વભાવમાંથી વિકાર ઉત્પન્ન થયેલો નથી. એ પુણ્ય-પાપના શુભ, અશુભ, દયા, દાન, કામ, ક્રોધના ભાવ કર્મના સંબંધે, લક્ષે ઉત્પન્ન થયેલા એ અચેતન છે અને શરીર અચેતન છે. બેયથી ભગવાન ચેતનસ્વભાવ જુદો છે. સમજાણું કાંઈ?

આમ શરીરથી ચેતન જુદું અને વિકાર સ્વભાવથી એનો ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ જુદો. શરીરથી, કર્મથી ચેતન દ્રવ્ય જુદું અને વિકારથી ચૈતન્યનો જ્ઞાનાનંદ સ્વભાવ જુદો. સમજાણું કાંઈ? ગાંઠ-મડાગાંઠ વળી ગઈ હોયને આમ. મડાગાંઠ નથી સાંભળી? આ શિયાળાના ઠંડા હોય, બહુ ટાઢ હોય ને નીકળેને આ કણબીઓ, શું કહેવાય આ? હળ લઈને. પછી ઓલું હોયને હળનું... ન્યાં આમ બેસી જાય. એમાં એવા ઠરી જાય કે ન્યાં ને ન્યાં મરી જાય. લાકડું હોયને લાકડું પકડી લે. એમ આ રાગ પુણ્ય-પાપના ભાવ, શરીરને એવી ગાંઠ વાળી દીધી છે કે, એ મારા. મડાગાંઠ ત્યાં ચોંટી ગયો છે એમ કહે છે. 'જામનગર'માં ઓલો દરવાજો છેને? કાળાવડનો દરવાજો બંધ હતો. બહુ ટાઢ પડી. એક બિચારો કણબી ઝટ સવારમાં જાઉં ગરી (જાઉં).

બહાર હતો. પણ એ બહાર (હતો), ઉઘાડતા વાર લાગી તો એવી ઠંડી લાગી કે એમને એમ મરી ગયો ત્યાં ને ત્યાં.

આ પુણ્ય ને પાપ જે કર્મ સંબંધી વિભાવ અને કર્મના સંયોગે થયેલું શરીર જે અચેતનની જાત છે બધી, એને હું એમ માનીને મડાગાંઠ મિથ્યાત્વની વાળી છે એણે. કહો, ભીખાભાઈ! આહા..હા..!

કહે છે કે, એ ભગવાન આત્મા એને '**યે સબ કર્મકે ઉદયસે ઉત્પન્ન હુએ હૈં, આત્માકા સ્વભાવ નિર્મલ જ્ઞાન દર્શનમયી હૈ.**' એ તો જાણનાર-દેખનાર, જાણનાર-દેખનારનું સ્વરૂપ તત્ત્વ છે એ તો. એને આ વિકાર અને અચેતનથી ભિન્ન જાણ. એને જાણ, એમાં શ્રદ્ધા કર અને એમાં ઠર. ભવભ્રમણ રહેશે નહિ. ખુબી શું નાખી છે? જુઓ! ખુબી એ નાખી છે ટીકામાં થોડી.. ભાવાર્થ એ છે કે મિથ્યાત્વ કે પુણ્ય-પાપના ભાવ એ મારા એ મિથ્યાત્વભાવ છે. શુભ-અશુભભાવ મલિન પરિણામ એ આત્માના નિર્મળ સ્વભાવમાં (છે એમ માનવું) એ મિથ્યાત્વ ભાવ છે. અવ્રત ભાવ—રાગનો ત્યાગ નહિ એવી આસક્તિ ભાવ, વિકાર. આ એક સમયમાં પાંચ છે એમ સિદ્ધ કરવું છે, ધ્યાન રાખજો. કષાય. પ્રમાદ—સ્વરૂપમાં સ્થિરતા નહિ ને રાગભાવ પ્રમાદ પરિણામ, કષાય પરિણામ, યોગ એ પાંચ એક સમયમાં પાંચ વિકારની પર્યાય છે.

'**યોગોંકી નિવૃત્તિરૂપ પરિણામ હૈ,...**' આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ એની એક સમયમાં, સેકન્ડના અસંખ્ય ભાગમાં માન્યતા જે વિપરીત—આ જ્ઞાયકની રુચિ છૂટી ને રાગની રુચિ, શરીરની રુચિ એટલે એ હું એવો મિથ્યાત્વ ભાવ, અવ્રત ભાવ, પ્રમાદ, કષાય, યોગ એ પાંચેય એક સમયની પર્યાય (છે). ભગવાન આત્મા એનાથી નિવૃત્તસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ પાંચ પ્રકારની મિથ્યાત્વ આદિની પર્યાય વિકૃત ભાવ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ. ભગવાન આત્મા એ જ સમયમાં એનાથી નિવૃત્તસ્વરૂપ છે.

એ પાંચ પ્રકારના પરિણામવાળો આત્મા નથી. સમજાય છે કાંઈ? એ પાંચ પ્રકારના પરિણામવાળો આત્મા (એમ માનવું) એ મિથ્યાદૃષ્ટિપણું છે. આહા..! અંદર (શબ્દાર્થમાં) તો શરીર નાખેલું, આમાં વળી આ નાખ્યું. ટીકામાં છેને. સમજાણું કાંઈ? વસ્તુ શુદ્ધ જ્ઞાનઘન, સિદ્ધ સ્વરૂપ (છે). જેવા સિદ્ધ ભગવાન છે એવો જ આત્મા દ્રવ્ય છે વસ્તુ. એ વસ્તુમાં કાંઈ ઓછપ નથી. એવી વસ્તુની એક સમયની પર્યાયમાં, પર્યાય એટલે અવસ્થા મિથ્યાત્વભાવ એ પુણ્યના પરિણામ એ મારા, પાપ પરિણામ મારા એ મિથ્યાત્વભાવ. અવ્રત—સ્વરૂપમાં સ્થિરતાનો અભાવ એવો અવિરતભાવ, પ્રમાદભાવ, કષાયભાવ, યોગભાવ—એ પાંચે એક સમયની વિકૃત વિભાવી દશા છે. એ મારા માનવા એ મિથ્યાદૃષ્ટિ છે. શરીર ક્યાંય રહી ગયું આઘું. સમજાણું

કાંઈ?

એ પાંચ પ્રકારની મિથ્યા આદિની પર્યાય અંતર સ્વરૂપમાં નથી. જ્ઞાનાનંદ સ્વભાવમાં તેની એકતા નથી, એકતા નથી. એવી પાંચ પ્રકારની પર્યાયથી લક્ષ, ધ્યેય, અવલંબન, આશ્રય છોડી દઈને શુદ્ધ જ્ઞાનઘન આત્માનું લક્ષ, ધ્યેય અને અવલંબન કરીને. એટલે પાંચ પ્રકારની પર્યાયથી નિવૃત્તરૂપ. છેને? જે પરિણામ છે, તે પરિણામ કાળે-તે કાળે શુદ્ધાત્મા ઉપાદેય છે. '**ઉસ સમય શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ.**' શું કહ્યું? કે, ભગવાન આત્મા વસ્તુ એની એક સમયની દશામાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ પરિણામ, એ પરિણામને ઉપાદેય માન્યા એ મિથ્યાત્વ. ત્યાં આત્મા શ્રદ્ધામાં આવ્યો નહિ, આત્માને એણે માન્યો નથી.

આત્મા માન્યો ક્યારે, ક્યા કાળે કહેવાય? કે, એ પાંચ પરિણામના લક્ષને, ધ્યેયને, અવલંબનને છોડી, જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ આ છું એમ પાંચથી નિવૃત્ત થઈ અને જે પરિણામ સ્વભાવ સન્મુખ થયા એ પરિણામને કાળે આત્મા ઉપાદેય છે. સમજાણું કાંઈ? ઉપાદેય સમજાણું? જે આ મિથ્યાત્વાદિ પર્યાય ઉપાદેય (થઈ છે), ઉપાદેય એટલે મારા ભાવે માન્યા હતા. એ આત્મા માન્યો ત્યારે કહેવાય (કે) એ પાંચ પરિણામની રુચિ, પ્રેમ, લક્ષ, ધ્યેય, અવલંબન છોડી આ વસ્તુ જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્યઘન એના અવલંબને ઉત્પન્ન થયેલા, પાંચ પરિણામથી નિવૃત્તરૂપ પરિણામ એ પરિણામના કાળમાં આત્મા આ છે એમ માન્યો જાય છે. સમજાણું કાંઈ? આમ આત્મા આત્મા નહિ, કહે છે અહીં તો. આહા..હા..!

આ આત્મા છે એમ માન્યા ક્યા પરિણામે કહેવાય? કે, જે પરિણામ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાયના યોગના એક સમયના હતા એ પર્યાયના અંશ બુદ્ધિમાં પડેલો એને વિકાર ઉપાદેય છે, એને આત્મા આદરણીય નથી. એ પાંચ પર્યાયનો એક સમયનો કાળ તેના તરફની રુચિ, લક્ષ, ધ્યેય, અવલંબન છોડી ધ્રુવ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે એમાં અંતર પાંચ પરિણામથી નિવૃત્ત પરિણામ સ્વભાવ સન્મુખના પરિણામ કાળે આ આત્મા ઉપાદેય માન્યો જાય છે. સમજાણું કાંઈ? એ.. જમુભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વિના ઉપાદેય શું પણ ઉપાદેય? રુચિમાં તો રાગને આદર માને છે ત્યાં વળી આત્મા ઉપાદેય ક્યાં આવ્યો? એમ કહે છે અહીં તો. પુણ્ય-પાપના ભાવ ગોઠે છે, મીઠાશ છે. સમજાય છે? રાગના ભાવમાં, પુણ્યના ભાવમાં, પાપના ભાવમાં મીઠાશ, મજા, ઠીક, હિત, ઠીક પડે છે એવો ભાવ જ્યાં છે ત્યાં તો આત્માનો અનાદર છે, મિથ્યાત્વ ભાવ છે. સમજાણું કાંઈ?

એ ભાવના અભાવ કાળમાં, એ ભાવના અભાવ કાળમાં એ પાંચ પ્રકારના મિથ્યાત્વ આદિ

પરિણામનો અભાવ કાળ. આમ સ્વભાવ સન્મુખના કાળમાં એનાથી નિવૃત્તિરૂપ પરિણામ થયાં તે પરિણામને કાળે આ આત્મા અનુભવમાં આવે છે, ત્યારે એને આત્મા ઉપાદેય થયો. આહા..હા..! છેને? ઉપયોગ નિવૃત્તિ પરિણામ કાળે. આ ભાષા ખૂબ આમાં લેશે. એ હેતુ છે. વસ્તુ છેને. તે વખતે. તેમ આવેને, ૧૪૩-૧૪૪ (ગાથા, સમયસાર). તે વખતે સમ્યગ્દર્શન, જ્ઞાન નામ પામે છે. વાહ! તદા કાળે, યદાત્વે. જાણ્યો જાય છે. ભગવાન આત્મા માન્યો ક્યારે જાય? કે, આ પાંચ પ્રકારની પર્યાયનો પ્રેમ રુચિ છોડી જ્ઞાયક સ્વભાવ, આ સ્વભાવ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એની સન્મુખના અને મિથ્યાત્વાદિ પાંચ પરિણામના નિવૃત્તરૂપ, નિવૃત્તરૂપ અને સ્વભાવના સન્મુખની પ્રવૃત્તિરૂપ પરિણામ કાળે આત્મા જાણ્યો જાય છે. સમજાણું કાંઈ?

'**યોગોંકી નિવૃત્તિરૂપ પરિણામ હૈં, ઉસ સમય શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ.**' કહો, યોગોની નિવત્તિ ચૌદમે થાય. અહીં તો એ મિથ્યાત્વના એ પર્યાયનો એક સમય જે છે,... બસ. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ ધ્રુવ જ્ઞાનાનંદ ઘન ભગવાન એના પરિણમનમાં-પર્યાયમાં વિપરીત માન્યતા (એટલે કે) એ પુણ્ય તે મને મીઠાશ, મજા એ મિથ્યાત્વભાવ છે. કેટલાક એમ કહેને, અમારે ભોગની વાસના તો પર છે, હવે આવી એમાં શું? બહુ સારી વાત છે, સાંભળ. એ વાસનામાં જેને મીઠાશ છે, મજા છે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? પાપના પરિણામ હિંસા, જૂઠું, ચોરીના થાય અને એમાં એને ઠીક લાગે. કેમ ઠીક લાગે? કે, આમ ચિદાનંદ સ્વરૂપ છે એ ઠીક લાગ્યો નથી. જ્ઞાનાનંદસ્વભાવ વસ્તુ જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ એ ઠીક લાગ્યો નથી. એટલે એને પુણ્ય અને પાપના ભાવમાં ઠીક લાગે છે. એ ઠીક લાગે છે ત્યાં હિતરૂપ દૃષ્ટિએ પડ્યો છે. એને મિથ્યાત્વભાવ, પર્યાયબુદ્ધિભાવ, એને અજ્ઞાનભાવ કહે છે. એ કાળે તો એ જ આદરણીય છે. શું કીધું? આહા..હા..!

એ પર્યાયના અંશના સમયની રુચિ (છોડતા) એ પાંચ પ્રકારના પરિણામથી નિવૃત્તરૂપ પરિણામ થયા અને સ્વભાવ શુદ્ધ જ્ઞાનઘન તેની પ્રવૃત્તિરૂપ પરિણામ થયા, એમાં પ્રવૃત્તિ થઈ. અહીંથી નિવૃત્તિ થઈ. આત્માથી નિવૃત્તિ હતી અને મિથ્યાત્વ રાગ-દ્વેષની પ્રવૃત્તિની પ્રવૃત્તિ હતી. છોટાભાઈ! એ મિથ્યાત્વભાવ હતો. ભારે વાત ભાઈ! એ પરિણામની નિવૃત્તિ, ભગવાન પરમ સ્વભાવ આનંદના ભાવના આદરરૂપ પરિણામની પ્રવૃત્તિ. સમજાણું કાંઈ? એ કાળે શુદ્ધાત્મા જ ઉપાદેય છે. આહા..હા..! હવે ૭૪.

'**જ્ઞાનમય...**' જ્ઞાન પ્રભુ આત્મા એકલો ચૈતન્યપ્રકાશનો સ્વભાવ. જ્ઞાન ચિદ્ઘન જ્ઞાનમય એવો આત્મા એનાથી '**ભિન્ન પરદ્રવ્યકો છોડકર...**' એ જુદા પરપદાર્થને છોડી, '**તૂ શુદ્ધાત્માકા ધ્યાન કર,...**' એના લક્ષને છોડી તું પરમાત્મા સાથે દોર બાંધ. પરમાત્મા એટલે તું હોં! પાછો.

૭૪) अप्पा मेल्लिवि णाणमउ अण्णु परायउ भाउ।
सो छंडेविणु जीव तुहुँ भावहि अप्प-सहाउ।।७४।।

**અન્વયાર્થ :–** હે જીવ! '**હે જીવ તૂ જ્ઞાનમયી આત્માકો છોડકર...**' આહા..હા..! જ્ઞાન સ્વભાવમય આત્મા એમ લીધું. જ્ઞાન સ્વભાવમય આત્મા. એ પુણ્ય-પાપના વિકલ્પ, શરીરમય આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ જ્ઞાનમય-ચૈતન્યના સ્વભાવમય આત્મા એને છોડીને. '**અન્ય જો દૂસરે ભાવ હૈં, ઉનકો છોડકર અપને શુદ્ધાત્મ સ્વભાવકો ચિંતવન કર.**' ચિંતવન શબ્દે અહીં વિકલ્પ નથી. શુદ્ધાત્મા અંતરમાં દૃષ્ટિ નિર્વિકલ્પ કર એનું નામ આત્મા ને એને ચિંતવન કર એમ કહેવામાં આવે છે. એટલે શું? કે, જે શુભ અને અશુભ રાગાદિનું ચિંતવન કરતો ત્યારે તેમાં એકાગ્ર હતો. આત્માનું ચિંતવન કર્યું એટલે એ આત્મામાં એકાગ્ર થયો. એકાગ્ર થયો એને અહીંયા ચિંતવન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ એકલું માખણ પીરસાય છે આ. આડી-અવળી બીજી બધી વાતું પડી રહી જ્યાં હોય ત્યાં. આહા..હા..!

કહે છે ભાઈ! તું જ્ઞાનમય સ્વભાવ સિદ્ધ છોને અંદર આમ. શું એ પુણ્ય-પાપમય આત્મા છે? શરીરમય છે? કર્મમય છે? કોનામય તન્મય છે? કોનામય સ્વરૂપ છે? કોનાથી તે તન્મય છે? ભગવાન આત્મા જાણવા-દેખવાના ધ્રુવ સ્વભાવથી તે ભગવાન તન્મય છે. જાણવા-દેખવાના ધ્રુવ સ્વભાવથી ભગવાન તે તન્મય છે. એને છોડી જેટલા બીજા ... છે, અંદર બીજું નાખવું છે એટલે વાત બીજી રીતે લીધી છે, ટીકામાં બીજી રીતે છે. શુદ્ધાત્માથી બીજી જે ચીજ છે એનું (લક્ષ) છોડીને ભગવાન આત્મામાં જા. એવો ભગવાન પૂર્ણાનંદ જ્ઞાનમય પ્રભુ એમાં એકાગ્ર થા. એ આત્માની ચિંતવના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :–** હવે જ્ઞાનમયની સાથે વિશેષ કહે છે. એ એકલો કેવળજ્ઞાનમય કીધો ભલે પાઠમાં ખુલાસો કર્યો, '**કેવળજ્ઞાનાદિ અનંતગુણોંકી રાશિ...**' ભગવાન આત્મા કેવળ, કેવળ એટલે ઓલું કેવળ પર્યાયની વાત નથી. એકલું જ્ઞાન, એકલો જ્ઞાન, એકલો દર્શન, એકલો આનંદ, એકલી શાંતિ, એકલી પ્રભુતા, એકલી સ્વચ્છતા, એકલો પ્રત્યક્ષ સ્વસંવેદન થવાના ગુણમય એવો ભગવાન અનંત ગુણનો રાશિ, અનંત ગુણની રાશિ, અનંત ગુણનો રાશિ, લ્યો! ઢગલો.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા, એ આ રાશિ—અનંત ગુણની રાશિ. સ્વભાવ છે અને શક્તિઓની સંખ્યા શું? વસ્તુ છે એની શક્તિ એટલે ગુણ એ ગુણનું અમાપપણું અને એ ગુણની સંખ્યાઓનું પણ અમાપપણું. શું કીધું? ભગવાન આત્મા એ જ્ઞાનમય, એ જ્ઞાનગુણ પણ અમાપ છે અને એની સાથે બીજા ગુણોની સંખ્યા પણ અમાપ છે. એ જ્ઞાન જાણનાર શક્તિ, જાણનાર શક્તિમય આત્મા. ઈ જાણનાર શક્તિનું જ અનંતપણું છે. એમ દર્શન શક્તિમય આત્મા. એ દર્શનનું અમાપપણું

છે. એવા અનંત ગુણનું સંખ્યાએ અમાપપણું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પૈસાના, ધૂળના આંકડા શીખ્યો બધાય. આટલા મારે પૈસા. હરામ તારે હોય તો. આવું મારું શરીર. હરામ ત્રણ કાળમાં હોય તો શરીર (તારું). ઓહો..હો..! જેમાં પોતે નથી એને પોતાના માનવા એ એને નકાર કરવો કઠણ પડે છે, ના, ના. શરીર મારું, આ શરીર મારું નહિ? આ કર્મ મારા નહિ? આ રાગ મારો નહિ? અરે..! સાંભળને હવે. એ.. ધર્મચંદજી! આહા..! હવે કોઈ દિ' શું, સવારમાં ઉઠીને આમ નાહી, ધોહી સ્વચ્છ સાબુ-બાબુ લૂગડાં-બૂગડાં વળી શું કહેવાય ઓલો તમારે? પાવડર ચોપડે. પણ ઓલો .... થાય છેને આવો? આમ આમ (કરે). બ્લેડ લોઢાની નહિ? આમ કરે. નાહી ધોહી.. આહા..હા..! અરે..! આ તો માટી ધૂળ છે પણ તારી ચીજનો અંશ પણ નથી આમાં. આહા..હા..!

ઈ કહે છે કે, આ વિના ચાલે નહિ એવી માન્યતાનો ભ્રમ તને મોટો દુઃખદાયક છે. સમજાણું? ભગવાન આત્મા તો રાગ વિના ચલવે એવી એ ચીજ છે. એણે રાગ ને શરીર, કર્મ વિના ચલવ્યું એવું એ તત્ત્વ છે. આહા..હા..! એ આત્મા જે ટકી રહ્યો છે એ વિકાર, કર્મ ને શરીર વિના ત્રિકાળ ટકી રહેલો છે. નેમિદાસભાઈ! આહા..હા..! એને, આના વિના હું ન રહી શકું, મૂઢ મિથ્યાદૃષ્ટિનું મહાન કષાયનું પાપ છે. એના વિના હું ન રહી શકું એ આત્માને રહેંશી નાખે છે. આહા..હા..!

ભગવાન આત્મા આવા અનંત ગુણની રાશિ પ્રભુ, અસંખ્ય પ્રદેશ હો, ગુણ અનંત અને એક એક ગુણનું અમાપ અચિંત્ય સત્ત્વ શક્તિ-સ્વભાવ એનો આખો ભગવાન અનંત ગુણની રાશિ છે એ તો. અરે..! એમાં એકાદ રાગ-દ્વેષની દુઃખની પર્યાય જેટલો એને માની લેવો. એકાદ તરીકે પાંચ, પચાસ લાખના પૈસા જેટલો માનવો... સમજાણું કાંઈ? મોટી મિથ્યા શ્રદ્ધા એટલે અસત્ય પાપની દૃષ્ટિ સેવે છે. આહા..હા..!

મુમુક્ષુ :— એનાથી બચવાનો ઉપાય...?

ઉત્તર :— ઈ છે જ નહિ એનામાં, બચવા શું? છે નહિ પછી શું પ્રશ્ન? એ છે નહિ એને મારા માન્યા એ અસત્ય દૃષ્ટિ છે, એ સત્ય દૃષ્ટિ, સાચી દૃષ્ટિ, સત્ સ્વરૂપનો સત્કાર નથી, એ તો અસત્નો સત્કાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! તું તો અનંત ગુણની રાશિ છોને પ્રભુ! આહા..હા..! એવા અનંત ગુણની રાશિ-ઢગલાના આત્માને એક રાગના અલ્પ પુણ્યના પરિણામ થાય એવો માનવો, અનંત ગુણના રાશિ ભગવાનને તેં ચીરી નાખ્યો. આ નહિ, આ હું, આવો નહિ, આ હું. આહા..હા..! સમજાણું?

એવો ભગવાન આત્મા એનાથી જુદા, **'આત્માસે જુદે જો મિથ્યાત્વ રાગાદિ અંદરકે ભાવ...'** જુઓ! **'મિથ્યાત્વ રાગાદિ અંદરકે ભાવ તથા દેહાદિ બાહિરકે પરભાવ...'**

શરીર, વાણી, મકાન, પૈસા, દાગીના, ધૂળ ધમાહા. **'ઐસે જો શુદ્ધાત્માસે વિલક્ષણ પરભાવ હૈં,...'** ભગવાન જ્ઞાનમય અનંત ગુણની રાશિ એવો ભગવાન પોતાનો આત્મા એની સાથે કોઈ લક્ષણવાળું મળે નહિ. પુણ્ય-પાપના ભાવ, શરીર, પૈસા આ બધા વિલક્ષણ છે, એ ચૈતન્યના લક્ષણે કોઈ એની સાથે મળે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

માછલીના બચ્ચા હોય રૂપાળા થોડાક ચોખ્ખા માણસ જેવા લાગે. પોતાના છોકરાને મુકીને કહે કે, આ મારા છોકરા છે. કેટલી મૂઢતા! કહે છે, કોઈ લક્ષણ માણસનું એમાં નથી. સમજાણું કાંઈ? માણસના આકારના માછલા થાય છે હોં! એવા થાય છે. રૂપાળું આમ... જેમાં માણસનું કોઈ લક્ષણ નથી. બાળકપણું હો કે જુવાન ભલે પણ કોઈ હોય આ તો...

એમ ભગવાન આત્મા જેના જ્ઞાન, દર્શન, આદિ અનંત ગુણસ્વરૂપ જેનું સ્વરૂપ છે. એમાં પુણ્ય-પાપ ને શરીરમાં કોઈ તારી જાતનું લક્ષણ એમાં છે નહિ. તારા સ્વભાવના એંધાણવાળા કોઈ પુણ્ય-પાપ ને શરીર, કોઈ તારા એંધાણવાળા કોઈ પદાર્થ નથી. આહા..હા..! જુઓ! વાતે વાતે ફેરવે છે વાત હોં! થોડી થોડી. ભલે એમ કહે આ મારા નહિ, પણ એમાં વાતને ફેરવે છે.

ભાઈ! તું તો અનંત ગુણની રાશિના લક્ષણવાળુ તારું સ્વરૂપ છેને. એનાથી આ બધા વિલક્ષણો એના મેળમાં, લક્ષણમાં મેળ ન ખાય એવા બધા પુણ્ય ને પાપ, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધ, શરીર, પૈસો, ધૂળ ધમાહા, બાયડી, છોકરા, શરીર. એવા વિલક્ષણ તત્ત્વોને તારા લક્ષણ સાથે મેળવે કે, આ મારા. આહા..હા..! સમજાણું કાંઈ? કૂતરાનું બચ્ચુ સારું લાગશે કે આ મારો વારસો રાખશે મારા દીકરા તરીકે, દીકરા નથી એટલે. નેમિદાસભાઈ! ન પાળે? પારેવા સારા રાખે તો? એકલા સાથે રમાય તો ખરુંને થોડું. પારેવા રાખ્યા હતા એક જણે. ખબર છે? એની સાથે રમવા. ધણી-બણી ન હોય તો શું કરવું? પારેવા સાથે રમે. બોલવા ક્યાં રહે? એ તો ઘૂં.. ઘૂં.. કરે. ઈ વારસો રાખતા હશે? એમ પુણ્ય ને પાપના ભાવ, શરીરાદિ તારા લક્ષણથી વિલક્ષણ ચીજ. આહા..હા..! અરે..! પણ એનાથી તને પોતાનું માનવું, જે તારા નથી, તારામાં નથી, ત્રણકાળમાં તારા થવાના નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમને એમ તમે પણ આ દુનિયામાં ડાહ્યા કહેવાઓ અને વિચાર્યું નથી ત્યારે હવે શું કરવું છે? ઘરના માણસો પણ તમને આમ અડકમદાર માને. ભાઈ ઊભા હશે તો વાંધો નહિ આવે. કહો, સમજાણું કાંઈ? અરે..! ભગવાનની સામે આડા ધર્યા તેં પુણ્ય ને પાપ ને શરીર, એ સૂર્ય ભગવાન આથમી ગયો તારો હોં!

'પરમાત્મપ્રકાશ'ની શૈલી એક એક શબ્દને ભિન્ન ભિન્ન પાડીને (સમજાવે છે). એકસાથે સમુદાય તરીકે ભિન્ન બતાવે, પણ પાછા એને ભિન્ન ભિન્ન પ્રકારના વર્તમાન વર્તનમાં સાથે

દેખાતું હોય ભિન્ન ભિન્ન, એની સાથે જુદાઈની અને એકતાની બુદ્ધિ કેમ છે એ બતાવે છે. સમજાણું કાંઈ? એ બધા પરભાવ છે ભગવાન! આ જ્ઞાનમય, અનંત ગુણમય ભગવાન આત્મા એના લક્ષણથી કોઈ પુણ્ય, પાપ, શરીર, કર્મ કોઈ લક્ષણથી મેળ ખાય એવા નથી. જુદી જાતના લક્ષણવાળા, જુદી જાતના આત્માના લક્ષણ સાથે તેને કેમ એકપણું હોય? આહા..હા..!

**'ઉનકો છોડકર...'** ભગવાન કહે છે કે, હવે તું એ વિલક્ષણ ભાવોને છોડને. એ તારામાં રહેવાના નથી, તારા થયા નથી, તારા છે નહિ, તારામાં એક સમય પણ તારા સ્વરૂપમાં એ પેઠા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! હવે એમાં અમારા બાયડી. જુદી છે, જુદી જ છે ભાઈ! તું તારું ને બીજાને ક્યાંય સીમાડે-શેઢાણે, ક્યાંય શેઢે મેળ નથી. હવે મેળ નથી એને મારા માનીને તું મેળ કરવા જા, એ મેળ શી રીતે થશે? સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! તારા અનંત ગુણની રાશિસ્વરૂપ તું પ્રભુ એનાથી વિરુદ્ધ લક્ષણવાળા ભાવને એને પોતાપણે માનવાનું છોડ અને જ્યાં અનંત ગુણની રાશિ છે ત્યાં પોતાપણે આવી જા. આહા..હા..! મૂળ પુંજીએ આવી જા એમ કહે છે. આહા..હા..! એવો પરભાવ, **'ઉસકો છોડકર કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ...'** જુઓ! અહીં બીજી શૈલી કરી. **'કાર્યસમયસારકા સાધક...'** શું કહે છે? જુઓ, શૈલી શું લે છે? કે ભગવાન આત્મા... મૂળ તો પરિણતિ બતાવવી છે. કહે છે કે, આવા વિકલ્પો આદિને છોડી અને કાર્યસમયસાર જે કેવળજ્ઞાનાદિ પ્રાપ્ત થાય એનું સાધકપણું **'અભેદરત્નત્રયરૂપ કારણસમયસાર હૈ, ઉસ રૂપ પરિણત હુએ...'** શું કહે છે? કે, આ આત્મા અનંત ગુણની રાશિ એવો ભગવાન એનાથી વિરુદ્ધ જે પુણ્ય-પાપ, શરીરાદિ વિલક્ષણવાળા એને લક્ષમાંથી, ધ્યેયમાંથી છોડ. અને આત્મા જ્ઞાયક અનંત ગુણ છે એને કાર્યસમયસાર એવો જે મોક્ષ એના કારણરૂપ જે અભેદરત્નત્રય (એટલે) એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ હું છું એવી દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એવી અભેદ રત્નત્રયની પરિણતિ જે પૂર્ણ કાર્યસમયસાર મોક્ષનું કારણ છે. સમજાણું?

**'પરિણત હુએ...'** આમ ખુબી તો અહીં લેવી છે. એવી અભેદરત્નત્રય પરિણતિ થયે આત્માનું ધ્યાન કર, એમ. શું કીધું? ભગવાન અનંત ગુણનો રાશિ-ઢગલો આત્મા આમ પ્રભુ, એનાથી વિપરીત વિકાર અને શરીરનું લક્ષ, ધ્યેય છોડી દે અને આનું લક્ષ કર. એટલે શું કીધું? કે, જે મોક્ષરૂપી કાર્યસમયસાર એના કારણરૂપ એ શુદ્ધાત્મા તરફની અંતરના અભેદ શ્રદ્ધા, અભેદ જ્ઞાન ને અભેદ ચારિત્ર એવી અભેદ રત્નત્રયરૂપ પરિણતિ કરીને કે જે પરિણતિ કાર્યની સાધક છે. મોક્ષરૂપી કાર્યની અભેદ રત્નત્રય સાધક છે. કે જે અભેદ રત્નત્રયના કાળમાં અભેદ રત્નત્રય પરિણત થઈને આત્માનું ધ્યાન કર એમ કહે છે. સમજાણું કાંઈ?

વસ્તુ અનંત ગુણની રાશિ એવો ભગવાન એનું કાર્ય જે સમયસાર મોક્ષદશા, એનું કારણ એટલે કે પૂર્વના વિલક્ષણો જે ભાવ તેનું લક્ષ છોડી અહીં લક્ષ કર્યું, શ્રદ્ધા ધ્યેય કરી એવો જે અભેદ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રના પરિણામ તેના વડે આત્માનું ધ્યાન કર્યું એ પરિણામ કેવળજ્ઞાનના સાધક છે. સમજાણું કાંઈ? એ પરિણામમાં આત્માને ચિંતવન કર એમ કહે છે. **'ઉસ રૂપ પરિણત હુએ અપને શુદ્ધાત્મ સ્વભાવકો ચિંતવન કર ઔર ઉસીકો ઉપાદેય સમજ.'** ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ છે એ અભેદરત્નત્રયથી ઉપાદેય જાણ કે જેનાથી કાર્ય સમયસાર મુક્તિ થયા વિના રહેશે નહિ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૦, ગુરુવાર, તા. ૧૮-૧૧-૧૯૬૫**
**ગાથા-૭૫ થી ૭૭, પ્રવચન-૫૩**

'પરમાત્મપ્રકાશ' પહેલા ભાગની ૭૫મી ગાથા છે. **'આગે નિશ્ચયનયકર આઠ કર્મ ઔર સબ દોષોંસે રહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયી આત્માકો તૂ જાન, ઐસા કહતે હૈં--'**

૭૫) अट्ठहँ कम्महँ बाहिरउ सयलहँ दोसहँ चत्तु।
दंसण-णाण-चरित्तमउ अप्पा भावि णिरुत्तु।।७५।।

**અન્વયાર્થ :—** **'अष्टभ्यः कर्मभ्यः'** શુદ્ધનિશ્ચયથી વસ્તુના સ્વભાવની દૃષ્ટિથી જોતા, **'જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંસે રહિત...'** આત્મા છે. વસ્તુ અભેદ રત્નત્રયને કાળે આ આત્મા છે તેમ અનુભવમાં આવવા યોગ્ય છે.

મુમુક્ષુ :— અભેદ તો આઠમેથી શરૂ થાય?

ઉત્તર :— અભેદ અહીંયા ચોથેથીની વાત છે. કહેશે જુઓને!

શુદ્ધ નિશ્ચય એટલે આત્મા એકલો શુદ્ધ પરમ અનંત ગુણનું ધામ એને અંતર્મુખથી જોતા એ આઠ કર્મથી રહિત છે અને **'મિથ્યાત્વ રાગાદિ સબ વિકારોંસે...'** એ ભાવકર્મ. શુભાશુભભાવ રાગ-દ્વેષ આદિ **'મિથ્યાત્વ રાગાદિ સબ વિકારોંસે રહિત 'दर्शनज्ञानचारित्रमयं' જે શુદ્ધઉપયોગકે સાથ રહનેવાલા અપને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ...'** ભાવસ્વરૂપ. આ

અભેદ રત્નત્રયની વ્યાખ્યા છે.

જે આત્મા પોતાના શુદ્ધસ્વરૂપને શુદ્ધ ઉપયોગ દ્વારા, શુદ્ધ ઉપયોગ દ્વારા એટલે કે .... એ આત્મ વસ્તુની સન્મુખની એકતા દર્શન, જ્ઞાન ને ચારિત્રની, જેને અહીં રત્નત્રય કહે છે. કે, જેની એ શ્રદ્ધા, જે શ્રદ્ધાએ દ્રવ્યને પ્રતીત કરી, જે જ્ઞાને દ્રવ્યને જાણ્યું, જે સ્થિરતા દ્રવ્યમાં કરી એની કિંમત છે. શું કીધું સમજાણું? શુદ્ધોપયોગ સાથે રહેવાવાળો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવસ્વરૂપ એને અભેદરત્નત્રય કહેશે અહીં અર્થમાં ટીકામાં. વસ્તુ શુદ્ધ ચૈતન્યજ્યોત પરમ આનંદસ્વરૂપ એને અંતર્મુખ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા એવા જે અભેદ રત્નત્રય એટલે કે એવો જે શુદ્ધોપયોગ. એવા **'આત્માકો નિશ્ચયકર...'** અંદર ધ્યાન કરે છે. સમજાણું કાંઈ? એને **'ચિંતવન કર...'** અથવા ધ્યાન કર. ભગવાન આત્મા એકલો શુદ્ધ સ્વરૂપ પરમાનંદ એની અંતર્મુખનું સમ્યગ્દર્શનરૂપી રત્ન જેણે આખા આત્માને પ્રતીતમાં (લીધો), જ્ઞાન કરીને જેણે પ્રતીતમાં લીધો છે એવા સમ્યગ્દર્શન રત્નની કિંમત છે. જેણે મહાન અમૂલ્ય આત્મા જેણે પ્રતીતમાં લીધો. નિર્વિકલ્પપણે હોં! રાગથી શ્રદ્ધા (કરે) એ વસ્તુ નથી.

આજ તો બીજો વિચાર આવ્યો હતો. ઓલું આવે છેને? **'चरित्तदंसणणाणठिदो'**. એ વાત કરવા માગે છે. **'जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।'**. પોતાનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ શુદ્ધ એની અંતરના સ્વભાવની અંતરના એકતાની દૃષ્ટિ, જેણે જ્ઞાન દ્વારા આત્માને અંતર સ્વજ્ઞેય કરી અને જાણીને જ્યાં અંતર પ્રતીત-અભેદ સમ્યગ્દર્શન થયું છે, સમ્યગ્જ્ઞાન થયું છે એણે સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાનને કાળે તેમાં ઠર્યો છે. સમજાણું કાંઈ? એવા સમ્યગ્દર્શન-(જ્ઞાન)-ચારિત્રને રત્નત્રય કહે છે, એની કિંમત છે. કોઈ શરીર, વાણીની કિંમત કે પુણ્ય-પાપના પરિણામની કોઈ કિંમત નથી. સમજાણું કાંઈ? એથી આને અહીં રત્નત્રય કહે છે. એ રત્નની કિંમત છે કે, જે ચૈતન્યરત્ન એકલો આનંદમય જેણે અંતરમાં પ્રતીતમાં લીધો, અંદરમાં એને જ્ઞાન કરીને જ્ઞાન કર્યું એ જ્ઞાનની કિંમત છે. સમજાય છે કાંઈ? એકલી વ્યવહાર શ્રદ્ધાની કિંમત કાંઈ નથી, શાસ્ત્રના જ્ઞાનની પણ કિંમત કંઈ નથી. સમજાણું? એને ભેદરત્નત્રય ભલે કહે, પણ એની કિંમત નથી. એ તો નિમિત્ત છે, આરોપથી જોડે કથન કરવામાં આવે છે.

વસ્તુ જ્ઞાયક ચૈતન્ય જ્યોત પૂર્ણાનંદ એનો અનુભવ કરીને, જ્ઞાનમાં વસ્તુ લઈને જ્ઞાને જેણે આત્માને જ્ઞેય બનાવ્યો એ જ જ્ઞાનની કિંમત છે. અને એ જ્ઞાનને રત્ન કહેવાય છે. અને એમાં આ આત્મા શુદ્ધસ્વરૂપ પરમાત્મા છે એવી જેને (દૃષ્ટિ થઈને) પર વિકલ્પ ને શરીરાદિનું જ્યાં અભિમાન ઊડી ગયું છે. અહંપણું વિકલ્પનું કે પરનું કે પરના જાણપણાનું અહંપણું જ્યાં ઊડી ગયું છે. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ... બીજી ગાથા શરૂ કરી છેને. શુભ-ઉપયોગ, શુભ-ઉપયોગમાં ઠરે એ મિથ્યાદૃષ્ટિ પરસમય છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન એને અંતર વિકલ્પથી

સંકેલી નિર્વિકલ્પના અનુભવ, દૃષ્ટિ સહિત જેણે શ્રદ્ધા, જ્ઞાને ઉપયોગ કર્યો છે એવા ઉપયોગમય આત્માનું તું ધ્યાન કર, એ રત્નત્રય છે. ઓહો..હો..! સમજાણું? એ કર, એ કરવાની ક્રિયા કીધી. ચિંતવન કર એમ કીધુંને? **'भावय'** આવ્યુંને? **'भावय'**, **'भावय'**. ભાવ ભાવ ભાવ. ઓહો..હો..!

**ભાવાર્થ :–** **'देखे,...'** જે દેખેલા બહારના ભાવ એને ભૂલી જા, બહારના સાંભળેલા ભાવ એને ભૂલી જા. અનુભવેલા એવા રાગાદિના ભોગ બધો, ભોગ શબ્દે રાગાદિનો ભોગ હોં! એકલા વિષયનો ભોગ એમ કાંઈ નથી. બાહ્ય પદાર્થની વિસ્મયતાથી ઉત્પન્ન થયેલો ભાવ ભૂલી જા. અંતર પદાર્થની વિસ્મયતાના અનુભવની દૃષ્ટિ કરતા જે અભેદ અનુભવ થાય એ જ ધ્યાન અને એ જ કર્તવ્ય અને એ જ રત્નત્રય કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આને દેખે, એમ. આ દેખવું ભૂલી જા, આને દેખ. આ સાંભળવું ભૂલી જા, અંદરનું શ્રવણ કર જ્ઞાનાનંદ કોણ છે. રાગાદિના ભોગને ભૂલી જા, આત્માનો ભોગ કર.

શુદ્ધ આનંદમય આત્મા નિત્યાનંદ પ્રભુ, જેમાં એકલો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ પૂર્ણ ભરેલો એને આત્મા કહીએ. એ આત્માને અંતર્મુખ... દેખેલા, મળેલા ભોગોને છોડી, એની અભિલાષાને છોડી, અહીં તો વળી એમ કહે છે. એની ભાવના છોડી દે. આવો ભગવાન... આ તો પરમાત્મપ્રકાશ છેને. પરમ સ્વરૂપ ભગવાન આત્મા એનો આદર કરી અને **'सब विभाव-परिणामोंको छोडकर निजस्वरूपका ध्यान कर. यहां उपादेयरूप अतीन्द्रियसुखसे...'** જુઓ! અહીં તો આનંદમય ભગવાન આત્મા શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મીમાં, વાણીમાં આનંદ ક્યાંય નથી. પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એમાં પણ આનંદ ક્યાંય નથી. અતીન્દ્રિય આનંદથી તન્મય એવો ભગવાન આત્મા, અતીન્દ્રિય સુખથી એકમેક તન્મય, અતીન્દ્રિય અનાકુળ આનંદથી એકમેક એક સ્વરૂપે ભગવાન આત્મા.

**'सब भावकर्म,...'** પુણ્ય-પાપના વિકલ્પો, જડ કર્મ, નોકર્મથી જુદા અતીન્દ્રિય આનંદથી એકમેક એવો આત્મા છે. **'वही अभेद रत्नत्रयको धारण करनेवाले निकटभव्योंको उपादेय है,...'** અલ્પ કાળમાં જેની કેવળજ્ઞાન દશા થવાની છે. સમજાણું? ન્યાં એમ કહ્યું છે, કેવળજ્ઞાનની ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જ્યોતિ. બીજી ગાથા. બધી શૈલી... કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જ્યોતિ. સમજાણું કાંઈ? વસ્તુ... **'अभेद रत्नत्रयको धारण करनेवाले...'** જીવો, એને આવો આત્મા ઉપાદેય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ વસ્તુસ્વરૂપ આનંદ-અતીન્દ્રિય આનંદથી, અતીન્દ્રિય આનંદના મીઠાશના સ્વાદથી ભર્યો ભગવાન આખો, એના ઉપર જ્ઞાન એનું કરીને એની પ્રતીત કરીને એની સ્થિરતા (થાય) એવા અભેદરત્નત્રય કાળમાં, અલ્પ કાળમાં જેને મુક્તિ થવાની છે એટલે પૂર્ણ દશા પ્રગટ થવાની છે, એને અભેદરત્નત્રયના કાળે આ આત્મા આદરણીય

છે. બહુ ઝીણું. કહો, સમજાણું આમાં? શું કહ્યું? ગાથાઓ જ એવી છે, વસ્તુ એવી છે, વાચ્ય એવું છે. સમજાણું? અભેદરત્નત્રય આહા..હા..! એ પરિણામની કિંમત છે કે જે પરિણામે પરિણામીને પકડ્યો, એ પરિણામની કિંમત છે શ્રદ્ધાની કે જે પરિણામે એ ભગવાનને અંતર પકડ્યો. એ જ્ઞાન પરિણામની કિંમત છે કે જેણે જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન એને જ્ઞેય બનાવ્યો. એ પરિણામની કિંમત છે કે જે જ્ઞાયકમાં ઠર્યો. બસ, એની કિંમત છે. ધીરૂભાઈ! બધી ઊડી ગઈ કિંમત આ બધી બહારની. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અતીન્દ્રિય આનંદથી એકમેક (છે). અરે..! પણ એને વિશ્વાસમાં ક્યાં (આવે છે)? એને હજી આનંદ અહીં.. અહીં.. અહીં (લાગે છે). જ્યાં સુધી એને મીઠાશ પુણ્ય-પાપના વિકલ્પમાં અનુકૂળ આમ દેખે ત્યાં મીઠાશ (આવે), કાંઈક ચેષ્ટા, અનુકૂળ શરીરની સુંદરતા (જોઈને) આમ મીઠાશ વર્તે છે તે અંદર મિથ્યાત્વ ભાવ છે. સમજાણું કાંઈ? એવા મિથ્યાત્વભાવમાં મીઠાશમાં પડ્યા એને આ આત્મા ઉપાદેય નહિ થઈ શકે એમ કહે છે. ભગવાન અતીન્દ્રિય આનંદથી તન્મય એમાં એકલો આનંદ જ પડ્યો છે. જેને પરની કોઈ પણ, વિકલ્પથી માંડીને કોઈ ચીજની વિસ્મયતા, આશ્રયતા, અધિકતા, અદ્‌ભૂતતા દેખાતી નથી. સમજાણું કાંઈ? શુભરાગથી માંડીને કોઈ પણ પદાર્થની, બાહ્યના કોઈપણ પદાર્થની જેમાં વિસ્મયતા, અચિંત્યતા, અદ્‌ભૂતતા, અધિકતા ભાસતી નથી. ભગવાન અતીન્દ્રિય આનંદની જ્યાં અધિકતા ભાસે છે. એવા અભેદરત્નત્રયના ધારણ કરવાવાળા... સ્થિરતા સહિત અહીં લેવું છે. નિકટ ભવ્યોને જેને એક બે (ભવ કરીને) અલ્પ કાળમાં મુક્તિ છે, કેવળજ્ઞાન છે. એને આ રીતે આત્મા ઉપાદેય કરવા લાયક છે. કહો, સમજાણું આમાં? આહા..!

ભેંસોને છૂટા કપાસિયાની વખારોમાં છોડે, એ પછી કપાસિયા કેવી મીઠાશથી ખાય! આમ તાજા, નવા ઊંચા કપાસિયા (હોય). એના ઊંચા ગોળના આમ ભેલાના ભેલા કટકા ઝીણા કરીને નાખ્યા હોય થાળીમાં, ઈ ખાય. રાડા નહિ. માથું ઊંચું ન કરે ઈ. એ ગોળ ને શેરડી કે કપાસીયા ખાવાથી માથું ઊંચું ન કરે ઈ. કરે? એકરસ થઈ જાય. એમ ભગવાન અતીન્દ્રિય આનંદની વખાર છેને! કહે છે કે, એમાં પડ્યો. ઊંચું, ઊંચું માથુ વિકલ્પનું થાતું નથી. સમજાણું કાંઈ? હજી આ સમજ્યા વિના, પાત્રતા વિના આંખો મીંચીને આમ આમ કરે એને કાંઈ મળે એવું નથી હોં! ઈ તો બધા ઢોંગ ઘણા કરે છે. સમજાણું કાંઈ? હજી વ્યવહારના ઠેકાણા ન હોય એ આવું ધ્યાન કરવા જાય કે અમે ધ્યાન કરીએ છીએ. જડના ધ્યાન છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મજા આવે, લૌકિકમાં લોકો કાંઈક વખાણ કરે એવું. સમજાણું કાંઈ? આહા..હા..! આ જગતની એ પણ એને બહાને પણ જગતમાં કાંઈક અધિક છે એમ મનાવવું છે. સમજાણું?

આહા..હા..! અહીં કહે છે કે, ભાઈ! તારી ચીજ શું છે? બાપુ! ઈ એમ મળે એવી નથી. સમજાણું આમાં?

મુમુક્ષુ :— કેટલી કિંમત દે તો મળે?

ઉત્તર :— આ દર્શન-જ્ઞાન-ચારિત્રની કિંમત દે તો જ મળે એવું છે. પણ એ કિંમતમાં તો જવાબદારી એ બહારની ઊડી જાય એકદમ. આહા..હા..! હળવો... હળવો... હળવો... કાંઈ ન મળે. દુનિયા શું કહે છે, દુનિયા શું માને છે. શાસ્ત્રના ભણતરથી પણ જેને કિંમત અંદરમાં આવતી નથી. દુનિયાને સમજાવતા આવડ્યું માટે કાંઈક કિંમત છે એમ જેને લાગતી નથી. સમજાણું કાંઈ? ભીખાભાઈ! આહા..હા..! અને જેને ઘણા શુભભાવ થતાં હોય એની પણ જ્યાં કિંમત અંતર લાગતી નથી. એવા જીવને આત્મા ઉપાદેય છે એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? એને એનું ધ્યાન ત્યાં લાગશે, બીજાનું ત્યાં લાગશે નહિ. સમજાણું? ઓહો..હો..! એક એક ગાથાએ... ૭૫ થઈ.

'**ઐસે તીન પ્રકાર આત્માકે...**' પહેલી વાત લીધી હતી પહેલા. '**આત્માકે કહનેવાલે પ્રથમ મહાધિકારમેં જુદે જુદે સ્વતંત્ર ભેદ ભાવનાકે સ્થલમેં નૌ દોહા-સૂત્ર કહે.**' આ ભેદ ભાવનાના નવ કહ્યા. પહેલું આવ્યું હતું. અભેદરત્નત્રયની વાત હતી. અભેદરત્નત્રયની નહિ, પણ ભેદ ભાવનાની છે આ. એ પૂરા થયા. '**આગે નિશ્ચયકર સમ્યગ્દષ્ટિકી મુખ્યતાસે સ્વતન્ત્ર એક દોહાસૂત્ર કહતે હૈં—**'

૭૬) अप्पिं अप्पु मुणंतु जिउ सम्मादिट्ठि हवेइ।
सम्माइट्ठिउ जीवडउ लहु कम्मइँ मुच्चेइ।।७६।।

**અન્વયાર્થ** :— '**અપનેકો અપનેસે જાનતા હુઆ...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ પરમાત્મા એકલો શુદ્ધ આનંદ ને જ્ઞાનસ્વરૂપ ભગવાન '**અપનેસે...**' પોતાની નિર્મળ, નિર્વિકાર ધારા-એ વીતરાગ પરિણતિથી પોતાને પોતાથી, પોતાને પોતાથી એટલે પોતે આત્મા રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એવી વીતરાગ પરિણતિથી '**જાનતા હુઆ...**' જુઓ! આ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનની વ્યાખ્યા છે આ. '**અપનેકો...**' ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુને, '**અપનેસે...**' વીતરાગી ચૈતન્યની પરિણતિ એ અપનેસે. '**જાનતા હુઆ...**' પોતે પોતાને જાણતો થકો. '**યહ જીવ સમ્યગ્દષ્ટિ હોતા હૈ,...**' એ જીવ નિશ્ચય સમ્યગ્દષ્ટિ થાય છે. કહો, સમજાણું આમાં? આત્માને એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માને. અપનેસે એટલે નિર્દોષ વીતરાગ પર્યાય દ્વારા, સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ દ્વારા આત્માને, અપનેસે જાનતા હૈ. એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? '**યહ જીવ સમ્યગ્દષ્ટિ હોતા હૈ, ઔર સમ્યગ્દષ્ટિ હુઆ સંતા...**' સમ્યગ્દષ્ટિ હુઆ થકા, '**જલ્દી કર્મોંસે છૂટ જાતા હૈ.**' એ સમ્યગ્દર્શન... અપને આત્મા-પોતાના આત્માને પોતાની

વીતરાગી પર્યાય દ્વારા જાણે છે એ અલ્પ કાળમાં વીતરાગી કેવળજ્ઞાનની પર્યાયને પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું આમાં?

**ભાવાર્થ :-** જુઓ! આવ્યું. '**યહ આત્મા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં પરિણત હુઆ...**' એ અપનેસે કહ્યું હતું. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવ એ વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં પરિણત હુઆ. એટલે લૌકિક જ્ઞાન, શાસ્ત્ર જ્ઞાનમાં નહિ પરિણત (થયેલો). સ્વ વીતરાગી આત્મા તેનું સ્વસંવેદન જ્ઞાનમાં પર્યાયપણે પરિણમ્યો એ '**અંતરાત્મા હોકર...**' લ્યો આ અંતરાત્મા. પોતાનો આત્મા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમાં રાગ અને પુણ્ય રહિત સ્વ આત્માનું સંવેદન, સંવેદન આત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન એમાં પરિણત થયેલો, પરિણત થયેલો—પર્યાયે પરિણમેલો એ અંતરાત્મા થયો, એ અંતરાત્મા થયો. જુઓ! સમજાણું કાંઈ?

'**અપનેકો અનુભવતા હુઆ...**' પોતાના સ્વરૂપને અનુભવતો સ્થિરતા કરીને વેદતો, '**વીતરાગ સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ,...**' ઈ સમ્યગ્દૃષ્ટિ જ વીતરાગ છે પણ વિશેષ સ્થિરતા સહિત અહીં વાત છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! પરમાત્મપ્રકાશમાં તો એકલું માખણ છે! સત્યનું... સત્યનું... સત્યનું... એકલું દોહન!! ભીખાભાઈ! આમાં કાંઈ બીજી આમ.... કહે છે, એ ભગવાન આત્મા પોતાના નિર્દોષ સ્વસંવેદનજ્ઞાનથી પરિણત થયો. અંતરાત્મા પરમાત્મા પોતે સ્વરૂપ છે એને સ્વસંવેદનજ્ઞાનથી પરિણમેલો જાણ્યો એને અંતરાત્મા કહેવાય છે. કહો, સમજાણું આમાં?

'**તબ સમ્યગ્દૃષ્ટિ હોનેકે કારણસે જ્ઞાનાવરણાદિ કર્મોંસે...**' એ આઠ કર્મથી '**શીઘ્ર હી છૂટ જાતા હૈ...**' સ્વભાવનું સમ્યક્ સ્વસંવેદનથી પરિણમન થતું સમ્યગ્દૃષ્ટિ પરમાત્મા પોતાનું સ્વરૂપ તેને સ્વસંવેદનથી પરિણમતો અંતરાત્મા થતો વ્યક્તરૂપે પરમાત્મા અલ્પ કાળમાં થાય છે. એમ ત્રણ વાત કરી. પરમાત્મા પોતે વસ્તુ સ્વરૂપે છે. સમજાણું? પરમાત્મા પોતે વસ્તુ સ્વરૂપે છે. એનું વીતરાગી સ્વસંવેદનજ્ઞાન એ અંતરાત્મા છે. એનાથી અનુભવતા એ વ્યક્તરૂપે પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? શક્તિનો પ્રગટપણે પરમાત્મા થાય છે. આ એનો ઉપાય (છે), બાકી કોઈ બીજો ઉપાય નથી. શીઘ્ર એટલે? આવી સ્થિતિવાળાને અલ્પ કાળમાં જ કેવળજ્ઞાન પ્રાપ્તિનો કાળ હોય છે એમ, શીઘ્ર એટલે. સમજાણું?

'**રહિત હો જાતા હૈ. યહાં જિસ હેતુ વીતરાગ સમ્યગ્દૃષ્ટિ હોનેસે યહ જીવ કર્મોંસે છૂટકર સિદ્ધ હો જાતા હૈ,...**' વીતરાગ સમ્યગ્દૃષ્ટિ. આગળ પછી વિશેષ સ્થિરતા સહિત લીધી છે વાત. '**ઈસી કારણ વીતરાગ ચારિત્રકે અનુકૂલ...**' પહેલા વીતરાગ સમ્યગ્દર્શન થયું, વીતરાગી સમ્યગ્જ્ઞાન થયું, સ્વરૂપ આચરણરૂપી વીતરાગતા થઈ, પણ અંતરાત્મ થયો અને ઉગ્રપણે જ્યાં અંતર અનુભવમાં જતાં વિશેષ વીતરાગતા સહિતની. '**વીતરાગ ચારિત્રકે અનુકૂલ...**' ઘણી જ અંતર અનુભૂતિની સ્થિરતાને અનુકૂળ. '**જો શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ**

**સમ્યક્ત્વ હૈ,...'** શુદ્ધ ભગવાન આત્મા એના અનુભૂતિરૂપ વીતરાગ સમકિત છે. '**વહી ધ્યાવને યોગ્ય હૈ,...'** આ પાંચમા આરાના જીવને આવું કહેતા હશે? ખબર નહિ હોય કે પાંચમે આરે આવું ન થાય? ન થાય એને માટે કહે છે? સમજાણું? કેવળજ્ઞાનની વાત નથી, પણ કેવળજ્ઞાન આ રીતે થાય એવી અનુભૂતી અહીંયા આ કાળે થઈ શકે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ થાય, એનાથી થાશે, હજી થયું જ છે. કેવળ નથી શું. શ્રદ્ધા અપેક્ષાએ, જ્ઞાન અપેક્ષાએ, ઇચ્છા અપેક્ષાએ, ભાવના અપેક્ષાએ, નિશ્ચય અપેક્ષાએ (કેવળજ્ઞાન થયું છે).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા ઈ. અરે..! ના ના. ના, ના પડીને એને... એ અત્યારે આ નથી એટલે થઈ રહ્યું, પુરુષાર્થને રોકી લીધો. સાંભળને! આખો આત્મા ભગવાન તારી પાસે છે કે નહિ? જેમાં એવા અનંતા કેવળજ્ઞાનના પર્યાયો પડ્યા છે. હવે એક કેવળજ્ઞાન પર્યાય માટે ના શું કરવા કરે છે? એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાયો, અનંતી કેવળજ્ઞાનની પર્યાયો અને અનંતી અનંત આનંદની પર્યાય એ તો પડી છે દ્રવ્યમાં. શું નથી અત્યારે? આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આવતી નથી, એને બેસતું નથી ભાઈ! એ પ્રતીત કાંઈ એમ કાંઈ કલ્પનાથી થાય એવું નથી. સમજાણું? એની કિંમત દેવી પડે એમાં. તેથી એને રત્નત્રય કહ્યાને ભાઈ! એ કિંમતે મળે છે.

મુમુક્ષુ :— કઈ કિંમતે?

ઉત્તર :— ઈ કિંમત અંતરના અનુભવની એકાગ્રતાના અપાર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વીતરાગ ચારિત્રકે અનુકૂલ...'** ઓહો..! આજ તો સવારમાં એમ આવ્યું કે, ઓહો..! આઠ વર્ષના રાજકુમારો ધ્યાનમાં જંગલમાં એકલા ... હશે, બેઠા હશે. આહા..હા..! એમાં કોઈ શિકાર કરવા રાજા નીકળ્યો તો આમ દેખીને આહા! નાની હોય મોરપીંછી, નાનું હોય કમંડળ. આઠ વર્ષના રાજકુમાર. ફાટીને પ્યાલા થઈ ગયા અંદર. માતા! અમને દુઃખ સંસારના લાગ્યા. આ પણ છેને બધું આ. ભાઈ! આ હીરાના થાળ, આ નીલમની પાટોના બંગલા, આ પદમણી જેવી સ્ત્રી પરણાવશું મોટા થાવ તો. માતા! અમને દુનિયાના તરફના ભાવ દુઃખદાયક લાગે છે. આહા..હા..!

એ મણિરત્નના પુતળા જેવા શરીર. અરે..! ધૂળના ઢગલામાં ભગવાન સંતાણો પ્રભુ! અમે એને શોધવા વનમાં જઈએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! એ કાળ,.. સમજાણું? આહા..!

માખણ જેવા શરીર ને અરે..રે..! એના ઉપર લક્ષ કરતા રાગ થાય એ ચીજ શું કામની? જેનું લક્ષ કરતા, આશ્રય કરતા રાગ થાય અરે..! એ દુઃખ થાય એ શું કામનું? આહા..હા..! ભગવાન એક અમારો આનંદકંદ એ અમને કામનો છે, અમને કોઈ કામના બીજા નથી. આહા..હા..! એ ધ્યાનમાં પડ્યા અભેદરત્નત્રયમાં અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પામશે. એ ધૂરંધર મોટી પેઢી માંડી છે એણે. આહા..હા..! આ મોટા ધંધા ને આ પેઢીઓ ને આહા.. પાંચ લાખ, દસ લાખની પેદાશો. એ બધી આત્માની પુંજીને લૂંટાવાની પેઢીઓ છે. એ પેઢી માંડી મુનિએ આ અંતરમાં. આહા..હા..! એ શાંતરસના શેરડા તો અનુભવ્યા છેને પહેલા સમ્યગ્દર્શનમાં, હવે એને એકદમ ઠરવા માટે ચાલી નીકળ્યા. અમારે કોઈ સાથ ન હોય ભાઈ! એ મડદે ઠાઠડીમાં બીજો જોડે ન બંધાય. સમજાણું કાંઈ? અંદરની આનંદની રેલુંને જોઈ છેને. શ્રદ્ધા, જ્ઞાનમાં સ્વાદ લીધો છે એને સાધવા સારી દુનિયાની ઉપેક્ષા અને એક ભગવાન આત્માની અપેક્ષા. સમજાણું? આહા..હા..!

એવી શુદ્ધાત્માની ચારિત્રની સહિત વીતરાગતા '**વહી ધ્યાવને યોગ્ય હૈ,...**' અહીં તો ઉત્કૃષ્ટપણે કહે છે. '**ઐસા અભિપ્રાય હુઆ. એસા હી કથન શ્રી કુંદકુંદાચાર્યને મોક્ષપાહુડ ગ્રંથમેં નિશ્ચયસમ્યક્ત્વકે લક્ષણમેં કિયા હૈ...**' દેખો! આ નિશ્ચય સમકિતનું લક્ષણ. મોક્ષપ્રાભૃતની ગાથા. આહા..હા..! શું કહે છે ગાથા જુઓ!

**सद्दव्वरओ सवणो सम्मादिट्ठी हवेइ णियमेण।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माइं।।**

એ '**सद्दव्वरओ**' સત્ દ્રવ્ય, સત્ દ્રવ્ય એ '**આત્મસ્વરૂપમેં મગન...**' એ સ્વદ્રવ્ય. સ્વદ્રવ્ય જ્ઞાયક ચિદાનંદ ભગવાન આત્મા એ સ્વદ્રવ્યમાં લીન-રતિ પામેલો. જુઓ! છેને? રત, રત. ભગવાન આત્મામાં મગન થઈ ગયો છે. એ '**મગન હુઆ જો યતિ...**' યતિ, યતિ છેને. '**सवणो**' છેને. શ્રમણ, શ્રમણ. '**सद्दव्वरओ सवणो**' છેને? દિગંબર મુનિ લેવા છે. શ્રમણ એટલે દિગંબર મુનિ. સમજાય છે કાંઈ? જેની બાહ્ય દશા એક વસ્ત્રના તાણા વિનાની થઈ ગઈ છે. આહા..! જેને શરીરની વિભૂષા પણ છે નહિ, જેને એકલું દિગંબર નગ્ન શરીર માતાએ જન્મ્યું એવું રહી ગયું. એવો જે શ્રમણ. અહીં શ્રમણની પ્રધાનતાથી વાત કરે છે. કોઈ એમ કહે છે, જુઓ! શ્રમણ હોય એને નિશ્ચય સમકિત હોય. ઉત્કૃષ્ટ ચારિત્રની સાથે વર્ણન કરવું છે.

આત્મસ્વરૂપમાં મગન '**सद्दव्वरओ**'. પરદ્રવ્ય એટલે વિકલ્પ પુણ્ય-પાપમાં એની મગનતા છૂટી ગઈ છે. ભગવાન નિર્વિકલ્પ આનંદમય પ્રભુ એમાં જેની મગનતા જામી છે. એવો ઉત્કૃષ્ટ મગનતાવાળો એવો સાધુ લીધો છે અહીં. મોક્ષપાહુડ છેને, મોક્ષપ્રાભૃત છેને. મોક્ષપાહુડની ગાથા છેને. મોક્ષ તો ચારિત્રવંત પામે છેને. ચારિત્રવંત ઓહો..! સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રની

રમણતાનો ભાવ ઉગ્ર. દિગંબર નગ્ન મુનિ બાહ્યમાં હોય એને અભ્યંતર આવી મગનતા હોય. સમજાણું? જેને બાહ્યમાં વસ્ત્ર, પાત્ર આદિ હોય, સંયોગ હોય એને એવી મગનતા ન હોય. ગૃહસ્થાશ્રમની અંદર રહેલાને સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતની મગનતા હોય. સમજાણું? વસ્ત્ર, પાત્ર સહિત મુનિ નામ ધરાવતા હોય એને તો સમ્યગ્દર્શન પણ હોય નહિ. મુનિ માને. આહા..હા..! એ દશાને યોગ્ય અકષાય સ્વભાવ થઈ ગયો છે એટલે એને નગ્ન દશા થઈ ગઈ, સહજ થઈ ગઈ. આહા..હા..! એવી મુનિની દશામાં **'सद्दव्वरओ'** એમ કહેવા માગે છે અહીં. સમજાણું કાંઈ? દ્રવ્યમાં લીન છે. સમ્યગ્દૃષ્ટિ લીન છે પણ એટલો નહિ. એ ઉગ્રતા. અહીંયા મોક્ષ બતાવવો છેને, મોક્ષપ્રાભૃતની ગાથા અને આની સાથે મેળવ્યું એમણે. ઓલું વીતરાગ ચારિત્રને અનુકૂળ શુદ્ધાત્માનું કીધું હતુંને? એની સાથે મેળવ્યું.

ભગવાન આત્મા પોતાના સ્વરૂપના અનુભવની દૃષ્ટિના નિશ્ચય સમકિત સહિત, સ્વરૂપના નિશ્ચય જ્ઞાન સહિત, સ્વરૂપમાં ઉગ્ર લીનતામાં મગન છે એવા શ્રમણ એ અલ્પ કાળમાં મુક્તિને પામે છે. છોટાભાઈ! આહા..હા..! કહો, હવે આ લોકો શું કહે છે? ભગવાન! આ બધું કરીને શ્વેતાંબરને (લોપ) કરશે. પ્રભુ! પ્રભુ! તું શું કહે છે ભાઈ? સમજાય છે? આ બધા મંદિરોને (લોપ) કરીને સ્થાનકવાસીના અપાસરા કરાવશે. પ્રભુ! તું આ શું કહે છે ભાઈ? અમારી શું ભાવના છે અને શું દિલ છે એ ભાઈ! જોયા વિના તું આ શું કહે છે? આહા..હા..!

અહો..! મુનિપદ ત્રણે કાળ ત્રણલોકમાં એવું હોય છે. જુઓને. આહા..હા..! જેને સ્વદ્રવ્યમાં લીનતા જામી ગઈ છે. એને વસ્ત્ર, પાત્ર લેવાનો વિકલ્પ હોઈ શકે નહિ. એને સંયોગ એવા હોય જ નહિ. ઈ આના અર્થમાં ઓલાએ કર્યું છે, ભાઈ! **'सद्दव्वरओ'** યતિ શબ્દ છેને. બીજા સાધુ માની લે તો? એટલે આ દિગંબર યતિ એમ લખ્યું. આ અર્થ છેને ટીકાના? સંસ્કૃત. **'सवणो'** શબ્દ પડ્યો છેને, એટલે કોઈ કહે, **'सद्दव्वरओ'** શ્રમણો બીજામાં પણ હોય. વસ્ત્ર, પાત્ર રાખતા હોય અને સાધુ માને એને **'सद्दव्वरओ'** હોય. હજી સ્વદ્રવ્યની દૃષ્ટિ નથી ત્યાં વળી સ્વદ્રવ્ય લીન ક્યાંથી આવ્યો? સાધુપદ છે એની ખબર નથી, એની શ્રદ્ધાની ખબર નથી. સમજાય છે કાંઈ? ધર્મચંદજી! આહા..હા..!

જેને ચૈતન્યના જ્ઞાયકભાવમાં લીનતા એવી જામી છે કે, જેને વસ્ત્ર, પાત્ર લેવાની વૃત્તિ હોઈ શકે જ નહિ. એવી જેની નગ્ન દશા સહજપણે થંભી, થઈ ગઈ છે. કરવી નથી, એ એવી થઈ જાય છે. એના એવો સંયોગમાં એનો સ્વભાવ દ્રવ્યમાં ઘણો લીન છે. છતાં એ નગ્નપણું એ મુનિપણું નથી. સમજાણું કાંઈ? મુનિપણું તો તે કાળે ત્રણ કષાયના અભાવમાં સ્વદ્રવ્યમાં લીન છે એવી દશા તેને મુનિ કહે છે. સમજાણું કાંઈ?

**'મગન હુઆ જો યતિ...'** શ્રમણ શબ્દ પડ્યો છેને એટલે. ઓહો..હો..! ધન્ય ધન્ય

દશા! '**યતિ વહ નિશ્ચયકર સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ,...**' એટલે નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ વિશેષ સ્થિરતા સહિતની આ વાત છે. નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ ત્યાં જ હોય છે અને ચોથે નહિ એમ અહીં નથી. પણ જેવી વસ્તુની દૃષ્ટિનો અનુભવ થયો એમાં સ્થિરતા જામી છે એટલે એને વિશેષ ત્યાં સમ્યગ્દૃષ્ટિ વીતરાગ ચારિત્ર સહિતનો કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પુસ્તક લખે છે, વિકલ્પ આવે છે, છતાં ક્યાં પાના પડ્યા ને કોણ લેશે, (એની) જેને પડી નથી. આહા..હા..! એ તે મુનિ કહેવાય! સમજાણું?

વીતરાગભાવમાં ઝૂલતો હોય છે મુનિ. છઠ્ઠે-સાતમે... છઠ્ઠે-સાતમે... છઠ્ઠે-સાતમે... કહે છે, એમાં જેવું સમ્યગ્દર્શનમાં ભગવાનને ભાળ્યો હતો શ્રદ્ધાએ અથવા જ્ઞાને જાણ્યો હતો, ચારિત્રમાં સ્વાદ પણ લીધો હતો... સમજાણું કાંઈ? એ વિશેષપણે પરિણમતો, એવા ભાવે વિશેષપણે પરિણમતો '**સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' જોયું? એ પાઠ છે. '**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माइं**'. એ સમ્યક્‌ની પ્રતીત, જ્ઞાનની રમણતામાં પરિણમતો, પરિણમતો, પરિણમતો કેવળજ્ઞાનને પામે છે અને આઠ કર્મને નાશ કરે છે. એટલે કે એના દ્રવ્ય ઉપર જ એની મીટ માંડેલી છે એવી રીતે પરિણમતો, પરિણમતો, એને લક્ષે પરિણમતો પરિણમતો કેવળજ્ઞાનને પામે છે. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' જુઓ! ઈ ચારિત્રની સ્થિરતા પણ સમ્યક્ આમ વસ્તુ ઉપર જે દૃષ્ટિ પડી હતી અનુભવ પરિણત, એની એ દૃષ્ટિમાં, ધ્યેયમાં, ધ્યેયમાં .... ધ્યેયમાં લીધેલો ભગવાન એમાં સ્થિર થતો એ સમકિતનું પરિણમન કહ્યું અહીંયા. ધ્યેયે પરિણમ્યો. દ્રવ્યના ધ્યેયે પરિણમ્યો છેને. સમજાણું કાંઈ? આહા..હા..! દિગંબર સંતોની કથની ન ભૂતો ન ભવિષ્યતિ. કોઈ ભાર નથી આ રીતે વાત કરે. શ્વેતાંબર ... બીજા અન્યમાં તો છે નહિ, પણ આ સત્યની વાત ઓહો..હો..! સમજાણું? અહીં શું કહેવું છે? વળી મગજમાં આવ્યું હતું કે, સમકિતથી પરિણમેલો એમ આવ્યોને શબ્દ? ભાઈ! એટલે એમ કહે છે કે, આમ જે સહિત માન્યું છેને દૃષ્ટિએ, એમને એમ ધ્યેયને બિલકુલ અસ્થિરતા થવા દેતો નથી. .. આઠ કર્મનો નાશ કરી નાખે છે. ... ધ્યેયને બિલકુલ અસ્થિરતા થવા દેતો નથી, એમને એમ આમ થઈ જાય છે અંદર. આઠ કર્મનો નાશ કરી નાખે છે. બસ, વજન ઈ આવ્યું ધ્યેયનું. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શને જે ધ્યેય ભગવાન પૂર્ણને માંડ્યો હતો એને ને એને એમને એમ, એમને એમ કરતાં કરતાં કહે છે સમકિતનું પરિણમન પરિણમતો આઠ કર્મનો નાશ કરી નાખે છે. સમજાણું કાંઈ? એના ધ્યેયમાં વિશેષ સ્થિર થાય એ પણ એક સમકિતનું જ પરિણમન ગણ્યું, ભાઈ! આહા..હા..! વાહ! એક વસ્તુ જુઓ શું (કહે છે)! ભગવાન આત્મા સ્વસંવેદન અને દૃષ્ટિથી

જે પ્રતીતમાં ધ્યેયને દ્રવ્ય આ પકડ્યો છે, એના એ પકડમાં ને પકડમાં પરિણત થતો આઠ કર્મનો નાશ કરે છે. સમજાણું કાંઈ? '**सम्मत्तपरिणदो उण**'. પરિણમનવાળો. '**खवेइ दुट्ठट्ठकम्माइं**' પરિણમતા હુઆ. ભાષા, દુષ્ટ અષ્ટ કર્મ શબ્દ વાપર્યો છે. આઠેય કર્મ દુષ્ટ છે. લે! પુણ્ય પણ દુષ્ટ? પુણ્ય, શાતાવેદનીય, અશાતાવેદનીય બધા આઠેય કર્મ દુષ્ટ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો બધું આવ્યું. આહા..હા..! '**दुट्ठट्ठकम्माइं**' શબ્દ પડ્યો છેને. દુષ્ટ આઠ કર્મ. ભગવાન પરમ આનંદમયકર આત્મા એમ. આનંદમય લીધોને. પરમ આનંદમય ભગવાન, દુષ્ટ આઠ કર્મ. સમજાણું કાંઈ?

એ ભગવાન અતીન્દ્રિય આનંદથી એકમેક પ્રભુ જેના આનંદના, જેની દૃષ્ટિમાં ધ્યેય આખો ભગવાન ભૂતાર્થ પડ્યો છેને. બસ! એને ને એને આશ્રયે રહેલો પરિણમન કરતો સમકિતદૃષ્ટિ એ સમકિતથી પરિણમન થતો દુષ્ટ આઠ કર્મનો નાશ થઈ જાય છે. જડને દુષ્ટ કહેવા? એ વિકારી પરિણામથી બંધાયેલા બધા કર્મો જ બધા દુષ્ટ છે. દુઃખદાયી છે, નથી આવતું? ... દુઃખ, દુઃખ, દુઃખ. એ બધું આઠેય કર્મ દુઃખ. દુઃખ એટલે જડ કાંઈ દુઃખ નથી. એના અવલંબે જેટલી પરિણતિ પડી છે એ બધી દુઃખદાયક છે. આહા..હા..! સમજાણું? એ ૭૬ થઈ. એ સ્વતંત્ર એક ગાથા હતી સમ્યગ્દૃષ્ટિની. હવે એમાં કોઈ વળી એમ જ લઈ જાય કે, ચોથે સમ્યગ્દર્શન નિશ્ચય ન હોય... સમજાય છે? તો એ વાતનો ખુલાસો આ ગાથામાં ૭૭માં આવે છે. ૭૭માં એનો ખુલાસો આવે છે.

'**ईसके बाद मिथ्यादृष्टिके लक्षणके कथनकी मुख्यतासे आठ दोहा कहते हैं** -' ઓલું '**अप्पिं अप्पु मुणंतु**' એમ હતું અને '**सद्दव्वरओ**' આધાર આપ્યો હતો. આ '**पज्जय-रत्तउ**' આવ્યું હવે. પર્યાય રત બસ. સમજાય છે? '**अप्पिं अप्पु मुणंतु**' હતું. આત્મા આત્માથી પોતાને જાણે. હવે અહીંયા આવ્યું કે, '**पज्जय-रत्तउ जीवइउ**' પરસમયની વ્યાખ્યા. અહો..! જેની રુચિ અનેક પ્રકારના પુણ્ય, પાપ, શરીર, વાણી બધી પર્યાય છે, બધી પર્યાયો, શરીર... શરીરમાં જેનો પ્રેમ છે એ પર્યાયરત છે, રાગમાં જેને પ્રેમ છે એ પર્યાયરત છે, પુણ્યના પરિણામમાં જેને પ્રેમ છે એ પર્યાયરત છે, એ દ્રવ્યરત નથી. આહા..! એ શરીર છે તે મને ઠીક છે, સુખરૂપ છે અને દુઃખરૂપ છે એમ દ્વેષ છે, એ જડમાં પ્રેમ રાખે છે. એ જડનો પ્રેમી છે, આત્માનો પ્રેમી નથી. રાગ પુણ્ય પરિણામમાં જેનો પ્રેમ છે એને શરીર ને કર્મ ને દેહનો જ પ્રેમ છે, એને આત્માનો પ્રેમ નથી.

૭૭) पज्जय-रत्तउ जीवडउ मिच्छादिट्ठि हवेइ।
बंधउ बहु-विह-कम्मडा जें संसारु भमेइ।।७७।।

**અન્વયાર્થ :—** **‘વહ મિથ્યાદૃષ્ટિ હોતા હૈ, ઔર ફિર વહ અનેક પ્રકારકે કર્મોંકો બાંધતા હૈ,...’** વસ્તુના સ્વદ્રવ્ય સ્વરૂપની દૃષ્ટિથી વિમુખ પુણ્ય-પાપના વિકલ્પ આદિ બધી સામગ્રી સંસારની એમાં જેણે પ્રેમ સ્થાપ્યો છે એ પર્યાયરત છે. એ **‘અજ્ઞાની અનેક પ્રકારના કર્મોંકો બાંધતા હૈ, જિનસે કિ સંસારમેં ભ્રમણ કરતા હૈ.’** એ વડે ચાર ગતિમાં ભ્રમણ કરે. અહીં સામે કહ્યું હતું કે **‘कम्मइँ मुच्चेइ’** અહીં કર્મ બાંધીને રખડશે. એની સામી સામી ગાથા છે. સમજાણું? એ વ્યાખ્યા થઈ ... એ પછી આવશે. પરમાત્માની અનુભૂતિરૂપ શ્રદ્ધા ... એમ લીધું છે, ભાઈ! એટલે સમ્યગ્દર્શન નિશ્ચય એનાથી વિમુખ એમ લીધું છે. વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૧, શુક્રવાર, તા. ૧૯-૧૧-૧૯૬૫**
**ગાથા-૭૭, પ્રવચન-૫૪**

‘પરમાત્મપ્રકાશ’ પહેલો ભાગ, ૭૭ ગાથા, એનો ભાવાર્થ. મિથ્યાત્વની વ્યાખ્યા કરે છે. મિથ્યાત્વ કોને કહેવું?

**ભાવાર્થ :-** **‘પરમાત્માકી અનુભૂતિરૂપ શ્રદ્ધાસે વિમુખ...’** આ આત્મા પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય (છે). મિથ્યાત્વની વ્યાખ્યા કરવી છેને. એટલે આ આત્મા પરમ સ્વરૂપ, આનંદ જ્ઞાન સ્વરૂપ એવો આ આત્મા પરમાત્મા, એની અનુભૂતિ—એનો જે અનુભવ, પરમાત્મસ્વભાવ એનો અનુભવ, એવી શ્રદ્ધા, અનુભૂતિરૂપ શ્રદ્ધા, સમજાણું કાંઈ? એનાથી વિમુખ. આ આત્મા વસ્તુ અખંડ જ્ઞાન ચૈતન્યમૂર્તિ પરમાત્મસ્વરૂપ પોતે, પરમ સ્વરૂપ એનો અનુભવ—એને અનુસરીને જ્ઞાનાનંદ આદિનો અનુભવ, એ અનુભૂતિરૂપ શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. એનાથી વિપરીત. સમજાણું કાંઈ? જુઓ! આ સમ્યગ્દર્શન આવી ગયું. પરમાત્માની અનુભૂતિરૂપી શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. આવ્યુંને? શું કીધું? શું આવ્યું આમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એટલે શું? આ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધસ્વરૂપ વસ્તુ પરમ સ્વરૂપ નિજ પરમાત્મા એનો અનુભવ, એનું જ્ઞાન, એની શ્રદ્ધાની નિર્વિકલ્પ શ્રદ્ધા એનો અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સમ્યગ્દર્શન. એનાથી વિમુખ—ઉલટું આઠ મદ. એટલે શું કહે છે? સ્વરૂપ પરમાનંદ શુદ્ધ દ્રવ્યસ્વભાવ એના અનુભવમાં હું આત્મા છું આ એમ એમાં અહં, મમ શ્રદ્ધા, જ્ઞાનમાં વર્તતું હોય છે. એને છોડીને જાતિમદ આદિમાં અહંપણું. જાતિ, કુળ આદિ આઠ મદ એમાં અહંપણું એ મિથ્યાત્વનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

'**જો આઠ મલ,...**' શંકા, કાંક્ષા આદિ સમકિતના છેને, '**છહ અનાયતન,...**' કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને એને માનનારા છ અને '**તીન મૂઢતા,...**' દેવ મૂઢતા, ગુરુ મૂઢતા, શાસ્ત્ર મૂઢતા. '**ઈન પચ્ચીસ દોષોંકર સહિત...**' એ પચ્ચીસ દોષ સહિત, '**અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ પરિણામ જિસકે હૈં,...**' આટલી વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? આમ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એના અનુભવના સમ્યક્‌માં તો 'હું આત્મા પૂર્ણ અખંડ છું' એવી પ્રતીતિ ને એનો અનુભવ (હોય છે), એનાથી ઉલટા આઠ મદ ને આઠ મળમાં અહંપણું અને પોતાપણું કરી, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના ભાવમાં પોતાપણું માની અને ત્રણ મૂઢતામાં પોતાપણું માની એવા દોષ સહિત અતત્ત્વ શ્રદ્ધા—એ તત્ત્વ શ્રદ્ધાથી વિપરીત માન્યતા એ મિથ્યાત્વ પરિણામ, એનું નામ મિથ્યાત્વના પરિણામ છે. ઓલા અનુભૂતિના પરિણામ સમ્યગ્દર્શનના પરિણામ હતા એનાથી આ ઉલટા. સમજાણું કાંઈ?

'**વહ મિથ્યાદષ્ટિ કહલાતા હૈ.**' આવા જેના પરિણામ છે, સમ્યગ્દર્શનથી ઉલટા એ જીવ મિથ્યાદષ્ટિ, અસત્યદષ્ટિ કહેવાય છે. '**વહ મિથ્યાદષ્ટિ નર નારકાદિ વિભાવ-પર્યાયોંમેં લીન રહતા હૈ.**' મનુષ્યપણું, દેવગતિ આદિ એ ગતિમાં લીન છે. સ્વભાવની દષ્ટિમાં લીન નથી. જ્ઞાયક ચૈતન્ય છું એની અંતર રુચિ ને અનુભવ નથી તેથી એ ચાર ગતિના ભાવના પર્યાયમાં લીન રહે છે. સમજાણું કાંઈ? '**ઉસ મિથ્યાત્વ પરિણામસે...**' એ વિપરીત માન્યતાને કારણે '**શુદ્ધાત્માકે અનુભવસે પરાઙ્મુખ...**' મિથ્યા શ્રદ્ધાને પર્યાય કારણે... ભગવાન શુદ્ધાત્માનો જે અનુભવ એ સમ્યક્ પરિણામ છે એનાથી ઊંધા '**પરાઙ્મુખ અનેક તરહકે કર્મોંકો બાંધતા હૈ,...**' '**શુદ્ધાત્માકે અનુભવસે પરાઙ્મુખ...**' મિથ્યાત્વ પરિણામથી, શુદ્ધાત્માના અનુભવથી પરાઙ્મુખ એવા મિથ્યાત્વ પરિણામથી, '**અનેક તરહકે કર્મોંકો બાંધતા હૈ,...**' આઠે કર્મ અનેક પ્રકારના બાંધે છે. કહો, સમજાણું આમાં? છે, પુસ્તક છે કે નહિ? કેટલી વાતું કરી! બે-ત્રણ પટ્ટી આમને આમ.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— ના. વસ્તુ સ્થિતિ જે છે, વસ્તુ પરમાત્મા નિજ સ્વરૂપ એનો પર્યાય જે સમ્યક્ અનુભવ, સમ્યક્ અનુભવ, જ્ઞાન અને આનંદના વેદનના ભાન સહિતની પ્રતીતિ એ સમ્યગ્દર્શન. એમ ઓળખાણ કરાવી. એ પર્યાયથી વિપરીત પર્યાય મિથ્યાત્વ એટલે કે આઠ મદ, મળ આદિમાં અહંપણું એના અનુભવમાં રહેવું એ મિથ્યાત્વભાવ એ અતત્ત્વશ્રદ્ધા કહેવામાં આવે છે. એવા મિથ્યાત્વ પરિણામથી, શુદ્ધાત્માના અનુભવથી ઉલટા મિથ્યાત્વ પરિણામથી અનેક પ્રકારના આઠ કર્મ બાંધે. શુદ્ધાત્માના અનુભવના પરિણામથી મુક્તિ થાય, ત્યારે શુદ્ધાત્મા અનુભવ પરિણામથી ઉલટા પરિણામથી આઠ કર્મ બંધાય. કહો, સમજાણું આમાં?

‘**જિનસે કિ...**’ હવે કર્મ બાંધે છે ઊંધા એને લઈને, ‘**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપી પાંચ પ્રકારકે સંસારમેં ભટકતા હૈ.**’ અનાદિથી આવા પાંચ મિથ્યાત્વ પરિણામને કારણે કર્મોના બંધનથી પાંચ પ્રકારના સંસાર પરિવર્તનમાં પરિભ્રમણ કરે છે. ‘**ઐસા કોઈ...**’ દ્રવ્યની વાત લેશે અર્થકાર હોં! દ્રવ્યસંસાર કીધુંને. દ્રવ્ય એટલે ‘**ઐસા કોઈ શરીર નહીં,...**’ જગતમાં. એમ લીધું દ્રવ્યમાં. એવું કોઈ શરીર નથી જગતમાં કે, ‘**જો ઈસને ન ધારણ કિયા હો,...**’ સમજાણું? એ દ્રવ્ય, દ્રવ્ય સંસાર. અનંત કાળમાં પરમાત્મ સ્વભાવના અનુભવની સમ્યગ્દર્શનથી વિરુદ્ધ પરિણામથી બાંધેલા કર્મે એવો કોઈ શરીરભાવ રહ્યો નથી જગતમાં કે એ શરીરમાં ન ઉપજ્યો હોય.

‘**ન ધારણ કિયા હો,...**’ અનંત શરીર ધારણ કર્યા. એકેન્દ્રિયનું, બેઇન્દ્રિયનું, ત્રણ ઇન્દ્રિયનું, ચૌઇન્દ્રિયનું, પંચેન્દ્રિયનું, નારકીનું, મનુષ્યના, દેવના અનંત અનંત શરીર. જગતમાં ઔદારિક, વૈક્રિયક,... સમજાય છે? તૈજસ અને કાર્માણ આદિ એવું શરીર કોઈ બાકી નથી રહ્યું, આહારકને એક કોર રાખો. સમજાણું? કે એ શરીરમાં ન ઉપજ્યો હોય અને ન મર્યો હોય. અનંત શરીર ધારણ કર્યા. એ બરાબર હશે? અશરીરી આત્મા શુદ્ધાત્માના અનુભવના ભાવથી તો પરમાનંદની મુક્તિ મળે, ભવનો અભાવ થાય. એ શુદ્ધ ભગવાન આત્માના અનુભવથી ઉલટા પરિણામથી, મુક્તિથી વિરુદ્ધ પાંચ પ્રકારનો સંસાર પ્રાપ્ત થાય. એમાં શરીરરૂપી સંસાર એવું આ જગતમાં શરીર કોઈ બાકી નથી રાખ્યું કે એ શરીર ધારણ ન કર્યું હોય એણે. બરાબર હશે આ? સડેલા શરીર પણ અનંત વાર ધાર્યા, નીરોગ શરીર અનંત વાર ધાર્યા. આ તો એનો વિસ્તાર થાય છે શરીરનો. શરીર ધાર્યું નહિ, એમ કીધુંને? શરીર બાકી નથી રાખ્યું. સડેલા શરીર સાતમી નરકના અને વૈક્રિયક શરીર એવા અનંત વાર ધાર્યા. રાજાપણાના મહા સુંદર શરીર અનંત વાર ધાર્યા, વ્યંતર અને દેવના વૈક્રિયક શરીર અનંત વાર ધાર્યા, એકેન્દ્રિય નિગોદના શરીર પણ અનંત વાર ધાર્યા. બેન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, ઢોર એના ઔદારિક શરીર અનંત વાર ધારણ કર્યા. સમજાણું કાંઈ? અશરીરી ભગવાન આત્માને અનુભવ્યા વિના આ

મિથ્યાત્વ પરિણામને કારણે બાંધેલા કર્મથી કોઈ શરીર બાકી નથી રાખ્યું અત્યાર સુધીના કાળમાં.

**'ઐસા કોઈ ક્ષેત્ર નહીં હૈ,...'** ચૌદ બ્રહ્માંડમાં એવું કોઈ ક્ષેત્ર નથી **'કિ જહાં ન ઉપજા હો, ઔર ન મરણ કિયા હો,...'** સમજાય છે? શું કીધું? આ આત્મા આનંદ જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ ભગવાન પરમાનંદની મૂર્તિ આત્મા છે. એના ભાન વિના, એની ઓળખાણ વિના એનાથી વિપરીત ઓળખાણ એટલે મિથ્યા શ્રદ્ધા દ્વારા સંસારમાં રખડવામાં એણે બાકી કાંઈ રાખ્યું નથી. કોઈ શરીર એવું નથી કે એણે ન ધારણ કર્યું હોય, કોઈ ક્ષેત્ર એવું નથી કે જ્યાં જન્મ્યો ને મર્યો ન હોય.

મુમુક્ષુ :— ચંદ્રલોકમાં...

ઉત્તર :— ચંદ્રમાં શું, સિદ્ધ ભગવાન છે ત્યાં જઈ આવ્યો છે. લ્યો, ચંદ્રલોકમાં. ઠીક! અનંત વાર સિદ્ધ ભગવાન છે ત્યાં નિગોદપણે અનંત વાર જઈ આવ્યો. આહા..હા..! જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં નિગોદના જીવ છે એકેન્દ્રિયના. આત્માના સમ્યક્ અનુભવ, સમ્યગ્દર્શન વિના, આત્મા આનંદ જ્ઞાનમૂર્તિ છે એવા અનુભવના સમ્યગ્દર્શન વિના એના મિથ્યાત્વ પરિણામથી બાંધેલા કર્મે કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું કે જ્યાં અનંત વાર જન્મ્યો ને મર્યો ન હોય. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પાડોશી ક્યાંથી થયો? ચક્રવર્તી પાસે ગયો હતો જેલમાં જ્યારે પાંજરામાં ઊભો હતો ત્યારે. સમજાણું કાંઈ? આહા..! સિદ્ધનું ક્ષેત્ર બાકી નથી રાખ્યું કે જ્યાં અનંત વાર જન્મ્યો ને ન મર્યો હોય. આહા..હા..! ચૌદ રાજુ બ્રહ્માંડ ભગવાન તીર્થંકરે અસંખ્ય જોજનમાં કહ્યા, ત્યાં સિદ્ધ ભગવાનનું ક્ષેત્ર છે ત્યાં પણ આ જીવ અનંત વાર મિથ્યા પરિણામ, મિથ્યાદૃષ્ટિપણે એવા અનંતા અવતાર ત્યાં ધારણ કર્યા છે. સમજાણું કાંઈ?

**'ઐસા કોઈ કાલ નહીં હૈ, કિ જિસમેં ઈસને જન્મ-મરણ ન કિયે હોં,...'** અવસર્પિણી, ઉત્સર્પિણીના કોઈ એક સમય એવો નથી કે જેમાં અનંત વાર જન્મ ને મરણ ન કર્યા હોય. ઓહો..! બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવનો જાણનાર, જાણનારને જાણ્યો નહિ. બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવનો જાણનાર ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા એનો સમ્યક્ અનુભવ, દૃષ્ટિ અનુભવ કર્યો નહિ એટલે આ રીતે એના ઊંધા ઉલટા ભાવે કોઈ શરીર બાકી ન રાખ્યું, ક્ષેત્ર બાકી ન રાખ્યું, કાળ કોઈ બાકી ન રાખ્યું કે જ્યાં અનંત વાર જન્મ્યો અને મર્યો ન હોય. અરે..! એણે વિચાર ક્યાં કર્યા છે? એણે તો આ વર્તમાન એક વાણિયો થયો. જેચંદભાઈ! એક શરીર કાંઈક સડ્યું, હાય.. હાય! શું થયું પણ? કહે છે કે, એવું કોઈ શરીર બાકી નથી રાખ્યું સડેલા કે સારા કે નથી ધાર્યા. આ વર્તમાન આવા શરીર તો અનંત વાર આવ્યા છે

એમ કહે છે. અનંત વાર આવું થઈ ગયું છે. માણસપણે થઈ, જેચંદભાઈ નામ થઈ અને મોહનભાઈના ભાઈના નામ થઈ આવા શરીર અનંત વાર આવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અનંત કાળ. આદિ કાંઈ કાળ છે? અનાદિનો અનાદિ, અનાદિને કોઈ આદિ છે? પહેલો આત્મા ક્યાંય હતો નવો એમ છે? અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... એ અનાદિના અનંત કાળના, અનંત કાળના અનંત પુદ્‌ગલપરાવર્તન, એના અનંત પુદ્‌ગલપરાવર્તનમાં એક પુદ્‌ગલપરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીસી જાય. એક ચોવીસીમાં દશ ક્રોડા ક્રોડી સાગરોપમ જાય. એક સોગરોપમમાં દશ ક્રોડા ક્રોડી પલ્યોપમ જાય, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. કહો, સમજાણું આમાં?

ભગવાન તીર્થંકરદેવ પરમાત્મા કેવળજ્ઞાનીએ ત્રણકાળ ત્રણલોક જોયા એમાં આ ફરમાવ્યું કે, હે જીવ! આ આત્માના અનુભવ... આત્મા આનંદમૂર્તિ, એ આનંદની ખાણ છે જેમાં અતીન્દ્રિય રસનો ભંડાર આત્મા છે, એના તેં અનુભવ અને અંતર સમ્યક્ અનુભવ વિના મિથ્યાદષ્ટિના અનુભવથી મિથ્યાશ્રદ્ધા અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો, જૈનનો સાધુ (થઈને).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દેખ્યો છે કે દિ' પણ દેખવાની મહેનત કરી છે? આ દેખાય છે એને શરીર ને આ હોળી. મોહનભાઈ! આ શરીર હું, આ રોગ હું, આ રાગ હું, આ પુણ્ય હું, આ પાપના ભાવ તે હું. હું... હું... હું... એનું ગરી ગયું છે વિકારમાં અને પરમાં. હું વિકાર અને પરથી ભિન્ન છું એવું શોધ્યું છે કે દિ'? એ તો વાત કરે છે અહીંયા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોણ છોડાવે પણ? આહા..હા..! જેણે જોડી એ તોડે, જોડી છે એણે. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ આદિનું જોડાણ એણે કર્યું છે. ભગવાન અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ છે આત્માનું. જેવા સિદ્ધ ભગવાન અનંતા થયા એવો જ આ આત્માનો અંતર સ્વભાવ એવો છે. એવા સ્વભાવને ભૂલી મિથ્યાદષ્ટિ પુણ્ય-પાપ મારા, શરીર મારા, મદ જાતિ, કુળ મદ આવ્યું છે ને માથે જુઓને. જે જાતિ મળી ત્યાં હું, આ મારા માતાના કુળ બહુ ઊંચું. પણ તારે મા કે દિ' હતી? મારા બાપનું કુળ બહુ ઊંચું, અમે મોટા સંઘના સંઘપતિ, ઈશ્વરપણું મળ્યું મોટપ, માન, રૂપનું મદ, કુળના મદ, શાસ્ત્રના, ભણતરના, વિદ્યાના મદ, વિદ્યાના મદ એ બધા મિથ્યાદષ્ટિને મદ હોય છે એમ કહે છે. આહા..હા..!

એક સમયમાં ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ એવો જેને શ્રદ્ધા, જ્ઞાનમાં, અનુભવમાં આવે એને કેમાં અભિમાન આવે? શેમાં અહંપણું આવે? મોટો ભગવાન જ્યાં અહંપણે ભાસ્યો છે. એ આત્મા ભાસ્યા વિના એને કાં વિદ્યામાં અભિમાન, તપમાં અભિમાન, ક્યાંક થોડા ઘણા

તપ ચાર-છ મહિના કરે તો આ અમે તપ કર્યા. હવે એ તો રાગની મંદતા, તેં કર્યું શું? એ એના અભિમાન. સમજાણું કાંઈ? જાતિ, કુળ, રૂપ, મદ વગેરે.

બળ—શરીરનું બળ એનું અભિમાન. આ તો માટી, ધૂળ છે. એ ક્યાં તું આત્મા છો? આત્મા તો જુદો છે. આનું બળ તો માટીનું છું. એના બળના અભિમાન. એક મૂઠી મારીએ તો અમે આમ કરીએ. મરી ગયો મિથ્યાદષ્ટિમાં, સાંભળને! પરના અભિમાન. એવા અભિમાન આઠ મદના, દોષના કીધાને? માથે કીધું ઈ. અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને એના માનનારાને સાચા માન્યા. એવા મિથ્યાત્વના ભાવથી કોઈ કાળ બાકી રાખ્યો નથી કે જેમાં એ જન્મ્યો ને મર્યો ન હોય. આહા..હા..!

'**ઔર ઐસે અશુદ્ધ ભાવ નહીં હૈં, જો ઈસકે ન હુએ હોં.**' શું કહે છે જુઓ! '**ઐસા કોઈ ભવ નહીં,...**' આ ચાર ગતિમાં એવો કોઈ ભવ નથી કે જે નથી પામ્યો. એક અનુત્તર વિમાનના ભવની વાત છોડી દ્યો. સમજાણું કાંઈ? અનંત વાર દેવ ભવ, અનંત વાર નારકીના, અનંત વાર ઢોરના, અનંત વાર રાજાના, અનંત વાર રાંકના, અનંત વાર અબજોપતિ શેઠના, અનંત વાર રોટલો સો વાર માગે ત્યારે એક વાર મળે એવા ભિખારીના, એવા ભવ અનંત વાર અનંત જીવે કર્યા છે. કહો, અહીં થોડુંક જ્યાં ઘટી જાય, આને વધી જાય તો હેં.. હેં થઈ ગયું ક્યાંથી આ? મોહનભાઈ! આહા..હા..!

અનંત વાર, અનંત વાર એક એક એકન્દ્રિયના શરીરો, બે ઈન્દ્રિયના ભવો, ત્રણ ઈન્દ્રિયના ભવો, ચાર ઈન્દ્રિયના ભવો, પાંચ ઈન્દ્રિયમાં નારકી, એક એક નારકીના અનંત ભવ પહેલી નરકના. દશ હજાર વર્ષની સ્થિતિએ નરકનો ભવ કર્યો એવા અનંતા ભવ. દશ હજાર ને એક સમયના ભવ એવા અનંતા ભવ. આહા..હા..! નારકીમાં થોડામાં થોડું આયુષ્ય દશ હજાર વર્ષનું છે. એ દશ હજારના ભવે આ ભવ કર્યા એ અનંતા. પછી દશ હજાર ને એક સમયના ભવ એવા અનંતા, એ દશ હજાર ને બે સમયના ભવ એ અનંતા, એમ ત્રણ, ચાર, પાંચ, છ, સાત એમ બધા એક એક સમય અધિક લઈ લેવા. એક સાગરોપમના પહેલી નરકના ભવ અનંતા. બીજી નરકમાં એક સાગરથી એક સમયના અધિકના અનંતા, જાઓ... તેત્રીસ સાગર (સુધી). તેત્રીસ સાગરના નારકીના ભવ. એણે પણ ... બાપા! એને ખબર નથી. આ આટલો અહીં આવ્યો.

અનંત અનંત કાળમાં તે આત્માના અનુભવ સમ્યગ્દર્શન વિના એણે સ્વર્ગના અનંતા ભવ (કર્યા). પાછા સ્વર્ગમાં પણ દશ હજાર વર્ષની સ્થિતિએ અનંતા, એક સમયના અધિકમાં અનંતા, એમ ૩૧ સાગરના ભવ અનંતા. જૈનનો સાધુ અનંત વાર થયો, જૈન સાધુ થયો. જુઓ અહીં કહેશે પછી. '**ઐસે અશુદ્ધ ભાવ કોઈ બાકી નહીં હૈં,...**' જે પુણ્ય ભાવથી જેણે

નવમી ગ્રૈવેયક અનંત વાર મેળવી. સમજાણું કાંઈ? એવા ગ્રૈવેયકના ભવ પણ અનંત વાર કર્યા અને એ ગ્રૈવેયકના ભવના ભાવ પણ અનંત વાર કર્યા. જુઓ! છેને? કોઈ એવો ભવ નથી બાકી રાખ્યો આત્માના અનુભવ વિના. આત્માના અનુભવ, આનંદના અનુભવ સમ્યગ્દર્શન વિના, સમજાણું કાંઈ? એણે કોઈ ભવ બાકી નથી રાખ્યો કે જે ભવમાં ન ઉપજ્યો હોય. ઓહો..હો..! અબજો અબજો રૂપિયાના બંગલા અને અબજોની કિંમતની પેદાશ મહિનાની એવા રાજાના ભવપણે અનંત વાર થયો છે. સમજાણું આમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ બાકી રાખ્યું. હા, એમ બોલોને ભાઈ! આ તમારા બાપને ઉદ્દેશીને વારંવાર કહીએ છીએ. ઘણી વાર રાડ પાડે છે. ઝટ અહીંથી જાવું છે. ક્યાં જાવું છે પણ ન્યાં? કહો, આ તમારા ચિરંજીવી કહે છે. એ આત્મા, આત્મા અખંડાનંદ ભગવાન તીર્થંકરદેવે જોયો એવો પૂર્ણાનંદનો કંદ એનો એણે અનુભવ ન કર્યો, બસ. સમ્યગ્દર્શન જેને કહીએ એ વિના આવા બધા ભવ અનંત વાર કર્યા. કહો, સમજાણું આમાં?

એ ભવથી થાકતો નથી. ભવમાં દુઃખથી જાણે આમ છૂટી જાઉં, એમ. પણ ચારે ભવ-ગતિ દુઃખ છે. એ દેવનો ભવ કર્યો એણે, નવમી ગ્રૈવેયક કોઈ સાંભળે તો ૩૧ સાગરની સ્થિતિ અનંત વાર. અહમેન્દ્ર એનાથી કોઈ મોટું નહિ. એ બધા દેવો અહમેન્દ્ર અસંખ્ય દેવો હોં! અસંખ્ય દેવો. એવા પુણ્ય કર્યા, મહાવ્રતના ભાવ પુણ્ય, દયા, દાન, ભક્તિ એવા શુભભાવ બ્રહ્મચર્ય, મુનિપણું, નગ્નપણું લઈને બ્રહ્મચર્ય પાળ્યા, મહાવ્રત પાળ્યા એવા મિથ્યાદૃષ્ટિપણે એવા ભાવ કર્યા એને લઈને નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. સમજાણું કાંઈ? ગોપાલદાસભાઈ!

મુમુક્ષુ :— ....

ઉત્તર :— જાય પણ આ તો ભવ કર્યાની વાત કરવી છે કે એની કરવી છે? સમ્યગ્દૃષ્ટિની ક્યાં, એ તો અનુત્તર (વિમાનમાં) જાય છે. મિથ્યાદૃષ્ટિપણે અનંત વાર ગયો એની વાત કરવી છે અહીં. સમ્યગ્દર્શન પછી ભવ છે એ તો જાણવા લાયક છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, એવો ભવ બાકી નથી અને એવો અશુદ્ધભાવ બાકી નથી. અશુદ્ધ ભાવ એટલે પુણ્ય ને પાપ. એવો પુણ્ય ને પાપ ભાવ બાકી નથી કે જેણે અનંત વાર પુણ્ય ને પાપ ન કર્યા હોય. અનંત વાર કર્યા છે. અનાદિ કાળનો ઈતિહાસ (છે). આ તો ભગવાન બારોટ છે કેવળજ્ઞાની. દુનિયાના નથી કહેતા? હોયને સૌના કુળના બારોટ. સાંભળ! તારા કુળની વાત. આ ભગવાન ત્રણકાળ, ત્રણલોકની વાત જાણે છે. એ ભગવાનની વાણીમાં આવ્યું કે, અરે..! આત્મા! તારો ઈતિહાસ તો સાંભળ. તારા બાપના બાપ ને બધા આવ્યા અનંત વાર થયા. એ બધા તારા બાપ મરીને અનંત વાર પડ્યા નરકમાં, તું ગયો મરીને નરકમાં, તારી

બાયડી મરીને ગઈ નરકમાં. એવા અનંતા ભવ કર્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો બાયડીપણે અનંત વાર થયો ને એમાં તારા ધણી મરી ગયા ને નરકમાં ગયા અનંત વાર અને તું પણ પછી ભેગી ગઈ નરકમાં અનંત વાર. આહા..હા..! કહો, સમજાણું આમાં? આ ફિલ્મ બતાવે છે. આહા..હા..! અહીં જરી થોડો ... મળે તો આહા..! થઈ જાય. હવે અનંત કાળમાં એક આ બે ચાર, પચાસ વર્ષ, વર્ષ કેટલા? પચાસ, સાંઈઠ, સીત્તેર એમાં તો જાણે આહા..હા..! અમે વધી ગયા, અમે આમ થઈ ગયું, અમે બાહુબળે પૈસા મેળવ્યા ને અમારા બાપ નહોતા મેળવી ગયા, ઘરના ઘરવખરા કર્યા, ઓરડા કર્યા, મકાન કર્યા, શું કહેવાય બધું? લૂગડાં-બુગડાં સમજ્યા ને?

મુમુક્ષુ :— ફર્નીચર.

ઉત્તર :— ફર્નીચર કર્યા અને આ બધું ભાઈ અમારે બાહુબળે અમે કર્યું, બાપ તો કાંઈ મૂકી નહોતા ગયા. લ્યો! શું તેં કર્યું પણ? ન્યાલભાઈ! આહા..હા..! મૂઢ તેં મિથ્યાત્વના અજ્ઞાન ભાવ કર્યા. એ ચીજ તો એને કારણે આવવાની અને આવી. અહીં તો અમે આ કર્યા. એ તો વાત આમ કરે ત્યારે આમ પહોળો થઈને આહા..હા..! એમાં પાંચ, દસ લાખ મળ્યા હોય ને વીસ લાખ મળ્યા હોય ઓહો..હો..! હું પહોળો ને શેરી સાંકડી. કહે છે કે, ભાઈ! એ ભ્રમણામાં તેં આવા ભવ અનંત વાર ભગવાનને ભૂલીને કર્યા. ભગવાન એટલે આત્મા હોં! આહા..હા..! જુઓ! અહીં ભાવ છે.

**'ઐસે અશુદ્ધ ભાવ નહીં હૈં, જો ઈસકે ન હુએ હોં.'** જુઓ! છેને? એવા પુણ્ય પરિણામ એક્કે એવા નથી કે જે એને અનંત વાર ન થયા હોય એમ કહે છે. તીર્થંકર ગોત્રના ભાવની જુદી વાત છે. સમજાણું કાંઈ? એમાં આવે ઈ? શું છે? શું છે? ભવ નહિ, અશુદ્ધ ભાવ આવ્યા, અહીં ભાવની વાત ચાલે છે. ફેં.. ફેં.. થઈ જાય છે. ભવની વાત નહિ, અશુદ્ધ ભાવ એમાં પુણ્ય આવ્યું એમ કહું છું. અશુદ્ધ ભાવ કોઈ બાકી નથી એટલે પુણ્ય ભાવ કોઈ બાકી નથી એમ. ભવની વાત નથી, અત્યારે લઈએ તો પાછી. અશુદ્ધ ભાવ કોઈ નથી બાકી એમાં એ પુણ્ય ભાવ કોઈ નથી બાકી કે તેં પુણ્ય અનંત વાર ન કર્યા હોય. મહાવ્રતના ભાવ, દયા-દાનના ભાવ, કરોડો રૂપિયાના દાનના ભાવ, સમજાય છે કાંઈ? પંચ મહાવ્રતના પરિણામના મિથ્યાદષ્ટિપણે આત્માના ભાન વિના (કર્યા). એવો કોઈ પુણ્યરૂપી શુભભાવ-અશુદ્ધ ભાવ બાકી નથી રહ્યો. શુભભાવરૂપ અશુદ્ધ ભાવ બાકી નથી રાખ્યો કે અનંત વાર ન કર્યો હોય. કહો, હવે ઓલા કહે શુભભાવથી ધર્મ થાય. કાલે ઓલા કહે, મિથ્યાદષ્ટિના શુભભાવથી ધર્મધ્યાન થાય. છેને શ્વેતાંબરમાં... એને માનવા. કાંઈ ભાન ન મળે, આ તે શું કોણ જાણે અંધારે અંધારા.

અહીં કહે છે, અનંતા અવતારમાં, આત્મા જન્મ-મરણ, શરીર રહિત એવું તત્ત્વ છે એના

અનુભવના સમ્યગ્દર્શન વિના એણે અશુદ્ધભાવ એના બે પ્રકાર પુણ્ય અને પાપ, એમાં પુણ્ય અશુદ્ધભાવ એવો કોઈ બાકી નથી રાખ્યો કે તેં નથી કર્યો. પુણ્યભાવ પણ અનંત વાર અશુદ્ધ અનંત વાર કર્યા. નવમી ગ્રૈવેયકે જાય એવા પુણ્ય પણ અનંત વાર કર્યા અને સાતમી નરકે જાય એવા પાપ પણ અનંત વાર કર્યા. આહા..હા..! કહો, છે ભગવાનજીભાઈ! એ અશુદ્ધ ભાવ કોઈ બાકી નથી રાખ્યો કર્યા વિના. આહા..હા..! અહીં તો જરીક...

મુમુક્ષુ :— પુણ્યભાવથી ભવ ઘટતા નથી.

ઉત્તર :— નથી. હા, ઈ વાત છે. આત્મા એ પુણ્ય-પાપના રાગ રહિતની ચીજ છે. અખંડાનંદ જ્ઞાનાનંદ સિદ્ધ સ્વરૂપ આત્માનું છે. એવો આનંદમૂર્તિના ભાન વિના, સમ્યક્ વિના, એના સેવન વિના, એના આદર વિના, પુણ્ય-પાપના આદરભાવથી મિથ્યાત્વભાવે કોઈ ભાવ બાકી રાખ્યો નથી. આહા..! સમજાણું આમાં? આમાં તો એક જરીક કાંઈક મળે ત્યાં.. ત્યાગ થોડો કરે તો આહા..! આપણે ઘણો ત્યાગ કર્યો. એક રાગ કાંઈક મંદતાનો ત્યાગ થયો, બ્રહ્મચર્ય લઈ લીધું કે એક ફલાણું કર્યું, લીલોતરીનો ત્યાગ કર્યો (ત્યાં) ઓહો..હો..! સાંભળને! એવા ભાવ તો અનંત વાર કર્યા છે, નવો ક્યો હતો? રાગની મંદતાના અશુદ્ધરૂપી પુણ્યભાવ અનંત વાર તેં મિથ્યાદષ્ટિપણે કર્યા, સમ્યગ્દર્શનનું ભાન નહિ માટે. સમજાણું કાંઈ? છેને? **'ઈસ તરહ અનંત પરાવર્તન ઈસને કિયે હૈં.'** લ્યો! અનંત પરાવર્તન બદલો માર્યો. શરીરનો બદલો, ક્ષેત્રનો, કાળનો ને ભવનો ને ભાવનો. **'ઐસા હી કથન મોક્ષપાહુડમેં નિશ્ચય મિથ્યાદષ્ટિકે લક્ષણમેં શ્રી કુંદકુંદાચાર્યને કહા હૈ—'** લ્યો! ગાથા છેને?

**'जो पुणु परदव्वरओ'** ઓલાથી સવળું. ઓલામાં ચૌદમી હતી. **'मिच्छादिट्ठी हवेइ सो साहू। मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।।'** ઓલી ચૌદમી હતી. **'सद्दव्वरओ'** આ ૧૫ છે. અજ્ઞાની જીવ એ આત્માના સમ્યક્ ભાન વિના એ દ્રવ્યકર્મ-આઠ કર્મના અભિમાન કર્યા, આઠ કર્મ જડ જ્ઞાનાવરણીય માટી ધૂળ આઠ કર્મ એ મારા મારા માનીને લીન અનાદિથી થયો. ભાવકર્મ એ પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એમાં લીન થઈ ગયો (અને) ભગવાનને ભૂલી ગયો આત્માને. આત્મા પુણ્ય-પાપ વિનાનું તત્ત્વ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ સર્વજ્ઞ પરમાત્માએ જોયેલો ભગવાન આત્મા, એવો આત્મા એને ભૂલીને એણે પુણ્ય અને પાપરૂપી ભાવકર્મ અનંત વાર લીન થઈને કર્યા. અહીં લીન નહોતો તો ન્યાં લીન છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? શુભાશુભભાવ એવા જે અશુદ્ધ પરિણામ એનામાં લીન થયો, અને નોકર્મ શરીર એવા પરદ્રવ્યમેં,... દેખો! એ બધાને પરદ્રવ્ય કીધા. પરદ્રવ્ય કીધા પુણ્ય-પાપના ભાવ દયા, દાન, ભક્તિ, વ્રત પૂજાના ભાવ પણ વિકાર છે અને પરદ્રવ્ય છે, એ આત્માનું સ્વરૂપ નથી. એને પરદ્રવ્ય કીધું. કોને? ભાવકર્મને અહીં કહેવું છે વધારે. દ્રવ્યકર્મ, નોકર્મ તો જડ છે, પણ આ તો પુણ્યના

પરિણામ દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામને પરદ્રવ્ય કીધા. સમજાણું કાંઈ?

**'વે સાધુકે વ્રત ધારણ કરને પર ભી...'** દેખો! જૈન સાધુ થાય, હજારો રાણીને છોડે, વ્રત લીધા હોય તોપણ તે એ વ્રતના પરિણામ પુણ્ય છે, એમાં લીન છે માટે મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! કનૈયાલાલજી! છેને લખ્યું છે, જુઓ ખુલાસો કર્યો. બહારનો ક્રિયાકાંડી સાધુ થાય, રાણી છોડે, બાયડી-છોકરા છોડે, કરોડો રૂપિયા છોડે, સાધુ થાય, દયા, દાન, વ્રતના પરિણામ કરે પણ એ પરિણામ વ્રતના પરિણામ એ શુભ રાગ છે, એમાં લીન છે કે એ મારો ધર્મ છે એનું નામ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં લખ્યું? લખ્યું છે? એ તો ખુલાસો કર્યો છે હોં! ટીકામાં લખ્યું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, પણ એનો અર્થ લખેને આખો. **'परदव्वरओ'** એની વ્યાખ્યા કરી. પરદ્રવ્યમાં જે પુણ્ય પરિણામ છે વ્રતના એમ. એમાં પુણ્ય પરિણામ જે વ્રતના છે, એ ધારણ કરને પર ભી એમાં લીન હતો માટે મિથ્યાદષ્ટિ છે એમ સ્પષ્ટ કર્યું છે. ઓલા ભાવકર્મનું સ્પષ્ટ કર્યું જરી. સમજાણું કાંઈ? ભાવકર્મ, દ્રવ્યકર્મ. પરદ્રવ્યમાં લીન કીધુંને? પાઠ. તો પરદ્રવ્યની વ્યાખ્યા કરી કે દ્રવ્યકર્મ એટલે જડ કર્મ અને ભાવકર્મ. હવે ભાવકર્મમાં સ્પષ્ટ કર્યું કે, કારણ કે, એમાં ગર્ભમાં સમજે નહિ માટે. એ ભાવકર્મ કેવું? કે, વ્રત ધારણ કર્યા. એ પુણ્ય રાગ એ ભાવકર્મ એમાં લીન થયો, સ્વદ્રવ્યની દષ્ટિ ભૂલી ગયો. સમજાણું કાંઈ? ગયા છે, પ્રેમચંદભાઈ ગયા છે, રાણપુર ગયા છે. પરદ્રવ્ય પરદ્રવ્ય (એમ) ઓઘે ઓઘે ચાલી જાય. પરદ્રવ્યની વ્યાખ્યા થાય ત્યારે એના ત્રણ પ્રકાર પડે. એક તો જડકર્મ આઠ, એક તો શરીર અને એક તો દયા, દાન, વ્રતના પરિણામ અને હિંસા, જૂઠું, ચોરીના ભાવ એ બધા વિકારને પરદ્રવ્ય કહે છે. એટલે એ પરદ્રવ્યમાં આવા વ્રતના પરિણામ શુભભાવ પણ અનંત વાર થયા, એમાં લીન થયો પણ એનાથી રહિત આત્મા છું એનું એણે સમ્યગ્દર્શનનું ભાન કર્યું નહિ. માટે મિથ્યાદષ્ટિપણે વ્રત પાળ્યા એ અનંત વાર રખડ્યો.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— હા, એ પુણ્યબંધનો માર્ગ છે. એ મિથ્યાદષ્ટિ એને ધર્મ માને છે માટે એમાં લીન થઈ ગયો એમ કહે છે અહીં. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... કોણ કરતો હતો? ધૂળ. સમજાણું?

**'સાધુકે વ્રત ધારણ કરને પર ભી મિથ્યાદષ્ટિ હી હૈં,...'** કેમ? કે, એ **'સમ્યગ્દષ્ટિ નહીં...'** કેમકે એ પુણ્ય-પાપના ભાવમાં લીન થઈ ગયો. અહીં ખુલાસો ચોખ્ખો કર્યો. હવે

ઓલા આઠ કર્મ, નોકર્મ અને પાપમાં લીન તો ઠીક, પણ કોઈ કહે પુણ્યમાં લીન થાય ઈ (શું)? કે, ભાઈ! આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે એની શ્રદ્ધા, જ્ઞાનના ભાન વિના અજ્ઞાની વ્રત ધારે તોપણ વ્રતના પરિણામમાં લીન જ રહે. એનાથી પૃથક્ આત્માનું ભાન છે નહિ. એ શુભ રાગ છે, શુભ રાગને એ ધર્મ માને માટે એમાં લીન થઈ ગયેલો છે. ભગવાન આત્મા એ શુભ ને અશુભ રાગથી ભિન્ન છે એનું એને સમ્યગ્દર્શનનું ભાન નથી. કહો, સમજાણું આમાં?

**'ઔર મિથ્યાત્વકર પરિણમતે દુઃખ દેનેવાલે આઠ કર્મોંકો બાંધતે હૈં.'** લ્યો! એવા વ્રતમાં લીન હોય એ મિથ્યાદૃષ્ટિ આઠ કર્મને બાંધે એમ કહે છે. એ તો સ્પષ્ટીકરણ કર્યું. જેને આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ સમ્યગ્દર્શનમાં અનુભવમાં આવ્યો નથી, એ વ્રત ધારણ કરે તોપણ તે વ્રતના પરિણામ રાગની મંદતાના છે, એમાં લીન થયો થકો મિથ્યાદૃષ્ટિ નવા આઠ કર્મને બાંધે છે. એમ કહે છે લ્યો! એ વ્રતના પરિણામમાં લીન થયો એ મિથ્યાદર્શન આદિ, દર્શનમોહ આદિ આઠેય કર્મને બાંધે છે એમ કહે છે. આત્મા ચૈતન્યસૂર્ય ભગવાન જ્ઞાનાનંદનો દરિયો આત્મા છે. જ્ઞાન ભગવાન મહિમાવંત પદાર્થ અને આનંદ જેનું અંતર રૂપ, એનું અંતરમાં ભાન સમ્યગ્દર્શન અનુભવ વિના એમાં એ લીન નથી. એથી એ કહે છે કે, વ્રતાદિ ધારણ કરે તો એ શુભભાવમાં લીન થયો થકો મિથ્યાદૃષ્ટિપણે દર્શનમોહ આદિ આઠે કર્મને બાંધે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, તો સાધુના કીધાને. શું કીધું આ? શેની વાત ચાલે છે આ? પુણ્ય ભાવ કીધો, સાધુના વ્રત કહું છું. મહાવ્રત કહું છું પછી કેટલા સમજવા છે તમારે? મહાવ્રત દયા, દાનના ભાવ, પંચ મહાવ્રતના પરિણામ કેટલી વાર આવ્યા? પણ એ સાધુના વ્રત થયાને, સાધુ થયોને, લોકો કહેને સાધુ. લોકો શું કહે એને? સાધુને એવા વ્રત હોય છે, દ્રવ્યલિંગીને મિથ્યાદૃષ્ટિને એમ કહે છે. એવા વ્રત કાંઈ ગૃહસ્થાશ્રમમાં ન હોય મિથ્યાદૃષ્ટિને એમ કહે છે. સાધુ એટલે કે આ બહાર સાધુ થયો હોય નગ્ન મુનિ દિગંબર અને પંચ મહાવ્રત બરાબર પાળતો હોય દયા, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવા ભાવ, પણ એ ભાવ છે રાગ અને એ રાગમાં લીન છે. કેમકે રાગથી પૃથક આત્માનું ભાન નથી એટલે રાગમાં લીન મિથ્યાદૃષ્ટિ આઠ કર્મને દર્શનમોહ આદિ આઠેયને બાંધે એમ કહે છે. આ તો ઉત્કૃષ્ટ વાત કરીને બધા હેઠલા બોલ હોય એમાં સમાઈ જાય છે એમ કહે છે.

શ્રાવકનું નામ ધરાવે, બાર વ્રતના પરિણામ કરે તો એ બાર વ્રતના પરિણામ તો શુભ છે. દયા, દાન, ભક્તિના પરિણામ પણ શુભ છે. એને ધર્મ માને એટલે એમાં લીન છે. એ પણ શ્રાવક નામ ધરાવી મિથ્યાદૃષ્ટિ આઠ કર્મને નવા બાંધે છે. દર્શનમોહ સહિત આઠે કર્મ બાંધે

છે એમ કહે છે. આ પેટામાં આવી જાય છે. સાધુની મોટી વાત કરે છે, હેઠે (બધા આવી જાય). સાધુ એટલે આ લોકમાં સાધુ કહેને, લોક તો કહેને વ્યવહારે. સમજાણું કાંઈ? આકરી વાત છે ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ ણમો લોએ સવ્વ સાહુણંમાં ન આવે. સમજાણું કાંઈ?

**'ફિર ભી આચાર્યને મોક્ષપાહુડમેં કહા હૈ—'** 'મોક્ષપાહુડ' નથી, એ શબ્દ ખોટો છે. 'પ્રવચનસાર' છે, એ તો લખ્યું છે. 'પ્રવચનસાર'ની ગાથા છે એ તો ઉક્તમ્ કહ્યું છે ઓલામાં, આ તો આણે નાખ્યું, અર્થકારે નાખ્યું. ઓલામાં તો ઉક્તમ્ એટલું. 'પુનઃ ઉક્તમ્' બસ. પ્રવચનસાર ગાથામાં કહ્યું છે.

**जे पज्जएसु णिरदा जीवा परसमइग त्ति णिद्दिट्ठा।**
**आदसहावम्मि ठिदा ते सगसमया मुणेयव्वा।।**

'પ્રવચનસાર' અધ્યાય બીજો, ગાથા બીજી. શું કહે છે? **'વે જીવ પરપર્યાયમેં રત મિથ્યાદૃષ્ટિ હૈં,...'** એટલે કે જે કોઈ આત્મા પુણ્ય ને પાપના વિકલ્પના રાગ ભાવ એમાં લીન છે એ મિથ્યાદૃષ્ટિ છે. **'ઐસા ભગવાનને કહા હૈ,...'** એવું ભગવાન તીર્થંકરદેવે કેવળજ્ઞાની પરમાત્માએ કહ્યું છે. પર પર્યાયમાં રત છે. પર એટલે પુણ્ય ને પાપ શરીર આદિ બધું પરપર્યાય છે. સમજાણું? એમાં રત છે, લીન છે. ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ એની અંતર અનુભવની દૃષ્ટિ નથી એથી તેમાં તેનું એકાગ્રપણું નથી. એથી એ પુણ્યના ભાવમાં શુભભાવ-અશુભભાવમાં લીન વર્તે છે એને ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સમજાણું? એ પરસમય છે એમ.

**'ઔર જો ઉપયોગ લક્ષણરૂપ નિજભાવમેં લિપ્ત રહે હૈ વે સ્વસમયરૂપ સમ્યગ્દૃષ્ટિ હૈ, એસા જાનો.'** સમજાણું? જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર એવા સ્વભાવસ્વરૂપ આત્મા છે. જાણનાર-દેખનાર ઉપયોગ લક્ષણવાળુ ચૈતન્ય છે એવું ભાન કરીને એમાં ઠરે છે એને સ્વસમય નામ આત્મામાં આવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિની વાત કરી. ઓલો અંતરાત્માને પરસમયમાં નાખે છેને? આમાં અહીં નથી, અહીં તો આની વાત છે. બીજા ભાગમાં એ છે, **'जीवो चरित्तदंसणणाणठिदो'** એમાં ઈ છે. જે કોઈ જીવ, આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ જ્ઞાન ઉપયોગ ચૈતન્યલક્ષણસ્વરૂપ એની રુચિ દૃષ્ટિ છોડી અને પુણ્ય-પાપના વિકલ્પમાં લીન એકાગ્ર વર્તે છે તેને ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે, એને પરસમય કહ્યો છે. એ પરમાં વર્તે છે, સ્વમાં નહિ. એ સ્વ આત્મામાં નહિ, પરમાં વર્તે છે માટે પરસમય કહ્યો. અને જાણનાર, દેખનાર આત્મા છે, જાણનાર, દેખનાર તે જ આત્મા છે એવા જાણવા, દેખવાના લક્ષણવાળા આત્મામાં જે વસે છે દૃષ્ટિ એને સ્વસમય સમ્યગ્દૃષ્ટિ

કહ્યો. તે આત્મરૂપ દૃષ્ટિ થઈ એટલે આત્મામાં વર્તનારો સમ્યગ્દૃષ્ટિ કહ્યો. કહો, સમજાણું? **'ऐसा जानो.'** **'मुणेयव्वा'** છેને? **'मुणेयव्वा'** શબ્દ છે. એને આમ જાણો એવો પાઠ છેને મૂળ પાઠમાં.

**'सारांश यह है, कि जो परपर्यायमें रत हैं, वे तो परसमय (मिथ्यादृष्टि) हैं...'** ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ આત્મા એમાં લીનતાનો જ્યાં અભાવ છે એને પુણ્ય-પાપના વિકલ્પ ને રાગ ને શરીરમાં જેની લીનતા વર્તે છે. તેને પરસમય—આત્મા સિવાયના પરભાવમાં વર્તનારો મિથ્યાદૃષ્ટિ કહે છે. એ આત્મા સ્વસમય સિવાય પુણ્ય-પાપના ભાવમાં લીન તે પરભાવમાં, પરસમયમાં, પરમાં વર્તે છે એને મિથ્યાદૃષ્ટિ કહે છે. **'और जो आत्म-स्वभावमें लगे हुए हैं,...'** **'आदसहावम्मि'** એમ છેને પાઠ. **'आत्म-स्वभावमें लगे हुए हैं,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય શુદ્ધ આનંદ એમાં જેની અંતર દૃષ્ટિ અનુભવની થઈ છે અને સમ્યગ્દર્શનથી એ આત્મામાં લાગ્યા છે અંદરમાં તે સ્વસમય આત્માવાળો સમ્યગ્દૃષ્ટિ થયો. કહો, સમજાણું? પરવાળો એ મિથ્યાદૃષ્ટિ થયો અને સ્વવાળો એ સમ્યગ્દૃષ્ટિ થયો.

આત્મા અનંત ગુણની રાશિ પ્રભુ એમાં અંતરનો અનુભવ, અંતર અનુભવની સમ્યગ્દૃષ્ટિ, એમાં એ દૃષ્ટિ પડી છે અનુભવની, તેના વલણમાં એકાગ્ર છે તેથી એને સ્વ આત્માવાળો સ્વસમય કહેવામાં આવે છે. અને જે એ ભૂલીને પુણ્ય ને પાપ, વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, શરીર આદિ એમાં જે પરવસ્તુમાં લીન છે, પરભાવમાં લીન છે એને પરસમય નામ પરભાવમાં વર્તનારો મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. બહુ ટૂંકી વ્યાખ્યા. કહો, સમજાણું આમાં?

એક મ્યાનમાં બે તલવાર ન રહે. એમ આત્મા પોતાની દૃષ્ટિમાં સમ્યક્ અનુભવમાં અંતર... રાગાદિ હો, હો, પણ દૃષ્ટિમાં એનું વર્તન નથી, એમાં રહેવું નથી. દૃષ્ટિ અનુભવ 'જ્ઞાનાનંદ સ્વરૂપ છું' એમાં અંતર વળેલું પરિણમન છે એ પોતે આત્મામાં જ રહેલ છે. એને સ્વસમય સમ્યગ્દૃષ્ટિ કહે છે અને એમાં નથી અને પુણ્ય-પાપના એકલા વિકલ્પો, શુભાશુભભાવ... સમજાણું? પરાલંબી બધા આચરણના ભાવ તેમાં વર્તનારો પરસમય મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આત્માનો શુદ્ધ સ્વભાવ પરમાનંદનો સ્વભાવ એમાં અંતર દૃષ્ટિએ વર્તે છે એ સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ નહિ. છેલ્લો સરવાળો. જુઓ! આ સરવાળામાં પાછું.

**'यहां पर आत्मज्ञानरूपी वीतराग सम्यक्त्वसे पराङ्मुख...'** એમ લીધું છે. મિથ્યાત્વ એ લીધું. ... આત્મજ્ઞાનથી વિરુદ્ધ તે મિથ્યાદૃષ્ટિ એમ નથી. ભાઈ! એ વીતરાગ સમકિત પહેલેથી જ છે. પાઠમાં છેને, **'स्वसंवित्ति'** છે પાઠમાં. **'स्वसंवित्तिरूपाद्वीतराग'** સમ્યગ્દૃષ્ટિ. **'स्वसंवित्ति'**. આત્મજ્ઞાન—એ આત્મા જ્ઞાનાનંદ એનું અંતર અનુભવનું ભાન એવું વીતરાગ સમ્યગ્દર્શન, એને જ વીતરાગ સમ્યગ્દર્શન કહીએ. એનાથી વિરુદ્ધ મિથ્યાત્વ કહ્યો. આત્માનું વીતરાગી સમકિત એનાથી વિરુદ્ધ મિથ્યાત્વ એમ કહે છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા પણ એ ઓલા કહે છેને, મિથ્યાદૃષ્ટિ ભલે હોય. પણ વીતરાગ સમ્યગ્દર્શન છે આઠમે. અરે..! ભાઈ! પણ પહેલેથી જ ઉપાડ્યું હતુંને, પહેલેથી ન કીધું? પરમાત્માનુભૂતિરૂપ શ્રદ્ધાથી વિમુખ. એનાથી પહેલેથી ઉપાડ્યું છે, સરવાળે એ નાખ્યું. ટીકામાં છેને. પરમાત્માનુભૂતિરૂપ પ્રતિપક્ષ એમ લીધું. અહીં **'स्वसंवित्तिरूपाद्वीतराग'** સમ્યક્‌ના પ્રતિપક્ષભૂત. બેય એક જ વાત છે. સમજાણું કાંઈ? એ તો ઘણા બોલ લીધા છે. **'दृष्टिरभिप्रायो रुचिः प्रत्ययः श्रद्धानं यस्य स भवति मिथ्यादृष्टिः'** **'मिथ्या वितथा व्यलीका'** ઘણા બોલ લીધા ઊંધા.

અહીંયા તો બે વાત—એક, પરમાત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનું અંતર અનુભવનું સમ્યગ્દર્શન (અને) એનાથી વિપરીત તે મિથ્યાત્વ ભાવ. એ વીતરાગ સમ્યગ્દર્શન કહો કે આત્માની અનુભૂતિ કહો, પરમાત્માનો અનુભવ કહો, સ્વસમ્યગ્દર્શનના અનુભવની દૃષ્ટિ કહો, બધી એક જ વાત છે. એનાથી વિપરીત તે મિથ્યાદૃષ્ટિ, પુણ્ય-પાપમાં લીન તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગ આવ્યુંને. વીતરાગ આવ્યું હતું. વીતરાગ જ છે, સાંભળને. રાગમાં એકતા નથી, સ્વભાવમાં એકતા એ વીતરાગ દૃષ્ટિ અને વીતરાગ અનુભૂતિ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વસે...'** **'स्वसंवित्ति'** છેને પાઠમાં. **'स्वसंवित्ति'** એટલે પોતાનું જ્ઞાન. સ્વ એટલે આત્મા, એની **'संवित्ति'** એટલે જ્ઞાન. જ્ઞાન વળી ઓલું લે સાધારણ જ્ઞાન. પણ સાધારણ તો... આ જ્ઞાન વીતરાગ સમકિત(સહિત) કીધું અહીં તો. આત્મા અખંડ જ્ઞાન ચૈતન્યમૂર્તિ એના અનુભવનું જ્ઞાન, એવી જે દૃષ્ટિ તે વીતરાગ સમ્યગ્દૃષ્ટિ છે. સમજાણું? એનાથી **'પરાङ्મુખ જો મિથ્યાત્વ હૈ, વહ ત્યાગને યોગ્ય હૈ.'** એવો મિથ્યાત્વભાવ છોડવા જેવો છે. કહો, આ સરવાળો કર્યો. ઓહો..!

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન આનંદઘન એનો અનુભવ કરવો એમાં આત્મા જ આદરણીય છે. આ મિથ્યાત્વ, જેમાં રાગ-દ્વેષની લીનતા એવો જે મિથ્યાત્વભાવ એ ત્યાજ્ય છે, એ ત્યાગ કરવા યોગ્ય છે. આનો ત્યાગ પહેલો કરવો જોઈએ એમ કહે છે. ત્યાગ આવ્યુંને? એના ત્યાગ વિના બીજો ત્યાગ આવ્યો ક્યાંથી? પુણ્ય-પાપના રાગમાં મારાપણું એવો જે મિથ્યાત્વભાવ અને સ્વભાવના મારાપણાનો અભાવ એવો મિથ્યાત્વભાવનો ત્યાગ (થાય) ત્યારે તેને સ્વભાવનો અનુભવની દૃષ્ટિ એનો આદર થતાં મિથ્યાત્વનો ત્યાગ થાય છે. મિથ્યાત્વના ત્યાગ પછી આત્મામાં લીનતા જેટલી થાય એટલો અવ્રત આદિનો ત્યાગ થાય છે. એમ છે. પહેલો તો આવો મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઈએ અને આત્માના જ્ઞાનાનંદના અનુભવની સમ્યગ્દૃષ્ટિ પ્રગટ કરવી જોઈએ, એમ વાત કરે છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૨, શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૬૫**
**ગાથા-૭૮, ૭૯, પ્રવચન-૫૫**

'**આગે મિથ્યાત્વકર અનેક પ્રકાર ઉપાર્જન કિયે કર્મોંસે યહ જીવ સંસાર-વનમેં ભ્રમતા હૈ,...**' જુઓ! આનો મુખ્ય મુદ્દો એ છે. કહેશે કર્મની શક્તિ. સમજાણું? ઈ પહેલો શબ્દ છેને માથે, '**मिथ्यात्वोपार्जितकर्मशक्तिं**' એમ પાઠ છે. મિથ્યાત્વની વ્યાખ્યા માથે આવી ગઈ છે કે, '**આત્મજ્ઞાનરૂપી વીતરાગ સમ્યક્ત્વસે પરાઙ્મુખ જો મિથ્યાત્વ હૈ,...**' છેલ્લી લીટી આવી ગઈ ૭૭માં. એનું અહીં મથાળુ બાંધ્યું. આત્મા એની શુદ્ધ ચૈતન્યસ્વરૂપ દૃષ્ટિ નિર્વિકલ્પ, અંદર સમ્યગ્જ્ઞાન એવું જે આત્મજ્ઞાન એનાથી વિપરીત પુણ્ય-પાપના વિકલ્પ એની કાંઈ કિંમત નથી. વાણી, શરીરની કાંઈ કિંમત નથી. કિંમત આત્મા જ્ઞાન, આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શુદ્ધ નિર્વિકલ્પ અખંડ આનંદકંદ (છે) એની અંતરની સમ્યગ્દર્શનની કિંમત છે. અંતર અનુભવમાં એનું જ્ઞાન, એની પ્રતીતિ, એની સ્થિરતા એની કિંમત છે. એનું નામ એને આત્મજ્ઞાન કહ્યું, એનું નામ વીતરાગ સમકિત કહ્યું. સમજાણું?

જેમાં રાગ ઉઠે છે શુભનો એની પણ કિંમત જ્ઞાનીને નથી. કારણ કે રાગ આત્માનું સ્વરૂપ નથી. અને વાણી નીકળે એ તો જડની છે, એની તો કિંમત જ્ઞાનીને છે જ નહિ. કિંમત છે આત્મજ્ઞાનની. એ આત્મજ્ઞાન વીતરાગ સમકિત છે. એનાથી પરાન્મુખ તે મિથ્યાત્વ છે. એ માથે આવી ગયું છે. સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાનાનંદનું અંતર અનુભવમાં એનું જ્ઞાન થઈ, એ આત્મજાતનું જ્ઞાન થઈ, આત્માની જાત અખંડ આનંદકંદ એનો અનુભવ થઈને એમાં પ્રતીત થવી એનું નામ વીતરાગ સમ્યગ્દર્શન અને એનું નામ આત્મજ્ઞાન. સમજાય છે કાંઈ?

એ સિવાય એનાથી વિપરીત એક વિકલ્પ પણ દયા, દાન, વ્રત, ભક્તિનો ઉઠે છે એને પોતાનો માનવો, વાણીને પોતાની માનવી, શરીરને પોતાનું માનવું એટલે કે વાણી છે તે હું બોલું છું, આ મારી વાણી છે એમ મિથ્યાદૃષ્ટિને જે માન્યતા છે એ મિથ્યાત્વથી ઉપાર્જેલા કર્મ એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? જ્ઞાન જ્ઞાતા ચિદાનંદ સ્વરૂપ એની નિર્વિકલ્પ અનુભવ દૃષ્ટિ ને જ્ઞાન એનાથી વિરુદ્ધ જેટલો શુભ-અશુભ રાગ કે વાણી, દેહ એ મારા કામ, મેં કર્યા, મેં કર્યા એવો જે મિથ્યાત્વ ભાવ, એ મિથ્યાત્વ ભાવથી ઉપાર્જેલું કર્મ એની શક્તિ રખડાવે છે એમ અહીં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શરૂઆત અહીંથી કરી છે. એવા '**કર્મોંસે યહ જીવ સંસાર-વનમેં** (ભટકતા) **ભ્રમતા હૈ,...**'

૭૮) कम्मइँ दिढ-घण-चिक्कणइँ गरुवइँ वज्ज-समाइँ।
णाण-वियक्खणु जीवडउ उप्पहि पाडहिँ ताइँ।।७८।।

પણ અહીં વજન અહીંથી લેવું હોં! ઓલા કર્મથી વજન ન લેવું. માથે મથાળું શું કહ્યું છે? વજન સમજાય છે? એનો દોર ભગવાન આત્મા અખંડાનંદ એની દૃષ્ટિ ને સમ્યક્ અનુભવ વિના મિથ્યાત્વ ભાવથી બાંધેલા કર્મ, એ કર્મ જીવને રખડાવે એવી શક્તિ... આમ પોતે નિમિત્ત થયો છે એ બંધાયેલા (કર્મ) આને રખડવામાં નિમિત્ત થાય છે, એમ કહેવું છે. કેમ દાંત કાઢ્યા? એમાં ઓલા કર્મનું જોર આવે છે એટલે?

મુમુક્ષુ :— વાત તો ત્યાંથી લીધી છે.

ઉત્તર :— ના, ક્યાં લીધી છે? મિથ્યાત્વથી લીધી છેને.

મુમુક્ષુ :— મિથ્યાત્વ દ્વારા અનેક પ્રકારકે ઉપાર્જન કિયે...

ઉત્તર :— હા, ત્યાંથી તો લીધી છે વાત.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ ગાથા નથી? આ ગાથાનો ઉપોદ્‌ઘાત શું છે? માથે મથાળું શું છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ટીકાકાર પણ એનો અર્થ કરે છેને. ટીકા એનો વિસ્તાર છે, આનો વિસ્તાર એ પોતે કરે છે કે, આ કર્મ કેમ થયેલા? કે, મિથ્યાત્વ ભાવથી થયેલા. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યના ભાન વિના એ પુણ્ય-પાપના વિકલ્પ, દેહ, વાણી મારા એવી માન્યતામાં એકાકાર થયેલો એને કિંમત આપેલી, એણે કિંમત આપેલી. પુણ્ય-પાપ રાગાદિ, દેહાદિ મારા એવી કિંમત આપેલી મિથ્યાત્વ ભાવમાં એની. એવા મિથ્યાત્વભાવથી બંધાયેલા કર્મ, એ કર્મને લઈને રખડે છે. શરૂઆત અહીંથી આવી છે.

હવે એ કર્મ કહે છે. '**तानि कर्माणि**'. અહીં તો ઓલું દૃઢપણું કહેશેને, ઈ મિથ્યાત્વનું જોર જોર હતું એમ ભાઈ અહીં લેવું છે. શું કહ્યું સમજાણું? કર્મને આકરા શબ્દે વર્ણવશે. પણ એ આકરામાં ઓલું મિથ્યાત્વનું આકરાપણું હતું માટે. સમજાણું કાંઈ?

**અન્વયાર્થ** :- '**વે જ્ઞાનાવરણાદિ કર્મ...**' એમાં દર્શનમોહનીય વગેરે આવી ગયું. '**જ્ઞાનાદિ ગુણસે ચતુર...**' ભગવાન આત્મા જ્ઞાન વિચિક્ષણ છે. જ્ઞાન વિચિક્ષણનો અર્થ કરશે અનંત જ્ઞાન આદિ સંપન્ન ગુણસંપન્ન, આનંદકંદ, નિર્મળાનંદ, સહજાનંદમૂર્તિ છે. એવો આત્મા પોતાના ભાવને—આવા સ્વભાવને ભૂલી અને જે મિથ્યાત્વ ભાવ ઉત્પન્ન કરેલો એનાથી બંધાયેલા કર્મ, એવા જ્ઞાન વિચિક્ષણ ભગવાન આત્માને તે કર્મ પાડે છે. સમજાણું કાંઈ?

આ રીતે મિથ્યાત્વભાવથી નિમિત્ત થયેલો એના ચીકણા કર્મ છે એ આને ઉલટા ભાવમાં

એ એને નિમિત્ત થાય છે એમ અરસ-પરસ લેવું છે. જ્ઞાન વિચિક્ષણે જીવડો. એ ભગવાન આત્મા તો જ્ઞાનનો પિંડ, જ્ઞાનપુંજ છે બસ. એમાં કોઈ વ્રત, દયા, દાન, કામ, ક્રોધના પરિણામ એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ વસ્તુમાં નથી. એવો જ્ઞાન વિચિક્ષણ જીવડો પ્રભુ ચૈતન્ય જ્ઞાન, કેવળજ્ઞાન કંદ એણે એવા સ્વભાવની એટલા જોરથી ઊંધી માન્યતા કરેલી. એટલા જોરથી ઊંધી માન્યતા કરેલી, એટલા જોરથી કર્મ જે બંધાણું. એ કર્મ કેવું છે? એમ કહે છે જુઓ! '**खोटे मार्गमें पटकते** (ડાલતે) **हैं**.' પોતે ખોટા માર્ગમાં ગયેલો પહેલો, એનાથી બંધાયેલા કર્મ એ ખોટા માર્ગમાં પતન કરે છે. બેને આમ લઈ લીધું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આવું સત્પુરુષ વિના કોણ કરી શકે?

ઉત્તર :— વસ્તુ પોકાર પોતે કરે છે અને લખે છે. ન્યાલભાઈ કાંઈક કહેતાને ભાઈ! એમાં છે એના અર્થ કરે છે. ન્યાલભાઈ! ભાઈ! તમારા હાથમાં છે, પાનું છે કે નહિ? કહો, સમજાણું આમાં?

ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા. એ સિવાય એક વિકલ્પ ઉઠવો એનો આત્મા સ્વામી નથી. જડની ક્રિયા દેહ, વાણીનો આત્મા ધણી ત્રણકાળ, ત્રણલોકમાં નથી. એવું નહિ જાણેલું અને એટલું જ ઊંધું માનેલું. જેવો વિચિક્ષણ કેવળજ્ઞાન કંદ આત્મા છે એટલા જ જોરથી એણે પુણ્ય ને પાપના વિકલ્પ, દેહ, વાણી, મન, કર્મ એ બધા આ હું, આ નહિ, આ હું, આ આવડો નહિ, આવડો હું—એવા મિથ્યાત્વના જોરથી બંધાયેલા આકરા કર્મ, એ ખોટે માર્ગે ગયો હતો (ત્યારે) બંધાયેલા કર્મ એને ખોટે માર્ગે પાડે છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

ભ્રમણામાં ચડી જાય ભ્રમણામાં. કેટલી વાર જ્ઞાનનો ઉઘાડ થોડો હોય, રાગ કાંઈક હોય, વાણી કાંઈક હોય, શરીર સારું હોય એને એમ થઈ જાય કે, આહા..હા..! આપણે બહુ મળ્યું. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ માર્ગ છે કહે છે. એ મિથ્યામાર્ગમાં બાંધેલા કર્મ એ મિથ્યા માર્ગમાં પટકે છે પાછો એને. ત્યાં એને અભિમાન કરાવે છે, પછાડે છે. અલ્પ જ્ઞાનનો ઉઘાડ એમાં ઈ હું, આ હું, આ હું. જ્ઞાન વિચિક્ષણ જીવડો, કેવળજ્ઞાન કંદ, પૂર્ણાનંદ એનાથી અલ્પ જ્ઞાનનું અભિમાન, રાગનું અભિમાન, શરીરની ક્રિયા આ મારા, આ હું એવા મિથ્યાત્વભાવથી બાંધેલું ચીકણું, આકરું. ચાર શબ્દ લેશે આકરા. '**दृढानि बलिष्ठानि घनानि निबिडानि चिक्कणान्य**' એટલા શબ્દ લેશે. છેને પાઠમાં જ છેને પણ. '**दिढ-घण-चिक्कणइँ गरुवइँ वज्ज**'. હેતુ છે એમાં. એટલું જોરથી એણે મિથ્યાત્વ કરેલું. સમજાણું કાંઈ?

એ જ્ઞાનનો પુંજ આત્મા એકલો ચિદાનંદ ઘન. એક સમયમાં જેનામાં અનંતા પરમાત્મા રહેલા છે. અનંત સિદ્ધની પર્યાય અનંતી અનંતી થાય એ અનંત પરમાત્મા જેના પેટમાં રહ્યા

છે. એક સમયનો સિદ્ધ ભગવાન એવા અનંત સમયના અનંત સિદ્ધ એ આત્મામાં એ અનંતા સિદ્ધો એક સમયમાં અત્યારે રહેલા છે. એવા પૂર્ણ પરમાત્માને એ રીતે ન સ્વીકારતા એને જોરથી અલ્પ જ્ઞાન, રાગ અને નિમિત્તમાં જોર આપ્યું કે, આટલો હું, આટલો હું. આવા અનંત પરમાત્મરૂપ ભગવાન જ્ઞાન વિચિક્ષણ જીવડો એણે આટલો હું (એમ માનીને) એનું એટલું જોર મિથ્યા અભિપ્રાયમાં આપ્યું, એનાથી બંધ્યા કર્મ એવા ચીકણા થયા કહે છે. જુઓ! એ '**ખોટે માર્ગમેં પટકતે હૈં.**' આહા..!

'**કૈસે હૈં, વે કર્મ બલવાન હૈં,...**' એ કર્મ બળવાન છે. અહીં ઊંધુ બળવાનપણું આપ્યું. અહીં તો જોર અહીંથી કહેવું છે. બળથી જોર આપ્યું હતું કે, હું આટલો જ છું, અલ્પ જ્ઞાનનો પર્યાય બસ બસ ઓહો..હો..! રાગ, પુણ્યનો ભાવ બસ, હવે પછી શું? વાણી, દેહ, ઓહો..! મારી વાણી, મારો દેહ. સમજાણું કાંઈ? એવા બળવાન જોરથી મિથ્યાત્વના ભાવને સેવેલો એટલો જ બળવાન કર્મમાં રસ પડ્યો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? જેની કિંમત ટાંકવી જોઈએ એની કિંમત નહિ ટાંકી. કિંમત તો જ્ઞાનાનંદ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એની કિંમત ટાંકીને અંદરમાં અનુભવમાં સમ્યગ્જ્ઞાન ને દર્શન પ્રગટ કરવું જોઈએ. એવી કિંમત ન ટાંકતા, કિંમત ટાંકી વર્તમાન જ્ઞાનના ઉઘાડ ભાવની થોડી, થોડો ઉઘાડ, રાગ, નિમિત્ત આની કિંમત ટાંકીને જોર આપ્યું મિથ્યાત્વ ભાવનું, જેની કિંમત કાંઈ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવું બળવાન કર્મ બંધાણું. કેવું છે? '**બહુત હૈં,...**' સમજાણું? '**दृढानि बलिष्ठानि**'. '**વિનાશ કરનેકો અશક્ય હૈં, ઈસલિયે ચિકને હૈં, ભારી હૈં, ઔર વજ્રકે સમાન અભેદ્ય હૈં.**' આટલા નામ આપ્યા. સમજાણું કાંઈ?

એ બધું આ બાજુથી અહીં હું લઉ છું હોં! ભાઈ! અહીંથી એટલું જોર કરેલું, એટલા જોરના કર્મ (બંધાણા). પણ એની પર્યાયમાં નિમિત્ત, નિમિત્ત આવું થયા વિના એના ઉપાદાનમાં એવો રસ અને યોગ્યતા ક્યાંથી હોય? સમજાણું કાંઈ? આહા..હા..! પોપટભાઈ દાંત કાઢે છે, આ કહે છે કર્મની શક્તિ. એમ નથી, લખ્યું છે એમ. સમજાણું? '**णाण-वियक्खणु जीवडउ**' એમ છેને. એનો વિચિક્ષણનો અર્થ કરશે અંદર હોં! જ્ઞાન વિચિક્ષણ જીવ સમજ્યાને? અનંત ગુણ વિચિક્ષણ એમ લેશે પાછું. પહેલો સાધારણ અર્થ કરીને જ્ઞાન કેવું છે? અનંત ગુણ વિચિક્ષણ દક્ષ. ભગવાન આત્મા જેનો એક જ્ઞાન ગુણ અનંત... અનંત... અનંત... અમાપ એક જ્ઞાનગુણમાં અનંતા પરમાત્મા પડેલા છે કેવળજ્ઞાનની પર્યાયવાળા પરમાત્મા. એક જ્ઞાનગુણમાં કેવળજ્ઞાનની પર્યાય પરમાત્માની એવા અનંતા પરમાત્મા એક ગુણમાં પડ્યા છે. સમજાણું?

એવા એવા અનંતા ગુણ, એક દર્શન ગુણમાં અનંતી દર્શન શક્તિના પરમાત્મા પડ્યા છે. એ શ્રદ્ધા ગુણમાં પરમ અવગાઢ સમકિતની પર્યાયના પરમાત્મા પડ્યા છે. એક યથાખ્યાતચારિત્રની

પૂર્ણ સ્થિરતા એ ચારિત્રના એક ગુણમાં છે, એવી સ્થિરતા, અનંત કાળની કેવળીની અનંત સ્થિરતા એ બધી પડી છે. એવો જે અનંત ગુણનો પિંડ ભગવાન આત્મા એને ભૂલી, એને ભૂલી અને એક પર્યાયબુદ્ધિમાં... એ દ્રવ્યબુદ્ધિને આવડી પ્રતીત ને જ્ઞાન જોઈએ એને ભૂલી. અહીં તો પર્યાયદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ સમકિત, ભાઈ! એ રીતે ઉપાડી વાત. સમજાણું કાંઈ?

આજ જરી યાદ ઓલું આવ્યું. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભૂતાર્થ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનું સમ્યગ્દર્શન. ભૂતાર્થ ભગવાન એનાથી અભૂતાર્થ એક સમયની પર્યાય, રાગ, નિમિત્ત બધું અભૂતાર્થ છે. સમજાણું કાંઈ? એનામાં જોર દીધું. મિથ્યા અભિપ્રાયે, મિથ્યા શ્રદ્ધાએ, એ જોરમાં આ બધા ભાવો પડ્યા હતા ચીકણા થવાના, દૃઢ થવાના, બળવાનપણાના. સમજાય છે? એને લઈને સામે કર્મ પણ એવા બંધાણા. ઓહો..હો..!

**ભાવાર્થ :-** '**યહ જીવ એક સમયમેં...**' જુઓ! '**લોકાલોકકે પ્રકાશનેવાલે કેવલજ્ઞાન આદિકા અનંત ગુણોંસે બુદ્ધિમાન ચતુર હૈ,...**' ભગવાન આત્મા મહા ચતુર. જેની એક પર્યાયમાં લોકાલોક જાણે એવો ચતુર, એક પર્યાયમાં લોકાલોક સામાન્ય દેખે એવો ચતુર. અનંત આનંદ જેની એક સમયની પર્યાયમાં પ્રગટ (થાય) એવો મહા આનંદિત આત્મા. એવા અનંત ગુણનો ધણી ભગવાન. એવો બુદ્ધિમાન ચતુર, લ્યો! બુદ્ધિમાન નાખ્યું. સમજાણું? એ ચતુરની વ્યાખ્યા કરી. એવા સ્વભાવવાનને વિપરીત માન્યતાથી એટલા જ વિરુદ્ધના માન્યતાથી બાંધેલા કર્મે એવા સ્વભાવવાને પણ પાડી નાખ્યો છે હેઠે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તો ભી ઈસ જીવકો વે સંસારકે કારણ કર્મ જ્ઞાનાદિ ગુણોંકા આચ્છાદન કરકે...**' દેખો! ભગવાન જ્ઞાનમય પ્રભુ, આનંદમય પ્રભુ એકલો શાંતરસનો પિંડલો, કષાયના એક અંશ વિનાનું આખું તત્ત્વ એવો ભગવાન એણે ઊંધા ભાવે બાંધેલા કર્મો, એને ઊંધા ભાવમાં પટકી દે છે ફડાક દઈને. સમજાણું કાંઈ? '**અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગસે વિપરીત...**' દેખો! ભાષા. જુઓ! આમાં ભેદરત્નત્રની વ્યાખ્યા નહિ કરે. એકલો અભેદરત્નત્રય નિશ્ચય મોક્ષમાર્ગ એમ કહેશે. અને એમાં ન્યાય આપશે કે, એ ઉપાદેય છે. જો કર્મથી જ થાતું હોય તો તો પછી આ ઉપાદેય કરવાનો એને પ્રસંગ રહેતો નથી. છેલ્લે છેને ભાઈ! ઉપાદેય. એ કર્મમાં જેટલું જોર પોતે ઊંધુ આપ્યું હતું એટલા જ જોરથી એને એના તરફ જોર આવતા એટલો જ આત્માને હેઠો પાડી નાખે છે. પણ તે કાળે પણ જો આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર અખંડાનંદ પ્રભુ એના અભેદ રત્નત્રયને પ્રગટ કરે તો, તે આત્મા ઉપાદેય છે અને ઓલું હેય થઈ જાય છે. એમ અવકાશ રાખીને વાત કરી છે. સમજાણું કાંઈ?

'**અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગસે વિપરીત...**' શું કીધું? ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ અભેદ વીતરાગ એકલો વીતરાગ વિજ્ઞાનઘન, જેમાં રાગના અંશનો અવસર નથી,

અલ્પ જ્ઞાનનો જેમાં અવસર નથી. એ તો પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... છે. એની પૂર્ણની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એવું અભેદરત્નત્રય. એનાથી ઊંધા માર્ગમાં આ કર્મનો ઉદય ઓલો ઊંધો પડેલો, ઊંધા કર્મ ઊંધામાં પાડી નાખે છે. સમજાણું કાંઈ? આહા..! કો'ક દિ' કર્મનો વારો આવ્યો, એમ ભાઈ કહે, પ્રેમચંદભાઈ એમ કહે. કો'ક દિ' વારો આવે ત્યાં ફેરવી નાખ્યું. કો'ક દિ' માંડ વારો આવે નિમિત્તનો ને કર્મનો. વારો નથી આવ્યો, પોતે એણે આત્મા પોતાના અખંડ અભેદ સ્વભાવને માન્યો નથી. રાગને ને કર્મને ને પર્યાયના અંશને જ આખું માન્યું છે. એ આખું માન્યું એ જ પર્યાયબુદ્ધિ એ જ મહા મિથ્યાત્વ ભાવ છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વ ભાવના જોરના ચીકાશના વજ્ર જેવા ભાવથી આકરા... છોટાભાઈ! હવે આ શું અર્થ કરે છે એમ કહે છે કેટલાક. જુઓને આ શું કીધું?

અભેદરત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગથી ખોટો માર્ગ-ઉન્માર્ગ. આહા..હા..! વર્તમાન સંયોગ તરફના ઉઘાડનો ભાવ, સંયોગી શ્રદ્ધા અને સંયોગી વિકારી ભાવ એની જેને કિંમત કરાવે છે એવા એ કર્મ છે એમ કહે છે. ચૈતન્યની અભેદ કિંમત છોડાવી દે છે. પોતે છોડી હતી એટલે કર્મ બાંધ્યા એ છોડાવી દે છે એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? અભેદરત્નત્રય એવો મોક્ષમાર્ગ, જુઓ! એક જ મોક્ષમાર્ગ હોં! આમાં પાછો ઓલો ભેદરત્નત્રયને અહીં કાઢી નાખ્યું છે. એવો જે સાચો મોક્ષમાર્ગ, ભગવાન અખંડ આનંદકંદ પ્રભુ એના અંતરનું એનું જ્ઞાન- આત્માનું જ્ઞાન, આત્માની શ્રદ્ધા, આત્માની સ્થિરતા એવો અભેદરત્નત્રય મોક્ષમાર્ગ, એવી જે કિંમતી ચીજ એનાથી (વિપરીત) કર્મને કારણે, એ કર્મ તે હેઠે પાડી નાખે છે, કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... વસ્તુ એવી છે. રાડ નાખે એવું છે. અરર..ર..! લોપ થઈ જાય છે આ બધો, વ્યવહારનો લોપ (થઈ જાય છે). અહીં તો શાસ્ત્રજ્ઞાનની પણ કિંમત નથી. શાસ્ત્રજ્ઞાનની કિંમત કેવી? આત્મજ્ઞાન ને આત્મદર્શનની જે પ્રતીત ને અનુભવ એની કિંમત છે. એ કિંમત ન કરતા તે શાસ્ત્રજ્ઞાનની, બહારની શ્રદ્ધાની ને રાગની ને નિમિત્તની જેણે બહુ જોર દઈને કિંમત કરી છે એ મિથ્યાદષ્ટિએ બાંધેલા આકરા કર્મ એને અભેદરત્નત્રયથી પાડી નાખે છે ફડાક દઈને એમ કહે છે. આહા..હા..! નેમિદાસભાઈ! નિમિત્ત કોણે આપ્યું હતું જોરનું?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પણ જોર અહીં ભાવ કરે છે જોરવાળો એમાં એ નિમિત્ત થાય છે એમ કહેવું છે. બેય એક ભાગ કરી નાખવા છે. એ કર્મ અને ઊંધી માન્યતા બે એક છે, એક છે એટલે એણે કરાવ્યું. એમ. આત્મામાં ક્યાં છે? એમ કહેવું છે અહીં. મિથ્યાત્વ ભાવ આદિ આત્મામાં ક્યાં છે? રાગભાવ એ આત્મામાં ક્યાં છે? આત્મામાં નથી એવો જે મિથ્યાત્વ ભાવ અને

એવું જે કર્મ એ બધું કર્મથી આ પાડે છે એમ અહીંયા કહેવામાં આવે છે. આત્મદ્રવ્યથી પડે એ? અને આત્મદ્રવ્યથી કર્મમાં બંધનમાં નિમિત્ત થવાય? સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન જ્ઞાનાનંદ, પૂર્ણાનંદ પ્રભુ એવા દ્રવ્યસ્વભાવથી કર્મમાં નિમિત્ત થાય?

એવો ભગવાન આત્મા જેની કિંમત વસ્તુની કરવી જોઈએ, વસ્તુનું જ્ઞાન થવું જોઈએ, વસ્તુમાં સ્થિરતા થવી એવી કિંમત થવી જોઈએ. એના કરતા બીજી કિંમત એણે ગણી અંદરમાં. સમજાય છે કાંઈ? કાં શાસ્ત્રના જ્ઞાનની કિંમત ગણી, કાં વાણીની કિંમત ગણી, કાં શરીરની કિંમત ગણી. એ કિંમત ગણી એટલે મિથ્યાત્વ ભાવ એનો થયો. આહા..હા..! એનાથી પોતે મોટો છું એમ માન્યું. આમ દ્રવ્યસ્વભાવ મહાન છે એમ દૃષ્ટિમાં માન્યો નહિ. ભૂલ એની કરેલી એને નડી, એમ કહે છે અહીં. આહા..હા..! ગોપાળભાઈ!

જોરદાર પોતે ભાવ સેવેલો ઊંધો. એના જેટલા બોલ કીધા છે એટલું જોર સેવેલું. આવ્યું ક્યાંથી ઉપાદાનમાં? એને નિમિત્ત તો આ હતુંને, ઉપાદાન તો એનો રસ છે, પણ નિમિત્ત તો આવું હતું. એવો જ રસવાળો ભાવ ચીકણો ભારે વજ્ર જેવો. શું કીધું? સમજાણું? દઢ, બળવંત, ઘન એ બધું. અહીં ઘન ઘન ભગવાન હતો એનાથી ઊંધા ભાવ કરેલા. એનાથી બાંધેલા આ પરમાણુની પર્યાય થયેલી, એના ઉદયમાં આવો ભગવાન છતાં ઉન્માર્ગમાં નાખે છે, ખોટે માર્ગે કર્મ લઈ જાય છે. એના લક્ષે થયેલો એ ખોટે માર્ગે જાય. આત્માને લક્ષે નથી એ ખોટે માર્ગે જાય, જાય જ. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાણું કાંઈ? કહો, જમુભાઈ!

**'અર્થાત્ મોક્ષ-માર્ગસે ભુલાકર ભવ-વનમેં ભટકાતે હૈં.'** સમજાણું? 'उन्मार्गे' છેને? ઉન્માર્ગ, ઉન્માર્ગ. એને એ મનાવી લે છે. કર્મ મનાવી લે છે એમ કીધું. માને છે એ પોતે પણ કર્મ એને ઊંધે માર્ગે મનાવી લે છે. સમજાણું કાંઈ? ઊંધી શ્રદ્ધા... ભગવાન અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની પ્રતીત, એનું જ્ઞાન અને એની રમણતા એ અભેદરત્નત્રય મોક્ષમાર્ગ. એનાથી ઊંધા-ઉલટા ભાવથી ભેદ જ્ઞાનનો અંશ, રાગ, નિમિત્ત આદિ ભેદ ભાવને પોતાને જોરથી એ જ એટલો હું, એ જ હું, એ જ હું.. એવા મિથ્યાત્વ ભાવથી બંધાયેલા કર્મ એના નિમિત્તમાં આત્મા જોડાતા એનાથી પડે છે. અહીં ન જોડાય માટે.

**'યહાં યહ અભિપ્રાય હૈ, કિ સંસારકે...'** જુઓ હવે લેશે. **'સંસારકે કારણ જો કર્મ ઔર ઉનકે કારણ મિથ્યાત્વ રાગાદિ પરિણામ હૈં, વે સબ હેય હૈં,...'** ક્યારે હેય થાય? ઓલો કરાવી દે તો પછી હેય તો થવાનો વખત રહે નહિ. પોતે એને માનતો કર્મના ઉદયના જોરમાં તેનું જોર જાતું, એને કહે છે કે, ભાઈ! આ તને રખડાવતું, હવે એને હેય જાણ. છોડ, હેય છે. ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ, અખંડ આનંદ પ્રભુ આત્મા એની અંતર દૃષ્ટિ કરી આને હેય જાણ. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! સંસારનું કારણ કર્મ. ભાઈ! જો

એનાથી હોય તો કર્મ રખડાવ્યા કરશે, હેય જાણવાનો વખત એને રહેશે નહિ. પણ એણે જેને ઉપાદેય માન્યું હતું, એને હેય તરીકે માન એ તારા અધિકારની વાત છે. સમજાણું કાંઈ? એનો અર્થ એ આવી ગયો કે, એ કર્મનું જોર એમાં ઉપાદેયપણું માન્યું હતું માટે ત્યાં એને લઈને પડ્યો એમ કહેવામાં આવ્યું હતું. સમજાણું કાંઈ? એને કો'ક મારે તો ખુશી થાય, ઈ ભારે! કો'ક મારે તો ખુશી થાય. હા! ઈ રખડાવે છે, હા! કર્મ પરદ્રવ્ય રખડાવે. હા! આ તારો રાજીપો કઈ જાતનો? જડ કર્મ તને મારે? કે, હા! પણ તું તારા ઊંધા ભાવથી મર ત્યારે જડ કર્મ મારે એમ કહેવામાં આવે, સાંભળને!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એને ક્યાં ખબર છે પણ? એ તો તું નિમિત્ત થયો હતો, એવું જ તું નિમિત્ત બનાવ, એને નિમિત્ત બનાવ એમ. તું જેવો નિમિત્ત એને થયો હતો તે રીતે એના ઉદય કાળમાં તું એને નિમિત્ત બનાવ ત્યારે ઉપાદેય માન્યું એને તો. સમજાણું કાંઈ? એ.. રાજમલજી! આ કહે છે કે, અર્થ કરવાની રીતમાં ફેર છે. પણ અહીં શું કહ્યું છેલ્લે? પહેલું મથાળુ બાંધ્યું હતું અહીંથી અને છેલ્લું પાછું શું કહ્યું? કે, એ હેય જાણ. હેય કઈ રીતે જાણે ઈ? એ જ જ્યારે કરાવ્યા કરે, ઈ જ કરાવે તો હેય જાણવાનો વખત ક્યાં રહ્યો એને? પણ પોતે પોતાના આત્માને ભૂલીને કર્મના નિમિત્તમાં ભાવમાં ઉપાદેયપણું માનતો હતો માટે હવે છોડ અને એને હેય માન, આમ ઉપાદેય માન. સમજાણું કાંઈ?

'**ભટકાતે હૈં. યહાં યહ અભિપ્રાય હૈ, કિ સંસારકે કારણ જો કર્મ ઔર ઉનકે કારણ મિથ્યાત્વ રાગાદિ પરિણામ હૈં,...**' છેને? ઊંધી માન્યતા અને રાગ-દ્વેષના પરિણામ, '**વે સબ હેય હૈં,...**' બધા હેય. એનો અર્થ થયો કે, એ બધાને તું ઉપાદેય માનીને રખડતો હતો એને, આત્માને ઉપાદેય માનીને એને હેય જાણ લ્યો! એમ અહીં સરવાળો આ છે. સમજાણું કાંઈ? બાદશાહ ભગવાન પણ એની એને (ખબર નથી). એ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એ શું હશે કોણ જાણે પૂર્ણ? આ બધું. એટલે કહે છે કે, હવે તું જેને ઉપાદેય માનીને રખડ્યો એને તેનાથી રખડાવ્યો એમ કહેવામાં આવ્યું. હવે એને તું તારા અધિકારથી હેય જાણ. તારા અધિકારથી જ તેં એને ઉપાદેય માન્યા હતા. સમજાણું કાંઈ?

'**વે સબ હેય હૈં,...**' સબ હેય કીધું છેને. સમજાણું? જ્ઞાન ઉપાદેય કીધુંને આ? એનો અર્થ હેય થઈ ગયો એ. '**उन्मार्गे पातयन्तीति। अत्रायमेवाभेदरत्नत्रयरूपो निश्चयमोक्षमार्ग उपादेय**' એમ. એની અંદરથી કાઢ્યું. અર્થ તો એમાંથી કાઢ્યો ભાઈ આમાં. એનો અર્થ થયો કે, તું આમ માનતો હતો એને ઉપાદેયના જોરમાં. ફેરવી નાખ હવે, આને ઉપાદેય માન એટલે ઓલું હેય થઈ જશે. એમ. સમજાણું કાંઈ? કોણ? '**અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ હૈ,...**'

દેખો! ભગવાન આત્મા એક સ્વરૂપે પ્રભુ અનંત ગુણની રાશી, ધ્રુવ વસ્તુ એની અંતર્મુખની પ્રતીતિ સમ્યગ્દર્શન, એને જ્ઞેય બનાવીને એનું જ્ઞાન-આત્માનું જ્ઞાન, એમાં સ્થિર થઈને અંશે ચારિત્ર—એવો અભેદ રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે. તે ઉપાદેય છે. એ પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે. ઉપાદેય તો દ્રવ્ય છે, પણ આ પ્રગટ જે મિથ્યાત્વ ભાવ ને રાગ-દ્વેષ કરે છો એને હેય જાણીને આ પ્રગટ કરવા લાયક આ છે માટે એને ઉપાદેય જાણ એમ કહે છે. આહા..હા..!

ભારે વાત પણ. લોકોને આ કોલાહલ, કોલાહલ થઈ ગયો છે. અરે..! ભગવાન! બાપા! આ કોલાહલ વિનાની ચીજ છે અહીં તો. અહીં તો આહા..હા..! અગિયાર અંગ ને નવ નવ પૂર્વના ભણતરની પણ કિંમત નથી. અગિયાર અંગ ને નવ પૂર્વના ક્ષયોપશમની કિંમત કાંઈ જરીએ ફૂટી બદામ જેટલી નથી. કળશમાં આવી ગયું હતુંને પહેલું. સમજાણું કાંઈ? આહા..હા..! એમ વ્યવહાર શ્રદ્ધાનો વિકલ્પ છે એની કાંઈ કિંમત નથી અને રાગની મંદતા એની ચૈતન્ય આગળ કાંઈ કિંમત નથી. તો એની આગળ વાણી ને શરીરની કિંમત ક્યાંથી હોય? આહા..હા..! સમજાણું કાંઈ?

અભેદરત્નત્રયની કિંમત છે, અહીં તો કહે છે. સમજાણું? એ ઉપાદેય કહ્યો એનો અર્થ કે, એ પ્રગટ કરવા લાયક ઈ જ છે. આ મિથ્યાત્વાદિ, કર્માદિ હેય કરી, એટલે 'હેય કરીને' તો એને ઉપદેશમાં લખ્યું, પણ અહીં આત્મા આ અખંડ આનંદની પ્રતીત, અનુભવમાં એનું જ્ઞાન ને એની લીનતા બસ, એ જ ગ્રહણ કરવા લાયક છે, એ જ પ્રગટ કરવા લાયક છે, બાકી કોઈ પ્રગટ કરવા લાયક નથી. સમજાણું કાંઈ? આમાં તો વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહારુ જ્ઞાન શાસ્ત્રનું કે વ્યવહારે રાગની મંદતાનું આચરણ ઉપાદેય નથી, પ્રગટ કરવા લાયક નથી એમ થયું એમાં. આહા..હા..! એ... છોટાભાઈ! નાસ્તિમાં આવી ગયું, ઈ પ્રગટ કરવા લાયક નથી. હો, હો, પણ પ્રગટ કરવા લાયક નથી. આહા..હા..!

આ તો 'પરમાત્મપ્રકાશ' છે. ભગવાન આત્મા પોતે જ પરમાત્મા છે. એક અંશમાં ખોડખાંપણ વસ્તુમાં, દ્રવ્યમાં નથી. એવા પરમાત્માને અંતર અભેદ દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિથી, જે મોક્ષનો માર્ગ તે જ પ્રગટ કરવા લાયક છે, એ જ ઉપાદેય છે, એ જ મોક્ષનું ખરું કારણ છે. પર્યાયની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એ ૭૮ થઈ. જુઓ! એમાં પહેલા અને છેલ્લા બધું આત્મા આવ્યો છે હોં! ઊંધાઈમાં પણ આત્મા ને સવળાઈમાં પણ આત્માની પ્રગટ કરવી દશા, એ બે વાત આવી ગઈ. કર્મનું વચ્ચે નાખીને આ... આહા..હા..! એક નાનો છોકરો ગાળ દઈને વયો જાય તો એને ઠીક ન લાગે અને અહીં ઓલા કર્મ હેરાન કરે તો કહે, હા! આ જો આવ્યું કે નહિ આમાં? જડે તને મારી નાખ્યો. કે, હા જુઓ આવ્યું કે નહિ? ભગવાન કહે છે. એ મારી

નાખ્યો તેં ઊંધે કરીને તને તેં મારી નાખ્યો, સાંભળને! ભગવાન પૂર્ણાનંદનો સ્વભાવ એની દૃષ્ટિ ન કરી, તેં આખા ચૈતન્ય જીવનને મારી નાખ્યું. અલ્પ જ્ઞાન, વિપરીત શ્રદ્ધા, રાગ-દ્વેષ આદિના પરિણામ એને માનીને આખા આત્માના જીવન પૂર્ણાનંદને તેં રહેસી નાખ્યો. તેથી બંધાયેલા કર્મ એનાથી રહેંસાઈ ગયો એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! જુઓ! અમારી વાત આવી કે નહિ? પણ એલા! તને મારી નાખ્યો કર્મે એ વાત મારી આવી એમાં તું શું કહે છે? જડે તને મારી નાખ્યો, અજીવે તને મારી નાખ્યો એ વાતમાં તું રાજી થા છો. પણ ઊંધો તે એને ઠીક પડે છે. એને શાસ્ત્રમાંથી કાઢવું ઠીક પડે છે. ઘનઘાતિ. અહીં ઘન શબ્દ આવ્યોને એટલે પાછો ઓલો ઘનઘાતિ કર્મ યાદ આવ્યું. ઘન કર્મ બંધાણું છેને ત્યાં. પણ એવો જ ઘન અહીં વિકાર એણે આકરો કરેલો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન! તારે કરવા જેવું હોય તો આ એક છે. પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા એની અંતરમાં અનુભવમાં અનુભવ કરી અને એની પ્રતીત—સમ્યગ્દર્શન કરી અને એમાં સ્થિરતા કરવી એ જ તારે કરવા જેવું છે, બાકી બધી વાતું થોથા છે. સમજાણું કાંઈ? આહા..! લ્યો! આ તો વળી યાદ આવ્યું કે, વ્યવહારનો ઉપદેશ આપતા નથી કહ્યુંને ભાઈ કાલ? કે, આમાં તો ના પાડે છે આમાં તો કહે છે, આવો ઉપદેશ પણ નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ કરવો એમ કહેવું એમ આવ્યું કે નહિ એમાં ઈ? એઈ..! એ તો વચ્ચે વ્યવહાર આવે છે એની હોંશ શી? સમજાય છે? નિશ્ચય સ્વરૂપના અનુભવ, દૃષ્ટિ, સ્થિરતામાં પૂર્ણ ન હોય ત્યાં વચમાં વ્યવહાર આવે છે એની હોંશ શી? હોંશ છે તેને સ્વભાવનો આદર નથી. સમજાય છે કાંઈ? એમાં એમ જોર દેવા જાય કે, જો આવો વ્યવહાર હોય તો અહીંયા હોય નિશ્ચય. જોર ખોટું થઈ ગયું. સમજાણું કાંઈ? માર્ગ અજબ છે ભાઈ! વીતરાગ માર્ગ તે કાંઈ લાલાપેઠા નથી. આહા..હા..!

કહે છે, વ્યવહારનો ઉપદેશ ભાઈ! એ વાણીમાં ભલે આવતો હોય તે વાણી ક્યાં એની છે? વાણી હું કરું એ ક્યાં આત્મામાં છે? વિકલ્પ પણ હું કરું એ વસ્તુમાં નથી, વળી વાણી કરી મેં એ વસ્તુમાં ક્યાં હતી? આહા..હા..! આવી વાણી નીકળી ગઈ એમ કહે છે. આત્માને અભેદ રત્નત્રય તે ઉપાદેય છે એમ નીકળશે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ ઓલા ભેદના ભાવ વ્યવહાર કરે, કરવો હોં!, કરવા જેવો છે. એમાં રાજી થઈ જાય. હા! હવે આવ્યું એનું સાચું જ્ઞાન.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ ઠીક કહે છે હોં! માખણમાં, ઓલી છાશ આવડી ભરી હોય અને માખણ તો આવડું હોય અને છાશ હોય બે મણની મોટી ગોળી ભરેલી. અને કળશો કળશો આપે તો બધા લઈ જાય, ગામમાં બધા રાજી થાય લ્યો! વાચી સાચી, હોં! એની. એના ઘરે એની

માએ કરેલું છેને. ઘણા લેવા આવે, બા! છાશ આપો, બા છાશ આપજો. લે લઈ જા. ...લઈ જા ભાઈ લઈ જા. બધા રાજી થાય અને માખણ રહે ઘરમાં આટલું.

અહીં તો કહે છે, ભગવાન! તું તો અખંડાનંદ પ્રભુ છોને ભાઈ! તારા અનુભવની દૃષ્ટિ કરી, જ્ઞાન કરીને ઠરવું એક જ વાત છે અહીં. વચ્ચે વ્યવહાર આવે એની હોંશ ન હોય અને એને સ્થાપતા પણ એમ લાગે કે, આ, આ કરવા જેવો. વ્યવહારનયના કથનમાં આવે એ તો છે એમ જણાવવા, પણ કરવા જેવો ... કાલ આવ્યું હતું આપણે નહિ? ભાઈ! વર્તમાન આલોચનામાં. શુભાશુભભાવને હું કરતો નથી, કરાવતો નથી, કરતાને હું સંમત્ત થતો નથી. હું એમાં સુખ માનતો નથી. શુભભાવ કોઈ કરતો હોય એને હું કરાવતો નથી, હું કરતો નથી અને કરતો હોય એને ઠીક સુખ માનું નહિ. કારણ કે એ તો દુઃખ છે. આકરી વાત છે ભાઈ! સમજાણું કાંઈ? એનું નામ આલોચના અને સંવર કહે છે. આવ્યું હતુંને? કનૈયાલાલજી! બપોરે કાલ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉપદેશ તો આપે છે જ કોણ? એ તો વાણી છે, ઉપદેશ જ ક્યાં આત્માનો હતો. ઉપદેશ આત્મા કોણ આપે? એ તો વાણી જડની છે. જડને બોલે કોણ? સમજાય છે? આહા..હા..!

અહીં તો કહે છે, અભેદરત્નત્રયરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ એક જ ઉપાદેય છે. છે તો ઉપાદેય આત્મા પણ પ્રગટ કરવા લાયક હોય તો આ એક જ વાત છે, બીજી નહિ, એ અપેક્ષાએ વાત કરી છે. વ્યવહાર મોક્ષમાર્ગ વચમાં આવે ઈ ઉપાદેય નહિને એમ થયુંને? પ્રગટ કરવા લાયક પણ નથી એમ થયું એમાં આવ્યો અર્થ. આવી જાય જુદી વાત છે, પ્રગટ કરવા લાયક છે એમ નથી. ભારે માર્ગ છે બાપા! વીતરાગનો માર્ગ. ૭૮ ગાથા થઈ.

‘**આગે મિથ્યાત્વ પરિણતિસે યહ જીવ તત્ત્વકો યથાર્થ નહીં જાનતા, વિપરીત જાનતા હૈ, એસા કહતે હૈં—**’ જુઓ આવ્યુંને? મિથ્યાત્વ પરિણતિસે હોં! મિથ્યાત્વ પરિણતિને કારણે, પોતાની ઊંધી માન્યતાને કારણે એમ પાછું આવ્યું. કર્મને કારણે નહિ. મિથ્યાત્વ પરિણતિ-વિપરીત માન્યતાને કારણે એ જીવ તત્ત્વને યથાર્થ નહિ જાણતો. કર્મને કારણે, દર્શનમોહનીયને કારણે અહીંયા તત્ત્વને યથાર્થ જાણતો નથી. એમ નહિ, એ તો નિમિત્ત છે. તારી ઊંધી માન્યતાને કારણે તું તત્ત્વને જાણતો નથી. ‘**યથાર્થ નહીં જાનતા, વિપરીત જાનતા હૈ,...**’ ‘**जिउ मिच्छत्तैं परिणमउ**’ જુઓ! ભાષા લીધી હોં! તરત જ લીધી આ ગાથામાં. એ મથાળું બાંધ્યું છે એ કારણે બાંધ્યું છે એમ કે મિથ્યાત્વ પરિણમન લેવું છેને પાછું આને કારણે.

૭૯) जिउ मिच्छत्तेँ परिणमउ विवरिउ तच्चु मुणेइ।
कम्म-विणिम्मिय भावडा ते अप्पाणु भणेइ।।७९।।

**અન્વયાર્થ :—** '**યહ જીવ અતત્ત્વશ્રદ્ધાનરૂપ પરિણત હુઆ,...**' ભગવાન જ્ઞાનમૂર્તિને જ્ઞાનમૂર્તિ, પૂર્ણાનંદને ન માનતા અતત્ત્વશ્રદ્ધાનરૂપ (અર્થાત્) રાગને ધર્મ માનતા, અલ્પજ્ઞ દશાને પૂર્ણ માનતા, નિમિત્તથી આત્મામાં કાંઈ થાય એવી વિપરીત માનતા. '**અતત્ત્વશ્રદ્ધાનરૂપ પરિણત હુઆ, આત્માકો આદિ લેકર...**' જુઓ! આત્માને આદિ લેકર. આત્મા જ્ઞાયક પૂર્ણાનંદ છે, આખો આત્મા પૂર્ણ જ્ઞાયક છે એને ન માનતા, પૂર્ણને પૂર્ણ ન માનતા... આત્મા આદિ લીધુંને? આત્મા એને કહેવો કે જે શરીર, કર્મ ને પુણ્ય-પાપ વિનાનો. અને એક સમયની પર્યાય પણ એ વ્યવહાર આત્મા છે. ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ અખંડ પૂર્ણાનંદ એ નિશ્ચય આત્મા. એવા નિશ્ચય આત્માને એ રીતે ન માનતા. સમજાણું કાંઈ?

'**આત્માકો આદિ લેકર તત્ત્વોંકે સ્વરૂપકો અન્યકા અન્ય શ્રદ્ધાન કરતા હૈ,...**' સમજાણું? '**યથાર્થ નહીં જાનતા. વસ્તુકા સ્વરૂપ તો જૈસા હૈ વૈસા હી હૈ,...**' જુઓ! વસ્તુ જ્ઞાયક ચૈતન્ય તો જેમ છે તેમ છે. પુણ્ય-પાપના વિકલ્પો પણ મલિનપણે છે તેમ છે. કર્મના જડનું ઉદયપણું અજીવનું તે જેમ છે તેમ છે. એ એમ ન માનતા એ મિથ્યાત્વી જીવ-વિપરીત માન્યતાવાળો આત્મા, મિથ્યાત્વમાં પરિણમતો જીવ '**વસ્તુકે સ્વરૂપકો વિપરીત જાનતા હૈ,...**' વસ્તુના સ્વરૂપને ઉલટું જાણે છે. '**અપના જો શુદ્ધ જ્ઞાનાદિ સહિત સ્વરૂપ હૈ,...**' જુઓ આવ્યું આત્મા. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ પૂર્ણ અખંડાનંદ પ્રભુ આત્મા એવું જે આત્માનું દ્રવ્ય સ્વરૂપ શુદ્ધ, શુદ્ધ પરિપૂર્ણ વસ્તુ, પરિપૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ પરિપૂર્ણ, પરિપૂર્ણ એવું સ્વરૂપ, '**ઉસકો મિથ્યાત્વ રાગાદિરૂપ જાનતા હૈ.**' એને ભ્રમણાવાળું, રાગવાળું, પુણ્યવાળું એવા આત્મદ્રવ્યને માને છે. સમજાણું કાંઈ?

'**शुद्धात्मानुभूतिरुचिविलक्षणेन मिथ्यात्वेन**' છેને, લખ્યું છે જુઓ! '**विलक्षणेन मिथ्यात्वेन**' જુઓ! '**शुद्धात्मानुभूतिरुचिविलक्षणेन मिथ्यात्वेन**' એમ લીધું છે. '**सन् जीवः परमात्मादितत्त्वं च यथावद् वस्तुस्वरूपमपि विपरीतं**' એમ છેને? એટલે? '**परमात्मादितत्त्वं**' એટલે? અહીં પરમાત્મપ્રકાશ છેને મૂળ પુસ્તક. પરમાત્મા એટલે દ્રવ્ય, પોતાનું દ્રવ્ય પરમાત્મા. એવા પરમાત્મતત્ત્વને એ રીતે પરમાત્મ પૂર્ણાનંદ પૂર્ણ છે એમ ન માનતા. સમજાણું? મિથ્યાત્વ આદિ એટલે કે એ અલ્પ જ્ઞાન, રાગાદિ. અલ્પજ્ઞાન પણ, એ અલ્પજ્ઞાન એ વ્યવહારુ આત્મા, અભૂતાર્થ આત્મા છે, ભૂતાર્થ આત્મા ત્રિકાળી નથી. સમજાણું કાંઈ?

પરમાત્મ દ્રવ્ય પૂર્ણ વસ્તુ એ પરમાત્મ તત્ત્વ. એનાથી ઉલટું એક સમયનો જ્ઞાન, દર્શન ને વીર્યનો ઉઘાડ વ્યવહાર આત્મા, એ અભૂતાર્થ આત્મા, એ ત્રિકાળ આત્મા નહિ. એને આત્મા

માને એ મિથ્યાદષ્ટિ છે. એવા મિથ્યાત્વ સહિતને આત્મા માને છે. સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાનાદિ સહિત ભગવાન એને મિથ્યાત્વ રાગાદિરૂપ જાનતા હૈ. અસત્ય માન્યતાથી એને અલ્પ જ્ઞાન, દર્શન, વીર્યવાળો કે રાગવાળો એ મિથ્યાત્વ સહિત, એણે અસત્ય સહિત આત્માને માન્યો. આખું પૂર્ણ સત્ય સ્વરૂપ છે અખંડાનંદ એને ન માનતા એણે આવી મિથ્યાશ્રદ્ધાવાળો આત્મા એ અલ્પ જ્ઞાન, દર્શન, વીર્ય ને રાગવાળો જાણ્યો એણે મિથ્યાત્વ સહિત જ આત્માને જાણ્યો. સમજાણું કાંઈ?

**'ઉસસે ક્યા કરતા હૈ?' 'कर्मविनिर्मितान् भावान्' 'કર્મોંકર રચે ગયે શરીરાદિ પરભાવ હૈં...'** લ્યો! એ કર્મથી રચાયેલા શરીર, વાણી, મન, **'ઉનકો અપને કહતા હૈ,...'** સમજાણું? પૂર્ણ ભગવાન સ્વભાવને ન જાણતા, ન માનતા, અપૂર્ણ દશા રાગાદિને પોતાનું પૂર્ણ સ્વરૂપ માનતા મિથ્યાત્વ અને રાગ-દ્વેષ સહિત જોરથી ઉપાર્જ્યા કર્મ, એનાથી બન્યા શરીર ને વાણી. **'ઉનકો અપને કહતા હૈ,...'** એને પોતાનો માને છે. **'અર્થાત્ ભેદવિજ્ઞાનકે અભાવસે...'** શરીરનું ગોરાપણું, તો કહે હું ગોરો છું. ધૂળની પર્યાય ગોરાની એ મારી પર્યાય, પોતાને શરીર ને વાણીની પર્યાય દ્વારા બીજાને અધિકપણે મનાવવાનો, દેખાડવાનો ભાવ એ ગોરા(પણા)ને, વાણીને પોતે જ માને છે પોતાને. સમજાણું કાંઈ? હું આ, એમ થયુંને એને? ગોરો ને આ વાણી આ હું, આ હું. જુઓ! આ મારી અધિકાઈ, એ મારી વિશેષતા. આ હું એમ. આ હું થયુંને? એટલે એનાથી મને ઓળખો. હું પણ એનાથી છું, એનાથી મને જાણો. સમજાણું કાંઈ? મિથ્યા દષ્ટિને લઈને એ શરીરની પર્યાય ને વાણીની પર્યાય એ દ્વારા આ હું છું એમ. એ રીતે મને હું માનું છું, એ રીતે તમે પણ મને આ રીતે મોટો, અધિક કહો. સમજાણું કે નહિ? કરવું, કરાવવું, અનુમોદવું એ આવી ગયું. હું ગોરો, બીજાનું કાળું શરીર તો હું ગોરો, એ રીતે પણ મારી પ્રસિદ્ધિ થાય એટલે આત્માની પ્રસિદ્ધિ. સમજાણું?

**'આદિ શ્યામ, સ્થૂલ, કૃશ,...'** શરીર મારું સ્થૂળ, હું જાડા બળિયો? જાડા બળિયો સમજતે હો? બોલવામાં. તગડો એ નહિ, બોલવામાં જોરદાર. એ જાડા બળીયો અમારા કાઠિયાવાડમાં કહે છે. ડાટા બળિયો, જોરદાર. પણ એ તો જડની દશા છે. એ તો કર્મથી થયેલી દશા છે જોરદારની વાણીની ભાષા, કંઠ. એ સ્થૂળ ને કૃશ થયુંને. ઈત્યાદિ બધા કર્મજનિત દેહના ભાવ છે. **'કર્મજનિત દેહકે સ્વરૂપકો અપના જાનતા હૈ,...'** આહા..હા..! **'ઈસીસે સંસારમેં ભ્રમણ કરતા હૈ.'**

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... આ કારણે એમ. સ્વરૂપને પોતાનું જાણે એ કારણે ભ્રમણ કરે છે એમ. કર્મને કારણે નહિ એમ. એને એ કર્મજનિત ભાવને પોતે માને છે માટે રખડે છે, એમ કહે

છે. એમ જ છેને.

'**યહાં પર કર્મોંસે ઉપાર્જન કિયે ભાવોંસે ભિન્ન જો શુદ્ધ આત્મા હૈ, ઉસસે જિસ સમય રાગાદિ દૂર હોતે હૈં, ઉસ સમય ઉપાદેય હૈ, ક્યોંકિ તભી શુદ્ધ આત્માકા જ્ઞાન હોતા હૈ.**' શું કહે છે? આમ ઉપાદેય ઉપાદેય (કહે) એમ નહિ. જે કાળમાં, જે સમયમાં, શુદ્ધ જ્ઞાયકભાવ તરફની અનુભવ દૃષ્ટિ થઈ, એના તરફનું જ્ઞાન અને એકાકાર થઈ તે કાળે આત્મા ઉપાદેય છે. એ સિવાય કોઈ ઉપાદેય આત્મા નથી. આહા..હા..! સમય લીધો છે હોં! રાગાદિ નિવૃત્તિ કાળે એમ છેને પાઠમાં, દરેકમાં એ આવે છે.

મુમુક્ષુ :— ઉપાદેય છે એવું બોલે તો કાંઈ લાભ ખરો?

ઉત્તર :— ધૂળમાં પણ લાભ નથી. ઉપાદેય ભાષામાં શું આવ્યું? એ તો શબ્દો છે, એ ક્યાં એના છે? ઈ શબ્દો ક્યાં એના છે? વિકલ્પમાં બોલે કે, ઉપાદેય છે. એ ક્યાં વિકલ્પ એનો છે તો ઉપાદેય થયો? એમ કહે છે અહીં તો. વિકલ્પથી ઉપાદેય માન્યો એ ઉપાદેય છે જ નહિ. શરીરથી ઉપાદેય માન્યો, વાણીથી ઉપાદેય છે જ નહિ. અંદરની શુદ્ધ પરિણતિ–રાગરહિત પરિણતિ દ્વારા આત્મા ઉપાદેય તે કાળે ઉપાદેય થયો, નહિતર ઉપાદેય છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૩, રવિવાર, તા. ૨૧-૧૧-૧૯૬૫**
**ગાથા-૮૦, ૮૧, પ્રવચન-૫૯**

'પરમાત્મપ્રકાશ' છે. પહેલા ભાગની ૮૦મી ગાથા છે, ૮૦. ૭૯ થઈ. 'ઈસકે બાદ...' ૭૯માં કહ્યું એના પછી. '**ઉન પૂર્વ કથિત...**' એટલે પૂર્વે કહ્યું હતું. શરીર કાળું, ધોળું, મિશ્ર વર્ણવાળું વગેરે. કર્મજનિત ભાવ છે એ બધા. એ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી શરીરની અવસ્થાઓ છે. '**જિસ મિથ્યાત્વ પરિણામસે...**' એ પોતાની ઊંધી માન્યતાના ભાવ દ્વારા. અહીં વજન છે. કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વ પરિણામસે...**' વિપરીત પરિણામ.

આત્માનું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ એના સમ્યક્ પરિણામ દ્વારા એને પોતાના અનુભવને માનવું જોઈએ. સમ્યક્ પરિણામ દ્વારા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અખંડ જ્ઞાયક એમ અનુભવને માનવું જોઈએ, એમ ન માનતા પોતે જ મિથ્યાત્વ પરિણામ દ્વારા. સમજાણું કાંઈ? મિથ્યા નામ જૂઠા પરિણામ દ્વારા બહિરાત્મા બહિરબુદ્ધિ એ શરીરના બધા અવસ્થાઓના રંગ આદિ એને આત્માના સ્વભાવમાં જોડે સંબંધ કરે છે કે એ હું છું. અથવા બીજાના આત્માને પણ એ રીતે શરીર કૃશ, પાતળું, સ્થૂળ, કાળું, ધોળું એવા રંગ કર્મ જનિત ભાવથી મિથ્યાત્વ પરિણામને લઈ બીજા આત્માને પણ એ રીતે ઓળખે છે. એની બહિરાત્મ બુદ્ધિ છે. એથી બહિરાત્મા શબ્દ વાપર્યો. **'અપને માનતા હૈ, ઔર વે અપને હૈં નહીં,...'** એ શરીરની કૃશતા, સ્થૂળતા, રોગતા, નીરોગતા, કાળાપણું, ધોળાપણું, રાતાપણું, મિશ્ર રંગપણું એ પોતાના નથી. **'ઐસે પરિણામોંકો...'** એવી પર્યાયને, **'પાંચ દોહા-સૂત્રોંમેં કહતે હૈં—'** જુઓ, એવા પરિણામની વાત ચાલે છે આ. દેહની વર્ણ, રંગ, અવસ્થા એ બધા પરિણામ જડના છે.

૮૦) **हउँ गोरउ हउँ सामलउ हउँ जि विभिण्णउ वण्णु।**
**हउँ तणु-अंगउँ थूलु हउँ एहउँ मूढउ मण्णु।।८०।।**

જુઓ! **'मूढउ मण्णु'** એટલે ત્યાંથી કાઢ્યું છે. મિથ્યાત્વ પોતાના મિથ્યાત્વ પરિણામથી માને છે. એ કર્મ એને મનાવે છે એમ નથી. દર્શનમોહનો કર્મ, પાપ એને આ પર કર્મજન્યની પર્યાયો એને મનાવે છે એમ નથી. પોતાના સમ્યક્ પુરુષાર્થ દ્વારા શુદ્ધાત્માનુભૂતિથી આ આત્મા અખંડ જ્ઞાનસ્વભાવ છું એવું નહિ માનતા આ મિથ્યા પરિણામથી બહિર પર્યાયને પોતાની માને છે. કહો, સમજાણું કાંઈ?

મૈં ગોરા હૂં. ધોળો હું. ધોળી પર્યાય છે. રંગની, શરીરની અવસ્થા છે ધોળી તો. એ અવસ્થાવાળો હું છું. હું એક શુદ્ધ વીતરાગ જ્ઞાનાનંદ એક સ્વભાવી આત્મા એની રુચિ, દૃષ્ટિ છોડી અને આ શરીરની પર્યાયના અસ્તિત્વમાં હુંપણું (માન્યું છે). અહીં હુંપણું નથી એટલે અહીં હુંપણું માન્યું છે, માન્યું છે. સમજાણું કાંઈ? પોતાને પણ, ધોળા વર્ણ દ્વારા બીજાથી હું કાંઈક અધિક છું એમ રંગ દ્વારા પોતાની અધિકાઈ મનાવવી. સમજાણું કાંઈ? શરીરની આકૃતિની અનુકૂળતા, શરીરના રંગ એવી વર્તમાન પર્યાય દ્વારા પોતાને અધિક માનવો અથવા બીજા પાસે આ રીતે બીજાના આકૃતિ અને રંગ કરતા હું અધિક છું (એ) ત્રણને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? હું ગોરો છું. આમ તો સ્થૂળ વાત છે આ. હું શુદ્ધ ચિદાનંદસ્વરૂપ અખંડ જ્ઞાયક એક સ્વભાવી છું એવી દૃષ્ટિના અભાવમાં આ પર્યાયનું એને અધિકપણું જ અંદર ભાસે છે. સમજાય છે કાંઈ?

**'મૈ કાલા હૂં,...'** એ તો શરીરની પર્યાય છે. આત્માની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની

એ પર્યાયથી આત્મા આવો છે એમ જણાય. એને ઠેકાણે એ પર્યાયથી વિરુદ્ધ મિથ્યા પરિણામ અને અસત્ય પરિણામથી આ પર્યાયમાં હું અથવા એ પર્યાયથી હું એમ જાણવું એ બહિરાત્મબુદ્ધિ છે. સમજાણું કાંઈ? બહિરાત્મ એટલે? બહારની પર્યાયને પોતાના સ્વરૂપમાં મેળવવી, સંબંધ કરાવવો, ગોઠવવી એનું નામ બહિરાત્મા કહેવાય છે.

**'मैं ही 'विभिन्नः वर्णः' (મિશ્ર વર્ણ) અનેક વર્ણવાલા હૂં,...'** રાતો, પીળો વગેરે હું છું. શરીરના ભિન્ન ભિન્ન રંગો હોય કોઈ મોઢાના, હાથના, હથેળીના, કાનના ઈ બીજા બધા રંગની મિશ્રિતતા વડે આ પર્યાય એના ઉપર એનું અસ્તિત્વનું લક્ષ છે. એ અવસ્થાને આત્માના જ્ઞાનસ્વભાવ સાથે જોડે છે, સંબંધ કરે છે એ બહિરાત્મા મિથ્યાત્વ પરિણામથી કરે છે. સમજાય છે કાંઈ?

**'मैं 'तन्वंगः' કૃશ (પતલે) શરીરવાલા હૂં,...'** હું તો કૃશ (છું), પહેલેથી મારું તો શરીર જ કૃશ છે હોં! પાતળી કાઠી, શરીરની પાતળી કાઠી. આ ભાઈની કાઠી પાતળી છેને જુઓને. કાઠી આપણે એમ નથી કહેતા? શરીરની પાતળી કાઠી દ્વારા આત્માને સંબંધ કરવો ને ઓળખવો એ મિથ્યાત્વ પરિણામ પોતાના ઊંધા પરિણામથી માની રહ્યો છે. સમજાણું કાંઈ? 'मैं **'स्थूलः'** મોટું શરીર છે, મારું મોટું શરીર છે. એ શરીર મોટું એટલે એના અંદરમાં જ એમ થાય કે, મોટું શરીર છે મારે, મારું શરીર જાડું. એટલે કોઈ વખતે વળી મારું કહે અને કોઈ વખતે હું જાડો એમ પણ કહે. એ તો શબ્દની ઓલી, પણ વાત તો હું જાડો. હું જાડો એ તો શરીર, માટી, ધૂળ છે, આ તો જડ છે. જડના જાડે આત્માને જાડો માનવો, મૂઢ છે. મિથ્યા પરિણામથી બહિરબુદ્ધિને બહિરબુદ્ધિ વડે બહિર્ વસ્તુને પોતાની માને છે. કહો, સમજાણું આમાં?

**'ઈસપ્રકાર મિથ્યાત્વ પરિણામકર...'** જોયું? **'પરિણત...'** એમ. ઊંધી માન્યતાએ પરિણમન કરતો થકો. વિપરીત મિથ્યાત્વ દ્વારા પરિણત પર્યાયમાં પરિણમતો થકો. એમ પરિણમન લેવું છે પાછું. **'મિથ્યાદષ્ટિ જીવકો...'** અહીં આચાર્ય કહે છે કે, હે જીવ! આવું જે માને એને **'મૂઢ માન.'** એમ કહે છે. એ મૂઢ જીવ છે. પછી ત્યાગી હોય, મુનિ હોય, બહારમાં ગમે તે વેશ ધારણ કર્યા હોય પણ એવી શરીરની કર્મજનિત ભાવની શરીર પર્યાય એ દ્વારા પોતાને અધિક માનતો હોય અને બીજાને એ રીતે મનાવતો હોય તો એને મૂઢ જાણ. આહા..હા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :— 'નિશ્ચયનયસે...'** સત્ય દૃષ્ટિથી જોઈએ, સત્ય દૃષ્ટિથી જોઈએ, તો **'આત્માસે ભિન્ન...'** એ બધી આત્માની ચીજથી ભિન્ન છે. **'જો કર્મજનિત ગૌર સ્થૂલાદિ ભાવ હૈં,...'** એ બધી શરીરની અવસ્થા, આંખની સુંદરતા, નાકની નમણાઈ, કાનની કુંડળ જેવી આકૃતિ એવા બધામાં હુંપણું (એવું) અંદર સૂક્ષ્મ શલ્ય રહે છે, એમ કહે છે અહીં તો. સમજાણું

કાંઈ? એવી સ્થિતિના આકારોમાં 'હું' એવો જે ભાવ રહે છે, **'વે સર્વથા ત્યાજ્ય હૈં,...'** જુઓ! અહીં 'સર્વથા' શબ્દ મૂક્યો છે. શાસ્ત્રમાં કથંચિત્ અને કથંચિત્ અનેકાંત જોઈએ કે નહિ?

**'વે સર્વથા ત્યાજ્ય હૈં,...'** ભગવાન આત્મા કહેશે હમણાં. આ સ્થૂળ આદિ પર્યાય, કૃશ આદિ પર્યાય અવસ્થાની વાત છે હોં! પરિણામની. દ્રવ્ય, ગુણ તો ક્યાં એને દેખાય છે? સમજાણું કાંઈ? એવા પરિણામને... છેને? પહેલા આવી ગયું હતું. **'ઐસે પરિણામોંકો પાંચ દોહા-સૂત્રોંમેં કહતે હૈં.'** એ પર્યાયમાં અવસ્થા જડની, શરીરની એમાં હુંપણું માને છે એ સર્વથા ત્યાજ્ય છે, કહે છે. છોડ, છોડ ત્યાં છોડ. એ અવસ્થા જડની, માટીની છે. પુદ્ગલ માટી, ધૂળની દશા છે. એ મારી છે એમ જ્ઞાનમાં જોડાણ સંબંધ ન કર. જેની સાથે સંબંધ નથી એનો સંબંધ ન કર એમ કહે છે અહીંયા. આહા..હા..!

ક્ષણે ક્ષણે મિથ્યા પરિણામની સ્થિતિનું વર્ણન છે આ. ક્યાં ક્યાં એને મિથ્યા પરિણામ મિથ્યાત્વના હોં! કહે છે કે, એવી દેહની દશા બહિર્બુદ્ધિના મિથ્યાત્વે પરિણમેલો માને છે એ સર્વથા છોડવા જેવું છે. સર્વથા ત્યાજ્ય છેને? કથંચિત્ ત્યાજ્ય ને કથંચિત્ એમ છે એમાં? અહીં ઉપાદેય છે એમ કહેશે. પણ તો અનેકાંતમાં એમ જોઈએને. સર્વથા પરવસ્તુ, પર્યાય સર્વથા ત્યાજ્ય? એ એકાંત થઈ જાય છે. એ જ અનેકાંત છે કે પરપર્યાય સર્વથા લક્ષ ને રુચિ છોડવા જેવી છે અને **'સર્વ પ્રકાર...'** આ બાજુ ગુલાંટ ખાય છે હવે વાત. જુઓ! પાઠમાં જ છે એ **'સર્વ પ્રકાર...'** ઓલો **'સર્વ પ્રકાર...'** પાછો ઉપાદેયમાં, ઉપાદેયમાં સર્વ પ્રકાર છે. બેય બાજુ છે આમ.

એક બાજુ ભગવાન આત્મા સર્વ પ્રકારે એમ છેને? સર્વ પ્રકારે પાછું, એમાં કથંચિત્ પ્રકારે એમ નહિ. શુદ્ધ ચિદ્ઘન આત્મા. આત્માની વ્યાખ્યા કરે છે હવે. કે, સર્વ પ્રકારે ઉપાદેયભૂત આદરણીય પણ કોણ? કોણ? કેવો આત્મા? સર્વ પ્રકારે સર્વથા પ્રકારે આદરણીય દૃષ્ટિમાં સમ્યગ્દર્શનના પરિણામના કાળે. સમજાય છે કાંઈ? મિથ્યાત્વના પરિણામ કાળે, બહિરાત્મબુદ્ધિ આ પરને માને એ જ સમ્યગ્દર્શનના પરિણામ કાળમાં સર્વ પ્રકારે ઉપાદેયભૂત ત્યારે જ ઉપાદેયભૂત દૃષ્ટિમાં આવે છે. સમજાણું કાંઈ?

આ હેય છે, એ જ ક્ષણે સર્વ પ્રકારે ઉપાદેયભૂત વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવ. આ વ્યાખ્યા. એક શબ્દ રહી ગયો છે. ટીકામાં, અર્થમાં છે, ટીકામાં છે. કેવો છે આત્મા? કે, જે દૃષ્ટિ સમ્યગ્દર્શનના પરિણામ કાળે ઉપાદેયભૂત થઈ શકે છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ પરિણામને કાળે આ અવસ્થાઓમાં ક્ષણે ક્ષણે એનું અસ્તિપણું, હોવાપણું એને માની રહ્યો છે દેહની દશાને. એ સર્વ પ્રકારે આરાધને યોગ્ય. પાઠમાં ઉપાદેયભૂત છે એનો 'આરાધને યોગ્ય' અર્થ કર્યો છે. સમજાણું?

સર્વ પ્રકારે સેવવા યોગ્ય, કોઈ કથંચિત્ આ પ્રકારે ને કથંચિત્ એમ નહિ. સર્વ પ્રકારે વસ્તુ વીતરાગ નિર્દોષ સ્વરૂપ છે આત્માનું તો. વીતરાગ એટલે? એ તો વસ્તુ છે તે નિર્દોષ ચૈતન્યનો પિંડ છે. કેમકે પુણ્ય-પાપ એ તો આસ્રવતત્ત્વ છે, કર્મ, શરીર એ અજીવતત્ત્વ છે. એનાથી ભિન્ન નિર્દોષ વીતરાગી સ્વરૂપ એ આત્મા પોતે વીતરાગસ્વરૂપ છે. વર્તમાન હોં! વર્તમાનની વાત ચાલે છે આ.

આત્મા એને કહીએ કે વિકલ્પના રાગ વિનાનો એટલે વીતરાગ સ્વરૂપ એમ. વીતરાગ ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ શાંતરસનો પિંડ, એવો વીતરાગ નિત્યાનંદ, જેમાં નિત્ય આનંદ પડ્યો છે. એ આત્મામાં નિત્ય આનંદ છે, અતીન્દ્રિય આનંદ છે. વીતરાગ એમ કરીને નિર્દોષતા સિદ્ધ કરી, નિર્દોષતા સિદ્ધ કરીને નિર્દોષ એવો અતીન્દ્રિય આનંદમય છે ઈ. સમજાણું કાંઈ? નિત્યાનંદ-વસ્તુ જેમાં અતીન્દ્રિય આનંદ, જેવી વસ્તુ નિત્ય છે એવો આનંદ પણ નિત્ય એમાં પડેલો છે. આહા..હા..!

વસ્તુ અરૂપી હોવા છતાં પદાર્થ છે કે નહિ? અને પદાર્થ છે એ પહોળો પણ છેને? પરમાણુ એક પ્રદેશી છે, આ અસંખ્ય પ્રદેશી છે. પહોળો છે, અરૂપી છતાં પહોળો છે, અરૂપી છતાં પદાર્થ છે, અરૂપી છતાં નિત્ય આનંદથી ભરેલો છે. અરૂપી એટલે, અરૂપી એટલે કાંઈ અવસ્તુ એમ નથી. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી, પણ એનામાં જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનું દળ, આનંદનું દળ રસકંદ નિત્યાનંદ આત્મદ્રવ્ય છે. એ એક સ્વભાવ છે. અહીં તો દ્રવ્ય લેવું છેને? ભગવાન વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવ આ આત્મદ્રવ્ય. આને આત્મા કહીએ. પર્યાયની અલ્પતાની પણ અહીંયા આત્મામાં વાત છે નહિ. એક સમયની પર્યાયની અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, અલ્પવીર્યતા એ તો વ્યવહારનયનો આત્મા. પુણ્ય-પાપ ભલે નહિ પણ પર્યાયનો આત્મા એ વ્યવહારનયનો આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ તો નહિ, કર્મ, શરીર, અજીવ નહિ પણ એની પર્યાયનો વર્તમાન પરિણમનનો અંશ છે અલ્પ એ તો વ્યવહારનયનો આત્મા. એ અભૂતાર્થમાં જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :— એકસાથે બે આત્મા?

ઉત્તર :— એકસાથે બે. દ્રવ્ય અને પર્યાય. દ્રવ્યરૂપ આત્મા ત્રિકાળી આ વીતરાગ એક સ્વભાવ (અને) એક સમયની પર્યાય. બેનું થઈને પ્રમાણજ્ઞાન. પણ નિશ્ચય વસ્તુ આ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અહીં તો પોતે વીતરાગી સ્વરૂપ. વીતરાગી એટલે? પુણ્ય-પાપના સદોષ વિકલ્પથી રહિત વસ્તુ છે. એટલે તદ્દન આત્મા-વર્તમાન આત્મા એને કહીએ અને ભગવાને એવો આત્મા એનો, એનો એમ છે તેમ જોયો, તે ભગવાન આત્મા તો નિર્દોષ આનંદના

દળનો પિંડ પડ્યો એને આત્મા કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગ નિત્યાનંદ ઓહો..! જેમાં આનંદનું દળ તો નિત્ય પડ્યું છે. એની એકાગ્રતામાં આનંદ જ ઝરે એવી એ ચીજ છે એમ કહે છે. આહા..! ભગવાન આત્મા નિત્ય આનંદની મૂર્તિ અતીન્દ્રિય, અતીન્દ્રિય આનંદ જેવો સિદ્ધને છે, કેવળીને જેવો અતીન્દ્રિય આનંદ પર્યાયમાં છે એવા જ અતીન્દ્રિય આનંદથી ભરેલું આખું દળ છે. અહીં આનંદની પ્રધાનતા લીધી છે, બીજા ગુણો તો સાથે ભલે પડ્યા છે. કારણ કે જગતને દુઃખ જોતું નથી અને સુખ જોવે છે. સમજાણું કાંઈ? અરે..! પ્રભુ! તું તો નિત્ય આનંદવાળો છોને! તારામાં આનંદ કે દિ' ખુટ્યો છે? અને આનંદથી કે દિ' તું રહિત રહ્યો છો? આહા..હા..! નિર્દોષ, નિત્ય આનંદનો રસ પિંડ પ્રભુ આત્મા એ એક સ્વભાવ છે. એમ કહેવું છેને, વસ્તુ કહેવી છેને. એક સ્વભાવ, એક સ્વભાવ, એક સ્વભાવ એને આત્મા ભગવાન કહે છે.

તે આત્મા '**સર્વપ્રકાર આરાધને યોગ્ય...**' જુઓ કીધું ને? '**વીતરાગ નિત્યાનંદ** (એક) **સ્વભાવ જો શુદ્ધજીવ હૈ,...**' 'એક' વચ્ચે નાખી દેવું થોડું. એવા સમ્યક્ પરિણામ, સમ્યગ્દર્શનના પરિણામ, સમ્યગ્જ્ઞાનના પરિણામ દ્વારા આવો એકરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુ એ સેવવા યોગ્ય એટલે એનો આશ્રય કરવા લાયક છે. કહો, સમજાણું આમાં? એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ-આચરણ કહેવામાં આવે છે. ભારે ભાઈ ધર્મની વાત. કહો, આમાં ભગવાનની સેવા ક્યાં ગઈ? લૌકિક સેવા તો ક્યાં ગઈ બહારની? બીજાની સેવા કરવી, આમ નથી કહેતા લોકો? એ તો કહે છે કે, શરીરની અવસ્થા જ્યાં આત્મામાં નથી ત્યાં એ અવસ્થા દ્વારા ક્રિયા કરે એ બને કેમ? પણ પર પદાર્થમાં ભગવાન જેવા ત્રણલોકના નાથ આદિ તરફ વલણ ભાવ એ પણ રાગભાવ છે. એ કાંઈ પરમાર્થે આરાધન-સેવન નથી. આહા..હા..!

પરમાર્થે આરાધન ભગવાન આત્મા નિત્યાનંદ-નિત્ય આનંદ-કાયમી આનંદવાળો એમ. નિત્યાનંદ એટલે જેવો આત્મા કાયમ છે એવો આનંદ પણ કાયમ ભરેલો છે. એવો એક સ્વભાવી નિત્ય આનંદ, એક સ્વભાવી નિત્ય આનંદ એને ઉપાદેય કરી સેવવા લાયક છે. એને દૃષ્ટિમાં, ત્યાં લક્ષમાં લઈ અને ત્યાં એકાગ્ર થવા લાયક છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! આનું નામ ધર્મ. ભારે વાત ભાઈ! આ તો દયા ને વ્રત ને ભક્તિ ને દાન ને એમાં ધર્મ. એ ધર્મ એમાં ન કહો તો કહે, અરે..! ભગવાને કહ્યો છેને એમાં. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! એ તો શુભભાવને વ્યવહાર ધર્મ કહ્યો છે. વ્યવહાર ધર્મ એટલે કે એ ધર્મ નહિ, પુણ્યભાવ, પુણ્યભાવ એને વ્યવહારે (ધર્મ કહ્યો). કોને તે વ્યવહારે? જેને નિત્યાનંદ ભગવાન આત્માના અંતરની દૃષ્ટિમાં આત્મા આવ્યો છે એવા નિશ્ચય પરિણામમાં આદરણીય થયો છે, નિશ્ચય પરિણામને કાળે આદરણીય થયો છે એને રાગ બાકી રહ્યો એને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! એક મોટો

ખળભળાટ, કકળાટ. એવો ભગવાન આત્મા જે વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવ, એક સ્વરૂપ એવા સ્વભાવથી આ બધી ચીજો ભિન્ન છે એમ કહેવું છે. છેને?

'**વહ ઈનસે ભિન્ન હૈ,...**' એ બધી દેહની દશાઓ, એની આ હલન-ચલનની ક્રિયાઓ, આ વાણીની અવસ્થાઓ બધી શુદ્ધ જીવ ભગવાનથી તદ્દન જુદી છે. આવું હોવા છતાં, એમ કહે છે. ભિન્ન છે તોપણ, જે કોઈ આત્મા રાગ ને વિષયની વાસનાના વશ પડેલા. વિષય નામ પરના લક્ષમાં થયેલો રાગ અને પોતાની અસ્થિરતાથી થયેલો વિકાર એને વશ પડેલા, એને આધીન થઈ ગયેલા જીવો '**શરીરકે ભાવોંકો અપને જાનતા હૈ,...**' એ શરીરની બધી પર્યાયોને પોતાની (સાથે) જોડે છે. સમજાણું? પાઠ તો એમ છે અંદરમાં હોં! '**शुद्धजीवे यो योजयति**' એમ છે. જોડે છે, છે નહિ તેને જોડે છે, છે તેને તોડે છે. ભગવાન આત્માને નિત્યાનંદનો સંબંધ છે. ભગવાન આત્માને નિત્ય-કાયમ અતીન્દ્રિય આનંદનો સંબંધ છે એને તોડે છે કે એ સંબંધ નહિ. શરીર આદિ અવસ્થાનો સંબંધ ભિન્ન છે એને જોડે છે કે આ મને છે. સમજાણું કાંઈ?

સ્વભાવને આધીન થયેલો હોય તો તો સમ્યક્ પરિણામ થયા. વીતરાગ નિર્દોષ આનંદ સ્વરૂપ જિનબિંબ આત્મા, જિનબિંબ આત્મા એને વશ થયેલા પરિણામ તો શુદ્ધ છે. પણ આમ વિકલ્પને વશ થયેલો આત્મા આવી ક્ષણે ક્ષણે આકૃતિ દેહની વર્ણ-રંગની ધોળા, કાળાની એના વસ્તુના સ્વરૂપમાં છે નહિ, ભિન્ન છે એને જોડે છે. સંબંધ કરે છે કે, મારે આને સંબંધ છે. એટલે હું એવો છું, સમજાણું કાંઈ? ભારે! ઝીણી વાત છે આ. ક્ષણે ક્ષણે આકૃતિઓના અભિમાનમાં એનું વશ, પરવશ કેવું થાય છે એ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન વસ્તુ કાયમ આનંદની થપ્પીથી ભરેલો ભગવાન છે. આહા..હા..! શું કીધું? નિત્યાનંદ શું કીધું? વખારમાં થપ્પીઓ ભરી હોય કે નહિ? એમ એવા અનંત આનંદ ને અનંત જ્ઞાનની થપ્પી પડી છે આત્મામાં, એમ કહે છે. એકસાથે છે, ઓલામાં એક પછી એક ગુણી હોય. વસ્તુમાં જ્ઞાન પણ એકસાથે પૂર્ણ, આનંદ પણ પૂર્ણ એકસાથે. ક્ષેત્રમાં એનો ભેદ નથી કાંઈ કે આ જ્ઞાન, અહીં દર્શન, અહીં આનંદ. વસ્તુના અસંખ્ય પ્રદેશની મોટી વખાર ભગવાન. એમાં અનંત જ્ઞાન, દર્શન(ની થપ્પીઓ છે). કારણ કે જેનો ગુણ છે એની અનંતતાને શું કહેવી! જેનો એક ગુણ છે એમાં અનંતા પરમાત્મા વસેલા છે અત્યારે. કેવળજ્ઞાન અનંતા થાય એ બધા વસેલા છે કે નહિ? અનંતા આનંદની, સિદ્ધ દશાની-એવા અનંતા આનંદ વસ્યા છે. એમ વગેરે વગેરે પર્યાયનું જે વ્યક્તપણું અનંત છે એ બધી એક એક ગુણમાં બધું ભરેલું છે. સમજાણું કાંઈ?

એવો વીતરાગ નિર્દોષ, નિત્યાનંદ, નિત્યજ્ઞાન, નિત્યાનંદ, નિત્યશ્રદ્ધા વગેરે ગુણ સાથે.

અહીંયા આનંદને મુખ્ય લીધો છે. એક સ્વભાવી ભગવાન એને જોડવું જોઈએ કે, આ હું, આ હું. અંતર પરિણામ દ્વારા આ હું—એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ધર્મ પરિણામ. એનું નામ ધર્મના પરિણામ. એ પરિણામ નહિ કરતા અધર્મ પરિણામવાળો રાગને વશ થયેલો આ બધી ભિન્ન અવસ્થાઓને આ મારામાં છે એમ કલ્પનાથી જોડે છે. સમજાણું કાંઈ?

'**વહ અપની સ્વાત્માનુભૂતિસે રહિત હુઆ...**' જુઓ! પરિણામ કહ્યા હતાને ઓલા મિથ્યાત્વ પરિણામથી, બહિર્બુદ્ધિથી આ વસ્તુ એનામાં નથી અને જોડે છે. શું કરવા જોડે છે? કે, શુદ્ધાત્માનુભૂતિના ભાવથી રહિત છે માટે. ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ... એ આઠ વર્ષનું બાળક હો કે કરોડ પૂર્વનો દેહ હો, આત્મામાં કાંઈ ન્યાં ફેર નથી. આત્મામાં ફેર છે કાંઈ? મોટું સ્થૂળ શરીર હોય કે કૃશ હોય, ઉંમર સો વર્ષની હોય ને કોઈ પાંચ વર્ષની હોય, એના આત્મામાં ફેર છે નહિ. જૂના વર્ષ થયા હોય તો આત્મા જૂનો ન થાય? આહા..હા..!

એવો જે શુદ્ધ જીવ માથે કહ્યો એની અપની શુદ્ધાત્માનુભૂતિ, એવો શુદ્ધ વીતરાગ સ્વભાવ એનો અનુભવ. અનુભૂતિ એટલે સ્વરૂપને અનુસરીને નિર્મળ પરિણામનું થવું. નિર્વિકાર અનુભવ થવો, જ્ઞાનને જ્ઞાનથી વેદાવું, આનંદને આનંદની પર્યાયથી આનંદની પ્રતીત થવી એવી શુદ્ધાત્માનુભૂતિ એવા એક પરિણામ છે ઈ. ઓલો કહ્યો હતો જીવ. વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવ એ દ્રવ્ય, એ દ્રવ્ય અને આ કીધા પરિણામ. એટલે કે નવ તત્ત્વમાં લઈએ તો આ કીધા સંવર, નિર્જરાના પરિણામ. અને નવ તત્ત્વમાં કહીએ તો જે પર અવસ્થાને પોતામાં જોડે છે એ આસ્રવ, બંધના પરિણામ. સમજાય છે કાંઈ? એ પર્યાય છે કે નહિ આસ્રવ-બંધની? આ સંવર, નિર્જરાની પર્યાય છે શુદ્ધાત્મનુભૂતિ. પર્યાય છે.

શુદ્ધ જીવ એને આદરણીય અને ઉપાદેય કરીને જે પરિણામ થયા એને શુદ્ધાત્માનુભૂતિ પર્યાય કહે છે. એ પર્યાયથી રહિત એટલે દ્રવ્ય, આની પર્યાય એનાથી રહિત. એ શરીરાદિ અવસ્થાને પોતાની માને. અવસ્થા પણ સિદ્ધ કરી. શરીરાદિની અવસ્થા પણ અસ્તિપણે છે એમ સિદ્ધ કર્યું. એકલો આત્મા સત્ય 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' એમ નહિ. આહા..હા..! શરીરની અવસ્થા, રજકણોનું દળ એ પર્યાયપણે છે એનું અસ્તિ સિદ્ધ કર્યું. એને માનવાની મૂઢ પર્યાય સિદ્ધ કરી. અને એનાથી ઉલટી (એટલે) સવળી જે શુદ્ધાત્માનુભૂતિ એને પણ સિદ્ધ કરી અને દ્રવ્યને સિદ્ધ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

આ નવ તત્ત્વની આ રમતની માંડી છે આ બધી. આહા..હા..! લોકો કહે છેને નવ તત્ત્વ, નવ તત્ત્વ. એક જણો કહેતો હતો, 'સમયસાર'ને? નવ તત્ત્વની વ્યાખ્યા પંદર દિ'માં વાંચી ગયો, એમાં શું છે? બહુ સારી વાત બાપા! 'સમયસાર'ના વખાણ ચાલેને. બાપુ! કીધું આ તો અશરીરી પદાર્થ બતાવનારું આ સમયસાર છે. (સંવત) ૧૯૭૮માં કહ્યું કે, આ 'સમયસાર'

અશરીરી તત્ત્વને બતાવનાર વાચક છે. એક જણો કહે, હું પંદર દિ'માં વાંચી ગયો એમાં શું? કાંઈ બહુ જીવ, અજીવ ને પુણ્ય-પાપ. વાત તો ઈ જ છે. વાત... આહા..હા..!

ભગવાન! એમાં જીવતત્ત્વ કોને કહેવો? એ આને જીવતત્ત્વ કહેવો. એમાં સંવર, નિર્જરા તત્ત્વ કોને કહેવું? કે, એનો સ્વભાવની અનુભૂતિ થાય તેને સંવર, નિર્જરા કહેવી. એમાં આસ્રવ, બંધ તત્ત્વ કોને કહેવું? એ સ્વભાવને ભૂલી પરવસ્તુને પોતાની માને મિથ્યાત્વ ભાવથી, એ મિથ્યાત્વ ભાવને આસ્રવ અને બંધ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? અને આ આત્મદ્રવ્ય આવું, એની અનુભૂતિ સંવર, નિર્જરા, એની પૂર્ણ નિર્મળતા એને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. એ પણ પર્યાય છે. એ ક્યાં દ્રવ્ય છે, ગુણ છે? એનું વર્ણન 'સમયસાર'માં છે ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ! પાછું શું લીધું? '**शुद्धात्मानुभूतेश्च्युतः**' ભાઈ! એમ લીધું. ચ્યુત શું કરવા લીધું? કે, શુદ્ધાત્માનુભૂતિથી ચ્યુત કર્મ કરાવે છે એમ નહિ. '**च्युतः सन्**'. ચ્યુત થયો થકો એમ છેને? એમ છેને? ભાઈ! થયો થકો. કર્તા એને સિદ્ધ કરે છે. ભગવાન આત્મા વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવી પ્રભુ એની અનુભૂતિ પર્યાય એનાથી ચ્યુત. અનુભૂતિ હતી તે ચ્યુત થયો? સમજાવવું શી રીતે? અનુભૂતિસે રહિત હુઆ. ભાષા તો એવી છે. તકરાર કરે કે જુઓ, શુદ્ધાત્માનુભૂતિ હતો? એ તો કર્તાકર્મમાં પહેલા બોલમાં એ આવ્યું છેને? પોતાની નિજ દશાની અવસ્થાને ઉત્પન્ન નહિ કરતો, અથવા એને રહિત કરતો. એવો પાઠ છે ૬૯-૭૦માં. ઉદાસીન અવસ્થાને છોડીને, એવો પાઠ છે. છોડીને એનો અર્થ શું? હતી ને છોડી છે? પણ હતો એને આવી જ અવસ્થા હોવી જોઈએ એમ કહે છે મૂળ તો.

ભગવાન આત્મા આ જ્ઞાનાનંદ એક સ્વભાવી નિર્દોષ આનંદનો કંદ એ આત્મા. એની તો શુદ્ધાત્માનુભૂતિ જ પર્યાય હોવી જોઈએ, એની બીજી પર્યાય હોય નહિ, એમ કહે છે. એવી પર્યાયને ન પ્રગટ કરતો એને અહીં ચ્યુત થયો થકો કહેવામાં આવ્યું છે. આહા..હા..! ચ્યુત જ છે અનાદિથી એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! વીતરાગે કહેલા તત્ત્વો યથાર્થપણે જાણ્યા નહિ. 'શ્રીમદ્' કહે છે ઓલામાં, હે પ્રભુ! આપે કહેલા તત્ત્વો મેં જાણ્યા નહિ, આપે કહેલા દયા, શીલને જાણ્યા નહિ હોં! ઓળખ્યા નહિ એમ કહ્યું છે ત્યાં. કોને કહેવી દયા ને કોને કહેવા શીલ? કોને કહેવા સંયમ ને કોને કહેવા ત્યાગ? પ્રભુ! આપે કહ્યા એને અમે ઓળખ્યા નહિ. અજ્ઞાની પોતાની કલ્પનાથી બધું રૂપ માને એ ભગવાને એમ કહ્યું છે એમ માને. કેમ ભગવાનજીભાઈ!

અપની શુદ્ધાત્મા... પાછો શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? સ્વ શબ્દ છેને પડ્યો છે જુઓ! સંસ્કૃતમાં. સ્વશુદ્ધાત્માનુભૂતિ. પાછી ભગવાનની અનુભૂતિ નહિ, ભગવાન પર રહી ગયા. ભગવાન

નિત્યાનંદ આત્મા... એ આઠ વર્ષની બાલિકા પણ અનુભૂતિ કરી શકે છે. એમ નહિ કે આ સ્ત્રી છે અને આવડી એમ નહિ. આહા..! એ બાલિકા આત્મા નથી? બાળક પણ નથી, શરીર પણ નથી પછી પ્રશ્ન ક્યાં? અને એને કાળની હદ પણ નથી, એ તો નિત્યાનંદ કહ્યો. નિત્યાનંદ એટલે પછી એને કાળની મર્યાદા આત્માને ક્યાં અને આનંદને ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ?

એવો નિત્યાનંદ ભગવાન આત્મા એની અનુભૂતિથી ચ્યુત પોતે થયો થકો, એમ. કોઈનો વાંક નથી કહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! ભગવાને જોયું હોય ત્યાં સુધી આપણે તો ભ્રષ્ટ જ રહીએને. તેં ભગવાનને ઓળખ્યા જ ક્યાં? ભગવાનનું કેવળજ્ઞાન એક સમયની પૂર્ણ દશા જેમાં ત્રણકાળ, ત્રણલોક જણાઈ જાય, એવી એક સમયની પર્યાય પ્રગટની આવડી મહા સત્તા એના સ્વીકાર કરનારને અંદરમાં અનુભૂતિ થયા વિના સ્વીકાર થાય નહિ. કેમકે પર્યાયનો સ્વીકાર પોતાની મોક્ષપર્યાયના સ્વીકાર વિના અને એ મોક્ષ પર્યાયનો સ્વીકાર દ્રવ્યના સ્વીકાર વિના થઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે, ભાઈ! એ **'અપની શુદ્ધાત્માનુભૂતિસે રહિત હુઆ મૂઢાત્મા હૈ.'** મૂઢાત્મા પાછું. ભવતીતિ એમ કહ્યું છેને? ભવતી—મૂઢાત્મા થાય છે. શુદ્ધાત્માનુભૂતિથી ચ્યુત થયો મૂઢાત્મા થાય છે. એ પણ કર્તા થઈને કરે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા કહે, ના, ના. કંઈક કર્મનો વાંક કહો મૂઢાત્મામાં અને કર્મ ખસ્યું તો અહીં કાંઈક લાભ થાય. પણ એ શેનું કહે પણ? આહા..હા..! પણ એ તો જડ છે હવે એની સાથે શું? એને તો ખબર પણ નથી કે, અમને કોણ કહે છે ખસવું કે ન ખસવું? આહા..હા..!

ભાઈ! તું પૂર્ણાનંદનો નાથ છોને, એની અનુભૂતિ, એની પર્યાય જે પ્રગટ થવી જોઈએ એ જાતની. જાત છે તેવી પર્યાયની ભાત આવવી જોઈએ. એ ભાતથી ભ્રષ્ટ થયેલો એ તું, કોઈ કારણે નહિ. 'મૂઢાત્મા ભવતી.' એ તું જ મૂઢ થઈને પરિણમી રહ્યો છો, એમ કહે છે. 'પરમાત્મપ્રકાશ' છેને. પરમાત્મા દ્રવ્ય છે. એની પર્યાય શુદ્ધાત્માનુભૂતિ હોય. એને ચ્યુત થઈને આ પર્યાય પ્રગટ કરી છે એ મૂઢાત્મા થઈને પરિણમી રહ્યો છે. કહો, સમજાણું આમાં?

**'આગે ફિર મિથ્યાદષ્ટિકે લક્ષણ કહતે હૈં.'** **'अथ'** શબ્દ છેને, **'अथ'** એટલે હજી એની સાથે બધું જોડે છે.

૮૧) हउँ वरु बंभणु वइसु हउँ हउँ खत्तिउ हउँ सेसु।
पुरिसु णउँसर इत्थि हउँ मण्णइ मूढु विसेसु।।८१।।

**અન્વયાર્થ :— 'મિથ્યાદષ્ટિ અપનેકો...'** માથેથી મિથ્યાત્વ પરિણમન પહેલેથી લઈ લીધું છે. ૮૦માંથી. મિથ્યાત્વ પરિણમનવાળો જે પોતાની ઊંધી માન્યતાના પરિણમનને કારણે, **'અપનેકો**

**એસા विशेष मानता है, मैं 'वरः ब्राह्मण' मैं श्रेष्ठ બ્રાહ્મણ હું,...'** બીજી નાત કરતા મારી જાત ઊંચી છે એમ. તેથી 'वरः' શબ્દ વાપર્યો છે. અમે બ્રાહ્મણ છીએ. અરે..! ભગવાન! આત્મા બ્રાહ્મણ કેવો? એ બ્રાહ્મણ તો શરીરને ઓળખાવવાની વાત છે. શરીર જ જ્યાં આત્માનું નથી ત્યાં બ્રાહ્મણ કેવો આત્મા? પોતાના આત્માને બ્રાહ્મણની મુખ્યતાથી, અધિકતાથી ઓળખાવવો એ ભિન્ન ચીજને આત્મામાં જોડીને માની રહ્યો છે. કહો, સમજાણું કાંઈ?

**'मैं વણિક હું,...'** અમે દશાશ્રીમાળી, વિસાશ્રીમાળી, ફલાણી નાતના વાણિયા. ભગવાન! વાણિયો આત્મા કેવો? પણ એને જે નાતમાં જન્મેને એને એમ જ થઈ જાય કે, અમે વાણિયા હોં! એલા વાણિયા તો હાડકાના નામ છે, આત્મામાં વાણિયો-ફાણિયો કેવો? આ તો શરીર, માટી ધૂળ છે. સમજાણું કાંઈ? અમે વાણિયાના દીકરા. વાણિયાનો દીકરો હશે આત્મા?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એમ કહે. પણ વાણિયાનો દીકરો નથી, વાણિયો એનો બાપ પણ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! જ્ઞાનાનંદ વીતરાગ નિર્દોષ સ્વભાવ એ અંદર લેશે જુઓ! એનો એ શબ્દ લેશે. વીતરાગ સદાનંદ એક સ્વભાવ.. એમાં લેશે. સમજાણું?

ભગવાન આત્મા તો પરમાનંદ નિર્દોષ સ્વભાવથી ભરેલું એક સ્વરૂપ છે. એને વાણિયો છું એમ માનવું એ પરાણે, કહે છે કે, નથી તેને હઠ કરીને મનાવવા જેવું છે, એમ કહે છે. **'योजयति'** કહેશે હોં! જુઓ **'योजयति संबद्धान् करोति'** ત્યાં બે શબ્દ વાપર્યા છે, બે શબ્દ વાપર્યા. **'योजयति'** અને **'संबद्धान् करोति'**. જે નથી.. ઓલામાં **'योजयति'** એકલો હતો. આમાં બે વાપર્યા છે. જે બ્રાહ્મણપણું, વૈશ્યપણું આત્મામાં નથી. એને યોજે છે, જોડે છે અને સંબંધ કરે છે. મફતનો અભિમાની મૂઢ. ભારે વાત ભાઈ! નિત્યાનંદ એક સ્વરૂપી ભગવાન એની સાથે આ વાણિયાપણું, અમે વાણિયા છીએ, અમે વેવલા છીએ વાણિયા. વળી એમ કહે કેટલાક, અમે વાણિયા વેવલા કહેવાઈએ. અરે..! વાણિયાનું વેવલાપણું આત્મામાં છે જ નહિ. વાણિયો નથી ત્યાં વળી વેવલાપણું ક્યાંથી આવ્યું? પણ કહે છે કે, નથી ને પરાણે એ હઠ કરીને જોડવા માગે છે, એમ કહે છે અહીં તો. જે વસ્તુમાં નથી એને હઠથી જોડવા માગે છે. નહિ જોડાય કહે છે. આહા..હા..!

બાયું કહે, અમે વાણિયાણી છીએ, વાણિયાની દીકરીઓ છીએ. ભગવાન! વાણિયા ને વાણિયાની દીકરી આવી ક્યાંથી? આત્મામાં તો ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? જેમાં જે નથી એને પરાણે સંબંધ મિથ્યાશ્રદ્ધાથી કરવા માગે છે, એમ કહે છે. નથી... નથી... નથી... કહે છે, નથી એને જોડે છે, અને છે એને તોડે છે. આહા..હા..! તારે સંબંધ તો આનંદ સાથે આમ ભગવાનને છે. ત્રિકાળ આનંદ સાથે સંબંધ છે એવી શ્રદ્ધા, જ્ઞાન જોઈએ. એને ઠેકાણે

આની સાથે સંબંધ છે એ મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભીખાભાઈ! ભીખાલાલ મગનલાલ. ત્યાં અંદર.. રાતે બાર વાગે ઉઠે, બોલે હા. કાંઈ સપનામાં પણ ન મળે. જાગતામાં તો હોય શેનો, પણ સપનામાં પણ નથી અને સપનું આવે એવું, એમ કહે છે. આહા..હા..! ભાઈ! એ રંગ ચડ્યા, રંગ ચડી ગયા છે. ભગવાનને આત્માનો રંગ ચડવો જોઈએ. શ્રદ્ધા, જ્ઞાન, શાંત... શાંત... શાંત... શાંત... શાંત... શાંત... શાંત... એવી શ્રદ્ધા, જ્ઞાનના અંતર રંગ ચડવો જોઈએ, આ રંગ ચડી ગયા છે. બીજે રંગે, રસ્તે ચડી ગયો. સમજાણું કાંઈ? જ્યાં ત્યાં પરાણે વાણિયો મનાવ અને બીજાને પણ વાણિયા તરીકે ઓળખ એ બધી દૃષ્ટિ મૂઢ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? શશીભાઈ! મોઢ વાણિયા. વિસાશ્રીમાળી વાણિયા.

મુમુક્ષુ :— કીધું ને મિથ્યાત્વના રંગે ચડ્યા.

ઉત્તર :— રંગે ચડ્યા.

**'मैं क्षत्री हूं,...'** અમે રજપૂતના દીકરા છીએ હોં! જાળવજો અમારી સામે પડવું. ભગવાન! પરાણે શું કરવા કરે છે-જોડે છે? જ્ઞાનાનંદ વીતરાગ સ્વભાવ નિત્યાનંદ કાયમી આનંદનું તત્ત્વ પ્રભુ એમાં એ છે નહિ અને તું આ જોડે છે શું? ઊંધુ ક્યાંથી જોડી દે છે? અમે ક્ષત્રિય છીએ, અમે રાજ કુટુંબી છીએ, રાજના બીજ છીએ. ઓહો..! આ ક્યાંથી લાવ્યો તું? ભગવાન આત્મા તો નિર્દોષ આનંદનો કંદ સર્વજ્ઞ પરમાત્માએ તારો જોયો છે. તો તારો જોયો એને તું ન જો? તારો આત્મા ભગવાને તો નિર્દોષ વીતરાગી આનંદકંદને જોયો છે. ભગવાને એવો જોયો અને તું બીજી રીતે જો? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરના જ્ઞાનમાં તારો આત્મા વીતરાગી નિર્દોષ એક સ્વભાવી જોયો છે એમણે. એણે જોયો એવો તું ન જો અને એનાથી વિરુદ્ધ માન કે, હું ક્ષત્રિય છું, અમે શુદ્ર છીએ, અમે ચંડાળ હોં, હરિજન, ઢેઢ હલકા કુળમાં અમારે સેવા કરવાના આચરણ બાપા! અમે તો સેવાઓ કરીએ છીએ. આહા..હા..! શુદ્ર આદિ. અમે તો સેવાનો ધર્મ અમારો બાપુ! શૂદ્રનો સેવાનો ધર્મ, ક્ષત્રિયનો લડવાનો ધર્મ, વાણિયાનો વેપારનો ધર્મ, બ્રાહ્મણનો જાપ વગેરે. એ વાત જ બધી ખોટી છે. નાત જ આત્મામાં નથી. આહા..હા..!

**'मैं पुरुष हूं,...'** લ્યો! આદમી તો ખરોને આત્મા? આ તો હાડકા છે, માટી, ધૂળ, અજીવ ધૂળ, દાળ, ભાત ને શાકથી બનેલું આ ઢીંગલું છે. અને આની રાખ થઈને સ્મશાનમાં ધૂળ થઈ જશે. એ પુરુષ એ આત્મા છે? આ તો ધૂળની આકૃતિને નામ આપ્યું છે. ખરેખર પુરુષવેદ જે અંદર છે એ આત્મા નથી. આ પુરુષપણું તો ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? આ પુરુષપણાની આકૃતિ તો જડની આકૃતિ છે. એ હું, એમ ભગવાન નિર્દોષ પરમાત્માની સાથે આ આવા ધૂળના ઢીંગલાને માનવા જોડે, બહુ વિપરીત થાય છે કહે છે. એવો સંબંધ નથી ને તું સંબંધ **'योजयति'** યોજે છો, તું યોજે છે. યોજનામાં એમ છે નહિ. આહા..હા..!

પણ એમ તો થાયને માણસને? આદમી હોય તો આદમી થાય કે નહિ? પણ આદમી છે કે દિ'? ત્રણકાળ ત્રણલોકમાં આદમીની ગંધ આત્મામાં નથી. ભગવાન આત્મા અરૂપી જ્ઞાનઘન આત્મા છે. એને આદમી જડની ક્રિયા અને કદાચિત પુરુષના વેદનો વિકાર લે એ વિકાર એ વસ્તુમાં ત્રણકાળમાં નથી. એ તો વીતરાગ, વીતરાગ સ્વરૂપ ચિદાનંદ છે. એને પુરુષના વિકારવાળો જોડવો કે પુરુષના આકૃતિવાળો યોજવો (એ) મિથ્યા પરિણામથી જોડે છે. સમજાણું કાંઈ? હવે આવી તો વાત કેટલાકે તો સાંભળી ન હોય ભગવાનજીભાઈ! નથી સાંભળી? તમે તો જૂના સાંભળનારા ત્યાં. અરે..! ભગવાન! બાપુ!

ભાઈ! તારા બે ભાગલા છેને. એક કોર જડ ને વિકારનો ભાગ ને એક કોર પરમાત્મા પોતાનો ભાગ. પરમાત્મા વર્ણવવો છેને અહીં. એ પરમાત્માનો ભાગલો મારો એમ ન માનતા આ વિકાર ને શરીરના અવયવોના ભાગલા મારા માનવા, એ તારા નહિ અને માનવા એ યોજના જૂઠી થાય છે ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! હું '**નપુંસક હૂં.**' પાવૈયા હોયને હીજડા, નારકીના જીવને શરીર નપુંસક હોય છે. અહીં પણ નપુંસક હોય છેને પાવૈયા, એને નપુંસક કહે. ભગવાન! એ નપુંસકપણું ક્યાં છે? એ શરીરના આકૃતિમાં અવયવો કોઈ એવા હોય. એ ક્યાં આત્માની ચીજ છે? અને નપુંસકપણાનો વિકૃતભાવ એ પણ ક્યાં ભગવાન આત્મામાં પડ્યો હતો, જોડાણો? એને આત્માને નપુંસક માનવો એ મિથ્યાદૃષ્ટિ મૂઢ માને છે. નથી અને જોડે પરાણે.

'**ઔર સ્ત્રી હૂં.**' લ્યો! બસ એને તો રંગાઈ ગયેલું હોય. સ્ત્રીના અવયવો ને શરીરના, બસ, આ અવયવો મારા ને આ ચેષ્ટા મારી ને આ બધું હું. એ આમ ભગવાન વીતરાગ આનંદકંદ પ્રભુ એની અનુભૂતિથી ભ્રષ્ટ થયેલા આ શરીરના આકારોને બસ એ, એ હું, એ હું આ, આ અવયવોમાં હું. આવા અવયવોવાળો તે હું, આવા અવયવોવાળો તે પુરુષ, આવા અવયવવાળો તે સ્ત્રી, એવો તે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઈસપ્રકાર શરીરકે ભાવોંકો મૂર્ખ અપને માનતા હૈ.**' એ શરીરની જડ દશા એને મૂઢ પોતાની માને છે. આહા..! આ તો મિથ્યાત્વના ભિન્ન ભિન્ન લક્ષણોનું વર્ણન છે. સમજાય છે કાંઈ? '**સો યે સબ શરીરકે હૈં, આત્માકે નહીં હૈં.**' એ બધી શરીરની દશાઓ છે, માટીની. આહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જેને કહીએ, એ તો નિત્ય કાયમી અતીન્દ્રિય આનંદ ને કાયમી જ્ઞાનનો, રસનો પિંડ આત્મા છે. એવા આત્માને અનુભૂતિથી અનુભવવો એનું નામ ધર્મ છે. એનાથી આ વિપરીતવાળું માનવું એનું નામ મિથ્યાત્વના અધર્મ પરિણામ છે. એ અધર્મ પરિણામથી ચાર ગતિમાં રખડી રહ્યો છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૪, સોમવાર, તા. ૨૨-૧૧-૧૯૬૫**
**ગાથા-૮૧ થી ૮૩, પ્રવચન-૫૭**

પહેલા ભાગની ૮૧મી ગાથા. અહીંયા આવ્યું છે જુઓ! '**ઈસપ્રકાર શરીરકે ભાવોંકો મૂર્ખ અપને માનતા હૈ.**' ભાવાર્થની ઉપર છે. હું બ્રાહ્મણ છું, વૈશ્ય છું, ક્ષત્રિય છું, શૂદ્ર છું, સ્ત્રી છું, પુરુષ છું, નપુંસક છું એ બધી શરીરની દશાઓ છે. '**મૂર્ખ અપને માનતા હૈ. સો યે સબ શરીરકે હૈં, આત્માકે નહીં હૈં.**' પણ એનો અર્થ એવો નથી પાછો કે, ભાઈ! આ શરીરના નથી માટે ગમે એવું શરીર હોય ને ત્યાં કેવળ પામે એમ અહીં કહેવું નથી. સ્ત્રીનું શરીર હોય અને સાધુપદ પામે, કેવળ પામે. કારણ કે, પુરુષ ને શરીર ને સ્ત્રી તો આત્માના છે નહિ. એ અહીં કહેવું નથી. અહીં તો શરીરની પર્યાયને પોતાની માને છે તે ભ્રમ અજ્ઞાની છે એટલી વાત કરવી છે. ઓલો વિષય અત્યારે અહીં નથી. સમજાણું કાંઈ? આ શૂદ્ર છે એ પણ કેવળ પામે, સ્ત્રીનું શરીર હોય ને કેવળ પામે. કારણ કે અહીં તો બધા સરખા કહ્યા છે. શરીરની પર્યાય છે એમાં આત્માની છે નહિ. તો આત્માને શું વાંધો? એમ અહીંયા કહેવું નથી. અહીં તો શરીરની પર્યાયને પોતાની અનુભવે માને તે મૂઢ છે એટલી વાત છે. સમજાણું કાંઈ? ઓલો વિષય અત્યારે છે નહિ.

**ભાવાર્થ :-** '**યહાં પર ઐસા હૈ કિ નિશ્ચયનયસે...**' વાસ્તવિક રીતે, '**યે બ્રાહ્મણાદિ ભેદ કર્મજનિત હૈં, પરમાત્માકે નહીં હૈં,...**' આત્મ વસ્તુમાં એ છે ક્યાં? એ પરમાત્માના છે નહિ. સ્ત્રી, પુરુષ, નપુંસક, બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય છે નહિ. '**ઈસલિયે સબ તરહ આત્મજ્ઞાનીકે ત્યાજ્યરૂપ હૈં...**' આમ છે. આત્મજ્ઞાનીને સબ તરહ ત્યાજ્યરૂપ છે. ધર્મીને આત્મજ્ઞાનમાં એ ત્યાજ્ય નામ હેય છે. એટલી અહીંયા વાતને સિદ્ધ કરવી છે. સમજાણું? '**સબ તરહ આત્મજ્ઞાનીકે ત્યાજ્યરૂપ હૈં...**' એમ નહિ કે આ કોઈ કથંચિત્ પુરુષનો દેહ છે માટે એનાથી એમાં કેવળ થાયને, માટે કંઈ ઉપાદેય હશે. સમજાણું કાંઈ? એમ છે નહિ.

'**ત્યાજ્યરૂપ હૈં તો ભી જો નિશ્ચયનયકર આરાધને યોગ્ય...**' ભગવાન આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુદ્ધસ્વરૂપ વીતરાગ એ જ સેવવા યોગ્ય છે, એ અંતરમાં અનુભવવા લાયક છે. એવો '**વીતરાગ સદા આનંદ એક સ્વભાવ...**' સદા આનંદ અતીન્દ્રિય આનંદ એક સ્વભાવ. '**નિજ શુદ્ધાત્મામેં ઈન ભેદોંકો લગાતા હૈં,...**' એવો વીતરાગ નિજાનંદ પ્રભુ એમાં સ્ત્રી, પુરુષ, નપુંસક, બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય વગેરે એને જોડે છે કે, આ તે હું, આ તે હું. '**અર્થાત્**

**અપનેકો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર માનતા હૈ; સ્ત્રી, પુરુષ, નપુંસક, માનતા હૈ, વહ કર્મોંકા બંધ કરતા હૈ,...'** કર્મોનો બંધ કરે છે. સમજાણું કાંઈ? આત્મામાં એ શરીરની અવસ્થાઓ છે નહિ. એને પોતાના માને કે, હું બ્રાહ્મણ, હું વૈશ્ય, હું શૂદ્ર, હું ક્ષત્રિય, હું સ્ત્રી, હું પુરુષ, હું નપુંસક. એ આત્મજ્ઞાનમાં ત્યાજ્ય છે એને આદરણીય માને છે એ મૂઢ છે. **'વહ અજ્ઞાનસે પરિણત હુઆ...'** જુઓ! અહીં લે છે હવે. એ પોતે અજ્ઞાનથી પરિણત થયો. કર્મને લઈને નહિ. પોતાના સ્વરૂપના જ્ઞાનાનંદના ભાન વિના અજ્ઞાનથી પરિણત થયો. **'નિજ શુદ્ધાત્મ તત્ત્વકી ભાવનાસે રહિત હુઆ...'** ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ એની ભાવના એટલે આ કેમ વૃદ્ધિ પામે, શુદ્ધ થાય એવી ભાવનાને બદલે, આ મારી ચીજ છે એમ પરની ભાવના કરે છે એ મૂઢાત્મા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમ માનવુ એ માનવું એમ નહિ. શરીરની કોઈ પણ અવસ્થા મારામાં છે જ નહિ. લ્યો એમ હજી એને એમ સાંભરે છે. આ શરીરની રોગ અવસ્થા, નીરોગ અવસ્થા મારી અવસ્થા છે એ મૂઢ માને છે, એમ કહે છે. પાપી જીવ એમ માને છે, એમ કહે છે. પાપી એટલે આત્માના જ્ઞાનની પરિણતિ રહિત. આત્માનું સ્વરૂપ એના ભાન વિના, અજ્ઞાનપણે પરિણમતો એ દેહની અવસ્થાઓ મારી છે, મને છે, એને લઈને મને ઠીક છે, એ હોય તો મને ઠીક પડે છે એમ માનનાર પાપદૃષ્ટિ મૂઢાત્મા અજ્ઞાની છે એમ કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોણ મનુષ્ય છે? ક્યાં ગયા સેવંતીભાઈ? શું થયું આ? મનુષ્ય છે કે આત્મા છે અહીં? અહીં વાત શેની ચાલે છે આમાં? મનુષ્ય તો માટી, ધૂળ છે આ. આ આત્મા છે? આ શરીરની અવસ્થા અને શરીર એ માટી પુદ્ગલ જડ છે.

મુમુક્ષુ :— ક્યારે?

ઉત્તર :— અત્યારે. ક્યારે શું? એ આત્મા છે આ? માણસ છે આ? આ માણસ છે? આ તો જડ છે. મનુષ્યગતિ કહો તો એની પર્યાયમાં જે છે એ. એ પણ આત્માનું સ્વરૂપ નથી. સમજવાનું ક્યાં? પણ આ તો બધું એકમેક થઈ ગયું છે અંદર. સેવંતીભાઈ! વારંવાર એ પૂછ્યા કરે છે હોં! એ અંદરથી એકમેક આમ થઈ ગયું જાણે ....

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દૂધ પાણી એકમેક થયા જ નથી. દૂધ દૂધમાં અને પાણી પાણીમાં.

અહીં કહે છે, અમે વાણિયા, અમે ક્ષત્રિય, અમે શૂદ્ર હોં! સેવા કરનારા. અને અમે પુરુષ, અમે સ્ત્રી, અમે હીજડા. એ તો શરીરની દશા બધી, શરીરની પર્યાય છે. ભગવાન આત્માની

પર્યાય છે? દ્રવ્ય, ગુણ તો નથી પણ એની પર્યાય છે? એમ કહે છે અહીં તો. પર્યાય એટલે અવસ્થા એની છે? દ્રવ્ય, ગુણ તો ભિન્ન છે પણ પર્યાય એની છે ઈ? પર્યાય એની એ નથી. માને છે તો અજ્ઞાની ગમે એ માને.

મુમુક્ષુ :— થઈ જાય કે નહિ એની?

ઉત્તર :— માને એટલે કાંઈ એની થઈ જાય? કહો, સમજાણું કાંઈ? કેમકે એની ભાવના સ્વ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ છું એની તરફની ભાવના નામ એકાગ્રતા નથી, એથી એને આ પર્યાય મારી છે એમ પરમાં એકાગ્રતા, વિકારમાં, મૂઢપણામાં એકાગ્ર થાય છે. એ વસ્તુમાં તો નહિ, એ તો જડ છે. સમજાણું કાંઈ? ૮૧ થઈ.

'આગે ફિર મૂઢકે લક્ષણ કહતે હૈં—'

૮૨) तरुणउ बूढउ रूयडउ सूरउ पंडिउ दिव्वु।
खवणउ वंदउ सेवडउ मूढउ मण्णइ सव्वु।।८२।।

અજ્ઞાની આત્માના ચૈતન્ય સ્વરૂપના ભાન વિના અજ્ઞાનપણે પરિણમતો. સમજાણું કાંઈ? કહે છે.. આગળ લેશે ઈ. ...

**અન્વયાર્થ :- 'મૈં જવાન હૂં,...'** હું જુવાન. ભાઈ! જુવાન તો જડની અવસ્થા છે, ઈ આત્માની અવસ્થા નથી, આ તો માટીની અવસ્થા છે. જડ રજકણોના પુદ્ગલનું મોઢવું એની એ પર્યાય છે. જુવાન આત્મા નથી. એને ઠેકાણે અમે જુવાન છીએ હોં! અમને બોલાવવા નહિ, વતાવવા નહિ. બહુ સારી વાત છે. મૂઢ બડાઈ, પ્રતિષ્ઠા અને કોઈ પણ જગતની આબરૂ માટે આ વસ્તુને અંદર પોતાની માને છે.

**'બુડ્ઢા હૂં,...'** વૃદ્ધ થઈ ગયો વૃદ્ધ, હું હવે વૃદ્ધ થઈ ગયો. શરીર જીર્ણ થઈ ગયા હવે અમારા. પણ તારું ક્યાં શરીર છે? ઈ તો જડ છે, ધૂળ છે. **'શૂરવીર હૂં,...'** બળવાન છું, મારું બળ જોયું! એક હાથ મારું તો ભીંત પાડી નાખું, લીમડાને હલાવી નાખું, લીમડાને ... હું આ છું, હું શૂરવીર છું. ગમે એટલા હોય એ પંડિત ક્યાંથી થઈ ગયો? શૂરવીર છું, શૂરવીર. ધમાલ ધમાલ .... **'પંડિત હૂં...'** ક્યાં પંડિત હતો? મૂર્ખ જ્ઞાનના ઉઘાડ ગમે એટલા હોય એ પંડિત ક્યાંથી થઈ ગયો? જ્ઞાનનો ગમે એટલો ઉઘાડ એ પંડિત ક્યાંથી થઈ ગયો? એ તો પર્યાયનો ઉઘાડ, એક સમયની પર્યાય છે. એ પોતાને એ રીતે માનવું એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! .... કહે છે કે, ભાઈ! તું કેવળજ્ઞાનનો કંદ છો ને, એક સમયમાં પૂર્ણાનંદ પરમાત્માનો કંદ આખા અનંત પરમાત્માનું રૂપ તારું છે. એના એક સમયના જ્ઞાનના ઉઘાડનારના અભિમાન... અભિમાન... અભિમાન... અમે આમ જાણીએ છીએ, અમને આ આવડે છે, અમને આ આવડે

છે. કહે છે કે મૂર્ખ છો. શશીભાઈ! ... એ પર્યાય બુદ્ધિવાન પર્યાયને, અંશને પોતાનો માને છે. જેમ શરીરની અવસ્થા પોતાની નથી એમ જ્ઞાનની ક્ષયોપશમ અવસ્થા-અંશ પણ એ ખરેખર આત્માની છે જ નહિ. પરાલંબીનો ક્ષયોપશમ એ બંધનું કારણ છે પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**सबमें श्रेष्ठ हूं...**' ઈશ્વર મોટો છું, સંઘનો શ્રેષ્ઠ છું, ફલાણાનો મોટો... એમ મૂઢ. ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ એને ભાવના છોડી અને આ ભાવનામાં આ મૂર્ખ પડ્યો છે. કહો, સમજાણું આમાં? કહો, શું કરવું આમાં હવે? ... એ તો પર્યાય, કહે છે, ખરેખર એ ક્ષયોપશમ છે એ જડ છે એમ કહે છે અહીં. લ્યો! એ ચૈતન્યનો પર્યાય તો આનંદ આપે એવો હોય, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ઉઘાડનો પર્યાય જે દુઃખ આપે એ પર્યાય આત્માનો કેવો એ? આહા..હા..! સમજાણું કાંઈ?

જડ ખરેખર એ જડ જ છે, અચેતન છે, એમાં પરિણમતો, પરિણમતો પાછો હેઠે નિગોદમાં જાશે. એ ક્યાં આત્માની પર્યાય છે. આત્માની પર્યાય તો નિર્મળ અને આનંદ હોવી જોઈએ. સમજાણું કાંઈ? અહીં તો બધામાં, શરીરમાં ભેગું એ નાખી દીધું. ... આહા..હા..! સમજાણું કાંઈ? નિગોદના જીવનું પરિણમન ને પાછો નવમી ગ્રૈવેયક ગયો, નવ પૂર્વ ને અગિયાર અંગનું પરિણમન હતું ઉઘાડનું. શું બધું અચેતન જડ. ચૈતન્યની ક્યાં દશા છે એ? ચૈતન્યની દશા તો દ્રવ્ય, જ્ઞાનને ... જે જ્ઞાન સમ્યક્ અનુભવ થાય. એ આત્માની પર્યાયને આત્મા કહે. આહા..હા..! રતિભાઈ! આ તો જ્યાં બે, ચાર જવાબ આવડ્યા ને ફલાણું બધા છોકરા શીખ્યા ... મને આવડે છે હોં! મને આવડ છે બધું .... બહુ સારી વાત. મૂર્ખ છો કહે છે. સમજાણું કાંઈ?

'**सबमें श्रेष्ठ हूं 'क्षपणकः' દિગંબર हूं,...**' દિગંબર શરીર ભલે હો, પણ એ દિગંબર આત્મા છે એમ માનવું મૂઢ છે, એમ કહેવું છે. તેથી કોઈ એમ માને કે દિગંબર દશા હોય તો જ મુનિપણું હોય એવું કોણ નિર્ણય કરે આમાંથી? એમ કહે. એમ નહિ એ બીજી વાત છે. અત્યારે તો શરીરની દિગંબર દશા એ આત્મા છે, એમ માનવું એ મૂઢ છે. પણ મુનિપણું હોય જ્યારે અંતરમાં ભાવલિંગ પ્રગટ્યું હોય ત્યારે શરીરની અવસ્થા દિગંબર જ હોય, બીજી દશા હોય જ નહિ. છતાં એ દિગંબર દશા હું છું એમ મિથ્યાત્વ છે. એથી ગમે તે દશામાં મુનિપણું હોય એમ અહીં કહેવું નથી. આહા..હા..! ક્યાંક જ્યાં વાત હોય ત્યાં ક્યાંયની ક્યાંય લઈ જાય.

હવે ''**वन्दकः' बौद्धमतका આચાર્ય हूं...**' '**वन्दकः**'નો અર્થ કર્યો છે ને... '**क्षपणको दिगम्बरोऽहं वन्दको बौद्धोऽहं**' હું બોદ્ધ છું .... આત્મા કે દિ' બોદ્ધ હતો. સમજાણું? '**और मैं श्वेताम्बर हूं,...**' લ્યો! આવ્યું હવે. '**मैं श्वेताम्बर हूं,...**' વસ્ત્ર ધોળા પહેનારો

હું સાધુ. એ તો ધૂળ, જડની અવસ્થા થઈ. આત્મામાં ક્યાં હતી એ? એનો અર્થ એવો નથી કે, શ્વેતાંબરની અવસ્થા હો કે દિગંબરની અવસ્થા હો, ગમે ત્યાં મુનિપણું હો એમ અહીં કહેવું નથી. એ બીજી વાત છે, આ બીજી વાત છે અત્યારે. ખીચડો કરે છે એમ કહેતા હતા. ભીખાભાઈ! અહીં તો શ્વેત વસ્ત્ર એક જડની દશા છે, દિગંબર દશા એ જડની દશા છે, બૌદ્ધ દશા એ જડની દશા છે, એને આત્મા માનવો મૂઢ છે, અજ્ઞાની છે. સમજાણું કાંઈ? **'સબ શરીરકે ભેદોંકો મૂર્ખ અપના માનતા હૈ.'** પોતે કહે છે આચાર્ય મૂઢ છો. દિગંબર છું, શ્વેતાંબર છું, આ છું, આ છું એ તો જડની, શરીરની અવસ્થા છે. **'યે ભેદ જીવકે નહીં હૈં.'**

**ભાવાર્થ :- 'યહાં પર યહ હૈ કિ,...'** યહ વ્યવહારનયકર હી અભિન્ન હૈ એમ કહેવાય. સમજાય છે? પાઠ એમ છે હોં! સંસ્કૃતમાં છે ને **'व्यवहारेण भिन्नान्'** અભિન્ન એટલે એના છે એમ કહેવાય એમ. એમ જ કહેવાયને નિમિત્તથી.. નિમિત્તથી ... **'યદ્યપિ વ્યવહારનયકર યે સબ તરુણ...' 'વૃદ્ધાદિ...'** નિમિત્તની અપેક્ષાએ એમ બોલવામાં આવે. **'શરીરકે ભેદ આત્માકે કહે જાતે હૈં, તો ભી...'** જુઓ! આ નય બે વિરોધ છે. **'નિશ્ચયનયકર વીતરાગ સહજાનંદ એક...'** .... નિશ્ચયનયકર ભગવાન **'સહજાનંદ એક સ્વભાવ જો પરમાત્મા ઉસસે ભિન્ન હૈં.'** એ પંડિતાઈ ભિન્ન છે અને એ શરીર, અવસ્થા ને દિગંબર ને શ્વેતાંબર ને બોદ્ધ એ બધું ભિન્ન છે.

**'યે તરુણાદિ વિભાવપર્યાય કર્મકે ઉદયકર ઉત્પન્ન હુએ હૈં,...'** જે તરુણ આદિ વિભાવ દશા, કર્મના ઉદયથી એ તો દશા થયેલી છે. જોયું? એ પંડિત કર્મના ઉદયથી થયો એમ... એનો કાંઈ ક્ષયોપશમ નથી, એ બધી કર્મ જાત છે. આત્મા ક્યાં છે એ? આહા..હા..! સમજાય છે કાંઈ? **'યે તરુણાદિ વિભાવપર્યાય કર્મકે ઉદયકર ઉત્પન્ન હુએ હૈં,...'** એ બધી વિભાવ પર્યાય છે. એ ક્ષયોપશમ ભાવ, અનાદિનો અજ્ઞાન એ બધો વિભાવિક પર્યાય આત્માની પર્યાય નથી. આહા..હા..! **'ઈસલિયે ત્યાગને યોગ્ય હૈં,...'** કહો, સમજાણું? એ માટે છોડવા લાયક છે. હેય આવ્યુંને? છોડવા લાયક છે, દૃષ્ટિમાં છોડવા લાયક છે એમ, એ મારા નથી.

**'તો ભી ઉનકો સાક્ષાત્ ઉપાદેયરૂપ...'** કહે છે કે, જે છોડવા લાયક છે. **'તો ભી ઉનકો સાક્ષાત્ ઉપાદેયરૂપ નિજ શુદ્ધાત્મ તત્ત્વમેં જો લગાતા હૈ,...'** એ હું છું એમ લગાવે છે, એ હું છું એવું લગાવે એટલે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આ વીતરાગ પરમાનંદ, સહજાનંદ એક સ્વરૂપ એવો પરમાત્મા એનાથી બધી પંડિતાઈ, શરીરાદિની ભિન્નતા છે. એને ભગવાન વીતરાગ આત્મા સાથે, હા આ મારા, આ મારા, એનાથી મોટો હું ને એવી બીજાની

દશાને મોટો માને, મૂઢ છે કહે છે એ. સમજાણું કાંઈ?

સાક્ષાત્ ઉપાદેયરૂપ નિજ શુદ્ધાત્મ તત્ત્વ એમાં જે સંબંધ કરે છે, એમ લે છે. સમજાણું? '**योजयति...**' ઓલામાં '**संबद्धान**' છે, આમાં '**योजयति**' છે. સમજાણું? '**योजयति**' છે એને જોડે છે. ભગવાન જ્ઞાયક ચિદાનંદમૂર્તિ આનંદ સ્વરૂપ, એમાં આનંદમૂર્તિમાં આ ભાવોને આમ જોડે છે, આ જોડે છે અને એ રીતે આત્માને પોતાને ઓળખે છે અને બીજાને પણ એ રીતે ઓળખે છે અને એ રીતે બીજાને ઓળખાવવા પ્રયત્ન કરે છે. એ મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અજ્ઞાની જીવ એ આત્મા કે માનતે હૈ. એ અજ્ઞાની કેમ કંઈક બડાઈ જગતમાં માને છે એ જ્ઞાનના ઉઘાડની, દુનિયાના શરીરની, જુવાન અવસ્થાની, નગ્ન દશાની ... બહારની પ્રતિષ્ઠા માટે દુનિયા આબરૂ ગણે...

'**ધનકા લાભ ઈત્યાદિ...**' આબરૂ લાભ, માનનો લાભ, મોટપ બતાવે એ વગેરે કારણે. એવા '**વિભાવ પરિણામોંકે આધીન હોકર...**' એવા વિકારી પર્યાયને આધીન હોકર. આત્મજ્ઞાન ને આત્માને આધીન છોડી દઈને. '**પરમાત્માકી ભાવનાસે રહિત હુઆ...**' ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એની અંતરની એકાગ્રતા જે દર્શન, જ્ઞાન, ચારિત્ર સમ્યક્ અંતર સ્વરૂપ એની '**ભાવનાસે રહિત હુઆ મૂઢાત્મા હૈં, વહી જીવકે હી ભાવ માનતા હૈ.**' એ જીવનો ભાવ માને છે, એ જીવ સ્વરૂપ તો અખંડ આનંદકંદ એની અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે સ્વભાવને અવલંબીને થયેલો એ જીવભાવ કહેવાય છે. આ જીવભાવ કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? .... શુભ જોગ, ઉદય ભાવ એ આત્માને લાભ કરે. અહીં તો કહે છે, ક્ષયોપશમભાવ, પરાલંબી ઉઘાડ, નવ પૂર્વનો ઉઘાડ, અગિયાર અંગનો ઉઘાડ આત્માને બિલકુલ લાભ ન કરે. એને આત્માના લાભમાં જોડે છે એનો અર્થ કે, પોતાના માને છે. ... ભાઈ! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વળી બીજી વાત છે. એ તો અંદરના સ્વભાવથી વિપરીત માન્યતા હોય એની વાત છે. આ તો શરીરની અવસ્થાને, ઉઘાડના ભાવને પોતાનો માને છે એ મૂઢ છે એટલી વાત છે અત્યારે. એથી કરીને શ્વેત વસ્ત્રવાળો મુનિ હોઈ શકે છે. અને દિગંબર થયો માટે, શરીર દિગંબર થયું માટે મુનિ થઈ ગયો છે એમ નથી. સમજાણું કાંઈ?

'**આગે ફિર ભી કહતે હૈં –**'

**૮૩) जणणी जणणु वि कंत घरु पत्तु वि मित्तु वि दव्वु।**
**माया-जालु वि अप्पणउ मूढउ मण्णइ सव्वु।।८३।।**

આહા..હા..! આચાર્યે તો અત્યારે એવી શૈલીથી વાત કરે છે જરી.

**અન્વયાર્થ :-** 'માતા,...' શરીરની માતા એ આત્માની મારી છે એમ માને છે, મૂઢ

છે કહે છે. સમજાય છે? આ મારી મા, આ મારી મા. ક્યાં તારી મા હતી? આત્માને મા હોય? સમજાણું કાંઈ? આ મારા '**પિતા...**' જનક, જનક. મને જન્મદાતા, તને જન્મ આપ્યો હશે આત્માને ને શરીરને એને? આ મારો પિતા. મૂઢ. ભગવાન આત્મા પરમાનંદ સ્વરૂપ સહજાત્મ વીતરાગ સ્વરૂપ એમાં આવા ભાવને લગાવે છે. ઈ અસત્યને સત્ય માને છે એમ અહીં લેશે. એ બધા અસત્ય છે, અસત્ય એટલે કે પોતાના સત્ સ્વરૂપમાં એ નથી. માયાજાળ છે બધી. ... બધી માયાજાળ. માયાજાળ કીધી ખરી પણ એની વ્યાખ્યા? કે સત્ સ્વરૂપ ભગવાન એની અપેક્ષાએ અસત્ય ને માયાજાળ એની અપેક્ષાએ વસ્તુ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :— બે સ્વરૂપ છે, બેય સ્વરૂપ નથી. એનું સ્વરૂપ આનું નથી. તે અપેક્ષાએ આ સ્વરૂપ સત્ છે જ્ઞાનાનંદ પ્રભુ, તો આ સ્વરૂપ બધું એની અપેક્ષાએ અસત્ય છે. '**પિતા ઔર સ્ત્રી...**' ... અનુકૂળતા બોલતી હોય ને આમ ... એ અમારા ઘરમાં ... પણ ઘરમાં ક્યાં? તારું ઘર જ ક્યાં છે? આ બધું આચાર્યને આવું કહેવું શું કરવા જોઈએ? ... ભૂલ થાતી હશે? આ મારી કાન્તા સ્ત્રી, કાન્તા એટલે પ્રિય છે. કાન્તાનો અર્થ પ્રિય. આ મારી વ્હાલી સ્ત્રી છે, અર્ધાંગના છે હોં! અમારી ઘરવાળી છે, ઘરવાળી ક્યાંથી? તારું ઘર ન્યાં ક્યાં ગરી ગયું? જમુભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું ઘર પણ હતું? ઘર તો તારું અહીં છે, અનંત ગુણનો પિંડ એ તારું ઘર છે. ઓલું ધૂળનું ઘર છે. ધૂળની આકૃતિ હશે? ... ઊંડેથી એવી મીઠાશ વેદે ને અમારા ઘરના બૈરા બહુ સુઘડ... સુઘડ... સુઘડ... મીઠાસ આવે આમ, ને ઓલી સાંભળે તો એને એમ થાય. આહા..હા..! ... કામકાજ ઘરનું જોવો તો આમ ... કોઈ વેવાઈ બે આવ્યા હોય, ઊભા હોય તો આમ ખુશ થઈ જાય ઘરને દેખીને. સારા મૂઢ છો એ બધી પર અવસ્થાને મારી માનીને હોંશ શેની કરે છે તું? જેચંદભાઈ! સાચી વાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ છે તો મેળ ઘણો .... એને કારણે તો અહીંયા રહ્યા છે. તો આ બધું ખોટું છે એમ. કહો, સમજાણું આમાં? આ અમારું ઘર. આમ જ્યાં ઘરને દેખે ને ત્યાં ... આહા..!

મુમુક્ષુ :— ઈ કોનું ઘર છે?

ઉત્તર :— ધૂળનું ઘર છે, પુદ્ગલનું ઘર, પુદ્ગલની રચનાથી ઘર ઊભું થયું. ભીખાભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હજી તો ઘણા લેશે અંદર.

**'ઔર બેટા,…'** મારો દીકરો થાય, દીકરો એમ.એ. થયેલો, વિલાયત ગયેલો. ત્રણ હજારનો પગાર છે. રામજીભાઈને તો વળી મોટો દીકરો છે … સાત, આઠ હજારનો પગાર આમ … લ્યો! ભાઈ! ઓલો બિચારો કહે અરે..! આમાં ધૂળ છે, આમાં કાંઈ મારે આ કરવું … સમજાણું? કોના દીકરા? દીકરા એનો આત્મા ભિન્ન, એનું શરીર ભિન્ન. તારે લેવા, દેવા એને ક્યાં હતો ક્યાંય? સીમાડે-શેઢે સંબંધ નથી. મફતનો મારો દિકરો. મારા શરીરનો આકાર એવો બધો એનામાં આકાર થયો. … છેને બધી વાત છે ને બધી ઘણા બને. … અને આ શરીરની અવસ્થા ન્યાં ગરી ગઈ હશે?

મુમુક્ષુ :— ….

ઉત્તર :— હોય બધું હોય, વાળનું હોય … આ પાગલપણું કહે છે, મૂઢપણું એમ કહે છે. પાગલ થયો છે માળા, કો'કની ચીજને મારી માનીને ગાંડો થયો છે પાગલ માળા. શું થયું તને આ? શું કીધું?

**'બેટી…'** આ મારી દીકરી બહુ હોશિયાર છે, એમ.એ.માં પાસ થયેલી છે. અને પછી અમેરીકા મોકલવી છે. પછી એક જણો બોલતો હતો … અમારી દીકરી, અમારી દીકરી … આ મારી દીકરી …. શું છે પણ હવે? હળવે હળવે વાત કરો ને. …. બહુ ભણી છે, બહુ બુદ્ધિવાળી, બહુ બુદ્ધિવાળી અને અમેરીકા જવાની છે … શું છે પણ હવે? ધૂળમાં પણ નથી તારી દીકરી શેઢે-સીમાડે ત્રણકાળમાં. એક સમયમાત્ર તારી પર્યાયમાં પણ આવી નથી, પર્યાયમાં આવ્યો રાગ એ તારો નથી, તો આ ક્યાંથી તારી આવી ગઈ? આહા..હા..! સમજાણું કાંઈ?

**'બેટી, મિત્ર…'** અમારા ભાઈબંધ છે એને ઘરે ને અમારે ઘરે બધું એક જ છે. … ખરે ટાણે એ આવીને ઊભા રહે, એને જરૂર હોય તો અમે જઈને ઊભા રહીએ. એવો અમારે મિત્ર છે. માળા ધૂળમાં પણ નથી સાંભળને! મૂર્ખનો નાતો છે, માનેલો છે. મિત્ર કેવા? સમજાય છે? **'વગૈરહ સબ કુટુમ્બીજન…'** આ અમારા કુટુંબી ગોત્રના છે બધા. ફલાણા કુટુંબના હોય છે ને સૌનું કુટુંબ … યાદ કરી ને પાંચ, પાંચ પેઢી ને દશ, દશ પેઢીના આંબા કાઢે. આંબા કાઢી ને એમાંથી અમારા કુટુંબીજન છે આંબાને જુઓ! …

આ અમારી **'કુટુમ્બીજન, બહિન,…'** અમારી બહેન છે, સહોદર છે, એક ઉદરે ઉત્પન્ન થયેલા છીએ. સહોદર એક ઉદરે રહેલા માટે અમારા બહેન. કોણ રહે ઉદરમાં ને કોણ રહે તારા? એ ચીજ જ જુદી છે, એમાં લાવ્યો ક્યાંથી કે મારી બહેન છે? આ અમારી **'ભાનજી,…'** ગોતી ગોતીને કાઢ્યું લાગે છે આ. અમારી આ ભાંજી છે, અમારી બહેનની દીકરી છે. બહેન ક્યાં તારી હતી તે વળી ભાણી તારી થાય? મારા ને … જૂઠા પરિવાર … માયાજાળમાં

પરિવાર. એ માયાજાળને પોતાના માનીને મૂઢ પોતાના આત્માને ભૂલી જાય છે, એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ?

આ અમારા '**નાના,...**' અમારા બાના બાપ થાય છે નાના. નાના કહે છેને એને? અમારા બાના બાપ છે. નાના, નાના. એ મોહનભાઈ! આ બધું આવું સાધુને કહેવાનું શું કામ હશે? કહે છે કે, ક્ષણે ક્ષણે જ્યાં જ્યાં મિથ્યાત્વ ભાવ સેવે છે પરને પોતાનું માનીને, એનું અહીં જ્ઞાન કરાવે છે. ભાઈ! નાનો અમારો. આ અમારા '**મામા,...**' અમારા બાના ભાઈ છે મામા. ઓહો..હો..! '**ભાઈ,...**' આ અમારા ભાઈ છે. અમારા મોટા ભાઈ છે, અમારા નાના ભાઈ છે. એવા ત્રણકાળમાં ભાઈ-બહેન નથી આત્મામાં. કોની સાથે વળગ્યો ... દુઃખનો ... એ મારા એ જ મિથ્યાત્વ છે ને એ જ મોટું દુઃખ છે. દુઃખની વ્યાખ્યા શું? એ મારા... એ મારા... એ મારા... મને મારનારા. એ મારાનો ભાવ એને મારનારો છે. એ મારા એવો ભાવ જીવને મારી નાખવાનો છે. એ દુઃખ છે. આહા..હા..!

આ અમારા '**ભાઈ, બંધુ...**' સમજ્યા ને? '**ઔર રત્ન,...**' અમારે ઘરે જુઓ! આમાં રત્ન છે, આ રત્ન. અમારા બાપની પેઢીથી, પેઢીથી ચાલ્યા આવે છે ... '**માણિક,...**' આ અમારા માણેક છે, આ માણેક જોતાં આ અમારું માણેક હોં! સમજાણું? આ '**મોતી,...**' આ મોતી ... આ અમારું મોતી જુઓ. અમે ઘણા વર્ષ પહેલા વેંચેલું આ અમારું મોતી. ક્યાંથી આવ્યું તારું મોતી પણ? તારું મોતી તો અહીં છે. આત્મા જ્ઞાનાનંદ તે તારું મોતી. આ ક્યાંથી આવ્યું બાહ્યમાં? કહે છે. '**સુવર્ણ,...**' સોનું, સોનાના દાગીના આવે ને .... પણ તારો તો અહીં છે આત્મા. ન્યાં ક્યાંથી ગરી ગયો આત્મા?

'**ચાંદી,...**' ચાંદીના પાટલા પડ્યા હોય ને સો, બસ્સો ચાંદીના પાટલા ... એ '**ધન,...**' લક્ષ્મી, રૂપિયા, પૈસા ... '**ધાન્ય,...**' તલ, બાજરા ને ઘઉં ને અમારે આ કોઠીઓ ભરી છે બાજરાની બધી ... એ પણ મરી જઈશ ... છોકરા ક્યાં તારા બાપના હતા? એના ક્યાં હતા? કહો, આ '**દ્વિપદાંદી...**' બે પગવાળા માણસો હોય છે ને, નોકર, નોકર હોં! નોકર આ અમારો નોકર પચાસ વર્ષથી અમારો નોકર છે. અમારા બાપ, એના બાપ ત્યારનો આ નોકર. ... ..ભાઈ! એ પછી વાંદી.. વાંદી શું કીધું? દાસી લ્યો! એ '**ધાય,...**' માતા, ધાય માતા.

'**નૌકર, ચૌપાયે-ગાય,...**' ... આ ગાય મારી છે. ... આ ગાય મારી પણ હવે .... લીધી હતી ને દોઢસો રૂપિયે ત્યારે વખાણ કરતા હતા. અને જ્યાં લીધી બે મહિના થયા ત્યાં ઓલું કરે ... જોવા વખતે વખાણ્યા, લેવા વખતે સડેલી કરીને .... શું છે પણ? શિવા પટેલ! ક્યાંથી ગાય તારી આવી ગઈ અહીંયા? આહા..હા..! '**ગાય, બૈલ,...**' બૈલ બળદ, બળદ હોય ને મોટા ખુંટડા... '**ઘોડી,...**' લ્યો! ઘોડા, ઘોડા સારા હોય ને આ ઘોડો અમારે

જુઓ .... આ 'ઊંટ,...' સારા ઊંટ હોય તો કહે અમારો ઊંટ છે. પણ ક્યાં ઊંટ? તું ઊંટ્યો થઈ ગયો. તું ઊંટ્યો થઈ ગયો, તારો ઊંટ હોય.

'**હાથી,...**' રાજા હોય ને .... આ અમારો હાથી ત્રિલોકમંડન હાથી. રાવણ જ્યારે બેસતો હશે, રાવણને તો ... ચોરાશી લાખ હાથીનો મોટો બાદશાહ, ચોરાશી લાખ હાથી હતા એને ઘરે ... આ મારો હાથી, આ મારો હાથી રાવણને એમ થાય. ... પડ્યો રહ્યો રામ લઈ આવ્યા ઘરે, અયોધ્યા લઈ આવ્યા. લંકાથી ઉપાડીને અયોધ્યા લઈ આવ્યા. ત્યાં થઈ ગયું એને જાતિ-સ્મરણ. ચાર જણા બેઠા છે ને માથે. જુઓને. ભરત, શત્રુઘન, .... રામ ને લક્ષ્મણ જાય છે ત્યાં, ભરતે દીક્ષા લીધી હોં! ઊભા રાજકુમાર ... જ્યાં દીક્ષા લીધી એને જાતિસ્મરણ થઈ ગયું. અરે..! આ તો અમે આની સાથે હતા. આ ને અમે પૂર્વભવમાં મિત્ર હતા. એ હાથીને જાતિસ્મરણ થયું, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન હાથીને થયું. પછી આહાર લે છે પંદર પંદર દિ' એ. .... જાતિ સ્મરણ જ્ઞાન છે, અંદર સમ્યગ્દર્શન છે ... અરે..! ઢોરના અવતાર. ક્યાં રાજકુંવરને આવી .. અને ક્યાં અમારો આ અવતાર. આહા..હા..! કહે છે કે, એ હાથી-બાથી કોઈના છે નહિ, કોના હોય? માળા સાંભળને!

'**રથ,...**' મોટા ઊંચા રથ હોય ને આમ દેખીને રત્નના શણગારેલા માણેક રત્નના ભરેલા માથે, સ્ફટીક હોયને, માણેક, માણેક આમ ભરેલા .... લાખો, કરોડો, અબજો રૂપિયાના રથ હોય છે. નેમિનાથ ભગવાનનો રથ જુદો, કૃષ્ણનો જુદો, બળદેવનો જુદો, જ્યારે લડાઈ કરવા ગયા ને ત્યારે જરાસંઘના માણસો એને ઓળખાવે, જરાસંઘને ઓળખાવે. એ બધા હોશિયાર હોય એ બધા. ગામના શું કહેવાય? દેશના જાણીતા બધાને ઓળખતા હોય. જરાસંઘને ઓળખાવે, સાહેબ! ઓલો રથ છે નેમિનાથ ભગવાનનો, ઈ અંદર નેમનાથ ભગવાન બિરાજે છે. ત્રણ જ્ઞાનના ધણી છે, તીર્થંકર છે. એ અહીં શ્રીકૃષ્ણની સાથે આવ્યા છે, એમ કહે હોં! ઓલો માને નહિ. સમજાણું કાંઈ?

ને ઓલો કહે, માર આમ માર. એલા! પણ એ ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકર છે. એ રાજકુમાર બેઠા છે માથે મુગટને આ બધા .... એના ધોળા ઘોડા છે એ ... અને આ ફલાણા ઘોડા એ શ્રીકૃષ્ણને અને આવા ઘોડા છે એ બળદેવ ... રથ-બથ શેના? ... ભગવાન તો અંદર કહે, રથ પણ મારો નથી ને આ વિકલ્પ પણ મારો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? .... જુઓને '**રથ, પાલકી,...**' ઊંચી પાલકી રત્નની જડની મોટી પાલખી બેસેને રાજકુમાર. ઉપાડે માણસો ... '**યે સર્વ 'मायाजाल'...**' શું કીધું? માયાજાલનો અર્થ અસત્ય કર્યો. પાઠમાં જ છે હોં! એ સંસ્કૃત ટીકામાં એ અસત્ય છે, અસત્ય છે, માયાજાળ છે. એ ધૂમાડાના બાદશાહ તારા છે નહિ. આહા..હા..!

**'અસત્ય હૈં, કર્મજનિત હૈં,...'** **'कृत्रिममपि'** અસત્ય છે, કૃત્રિમ છે, **'आत्मीयं स्वकीयं मन्यते'** એ કૃત્રિમ એટલે કર્મજનિત એમ અર્થ કર્યો. **'તો ભી 'મૂઢઃ' અજ્ઞાની જીવ અપને માનતા હૈ.'** પોતાના માને છે. આ અમારે કેટલી ઋદ્ધિ. અમારે આ ... અરે..! તમારી ઋદ્ધિ ભગવાન અંદર પડી છે ભાઈ! તારી ઋદ્ધિ તારાથી એક સમય, એક ક્ષેત્ર ને પ્રદેશથી દૂર નથી. એક પ્રદેશ પણ દૂર હોય એ તારી ચીજ નહિ. આહા..હા..! ક્યાં પણ ભૂલ્યો છે ને. ભીંત સાથે માથા ફોડ્યા જ્યાં, ત્યાં. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એની અંતરની શ્રદ્ધા ને અનુભવની ભાવના છોડી અને આ બધા અમે... અમે... અમે... અમે... અમે... એમાં વેગમાં... વેગમાં... વેગમાં... વેગમાં... વેગમાં... તણાણો. મૂઢ, કહે છે માનતા હૈ, **'અપને સ્વરૂપકો અજ્ઞાની જીવ માનતા હૈ.'** હવે જરી ખુલાસો વધારે કરે છે.

**ભાવાર્થ :- 'યે માતા પિતા આદિ સબ કુટુમ્બીજન પરસ્વરૂપ ભી હૈં,...'** એક બોલ. પરસ્વરૂપ છે, એ ભગવાન આત્મસ્વરૂપ નહિ. **'સબ સ્વારથકે (સાથી) હૈં,...'** બીજો બોલ. એ બધા સ્વાર્થના સગા છે, બાયડી, છોકરા આ બધું કીધું ઈ બધાય હોં!

મુમુક્ષુ :- ... સેવા કરશે?

ઉત્તર :- કોણ સેવા કરતું હતું ધૂળ? જડને જડ અડે, એ અડતો પણ નથી, ભિન્ન ભિન્ન છે. કોણ કોની સેવા કરે? મારે ભારે વાત ભાઈ! આ. એ માયાજાળ છે બધી. એ એક તો પરસ્વરૂપ છે, બધાના નામ લીધા ને એટલા.

**'સ્વારથકે (સાથી) હૈં,...'** બધા સ્વાર્થના છે. ... ઉજાગરા લેવા પડે તો મનમાં ઊંડે થઈ જાય કે, ઝટ છોડે તો સારું ખાટલો. છ મહિના જ્યાં તણાઈ... એક પછી એક, એક પછી એક. આહા..હા..! ક્યારે મરશે, ક્યારે મરશે ને આપણી હાજરી નહિ હોય ને મરશે તો લોકોમાં કહેવું શું? જુવાન માણસ પચ્ચીસ વર્ષનો માણસ. સમજાણું? એક ગામમાં તણાણો છોકરો જુવાન મરવાની તૈયારી. થોડાક દિ' તણાણા એનો બાપનો બાપ આવીને વાત કરતો હતો. અરે..! દુઃખી થાય છે હવે ઉજાગરા કરવા પડે ને ... હવે છૂટે તો સારું છે. આ હમણા પચાસ, સાંઈઠ, પચાસ વર્ષના દીકરા પછીની વાત કરે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... સમજાણું કાંઈ? તારાચંદભાઈનો હતો ઓલો છોકરો સોમચંદનો મગન. મગન હતો મગન .... અમે તે દિ' ત્યાં હતા. સોમચંદનો મોટો. સોમચંદ નહિ? ... તે દિ' અમે ત્યાં હતા. રાત્રે ઉજાગરા થાય ... ડોસા બોલતા હતા લ્યો! ગુલાબચંદભાઈ! એ આ નાગનેશમાં હતા ...

એ જગતમાં આવું છે ભાઈ! મફતનો હોંશ કરીને મંડ્યો છે મારો. જરીક જ્યાં મહિનો ને પંદર દિ તણાય, હાડકા અંદર પાંસડામાં ખળભળાટ થાતો હોય. રાતે એને ઊંઘ ન આવે

અને કોઈ જાગતું ન હોય એની પછી ... અરે..! બધા નિરાંતે સુતા છે અહીં બળે છે, સળગી ઉઠ્યો છું. અત્યાર સુધી કર્યું ને કોઈ સામું જોતું નથી. એ બળતરા... બળતરા... બળતરા... મૂઢ શેનો મંડ્યો છો પણ? કઈ કે દિ' ચીજ તારી હતી? સમજાણું કાંઈ? આહા..!

'**સબ સ્વારથકે હૈં,...**' બે બોલ. '**શુદ્ધાત્માસે ભિન્ન...**' ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ એનાથી જુદા ઓલા પરસ્વરૂપ કહ્યું હતું ને, '**પરસ્વરૂપ ભી હૈ, સ્વાર્થકે હૈ, શુદ્ધાત્માસે ભિન્ન ભી હૈં, શરીર સંબંધી હૈં,...**' એ ચોથો બોલ લીધો. એ તો શરીરના સંબંધવાળા છે બધા. તારા ક્યાં હતા? આહા..હા..! '**હેયરૂપ સંસારીક નારકાદિ દુઃખોંકે કારણ હોનેસે ત્યાજ્ય ભી હૈં,...**' પાંચમો બોલ. ... એ બધા હેયરૂપ સંસારી નારકીનું દુઃખનું કારણ, એ નારકાદિ દુઃખના કારણ છે એ બધા નિમિત્ત. બાયડી, છોકરા, મા, બાપ, પૈસો બધા નારકાદિ ચાર ગતિના દુઃખમાં જવાના એ બધા નિમિત્ત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાચી વાત ભાઈ! કડવો ઘૂંટડો પણ ઈ કરતા આ તો બહુ મીઠી વાત છે, પણ એને ઉતરતી નથી. નારકાદિ ચાર ગતિના દુઃખનું કારણ હોવાથી, '**ત્યાજ્ય ભી હૈં,...**' સમજાણું કાંઈ? અંદર છે હોં! પાઠમાં.

'**जनन्यादिकं परस्वरूपमपि शुद्धात्मनो भिन्नमपि हेयस्याशेषनारकादिदुःखस्य कारणत्वाद्धेयमपि**' આવા હોવા છતાં એમ કહેવું છે. આહા..હા..! સંસારનો ચિતાર આપે છે કે નહિ? એ દુઃખના કારણ હોવા છતાં. હવે, આવા હોવા છતાં '**ઉનકો જો જીવ સાક્ષાત્...**' ભગવાન આત્મા... જુઓ સર્વથા '**ઉપાદેયરૂપ અનાકુલતાસ્વરૂપ પરમાર્થિક સુખસે અભિન્ન...**' ભગવાન આત્મા છે. એ વીતરાગી અનાકુળ પરમાર્થ સુખ આનંદ એનાથી ભગવાન આત્મા અભિન્ન છે. ઓલા ભિન્ન છે તો આ આનંદથી અભિન્ન છે એમ કહેવું છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના અનાકુળ રસથી અભિન્ન એક છે. એવો આત્મા વીતરાગ પરમાનંદરૂપ, પોતે પરમાનંદરૂપ એક સ્વભાવવાળો શુદ્ધાત્મા દ્રવ્ય. ભગવાન આવો આત્મા એ પરથી ભિન્ન સ્વાર્થના સગા આવા પાંચ બોલ કહ્યા. છતાં આવા આનંદમૂર્તિ ભગવાનની સાથે જોડી દે છે. એની સાથે જોડી દે છે માળો. એ મારા... મારા... મારા... આવો અજ્ઞાની છે નહિ એના ને મારા જોડી દે છે. સમજાણું કાંઈ? એ પાંચ બોલ કહ્યા ને ભિન્ન, પરસ્વરૂપ, સ્વાર્થના સગા, ... એ ભગવાન ઉપાદેય આત્મા અનાકુળ આનંદસ્વરૂપ, અનાકુળ આનંદ વીતરાગ આનંદ એનાથી અભિન્ન એવો ભગવાન એવો એક સ્વરૂપી પ્રભુ એની સાથે આ મારા એમ સંબંધ કરે છે એ મૂઢ જીવ છે. મિથ્યાદષ્ટિ મૂઢ અજ્ઞાની એવી ચીજને પોતાની માની બેઠો છે. કહો, સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, નોખા પડે તો યાદ આવે. સાચી વાત છે. અરે..! કોઈ સગાનો ... શું કહેવાય? સમજાય છે? ક્યાંકનો ક્યાંક સગો હોય અને જો કાંઈક પાંચ હજારનો પગારદાર થાય ત્યારે ... અમારા સગા છે, અમાર સગા છે. શું છે પણ તને? સમજાણું કાંઈ? અમારા સગા છે ... શું છે પણ? હડકા શેના આવે છે તને? અમારો ભાઈ .... અમારી ફઈ ફલાણાના છે, અમારા સાળાની વહુ ફલાણામાં છે. શું છે પણ તને. શેના હડાકા આવા ગાંડપણાના? ગાંડપણું પાગલ. જેચંદભાઈ! એ પાગલ છે બાપા! એ તો. પાગલ છે કહે છે, પાગલ છે. ... અહીં પ્રત્યક્ષ દેખાય છે કે નહિ? આમાં પ્રશ્ન ક્યાં છે? વસ્તુ જુદી, જુદી ચીજ દુઃખનું નિમિત્ત છે, કારણ છે. સ્વાર્થના સગા છે, પ્રત્યક્ષ દેખાય છે બધી વાત એમાં તું ક્યાં પડે છે? પણ માળો અર્થ ઊંધા કરે એના. એવી રીતે તો ... બીજાના હશે, પણ મારા જુદા, મારા જુદા .... બહુ સારું. આહા..હા..! કહ્યું હતુંને એક ફેરી. એક જણાને. બસ બધા નિઃશંક છે. કેવા હોય કીધું કહે? ૮૭ની વાત છે. .... હું એક વાત પૂછું છું. ધર્મ સમજનારા ધર્મમાં નિઃશંક ન હોય એમ તમે બધાને શંકાવાળા સ્થાપો છો? તો હું તમને એક પૂછું છું, જે દિ' પરણ્યા તે દિ' રાત્રે તમને આ બાયડી મારી નાખે એવી શંકા પડી હતી? અજાણી હતી, તદ્દન અજાણી પહેલે રાત્રે ... અજાણ્યા તમને એમ શંકા પડી હતી? ઘણાની રાણીઓ મારી નાખે છે પહેલે દિ'એ. એવા છે, હવે આ મારી નાખશે એમ. તમારા પ્રેમ આડે એ શંકા હોય નહિ.

એમ જેને આત્માના ભાન થયા એના પ્રેમ આડે એની શંકા હોય નહિ. ... અમને શંકા પડી હતી કીધું કોઈ દિ' સોળ વર્ષની ... અઢાર, વીસ વર્ષના હોય અને પહેલે દિવસે વિષયની વાસનાની રતિના પ્રેમમાં પડ્યા, ભૂલી ગયા શું કરશે.... શંકા પડી છે કંઈ? જેનો જેને પ્રેમ તેમાં તેને શંકા હોય નહિ. એમ ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ એના ભાનમાં જે વસ્તુ થઈ એને શંકા હોય નહિ. શંકા કેવી? સમજાણું કાંઈ?

કહે છે, આવો પરમાર્થ સુખ તો આત્મા, એનાથી એકમેક પ્રભુ છે. એવા શુદ્ધાત્મદ્રવ્ય સાથે આ લગાવે. '**વહ મન, વચન...**' જુઓ! એની સાથે બીજી લીધી વાત. ઓલામાં '**अज्ञानपरिणतः**' લીધું હતું. સમજાણું? ... અહીં '**મન, વચન, કાયારૂપ પરિણત હુઆ...**' એમ લીધું. મન, વચન ને કાયાના લક્ષે આ મારા એમ પરિણત થયેલો, '**શુદ્ધ અપને આત્મદ્રવ્યકી ભાવનાસે શૂન્ય (રહિત) મૂઢાત્મા હૈ,...**' કહો, સમજાણું કાંઈ? મન, વચન, કાયા વેપાર પરિણત છે ને. સ્વશુદ્ધાત્મ દ્રવ્ય એમ અહીંથી લીધું. .... સમજાણું?

૮૧માં '**अज्ञानपरिणतः**' હતું ૮૧માં છેલ્લો શબ્દ છે ને ૮૧માં '**अज्ञानपरिणतः**' એમ

શબ્દ હતો. ૮૧મી છેલ્લી લીટી સંસ્કૃતની. આમાં હતું '**परमात्मभावनाच्युतः सन् मूढात्मेति**' આખી વસ્તુ આમ પર છે ને એટલે એને લક્ષે મન, વચન, કાયામાં એકાકાર થઈ અને પરિણમીને, સમજાણું? પોતાના આત્મદ્રવ્યથી શૂન્ય થઈ ગયો છે. ભગવાન આત્મા સ્વરૂપ ચિદાનંદ પ્રભુ એની અંતર શ્રદ્ધા, જ્ઞાનથી શૂન્ય થઈ ગયો છે. શૂન્ય, શૂન્ય. આને ભરી દીધું છે આમાં. આ મારા... આ મારા... આ મારા... આ મારા... મૂઢે મન, વચન, કાયાથી ... વેપાર હોં! એમાં પરિણત થયેલો. '**स्वशुद्धात्मद्रव्यभावना शून्यो**' ઓહો..હો..!

'**અર્થાત્ અતીન્દ્રિયસુખરૂપ આત્મામેં પરવસ્તુકા ક્યા પ્રયોજન હૈ?**' દેખો! અરે..! અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ આત્મા એમાં આ વસ્તુનું પ્રયોજન શું છે તારે ઘરે? ઠીક હોય તો, આજીવિકા કરાવનાર હોય તો ધર્મધ્યાન નિરાંતે થાય. એમ હશે કે નહિ કાંઈ? નિશ્ચય ધર્મધ્યાન થાય લ્યો! એ છોકરા રળતા હોય ... એમ હશે? ખોટું છે. કહે છે, અતીન્દ્રિય સુખ તારું અહીં પડ્યું છે મૂકીને ક્યાં પરની પ્રયોજન માંડી તેં આ? પર બધા સરખા હોય તો પછી અમારે .... મૂઢ છો? એ તો પર છે, એની સાથે શું સંબંધ છે તારે? ધર્મચંદજી! આ તો ભેદજ્ઞાનની વાત છે. આહા..હા..!

અરે..! તારો અતીન્દ્રિય આનંદ પ્રભુ અહીં છેને એની ભાવના, તારી સમીપમાં પડ્યો એની ભાવના કરને, આની ક્યાં ભાવના કરે છે, દૂર છે એની સાથે તારે શું સંબંધ છે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય સુખરૂપ ભગવાન આત્મા જુઓ વ્યાખ્યા આવી કરી. એ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્માને ભાઈ! તારો પ્રભુમાં તો મોટો અતીન્દ્રિય આનંદ પડ્યો છે ને. જ્યાં ઇન્દ્રિયોની જરૂર નથી ત્યાં વળી આ સામગ્રીના પ્રયોજન શું છે? '**આત્મામેં પરવસ્તુકા ક્યા પ્રયોજન હૈ.**'

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... પછી વાત એ સમજવા માટે તો કરી છે. ભગવાન ... આ બધા ઠીક હોય તો ઠીક એમ હેતુ છે ને તારો તો. આ બધા હોય ને આ બધા હોય ને પૈસા, લક્ષ્મી, માણેક, રત્ન, ઘોડા, ઘોડી, બાયડી ... ઘણા વર્ષના ઓળખીતા નોકરને છોડીને નવા લાવવા એ કરતા આ બધા ... ભાઈ! એ કરતા અતીન્દ્રિય સુખથી અભિન્ન ભગવાન છેને અંદર, એની ભાવના કેમ કરતો નથી, જે તારા સમીપમાં તું જ ચીજ છો. આ શું તે માંડી? પરદ્રવ્યનું પ્રયોજન તારે છે શું? આહા..હા..! સમજાણું કાંઈ?

અતીન્દ્રિય સુખસ્વરૂપ ભગવાન આત્મા એને '**પરવસ્તુ ક્યા પ્રયોજન હૈ? જો પરવસ્તુકો...**' જુઓ ઓલા હજી કહે છે કે, નહિ. એ પરવસ્તુ સારું હોય તો આમ થાય, એ દેહ સારો હોય તો ધર્મ થાય. આહા..હા..! ગજબ છે ને વાત. પ્રશ્ન પહેલો જ મુક્યો

હતો. શું કીધું? જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ? આહા..હા..! ગજબ વાત છે ને. કહે છે કે, અહીં અતીન્દ્રિય આનંદનો કંદ ભગવાન આત્મા તારે પરદ્રવ્યનું પ્રયોજન શું છે. '**જો પરવસ્તુકો અપના માનતા હૈ,...**' તને પરનું પ્રયોજન શું છે? આત્મા આનંદમૂર્તિ પ્રભુ છોને. બીજા કેમ રહ્યા, કેમ ગયા, કેમ થયા, તારે કામ શું છે? આહા..હા..! '**જો પરવસ્તુકો અપના માનતા હૈ,...**' આ રીતે પોતે પરના પ્રયોજને મને ઠીક પડે છે, મને ઠીક છે એ પરથી જ પોતાને માને છે. કહે છે કે, '**વહી મૂર્ખ હૈં.**' એ મોટો જગતમાં મૂર્ખ છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિયનો સાગર પડ્યો છેને પ્રભુ. આમ નજરની આળસે પડ્યો રહ્યો છે તારો, નજર નાખ .... પ્રયોજનની જરૂર નથી, રાગની જરૂર નથી, મનની જરૂર નથી વળી આ બધા હોય તો મને ઠીક પડે એમ કોઈની જરૂર નથી. એવો નિષ્પ્રયોજન... એનું દૃષ્ટિનું સાધન કર.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧, બુધવાર, તા. ૨૪-૧૧-૧૯૬૫**
**ગાથા-૮૪, ૮૫, પ્રવચન-૫૮**

પહેલા ભાગની ૮૪મી ગાથા. '**અબ ઔર ભી મૂઢકા લક્ષણ કહતે હૈં -**' અજ્ઞાનીનું સ્વરૂપ બતાવે છે.

૮૪) दुक्खहँ कारणि जे विसय ते सुह-हेउ रमेइ।
मिच्छाइट्ठिउ जीवडउ इत्थु ण काइँ करेइ।।८४।।

**અન્વયાર્થ :—** '**દુઃખકે કારણ જો પાંચ ઇન્દ્રિયોંકે વિષય હૈં,...**' જુઓ, આ શબ્દ,રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ બધા દુઃખના નિમિત્ત છે, દુઃખનું કારણ છે. '**ઉનકો સુખકે કારણ જાનકર...**' એ મને સુખનું કારણ છે એમ માનીને, '**વહ મિથ્યાદૃષ્ટિ જીવ ઇસ સંસારમેં ક્યા પાપ નહીં કરતા?**' એમાં રમણ કરતો જીવ શું પાપ ન કરે? શું કહે છે? આત્મામાં આનંદ છે, આત્મામાં અતીન્દ્રિય આનંદ અને સુખ છે. એની શ્રદ્ધાનું ભાન નથી, એ જીવો પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખ છે એમ માનીને રમે છે, એ મૂઢ જીવ શું શું પાપ ન કરે? કહો, સમજાણું આમાં? '**સભી પાપ કરતા હૈ, અર્થાત્ જીવોંકી હિંસા કરતા હૈ,...**' વિષયમાં સુખ માન્યું છે.

સમ્યગ્દૃષ્ટિ, ધર્મી જીવ એને સ્ત્રી, રાજપાટ, કુટુંબ હો, પણ એમાં એણે સુખ માન્યું નથી.

સમજાય છે? એ વિષયભોગમાં કે રાજમાં કે રાણીઓમાં કે આબરૂમાં કે કીર્તિમાં, ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં એમાં સુખ છે એવી માન્યતા હોતી નથી. સમજાય છે કાંઈ? એ ભોગવતો દેખાય પણ એ ભોગમાં એ દુઃખ માને છે, ઉપસર્ગ માને છે, ઝેર માને છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં હો તોપણ આત્માના આનંદની દૃષ્ટિનો અનુભવ છે. આત્મામાં આનંદ છે, આનંદ બીજે ક્યાંય નથી. એવી આત્માના આનંદની દૃષ્ટિ(વંત) ધર્મી સમ્યગ્દૃષ્ટિ રાજપાટ ગૃહસ્થાશ્રમમાં દેખાય, છતાં એને ક્યાંય શબ્દમાં આબરૂ, કીર્તિ, રૂપ, રંગ, ગંધ, સુગંધ, દુર્ગંધ કે રસ, સ્પર્શ એમાં ક્યાંય ધર્મીને સુખબુદ્ધિ ઉત્પન્ન થતી નથી. આહા..હા..!

મુમુક્ષુ :— બન્નેની દૃષ્ટિ ફેર છે.

ઉત્તર :— દૃષ્ટિ ફેર છે. સમજાય છે કાંઈ? અને મિથ્યાદૃષ્ટિ ભલે જૈન સંપ્રદાયમાં જન્મ્યો હોય અને શ્રાવક નામ ધરાવતો હોય, બાર વ્રત કદાચિત્ લેવાના પરિણામ થયા હોય, છતાં એ પંચેન્દ્રિયના વિષયમાં સુખ માને છે, મને એમાં મજા થાય છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ, મિથ્યાત્વ દૃષ્ટિ એને લઈને ભોગના કાળમાં એને મીઠાશ લાગે છે એમાં. વિષયની વાસનામાં મિથ્યાદૃષ્ટિને મીઠાશ અને પ્રેમ ને મજા લાગે છે. એવો મિથ્યાદૃષ્ટિ એવા પાપ કરતાં શું શું પાપ ન કરે? સમજાણું કાંઈ?

એમ શબ્દો, આબરૂ, કીર્તિ સાંભળતા એમાં સુખ માને છે. મિથ્યાદૃષ્ટિ એને સુખ માને છે એની આબરૂ કીર્તિ(માં). એવામાં સુખ માનનાર, આત્મામાં આનંદ છે એમ નહિ માનનાર એ આબરૂ માટે પાપ કરીને શું શું પાપ ન કરે? એમ કહે છે. રૂપમાં મિઠાશ માને છે મિથ્યાદૃષ્ટિ. સારી સ્ત્રી, સારા છોકરાઓ સુંદર દેખી એને મીઠાશ આવે છે. મને આમાં પ્રેમ આવે છે, મને આમાં મજા પડે છે. એવો મિથ્યાદૃષ્ટિ એવા રૂપમાં ગૃદ્ધિ થયેલો અજ્ઞાની રૂપ માટે શું શું ન કરે પાપ? એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો પાપ, પણ એને માટે શું શું ન કરે? એમ. ભોગમાં પાપ તો છે, પણ ભોગ માટે મીઠાશમાં શું શું ન કરે? કોઈની સ્ત્રી હરે, કોઈની હિંસા કરે, કોઈને મારી નાખે. પોતાના ભોગની અનુકૂળતા સાધવા શું શું ન કરે? એમ કહે છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદનો અનુભવ થયો છે. એથી એને ભોગ કાળમાં, આબરૂ કાળમાં, રૂપ દેખવાના કાળમાં ક્યાંય એને મીઠાશ નથી દેખાતી. એ બધા રાગ આવે એને દુઃખરૂપ લાગે છે. સમજાય છે કાંઈ? આહા..! અને અજ્ઞાનીને એમાં મીઠાશ લાગે છે. રૂપમાં, ગંધમાં, સારા સુગંધી એમાં મીઠાશ (લાગે છે). એ મીઠાશને લઈને શું ન કરે પાપ? ઘાણ વાળી નાખે વનસ્પતિના, પંચેન્દ્રિયના, કોઈને ... રાજાના, માણસનો એમ કહે છે. એમ રસને ભોગવવા

સારા રસને ભોગવવામાં મીઠાશ છે, મિથ્યાદષ્ટિને પાપની મજા આવે છે. એવા રસની સામગ્રી મેળવવા ક્યા પાપ ન કરે ઈ? એમ કહે છે. અને સ્પર્શ. સ્ત્રીના ભોગમાં મિથ્યાદષ્ટિને મજા લાગે છે. મૂઢને તેમાં મજા લાગે છે, એમ કહે છે. મૂઢ કહ્યુંને અહીંયા? સ્ત્રીના સેવનમાં, પશુ હો, મનુષ્ય હો કે દેવ હો એને સ્પર્શના સેવનમાં અંતરમાં હોંશ, હરખ અને મીઠાશ લાગે છે. એવા મીઠાશના મિથ્યાત્વના પાપમાં પડતો એવા વિષયોને અનુકૂળ બનાવવા શું શું પાપ ન કરે? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**હિંસા કરતા હૈ,...**' અનુકૂળ સ્પર્શ મેળવવા, અનુકૂળ આબરૂ મેળવવા, અનુકૂળ રૂપ મેળવવા, અનુકૂળ રસ મેળવવા, અનુકૂળ સ્પર્શ મેળવવા એ હિંસા કરે છે. '**જૂઠ બોલતા હૈ,...**' જૂઠું બોલે. પાંચ ઈન્દ્રિયના વિષયોમાં મીઠાશનો માર્યો મિથ્યાદષ્ટિ જૂઠું બોલે, અંધાધૂંધ જૂઠું બોલે, શું પાપ ન કરે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**દૂસરેકા ધન હરતા હૈ,...**' પાંચ ઈન્દ્રિયના વિષયોના મીઠાશમાં-મિથ્યાત્વમાં લક્ષ્મી દુનિયાની હરે, ગરીબ માણસોને લૂંટે. સમજાય છે? નિર્ધન કરે. ધન હરે, ધન. પોતાના પાંચ ઈન્દ્રિયના શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ મેળવવા એમાં મીઠાશ છે માટે (સર્વ પાપ કરે). જ્ઞાનીને પૂર્વના કર્મના ઉદયે સામગ્રી મળી હોય એમાં એને મીઠાશ નથી. એટલી સામગ્રી મેળવવાની એને ભાવના નથી. સામગ્રીમાં જરી રાગ થઈને રહે છે એમાં પણ જેને મીઠાશ નથી, તો એને એ કારણે પાપ કરવાનું રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..!

'**દૂસરેકી સ્ત્રી સેવન કરતા હૈ,...**' ભોગની મીઠાશવાળો જ્યાં જ્યાં કોઈ સ્ત્રી સુંદર દેખે, તિર્યંચણી એવી દેખે, દેવી એવી દેખે એને ભાવ થાય. દેવી તો ... પણ પરસ્ત્રીના સેવન, પરમાં ભોગમાં મીઠાશ છે, મીઠાશ છે કે આહા..હા..! માંસ ને હાડકા, ચામડા એના ચુંથવા કાળે એને અંદર મીઠાશ લાગે છે. રાગની મીઠાશનો મીણો ચડી ગયો છે. એવી મીઠાશને કારણે મિથ્યાદષ્ટિ કઈ સ્ત્રીનું સેવન ન કરે? સમજાણું કાંઈ?

'**અતિ તૃષ્ણા કરતા હૈ,...**' ખૂબ લક્ષ્મી મેળવું, સ્ત્રીઓને તાબે કરું, રાજને તાબે કરું. '**બહુત આરંભ કરતા હૈ,...**' મહા આરંભ કરે મોટો. પોતે ભોગની લાલસાવાળો મીઠાશ છેને એને. એ મેળવવા મોટા આરંભ કરે, લડાઈઓ કરે, સ્ત્રીને ખાતર જુઓને કેટલી લડાઈઓ શાસ્ત્રમાં આવે છે. પૈસા ખાતર, જમીન ખાતર, સ્ત્રી ખાતર, 'જર, જોરું ને જમીન એ ત્રણ કજીયાના છોરું' કહે છે કે નહિ? એમાં મીઠાશ છે એને કે, આહા..! અમારે આટલો પૈસો. મૂઢ એમાં મીઠાશ વેદે છે. મૂઢ અમને આટલા રાજ, અમને આટલા દીકરા, અમારે આટલી સ્ત્રીઓ, ખાવાના સાધન, બંગલા, માંગીએ એક કહીએ ત્યાં હજાર તૈયાર થાય એવા બધા નોકરો, ચાકરો. એને પરપદાર્થના વલણના ભાવમાં મીઠાશ લાગે છે. મૂઢ છે એને આત્મામાં

આનંદ છે એની ખબર નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં?

સમ્યગ્દષ્ટિ એમ દેખાય બહારમાં, રાજપાટમાં, ભોગમાં વાસના, પણ એને મીઠાશ નથી, પ્રેમ નથી. દુઃખ લાગે છે, ઉપસર્ગ લાગે છે એથી એને મેળવવાની એને ભાવના નથી. એને તો આત્મામાં એકાગ્ર થઈને આનંદનો કેમ વધારો કરું. આત્મામાં, અતીન્દ્રિય આનંદમાં, એકાગ્ર થઈ કેમ વધારો કરું એવી જ્ઞાનીને સંસારમાં રહ્યા છતાં (ભાવના વર્તે છે). '**ખેતી કરતા હૈ,...**' મોટી ખેતીઓ કરે. જુઓને ભોગ માટે, આબરૂમાં મીઠાશ માટે, બીજા કરતા મોટા જણાવા ખાતર, બીજા કરતા મોટા જણાવાના પ્રેમ ખાતર ખેતી મોટી કેવા લોઢાના નથી સંચા ચાલતા? હેઠે કેટલા સર્પ મરે, પોલા જમીનમાં કેટલા દેડકા, સર્પો (મરે). પોતાની આબરૂ ને પૈસા મળે, મોટો થાઉં, ગામમાં શેઠિયો થાઉં, ગામમાં રાજા થાઉં. અધિક થાઉં, બીજા કરતા આબરૂ મેળવું. મૂછે પાણી રાખું, પાણી શું, લીંબુ રાખું. એવી ખેતી કરે. મીઠાશ, આ પાંચ ઈન્દ્રિયના ભોગની મીઠાશ ખાતર મિથ્યાદૃષ્ટિ શું ન કરે એમ ચાલે છે. સમજાણું કાંઈ?

'**ખોટે-ખોટે વ્યસન કરતા હૈ,...**' જુઓ! ભોગની ખાતર શરીર સારું રહે તો ભોગ ખુબ લેવાય. માંસ ખાય, દારૂ પીવે, માંછલા ખાય, શું કહેવાય આ? કોડલિવર, માછલીનું તેલ છેને, એ ખુબ પીવે, આમ સરખું શરીર રહે તો આપણે ઘણો કાળ જીવીએ અને ઘણો કાળ ભોગ લઈએ. મૂઢને આત્મામાં આનંદની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મોટા રાજા, મહારાજા હો, પણ વિષયના લોલુપી મીઠાશના દોરે શું ન કરી નાખે? કહે છે. સાત વ્યસન સેવે. પરસ્ત્રી વ્યસન, વ્યભિચાર, વેશ્યા, સમજાય છે? શિકાર, દારૂ, જુગાર શું ન કરે? પોતાના વ્યસનની મીઠાશના પ્રેમ આગળ એવા મેળવવા માટે ક્યા ક્યા વ્યસનો ન સેવે? આહા..!

'**જો ન કરનેકે કામ હૈં ઉનકો ભી કરતા હૈ.**' સમજાય છે કાંઈ? આહા..! આબરૂની મીઠાશ આગળ શું ન કરે. એક વાણિયાને કો'કે બતાવી દીધેલું કે, માછલીના આંખો છેને, અમુક વખતે તળે તો એમાંથી મોતી થઈ જાય. તો તમારી બધી ખોટ પૂરી પડી જશે. એ ભાઈને ઘરે જાય. બીજા એ માને કે, આ વાણિયા નથી, ખોજા લાગે છે. એ માછલાની આંખો તળાવે અને કોઈ રીતે મોતી થાય ને એમાંથી આ (ખોટ પૂરી પડે). શું ન કરે જીવ. એઈ ધર્મચંદજી! વાણિયા એવું કરે. કર્યું છે એ મારી પાસે છે બધા દાખલા. કરેલાની વાત છે, મફતની કરતા નથી આ. દાખલા અપાય છે, ... દાખલો અપાય છે એનો.

શું ન કરે મીઠાશની આગળ? અરે..! કોઈ રીતે પણ આબરૂ રહે. સમજાય છે? પાંચ પાંચ દશ લાખના ખોટ હોય, એક દાખલો આ તો, અને પચાસ હજાર પણ હોય નહિ ઘરમાં. એ રૂપિયાના.... વ્યાજે લઈને એ દોરડા ખેંચી ખેંચીને પૂરા કરતા હોય. આ વાણિયાની વાત ચાલે છે આ. પછી કોઈ એવો બતાવી દે ઠગ કે, આમાં આંખો એની મોટી હશે. ઊંચા માછલા

હોય ને એની આંખો આવી હોય તગતગ હોયને, બહુ સારી. એને એમ કહે, તળે ને ઘીમાં ને એમાં ફલાણું નાખેને તો મોતી થઈ જશે અને પાંચ પાંચ હજાર ઊપજે. એવા બસ્સો, પાંચસો હજાર બનાવો તો એ તમારે પાયમાલ. એટલે એ તો કહે કે, આબરૂ રહેશે. શું ન કરે? આહા..હા..! કહો, જેચંદભાઈ! આહા..! એટલે કહે છે કે શું ન કરે? એમ કહે છે.

જેને આત્મા આનંદ છે એવું સમ્યગ્દર્શન થયું નથી, આત્મામાં આનંદ છે એનું ભાન નથી. મારું સુખ તો મારામાં છે. મારું સુખ ત્રણકાળમાં પાંચ ઇન્દ્રિયમાં ને રાગમાં હોય નહિ. એવું સમ્યગ્દર્શનનું ભાન, આત્મામાં આનંદ છે એવું ભાન નથી એ શું ન કરે? કહે છે. આહા..હા..! એ આનંદના ભૂલ્યા, એ બહારમાં મજા મેળવવા માટે શું ન કરે? કાળા કેર કરી નાખે. સમજાય છે કાંઈ? પોતાની આબરૂની મીઠાશ આગળ સંતો, મુનિઓને પણ અવર્ણવાદમાં નાખી દે. આવે છેને કથામાં કાંઈક? નહિ ઓલો... મુનિ ધ્યાનમાં હતા અને ન્યાં મૂક્યું પોટલું. નથી આવતુ? વારિષેણ, વારિષેણ. ... મુનિ પાસે આવ્યા.. એલા! તમે લૂંટ્યુ છે. આહા..હા..! સમજાણું? વારિષેણને? વારિષેણ મુનિ ધ્યાનમાં બેઠા હતા ને ... ઓલા લૂંટારા નીકળ્યા, બચવા માટે એની પાસે પોટલી મૂકી દીધી અને ભાગ્યા. આહા..હા..! જુઓ! શું ન કરે? આ મુનિને મારશે. મારી નાખ્યા ... એ નહિ. પોતાની વાતની મીઠાશની આગળ,... સમજાય છે કાંઈ? કહે છે, એ શું શું ન કરે? એમ કીધુંને અહીંયા. શું શું ન કરે શું, એ મુનિઓને મારે. જ્ઞાનીઓને ગાળો દે, પોતાના વિષયનું શોષણ આબરૂ કીર્તી અને ભોગની વાસનાની મીઠાશ પૂરી ન પડતી હોય તો ક્યાં ક્યાં જાય એનો પત્તો ન રહે, એમ કહે છે. ભીખાભાઈ! આહા..હા..! આચાર્ય જુઓને, 'પરમાત્મપ્રકાશ'. ભગવાન આત્મા એમાં મારો આનંદ છે, સુખ છે, શાંતિ મારામાં છે. એવી જેને દૃષ્ટિ રુચિ, શ્રદ્ધા, જ્ઞાન થયા નથી એવા પરમાં મીઠાશ માનનારા શું શું નહિ કરે? કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પૂજા, ભક્તિ કરે છે, બહારથી ભલે કરે. પણ અંદરમાં મીઠાશની આગળ બધા કાળા કેર કરી નાખે. એક કોર ભલે પૂજા કરે, ભક્તિ કરે અને એક કોર કાળા કેર બીજા કરે. મીઠાશ છેને પોતાની અધિકાઈ કરવા માટે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** '**મિથ્યાદૃષ્ટિ જીવ...**' જુઓ! હવે સામે લે છે જરી. '**વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિસે ઉત્પન્ન પરમાનંદ પરમસમરસીભાવરૂપ સુખસે પરાન્મુખ હુઆ...**' જુઓ! કોઈ એમ કહે કે, આ મિથ્યાદૃષ્ટિ એટલે આત્માવાળો છે એમ નથી. ... આ કહેવાય છે એ આત્માવાળો છે એમ નથી, મિથ્યાદૃષ્ટિની ... વાત, આ જે કહેવાય છે ઈ. આ શું કહેવાય છે? મિથ્યાદૃષ્ટિથી ઊંધુ, ઊંધુ કહેવાય છે. મિથ્યાદૃષ્ટિથી ઊંધુ એ કાંઈ આત્માની વાત નથી.

ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શનમાં વીતરાગ નિર્વિકલ્પ પરમ શાંતિથી ઉત્પન્ન, આત્મા આનંદ સ્વરૂપ નિર્વિકલ્પ આનંદકંદ છે એવું અંતરમાં સમ્યગ્દર્શન, ભાન થતાં એ કેવું છે? કે, રાગ રહિત અભેદ પરમ શાંતિનો ભાસ, એનાથી ઉત્પન્ન પરમ આનંદ એવો પરમ સમરસીભાવ, પરમ શાંતરસનો વીતરાગી ભાવ, એ રૂપ સુખ, એ રૂપ આનંદ. આહા..હા..! છોટાભાઈ! આ કોની વાત છે? આ મિથ્યાદૃષ્ટિની સામે. ભાઈ! મિથ્યાદૃષ્ટિની સામે ઉપરની વાત નથી. છેને પણ અંદરમાં. એટલે આમ સમ્યક્ ચિદાનંદ નિર્વિકલ્પ પ્રભુ આત્મા એનો અનુભવ સમ્યગ્દર્શનમાં રાગ રહિત અભેદ પરમ શાંતિ નિર્વિકલ્પ, એનાથી પરમ સમરસ, પરમ આનંદ ઉત્પન્ન થયેલો આનંદ અતીન્દ્રિય, સિદ્ધ જેવો એવો પરમ સમરસી અરાગી, વીતરાગી ભાવ એટલે અનંતાનુબંધીનો અભાવ એટલો વીતરાગ સમરસ ભાવ છે. એવું જે સુખનું આનંદ એનાથી પરાન્મુખ હુઆ, એનાથી ઉલટો થયો મિથ્યાદૃષ્ટિ. આ વાત છે લ્યો. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની શું કિંમત છે લોકોને કિંમત ખબર નથી. સમજાણું કાંઈ? આત્મા નિર્વિકલ્પ આનંદનું આનંદનું સ્વરૂપ છે આખું, એની વીતરાગ અભેદ શાંતિથી ઉત્પન્ન થયેલો આનંદનો રસ અને એટલો જરી શાંતિ પણ ભેગી, એવી શાંતિ ને બે લીધું છેને. શાંતિ અને આનંદ બે લીધા છે. એ શાંતિથી ઉત્પન્ન થયેલો આનંદ. સમ્યક્‌નું ભાન થતાં અનંતાનુબંધીનો અંતર અભાવ છે. એટલી શાંતિની સાથે આનંદનો અનુભવ જે છે એને અહીંયા સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. એ સમ્યગ્દૃષ્ટિ રાજમાં પડ્યો હોય છતાં એને પરમાં સુખબુદ્ધિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય અને ચક્રવર્તીની રાણી સમકિતી હોય. સમજાય છે? એના સામગ્રીના ભોગનું શું કહેવું? બહાર એટલી સામગ્રી હોય, અંદરમાં ક્યાંય રાગ હોવા છતાં એને મીઠાશ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, આવી જે આત્માની શાંતિ ને આનંદનો અંશ જે સમ્યગ્દર્શનમાં ઉત્પન્ન થયેલો એવા સમ્યગ્દૃષ્ટિના ભાનથી વિરુદ્ધ ભાવ, '**નિશ્ચયકર મહા દુઃખરૂપ,...**' એવા ... મહાદુઃખરૂપ કોણ? વિષયો. આવો જે આત્માનો આનંદ, શાંતિ એનાથી વિરુદ્ધ કોણ? કે, આ પાંચ ઇન્દ્રિયોના દુઃખો મહા દુઃખરૂપ. એને '**વિષયોંકો સુખકે કારણ સમજકર...**' મિથ્યાદૃષ્ટિ એમ કહેવું છેને અહીંયા. સમજાણું કાંઈ? આત્માનો આનંદ શાંતિના સમસુખથી વિપરીત શબ્દ, રૂપ, રસ, ગંધ, આબરૂ, કીર્તિ, ભોગ એના કારણે ઉત્પન્ન થયેલો રાગ અને એ ચીજો—એ બધા મહા દુઃખરૂપ વિષયો છે. આહા..! એ વિષયો સામગ્રી ને એના તરફ થતો રાગ મહા દુઃખરૂપ છે. એને સુખનું કારણ સમજકર, આ વાત છે. મિથ્યાદૃષ્ટિ એને સુખનું કારણ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે મહા દુઃખનું કારણ શબ્દ, રૂપ, આબરૂ, કીર્તિ આદિ અને ઢગલા સ્ત્રીઓના કે લક્ષ્મીના નવ નિધાન. સમજાય છે? ચક્રવર્તીના મોટા પદો, એ બધા એના તરફનો રાગનો

ભાવ મહા દુઃખરૂપ છે, મહા દુઃખરૂપ છે. એવા મહા દુઃખને અજ્ઞાની આવા સુખની વિપરીત બુદ્ધિવાળો એને સુખનું કારણ માનીને **'સેવન કરતા હૈ,...'**

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો દુઃખ જ છેને બધું, મહા દુઃખ છે. આત્માની શાંતિને લૂંટે એ મહા દુઃખ. સમજાણું કાંઈ? આહા..હા..! **'दुःखरूपानपि'** એટલું છે. **'दुःखरूपानपि विषयान् सुखहेतुन् मत्वा'** એટલું છે. સંસ્કૃત ટીકા તો એટલી છે.

અહીં તો કહેવું છે કે, અહો...! જેને આત્માના આનંદના રસની પ્રીતિ, રુચિ જાગી નથી, જેને આ ભગવાન આત્મા એનું સમ્યગ્દર્શન નથી, આખો આનંદ ને શાંત રસનો ભરેલો ભગવાન એની જેને રુચિ ને શ્રદ્ધા, જ્ઞાન નથી એને પાંચ ઈન્દ્રિયના વિષયોમાં વલણ, અહીં વલણ નથી એટલે અહીં વલણ રાખતો એ દુઃખરૂપ જે વિષયો છે, પાઠમાં સુખહેતુ એમ કહ્યું છે ને? એ દુઃખરૂપ વિષયોને સુખના કારણ માનીને સેવે છે. આહા..હા..! હોંશ કરી કરીને હરખાઈ હરખાઈને પડે છે કૂવામાં એમ કહે છે. આહા..! સમજાણું? શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ એના પ્રેમવાળો, અહીં ભગવાન આત્માના પ્રેમની સમ્યક્ દૃષ્ટિ તો છે નહિ, એની અહીં વાત છે. અહીં એનો એકલો પ્રેમ વર્તે છે બાહ્યમાં. એવો બહિરાત્મ બુદ્ધિ મિથ્યાદૃષ્ટિ એ દુઃખના કારણો તેને સુખરૂપ માની, સુખના કારણ માનીને તેને સેવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સો ઈનમેં સુખ નહીં હૈં.'** એમાં સુખ નથી, સુખ તો આત્મામાં છે. એવા સુખનું ભાન નહિ કરીને આવા વલખાં પરમાં અનુકૂળતા લેવા મારી રહ્યો વલખાં. ઝાવાં (નાખે) અને એ શું ન પાપ કરે? કહે છે. શું હિંસા ન કરે, શું જૂઠું ન બોલે, શું ચોરી ન કરે, શું સ્ત્રીઓને ન સેવે ને શું લક્ષ્મી આદિને લૂંટવા માટે, ભેગું કરવા, અનુકૂળતા કરવા માટે શું શું પાપ ન કરે? છેક સુધી લઈ ગયા છે હોં! ... એવો જીવ શું ન કરે? ધર્માત્માને પણ પોતાની આબરૂ રાખવા મિથ્યાદૃષ્ટિ આળ દઈને પણ પોતાની આબરૂને મોટપ રાખવા મથતો હોય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જુઓને! અનંત કાળથી ખબર નથી આવતી? તમને મોટા કરીને બેસાડ્યા ત્યાં. ... જમુભાઈ અહીં રહો, જમુભાઈ અહીં રહો. આપણને મોટા સ્વીકારે છે અને આપણને જરી આદર આપે છે. બા પણ કહે કે જમુભાઈ તમારે અહીં રહેવું પડશે. કહે કે નહિ? એ જગતની મીઠાશ બાપુ એવી છે, એ આત્માના મીઠાશના પ્રેમ વિના એ મીઠાશ અંદરથી ખસે નહિ. સાધુ થાય, ત્યાગી થાય, પણ આત્માનું ભાન સમ્યક્ નથી એને પણ એ રાગની ક્રિયા ને મહાવ્રત આદિના પરિણામમાં મીઠાશ વર્તે છે. મીઠાશ વર્તે, દુઃખરૂપ પરિણામમાં મીઠાશ વર્તે

એમ કહે છે લ્યો ને એ. બહારના વિષય છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? શું ન કરે? એમ. આચાર્યે તો એમ કહ્યું છે. '**मिच्छाइड्ठिउ जीवडउ**' વિષયસુખ '**हेउ रमेइ**'. દુઃખ કારણવાળાને શું એ ન કરે? આહા..! કાળાકેર કરી નાખે. સમજાણું? એ ૮૪ ગાથા પૂરી થઈ.

'**ईसके आगे सम्यग्दृष्टिकी भावनाके व्याख्यानकी मुख्यतासे 'कालु लहेविणु' ईत्यादि आठ दोहा-सूत्र कहते हैं—**' ૮૫.

**૮૫) कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ।**
**तिमु तिमु दंसणु लहइ जिउ णियमेँ अप्पु मुणेइ।।८५।।**

**અન્વયાર્થ :—** '**હે યોગી!...**' યોગીન્દ્રદેવ પોતાના શિષ્યને કહે છે કે, હે ધર્મી! કાળલબ્ધિ પ્રાપ્ત કર, કાળ પામીને, લ્યો! એના એ પ્રકારના પુરુષાર્થની યોગ્યતા અને કાળ પ્રાપ્તિ કરીને. કાળલબ્ધિ લેશે. ઓલામાં નથી આવતું? ન્યાં આવે છેને 'અનુભવ પ્રકાશ'માં? કાળ, જેમ જેમ કાળ, તેમ તેમ દ્રવ્યના પરિણામ સુધરતા જાય એમ આવે છેને? આવે છે. 'સાધક-સાધ્ય'માં, 'સાધક-સાધ્ય'ના બોલ લીધા છેને? ત્યાં લીધા છે. કાળ સાધક છે, દ્રવ્યનું શુદ્ધ થવું એ સાધ્ય છે. છેને? છે. 'સાધક-સાધ્ય'ના બોલમાં આ નાખ્યું છે. સમજાણું કાંઈ?

'**કાલ પાકર...**' એ કાળ પાકરનો અર્થ અહીં સમજાવે છે કે, એ વખતે પુરુષાર્થની અંતર ગતિ હોય છે ત્યારે એને કાળ પ્રાપ્ત થયો એનું જ્ઞાન થાય છે. પણ અહીં કાળ પ્રાપ્તથી વાત લેવી નથી. '**જૈસા જૈસા મોહ ગલતા હૈ...**' મિથ્યાત્વ તો ટળ્યું છે પણ એ ઉપરાંત પણ મોહ ગળે છે એમ લેશે અર્થમાં. સમજાણું કાંઈ? નહિતર જેમ જેમ મોહ મિથ્યાત્વ મંદ પડતું જાય તેમ આત્માનો અનુભવ વધતો જાય એવું કાંઈ નથી. મિથ્યાત્વનો નાશ થાય એક ધડાકે જ હોય છે. પણ લેશે અંદર. '**મિથ્યાત્વાદિકે દૂર હો જાનેસે આત્મસ્વરૂપકી પ્રાપ્તિ હોતે હુએ, જૈસા જૈસા મોહ ક્ષીણ હોતા જાતા હૈ,...**' એમ લીધું, અર્થમાં લીધું છે. ... વધારે શુદ્ધમાં, આનંદમાં ઢળે છે. એમ. શું કહે છે? આહા..!

પહેલો તો મિથ્યાત્વનો નાશ કરી આત્મામાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય એ તો પહેલું સમ્યગ્દર્શન છે. એ પણ કાળ પામીને પોતાના પુરુષાર્થની ગતિએ જ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? કાળને નિમિત્ત કહ્યું છે છતાં પાછું કાળને હેય કહ્યું છે. એ કાંઈ કાળ આદરવા જેવો નથી. આવે છે ને? ભાઈ! દ્રવ્યસંગ્રહ. આ તો દ્રવ્યસંગ્રહની વાત અમારે ૮૪થી હાલતી આ. ૧૯૮૪ની સાલથી ચાલતી. કીધું આ જુઓ, કાળ કાળ કર્યા કરો છો પણ કાળ તો હેય છે. દ્રવ્યસંગ્રહ નહિ? કેટલામી ગાથા છે? ખબર છે? તે દિ વાંચતા હતા. ૮૪ની વાત છે. ૩૮ વર્ષ થયા. કાળ કાળ શું કરો છો? કાળ તો હેય છે. ... જુઓ! કાળે થાય, કાળે થાય. તાકડે આ મારે ગાથા ચાલતી હતી. કાળ વિના કાંઈ ન થાય, પુરુષાર્થથી કાંઈ ન થાય.

પુરુષાર્થ હોય ત્યારે કાળ પાકી ગયો હોય. ઈ જ ન્યાં લખ્યું છે. ઉપાદાનથી ... કાળ નિમિત્ત હેય છે. કાળ એક વસ્તુ છે પણ એનું ભાન ક્યારે થાય? કે, આમ જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદાનંદ તરફનો પુરુષાર્થ ઢળે ત્યારે કાળલબ્ધિ એટલે જે કાળે કાર્ય થયું એને કાળલબ્ધિ કહી અને જે કાર્ય થયું છે એને ભવિતવ્ય કહીએ. કાલે આવ્યું હતું. સમજાણું કાંઈ? આહા..!

**'જૈસા જૈસા મોહ ગલતા હૈ-કમ હોતા જાતા હૈ,...'** પછી પણ જેમ જેમ સ્વરૂપની, સ્થિરતાની શાંતિ વધારે થતાં... રુચિ તો થઈ ગઈ છે પણ એને રુચિ કહેશે. પોષાણ વધી ગયું. આગળ આનંદ જેમ થતો ગયો અને રાગ પણ ગળતો ગયો. **'તૈસા તૈસા યહ જીવ સમ્યગ્દર્શનકો પાતા હૈ, ફિર નિશ્ચયસે અપને સ્વરૂપકો જાનતા હૈ.'** એટલે આગળ વધીને વિશેષ સ્થિરતાને પામે છે. એકેન્દ્રિયથી નીકળવું જ મહામુશ્કેલ છે કહે છે. ભાઈ! તું ક્યાં આવ્યો છો? એ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ ભગવાને એકેન્દ્રિય જીવ કહ્યા છે. એ એકેન્દ્રિય જીવમાં અનંત વાર અનંતા ભવ કર્યા નિત્ય નિગોદમાં.

**ભાવાર્થ :-** એમાંથી એકેન્દ્રિયથી બહાર વિકલઈન્દ્રિય **'(દોઈન્દ્રિ, તેઈન્દ્રિ, ચોઈન્દ્રિ) હોના દુર્લભ હૈ,...'** ઓહો..હો..! એવી ઊંડી ખાડ નિત્ય નિગોદની એકેન્દ્રિય નિગોદ, જેમાં અંતર્મુહૂર્તમાં કેટલા ભવ કરે. સમજાણું? એક શ્વાસમાં કેટલા? અઢાર. એવા અંતર્મુહૂર્તમાં ૩૭૭૩ એટલા ભવ. એવો અનંત કાળ ગાળ્યો ત્યાં. અંતર્મુહૂર્તમાં ૩૭૭૩ એવા ભવ, એવા એવા અનંતા પુદ્ગલ પરાવર્તનના ભવ ત્યાં નિગોદમાં ગયા. આહા..હા..! કેટલા ભવ થયા! એક અંતર્મુહૂર્તમાં આટલા એવા એક એક વર્ષમાં કેટલા? એના પલ્યોપમમાં કેટલા? એના સોગરોપમમાં કેટલા? એના અસંખ્ય ... એવા અનંત પુદ્ગલપરાવર્તન. એ નિગોદમાં એટલા ભવ કર્યા ભાઈ તેં, કહે છે. ન્યાંથી નીકળીને વિકલેન્દ્રિય... સમજાણું? એ થવું કઠણ છે, એમ કહે છે. એ બેઈન્દ્રિય ઈયળ થવું એ કઠણ છે. ત્યાંથી નીકળી ને મનુષ્યપણામાં આવવું કઠણ છે. સમજાણું? પંચેન્દ્રિય, પંચેન્દ્રિય. બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, વિકલેન્દ્રિય કીધાને? એનાથી વિકલથી પંચેન્દ્રિય થવું મુશ્કેલ છે. અસંજ્ઞી પંચેન્દ્રિય—મન વિનાનો પંચેન્દ્રિય પણ થવો મહા કઠણ છે. એમાંથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત થવો કઠણ છે. પંચેન્દ્રિય પણ પાછો પર્યાપ્ત થવો મહા કઠણ છે. એમાંથી આગળ મનુષ્ય થવું કઠણ છે. એમાંથી આગળ મનુષ્ય થવું મહા કઠણ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. કરે તોને. ભાગ્યશાળી શું? એવા તો અનંત વાર પામ્યા. પાછી હોળી એમને એમ સળગે તો? એમ કહે છે. જેવા એ નિગોદના જીવ સળગે એમ આ સળગે પરને માટે. એ તો એકની એક જાત છે.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— પણ મનુષ્ય શેનો? દુર્લભ છે માટે આત્મજ્ઞાન કર. એને માટે છેને? શેને માટે છે? એમાં એમ કહ્યું છે (કે) પૈસા મળવા મુશ્કેલ છે, બાયડી મળવી મુશ્કેલ છે? એમાં ક્યાંય બોલ આવ્યો. જુઓ! વેપારી થવું મુશ્કેલ છે, પેઢી થવી મુશ્કેલ છે મનુષ્યપણામાં એમ છે ક્યાંય કોઈ બોલમાં? બોલ લાવો. ફક્ત મનુષ્યપણું બીજા ભવ કરતા અનંતે કાળે પામવું દુર્લભ એટલી વાત છે. આહા..હા..!

એમાં પણ બતાવવાનું કે, એમાંથી પણ '**આર્યક્ષેત્ર,...**' પાછું મળવું (દુર્લભ છે). અનાર્ય ક્ષેત્રમાં જન્મે માણસ તો? ધર્મનું સાંભળવું પણ મળતું નથી ત્યાં તો. એમાં પણ આર્યક્ષેત્રમાં જન્મે પણ મનુષ્યદેહમાં હલકામાં જન્મે અને ઉત્તમકુળમાં ન જન્મે તો? એમાં '**ઉત્તમકુળ,...**' મળવું પણ દુર્લભ છે. એ ત્યાં સુધી તો અનંત વાર મળ્યું છે. એમાં પણ '**શુદ્ધાત્માકા ઉપદેશ આદિ મિલના ઉત્તરોત્તર બહુત કઠિન હૈં,...**' એમ કહ્યું છે. મનુષ્ય થયો પણ, આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે એવો ઉપદેશ, બીજો ઉપદેશ એ પણ નહિ ભાઈ! આ લીધું. આહા..હા..! ભગવાન તું આનંદસ્વરૂપ હોં! તારામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે પ્રભુ, તું તો શુદ્ધ છો, હોં! પર્યાયની અશુદ્ધતા ને રાગનું વર્ણન શું? કહે છે. ઉપદેશ તો એક આમ શુદ્ધાત્માનો ઉપદેશ. ઓહો..હો..! ભાઈ! એ ઉપદેશ પામવો હજી દુર્લભ છે, ધર્મ તો પછી હજી. એમ ન કહ્યું કે મનુષ્યપણું પામીને એને બાયડી મળવી મુશ્કેલ છે ને વાંઢાનું વાંઝીયાપણું ટાળવું મુશ્કેલ છે ને... આહા..હા..!

અહીં તો કહે છે કે, એમાં '**ઉત્તમકુલ, શુદ્ધાત્માકા ઉપદેશ આદિ મિલના ઉત્તરોત્તર બહુત કઠિન હૈં,...**' ઘણું કઠણ છે. સમજાણું? શુદ્ધાત્માનો ઉપદેશ. ઓહો..! એ સામગ્રી મળવી... સમજાય છે? આત્મા જ્ઞાનાનંદ ચિદાનંદ પ્રભુ, જેનામાં અતીન્દ્રિય આનંદ પરિપૂર્ણ ઠાંસોઠાંસ ભર્યો છે. એ શુદ્ધ ભગવાન છે. પર્યાયમાં અશુદ્ધતા એ કાંઈ આત્મદ્રવ્ય નથી. એ તો આસ્રવતત્ત્વ અને બંધતત્ત્વ છે. ભગવાન શુદ્ધાત્મા છે, નિર્મળાનંદ છે, જ્ઞાનાનંદ છે. એવો ઉપદેશ સાંભળવો દુર્લભ, ઉપદેશ સાંભળવા પછી તેનું ગ્રહણ થવું દુર્લભ, શ્રવણ તો કર્યું, પણ પકડાતું નથી શું કહે છે. ગ્રહણ થાતું નથી. જમુભાઈ! આહા..હા..! સાંભળ્યા પછી એનું ગ્રહણ આ શું કહે છે એ પકડવું દુર્લભ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના. સમજ્યો ત્યારે. સમજ્યા વિના શું સાંભળવા ... એવું તો અનંત વાર સાંભળ્યું એમ કહે છે. આહા..હા..! અરે..! શ્રવણ થયું પણ ગ્રહણ ન થાય. આ શું કહે છે, આ આત્મા શુદ્ધ છે, આ રાગાદિનો નિષેધ કરે છે, પરમાત્મા એ આત્મા તો પવિત્ર છે એમ એના શ્રવણમાંથી ગ્રહણ થવું મુશ્કેલ છે. ગ્રહણ થાય પણ ટકવું મુશ્કેલ છે ધારણા.

ધારણા હજી હોં ધારણા, સમ્યક્ પછી. આહા..હા..! એને ટકવું મુશ્કેલ છે કે, આ આમ કહે છે. શુદ્ધાત્મા ભગવાન પરમાત્મા ચિદાનંદ પ્રભુ એની આ ઉપદેશ શૈલી કહે છે. એને ગ્રહણ અને ધારણ અને ધારણ પછી... જુઓ!

**'ઔર કિસી તરહ 'કાકતાલીય ન્યાયસે' કાલલબ્ધિકો પાકર...'** કાકતાલીય ન્યાયમાં એવું છે કે કાગડાને બેસવું ને ડાળને પડવું અથવા આમ તાડ પડતો તાડ થાય છેને તાડી, એ તાડનું ફળ પડવું અને કાગડાનું નીકળવું હોય અને મોઢામાં આવવું. આહા..હા..! તાડ હોય છેને આવી તાડી મીઠી, આ દારૂની થાય છે, નહિ? ... અમારે તો બધું ત્યાં બહુ જોયું છે. ટોપલા ને ટોપલા જોયા છે. અમારે પાલેજ બહુ આવે. ફળ થાય છે આવા. આ મોસંબી હોયને મીઠી એવી આમ ગોળ ... તાડી ઉપરથી આમ પડે અને કાગડાનું નીકળવું આમ, એ મોઢામાં આવી જવું વચમાં. ક્યારે મેળ ખાય?

એમ કહે છે કે, અનંત કાળે કદાચિત્ આ **'સબ દુર્લભ સામગ્રી મિલને પર...'** એ દુર્લભ સામગ્રી મળી, એટલું આ કુદરત. બસ એટલી વાત. **'જૈન-શાસ્ત્રોક્ત માર્ગસે મિથ્યાત્વાદિકે દૂર હો જાનેસે...'** દેખો! વીતરાગના શાસ્ત્રે કહેલો માર્ગ બીજો માર્ગ સાચો છે નહિ. તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા એણે કહેલો માર્ગ વીતરાગ પરમેશ્વરે. જૈન શાસ્ત્ર ઉક્ત-જૈન વીતરાગે કહેલા શાસ્ત્રોથી કહેલો ભાવ એના માર્ગથી અંદર મિથ્યાત્વાદિ દૂર થઈ જવાથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધી. સમજાણું કાંઈ?

એ ભગવાને કહ્યો માર્ગ તે શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્મા એની અંતર્મુખ જઈને શ્રદ્ધા કર, એનું જ્ઞાન કર, એમાં ઠર. એવું જૈન શાસ્ત્રોક્ત માર્ગ એનાથી **'મિથ્યાત્વાદિકે દૂર હો જાનેસે આત્મસ્વરૂપકી પ્રાપ્તિ હોતે હુએ,...'** એ આત્માની પ્રાપ્તિ થઈ. સમ્યગ્દર્શન, જ્ઞાન થયું એ અનંત કાળે દુર્લભ છે, બાકી બધું અનંત વાર મળ્યું. અનંત વાર મળ્યું. માણસપણું મળ્યું, શાસ્ત્રે વાત કરી, શુદ્ધાત્માનો ઉપદેશ મળ્યો, અનંત વાર મળ્યો. અનંત વાર સાંભળ્યો, ડાળિયા શું થયા? ભગવાન વીતરાગ કેવળજ્ઞાની પ્રભુ તીર્થંકરદેવે કહ્યો જે શાસ્ત્રોક્ત માર્ગ. એ માર્ગમાં શું આવ્યું? મિથ્યાત્વનો નાશ અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એ માર્ગ છે ભગવાનનો. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગના શાસ્ત્રોને કહેવું છે કે, શુદ્ધ આત્માનો અનુભવ કર. એની દૃષ્ટિ કર અને અનુભવ કર. મિથ્યા ભ્રાન્તિને, અસ્થિરતા અને અનંતાનુબંધીને ટાળ. આ વીતરાગ શાસ્ત્રોક્ત માર્ગ, આ એનો માર્ગ છે. સમજાણું કાંઈ? એને આત્મસ્વરૂપ, ભગવાને કહેલા માર્ગના પુરુષાર્થથી એને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે એમ પણ સિદ્ધ કર્યું. બીજા અજ્ઞાનીઓએ કહેલા માર્ગ... સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સિવાય અજ્ઞાનીઓએ જેટલા માર્ગ કહ્યા એ માર્ગે કોઈ

રીતે આત્માની પ્રાપ્તિ અને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? આમ કરે તો એને દુર્લભતાની પ્રાપ્તિ સમ્યગ્દર્શન થયું તો એને દુર્લભનો લાભ મળ્યો. સમજાય છે? નહિતર એમને એમ અનંત કાળ ગાળ્યો. એને પ્રાપ્તિ આત્માની ન કરે (તો) જૈન શાસ્ત્રોક્તનો લાભ એને નથી.

'**જૈસા જૈસા મોક્ષ ક્ષીણ હોતા જાતા હૈ,...**' પછી પણ જેટલો જેટલો રાગ મટતો જાય, સ્વરૂપમાં વિશેષ થાય. '**વૈસા શુદ્ધ આત્મા હી ઉપાદેય હૈ,...**' સમ્યગ્દર્શન તો એટલું છે જ પહેલેથી પણ વિશેષ વિશેષ '**આત્મા હી ઉપાદેય હૈ, એસા રુચિરૂપ સમ્યક્ત્વ હોતા હૈ.**' રુચિ સમકિત તો પહેલે છે પણ વિશેષ પોષાણ (થાય છે). રાગ ઘટતો જાય અને વિશેષ આનંદની રુચિ, સ્થિરતા વધતી જાય. કહો, સમજાણું કાંઈ? જુઓ, એ નિશ્ચય સમ્યગ્દર્શન ચોથે છે. પહેલા પણ રાગની રુચિને મિથ્યાત્વમાંથી ઘટાડીને સ્વભાવ તરફ ઢળે છે ક્રમે ક્રમે અને વિશેષ જ્યાં અંતર અનુભવ દૃષ્ટિ થઈ ત્યારે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનુભવની આત્માના આનંદની થઈ. ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ જીવ કહે છે. એણે અનંતા જન્મ-મરણને ટાળવાનો પ્રયત્ન કર્યો. પછી પણ સ્વભાવ તરફ અંદર ઢળવામાં ક્રમે ક્રમે જ્યાં ભાળ્યું છે ત્યાં વારંવાર જાય છે એટલે રાગ ઘટતો જાય અને સ્થિરતા વધતી જાય.

'**શુદ્ધ આત્મા ઔર કર્મકો જુદે જુદે જાનતા હૈ.**' .... છેને? શુદ્ધાત્મા અને કર્મને જુદા જુદા જાણે અને જુદા કરેલાને જુદા વિશેષ અભ્યાસે છે. '**જિસ શુદ્ધાત્માકી રુચિરૂપ પરિણામસે...**' લ્યો! જુઓ! જે શુદ્ધાત્માની રુચિ, શુદ્ધાત્મા પહેલા ઉપદેશમાં કહ્યું હતું. એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પુંજ એવો જ્ઞાન પિંડ પ્રભુ એની રુચિરૂપ પરિણામ. જુઓ એ પર્યાય છે. '**યહ જીવ નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ હોતા હૈ,...**' નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એ નિશ્ચય સમ્યક્ પરિણામ છે. ગુણ નથી, દ્રવ્ય નથી, પ્રગટ પરિણામ છે. નેમિદાસભાઈ! પરિણામ છે? પર્યાય છે કે ગુણ છે? સમ્યગ્દર્શન ગુણ છે કે પર્યાય? પર્યાય છે. પરિણામ કીધાને, પરિણામ. કેવળજ્ઞાન એ પરિણામ છે તો આ તો (પરિણામ જ છે). કેવળજ્ઞાન એ પરિણામ-પર્યાય છે, ગુણ નથી, ગુણ તો ત્રિકાળી છે. સમજાણું કાંઈ?

જૈન ભગવાનનો માર્ગ અલૌકિક, પણ લોકોને સાંભળવો જ્યાં શુદ્ધાત્માનો ઉપદેશ જ ઓછો થઈ ગયો અને વિપરીત માર્ગે ચડાવ્યા. હવે એને સાંભળવાનું જ આ ન મળે એ પરિણમવાનું, રુચિ કરવાનું ક્યારે કરે? કરવાનું તો આ છે પહેલેથી, એમ કહે છે. વ્રત કરી લ્યો, પૂજા કરી લ્યો, ભક્તિ કરી લ્યો, જાત્રા કરી લ્યો. હવે એ તો બધો શુભભાવ છે. પહેલું તો આ કરવાનું છે એમ કહે છે. દાન કરી લ્યો, કરોડો રૂપિયા આપી દ્યો. હવે એમાં દાળિયા શું થયા? ધૂળ. રાગ મંદ હોય કદાચિત્ કર્યો હોય તો (પુણ્ય બંધાય). માન માટે કરે તો પાપ બાંધે મિથ્યાત્વનું આગળ. મિથ્યાત્વ તો બાંધે એની સાથે માનનું વધારે પાપ બાંધે. એ ક્યાં ધર્મ હતો? પહેલો

જ ધર્મ આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્યનો ઉપદેશ ભગવાને કર્યો, એ રીતે અંતરની અનુભવ દૃષ્ટિ પ્રગટ કરી એને અહીંયા નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. એ જ ઉપાદેય છે, જુઓ! આ બધામાં આ આદરણીય છે એમ કહ્યું. સમજાણું કાંઈ? આ આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ પૂર્ણ અખંડિત એની અંતર્મુખમાં અનુભવ કરીને—એને અનુસરીને અનુભવીને શ્રદ્ધા કરવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ જીવને ભવમાં ઉપાદેય છે, બીજું કાંઈ ઉપાદેય નથી. અંગીકાર (કરવા જેવું છે), બાકી કોઈ અંગીકાર કરવા જેવું નથી. આહા..! કહો, સમજાણું આમાં? આહા..!

બહુ સરસ બે ગાથા થઈ, ૮૪ ને ૮૫. સમજાણું કાંઈ? ૮૪માં તો એમ કહ્યું કે, વિષયના સુખ... વિષયસુખ એટલે ભલે ભોગ ન લેતો હોય, પણ જેને હજી આમ શબ્દ આબરૂ, કીર્તિ, સ્પર્શમાં મજા લાગે છે અંદરમાં એ વિષય ભોગવે છે. એ ભોગના અર્થીઓ અંદર રુચિવાળા શું ન કરે? કહે છે. આહા..હા..! અને આ ધર્મને પામવો કહે છે કે, મહા દુર્લભ છે. એમ ૮૫માં લીધું. ક્યાંથી ક્યાં નીકળી, ક્યાંથી ક્યાં આવી... આહા..હા..! જેલમાંથી નીકળે તો એમ થઈ જાય કે, હાશ છૂટ્યા. હસમુખભાઈ! સત્તર મહિનાના સલવાણા, નીકળ્યા. આ તો અનંત કાળની જેલ. આ તો સત્તર મહિનાની ક્યાંય ગણતરી નથી. ઓલી તો જેલ નિગોદની. આહા..હા..! જેમાં એક શરીરમાં અનંતા જીવ. બધાને એક શ્વાસ એક સરખો, બધાને શ્વાસ એક–અનંતનો એક, અનંતનું આયુષ્ય એક ... આહા..હા..! આટલા અંગૂલના અસંખ્ય ભાગમાં. એવા અસંખ્ય શરીર ઔદારિક. એવા એક શરીરમાં અનંતા જીવ. અનંતા જીવનું આયુષ્ય, શ્વાસ આદિ સરખું. એમાં નિગોદમાં અનંત કાળ રહ્યો. અરે..! એણે ક્યાં વિચાર કર્યો છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, આ તો આખો એક શરીરમાં અનંતા. સંકોચ એ તો ઠીક, પણ એની હીણી દશા એટલી થઈ ગયેલી, અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડ રહી ગયેલો. ફક્ત ઉઘાડ એટલો ન હોય તો જડ થઈ જાય. એટલો ઓછો, ઓછો. ઓહો..હો..! એ કેવળજ્ઞાનનો ચતુર, એ કેવળજ્ઞાની ચતુર પ્રભુ એની પર્યાયમાં આટલી હીણતાની દશા એવા અનંતા એકસાથે જેલમાં પડ્યા છે ત્યાં. આહા..હા..! કેટલો કાળ? અનંતા પુદ્ગલપરાવર્તન. કહે છે, ભાઈ! ત્યાંથી નીકળ્યો આવા આવા ભવ કરીને, દુર્લભ દુર્લભ પામીને. હવે આ આત્મા શુભ સ્વરૂપ ભગવાન એની અંતરમાં દૃષ્ટિ કર, વારંવાર એનો અભ્યાસ કર, અનુભવ કર એ જ ઉપાદેય છે. એનો સાર એ છે. સમજાણું કાંઈ? લ્યો! ૮૬મી કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૨, ગુરુવાર, તા. ૨૫-૧૧-૧૯૬૫**
**ગાથા-૮૬ થી ૮૮, પ્રવચન-૫૯**

પહેલા ભાગની ૮૬મી ગાથા, ૮૫ થઈ. ૮૫માં સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ કહ્યું. 'ઈસકે બાદ **પૂર્વ કથિત રીતિસે સમ્યગ્દૃષ્ટિ હોકર મિથ્યાત્વકી ભાવનાસે વિપરીત...**' પહેલી ભાવના મિથ્યાત્વની હતીને? હું કાળો હતો ને ધોળો હતો ને બ્રાહ્મણ હતો ને—એ બધી મિથ્યાત્વની ભાવના હતી, એનાથી આ વિપરીત ભાવના છે. શબ્દ ગાથાઓ એવી, પણ એમાં ઓલો હકાર હતો, આમાં નકાર છે. મિથ્યાદૃષ્ટિ એમ માનતો કે, હું બ્રાહ્મણ છું, હું ગોરો છું, હું કાળો છું. સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે એ હું નથી. '**મિથ્યાત્વકી ભાવનાસે વિપરીત જૈસી ભેદવિજ્ઞાનકી ભાવનાકો કરતા હૈ,...**' ધર્મી જીવ પરથી જુદાપણાની ભાવના કરે છે, '**વૈસી ભેદવિજ્ઞાન-ભાવનાકા સ્વરૂપ...**' એટલે આત્માને પરથી ભિન્નપણાના ભાવનાનો સ્વભાવ '**ક્રમસે સાત દોહા-સૂત્રોંમેં કહતે હૈં -**' સાત દોહામાં એ આવશે.

૮૬) अप्पा गोरउ किण्हु ण वि अप्पा रत्तु ण होइ।
अप्पा सुहुमु वि थूलु ण वि णाणिउ जाणेँ जोइ।।८६।।

**અન્વયાર્થ :-** આ '**આત્મા સફેદ નહીં હૈ, કાલા નહીં હૈ,...**' આ ભેદવિજ્ઞાનની ભાવના છેને. ઓલામાં એ હતું કે, હું કાળો છું ને ધોળો છું ને એમ. એ મિથ્યા દૃષ્ટિ હતી. આત્માના જ્ઞાન સ્વરૂપની ભાવના થતાં હું તો જ્ઞાન છું, ત્રિકાળ જાણનાર, દેખનાર છું. એવા આત્માના ભાનમાં ધર્મી પોતાને સફેદ કે કાળો માનતો નથી. '**આત્મા લાલ નહીં હૈ, આત્મા સૂક્ષ્મ ભી નહીં હૈ, ઔર સ્થૂલ ભી નહીં હૈ,...**' એમ. સૂક્ષ્મ ભી નહિ, સૂક્ષ્મ ક્યાં? કૃશ પાતળું શરીર એ સૂક્ષ્મ. એ નહિ. અહીં શરીર પાતળું, સૂક્ષ્મ, નબળું શરીર, એ નહિ. શરીરની નબળાઈ હું નહિ અને સ્થૂળતા પણ હું નહિ.

'**જ્ઞાનસ્વરૂપ હૈ,...**' હું તો જાણનાર, દેખનાર છું. જ્ઞાન હૂં ઈસ દૃષ્ટિ સે દેખા જાતા હૈ. '**જ્ઞાનદૃષ્ટિસે દેખા જાતા હૈ, અથવા જ્ઞાની પુરુષ યોગી હી જ્ઞાનકર આત્માકો જાનતા હૈ.**' બે વાત. ધર્મી જીવ એ સ્થૂળ, કૃશ, કાળા, ધોળાને જ્ઞાનમાં જાણે છે કે, મારા નથી. અથવા પોતે જ્ઞાનકર આત્માકો—પોતાને જાણે છે. બે વાત લીધી. સમજાણું કાંઈ? ધર્મી જીવ જ્ઞાનમાં એ ધોળા, કાળા, કૃશ, સ્થૂલ હું નથી એમ જાણે છે અને કાં આત્માને જ્ઞાનસ્વરૂપ

જાણે છે. એમ અસ્તિ-નાસ્તિ. '**યોગી હી જ્ઞાનકર આત્માકો જાનતા હૈ.**'

ભાવાર્થ :- '**યે શ્વેત કાલે આદિ ધર્મ વ્યવહારનયકર શરીરકે સમ્બન્ધસે જીવકે કહે જાતે હૈં,...**' નિમિત્ત સંબંધથી, વ્યવહારથી આત્માના કહેવાય છે, છે નહિ. '**તો ભી શુદ્ધનિશ્ચયકર...**' આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, ચૈતન્યસૂર્ય એની દૃષ્ટિએ જોઈએ તો શુદ્ધાત્માથી બધું જુદું છે. '**કર્મજનિત હૈં,...**' કર્મથી ઉત્પન્ન થયેલા કૃશ, સ્થૂળ, રંગ આદિ છે. '**ત્યાગને યોગ્ય હૈં.**' માટે દૃષ્ટિમાં હેય કરવા લાયક છે. '**જો વીતરાગ સ્વસંવેદન જ્ઞાની હૈ, વહ નિજ શુદ્ધાત્મતત્ત્વમેં ઇન ધર્મોંકો નહીં** લગાતા,...' ત્યારે નીચે સરાગી સમકિત લગાવતો હશે? એનો અર્થ જ એ કે, આત્મા વીતરાગ સ્વસંવેદન જ્ઞાની, રાગ રહિત, વિકલ્પ પુણ્ય-પાપના વિકલ્પ રહિત આત્માનું જ્ઞાન તે સ્વસંવેદન, વીતરાગી સ્વસંવેદન જ્ઞાન છે. સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાનથી વીતરાગી સ્વસંવેદનજ્ઞાન (હોય છે). રાગ રહિત આત્માના જ્ઞાનથી જ્ઞાનને જાણતા એ જ્ઞાનથી આ બધા જુદા છે એમ જાણે છે. એ પોતામાં લગાતા, લગાતા નથી એટલે જોડતો નથી. સંબંધ કરતો નથી એમ મૂળ તો કહે છે. '**संबद्धान्न करोतीति योजयति**' પોતામાં એને જોડતો નથી. ભિન્ન વસ્તુ છે તદ્દન રંગ આદિ. શરીર કૃશ, સ્થૂળ (થાય તો) અરે..! હું કૃશ થઈ ગયો, સ્થૂળ થઈ ગયો. કોણ કહે છે? એ જડની-શરીરની અવસ્થા છે. એને પોતાના જ્ઞાનસ્વરૂપમાં, ઈ અવસ્થાને યોજતો—સંબંધ કરતો નથી, તેને ભેદજ્ઞાનની ભાવના સમ્યગ્દૃષ્ટિની કહેવામાં આવે છે. '**અર્થાત્ ઇનકો અપને નહીં સમજતા હૈ.**'

'**આગે બ્રાહ્મણાદિ વર્ણ આત્માકે નહીં હૈં, એસા વર્ણન કરતે હૈં—**'

૮૭) **अप्पा बंभणु वइसु ण वि ण वि खत्तिउ ण वि सेसु।**
**पुरिसु णउंसउ इत्थि ण वि णाणिउ मुणइ असेसु।।८७।।**

**અન્વયાર્થ :— 'આત્મા બ્રાહ્મણ નહીં હૈ, વૈશ્ય નહીં હૈ, ક્ષત્રીય ભી નહીં હૈ, બાકી શુદ્ર ભી નહીં હૈ,...'** ચંડાળ આદિ આત્મા નથી. એ તો બધા કર્મજનિત શરીરના સ્વભાવ છે, ભગવાન આત્માને એ છે જ નહિ. આહા..! આત્મા '**પુરુષ, નપુંસક, સ્ત્રીલિંગરૂપ ભી નહીં હૈ,...**' એ બધા દેહના ધર્મ છે જડ, માટીના આકૃતિ આકાર. પુરુષલિંગ, સ્ત્રીલિંગ, નપુંસક જડના છે. મિથ્યાદૃષ્ટિ પોતાના માને છે, સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાન દ્વારા પર છે એમ જાણે છે. જાણે છે કે, આ એક છે, (પણ) મારામાં નથી. કહો, સમજાણું આમાં?

એ ચોથા ગુણસ્થાનથી સમ્યગ્દૃષ્ટિથી માંડીને વાત છે આ. રાજપાટમાં પડ્યો દેખાય. મારું તો જ્ઞાન સ્વરૂપ છે. રાગનો વિકલ્પ પણ જ્યાં મારો નથી તો આ ચીજો તો મારી ક્યાંથી આવી? સમજાણું કાંઈ? મારા હોવાપણામાં તો જ્ઞાન અને આનંદ છે, મારા હોવાપણામાં તો આ બધા વર્ણો આદિ સ્ત્રી, પુરુષ, નપુંસક પણ નથી. '**જ્ઞાનસ્વરૂપ હુઆ સમસ્ત વસ્તુઓંકો**

**જ્ઞાનસે જાનતા હૈ.**' લ્યો! જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... હું જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર સ્વરૂપે રહ્યો, થયો થકો, જાણનાર સ્વરૂપે રહ્યો, થયો થકો એ બધા પર છે એમ જાણે છે. કહો, સમજાણું કાંઈ?

ભાવાર્થ :- '**જો બ્રાહ્મણાદિ વર્ણ-ભેદ હૈં, ઔર પુરુષ લિંગાદિ તીન લિંગ હૈં, વે યદ્યપિ વ્યવહારનયકર દેહકે સમ્બન્ધસે જીવકે કહે જાતે હૈં,...**' વ્યવહાર આમ નિમિત્ત સંબંધથી. '**તો ભી શુદ્ધનિશ્ચયકર...**' ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય જ્ઞાન સ્વરૂપે થયો થકો, જ્ઞાન સ્વભાવે રહ્યો થકો, એ પરવસ્તુ તદ્દન ભિન્ન જાણે છે. '**ઔર સાક્ષાત્ ત્યાગને યોગ્ય હૈં,...**' આત્માથી ભિન્ન જુદા છે એ સાક્ષાત્ ત્યાગને યોગ્ય છે. છેને અંદર? '**साक्षाद्धेयभूतान्**'. સાક્ષાત્ એટલે તદ્દન જે સ્ત્રી, પુરુષ, નપુંસક લિંગ તદ્દન જુદા, સાક્ષાત્ જુદા, પ્રત્યક્ષ જુદા એમ કહે છે. સાક્ષાત્ એટલે પ્રત્યક્ષ જુદા. મારા સ્વરૂપમાં કાંઈ સ્ત્રી, પુરુષ લિંગ એ મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ?

જો બ્રાહ્મણાદિ સાક્ષાત્ ત્યાગને યોગ્ય હૈ, એટલે પ્રત્યક્ષ છોડવા લાયક છે એમ દૃષ્ટિમાંથી હોં! એ કાંઈ વયા જતા નથી, એ તો ત્યાં પડ્યા રહે છે. જ્યાં બહાર છે ત્યાં છે, આ છે ત્યાં છે. '**ઉનકો વીતરાગનિર્વિકલ્પસમાધિસે રહિત...**' દેખો! મિથ્યાદૃષ્ટિની વ્યાખ્યા, એની સામે સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા. પુણ્ય-પાપના વિકલ્પ એનાથી રહિત જે ચૈતન્ય સ્વરૂપ એવી નિર્વિકલ્પ સમાધિની દૃષ્ટિથી સમકિતી પોતામાં એ ભાવને લગાડતો નથી, જોડતો નથી. '**એ સમાધિથી રહિત મિથ્યાદૃષ્ટિ જીવ અપને જાનતા હૈ,...**' પુણ્ય-પાપના વિકલ્પ રહિત ચૈતન્ય સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ એ સ્ત્રી, પુરુષ, નપુંસકના ભેદો પોતામાં જાણતો નથી, પોતામાં એને માનતો નથી. મિથ્યાદૃષ્ટિ ચૈતન્યના જ્ઞાન સ્વરૂપનું શુદ્ધનું ભાન નથી તેથી એ બધા સ્ત્રી, પુરુષ, નપુંસકના લિંગો મને છે, એ હું છું એમ જાણે છે. કહો, સમજાણું આમાં?

એક જણો પૂછતો હતોને કાલે, સમકિતીને છૂટ બહુ આપી. આવા આવા ખુન કરે, લડાઈ કરે તોપણ એને બંધ નહિ. એને છૂટ બહુ આપી ભગવાને, એમ વળી કહે. છૂટ આપી તે વસ્તુ સ્વરૂપમાં એ જે પોતે ચૈતન્ય સ્વરૂપ આનંદ છે એની અંતર દૃષ્ટિ હોવાને લઈને જ્ઞાન સ્વરૂપ એ જ મારું છે. એ ચીજો મારી નથી. એમ ભેદજ્ઞાન વડે પરની ભિન્ન ભાવના સદાય હોય છે, સદાય હોય છે માટે એને છૂટ આપી નથી, પણ એવું સ્વરૂપ છે. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ, અજ્ઞાની ભોગ છોડે તો મિથ્યાત્વનો હેતુ. એનો અર્થ, અજ્ઞાનીને ક્ષણે ને પળે એ વિકલ્પ રાગનો અને પરનું અભિમાન, અંદર પોતાપણે માનીને જ પડ્યો છે મસ્ત. એને કારણે એણે અનંત સંસારનો, સંસાર રહિત ભાવ એનો અનાદર કરી જે વસ્તુ એમાં નથી એમાં પોતાની માની સંસારની વૃદ્ધિ કરે છે. આહા..! સમજાણું કાંઈ?

'**वीतरागनिर्विकल्पसमाधिसे रहित मिथ्यादृष्टि जीव**...' એમ છે કે નહિ? છેને પાઠમાં '**समाधिच्युतो बहिरात्मा**' વીતરાગ સમાધિ આઠમે થાતી હોય તો નીચેવાળા બહિરાત્મા હશે? ભાઈ! આત્મા જ વીતરાગસ્વરૂપ છે અને જ્ઞાનથી જ વેદાય એવી એ ચીજ છે. એવો જ જેનો વીતરાગ સ્વભાવ, પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ એનાથી જુદું વીતરાગી સ્વરૂપની દૃષ્ટિ તે વીતરાગ સ્વસંવેદનજ્ઞાન જ છે. સમજાય છે કાંઈ? એ વીતરાગ સ્વંસવેદનજ્ઞાન રહિત મિથ્યાદૃષ્ટિ, એ સ્ત્રી, પુરુષ, નપુંસક લિંગો આદિ મને છે એમ મૂઢ માને છે. સમજાણું કાંઈ? ફેર ક્યાં પડે છે? એની દૃષ્ટિમાં. અજ્ઞાનીની દૃષ્ટિ પોતાની ચીજમાં નથી તેને સ્વીકારે અને માને છે. મોટો ભ્રમ અને મહા મિથ્યાત્વભાવ સેવે છે. જ્ઞાની પોતામાં નથી તેને નથી જાણીને છે તેને છે જાણે છે. એટલો બધો મોટો ફેર વચમાં છે, વચમાં ફેર છે. સમજાણું કાંઈ?

'**ઔર ઉન્હીંકો મિથ્યાત્વસે રહિત સમ્યગ્દૃષ્ટિ જીવ**...' જુઓ! એને ને એને સ્ત્રી, પુરુષ, નપુંસકના લિંગ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વાણિયાનો વેશ-આ શરીરનો ભેષ એને '**અપને નહીં સમજતા.**' ધર્મી જીવ એને પોતાના માનતો નથી. આહા..! સમજાણું કાંઈ? '**આપકો તો વહ જ્ઞાનસ્વભાવરૂપ જાનતા હૈ.**' હું તો જાણનાર, દેખનાર છું એમાં આ ક્યાં મારામાં છે? અને એમાં હું ક્યાં છું? હું છું તો આ જ્ઞાન સ્વરૂપે જ છું. એ છે ત્યાં પરરૂપે તે છે. આ ગૃહસ્થાશ્રમમાં રહેલો સમ્યગ્દૃષ્ટિ પણ આમ અનુભવે છે, જાણે છે. આહા..હા..!

અંતરાત્મા, ઓલામાં બહિરાત્મા લીધો હતો. '**स्वशुद्धात्मस्वरूपेण योजयति**'. સમજાણું? પોતે જ્ઞાન સ્વરૂપ છે એ પરને પોતામાં જોડતો નથી. પોતાનું જ્ઞાનસ્વરૂપ છે એમ પોતે જાણે છે. હું તો એકલો જાણનાર, દેખનાર, જ્ઞાતા, દૃષ્ટા સ્વભાવ છું. મારે અને અંદર પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે એને કાંઈ સંબંધ નથી એ તો પરજ્ઞેય છે. વિકાર સ્વભાવના જ્ઞેયથી ભિન્ન છે અને શરીર, ઈન્દ્રિય આદિ .... ભેખ જડના તદ્દન જુદા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખી દુનિયાને ગળે વળગ્યો છે. આ શરીર મારું આમ રહેશે ને શરીરને હું આમ રાખીશ ને બાયડીને હું આમ રાખીશ ને મકાનને હું આમ રાખીશ ને છોકરાઓ, નોકરોને આમ રાખીશ ને. ઈ આખી આવી ગઈ. કેટલાને રાખીશ એનો અર્થ કે આખી દુનિયાને હું રાખીશ. સમજાણું કાંઈ? શું છે? જમુભાઈ! એ થોડા ઘણા સંબંધમાં દેખાતાને આમ રાખીશ એનો અર્થ ઈ કે, નહિ સંબંધમાં એ બધાને આમ રાખવાનો અભિલાષી છે. દૃષ્ટિમાં મહાન મોટી વિપરીતતા છે. આમ દુનિયાને રાખીશ, આમ હું રાખીશ.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— ક્યાં પણ, ખબર શું, અહીં પહેલેથી ખબર નથી રાખી શકતો, ધૂળ પણ રાખી શકતો નથી. અજ્ઞાની રાખી શકે છે? એને આમ આહા..! છોકરાને આમ રાખું ને બાયડીને

આમ રાખું ને પૈસાને આમ રાખું ને વ્યાજ ઉપજાવીને આમ રાખું ને આટલો ખર્ચ કરીને આટલા વધારું, આમ કરીને આમ કરું, ધૂળધાણી. ... કલ્પના. આનું આમ થયા પછી મને આમ થાશે, આનું આમ થયા પછી મને આમ થાશે, આનું આમ થયા પછી પોતાને ન ગોઠે એ આમ મરી જાશે પછી મને ઠીક પડશે. કહો, સમજાણું કાંઈ? પોતાને ઠીક પડે એ જો લાંબો કાળ હશે તો મને ઠીક પડશે. પણ તારી કલ્પના છેને, એ મરે કે જીવે એને કારણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારું જીવન હોય ત્યાં સુધી આ બધા જીવેને બાયડી, તો બહુ સારું. એ તો પરદ્રવ્ય છે. જીવે ન જીવે એને કારણે છે, તારે કારણે છે? શેની ધૂળની સગવડતા છે? શેની સગવડતા હશે? એ..ઈ..! કલ્પનાની છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માને છે ઈ, ઈ માને છે કે આહા..હા..! બાયડી છે, છોકરા છે, મકાન છે હામ, દામ ને ઠામ ત્રણે છે, હવે આપણે મરતા સુધી વાંધો નથી. ગોળણ ગાડા ભરે મર્યા પછી. જેચંદભાઈ! એ તરફના એ મૂર્ખ કહે છે ... એમ કહે છે અહીં. આહા..હા..! એ મિથ્યાદષ્ટિ જીવ એ પોતાના જોવે છે એનો અર્થ ઈ કે, એક આને આમ કરી દેશું ને આને આમ કરી દેશું. આ વેરી જાગ્યા છેને, એનો અભાવ કરી દેશું. આ સજ્જનો છે ને એને હું રાખીશ, રાખવા આપણા હાથમાં છેને ભાઈ! મીઠા બોલે, ભાષા બોલે તો આપણે રાખી શકીએને. પણ ધૂળ પણ નહિ રાખીશ, સાંભળને!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ મૂઢ કોને કહે? અને ભાઈ! પોતાના કરવા એ કરી શકે એવો ... બાયડી એવી વાતું કરે. પોતાના કરવા હોય તો કરી શકે અને ઉડાડવા હોય તો... ભાઈ! બધું આવડત જોઈએ. ઓહો..હો..! જાણે મોટી ડાહીની દીકરી ઉતરી ઉપરથી. મૂઢ છે.

મુમુક્ષુ :— ....

ઉત્તર :- એ માને છે, એમ કહે અમે ડાહ્યા છીએ એમ. બાયડી એમ માને, અમે ડાહ્યા છીએ. મોહનભાઈ! એ તો બહુ ડાહ્યા હતા. આને કહે આમ કરો, આમ કરો. શું હશે? આ બધો સંસાર કેવો હશે આ? અરે..! આપણા કરવા હોય ઈ આપણા હાથમાં છે ભાઈ! એ આપણા કરવા કે આપણા ન કરવા એ આપણા હાથમાં છે. ધૂળમાં પણ નથી, સાંભળને હવે! મફતના મરી ગયા મમતા કરી કરીને.

એક બાય તો એવું બોલતી હતી પહેલા એકવાર ઘણા વર્ષની વાત છે હોં! એ તો ૬૦ વર્ષ પહેલાની વાત છે. અરે..! આપણે આદમીને રમાડવા તો હથેળીમાં રમાડીએ. કીધું, આ શું બોલે છે? મુસલમાનની બાઈ હતી, વોરાની. ઘણા વર્ષની (વાત છે). આદમીઓને રમાડવા

તો આમ હથેળીમાં રમાડીએ, નચાવીએ ... ભારે અભિમાન લાગે છે આને. ... જોડે વોરાનું ઘર નહોતું? ઈ ઘર. એની દુકાન આમ આવી બહાર... અને આ એક દરજીનું ઘર પહેલું આમ. આમ દરજીનું, પછી ઓલાનું. આ તો તે દિ આમ થાતું. આ શું બોલે છે? ભીખાભાઈ! આમ એ તો આદમીને રમાડવા એ તો આમ હથેળીમાં રમાડીએ. આપણે કેમ ખેલ ખેલવા... શું છે પણ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આખું જગત છે. મૂઢ પણ એ માને છે. અરે..! તારો આત્મા જુદો, બીજાના આત્મા જુદા, એના રજકણ જુદા. શું તું કરવા માગે છો? આહા..હા..!

અને આદમી આમ બોલે, એવું રાખીએ કે, આમ સીધી પાધરી હાલે ઘરમાં. ઈ એમ બોલે. ઘરમાં પાધરી આમ શું કહેવાય? ભાષા આપણને બરાબર ન આવડે. પાધરી દોર ચાલે, વળી ફરે શું? રાડ નખાવી દઈએ. ઓહો..! પરદ્રવ્યને તું કરી શકતો હોઈશ? ઈ અહીં કહે છે કે, મૂઢને આ સ્વદ્રવ્ય જુદું ને પરદ્રવ્ય જુદાની ખબર નથી. આવા કલ્પનાના ઘોડા ઘડી મિથ્યાદૃષ્ટિ પરને પોતાના માને છે. એમ આ રીતે માને છે. કહો, બરાબર છે કે નહિ? ગોકુળદાસભાઈ! સંસાર આ રીતે ઘડાયેલો છે, સંસાર આ રીતે ઘડતરથી ઘડાયો છે. મિથ્યાત્વ ભાવનાથી ઘડીને પડ્યો છે આમને આમ. ક્યાં આત્મા તું, ક્યાં એ આત્મા, ક્યાં એ શરીરના રજકણો. જુદે જુદી ચીજ, કોને તું રાખીને સરખું ચાલીશ? આહા..હા..! સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ એવા ને એવા મૂઢ. ... બાયડી માટે, છોકરા માટે રહેશે. હવે રહેવું, ન રહેવું પરદ્રવ્ય એને આધીન છે કે તારે આધીન છે? સમજાણું? એ યોજના કરીને રાખીએ તો હું ન હોઉં તો એને વાંધો નહિ. એક ઘર એને માટે મોટું બંગલો રાખવો, પૈસા આટલા, ઢીંકણું આટલું... મરી જાય પછી ભલે લે છોકરા, જીવતા કાંઈ હાથ નહિ આવે. એવી સંભાળ કરવાનું અભિમાન અજ્ઞાનીને છે. પરદ્રવ્યનું થવું, ન થવું એને આધીન નથી. કહો, સમજાણું?

**'આગે વંદક ક્ષપણકાદિ ભેદ ભી જીવકે નહીં હૈં, એસા કહતે હૈં -'** હવે સૂક્ષ્મ વાત આવશે આમાં થોડી હોં!

**૮૮) अप्पा वंदउ खवणु ण वि अप्पा गुरउ ण होइ।**
**अप्पा लिंगिउ एक्कु ण वि णाणिउ जाणइ जोइ।।८८।।**

આહા..હા..! અહીં તો સમ્યગ્દૃષ્ટિને યોગી કીધો છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો, સ્ત્રી હો, પુરુષ હો, નપુંસક હો, નારકી હો. જેણે ભગવાન આત્માને જ્ઞાન સાથે સંબંધ જોડ્યો છે અને રાગને પર સાથે સંબંધ તોડ્યો છે... સમજાણું કાંઈ? એવો જે જ્ઞાની. **'આગે વંદક ક્ષપણકાદિ**

**ભેદ ભી જીવકે નહીં હૈં, એસા કહતે હૈં–'**

**અન્વયાર્થ :– 'આત્મા બૌદ્ધકા આચાર્ય નહીં હૈ,...'** એ વંદક લીધું. બૌદ્ધનો આચાર્ય આત્મા નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા (છે). એ ક્ષપણ–**'દિગંબર ભી નહીં હૈ, આત્મા 'ગુરવઃ'...'** ગુરુનો અર્થ જ અહીં શ્વેતાંબર કર્યો. **'આત્મા શ્વેતામ્બર ભી નહીં હૈ,...'** એ બધા ભેખ બહારના છે, આત્માના ક્યાં? આત્માનું સુખ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. **'આત્મા કોઈ ભી વેશકા ધારી નહીં હૈ,...'** કોઈ પણ જગતના લિંગ (આત્માના નથી). **'અર્થાત્ એકદંડી,...'** બાવા થાય છેને એકદંડી એક લાકડી રાખીને. અમે એકદંડી બાવા છીએ, અમે એકદંડી બાવા છીએ. અરે..! આત્મામાં ક્યાં એક દંડો હતો?

**'અમે ત્રિદંડી,...'** ત્રણ દંડા રાખેને ત્રણ રાખે. આમ લાકડી હોય એમાં ત્રણ ઓલા રાખે. ત્રિશુળ જુઓને ત્રણ રાખે. **'હંસ,...'** લ્યો! હંસ થાય છે ને રાતા લૂગડાં પહેરીને એને હંસ કહીએ. અરે..! હંસ તો આત્મા છે. રાગથી, શરીરથી ભિન્ન ભાનવાળો. અહીં તો અમે ભેષના હંસવાળા છીએ. **'પરમહંસ,...'** ... ભેખ હોં! બધો, આ ભેખની વાત છે. **'સન્યાસી,...'** રાતા કપડાં, પીળા કપડાં ઓલા સંન્યાસી (પહેરે ઈ). હવે એ તો જડની દશાઓ બધી આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપમાં છે ક્યાં. સમજાણું? એક ભી વેશધારી નહિ, ત્યારે... **'જટાધારી,...'** જટા રાખેને જટા, મોટી જટા. **'મુંડિત,...'** મુંડન મુંડનવાળા અમે છીએ. **'રુદ્રાક્ષકી માલા,...'** મોટી રુદ્રાક્ષની માળા રાખે ને ગળામાં ને હાથમાં પહેરીને મોટી, એવા છીએ અમે. **'તિલક,...'** વાળા છીએ અમે તિલક લગાડે મોટું આમ. **'કુલક, ઘોષ વગૈરેઃ...'** એવા ભેખ હશે ભેખ. **'ભેષોમેં કોઈ ભી ભેષધારી આત્મા નહીં હૈ,...'** એ તો બધી જડની, શરીરની, માટીની અવસ્થા છે.

**'એક જ્ઞાનસ્વરૂપ હૈ,...'** આટલા બધા નથી પણ એક જ્ઞાનસ્વરૂપ છે એમ કહે છે. ચૈતન્ય સ્વરૂપ, જાણક સ્વરૂપ, આનંદ સ્વરૂપ એને આત્મા કહીએ, એને સમ્યગ્જ્ઞાની કહીએ. મારામાં બીજી કોઈ ચીજ છે જ નહિ. સમજાણું કાંઈ? **'ઉસ આત્માકો ધ્યાની 'મુનિ' ધ્યાનારુઢ હોકર...'** લ્યો! એવા આત્માને પુણ્ય-પાપના રાગથી રહિત ચૈતન્યમૂર્તિ ભગવાન એમાં એકાગ્ર થયો **'જાનતા હૈ,...'** સમજાય છે? અહીં પાછો પોતાને જાણે છે એમ કહેવું છે. ઓલા તો પર છે એમ જાણ્યું. એક જ્ઞાનસ્વરૂપ હું છું, એક જ્ઞાનસ્વરૂપ હું છું એવો જે આત્મા એને અંતર એકાકાર થઈને પોતાને આત્માને, આત્મા આવો છું એમ જાણે છે. કહો, સમજાણું? પરને જુદો જાણે પછી આત્માને આવો જાણે એમ બે ભેગી વાત લીધી. **'ધ્યાન કરતા હૈ.'** ભગવાન આત્મા પોતાની જ્ઞાન પર્યાયથી પોતામાં એકાગ્ર થયેલો ધ્યાની આ રીતે આત્માને, પોતાને જાણે છે. પરથી ભિન્ન અને પોતાના જ્ઞાનસ્વરૂપથી અભિન્ન એમ જ્ઞાની પોતાની દૃષ્ટિથી

આત્માને જાણે છે. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**યદ્યપિ વ્યવહારનયકર યહ આત્મા વંદકાદિ અનેક ભેષોંકો ધરતા હૈ,...**' બહારથી ભેખને ગણાયને વ્યવહારથી કે આ દિગંબર છે, નગ્ન છે. '**તો ભી શુદ્ધનિશ્ચયનયકર કોઈ ભી ભેષ જીવકે નહીં હૈ,...**' ભગવાન આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ જ્ઞાનની મૂર્તિ પ્રભુ એમાં આ એક પણ ભેખ છે નહિ, ત્રણે કાળમાં નથી, ત્રણે કાળમાં નથી. '**દેહકે હૈ.**' ભેખ બધા દેહના છે. એના અભિમાન કરવા એ મિથ્યાદષ્ટિપણું છે. સમજાણું કાંઈ? '**યહાં દેહકે આશ્રયસે જો દ્રવ્યલિંગ હૈ,...**' દેહને આધારે આ દ્રવ્યલિંગ--શ્વેતાંબરના કપડા, દિગંબરના નગ્નપણા ભેખ આદિ. '**વહ ઉપચરિતાસદ્ભૂતવ્યવહારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...**' જૂઠી નયે, અસદ્ભૂત નામ જૂઠી નયે ઉપચારથી, વ્યવહારથી જીવનું કહેવામાં આવે છે. દિગંબર એ ઉપચારથી અસદ્ભૂત વ્યવહારનયે આત્મામાં જાણવા લાયક કહેવાય છે, એમ. શ્વેતાંબર બાહ્યના ભેખ ઉપચારિત આરોપિત અસદ્ભુત વ્યવહારે. સમજાણું? નિમિત્ત તરીકે છે એથી કહેવાય છે. '**તો ભી નિશ્ચયનયકર જીવકા સ્વરૂપ નહીં હૈ.**' ભગવાન જ્ઞાનસ્વરૂપમાં એ કોઈ પ્રકારનો ભેખ આત્મામાં નથી. '**ક્યોંકિ જબ દેહ હી જીવકી નહીં,...**' દેહ જ જ્યાં પરમાણુનો પિંડ (છે), એના એક એક રજકણની અવસ્થા સ્વતંત્ર થાય એને આત્મા માને કે આમ આને કરું. મૂઢ છે કહે છે. સમજાણું? વાત ઈ ચાલતી હતી, ન્યાંથી આવ્યું ... જુઓને, કીધું, આ શરીરના એક રજકણને દિગંબર મુનિ કરે શું? મુનિ આત્મા એ રજકણને ફેરવે શું? કટકા થાય, શું થાય? એ તો બધું થાય એને કાળે. એ રજકણને પણ આત્મા કરે શું? ... રજકણમાં ફેરફાર થાય એમાં ઈન્દ્ર રોકી શકે છે?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— કાંઈ ગડબડ-ફડબડ (નહિ), એ તો રજકણની અવસ્થા થવાની હતી. લોકો વાતું કરે તો એમ જ કરેને ડૉક્ટરો. પેટમાં કાંઈક આમ હશે અને ઢીંકણામાં કાંઈક આમ હશે, માનસિક ચિંતામાં હશે ને ઢીંકણું... બાકી પરમાણુની એ પર્યાય એ સમયે એ રીતે જ થવાની છે. ચિંતાને કારણે નહિ, મળ પેટમાં ભર્યું હતું માટે પરમાણુની એ અવસ્થા થઈ એમ પણ નહિ. એવી વાતું છે ભાઈ આ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ જ કાળે, એ સમયે એ પરમાણુની પર્યાય થવાની. ...કાપતો-બાપતો કોઈ નથી, એ પરમાણુની એવી પર્યાય (છે). આરે આરે ભારે વાતું. સ્વતંત્ર રજકણે રજકણ સ્વતંત્ર પદાર્થ છે કે નહિ? અને એ પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે કે નહિ? તો સમય સમયનો ઉત્પાદનો પ્રવાહ ચાલે એ ઉત્પાદના પ્રવાહને બીજો શું કરે? બીજાથી શું થાય? બીજાને શું કરે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શેનો ધૂળનો સહાય લે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... ધાર્યું થાય ત્યારે એ માને છે મૂઢ, ધાર્યું થાય ત્યારે. ઇચ્છા પ્રમાણે ત્યાં પુણ્યને કારણે એની પર્યાય થવાની એ થઈ. માને કે, એવું આપણે ધાર્યું હતું એમ થયું બરાબર. કેસ કર્યો હતો, પાર પડ્યો. ભીખાભાઈ! આહા..હા..! આપણે આને સમજાવ્યું ને આમ, ... એ રીતે રહીને ત્યાં સુધી ... ના બાપા! મારે રહેવું નથી હોં! તમારી ભેગું એક મિનિટ પણ, તમે ગમે એટલું.... અત્યાર સુધી રહ્યોને. એ રહ્યો હતો એ મારે કારણે. કારણ કે એ હજી વહેંચ્યું નહોતું અને બધું ભેગું હતું ત્યાં સુધી મારે શું કરવું? ઓલો માને પણ મેં આમ કરીને રાખ્યો માટે રહ્યો. મૂઢ છે મફતનો. આહા..હા..!

મુમુક્ષુ :- આવડતની વાત છે.

ઉત્તર :— આવડતની વાત છે નહિ, મૂઢની વાત છે. આવડતનો ક્યાં હતો? માને છે ઈ. આહા..હા..!

દેહના ભેદ તારા ત્રણ કાળમાં નથી. એ કપડું આમ ઉતરવું કે જવું એ તો જડની ચીજ છે એમ કહે છે. ઉતારે કોણ અને છોડે કોણ? જડની ચીજ છે. એને હું ઉતારું એ માનવું એ તો પરને પોતાનું માન્યું. આહા..! જ્ઞાન સ્વરૂપ આત્મા છે એ ઉતારે કોને અને છોડે કોને? જાણે કે, આમ થાય છે અને થયું. ચરણાનુયોગમાં કથન આવેને નિમિત્તના ઓળખાણ કરાવવા. એ વખતે જ્ઞાન વિકલ્પ એવો હતો એમ, બાકી ત્યાં જે થવાનું હોય એ થાય છે, એના આત્માથી, વિકલ્પથી થાય છે ત્યાં? વિકલ્પ આવ્યો માટે કપડું હેઠે ઉતરે છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉતર્યા. વળી ચરણાનુયોગ.. અને ચરણાનુયોગ .. એવું અનેકાંત હશે? આવા ને આવા ચરણાનુયોગ, ચરણાનુયોગ. સમજાણું કાંઈ?

ભગવાન આત્માનો જ્યાં દેહ જ નથી, એ દેહના આ આકારો જ એના નથી ત્યાં ભેખ ભેખ ક્યાંથી આત્માના આવ્યા? આહા..! એના અભિમાન... અભિમાન... અભિમાન... '**ઇસલિયે દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...**' જુઓ! એ ત્યાં શબ્દ આ મુક્યો છે. સમજાણું? '**દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...**' કારણ કે, અસદ્ભુત કીધુંને એટલે.

હવે જરી ભાવલિંગની વાત ઝીણી આવે છે, ધ્યાન રાખજો. ભગવાન આત્મા એ ભેષ બધા શરીરના એ જડના છે એ આત્માના નથી. સ્ત્રી, પુરુષ, નપુંસક આદિ વર્ણ, ગંધ બધું લઈ ગયા. '**ઔર વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ...**' શું કહે છે? વસ્તુ જે ત્રિકાળ

આનંદકંદ જ્ઞાયકમૂર્તિ ભગવાન વસ્તુ છે, વસ્તુ. એકરૂપ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન..., આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... એવી એકરૂપ વસ્તુ. એવી વસ્તુમાં એનું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ભાવલિંગ છે, વીતરાગી નિર્વિકલ્પ પર્યાય. સમજાણું કાંઈ? વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવલિંગ. ભગવાન આત્મા એક સમયનો પ્રભુ ધ્રુવ ચિદાનંદ એકરૂપ આનંદ અને એકરૂપ જ્ઞાન એ વસ્તુ, ત્રિકાળ એકરૂપ વસ્તુ. એવો આ ભગવાન આત્મા ધ્રુવ સદશ શક્તિનું સત્ત્વ અનાદિઅનંત એકરૂપ વસ્તુ એને નિશ્ચયવસ્તુ કહીએ, શુદ્ધ આત્માની, એ આત્મા કહીએ. આ એની જે પર્યાયમાં આ શુદ્ધ આત્મા છું એવો અનુભવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ એવું નિર્વિકલ્પ વીતરાગ ભાવલિંગ એક સમયની નિર્વિકલ્પ પર્યાય. સમજાણું કાંઈ?

વસ્તુ સદશ નામ એકધારાવાહી ધ્રુવ સ્વરૂપ ચૈતન્યબિંબ એની અંદરમાં આ આત્મા શુદ્ધ આનંદ છે એવું સમ્યગ્દર્શન, આત્મા શુદ્ધ આનંદ છે એવું જ્ઞાનનું વેદન સ્વસંવેદનજ્ઞાન અને એમાં સ્વરૂપ આચરણરૂપ વીતરાગી સ્થિરતા. એવી જે નિર્વિકલ્પ વીતરાગી સ્વસંવેદન દશા એ ભાવલિંગ એ એક સમયની પર્યાય છે. સમજાણું કાંઈ? આ તો શરીરના ભેખ આદિ જે કહ્યા એ તો એક સમયમાત્ર પણ આત્મામાં દ્રવ્ય, ગુણ, પર્યાયના અસ્તિત્વમાં નથી. શું કીધું? સમજાણું કાંઈ?

સ્ત્રી, પુરુષ, નપુંસક લિંગ આદિ ભેષ કે આ શરીરના નગ્ન, શ્વેતાંબર આદિ ભેખ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પણ આત્માની પર્યાયમાં અસ્તિત્વપણે નથી. એના દ્રવ્ય, ગુણમાં તો નથી પણ એની પર્યાયના અસ્તિત્વમાં પણ એ નથી. હવે એના પર્યાયમાં અસ્તિત્વ જે છે... સમજાણું? અહીં તો વિકલ્પ જે રાગ છે એની અહીં વાત કરી નથી. આહા..હા..! સમજાણું? ભગવાન આત્મા એક સમયનો વીતરાગી રસરૂપ સદશ પિંડરૂપ પ્રભુ, એની એક સમયની પર્યાયમાં આ નિર્વિકલ્પ, વીતરાગ નિર્વિકલ્પ શાંતિ એટલે મોક્ષનો માર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગ. વ્યવહાર મોક્ષમાર્ગ તો વિકલ્પ એની વાત અહીંયા લીધી નથી. એ બધું ગયું, એ અસદ્ભૂતમાં જાય છે ભલે ઓલો ઉપચાર હોય તો આ અણઉપચાર પણ અસદ્ભુતમાં જાય છે.

આ ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય..., જ્ઞાન, જ્ઞાનનો એકલો રસ આનંદ... આનંદ... આનંદ... આનંદ... એવા અનંત ગુણનો એક... એક... એક... એકરૂપ, અનાદિઅનંત એકરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવનો આનંદ એવી વીતરાગી રાગ રહિત શાંતિ અને શ્રદ્ધાનું સ્વરૂપ. **'યદ્યપિ શુદ્ધાત્મસ્વરૂપકા સાધક હૈ,...'** ઈ શુદ્ધ સ્વરૂપ છે એનું એ સાધક છે કે આ શુદ્ધ સ્વરૂપ એમ. **'ઈસલિયે ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,...'** દેખો!

મુમુક્ષુ :— વ્યવહાર તો ક્યાંય ગયો.

ઉત્તર :— ક્યાંય ગયો. આહા..હા..!

આ તો વસ્તુ છે એને ઓલો વિકલ્પરહિત નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આ છે એમ સાધે છે, આ છે એમ સિદ્ધ કરી છેને એણે. એથી એને ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે. લ્યો! સમજાણું કાંઈ? જુઓને પાઠમાં જ છે. '**शुद्धात्मस्वरूपसाधकत्वादुपचारेण शुद्धजीवस्वरूपं भण्यते**' ઓહો..હો..! ભગવાન આત્મા એ વસ્તુ છે, વસ્તુ છે. જ્ઞાનાનંદ અખંડ આનંદરૂપ એકરૂપ વસ્તુ છે એ તો ત્રિકાળ એક... એક... એક... ત્રિકાળ એકરૂપ છે. એ મૂળ જીવનું સ્વરૂપ, એ મૂળ જીવનું સ્વરૂપ. આ ભેખ આદિ છે એ તો અસદ્ભૂત વ્યવહાર એટલે એની એક સમયની પર્યાયમાં પણ નથી. અને રહ્યો દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા આદિનો વિકલ્પ રાગ એ પણ વિભાવ છે, સ્વભાવ નથી. ત્રિકાળ સ્વભાવ નથી અને વર્તમાન સ્વભાવનો અંશ નથી. એથી એની અહીં વાત ન કરી. તે નહિ, તે નહિ. સમજાણું કાંઈ?

અહીંયા જ્ઞાનાનંદ સ્વભાવ છે જેનો સ્વભાવ છે કાયમ એવા સ્વભાવના આશ્રયથી પ્રગટેલું નિર્વિકલ્પ ભાવલિંગ સ્વભાવ, સ્વભાવ જે કાયમનો સ્વભાવ એના અવલંબે પ્રગટેલો એક સમયનો સ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ છે એકલો સ્વભાવ પિંડ એકરૂપ એના અંતરના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ આનંદ એ વસ્તુને સિદ્ધ કરે છે એવો પર્યાય આ વસ્તુ આમ છે એવો પર્યાય એ પણ ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે. આહા..હા..! એ ભીખાભાઈ! એક સમયની નિર્મળ સ્વભાવ છેને એવી જ અહીં શુદ્ધ પર્યાય છે એટલે એને ઉપચાર કીધો, વ્યવહાર કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિનો એનું ઉપચારે એનું પર્યાયનું સ્વરૂપ નથી એમ કહે છે. વિભાવ છેને. એની મૂળ સ્વભાવની જાતનો એ અંશ પ્રગટ ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! એ ભગવાન આત્મા,...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ બધી વાતું આવે, જાણવાનું જ્ઞાન. ઠેકઠેકાણે આવે. પંચાસ્તિકાયમાં કેટલું લખ્યું છે હિંમતભાઈએ. અર્થ કર્યા ટીકા પ્રમાણે પાછા હેઠે, એનું આમ છે ને એનું આમ છે એમ કરીને. આ તો ઠીક થયું આનાથી. ઓલા કહે, ગોટા વાળ્યા. અરે..! ભગવાન ભાઈ! પ્રભુ! તારી, તારી આમ એકલી ચીજ આમ અનાદિઅનંત ધ્રુવ વજ્ર જેમાંથી એક કણિયો, એક કણ એમાંથી નીકળે નહિ. નીકળે નહિ એટલે ઓછો ન થાય. આમ વજ્રની ભીંત હોયને વજ્રની ભીંત એની કણી ખરે? સારા ગઢ હોય એની કણી ખરતી નથી, જોયું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સિમેન્ટનું બાંધ્યું છે? મોહનભાઈ! ... એ તો છે, પણ આ .. જુઓ, બરવાળાના છેને? બરવાળાના ગઢ બાંધ્યા છે. કેવા? ઘેલાશાહી. આ તમારું બરવાળા છે. જોયું છે કે નહિ?

ગયા હશે કોઈક દિ'. ગઢ એવા બાંધ્યા છે કે આમ.. વાણિયો દશાશ્રીમાળી હતો. લીંબડી દરબારનો, કામદાર. આ તો ધૂળના ગઢ, આ તો ચૈતન્યવજ્ર ગઢ. આહા..હા..! ધ્રુવ ગઢ. જ્ઞાન, આનંદ આદિ ધ્રુવ ગઢ અનાદિઅનંત જેમાંથી એક કણ ખરે નહિ, એક અંશ એમાંથી ઓછો થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન ચૈતન્યગઢ અનંત ગુણનો પિંડ ધ્રુવ ગઢ એ જીવનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એવા સ્વરૂપને દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાએ જે સિદ્ધ કર્યો કે, આ આત્મા, એવો પર્યાય પણ આત્માનો ઉપચારે જીવ સ્વરૂપ છે. આહા..! કેમકે એ અંશ થયો, અંશ થયો. ત્રિકાળી એકરૂપ ભગવાન આત્મા એનો એ અંશ થયો. એમાંથી આવ્યો ભલે કહો, પણ અહીંયા આવ્યો છતાં ત્યાં ઉણુ નથી કાંઈ. એવોને એવો ભગવાન ધ્રુવ સ્વરૂપે પ્રભુ એને વાસ્તવિક જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે. આહા..હા..! એનો જે વીતરાગ નિર્વિકલ્પ શાંતિ. આહા..! સમજાણું કાંઈ? શુદ્ધાત્મા સ્વરૂપનો સાધક. સાધક શબ્દ પડ્યો છેને? હેં? સાધકત્વાત્. એમ કરીને એમ કહ્યું કે પર્યાય જે પ્રગટી આ વસ્તુને સિદ્ધ કરે છે એમ અહીં કહેવું છે. એ વસ્તુ વસ્તુને સિદ્ધ શી રીતે કરે? પણ પ્રગટેલા નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન આ વસ્તુ છે એમ જે પર્યાય સિદ્ધ કરે છે એવી પર્યાયને ઉપચારે જીવનું સ્વરૂપ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

શુદ્ધાત્મ સ્વરૂપસાધક એટલે શું? વસ્તુ છે એમ કહે છે. શુદ્ધ એને સાધે છે. સાધે એટલે સિદ્ધ કરી. મોક્ષ-બોક્ષની વાત નથી અહીં. અહીં એ વાત જ નથી. અહીં તો કહે છે, આ પર્યાયે આમ સિદ્ધ કરીને આ ચીજને. વસ્તુ આમ છે. એમ પર્યાય એ પર્યાય પોતે ઉપચારે સાધક છે. ઉપચારે જીવનું સ્વરૂપ છે, આ વસ્તુ છે, આ વસ્તુ છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયે નિર્વિકલ્પ આ આમ છે. એ તો દ્રવ્ય છે, ધ્રુવ છે. એનું નક્કી કરવાનું એનાથી છે? રાગ રહિત શુદ્ધ ચૈતન્ય પર્યાયે આ વસ્તુ છે એવી પર્યાયને ઉપચારે જીવનું સ્વરૂપ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

આમ ધ્રુવ ધન પડ્યું છેને આખું મોટું આમ. એક સમયનો વજ્ર, જ્ઞાનાનંદની વજ્રની કાતળી, મૂર્તિ એકલો. પરિણમન વિનાનો હોં! પરિણમન વિનાનો. એનું જરી એ શુદ્ધ ચૈતન્ય આ છે જ્ઞાનની પર્યાયે આ વસ્તુ છે. દર્શન આ છે, સ્થિરતાએ આખો આનંદ આ છે એમ જે પર્યાયે સિદ્ધ કર્યો એને ઉપચારે જીવ સ્વરૂપ કહીએ. વાસ્તવિક જીવ સ્વરૂપ સિદ્ધ થતું નથી, એ તો આનાથી સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'પરમાત્મપ્રકાશ' છેને આ. તો પરમાત્મા જે છે ત્રિકાળી એ તો જેમ છે એમ છે, એમ કહે છે અહીં તો. એ પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા અનંત, અનંત ગુણ... ગુણ... ગુણ... ગુણ... ગુણ... ગુણ..., ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ તો એક ધારારૂપ વસ્તુ છે.

એ વસ્તુ એ વાસ્તવિક જીવને જીવ સ્વરૂપ કહીએ, કે જે એકરૂપ છે, જે એકરૂપ છે. એનામાં આ આત્મા એમ સમ્યગ્દર્શન, જ્ઞાન શાંતિએ જે શ્રદ્ધ્યો, જાણ્યો ને ઠર્યો એવી નિર્વિકલ્પ વીતરાગ મોક્ષમાર્ગની પર્યાય એ અંશ છે. ત્રિકાળ સ્વરૂપની અપેક્ષાએ અંશ છે એ ઉપચારે જીવનું સ્વરૂપ છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પોતે પરમાત્મા નથી. આહા..હા..! અરે..! સમજાણું કાંઈ? એ પ્રજા એ બાપ નથી. ભગવાન પિતા ચિદાનંદ પ્રભુ જેમાં એવા અનંત અનંત પરમાત્માઓ અને અનંત અનંત મોક્ષમાર્ગની પર્યાયનો પિંડ બધું આખું એકરૂપ છે, એકરૂપ છે. એવા આત્માને પરમાત્મા કહીએ અને એને વાસ્તવિક જીવનું સ્વરૂપ કહીએ. વાસ્તવિક જીવનું સ્વરૂપ કહીએ. પણ તેનો નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ જે પ્રગટી એને અવાસ્તવિક એટલે કે ઉપચારે જીવનું સ્વરૂપ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? વાસ્તવિક નહિ, એ ત્રિકાળી સ્વરૂપ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... એક કોર રહ્યું. એક સમયની પર્યાય છેને. એ ક્યાં ઈ પોતે છે, એમ કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બેટો છે પણ બાપ નથી. જરી કઠણ છે. ભીખાભાઈ! આહા..હા..! ...

એકલો વીતરાગી બિંબ ભગવાન અનાદિઅનંત એ વાસ્તવિક આત્મસ્વરૂપ, એ આત્માનું સ્વરૂપ, વાસ્તવિક આત્માનું સ્વરૂપ, નિશ્ચય આત્માનું સ્વરૂપ, સત્ રૂપે આત્માનું સ્વરૂપ. એની દૃષ્ટિ આમ અનુભવની (થાય કે) આ આત્મા એવું શ્રદ્ધા, એનું જ્ઞાન, એની સ્થિરતા નિર્વિકલ્પ વીતરાગ એ ભાવલિંગ છે. નિર્વિકલ્પ વીતરાગ દશા એ ભાવલિંગ છે, ત્રિકાળી વસ્તુ નથી. એથી ભાવલિંગ ચિહ્ન છે એ. ચિહ્ન છે, એંધાણ છે. આ એનાથી આ જણાય એવું એંધાણ છે, એમ કહે છે. ચિહ્ન કીધું છેને? ભાવલિંગ કીધું છેને. ચિહ્ન એટલે ચિહ્ન. એટલે કે એ ભગવાન આત્મા એને જે લક્ષણે ચિહ્ને આ આત્મા એવો અંદર રાગ રહિત સમ્યગ્દર્શન, રાગ રહિત સ્વસંવેદનજ્ઞાન, રાગરહિત સ્વરૂપની સ્થિરતા ત્રણે થઈને નિર્વિકલ્પ વીતરાગી પર્યાય (પ્રગટે) એ ભાવલિંગ છે. એ લિંગ છે, ચિહ્ન છે. એ આખી ચીજનું એક ચિહ્ન-અંશ છે. એથી તેને ઉપચારે અહીં આત્માનું સ્વરૂપ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**तो भी परमसूक्ष्म शुद्धनिश्चयनयकर भावलिंग भी जीवका नहीं है.**' જે વડે સિદ્ધ કર્યો કે આ છે, એ જીવનું સ્વરૂપ નહિ, કહે છે. એકાકાર સ્વરૂપ જે છે ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... શાશ્વત સ્વભાવ, શાશ્વત વસ્તુ, ધ્રુવ વસ્તુ, મહા પદાર્થ ધ્રુવ. એક સમયનો અંશ નહિ, આ તો ત્રિકાળી ચીજ. એવી ત્રિકાળી પરમ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનય દેખો! '**शुद्धनिश्चयनयकर**

**ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.'** એટલો નિર્વિકલ્પ સમાધિનો વીતરાગ પર્યાય પણ ત્રિકાળી સ્વરૂપનો એ નહિ, એક સમયનો છે. સમજાણું કાંઈ? અદ્‌ભુત વાત છે! જેને જેણે ઓળખ્યો, જેણે જેને ઓળખ્યો પણ એ પર્યાય છે. કોને પોતાનું માનવું? ભાઈ! દેહાદિના ભેખ ક્યાં રહ્યા? રાગાદિનો વિકલ્પ ભગવાન એ જીવમાં ક્યાં રહ્યો? સમજાણું?

જ્યાં ભગવાન આત્મા પૂર્ણ ઘન, આનંદઘન ધ્રુવ વસ્તુ એનો અનુભવ વીતરાગી પર્યાય પણ જેનું વાસ્તવિક ત્રિકાળી સ્વરૂપ નહિ. એને પણ વાસ્તવિક માનવું એ ભ્રમ છે. આહા..હા..! એને ઉપચારે માનવું એ બરાબર છે. આરોપે અંશમાં આ આત્મા એમ માનવો એ વ્યવહાર છે. વસ્તુ તો આખી વસ્તુ છે. આહા..હા..! આ આત્મા પોતે એને આવા આવા શરીર ને વાણી ને ધૂળધમાહાવાળો માનવા એ તો મહાભ્રમ છે, મોટો ભ્રમ છે અને પુણ્ય-પાપના રાગવાળો માનવો કે એ હું, એ મોટો ભ્રમ છે, એ તો મિથ્યાત્વ છે. પણ ભગવાન પૂર્ણ સ્વરૂપમાં એને આ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટે એને તું પૂર્ણ ન માન. અપૂર્ણ છે. એના જ્ઞાનાનંદ શાંતિ ને ઉપચારે જાણવા, એ વ્યવહારે આત્મા જાણવો. નિશ્ચયથી .. આહા..હા..! એ વ્યવહારનયનો આ આત્મા, નિશ્ચયનયનો આ આત્મા. બસ! આ વાત રહી લ્યો! આ બેનું પ્રમાણજ્ઞાન કર્યું. સમજાણું કાંઈ? ભાવલિંગ સાધન એટલે સિદ્ધ કરે છે એટલું. **'વહ ભી પરમ અવસ્થાકા સાધક નહીં હૈ.'** એટલે કે પરમ વસ્તુ છે એ નહિ, એમ. પરમ વસ્તુ એ નથી લ્યો! બહુ સરસ ...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૩, શુક્રવાર, તા. ૨૬-૧૧-૧૯૬૫**
**ગાથા-૮૯ થી ૯૧, પ્રવચન-૬૦**

૮૯ (ગાથા), 'પરમાત્મપ્રકાશ' **'આગે યહ ગુરુ શિષ્યાદિક ભી આત્મા નહીં હૈ--'** આત્મામેં ગુરુ શિષ્યાદિકનું પણ નથી. ...

૮૯) अप्पा गुरु णवि सिस्सु णवि णवि सामिउ णवि भिच्चु।
सूरउ कायरु होइ णवि णवि उत्तमु णवि णिच्चु।।८९।।

**અન્વયાર્થ :— 'આત્મા ગુરુ નહીં હૈ,...'** આત્મા તો અખંડાનંદ જ્ઞાન ધ્રુવસ્વરૂપ છે,

એ કાંઈ ગુરુ કોઈનો નથી. '**શિષ્ય ભી નહીં હૈ,...**' એ પર્યાયો તો જાણવા જેવી છે, આદરવા જેવી ક્યાં છે. આદરવા જેવું તો એક શુદ્ધ શુદ્ધ શુદ્ધ સ્વરૂપ (છે). ધ્રુવ ધ્રુવ ધ્રુવ ઉપર ધ્યેય-નજર કરવા જેવી છે. બાકી બધું શરીર, વાણી, આત્માનું નહિ, વિકલ્પ આત્માનું સ્વરૂપ નહિ, એની શુદ્ધ પરિણતિ આત્માનું સ્વરૂપ નહિ. સ્વરૂપ તો ધ્રુવ એક સમયનો ધ્રુવ ઢિંગ ધણી ધ્રુવ ધુરંધર નાથ આખો. કહો, સમજાણું કાંઈ? એવા દ્રવ્યમાં ગુરુ અને શિષ્યપણું નથી. '**સ્વામી ભી નહીં હૈ, નૌકર નહીં હૈ,...**' 'મૃત્યઃ' છેને? 'મૃત્યઃ' લખ્યું છેને. સેવક. એ '**શૂરવીર નહીં હૈ, કાયર નહીં હૈ, ઉચ્ચકુલી નહીં હૈ, ઔર નીચકુલી ભી નહીં હૈ.**' ભગવાન આત્મા ધ્રુવ સ્તંભ ચિદાનંદ ઘન એમાં આ બધું છે નહિ.

**ભાવાર્થ :-** '**યે સબ ગુરુ, શિષ્ય, સ્વામી, સેવકાદિ સંબંધ યદ્યપિ વ્યવહારનયસે...**' જો કે એનો વિષય છે એટલે છે ખરું એમ કહે છે. પર્યાયમાં એવો સંબંધ વ્યવહારનયથી જાણવા લાયક છે. એનો વિષય નથી એમ નહિ, ઓલું વેદાંતની પેઠે નથી. સમજાણું કાંઈ? પણ એ '**વ્યવહારનયસે જીવકે સ્વરૂપ હૈં,...**' વ્યવહારથી, '**તો ભી શુદ્ધનિશ્ચયનયસે શુદ્ધ આત્માસે જુદે હૈં,...**' શુદ્ધ નિશ્ચય જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ, ધ્રુવ એવો ભગવાન શુદ્ધાત્મ સ્વરૂપ એકરૂપ ધ્રુવ, એવો જે શુદ્ધાત્માથી જુદા છે. '**આત્માકે નહીં હૈં,...**' એ બધા આત્માના નથી. પર્યાય છે એક સમયની, એક સમયનો, એક સમયનો પર્યાય એટલે શું, એમ કહે છે. એક સમયનો ઉત્પાદ-વ્યય એટલે શું? એ કાંઈ ત્રિકાળી વસ્તુ છે? માટે એ અપેક્ષાએ વ્યવહાર અભૂતાર્થ કહ્યો છે. એ ૧૧મી ગાથાનું આ સ્પષ્ટીકરણ છે. ૧૧મી ગાથા આખા વિશ્વ તત્ત્વની અથવા જૈન તત્ત્વની આખી ... મહા એનું મૂલ્ય છે. ભૂત... ભૂત... ભૂત... એકરૂપ તત્ત્વ અખંડ અનંત અખંડ ધ્રુવ એ જીવ સ્વરૂપ છે, બાકી એનો પર્યાય પણ અભૂતાર્થ છે, આખો પદાર્થ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધનિશ્ચયનયસે શુદ્ધ આત્માસે જુદે હૈં, આત્માકે નહીં હૈં, ત્યાગને યોગ્ય હૈં,...**' '**હેયભૂતાન્**' છેને. એ બધું છોડવા લાયક છે. ભીખાભાઈ!

'**ઈન ભેદોંકો વીતરાગપરમાનંદ નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિસે રહિત...**' જુઓ ખૂબી એક. બહિરાત્મા મિથ્યાદૃષ્ટિની વ્યાખ્યા કરી. બહિર્ આત્મા એટલે બાહ્ય વસ્તુને પોતાની માનનાર મિથ્યાદૃષ્ટિ એટલે શું? કે, વીતરાગ પરમાનંદ શુદ્ધાત્માની પ્રાપ્તિ (એનાથી રહિત). ભગવાન શુદ્ધ ચિદાનંદ વીતરાગ નિર્દોષ આત્મા એ ત્રિકાળી સ્વરૂપ એની પ્રાપ્તિ પર્યાયમાં. શું કીધું? સમજાણું? આત્મા પૂર્ણ વીતરાગ પરમાનંદ નિજ શુદ્ધાત્મ વસ્તુ, વસ્તુ ત્રિકાળ ધ્રુવ. વીતરાગ પરમાનંદ એ શુદ્ધ આત્મા એની પ્રાપ્તિ, એની પર્યાયમાં પ્રાપ્તિ કે આ આત્મા એવી પર્યાય. સમજાણું કાંઈ? પર્યાયમાં નિર્વિકલ્પ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન એ પર્યાય, એ દ્વારા શુદ્ધાત્માની પ્રાપ્તિ આ આત્મા. એવી પર્યાય રહિત બહિરાત્મા. કહો, સમજાણું કાંઈ? બહિરાત્મા કહો કે મિથ્યાદૃષ્ટિ

કહો એક જ છે એ તો.

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ વીતરાગ વિજ્ઞાનઘન શુદ્ધ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એકરૂપ એની પ્રાપ્તિ એક સમયની પર્યાય સિદ્ધ કરે છે કે આ આત્મા. એ પર્યાયમાં પ્રાપ્ત થયો આત્મા કહેવાય. કઈ પર્યાય? નિર્વિકલ્પ નિર્દોષ વીતરાગી પર્યાયની પરિણતિ. એ પરિણતિમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ, એ પર્યાય વિનાનો જીવ. સમજાણું કાંઈ? વજુભાઈ! બહુ ઘણું છે. બહિરાત્મા. વિકલ્પો ગુરુ-શિષ્યના, સ્વામી-સેવકના, શૂરવીર-કાયરપણાના, ઉત્તમ-નીચપણાને મારા છે એમ માને છે એ બહિરાત્મા મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બહિરાત્મા મિથ્યાદષ્ટિજીવ અપને સમજતા હૈ,...'** આવો જીવ આવી ચીજને પોતાની માને છે. **'ઔર ઇન્હીં ભેદોંકો વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં રહતા હુઆ...'** ઓલી પ્રાપ્તિ કીધી હતી એનો ખુલાસો કર્યો. એ ભેદોને—સ્વામી આદિ, શિષ્ય આદિ, ગુરુ આદિ... રાગ રહિત આત્માની વીતરાગ પરિણતિરૂપી શાંતિ, સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ એમાં રહેતો થકો અંતરાત્મા. આ અંતરાત્માની વ્યાખ્યા. એ ચોથેથી બાર સુધી અંતરાત્માની આ વ્યાખ્યા. વીતરાગ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, એવી નિર્દોષ વીતરાગી પર્યાય, એમાં આ શુદ્ધાત્મા એનું ધ્રુવનું ભાન એવી પર્યાયમાં રહેતો થકો, એમ. એવી પર્યાયમાં રહેતો થકો, એમ. પર્યાયને ઉત્પન્ન કરી છે એમાં રહેતો થકો. સમજાણું કાંઈ?

અંતરાત્મા, અંતરાત્મા શુદ્ધ જ્ઞાયક વીતરાગ આનંદકંદ ધ્રુવ તેની વીતરાગ પરિણતિએ પ્રાપ્ત એમાં રહેતો થકો સમ્યગ્દષ્ટિ જીવ. ઓલામાં કીધું હતુંને બહિરાત્મા મિથ્યાદષ્ટિ, ત્યારે અંતરાત્મા સમ્યગ્દષ્ટિ. આહા..હા..! કહો, સમજાણું આમાં? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ધ્રુવ અખંડાનંદ ચૈતન્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એની જેને પર્યાયમાં પ્રાપ્તિ છે, નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, સમ્યક્ અનુભવ, શાંતિ એમાં જેને આત્માની પ્રાપ્તિ છે એવો સમ્યગ્દષ્ટિ અંતરાત્મા આ બોલને પોતામાં જોડતો નથી, આત્માના છે એમ માનતો નથી. શૂરવીરપણું, કાયરપણું, ગુરુ-શિષ્યપણું, સમજાણું? અને ઈશ્વર અને સેવકપણું, ઈશ્વર એટલે મોટાપણું. સમજાણું કાંઈ? ....

બે વાત કરી ટૂંકી લ્યો! બહુ એક એક શ્લોકો બહુ ટૂંકી વાત બધી. ભગવાન ધ્રુવ પ્રભુ એકરૂપ સત્, સત્ ત્રિકાળ ધ્રુવ ચિદાનંદ પ્રભુ એની પર્યાયમાં, એની પ્રાપ્તિ નહિ અને એ શિષ્યો, ગુરુ, સેવક, શૂરવીર, રાગ, દ્વેષ વગેરે એ પર્યાય મારી એમ જે મિથ્યાદષ્ટિ બહિરાત્મા બહિર્-બુદ્ધિમાં રહેલો મિથ્યાદષ્ટિ એ બધી શૂરવીર આદિ, કાયર આદિ હું છું એમ આત્મામાં એને પર્યાયમાં જોડે છે. સમજાણું કાંઈ? શું કહે છે એ (સમજવુ) કઠણ માણસને પડે. દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, આમ સૂઝ સૂઝ પડે કાંઈક.

મુમુક્ષુ :— કાયોત્સર્ગ.

ઉત્તર :— કાયોત્સર્ગ કરવો. તાવ કાય ઠાણેણં માણેણં. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્ય-કાય એ ચૈતન્ય-કાય, જ્ઞાયક ધ્રુવ ચૈતન્ય-કાય એની દૃષ્ટિ કરીને એમાં સ્થિર થવું એનું નામ ખરેખર કાયોત્સર્ગ છે. સમજાણું કાંઈ? આહા..! એણે પુણ્ય-પાપના વિકલ્પ આદિ પર્યાયબુદ્ધિ છોડી અને દ્રવ્યબુદ્ધિમાં સ્થિર થયો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

ઉલટ-સુલટ બે વાત કરી. શુદ્ધાત્માની પ્રાપ્તિથી રહિત, શુદ્ધ સ્વરૂપ જ્ઞાયક ચિદાનંદ એની પર્યાયમાં નિર્વિકલ્પ આનંદ શાંતિની પર્યાયમાં આ આત્મા એની પ્રાપ્તિ રહિત, એ પર્યાય રહિત બહિરાત્મા પર્યાય તો છે. વર્તમાનમાં આ હું શૂરવીર, આવો કાયર એવો બહિરાત્મા આત્મામાં એ વાતને માને છે. સમજાણું કાંઈ? અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ એટલે કે એવા ભેદોથી રહિત વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રહેલો એને પર સ્વરૂપે જાણે છે. કહો, સમજાણું આમાં? વસ્તુ ઝીણી છે આ પ્રેમભાઈ! એવું બહુ ઝટ પકડાય એવી નથી. આ લોકો માની બેસે કે, આ પૈસા દઈને દાનથી ધર્મ થઈ જાય. એવો છે આ ધર્મ વીતરાગનો હોં! ભાઈ! આ પાંચ, પચાસ હજાર ખરચી નાખે ધર્મ થઈ જાય. ધૂળમાં પણ થાય નહિ, થોડો શું. કાં જાત્રા કરી આવે એકાદ, બે, પાંચ કાં વ્રત પાળે દયા, દાન. એ તો બધો શુભ રાગ છે, ધર્મ-બર્મ નહિ. હળવે, હળવે નહિ. રાગ કરતાં કરતાં હળવે હળવે થાય? ઝેર પીતા પીતા હળવે હળવે ઓડકાર આવતા હશે કસ્તુરીના? કહો, ઈ જુદી રીતે આ કહે છે. કહો, સમજાણું કાંઈ? ઈ કહે છે કે, સાધક કહ્યું, સાધક કહ્યું. સાધક તો વ્યવહારનું, નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

ભગવાન આત્મા... અહીં કીધુંને સાધક. સાધક તો જે વસ્તુને સિદ્ધ કરે પર્યાય એ સાધક કહે છે વ્યવહાર, એ ઉપચાર છે, એ વસ્તુ જ ઉપચાર છે. રાગ-બાગ સાધન કેવા વળી? આહા..હા..! સમજાણું કાંઈ? શરીર, વાણી, મનના વળી સાધકપણા કેવા? એ તો ક્યાંય ગયું, જૂઠું છે, એમાં છે? એ રાગ પણ અસદ્ભુત છે. એ આત્મદૃષ્ટિમાં રાગ એ અસદ્ભુત છે. વસ્તુની પર્યાયમાં, દ્રવ્યમાં એ વસ્તુ ક્યાં છે? સમજાણું કાંઈ? સદ્ભુત તો આ, મોક્ષનો નિર્વિકલ્પ માર્ગ અંદર નિર્વિકલ્પ શાંતિ સમાધિ એ ઉપચારિક પર્યાય. પૂર્ણ થાય એ શુદ્ધ સદ્ભુત પર્યાય કેવળજ્ઞાન. બાકી છે બધી પર્યાયો, એ જીવનું સ્વરૂપ નહિ. આહા..હા..!

ત્યારે ઓલા કહે છેને, કેવા? આ બધા 'કુંદકુંદાચાર્યે' વેદાંતમાં ઢાળા ઢાળ્યા છે. એને ખબર નથી, વસ્તુની સ્થિતિ આવી છે. ઢાળે શું? કોઈ દિ' જૈનના ક્રિયાકાંડ ને વ્યવહાર ને આ ને નિમિત્ત ને સંયોગ ને કર્મ ને બધું સાંભળ્યું, એટલે આ સાંભળ્યું નહિ એટલે આ જાણે વેદાંતના ઢાળા ઢાળ્યા છે 'કુંદકુંદાચાર્યે'. આ તો સર્વજ્ઞના પદમાં ઢાળા ઢાળ્યા છે 'કુંદકુંદાચાર્યે'. ભગવાન આત્મા એક સમયનો પૂર્ણાનંદ પ્રભુ એવું એક એક દ્રવ્ય પોતાનો પરિપૂર્ણ પરમાત્મા

છે. પરમાત્મા લેવું છેને? કહો, સમજાણું કાંઈ? એક સમયનો પરમાત્મા એનું જીવનું પૂર્ણ સ્વરૂપ નહિ, જીવ સ્વરૂપ નહિ. આહા..! આ તે કંઈ..! એક સમયનો પરમાત્મા કેવળજ્ઞાની જીવનું સ્વરૂપ નહિ. રાડ નાખી જાય કે નહિ? એઈ..! રાડ નાખે બાપા! સમજાણું આમાં? ૮૯ (થઈ). ૯૦.

'આગે આત્માકા સ્વરૂપ કહતે હૈં -'

९०) अप्पा माणुसु देउ ण वि अप्पा तिरिउ ण होइ।
अप्पा णारउ कहिँ वि णवि णाणिउ जाणइ जोइ।।९०।।

**અન્વયાર્થ :—** આત્મા '**જીવ પદાર્થ (ભગવાન) ન તો મનુષ્ય હૈ,...**' મનુષ્ય નથી. આત્મા મનુષ્ય નથી. હવે મનુષ્ય નથી એનાથી આત્માને લાભ થાતો હશે, મનુષ્યથી? '**(આત્મા) ન તો દેવ હૈ,...**'

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોઈ ધૂળમાં મદદ કરતો નથી કોઈ. કોણ કરતું હતું? સ્વતંત્ર ઉત્પાદ એનો થાય પર્યાયમાં એમાં કરે કોણ? બીજી ચીજ છે એટલું જ્ઞાન કરવા માટે. દરેક દ્રવ્યમાં ઉત્પાદ સમયનો પ્રવાહ વહ્યા જ કરે છે. ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... પર્યાયનો વ્યવહારનય વહ્યા જ કરે છે, એને બીજો કોણ મદદ કરતો હતો? સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ જ આવી છે એમાં તારે, પોકાર વસ્તુ એમ કરે એમાં તું પોકાર બીજો કરે કેમ કામ આવે? મદદ અમારે પરની જોવે ને પરને અમે મદદ કરીએ. મૂઢ છો, સમજાણું કાંઈ?

'**આત્મા તિર્યંચ પશુ ભી નહીં હૈ,...**' એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય આદિ ઢોર આત્મા નથી. એ '**આત્મા નારકી ભી કભી નહીં,...**' નરક, નારકી કોઈ દિ' થયો નથી અને થશે નહિ. એ આત્મા નારકી નથી. '**અર્થાત્ કિસી પ્રકાર ભી પરરૂપ નહીં હૈ,...**' લ્યો! ... ત્યારે છે શું? '**પરન્તુ જ્ઞાનસ્વરૂપ હૈ,...**' એ તો ચૈતન્યબિંબ જ્ઞાનમૂર્તિ પ્રભુ એકલો જ્ઞાન ધ્રુવ તારો, જ્ઞાનનો સત્ ધ્રુવ તારો. સમજાણું કાંઈ? જ્ઞાનનું સત્‌પણું એમ હોવાપણું ધ્રુવ. એવો ભગવાન આત્મા '**योगी**' લોકો. એટલે '**મુનિરાજ...**' વિશેષ મુનિથી વાત કરી. '**તીન ગુપ્તિકે ધારક...**' સમજાણું? આ વ્યાખ્યા. એટલે આવા એનું ધ્યાન કરે છે.

મન, વચન, કાયાથી હટી, '**નિર્વિકલ્પસમાધિમેં લીન હુએ...**' પોતાના આનંદ સ્વરૂપમાં, ઉપયોગમાં લીન થયો. વિકલ્પ રહિત, વર્તમાન પર્યાયના આશ્રય રહિત ધ્રુવના અવલંબનમાં નિર્વિકલ્પ સમાધિ સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ એવો અભેદ શાંતિની પર્યાય એમાં લીન હુએ, પર્યાયમાં લીન હુએ એમ કહેવું છે. '**જાનતે હૈં.**' આ આત્મા છે એમ જાણે છે એમ. શું કીધું? જ્ઞાન સ્વરૂપમેં '**નિર્વિકલ્પસમાધિમેં લીન હુએ જાનતે હૈ.**' અહીં આમ ધારણા ધારે છે એમ નહિ,

એમ કહે છે. વસ્તુ અખંડ આનંદમૂર્તિ ધ્રુવ એને અંતરમાં રાગ રહિત શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને નિર્મળ વીતરાગ શાંતિરૂપ પર્યાયમાં રહીને આ આત્મા છે એમ જાણે છે. આહા..! સમજાણું કાંઈ?

એ આત્મા એમ જણાય એમ કહે છે. આત્મા, આત્મા જાણ્યો એમ નહિ. નિર્વિકલ્પ વીતરાગી આનંદની પરિણતિ સહિત લીન થયો આ આત્મા એમ જાણે. સમજાણું કાંઈ? શુભાશુભ ... આ નરકાદિ ભાવો એનાથી રહિત કોઈ દિ એ આત્મા થયો નથી. ભગવાન તો એકરૂપ જ રહ્યો છે. જ્ઞાન સ્વરૂપે રહ્યો છે અથવા ધ્રુવ સ્વરૂપે એકરૂપ અખંડાનંદ રહ્યો છે. એવા ભગવાન આત્માને અંતરમાં રાગ રહિત એટલે અહીં સમ્યગ્દર્શન નિર્વિકલ્પ નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યક્જ્ઞાન, આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન ને આત્માની સ્થિરતા એ ત્રણમાં લીન રહ્યો આ આત્મા છે એમ જાણે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વળી જુદું. એ તો આખા પ્રમાણનું સત્. દ્રવ્ય, ગુણ, પર્યાયવાળું સત્ એ પ્રમાણનું સત્, આ નિશ્ચયનું સત્ એકલું ધ્રુવ. ... 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તમ સત્' એ તો પ્રમાણનું સત્ ઉત્પાદવ્યયવાળુ. એકલું ધ્રુવ એ નિશ્ચયનું સત્. પર્યાયનું સત્ એ વ્યવહારનું સત્. બેનું પ્રમાણનું સત્ બેને કહેવું એ. આહા..હા..! સમજાણું કાંઈ? યથાર્થ ધ્રુવ તે સત્ છે, ત્રિકાળ એ સત્ છે, પર્યાયનું ઉપચારી સત્ છે. બે થઈને પ્રમાણનું જ્ઞાન થયું, આખું દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન થયું. પ્રમાણ પણ વિશેષ પૂજ્ય નથી, નિશ્ચય પૂજ્ય છે એમ કીધું છે. આવે છે કે નહિ? ... પ્રમાણ નહિ, પ્રમાણમાં પર્યાયનો નિષેધ નથી થતો. વાંધા એમને એમ ઉઠાડ્યા જ કરશે. સમજાણું કાંઈ?

ભગવાન! પ્રમાણથી પણ નિશ્ચયનય પૂજ્ય છે કે, જેમાં વ્યવહારનો નિષેધ થઈ જાય છે. એવી પરિણતિ પણ ખરેખર તો વ્યવહાર છે. પણ ઓલા રાગના અભાવની અપેક્ષાએ પરિણતિને નિશ્ચય કીધી. સમજાણું કાંઈ? ઓલા માર્ગની અપેક્ષાએ વિકલ્પનો માર્ગ એ કરતા નિર્વિકલ્પ માર્ગ નિશ્ચય. વસ્તુની અપેક્ષાએ, ત્રિકાળ ધ્રુવની અપેક્ષાએ એનો પર્યાય પણ વ્યવહાર છે. એમ અપેક્ષા સમજવી જોઈએ કે નહિ. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું? ધર્માત્મા આત્માને કેમ જાણે છે? ધર્માત્મા આત્માને કેમ જાણે છે? કે, પોતાના શુદ્ધોપયોગમાં એકાકાર થઈ આ આત્મા છે એમ જાણે છે. કહો, સમજાણું આમાં? એ જાણ્યું કહેવાય.

**ભાવાર્થ :— 'નિર્મલ જ્ઞાન-દર્શન સ્વભાવ જો પરમાત્મતત્ત્વ...'** એ દ્રવ્ય લીધું. વસ્તુ, વસ્તુ. ભાવાર્થ છેને? નિર્મળ જ્ઞાન-દર્શન સ્વભાવ વસ્તુ. ભગવાન આત્મા જ્ઞાન-દર્શન, ધ્રુવ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ આત્મા એને અહીંયા પરમાત્મતત્ત્વ (કહે છે). **'ઉસકી ભાવનાસે...'** ભાવના

શબ્દે એકાગ્રતા. નિર્મળ જ્ઞાન-દર્શન ધ્રુવ સ્વભાવ એની ભાવના એટલે વીતરાગી પરિણતિ. શુભાશુભ વિકલ્પ રહિત નિર્વિકલ્પ પરિણતિ, નિર્વિકલ્પ પર્યાય એ શુદ્ધાત્માની ભાવના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..! આઠ વર્ષના બાળક કેવળ પામે, કેવળ પામે! આખો કંદ પડ્યો છેને મોટો. નજર નાખતા ફાટ્યો પ્યાલો-ફાટી પર્યાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નવું નવું કાંઈ નથી, અનાદિનું છે આ. કહો, સમજાણું આ તો? એને જરી લાગે કે, ઓહો..હો..! આવી! આઠ વર્ષના બાળક કરતા હશે! આઠ વર્ષના બાળક! બાળક તો શરીર છે, અહીં કીધુંને. બાળક તો શરીર છે, મનુષ્ય એ શરીર છે. આત્મા ક્યાં હતો એ? આત્મા જે છે ઈ જ્ઞાન સ્વરૂપ છે અને જ્ઞાનસ્વરૂપ એ નિર્વિકલ્પ શાંતિથી જણાય છે. એમાં ન્યાં માણસપણું ને બાળકપણું ને એને ક્યાં આવ્યું છે એમાં? સમજાણું કાંઈ?

આત્મા પદાર્થ નિર્મળ જ્ઞાન-દર્શન, સ્વભાવ જે પરમાત્મતત્ત્વ, પરમ આત્મતત્ત્વ, પરમ સ્વરૂપ તત્ત્વ, પરમ સ્વરૂપ તત્ત્વ એમ. પરમાત્મતત્ત્વ એટલે પરમ શુદ્ધ ધ્રુવસ્વરૂપ તત્ત્વ. '**उसकी भावनासे...**' એની અંદરમાં વીતરાગી પરિણતિ એટલે આત્માની ભાવના, ભાવરૂપ ત્રિકાળી વસ્તુ એની એકાગ્રતા એ એની ભાવના. એનાથી ઉલટા—એવી '**भावनासे उलटे राग-द्वेषादि विभाव-परिणामोंसे...**' એમાં મિથ્યાત્વ પણ આવી ગયું. સમજાણું? રાગ-દ્વેષ આદિ વિકારી પરિણામ એનાથી ઉપાર્જન કર્યા, એનાથી ઉપાર્જન કર્યા કર્મ, એમ કહે છે. કેટલી વાત નાખે છે જોયું! વસ્તુ કીધી. નિર્મળ જ્ઞાન-દર્શન સ્વભાવ મુખ્ય વસ્તુ છેને ઉપયોગ. ઉપયોગ આત્મા કહ્યો ને. ઉપયોગ આત્મા એટલે દર્શન, જ્ઞાનસ્વરૂપ ઉપયોગ ધ્રુવ હોં! ઉપયોગ આત્મા કહ્યો ને? '**सवाण्हुणाणदिठ्ठो जीवो उवओग लक्खणो विच्चं**' (સમયસાર, ગાથા-૨૪) જ્ઞાન, દર્શનસ્વરૂપ ધ્રુવ પરમાત્મસ્વરૂપ પોતાનું એની અંતરની એકાગ્રતા, વીતરાગી એકાગ્રતા એ ભાવના. એનાથી ઉલટી પર્યાય. આ ભાવના એ પર્યાય થઈ, ઓલું દ્રવ્ય થયું. આ પર્યાય એ સંવર-નિર્જરા થઈ. એ સંવર-નિર્જરાથી ઉલટી પર્યાય આસ્રવ ને બંધ. સમજાણું કાંઈ?

આ તો નવ તત્ત્વમાં ભગવાન આત્મતત્ત્વ એ જ્ઞાન-દર્શનનું ધ્રુવતત્ત્વ તે આત્મતત્ત્વ. એની ભાવના વીતરાગ પરિણતિ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ સંવર, નિર્જરા તત્ત્વ એને નિર્વિકલ્પ શાંતિ દ્વારા ... એનાથી ઉલટી મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ એ આસ્રવ અને ભાવબંધ તત્ત્વ. એવા '**विभाव-परिणामोंसे उपार्जन किये जो शुभाशुभ कर्म हैं,...**' એમ. એનાથી શુભાશુભ કર્મ બંધાણા. સમજાણું કાંઈ? એ અજીવતત્ત્વ. જીવતત્ત્વ, સંવર, નિર્જરા, શાંતિ, દૃષ્ટિ, જ્ઞાન આદિ સંવર, નિર્જરા તત્ત્વ, (એનાથી) ઉલટા આસ્રવ, બંધતત્ત્વ, બંધાણું અજીવતત્ત્વ. આહા..હા..!

'**ઉનકે ઉદયસે ઉત્પન્ન હુઈ મનુષ્યાદિ...**' વિભાવ પર્યાય એ કાંઈ આત્માના સ્વભાવથી ઉત્પન્ન થયેલ નથી. આહા..હા..! એના ઉદયથી ઉત્પન્ન થયેલી મનુષ્યાદિ એટલે? માથે કહ્યુંને ઈ. મનુષ્ય, દેવ, નારકી, ઢોર. સમજાણું? એ વિભાવ પર્યાયોંકો-એ વિકારી દશાકો, '**ભેદાભેદસ્વરૂપ રત્નત્રયકી ભાવનાસે રહિત હુઆ...**' જુઓ, શું કહે છે? મનુષ્ય, દેવ આદિ એવી દશાને ભેદાભેદ રત્નત્રયની ભાવના. આત્મા શુદ્ધ અખંડ ધ્રુવ પહેલું કીધું નિર્મળ એની શ્રદ્ધા, જ્ઞાન નિશ્ચય, એકાગ્રતા, નિશ્ચય, એની સાથે વિકલ્પ વ્યવહાર એ બેથી રહિત. '**ભેદાભેદસ્વરૂપ રત્નત્રયકી ભાવનાસે રહિત હુઆ મિથ્યાદષ્ટિ જીવ અપને જાનતા હૈ,...**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા દર્શન-જ્ઞાનમૂર્તિ પ્રભુ એકલો ધ્રુવ સ્વભાવ એની પરિણતિથી રહિત વિભાવ પરિણતિથી ઉપાર્જેલા મનુષ્ય, દેવ આદિ એને પોતાના શુદ્ધ સ્વભાવની એકાગ્રતાની પર્યાય રહિત એમાં વિકલ્પ ... વ્યવહાર. મિથ્યાદષ્ટિ જીવ અપને ... ભેદાભેદસ્વરૂપ રત્નત્રય રહિત મિથ્યાદષ્ટિ થયો. સમજાણું કાંઈ? એવો મિથ્યાદષ્ટિ જીવ એ દેવ, મનુષ્ય આદિ મારા, આ દેવ છું ને મનુષ્ય છું ને આ છું ને આ છું... એમ અજ્ઞાની ભેદાભેદ રત્નત્રય રહિત, વસ્તુ સ્વભાવની એકાગ્રતાથી રહિત અભેદ રત્નત્રયની એકાગ્રતા... રાગ પણ જરી અશુભ ટળ્યોને, એટલો વ્યવહાર. એ અજ્ઞાની જીવ આ વસ્તુને પોતાની માને છે. કહો, સમજાણું આમાં? મનુષ્ય હું છું, દેવ હું છું. આહા..!

'**ઔર ઈસ અજ્ઞાનસે રહિત સમ્યગ્દષ્ટિ જ્ઞાની...**' એનો અર્થ કે, સમ્યગ્દષ્ટિ જ્ઞાની ભેદાભેદ રત્નત્રય સહિત. સમજાણું કાંઈ? ભેદાભેદ રત્નત્રયની ભાવના રહિત એ બહિરાત્મા. ભેદાભેદ રત્નત્રય સહિત એટલે સમ્યગ્દષ્ટિ અંતરાત્મા. ભેદાભેદ બેય આવી ગયા સમ્યગ્દષ્ટિમાં? ચોથે, પાંચમે, છઠ્ઠે ભેદ રત્નત્રય ને પછી સાતમે આગળ અભેદ રત્નત્રય આઠમે... આહા..હા..! અરે..! ભગવાન પોતે વસ્તુ છે એની દૃષ્ટિ ને સ્થિરતાનો અંશ અંદર અભેદ ન હોય તો ઓલો ભેદ કોણ? ઓલા વિકલ્પને જાણનાર કોણ પણ? એટલે અહીં તો એ કહ્યું કે, ભેદાભેદ કહ્યું ને? ભેદાભેદ ભાવના ચ્યુત, એમ કીધું ને? એનો અર્થ થયો ખૂબી એ કે, ભેદાભેદ રત્નત્રયની ભાવનાથી પોતે ચ્યુત થાય છે, એને કર્મ ચ્યુત કરાવે છે એમ નથી. એમ પણ ભેગુ નાખ્યું.

બહિરાત્મા મિથ્યાદષ્ટિ કેમ થાય છે? કે, વસ્તુ જે છે એની અભેદ રત્નત્રય શ્રદ્ધા, જ્ઞાન અને ભેદ વિકલ્પ આદિ એનાથી ભ્રષ્ટ થાય છે, પોતે ભ્રષ્ટ થાય છે, કર્મ એને ભ્રષ્ટ કરાવીને બહિરાત્માપણું ઉપાર્જે છે એમ નથી. સમજાણું કાંઈ? અને એ મિથ્યાદષ્ટિ જીવ અપને જાનતા હૈ. આ અજ્ઞાની પોતે પરને પોતાનું જાણે, એ કાંઈ કર્મ એને પરને પોતાનું મનાવતું નથી. આહા..હા..! સમજાણું આમાં? વસ્તુ ધ્રુવ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતારૂપ એકાગ્રતા. સમજાણું? અહીં લાવો છોકરીને. સમજાણું આમાં? આ રાજુલ. એક ઘરે બે પાક્યા.

આ લૌકિક છે, (ચંપા)બેન લોકોત્તર છે. કહો, સમજાણું આમાં? આહા..! શું કહે છે?

ભગવાન આત્મા દર્શન-જ્ઞાન સ્વરૂપ પ્રભુ આત્મા ત્રિકાળ ધ્રુવ એની ભાવનાથી ભ્રષ્ટ, એકાગ્રતાથી ભ્રષ્ટ એ પોતે થાય છે. અને ભ્રષ્ટ એવો બહિરાત્મા એ મનુષ્યપણું, દેવપણું હું છું એમ પોતે માને છે. સમજાણું કાંઈ? એ તો ભગવાન આત્મા જ્ઞાન, દર્શનસ્વરૂપ છે, દર્શન જ્ઞાનસ્વરૂપ છે એને આવા ભાવ સાથે જોડવા એ સ્વભાવની દૃષ્ટિનો અભાવ પરને પોતાનું મનાવે છે. કર્મ-બર્મ બનાવે છે ને કર્મ એને ભ્રષ્ટ કરે છે એમ છે નહિ. કહો, સમજાણું આમાં?

'**ઔર ઈસ અજ્ઞાનસે રહિત...**' એ અજ્ઞાન એટલે ભેદાભેદ રત્નત્રયથી રહિત. સમજાણું? ભેદાભેદ રત્નત્રયથી રહિત એવું જે અજ્ઞાન, એ અજ્ઞાનસે રહિત. સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાથી રહિત એવો જે અજ્ઞાની, એવા અજ્ઞાનથી રહિત સમ્યગ્દૃષ્ટિ જીવ. સમજાણું કાંઈ? પરસ્પર એ તો આમાં અસ્તિ, નાસ્તિથી ગુલાંટ ખવડાવી વાતને. અજ્ઞાનસે રહિત સમ્યગ્દૃષ્ટિ, '**ઈસ અજ્ઞાનસે રહિત સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ ઉન મનુષ્યાદિ પર્યાયોંકો અપનેસે જુદા જાનતા હૈ.**' એ મનુષ્ય ભવ, દેવ ભવ, આ ભવ, આ ભવ—બધા જુદા જાણે છે. હું તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું એમ જાણતા આ ચીજને પોતામાં લગાવતો નથી. એટલે મનુષ્ય દેહાદિને પોતામાં જોડતો નથી. કહો, સમજાણું આમાં?

'**આગે ફિર આત્માકા સ્વરૂપ કહતે હૈં—**'

**९१) अप्पा पंडिउ मुक्खु णवि णवि ईसरु णवि णीसु।**
**तरुणउ बूढउ बालु णवि अण्णु वि कम्म-विसेसु।।९१।।**

**અન્વયાર્થ :-** ભગવાન આત્મા એ આત્મા, '**ચિદ્રૂપ આત્મા,...**' જ્ઞાનરૂપ આત્મા ત્રિકાળ જ્ઞાન, આનંદરૂપ આત્મા એને આત્મા કહીએ. એકરૂપ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ એને આત્મા (કહીએ). એ આત્મા '**વિદ્યાવાન..**' નથી. આ જગતના અભ્યાસ ને શાસ્ત્રના અભ્યાસ ને એવા વિદ્યાવાન એ આત્મા નથી. આહા..હા..! કહો, ભીખાભાઈ! એ મૂર્ખ નથી. વિદ્યાની સામે (લીધું). અપઢ ને અભણ એ આત્મા નથી. પઢ્યો, ભણ્યો એ આત્મા નહિ ને અપઢ, અભણ એ આત્મા નહિ. આહા..હા..! ભગવાન આત્મા આમ જ્ઞાન-દર્શનનો પિંડ પ્રભુ એ વિદ્યાવાન પણ નહિ. સમજાણું કાંઈ? આ ભારે વાત ભાઈ! અને વિદ્યાવાન એ લૌકિક ક્ષયોપશમજ્ઞાન એ આત્મા નહિ. સમજાણું?

'**મૂર્ખ નહીં હૈ, ધનવાન્ સબ બાતોંમેં સમર્થ ભી નહીં હૈ...**' ઈશ્વર, ઈશ્વર. મોટો રાજા, મોટો આમ કુટુંબમાં ને આમ હજારો માણસમાં એનું ચાલે, કહેણ ચાલે, ચલણ ચાલે. એમ કહેતા અમારે અંદર. ઘરમાં અમારે ઘરમાં બધું ચાલ્યું, બહુ ચાલતું હતું. નાની ઉંમરમાં

બધું સાંભળેલું, બધું જોયેલું. અમારું ચલણ ચાલે, કુંવરજીભાઈ કહે અમારું ચલણ ચાલશે. શિવલાલભાઈની વહુ હતી એનું બીજા કહે, એનું ચલણ ચાલે. બધા ચલણ કેવા હતા બધી એ વખતે મને ખબર હતી. આવા ઢોંગે ઢોંગ. ચલણ અમારા હતા. શેના ચલણ તમારા? ક્યાં હતા ધૂળમાં? એઈ..! ગુલાબચંદભાઈ! અમે તો બધું જોયું છેને અમે તો બધું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાંય ચલણ નથી. એના ભાવમાં રહ્યું ... સમજાણું કાંઈ? કોઈક કોઈક તો દાખલા નાની ઉંમરના એવા મગજમાં ગરી ગયેલા. બોલવાનું ઓછું હોય, પણ ખ્યાલમાં બહુ આવી ગયેલું. અમારું ચલણ છે, .. શેના ધૂળના ચલણ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... વહુરુઓમાં ચલણ ચાલતું હોય. સાત છોકરા. કેટલા? સાત. સાત વહુઓ ને એની છોકરીઓ, છોકરા બા, બા કરે ત્યાં... ધૂળમાં પણ ચલણ નથી, શેના ચલણ છે? અજ્ઞાની માને છે કે, અમે અમારા કુટુંબના, નાતમાં, સંગમાં, દેશમાં, હિન્દુસ્તાનમાં વગેરે. અમે મોટા છીએ. અજ્ઞાની એ આત્માની સાથે મેળ કરે છે. આત્મા આનંદકંદ જ્ઞાનાનંદ એને પર સાથે સંબંધ શું છે? સમજાણું કાંઈ?

**'દરિદ્રી ભી નહીં હૈ,...'** આત્મા દરિદ્રી પણ નથી. કહો, આ તો દરિદ્રી છે, અરે..રે..! અમે ગરીબ, આ ઓલા પૈસાવાળા, અમે દરિદ્રી. મૂર્ખ છો કહે છે. દરિદ્રી અને પૈસાવાળા આત્માને માનવા એ મૂર્ખ છે એમ કહે છે. મૂર્ખના, મૂર્ખના ગામ ભર્યા હશે? ગોપાળદાસભાઈ! આ તરુણ નહિ-જુવાન નહિ. ઈ પહેલું આવ્યું હતું એ હું છું, હું છું આવ્યું હતું. પહેલા આવ્યું હતુંને? હું જુવાન. આ ગાથાઓ કેમ આવી? પહેલામાં એમ આવ્યું હતું કે, આ હું છું, હું છું. અહીં આ હું નથી એમ આવ્યું. હું **'જવાન,...'** નથી. જુવાન તો જડ, માટી, ધૂળની દશા છે. બાળકની અવસ્થા શરીરની, આત્માની છે નહિ. **'બૂઢા...'** નથી, આત્મા વૃદ્ધ નથી. આત્મા વૃદ્ધ છે? ધૂળની અવસ્થા માટીના પિંડલાની આ તો અવસ્થા વૃદ્ધની.

**'ઔર બાલક ભી નહીં હૈ,...'** લ્યો! બાળક આવ્યું હોં! એ આત્મા બાળક નથી. બાળક તો દેહની અવસ્થા છે. આત્મા બાળક કેવો? એ તો ભગવાન ચિદાનંદમૂર્તિ આનંદકંદ ઘન. સમજાય છે? આનંદઘનનું ઘન જેમાં ભર્યું છે. આહા..હા..! ''**अन्यः अपि कर्म विशेषः**' **યે સબ પર્યાયેં આત્માસે જુદે કર્મકે વિશેષ હૈં,...'** એ બધી અવસ્થાઓ **'આત્માસે જુદે કર્મકે વિશેષ હૈં,...'** એમ લખ્યું છેને? એ બધી દશા—પર્યાય કર્મ આત્માથી જુદા કર્મની વિશેષતાઓ છે. ભગવાન આત્માની વિશેષ દશા એ નહિ, એમ કહે છે. બાળપણું, જુવાનપણું, જુવાનપણું, વૃદ્ધપણું. આહા..હા..! શરીર આમ મોટા લઠ જેવા હોય, ત્રણ ત્રણ લાડવા ચડાવતો

હોય ચુરમાના અધશેર, અધશેરના શેર ઘી નાખેલા. અમે જુવાન છીએ. ધૂળમાં પણ નથી ગધેડા! આત્મા તે જુવાન હશે કાંઈ? ગધેડો એટલે મૂર્ખ બીજું શું? પશુ કહ્યો છેને શાસ્ત્રમાં, પશુ કહ્યો છે, પશુ. ચૌદ બોલમાં પશુ કહ્યો છે. સમજાણું કાંઈ? ચૌદ બોલ છેને પાછળ 'સમયસાર'માં. પશુ છો. વસ્તુના વસ્તુ સ્વરૂપથી અનેકાંતપણું એનું તત્ત્વ છે એને ન માનતા વિરુદ્ધ માને છો, પશુ છો. એટલે કે અંતે પશુ થવાનો મરીને નિગોદમાં જવાનો એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગધેડો તો આ લોકોમાં કહેવાય છેને જરી હલકો. ભૂં.. ભૂં.. બોલ્યા કરેને બહુ. ગધ્ધા એમ નથી કહેતા? અહીં તો કહે પશુ. એ તો વળી નિગોદની દશાની ...

ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપમાં આ બાળપણું, જુવાનપણું, વૃદ્ધપણું, ઈશ્વરપણું, મોટપપણું, વિદ્યાવાન, મૂર્ખપણું નથી, એને તું જોડે છો. સમજાય છે?

**'અર્થાત્ કર્મમેં ઉત્પન્ન હુએ વિભાવ-પર્યાય હૈં.'** એ વિદ્યાવાનપણું પણ એ કર્મથી ઉત્પન્ન થયેલો વિભાવ પર્યાય છે. આત્માના જ્ઞાન, દર્શન એમાં અભેદ થાય નહિ. એ વાત. આ તો એકલો બહારની વિદ્યા ભણે છેને મોટા એમ.એ. ને એલ.એલ.બી. ને મોટા પૂંછડા ભણ્યાના. ... સમજાણું? આ વકીલાત ને બારીસ્ટર ને એ બધા શું પૂંછડા છે લાંબા. તમારે શું કહેવાય? ... એ આત્મામાં જોડે છે. એ આત્માના નહિ, એ તો કર્મની વિશેષ દશા છે. એ તો કોઈ કર્મના ઉઘાડની વિશેષ દશા ને ઉદય બધું આત્મામાં નહિ. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અખંડ જ્ઞાયકમૂર્તિ આત્મા એનાથી નહિ ઉત્પન્ન થયેલા. એ તો વિકારથી ઉત્પન્ન થયેલા કર્મ અને કર્મથી ઉત્પન્ન થયેલાની વિશેષ દશાઓ છે.

**ભાવાર્થ :- 'યદ્યપિ શરીરકે સમ્બન્ધસે પંડિત વગૈરહ...'** દેખો! સમજાણું કાંઈ? શરીરના સંબંધથી જીવને પંડિત વગેરે વિદ્યાવાન, ઈશ્વર, શેઠ કહે છેને? ઉપરી. શું કહેવાય આ બધા? મજૂરોના ઉપરીને? દેવશીભાઈ! મુકદ્દમા? મુકાદમ. કહે છે કે, બધા કર્મની વિશેષ દશાઓ છે. ભગવાન આત્માની દશા જ નથી, વસ્તુ તો નથી પણ એની દશા પણ નથી. સમજાણું કાંઈ? અહીં તો કર્મની વિશેષ અવસ્થા લેવી છેને બધી. **'જીવકે કહે જાતે હૈં,...'** વ્યવહારનયથી જ્ઞાન કરાવવા એ વાત સંબંધને બતાવે.

**'તો ભી શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધાત્મદ્રવ્યસે ભિન્ન હૈં,...'** ભગવાન શુદ્ધાત્મ વસ્તુ... વસ્તુ... વસ્તુ... (એનાથી) ભિન્ન જુદા છે. શુદ્ધ સત્ય દૃષ્ટિ, શુદ્ધ સત્ય દૃષ્ટિ નિશ્ચય ... એ શુદ્ધ સત્ એવો જે શુદ્ધાત્મ ભગવાન એનાથી બધું જુદું છે. **'ઔર સર્વથા ત્યાગને યોગ્ય હૈં.'** સર્વ પ્રકારે **'હેયભૂતાન્'** સર્વ પ્રકારે **'હેયભૂતાન્'** એમ કીધું છેને? સર્વ પ્રકારે છોડવા લાયક

છે. આહા..હા..! '**ઈન ભેદોંકો વીતરાગસ્વસંવેદનજ્ઞાનકી ભાવનાસે રહિત...**' દેખો! આવા બધા વિદ્યાવાનપણું, ઈશ્વરપણું, દરિદ્રપણું છેને? '**નિઃસ્વો.. નિઃસ્વો..**' '**સ્વો..**' એટલે ધન વિનાનો. '**સ્વો**' એટલે ધન વિનાનો. દરિદ્રી ઓલો ઈશ્વર, ઓલો તરુણ, વૃદ્ધ ને બાળ એ બધા સર્વથા ત્યાગ યોગ્ય. એવા પ્રકારને '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનકી ભાવનાસે રહિત...**' દેખો! પર્યાયથી રહિત કહેવું છે હોં! ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘન, આનંદકંદ એકરૂપ વસ્તુ એની ભાવના એટલે એકાગ્રતા. એવા શુદ્ધાત્માની વીતરાગ—રાગરહિત શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એવી જે એકાગ્રતા એને વીતરાગ સ્વસંવેદનજ્ઞાન, એને વીતરાગ સ્વસંવેદનજ્ઞાન એવી એકાગ્રતાથી રહિત, એવી એકાગ્રતાથી રહિત ... એનો અર્થ થયો કે, સમ્યગ્દષ્ટિ એનાથી સહિત. સમજાણું કાંઈ? રાગ રહિત... સ્વસંવેદનજ્ઞાનની એકાગ્રતાથી રહિત, '**મિથ્યાદૃષ્ટિ જીવ અપને જાનતા હૈ,...**' પોતાને જાણે છે. અને આ બધા ભાવો પોતાના માને છે. તરુણ ને વિદ્યાવાન ને ફલાણા ને ફલાણા ને મંદ બુદ્ધિ... '**ઔર ઈન્હીંકો પંડિતાદિ વિભાવપર્યાયોંકો અજ્ઞાનસે રહિત...**' દેખો! હવે ગુલાંટ ખાય છે. એને પંડિત આદિ વિભાવપર્યાય, એ પર્યાયને. એટલી વાત. '**અજ્ઞાનસે રહિત...**' સમજાણું? એટલે કે વીતરાગ સ્વસંવેદન ભાવના સહિત. અજ્ઞાનથી રહિત અને રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના ભાવ સહિત. '**સમ્યગ્દષ્ટિ જીવ અપનેસે જુદે કર્મજનિત જાનતા હૈ.**' કહો, સમજાણું કાંઈ? એ પોતાથી તદ્દન જુદા જાણે છે. કહો, સમજાણું આમાં? કહો, આમાં તો વિદ્યાવાનને ઉડાવ્યા. ભણેલા, ગણેલા મોટા આમ પ્રોફેસરો પાંચ, પાંચ હજારના પગાર, દશ, દશ હજારના પગાર. ... આત્મા નથી. એ આત્મા નથી, એ અણઆત્મા છે. કર્મનો વિભાવપર્યાય છે એમ કીધું અહીં તો. મોટા મોટા આમ કોર્ટમાં ધ્રુજાવે ઓલાને. બબ્બે હજાર રૂપિયાના લે, એક એક દિ'ના પાંચ પાંચ હજાર, કોઈક ઝાઝા પણ લેતા હશે. કહે છે કે, એવી મૂર્ખાઈને આત્મા સાથે મેળવે એ મૂર્ખ છે એમ કહે છે. લ્યો! આહા..હા..!

ભગવાન આત્મા... આહા..હા..! એ તો રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી પ્રાપ્ત થાય એવો આત્મા (છે). એવી શાંતિપર્યાય રહિત મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની એવા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી રહિત આવી દશાને મારી માનીને હુંપણું સેવે છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાની એવી બધી દશાઓને પોતામાં ન માનતા, '**અપનેસે જુદે કર્મજનિત જાનતા હૈ.**' એ ત્રણ પૂરી થઈ ગાથા. પાંચ મિનિટ તમારે આ રાજુલને ઓળખાવવામાં જશે.

પૂર્વ ભવનું જ્ઞાન છે. ત્યાં જુનાગઢમાં ગોકુળદાસ ઠક્કરની દીકરી હતી. એનું ગીતા નામ હતું. એ અહીંયા આપણા વજુભાઈના દીકરા પ્રવીણના ઘરે દીકરી છે. અઢી વર્ષે એને એ જ્ઞાન થયું હતું, અત્યારે પાંચ વર્ષની છે. અઢી વર્ષે થયું હતું કે, હું ગીતા છું, જુનાગઢથી આવી છું વગેરે, વગેરે બધું. આ બે ભાઈઓ જઈને નક્કી કરી આવ્યા હતા. એ આત્મામાં

એવી જાતની લાયકાત હોય છે. એમ નહી કે બાળક ... બધું એના મુદ્દા ઘણા સાચા પડ્યા. બેય જણા નક્કી કરી આવ્યા હતા. સમજાણું? આ તો લૌકિકમાં પણ એક જીવની, ભવનું સ્મરણ... એ ભવ મરીને સીધો અહીં ભાવ થયો છે. ગીતાનો જીવ ત્યાં હતો અઢી વર્ષે ત્યાંથી કાળ કરીને... આ ત્રીજામાં આવ્યું છે. રાજુલ કહે છે કે, આવું તો બધાને યાદ હોય. બાળક છેને, એને એમ કે આવું તો બધાને થાતું હશે. આ તો બધાને યાદ હોય. પણ એને યાદ આવ્યું છે કાંઈ બધાને યાદ નથી આવતું. આત્મા તો એક જ રહ્યો, આ ખોળીયું બદલાયું એમ કહે છે. કાલે પૂછ્યું હતું કે ગીતા ક્યાં ગઈ? ગીતા અહીં આવી. ગીતા અહીં આવી છે. ક્યાં ખાતી હતી ગીતા?

મુમુક્ષુ :— દુકાને.

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોની દુકાન?

મુમુક્ષુ :— ગીતાની, કાકાની દુકાન.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ગીતાના કાકાની દુકાને ખાતી હતી. ... ગીતા ત્યાં હતીને એના કાકાની દુકાને પેંડા ખાતી હતી ત્યાં. એ બધું યાદ ... આવું બધાને યાદ આવતું હશે બેન? બધાને આવતું હશે, લ્યો. બાળક છેને. આ વાત સાક્ષાત્ થઈ ગયેલી છે હોં! આના મોટા મોટા લેખ બે આવ્યા છે, આજે મોટો ત્રીજો લેખ આવ્યો છે. હજી મોટો લેખ, ત્રણ ભાઈઓ વજુભાઈ ને એનો મોટો લેખ આવશે. આ વાત સાક્ષાત્ થઈ ગયેલી છે, હોં પ્રત્યક્ષ. આ તો એક ભવની વાત છે એમાં કાંઈ. એ ભવમાં હતી જુનાગઢમાં લોહાણાની દીકરી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અને તે પણ પાછું વીતરાગ કહે છે એ સિદ્ધ થાય છે. ત્યાં મરીને તરત જ ગઈ છે, વચમાં ક્યાંય રહી નથી. કોઈ કહે કે, વચમાં રહે ને આમ રખડે ને પછી ગર્ભમાં ત્રીજે મહિને આવે જીવ ને એ વાત બધી ખોટી છે. એ તરત જ ત્યાંથી મરીને અહીં ઊપજી છે. સમજાય છે? એની મા પણ આપણા મુમુક્ષુની દીકરી છે, વિંછીયાની. મણીભાઈની દીકરી અને આ આપણા વજુભાઈનો દીકરો. બે મુમુક્ષુમાં... એટલી ભાગ્યશાળી કે ન્યાંથી આવીને અહીં જન્મી પાછી. ...

... એની નિંદા કરનારા નીકળ્યા હતા. એ મહા કર્મ જેણે બાંધ્યા મોટા. મહા ભગવતી છે. એને તો કેટલા ભવનું જાતિસ્મરણ છે અને આત્મજ્ઞાન છે. વાત ઘણા વખતથી પ્રસિદ્ધ છે. આ તો છોકરીને કારણે બહાર પાડ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! બોલવું એ ઓછું લાવ્યા છે, બોલવાનું ઓછું, બહારમાં કાંઈ ઓલું નહિ, લોકો ઓળખી શકે નહિ. કાંઈક કાંઈક વાંધા કાઢી, આડા-અવળા કુચા કાઢી કંઈક અંદર આરોપ પણ નાખવાની તૈયારી કરી હતી, બધું ખ્યાલમાં

છે બધું. આહા..હા..! એવા પણ નીકળે જગતમાં ઊંધા. એ મહા ભગવતી સ્વરૂપ છે! જાતિસ્મરણ અને આત્મજ્ઞાન બે છે. અને ચાર ભવનું જ્ઞાન છે. આને તો હજી આ એક ભવનું છે, આને ચાર ભવનું જ્ઞાન છે. ત્રીજા દેવલોકના દેવમાં હતા ત્યારનું જ્ઞાન છે. બે સાગરની સ્થિતિનું. સમજાણું કાંઈ?

... જાતિસ્મરણ થયા પછી વાત કરી બહેને. આ ત્રીજનો દિ', આ દિ' બરાબર ૨૨ વર્ષ થયા, .... એ ૯૪ના માગશર સુદ ૩. કુદરત મેળ ખાય છે શું જુઓ! તો ખરા. ૯૪ના માગશર સુદ ૩. આ શાંતિભાઈ ક્યાં ગયા અમારા? આ શાંતિભાઈ .... આ આજનો દિ', આજનો દિ'. .. મહિના ઉપર ચૈત્ર વદ આઠમે જાતિસ્મરણ થયું. ગંભીર, ગંભીર કાંઈ બોલવાની વાત નહિ. સાત મહિના ને બાર દિ'એ વાત કરી. ... ચોથે બોલાવ્યા હતા. તે દિ' આ મનસુખભાઈની દીકરી પરણતી હતી. આ લોકો આવ્યા હતા. મોહનલાલ દામોદર. એ નિહાલચંદ ઓલો નહિ? ઘાંઘળીવાળા. બેનને બોલાવ્યા. ચોથને દિ' સવારમાં વ્યાખ્યાન પછી. ઈ વાત ... એ મહિનો ને આ દિવસ ને આ સુદ ને બધું ભેગું આવ્યું છે. સમજાણું કાંઈ? આ તો થોડી વાત. હવે ઘણા વર્ષ થઈ ગયા, ૨૯ વર્ષ થઈ ગયા.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— આટલી વાત તે જીરવે તો ઘણી છે. વાત તો ઘણી લાંબી છે. જીરવો તો ખરા એટલી. આ તો અપચો થાય એવું છે માણસને. બાહ્યમાં લોકોને ... આ તો બીજા ક્ષેત્રની વાત. આ ક્ષેત્રની હોય તો રાજુલની નક્કી થઈ ગઈ. .... એની સાથે રહેલા હોય, એની સાથે કાંઈ મેળ હોય એને ખબર પડે, બીજાને શું ખબર, બીજા ... હંબગ લાગે છે, હંબગ લાગે છે. વજુભાઈ! આ છોડીને લઈને ... ૯૪માં વૈશાખ વદ ૮મે આ વજુભાઈને ત્યાં કહ્યું હતું. ... ત્યારે મેં બહાર ફળિયામાં કહ્યું હતું. ભાઈ! બહેનની આમ સ્થિતિ છે. આ રહી શક્યા નહિ. એમ કહે, જઈને પગે લાગું. મેં કીધું, રહેવા દ્યો હોં! રહેવા દ્યો. બહાર પડી જશે વાત. તમે હતા? આ ફળિયામાં હોં! ૯૪ના વૈશાખ વદ ૮. આનું મુહૂર્ત થયુંને જે દિ', તે દિ' સાંજે હું આહાર કરીને ફરતો હતો. મેં કીધું, જરીક આને કાને નાખું. આને મગજ એવું. જઈને પગે લાગું ઉઠ બેસ કરીને. ભાઈ! બહાર વાત ન પડાય. આ તો પચાવવા જેવી, હજી લોકોને તાકાત જીરવવાની નથી. માંડ માંડ થોભાવ્યા હતા. અરે..! અમારે ઘરે આવા બહેન! એમ થયુંને એને. એટલો ઊભરો આવી ગયો, એટલો ઊભરો આવી ગયો કે જઈને પગે લાગુ. લોકોને શંકા પડશે કે, આ પગે લાગે છે તો કાંઈક લાગે છે.

અહીંના વિરોધીઓને તો બધું આકરું લાગે એવું છે. હંબગ લાગે એવી વાતું છે ભાઈ! આ તો. આ તો વળી આ છોકરીનું જરીક થયું વળી અને એક ઘરે બે આવ્યા. જુઓને!

લૌકિકનું આવીને આ લાવી અને લોકોત્તરનું બહેન લાવ્યા. બહેનની વાતો જુદી છે. બહેન તો ભગવતી મૂર્તિ છે. જેની વાત અંદરની હતી એની દશ વર્ષે વાત કરી. શું એ વાત તમને કરું. એ વાત એવી છે જરીક. દશ વર્ષે વાત કરી, બહેન! મને આવ્યું છે, કીધું. એનું શું છે? બોલે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મારી વાત કરી કે, આમ મને આવ્યું હતું, આમ મને આવ્યું હતું. બહેન! મને આમ આવ્યું હતું હોં! મને રાતે સ્વપ્નું આવ્યું હતું હોં! એમાં આમ આવ્યું હતું. એમાં કોણ છે આ બે? આહા..હા..! ત્યારે તમે કોણ? ત્યારે માંડ માંડ ... બોલાવે એમ બોલાવ્યા. ... તો ઘણા ભાગ્ય! બીજા કરતા આ ચોર્યાશીના જીવોને આ વાત કાને પડે અને આવા ઘણા જીવો ... આ મળવું મુશ્કેલ છે. આવી વાત સાંભળવી, એમાં આવા જીવોની જોગવાઈ, એમાં સ્ત્રીમાં આવા જીવ પાકે. આવા સ્ત્રીમાં બહેન જેવા પાક્યા છે એ તો કોણ જાણે ક્યારે પાકતા હશે, એવું લાગે છે. સમજાણું? એ સ્ત્રીઓના પણ એટલા ભાગ્ય મોટા!

... ક્યા ગયો અમારો? સૂર્યકાંત. જોયું કે નહિ આ? આ બધું પરભવ છે હોં! આ ન્યાંથી બધા આવ્યા છે મરીને કેટલા. કેટલા એટલે ક્યાંક ક્યાંક છે એમ. કેટલાક માણસમાંથી આવ્યા છે, કેટલાક દેવમાંથી, કોઈ ઢોરમાંથી. સીધે સીધા અવતરે છે. પ્રત્યક્ષ દાખલો છેને આ રાજુલનો. બહારની અપેક્ષાએ તો તમને પ્રત્યક્ષ દેખાય છેને. પ્રત્યક્ષ છે એમાં ક્યાં વાત છે. અહીં તો બધું પ્રત્યક્ષ થઈ ગયેલું છે ઘણું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, બાઈઓના તો, ભાઈ! જેને બહુમાન થશે એના ભાગ્ય! બાકી તો બધા... એક કુળમાં આવા આત્મા પાકે એ તો કોઈ વખતે અને તે આવા કાળમાં. આવી ભીડમાં પ્રતિકૂળ મહા મિથ્યાત્વના જોરમાં. ત્યાગીઓ, પંડિતો મોટા ગોથા થાય, ભાઈ! શું થાય? સમજાય છે? એમાં આવી ચીજની પ્રાપ્તિ મહાન છે!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ સાચી વાત, આ મોકો મળ્યો આ તો. ... શું કરવું હશે કુદરતને? એ બધા મેળ એ જાતના છેને. આટલી વાત, લાંબી વાત નહિ. લાંબી વાત નહિ. .... જરી બહુ લોકોમાં આ વળી છાકરીનું થયુંને... કેટલાક તો બહેનને ન ઓળખે અને આમ બોલવાનું ઓછું આમ કાંઈ ન મળે એટલે જાણે કે, આ કાંઈ નહિ જાણતા હોય, આવડત ન મળે. પ્રશ્ન ઉત્તરમાં કાંઈક ... પહેલું કહ્યું હતું એના જન્મ દિવસે કે, આખા મંડળની માળાનો એ મોટો મણકો મેર છે. એમ કહ્યું હતું. તમે હતા કે નહિ તે દિ'?

... નાની છોકરીને એટલે બિચારાને... અહીંથી અહીં પાધરું જૂનાગઢથી... જન્મી ક્યાં? વિંછીયા ઈ પૂછ્યું હતું. ક્યાં જન્મી? ક્યાંથી આવી? ... આવી. ન્યાંથી વિંછીયા આવી. સવા નવ મહિના પહેલા આવી.. ક્યાંથી આવી? જન્મથી વિંછીયા. જે તારીખે મરી ગઈ એ તારીખે રાતે આવી અહીંયા. એ તો બધું બરાબર છે, મેળ છે. અને આ બે જણા કંઈ કાચુ હોય તો બહાર વાત મૂકે એવા છે? એમાં આ અમારા પંડિતજી. કેવી પરીક્ષા કરી ગીતાની? તું તારી માને ઓળખીશ? જૂનાગઢ જઈશ તો તારી બાને ઓળખીશ? તારા બાપને ઓળખીશ? તારા કાકાને ઓળખીશ? ગીતાને તું ઓળખીશ? ગીતાને ઓળખીશ શું? ગીતા તો હું છું. ઓલા હામાં હા પાડી દે. ત્યાં તારી બાને ઓળખીશ? પૂર્વભવની તારી બાને, તારા બાપને ઓળખીશ? તારા ફલાણાને ઓળખીશ? ગીતાને ઓળખીશ? ગીતા તો હું છું. પંડિતજીનો ઈ શબ્દ મને ભારે લાગી ગયો. ... બાળક છેને, વેગમાં ને વેગમાં કહી દે કે હું ગીતાને ઓળખીશ. પણ ગીતા તો હું છું. કોણ ઓળખે? હું જ ગીતા આવી છું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઈ.
www.vitragvani.com